# અથ શ્રી ઘનશ્યામલીલામૃત સાગર

Shree Swaminarayan Mandir Bhuj – Kutch, India.

## શ્રી સદ્ગુરુ ભૂમાનંદ સ્વામી રચયિતા

## શ્રી ઘનશ્યામલીલામૃતસાગર

### પૂર્વાર્ધ

પૂર્વછાયો– જયજય શ્રીઘનશ્યામજી, મંગલરૂપ સદાય । અક્ષરપર છે વાલીડો, જેનો મોટો મહિમાય ॥૧॥
બહુનામી બ્રહ્મમોલથી, આવ્યા તે આપોઆપ । અનેક જીવ ઉદ્ધારવા, ટાળવા ત્રિવિધ તાપ ॥૨॥
પ્રૌઢ પ્રતાપ જણાવીયો, પૃથ્વીપર અવિનાશ । મનોહર રૂપ ધરીને, કર્યો ધર્મ પ્રકાશ ॥૩॥
દેવના દેવે દયા કરી, ત્રિભુવનપતિના ભૂપ । પરમારથ માટે પ્રભુએ, ધર્યું મનુષ્યનું રૂપ ॥૪॥
કરજોડી કરું વિનતી, આપજો બુદ્ધિ પવિત્ર । પ્રગટનાં પાવનકારી, ગાઉં છું બાલચરિત્ર ॥૫॥
ચોપાઈ– સુણો શ્રોતા થઈ સાવધાન, છુપૈયાપુર સુંદર સ્થાન । જેમાં અખંડ હરિનો વાસ, વાલાયે કર્યો છે ત્યાં વિલાસ ॥૬॥
એક સમે આણિ આહલાદ, પધાર્યા ત્યાં અવધ પ્રસાદ । હજારો સંતને હરિજન, આવ્યા છુપૈયાપુર પાવન ॥૭॥
ઘનશ્યામનાં દર્શન કિધાં, નિજ સેવકને સુખ દીધાં । પાસે નારાયણસર શોભે, જોઈ હરિજનનાં મન લોભે ॥૮॥
તે નારાયણસરને તીર, બેઠા ધર્મધુરંધર ધીર । ભારે મળી છે મોટી સભાય, જેની શોભા કહિ નવ જાય ॥૯॥
ગાદીતકીયા પાસે પલંગ, રાજે ઉત્તરમુખ ઉમંગ । સાથે સદ્‌ગુરુ છે ત્યાં સર્વ, દેખી ઉતરે દેવનો ગર્વ ॥૧૦॥
સ્વામી સદ્‌ગુરુ સુખાનંદ, માયાજીતાનંદ સુખકંદ । પર્મચૈતન્યાનંદજી સ્વામી, નિર્ગુણાનંદમાં નહિ ખામી ॥૧૧॥
એહ આદિ સભામાં છે સર્વ, શું વખાણું મહિમા અપૂર્વ । પ્રેર્યા રામશરણને મુક્તે, પૂછો ધર્મ ગુરુજીને જુક્તે ॥૧૨॥
સૌને સાંભળવા છે મરજી, મહારાજ સુણો આ અરજી । અક્ષરાધિપતિ અવિનાશ, થયા પૂરણબ્રહ્મ પ્રકાશ ॥૧૩॥
છુપૈયાપુરમાં જગવ્યાપ, થયા ભક્તિધર્મ થકી આપ । કરી કરુણા શ્રીઘનશ્યામ, પ્રભુતા દેખાડી અભિરામ ॥૧૪॥
કરવા ભક્તનાં રૂડાં કાજ, કર્યાં ચરિત્ર જે મહારાજ । બલવંત સદા બહુનામી, અખિલભક્તના અંતર્યામી ॥૧૫॥
કાળના કાળ ઈશના ઈશ, આપે મુક્તિદાન જગદીશ । જેની આજ્ઞા પાળે લોકપાલ, દીનબંધુ છે દીન દયાળ ॥૧૬॥
એવી પ્રભુની લીલા અપાર, કહો કૃપા કરી નિરધાર । વાણી સુણીને થયા મગન, બોલ્યા અવધ પ્રસાદ વચન ॥૧૭॥
ધન્ય રામશરણજી તમને, આવું રૂડું પ્રશ્ન પૂછ્યું અમને । તેનો ઉત્તર કહું છું હાલ, સુણજો સાવધાનથી બાલ ॥૧૮॥
રામ પ્રતાપને ઈચ્છારામ, મુક્તાનંદ બ્રહ્માનંદ નામ । ગુણસાગર ગોપાલાનંદ, નિત્યાનંદને નિત્ય આનંદ ॥૧૯॥
મહાનુભાવાનંદજી મહંત, જાણે છે સર્વ શાસ્ત્રનો અંત । મોટા મુક્ત જે આનંદ સ્વામી, નિષ્કુળાનંદજી નિષ્કામી ॥૨૦॥
શુકમુનિ દેવાનંદ સાર, પ્રેમાનંદનો પ્રેમ અપાર । તદ્રૂપાનંદ છે મહામુક્ત, અક્ષરાનંદ છે ગુણજુક્ત ॥૨૧॥
ચૈતન્યાનંદને ભૂમાનંદ, ઉત્તમાનંદને કૃષ્ણાનંદ । ગુણાતીતાનંદ સિદ્ધાનંદ, સુખાનંદને વિરક્તાનંદ ॥૨૨॥
વર્ણી મુકુન્દાનંદ નિરમાન, હરિ સેવામાં છે સાવધાન । વર્ણી વાસુદેવાનંદ સ્વામી, શ્વેતધર્મ ધારક નિષ્કામી ॥૨૩॥

જેરામ બ્રહ્મચારી છે વર્ણી, જયાનંદ દેવાનંદ વર્ણી । સર્વજ્ઞાનંદ છે સાવધાન, અદ્ભુતાનંદ છે નિરમાન ॥૨૪॥
બદ્રીનાથાનંદ દયાનંદ, વ્યાપકાનંદ સ્વરૂપાનંદ । મંજુકેશાનંદ જ્ઞાનાનંદ, સચ્ચિદાનંદ પોતે સ્વચ્છંદ ॥૨૫॥
પવિત્રાનંદ નિર્દોષાનંદ, શિવાનંદ ભગવદાનંદ । સુખદાતાનંદ યોગાનંદ, રઘુનાથાનંદ આત્માનંદ ॥૨૬॥
ભગુજી મિયાંજીને હરજી, દેવા વિરા ને વળી હીરજી । સોમ સુરા ને પર્વતભાઇ, ભટ મયારામ સુખદાઇ ॥૨૭॥
રૂડા રતનજી ભક્તરાજ, દાદાખાચરે સુધાર્યું કાજ । અલૈયા મુલજી શેઠ સારા, વેણી માધવ પ્રાગજી પ્યારા ॥૨૮॥
એવા અક્ષરધામના મુક્ત, જાણે ત્રણ્યે કાલ તણી જુક્ત । તેમના મુખથી સુણ્યાં જેહ, કહું ચરિત્ર સાંભળો તેહ ॥૨૯॥
સુણો રામશરણજી ભ્રાત, ઘનશ્યામચરિત્રની વાત । સાંભળ્યાં છે જોયાં છે મેં જેવાં, તમને કહું વિસ્તારી તેવાં ॥૩૦॥
છુપૈયાપુર છે રૂડું ધામ, તેમાં ત્રવાડી બાલકરામ; પ્રભુ ઈચ્છાથી તે માંદા થયા, રાખી ધીરજ ધર્મમાં રહ્યા ॥૩૧॥
દુંદકૃશ્નશર્મા બેઉ તન, જેને માતપિતામાં છે મન । બેસારી છે સપ્તા દિન સાત, શ્રીમદ્ભાગવતની વિખ્યાત ॥૩૨॥
તે સપ્તા પુરી થઈ છે જ્યારે, સંબંધી એકઠાં થયાં ત્યારે । બેસી એકાંતે ઘરમોઝાર, સરજુ૧ (સરજુ તીરે દેનદેવા) કલ્પવા ધાર્યો વિચાર ॥૩૩॥
ત્યારે બોલ્યા ત્યાં બાલકરામ, મારા સંબંધી સુણો તમામ । સર્જુ કલ્પવા તો જાવું નથી, તેનું કારણ કહું છું કથી ॥૩૪॥
એવું સાંભળી ઉદાસી થયા, પિતાજીના સમીપમાં ગયા । દુંદકૃશ્નશર્મા જોડી હાથ, બોલ્યા પિતાજી કરો સનાથ ॥૩૫॥
લાગે લોકઅપવાદ શીરે, માટે જાવું તે સર્જુને તીરે । કહે બાલકરામજી પ્રીતે, સુણો પુત્ર કહું રૂડી રીતે ॥૩૬॥
ઉત્થાપન કરીને અધર્મ, સ્થાપવાને સનાતન ધર્મ । છુપૈયાપુરમાંહી પાવન, થાશે પ્રગટ શ્રીભગવન ॥૩૭॥
અક્ષરાતીત જે અવિકારી, અવતારતણા અવતારી । પુરુષોત્તમજી નારાયણ, પુત્ર થાજો તેને પરાયણ ॥૩૮॥
સુખકારી કરશે સહાય, લોકમાં નહિ થાય નિંદાય । માટે આંહી તજીશ શરીર, જાવું નથી સર્જુ ગંગાતીર ॥૩૯॥
મારો મહિમા મોટો પ્રમાણો, પૂર્વનો છું હું કશ્યપ જાણો । એવું સુણી જીવરાણી બાઇ, પાસે બેઠી છે આવીને ધાઇ ॥૪૦॥
બોલાવી સમીપ બેઉ તન, જીવરાણી વદે છે વચન । સુણો પુત્ર કહું તે કરજો, ધ્યાન પુરૂષોત્તમનું ધરજો ॥૪૧॥
પતિવ્રતા હું પતિઆધીન, મારે કરવું છે સહગમન । એવાં સાંભળી ત્રાસનાં વેણ, નીર ભરાયાં પુત્રને નેણ ॥૪૨॥
કરે વિવિધના તે વિલાપ, સુત પામ્યા છે ઘણો સંતાપ । સુતને સમજાવે છે માતા, પણ પુત્રને થઇ નહિ શાતા ॥૪૩॥
બ્રહ્મરૂપ થઇ કર્યું સ્નાન, બેઠાં પવિત્ર એકજ સ્થાન । કરમાળા લીધી એકતંત્ર, અષ્ટાક્ષરનો જપે છે મંત્ર ॥૪૪॥
ઘણીવાર સુધી એમ કીધું, પુરુષોત્તમે દર્શન દીધું । અક્ષરાધિપતિ પોતે આપ, દીધાં દર્શન પુન્ય પ્રતાપ ॥૪૫॥
અલૌકિક છે અદ્‌ભુતરૂપ, કોટિ કોટિ બ્રહ્માંડના ભૂપ । બોલ્યા મુખથી ગંભીર વાણી, બાઇ સુણો તમે જીવરાણી ॥૪૬॥
કૃશ્નશર્માની વધુ ભવાની, તેને છે ભક્તિ પુત્રી થવાની । મોટી સરવારે ગામ ઈટાર, ત્યાં છે બાલશર્મા વિપ્રસાર ॥૪૭॥
ધર્મદેવ લેશે અવતાર, તેના પુત્ર થાશે નિરધાર । છુપૈયામાં તે ભક્તિની જોડે, પરણાવશે તે ધર્મને કોડે ॥૪૮॥
એજ ધર્મ અને ભક્તિ થકી, અવતાર ધરીશ હું નકી । થોડા કાલમાં તે હું આવીશ, સાથે ઘણાક મુક્ત લાવીશ ॥૪૯॥
અવતાર તે ધરતીયે ધરશે, અક્ષરના તે ધર્મ આચરશે । ધર્મકુલે આચાર્ય પદવી, સ્થાપન કરીશ હવે નવી ॥૫૦॥
ભૂમિતણો ઉતારવા ભાર, મારા ભક્તનો કરવા ઉદ્ધાર । અધર્મ કલિ કરવાને દૂર, થાઇશ પ્રગટ છુપૈયાપુર ॥૫૧॥
એમ કહી અંતર્ધાન થયા, દિલમાંહિ રાખી બહુ દયા । ત્યાંથી ઉઠ્યાં પછી જીવરાણી, કહી વાત પુત્રને વખાણી ॥૫૨॥
બાલકરામ સાથે તે નારી, તન તજવા કરી તે તૈયારી । શ્રીકૃષ્ણનામનું સ્મરણ કિધું, બ્રહ્મદેવે વપુ તજી દિધું ॥૫૩॥
સતીયે કર્યું સહગમન, પતિ સાથે પ્રજવાલ્યું છેતન । ગયાં દંપતિ બે બ્રહ્મલોક, ટળ્યા સંસારના સહુ શોક ॥૫૪॥
પ્રભુપ્રતાપથી મોક્ષ પામ્યાં, લખચોરાશીનું દુઃખ વામ્યાં । બાલલીલા સુણે નરનાર, પામે તેતો પુરુષાર્થ ચ્યાર ॥૫૫॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃત સાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે જીવરાણીને પુરુષોત્તમે દર્શન દીધું એ નામે પ્રથમો તરંગઃ ॥૧॥

પૂર્વછાયો– રામશરણજીયે પૂછિયું, સુણો પિતા બંધુસાર । પુરુષોત્તમ શ્રીહરિયે, કેવી રીતે લીધો અવતાર ॥૧॥
અલબેલો આનંદઘન, છે અલૌકિક અનૂપ । શા કારણ મહાપ્રભુયે, ધર્યું મનુષ્યનું રૂપ ॥૨॥
આતુરતા મુજ અંતરે, સાંભળવાની અપાર । પુરો મનોરથ માહેરો, વિમલ કહો વિસ્તાર ॥૩॥ ॥

ચોપાઈ– તે સાંભળી અવધપ્રસાદ, કહે સુણો તજીને પ્રમાદ । તમે પૂછ્યું મને જે સાક્ષાત, છે અગમ અગોચર વાત ॥૪॥
ભવ બ્રહ્મા તે ભેદ ન પામે, વાણી ચાર વેદની વિરામે । પણ તમને કહું છું પ્રીતે, સુણો રામશરણ એકચિતે ॥૫॥
એક સમય બદ્રિકાશ્રમ,આવ્યા દુર્વાસા ઋષિ અગમ । જ્યાંહાં બેઠી છે મોટી સભાય, સુણે સુધા જેવી વારતાય ॥૬॥
મોટામોટા મલ્યા મુનિજન, બેઠાં ભક્તિ ધર્મ ત્યાં પાવન । વાત સુણે એકચિત્તે કરી, નથી ભાન બીજું કાંઇ જરી ॥૭॥
ઋષિ ઉભા રહ્યા ઘણીવાર, થયો ન કોઇથી સત્કાર । ચઢ્યો દુર્વાસાને મન ક્રોધ, બોલ્યા મુખેથી વાણી વિરોધ ॥૮॥
તન તપ્યું છે ક્રોધને તાપ, તતકાલ દિધો છે ત્યાં શાપ । મૃત્યુલોકમાં અવતરજો, ૧વસુધા ઉપર વિચરજો ॥૯॥

પામજો ત્યાં ઘણું અપમાન, અસુર કરશેજ હેરાન । એવો શાપ સુણ્યો છે જે વારે, સહુ સભા કંપિ મન ત્યારે ॥૧૦॥
સચ્ચિદાનંદ આપેછે ધીર, નવ બીશોમાં થાશો અધિર । દીલમાંહી તમે ન ડરશો, ચિતમાં ચિંતા નવ કરશો ॥૧૧॥
શાપ થયો છે મારી ઈચ્છાય, સાચું માનજો સર્વ સભાય । ભર્તખંડમાં અધર્મ જામ્યો, વસુધા પર ધર્મ વિરામ્યો ॥૧૨॥
મારે ધરવો હવે અવતાર, હરવા ભયને ભૂમિનો ભાર । માટે તમે સહુ દેહ ધારો, વાત હૃદયમાંહી વિચારો ॥૧૩॥
તમે દેહ મનુષ્યનું સજજો, ભક્તિભાવથી મને ભજજો । ભક્તિ ધર્મથી જન્મ ધરીશ, રુડી રીતે હું રક્ષા કરીશ ॥૧૪॥
સાથે અક્ષરમુક્ત લાવીશું, ભલા ભક્તને મન ભાવિશું । વાલાજીનું તે સુણી વચન, ધર્યા સર્વેયે મનુષ્યનાં તન ॥૧૫॥
સુણો રામશરણ સાક્ષાત, પૂર્ણ પુરુષોત્તમની વાત । જીવરાણીને દીધું વચન, એજ પ્રમાણે ધર્યું છે તન ॥૧૬॥
દેશ કૌશલ અયોધ્યા ગામ, મખોડાઘાટ સુંદર ઠામ । મનોરમા સરીતા છે સાર, તેથી ઉત્તરમાં ગાઉ ચાર ॥૧૭॥
છુપૈયાપુર પાવન ધામ, તેમાં ભક્તિ ધરમ છે નામ । વિપ્ર સરવરીયા બ્રહ્મરૂપ, સામવેદી પાંડે તે અનુપ ॥૧૮॥
તેથી જન્મ ધર્યો નિરધાર, થયા પ્રગટ ધર્મકુમાર । સંવત્ અઢાર સાડત્રીસ, ચૈત્ર સુદી નવમીની નિશ ॥૧૯॥
દશઘડી રાત્રી ગઈ જ્યારે, પોતે પ્રગટ્યા પ્રભુજી ત્યારે । સુતિકાગૃહમાંહી છે માત, બેઠાં બાયું પાસે પાંચસાત ॥૨૦॥
શોભે સર્વ તે સુખનું મૂલ, વલી ગ્રહ સર્વ અનુકુલ । પોતાનાં બેન બાઈ વસંતા, ચંદનબાઈ છે ગુણવંતા ॥૨૧॥
શુભમતિ તે સુંદરબાઈ, સુર્જાને લક્ષ્મીબાઈ સુહાઈ । એ' આદિ બાઈયુંછે સર્વ પાસ, આપ્યાં દર્શન શ્રી અવિનાશ ॥૨૨॥
મોટો તેજ સમૂહનો તાર, જોયો સુતિકાગૃહ મોઝાર । ભાળીને સહુ વિસ્મિત થયાં, એકચિત્તે કરી જોઈ રહ્યાં ॥૨૩॥
તેમાં કિશોર મૂર્તિ ભાળી, કોટિક કામ સમાન રૂપાળી । અતિ શ્વેતને પ્રકાશે યુક્ત , નિર્ખિ થયાં છે મન આસક્ત ॥૨૪॥
દિઠા કૃશ્ન ચતુર્ભુજ ધારી, વારે વારે જાયે બલહારી । પીતાંબર વસ્ત્ર અલંકાર, કીરીટાદિક ભૂષણ સાર ॥૨૫॥
દશ દિશા થઈ દીપ્યમાન, જેને જોઈ ભાનુ ભુલે ભાન । કોટી અક્ષરમુક્તને સંગે, વળી જોયા એવા રસ રંગે ॥૨૬॥
આવીછે પૂર્વની સ્મૃતિ મન, ભક્તિમાતા કરે છે સ્તવન । થયાં ગદગદ કંઠે સ્થિર, બોલે મધુર વાણીથી ધીર ॥૨૭॥
જય અનેક બ્રહ્માંડાધિશ, જય જક્તપતિ જગદીશ । જય અનંત આશ્ચર્યકારી, જય અક્ષરધામ વિહારી ॥૨૮॥
જય અખિલ જક્ત આધાર, જય કોટિશીર્ષાકીરતાર । જય ઉદ્ભવ પાલન કર્તા, જય કાલ ગતિને સંહર્તા ॥૨૯॥
જય પ્રણત પાલ દયાલ, જય કરુણાનિકેત કૃપાલ । જય અજ અજાત સુનામ, જય માયાતીત સુખધામ ॥૩૦॥
જય ગંભીર ગુણના ગ્રામ, જય પ્રેમીના પૂરણ કામ । જય કુશલ કલ્યાણ દાતા, જય ભુધરજી મુજત્રાતા ॥૩૧॥
જય શેષ મહેશના સ્વામી, જય બલવંત બહુનામી । જય ધર્મધુર દ્રઢધારી, જય સેવકના સુખકારી ॥૩૨॥
જય સગુણ નિર્ગુણ અવ્ય, જય ભક્તવત્સલ છો ભવ્ય । જય સચ્ચિદ્મુદ ઘન, જય સ્વતંત્ર સુખ સદન ॥૩૩॥
જય અનંત ગુણ અપાર, આપ અવતારી છો નિર્ધાર । કરી પ્રારથના એકમન, સુણીને પ્રભુ થયા પ્રસન્ન ॥૩૩॥
વહે ત્રણે પ્રકારે પવન, મંદ સુગંધ શીત ભુવન । આવ્યા અદેશ દેવતા સર્વ, કરે વંદના મૂકીને ગર્વ ॥૩૫॥
પુરુષોત્તમ પૂરણ બ્રહ્મ, તવ ગહન ગતિ અગમ । ભવ બ્રહ્મા જાયે બલિહારી, જય અવતારના અવતારી ॥૩૬॥
નેતિ નેતિ કહે છે નિગમ, તવ ગુણ ગાયછે આગમ । હરિજનના છો હિતકારી, જય અવતારના અવતારી ॥૩૭॥
તવ પ્રતાપ કોણ પ્રમાણે, ૧ઈશ વાગીશ દિશ ન જાણે । ગુણાતીત અખંડવિહારી, જય અવતારના અવતારી ॥૩૮॥
સચરાચર ભિન્ન અભિન્ન, પરાત્પર છો અપરિછિન્ન । નાથ નિર્ગુણ નિર્વિકારી, જય અવતારના અવતારી ॥૩૯॥
કલા અંશ આદિ અવતાર, ધરો છો પ્રભુ અનંતવાર । અધુના તો ગતિ અતિ ન્યારી, જય અવતારના અવતારી ॥૪૦॥
આતો રૂપ અલૌકિક કેવું, દીવ્યભાવથી દેખાય તેવું । ધર્મકુલવિષે તનુ ધારી, જય અવતારના અવતારી ॥૪૧॥
પ્રગટ થઈ કરોજી સાય, પૂરણ પુરુષોત્તમરાય । ભૂમિનો ભાર નાખ્યો ઉતારી, જય અવતારના અવતારી ॥૪૨॥
એમ કહી દુદુંભીના નાદ, કરે પુષ્પવૃષ્ટિ સ્તુતિવાદ । વરસાવે પિયુષ વિચારી, જય અવતારના અવતારી ॥૪૩॥
એમ ત્રિદશ આપીને માન, ગયા પોતે પોતાને તે સ્થાન । થયો ધરણીમાં આનંદકારી, જય અવતારના અવતારી ॥૪૪॥
એક અનેક આશ્ચર્ય જોઈ, ભક્તિમાતા રહ્યાં મન મોઈ । શીશુરૂપ થયા ઘનશ્યામ, સ્તનપાન કરે છે તે ઠામ ॥૪૫॥
પછી માતાજી પામ્યાં આનંદ, જોઈ રૂપ છુટ્યો ભવફંદ । પ્રભુયે ધર્યું પ્રાકૃત રૂપ, કરે બાલચરિત્ર અનુપ ॥૪૬॥
ધર્મ ભક્તિ પૂર્ણ ભાગ્યવાન, દિધાં યાચકને બહુ દાન । જાતકર્મ કુંવરનું કીધું, શુભકારજ સર્વનું સિધું ॥૪૭॥
ચાલી વધાઈની રૂડી વાત, છુપૈયાપુર વિષે સાક્ષાત । ધર્મ કુંવરને તેહ વાર,વધાવા આવે છે નરનાર ॥૪૮॥
કરે પુષ્પની વૃષ્ટિ અપાર, હૈયે હર્ષતણો નહિ પાર । પર્મ મંગલ સુખદાયક, પ્રગટ્યા ત્રિભુવન નાયક ॥૪૯॥
ભક્તને થયો હર્ષ વિલાસ, તે સમે પાપીને પડ્યો ત્રાસ । થયા અસુર તો ચિંતાતુર, ભય પામ્યા સર્વ ભરપુર ॥૫૦॥
ઘનશ્યામજી સુખના સિંધુ, દયાસાગર દીનના બંધુ । પ્રગટ્યા પ્રભુ એવા પ્રકાર, ધર્મ સ્થાન એ અવતાર ॥૫૧॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃત સાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રી હરિ પ્રગટ થયા એ નામે બીજો તરંગઃ ॥ ૨ ॥

પૂર્વછાયો– અવધપ્રસાદજી કહે, તમે સુણો રામશરણ; કહું કથા અમૃત જેવી, બાલલીલા સુખકર્ણ ॥૧॥
શ્રદ્ધા સહિત જે સાંભળે, શ્રીહરિના ગુણ સાર । ગર્ભવાસનું દુઃખ જાય, પામે ભવજળ પાર ॥૨॥
દુર્લભ છે આતો દેવને, પ્રગટ પ્રભુનો જોગ । મળ્યા તેનો તરત ટાળ્યો, ભવજળરૂપી રોગ ॥૩॥
અંતર શત્રુની પિડાથી, શ્રીહરિ કરશે સહાય। માન મુકી દઇ માનશે, તે સુખી અવિચળ થાય ॥૪॥
ચોપાઇ– એક સમય શ્રીભક્તિમાત, લઇ ઉત્સંગમાં જગતાત । બેઠાં છે અતિ આનંદભેર, સ્તનપાન કરાવે છે ઘેર ॥૫॥
કાલિદત્ત પાપી સરદાર, તેણે મારવા કર્યો વિચાર । ઉપજાવિ છે કૃત્યાઓ ત્યાંય, કે'છે વિચારીને મનમાંય ॥૬॥
જાઓ ધર્મને ઘેર સમાજ, તેમના પુત્રને મારો આજ । એવું સાંભળી કૃત્યાઓ ચાલી, આવી ધર્મને ત્યાં દઇ તાલી ॥૭॥
કરી આસુરી માયા અપાર, ઉપાડી લીધા ધર્મ કુમાર । લઇ ચાલી આંબાવાડીમાંય, પૂર્વ દિશાભણી ગઇ ત્યાંય ॥૮॥
કરી વિકટ દષ્ટિ તે વાળે, બળવા લાગી છે તેહ કાળે । નવ સેવાયો તેનો  જે તાપ, મુકી દિધા પ્રભુજીને આપ ॥૯॥
એકએકને કહે છે વાત, મારો મારો કરો એની ઘાત । પ્રભુ-ઇચ્છા મહાબલવાન, એવે સમે આવ્યા હનુમાન ॥૧૦॥
પ્રેમે લાગી પ્રભુજીને પાય, સુતસમીર જે કહેવાય । ઝાલી કૃત્યાઓને ઝટપટ, પુછે તાણી બાંધી લટપટ ॥૧૧॥
પછાડી પછે પૃથ્વીની માથ, મૃતતુલ્ય કરી કપિનાથ । શીરકેશ ઝાલી નિજ હાથ, ચકચુર કરી છે સંગાથ ॥૧૨॥
કોપે ચડ્યા પવન કુમાર, માર્યો કૃત્યાઓને બહુ માર । કરે પ્રારથના દુરમતિ, જીવતી જવાદ્યોને મારુતિ ॥૧૩॥
છુપૈયાપુરમાં કોઇ કાલ, નહિ આવિયે ૧કેસરીબાલ । માટે આપોને જીવતદાન, નથી સહેવાતો માર નિદાન ॥૧૪॥
તારે મારુતિયે મુકી દીધી, ચાલી કૃત્યાઓ ત્યાં થકી સિધ્ધિ । નાઠી પ્રાણ લઇને નઠારી, કાલિદત્ત પાસે ગઇ નારી ॥૧૫॥
પકડ્યો છે પાપીને ત્યાં આવી, નાખ્યો અસુરને ગભરાવી । હરામી થયો હાલ બેહાલ, જાણે નજીક આવ્યો છે કાલ ॥૧૬॥
પછે પાછા વળ્યા હનુમાન, આવ્યા જ્યાં રહ્યા છે ભગવાન । તેડી લીધા ત્રિભોવનનાથ, લાવી સોંપ્યા માતાજીને હાથ ॥૧૭॥
માતાજી લ્યો આ પુત્ર તમારા, છે એ સૃષ્ટિના સર્જનહારા । અક્ષરાધિપતિ અવિનાશી, પુરુષોત્તમ સુખના રાશી ॥૧૮॥
જેનું જોગીયો ધરે છે ધ્યાન, તમારા સુત છે ભગવાન । બ્રહ્મમોલ વાસી બહુનામી, અનંત બ્રહ્માંડતણા સ્વામી ॥૧૯॥
જેના કટાક્ષે કંપે છે કાલ, જેને માને મોટા લોકપાલ । ધન્ય છે ભાગ્ય તમારું માતા, તવ પુત્ર ત્રિભુવન ત્રાતા ॥૨૦॥
રુડી રીતેથી રક્ષા કરશે, તમારી આપદાને હરશે । માટે ચિંતા મ કરશો માય, સુખ દેશે સઘળું સદાય ॥૨૧॥
કાંઇ કામ પડે કોઇ દિન, કહેજો માતા હું છું આધીન । એમ કહિ અંતર્ધાન થયા, મારુતિ નિજ સ્થાનકે ગયા ॥૨૨॥
એવાં અદ્ભુત જોઇ ચરિત્ર, માતા થયાં છે શાંત પવિત્ર । આતો આશ્ચર્ય કારક વાત, છુપૈયાપુરમાં કહી માત ॥૨૩॥
વળી છઠે દિવસે તે ઠામ, આવી રાક્ષસી કોટરા નામ । વિકરાલ ભયંકર વેશ, ભાળીને ભય પામે સુરેશ ॥૨૪॥
કરવા વાલિડાને વિઘન, આસુરી એમ ધારતી મન । વાંકી દષ્ટિ જ્યાં વિઠલે કીધી, દુઃખદાયકને બાળી દીધી ॥૨૫॥
વળી બીજી કહું એક વાત, છુપૈયાપુરની જે સાક્ષાત । ભક્તિમાતાનાં ભલાં ભોજાઇ, જેનું નામ તે લક્ષ્મીબાઇ ॥૨૬॥
પુછ્યું આવીને તેમણે એમ, કહો છોટીબા જમ્યાનું કેમ । હાલ રસોઇ કરું કે નહિ, કહો તમારો વિચાર સહિ ॥૨૭॥
ત્યારે માતા કહે પ્રીત પ્રોઇ, ધીરે ધીરે કરોને રસોઇ । પછે રસોડામાં જઇ પોતે, કરે ધીરેથી રસોઇ જોતે ॥૨૮॥
ક્ષુધા તો પ્રાપ્ત થઇ છે તને, વિચારે માતાજી નિજ મને । હજુ રસોઇને ઘણી વાર, હવે શાનો કરું હું આહાર ॥૨૯॥
પોઢ્યા પારણે જગજીવન, પ્રભુએ જાણી લીધું પાવન । કરી ઇચ્છા મન કીરતાર, અષ્ટ સિદ્ધિઓ આવી તેઠાર ॥૩૦॥
થાળ ભરીને લાવી તૈયાર, માંય ભોજન ચ્યાર પ્રકાર । કહે માતાને લ્યો તમે જમો, આપ માટે લાવ્યાં છૈયે અમો ॥૩૧॥
જમોને દયા કરીને આજ, કરો અમારાં પૂરણકાજ । ત્યારે માતા બોલ્યાં તતકાલ, તમે કોણને કોનાં છો બાલ ॥૩૨॥
તેવું સાંભળીને કહે વાત, અમો અષ્ટસિદ્ધિ છૈયે માત । તમારે તો જમવાની વાર, થઇ નથી રસોઇ તૈયાર ॥૩૩॥
પુરુષોત્તમ જે નારાયણ, અક્ષરાધિપતિ નારાયણ । એતો પુત્ર થયા છે તમારા, નરવીર છે જક્તથી ન્યારા ॥૩૪॥
તેમણે ઇચ્છા કરી છે આજ, થાળ લાવ્યાં છીએ તમો કાજ । તર્ત કરી છે રસોઇ તાજી, માટે જમી લ્યોને તમે માજી ॥૩૫॥
એવું સુણીને કહે છે માત, સિદ્ધિયોને તે સ્નેહથી વાત । ખરિ ખાત્રી મુને જ્યારે થાય, ત્યારે મુજથી એ તો જમાય ॥૩૬॥
એવી સાંભળી માતની વાણી, બોલી ઉઠ્યા ત્યાં સારંગપાણી । આતો દેવનું લાવેલું અન્ન, તમો સુખેથી કરો ભોજન ॥૩૭॥
એમ કહી અકેકોજ ગ્રાસ, થાળમાંથી જમ્યા અવિનાશ । ત્યારે થયાં છે માતા પ્રસન્ન, કર્યું થાળનું અન્ન પ્રાશન ॥૩૮॥
પછે કરાવ્યાં છે જલપાન, માતાજીને દીધાં બહુમાન । જાણી પ્રસાદનો મહિમાય, સિદ્ધિયો પણ જમી છે ત્યાંય ॥૩૯॥
એટલે લક્ષ્મીબાઇ ત્યાં આવ્યાં, શિરો સુંદર કરીને લાવ્યાં । જુવે છે ભક્તિમાતાની પાસ, આઠ સિદ્ધિયો ઉભી પ્રકાશ ॥૪૦॥

દિવ્યદેહને જોબનવાન, દિવ્યકાંતિ અને રૂપવાન । દિવ્ય વસ્ત્ર કર્યાં પરિધાન, ચારે કોર ઉભી ગુણવાન ॥૪૧॥
લ્યો આ શિરો જમો છોટીબાઇ, આ સ્ત્રીઓ કોણ આવી છે આંઇ । ત્યારે બોલ્યાં છે મૂરતી માત, પૂછો ઘનશ્યામને એ વાત ॥૪૨॥
ત્યારે પૂછ્યું પ્રભુજીને જ્યાંયે, બોલ્યા મધુરી વાણીથી ત્યાંયે । મંદ મંદ કરીને તે હાસ, કહે મામીને જક્તનિવાસ ॥૪૩॥
મામી તમે કરી ઘણીવાર, નવ રસોઇ થઇ તૈયાર । અમારી ઇચ્છાયે સ્ત્રીયો આવી, થાળ ભરીને સિદ્ધિયો લાવી ॥૪૪॥
જમ્યાં તેમાંથી માતા અમારી, તમે જમો રસોઇ તમારી । અમે પણ કર્યાં છે ભોજન,જમી તૃપ્ત થયા છૈયે મન ॥૪૫॥
સુણી આશ્ચર્ય પામ્યાં તે મામી, પાસે ઉભાં રહ્યાં શીશ નામી । જોયું સિદ્ધિયો સામું જીવન, અણીમાદિક કરે સ્તવન ॥૪૬॥
કર જોડી કહે છે વચન, સુણો વિનંતિ કંજલોચન । આજ કર્યાં કૃતાર્થ અમને, હમેશાં જમાડીશું તમને ॥૪૭॥
દિનદિન પ્રત્યે બેઉવાર, લાવીશું નવાં ભોજન સાર । થયા પ્રસન્ન પ્રભુજી ધીર, બોલ્યા વાણી મૃદુલા ગંભીર ॥૪૮॥
હવેથી મામી કરે જો વાર, નિત્ય લાવજો રસોઇ ત્યાર । મામી કરે છે મન વિચાર, નહિ મનુષ્ય આ નિરધાર ॥૪૯॥
પુરુષોત્તમ પૂરણબ્રહ્મ,અક્ષરાધિપતિ પોતે પર્મ । જેની આજ્ઞા માને રવિશશિ, મૂરતી મુજ મનમાં વશી ॥૫૦॥
પ્રેમનાં આંશું આવ્યાં લોચન, કહે ઘનશ્યામજી છો ધન્ય । મેં તો પ્રથમથી જાણ્યા નોતા, આવા પ્રૌઢ પ્રતાપજ સોતા ॥૫૧॥
મહિમા અલૌકિક તમારો, પોકી ન શક્યો વિચાર મારો । તમો જેવા તો તમો છો એક, નથી તમારા જેવા અનેક ॥૫૨॥
કોટી બ્રહ્માંડમાં જોયું મથી, તમ જેવા બીજા કોઇ નથી । એમ કહી ગદગદ કંઠે, મામી થયાં અતિ ઉત્તકંઠે ॥૫૩॥
નિજ વાંક તણી ક્ષમા માગી, પ્રીતથી પ્રભુને પાય લાગી । બ્રહ્મમોલના વાસી જરૂર, એમ જાણ્યું છે મામીએ ઉર ॥૫૪॥
મહારાજ ઘનશ્યામ પાસ, સિદ્ધિયો ઉભી આણી ઉલ્લાસ । આજ્ઞા આપોને શ્રીભગવાન, અમે જાઇએ તે અમારે સ્થાન ॥૫૫॥
એમ કહીને સિદ્ધિયો ચાલી, મામી વલોટાવે કર ઝાલી । છુપૈયાપુર બારણે ગયાં, મધુવૃક્ષ હેઠે ઉભાં રહ્યાં ॥૫૬॥
મળી લક્ષ્મીબાઇને તે પોતે, ગઇ આકાશ મારગે જોતે । બહુનામીનાં બાલચરિત્ર, શિખે સુણે તે થાય પવિત્ર ॥૫૭॥
પછે પોતાનાં મામી તે વેર, આવ્યાં આશ્ચર્ય પામીને ઘેર । ધર્મદેવને રામપ્રતાપ, બેઠા ચોતરા ઉપર આપ ॥૫૮॥
આવતાં જોયાં છે લક્ષ્મીબાઇ, પૂછે રામપ્રતાપજી ભાઇ । કહો મામી હતાં કોણ એહ, તમે વળાવા ગયાંતાં તેહ ॥૫૯॥
મામીએ કહી સઘળી વાત, સુણી ધર્મ થયા રળીયાત । ધર્મકુળનો મહીમા જાણ્યો, લક્ષ્મીબાઇએ નિત્ય વખાણ્યો ॥૬૦॥
નિત્ય નિત્ય નવો મહિમાય, સમજે લક્ષ્મીબા મનમાંય । મુને પૂરવનાં પુણ્ય મળ્યાં, પાપ અનેક જન્મનાં બળ્યાં ॥૬૧॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે ભક્તિ માતાને અર્થે સિદ્ધિયો થાળ લાવી એ નામે ત્રીજો તરંગ ॥૩॥

**પૂર્વછાયો–** ઘનશ્યામાત્મજ બોલિયા, સુણો રામશરણજી ભાઇ । વિસ્તારીને વર્ણવું, વળી વાલમજીની વડાઇ ॥૧॥
સાંભળતાં સુખ ઉપજે, પાપી થાય પવિત્ર; ૧સુધા પીતાં થાય અમર, એવાં છે આ ચરિત્ર ॥૨॥
ઘનશ્યામના ગુણ ગાતાં, વાધેછે હર્ષ અપાર । સ્નેહથી સંભળાવું છું, સાર તણો વળી સાર ॥૩॥
પ્રભુયે પ્રગટ થઇને, લીલા કરી છે અપાર; પણ બુદ્ધિ અનુસારે કહું, ચિત્ત ધરો નિરધાર ॥૪॥

**ચોપાઇ–** વળી એકદિન મધરાત, ભરનિદ્રામાં પોઢ્યાંતાં માત । પૂર્વ દિશાભણી ભીંતમાંયે, હતી જાળી તે ઘરની ત્યાંયે ॥૫॥
પોઢ્યા પારણે શ્રીઘનશ્યામ, પડ્યો ચન્દ્ર પ્રકાશ તે ઠામ । નેત્ર ઉઘાડીને જોયું નાથ, દેખ્યો રનિશાપતિ તેજસાથ ॥૬॥
કર વધારીને લાંબો કીધો, ઝટ ચન્દ્રમાને ઝાલી લીધો; પકડી લાવ્યા છે ઘરમાંય, ઝબકી જાગ્યાં માતાજી ત્યાંય ॥૭॥
જુવે છે તો ઘરમાં પ્રકાશ, વાલો તે સંગે કરે વિલાસ । અચાનક ઉભાં થયાં માતા, તર્ત તેડી લીધા જગત્રાતા ॥૮॥
ભયભીત થઇ ગયાં ભારે, વળી માતાજી મન વિચારે । દીઠો બીશો નહિ દિલમાંયે, આ તો ચન્દ્રમા આવ્યા છે આંયે ॥૯॥
એવું સુણી રાજી થયાં મન, મૂકી દીધા છે ત્યાં નિજ તન । કીધો ચન્દ્રમાયે નમસ્કાર, ગયા નિજસ્થાનક મોઝાર ॥૧૦॥
સુણો રામશરણ આનંદે, પદ રચ્યાં છે તે ભૂમાનંદે । કર્યું છે તેનું રૂડું વર્ણન, સુણતાં થાય પાપી પાવન ॥૧૧॥
વળી બીજી કહું એક પેર, ભક્તિમાતા છે પોતાને ઘેર । નિજ પુત્રને લઇ ૧ઉત્સંગે, કરાવે સ્તનપાન ઉમંગે ॥૧૨॥
ધાવીને તૃપ્ત થયા છે ધીર, કર્યું ચરિત્ર એક ગંભીર । બગાસું બહુનામીએ ખાધું, દેખાયું તેમાં બ્રહ્માંડ બાધું ॥૧૩॥
નિજ વદનમાં નિરધાર, દેખાડ્યાં ચૌદ ભુવન સાર । ભવ બ્રહ્મા વિષ્ણુ વળી ઇન્દ્ર, તારામંડલ સહિત ચન્દ્ર ॥૧૪॥
શિશુમાર ચક્ર દ્વિપસાત, લોકાલોક અલોક વિખ્યાત । મહાગિરિજુત ધરા જેહ, સાત સમુદ્ર કહિયે તેહ ॥૧૫॥
જે અવ્યાકૃત ધામે સહિત, ભૂમાપુરુષ માયા રહિત । એવાં અનંત આશ્ચર્યભિન્ન, દેખાડ્યાં એક કાલાવિચ્છિન્ન ॥૧૬॥
અદ્ભુત ચરિત્ર તે નિરખ્યાં, ભક્તિમાતા મન ઘણું હરખ્યાં । વસંતાબાઇ આદિ જે બેન, તેને વાત કહિ સુખદેન ॥૧૭॥
છુપૈયાપુરનાં સહુજન, જાણી આશ્ચર્ય પામ્યાં છે મન । એવી લીલા કરે છે અપાર, સુખ આપે છે ધર્મકુમાર ॥૧૮॥
એકસમે શ્રીધર્મને દ્વાર, આવ્યા પૂણ્ય દેવ તેણી વાર । નારદ તુંબરુ બ્રહ્મા સાથ, આવ્યા દર્શન માટે સનાથ ॥૧૯॥

નૃત્ય કરીને નારદ ઋષિ, કર્યા શ્રીઘનશ્યામને ખુશી । તુંબરુંએ બજાવ્યું છે તાન, કર્યું મધુર સ્વરથી ગાન ॥૨૦॥
વળી રકમલાસન તે ઠાર, આવી કરે વેદ ઉચ્ચાર । બહુનામી છે બાલકરૂપ, ઘણા રાજી થયા સુરભૂપ ॥૨૧॥
છપૈયાપુરનાં જેહ જન, આવ્યાં ધર્મને દ્વાર પાવન । ઘનશ્યામની શોભાને જોઈ, નરનારી રહ્યાં મનમોઈ ॥૨૨॥
મોટામોટા મુનિ લલચાયા, ચિત્ત આતુર થઈ ખેંચાયાં । ગતિ ગોવિંદની અતિગૂઢ, થયાં મનુષ્ય ત્યાં દિગમૂઢ ॥૨૩॥
રામપ્રતાપને વશરામ, ગયાતા લોહગંજરી ગામ । તે સમે બેઉ આવ્યા સંગાથ, જોઈ ચરિત્ર થયા સનાથ ॥૨૪॥
મોહ પામ્યા તે મામો ભાણેજ, કરે વિચાર જીવમાં એજ । ભારે પ્રતાપી શ્રીઘનશ્યામ, જેનું જોગી જપે નિત્ય નામ ॥૨૫॥
પોઢ્યાતા પ્રભુજી બાલસ્વરૂપ, ઉઠી બારણે આવ્યા અનૂપ । દેવતાઓને દર્શન દીધાં, સહુ કામજ સફલ કીધાં ॥૨૬॥
રંભાફલની પ્રસાદી આપી, પીડા જન્મો જનમની કાપી । નમસ્કાર કરી તેહ દેવ, થયા અદશ્ય આકાશે એવ ॥૨૭॥
પાછા જઈ પોઢ્યા પરબ્રહ્મ, તેનો કોણ જાણી શકે મર્મ । એવાં અદ્ભુત જોઈ ચરિત્ર, પ્રાણીમાત્ર થયાં છે પવિત્ર ॥૨૮॥
એક દિવસે ધર્મકુમાર, પોઢ્યા પોતે પલંગ મોઝાર । સ્વર્ગલોકથકી તેણી વાર, આવી અપ્સરાઓ નિરધાર ॥૨૯॥
કરવા પ્રભુજીને પ્રસન્ન, નૃત્ય કરે છે ધારીને મન; ઉર્વશી રંભા આદિ જેહ, કરે મીઠે સ્વરે ગાન તેહ ॥૩૦॥
ધર્મદેવના દ્વારઅગાડી, નાચે રંભાદિ તાલ વગાડી । છપૈયાપુરવાસી જે જન, શબ્દ સુણી થયાં છે મગન ॥૩૧॥
જુવે રાજી થઈ નરનાર, જેની શોભા તણો નહિ પાર । ટળ્યા સર્વેના શોક સંતાપ, મળ્યા પ્રગટ પ્રભુજી આપ ॥૩૨॥
ભારે ભીડ થઈ છે રે ત્યાંય, ઘણાં મનુષ્ય આવે છે જ્યાંય । છપૈયાપુર જે ભાગ્યવાન, જ્યાં પ્રગટ થયા ભગવાન ॥૩૩॥
સુંદરીઓ કરે છે સ્તવન, જય જય જય ભગવન । પછે બારણે આવ્યા જીવન, દેવા રંભાદિને દરશન ॥૩૪॥
સુણી રાજી થયા પ્રાણપતિ, આપ્યાં ફળ નારંગીનાં અતિ । આજ્ઞા માગીને અદશ્ય થઈ, પોતપોતાને સ્થાનકે ગઈ ॥૩૫॥
પાછા ઘરમાં ગયા મોરારી, પોઢ્યા પલંગમાં સુખકારી । એમ નિત્ય આપેછે આનંદ, ટાળવા જીવના ભવફંદ ॥૩૬॥
કરે માનુષિ લીલા વિહારી, તેતો સમજી શકે સંસ્કારી । આવ્યા અક્ષરથી અલબેલો, કરે ચરિત્ર સુંદર છેલો ॥૩૭॥
વળી ભક્તિ-ધર્મ એકવાર, પુત્રની પરીક્ષા જોવા પ્યાર । મુક્યું પુસ્તકને સોનામોર, પાસે આયુધ તે એકઠોર ॥૩૮॥
દેખીને ત્યાં દોડ્યા દીનાનાથ, મુક્યો પુસ્તક ઉપર હાથ । ધર્મદેવે ધાર્યું એમ મન, આતો શાસ્ત્રવેત્તા થાશે તન ॥૩૯॥
ભક્તિધર્મ પૂર્ણ ભાગ્યવાન, જેના પુત્ર થયા ભગવાન । છપૈયાપુરવાસીનાં સુખ, શું વખાણી કહું એક મુખ ॥૪૦॥
વાસ કર્યો પ્રભુએ જે ઠાર, ઈચ્છે અમર ત્યાં અવતાર । એ તો વાત ઘણી છે દુર્લભ, પણ સેવકને તો સુર્લભ ॥૪૧॥
જેને માટે યોગી યોગ સાધે, ૧અહીપતિ અખંડ આરાધે । સ્વપને ન પામે દરશન, પામ્યા છે તેને તો ધન્ય ધન્ય ॥૪૨॥

ઈતિ શ્રી મદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે બ્રહ્માદિ દેવ દર્શને આવ્યા એ નામે ચોથો તરંગઃ ॥ ૪ ॥

પૂર્વછાયો—રામશરણજી સાંભળો, પ્રગટ લીલાસાર । યથામતિયે ઉચરું છું, સ્નેહ થકી આ ઠાર ॥૧॥
બાલ ચરિત્ર જે સાંભળે, તે પામે પુરુષાર્થ ચાર । ભય ટળે સંસારનો, આવે નહિ અવતાર ॥૨॥

ચોપાઈ—હવે કહું છું બીજું ચરિત્ર રે, મહા પાવન પુન્ય પવિત્ર રે । કરે નિત્ય લીલાઓ નવીન રે, ભક્તપતિ છે ભક્ત આધીન રે ।૩।
એક સમે શ્રીભક્તિમાતા રે, બેઠાં નિજ ઘરે સુખદાતા રે । કરાવ્યું પુત્રને સ્તનપાન રે, પોઢાડ્યા પારણે ભગવાન રે ॥૪॥
ગયાં પોતે તો રસોડામાંઈ રે, મૂક્યું માખણ તાવવા ત્યાંઈ રે । કર્યું કેશવે ત્યાં એવું કાજ રે, માંહિ બેઠા થયા મહારાજ રે ॥૫॥ ચારે બાજુએ જીવન જોયું રે, પણ એક તર્ફે મન મોહ્યું રે । પડી ચુસણી પોતાની દૂર રે, તેને લેવા વિચારે છે ઉરરે ॥૬॥
નાથ ઉતર્યા પારણા નીચે રે, ચાલ્યા ભાંખોડીયે ઘર વચ્ચે રે । અતિ લાઘવતા કરી લાલે રે, લીધી ચુસણી ભક્તિને બાલે રે ॥૭॥
પાછા પારણે પોઢ્યા તે જઈ રે, ચુસણી લીધી છે કરમાંઈરે । તેહને ચુસે મુખમાં ધરીરે, એવી લીલા કરે છે શ્રીહરિ રે ॥૮॥
એક કાયસ્થ રામદયાલ રે, ગામ કૈયે જેનું સુરવાલ રે । આવ્યો તે સમે ધર્મને ઘેરરે, બોલાવી બેસાડ્યો રૂડી પેરરે ॥૯॥
ચોતરો આંબલી તરુ તળેરે, બેઠા બેઉ જણા તેહ પળે રે । જોયા છે ચઢતા ઉતરતા રે, ચુસણી લૈ હરતા ફરતારે ॥૧૦॥
દેખીને એવું રામદયાળ રે, કહે સુણો ધર્મ કૃપાળ રે । પુત્ર તમારા પારણે ચારે, કોને કેટલા માસના થયારે ॥૧૧॥
તારે ધર્મ બોલ્યા છે વચન રે, અઢી માસના છે મુજ તન રે । પામ્યા આશ્ચર્ય રામદયાળરે, ધન્ય ધન્ય છે તમારા બાળરે ॥૧૨॥
ગતિ લાઘવતા બહુ કીધીરે, હેઠે ઉતરી ચુસણી લીધીરે । તવ પુત્ર દિશે કોઈ દેવ રે, કાં તો ઈશ્વરછે સ્વયમેવરે ॥૧૩॥
તે વિના આવો પ્રતાપ નોયરે, સમજી શકે વિરલા કોય રે । ત્યાંથી ઉઠ્યો પામીને હુલાસરે, આવ્યો હરિના પારણા પાસ રે ॥૧૪॥
જોયું પારણીયા સામું જ્યારે રે, દિઠા ઘનશ્યામજીને ત્યારે રે । મંદ મંદ કરે છે તે હાસ રે, પોતાનું તેજ કર્યું પ્રકાશ રે ॥૧૫॥
નિજ અંગમાંથી નિરધાર રે, નિકળ્યું તેજ રુડું અપારરે । દિવ્ય શાંત પ્રકાશ દેખાયરે, એની ઉપમા કોઈ ન થાય રે ॥૧૬॥
એવા જોઈને ધર્મના બાળરે, પામ્યો આશ્ચર્ય રામદયાળરે । સંકેલી લીધો તેજ સમૂહરે, જુવો ગોવિંદની ગતિ ગુહ્ય રે ॥૧૭॥

ગયો કાયસ્થ પોતાને ગામરે, કરી સર્વને વાત તમામરે । એમ લીલા કરી સુખ આપેરે, પોતાના ભક્તનાં કષ્ટ કાપેરે ॥૧૮॥ વળી હે રામશરણ ભાઈરે, એક સમે તે છુપૈયામાંઈરે । આવ્યા મોટા દેવ શુભ કાજરે, જ્યાંહાં બીરાજ્યા છે મહારાજરે ॥૧૯॥ ઉભા સન્મુખ જોડીને હાથ રે, બોલ્યા મુખથી તે સહુ સાથરે । જય પૂરણબ્રહ્મ પ્રકાશીરે, જય બ્રહ્મમોલના નિવાસીરે ॥૨૦॥ તવ આજ્ઞાને અનુસરીયેરે, ભરાવ્યાં પગલાંજ ભરીયેરે । સર્વ વ્યાપક સર્વ વિલાસીરે । જય બ્રહ્મમોલના વાસીરે ॥૨૧॥ વળી વેદ રીતે અવતારરે, તેના કારણ છે નિરધારરે । પ્રભુ છો તમે મંગલરાશીરે, જય બ્રહ્મમોલના નિવાસીરે ॥૨૨॥ અમે તો છૈયે આજ્ઞાકારીરે, પ્રભુ તમે તો છો અવતારીરે । અખંડાનંદ છો અવિનાશીરે, જય બ્રહ્મમોલના નિવાસીરે ॥૨૩॥ સુકુ પત્ર હલાવે ન કોયરે, તમારી મરજી જો ન હોયરે । સચ્ચિદાનંદ આપ હુલાસીરે, જય બ્રહ્મમોલના નિવાસીરે ॥૨૪॥ સુખ સંતોષ શાંતિના ઓઘરે, તમે પ્રૌઢ પ્રતાપી અમોઘરે । સર્વના અંતર્યામી સદાયરે, કોણ કહિ શકે મહિમાયરે ॥૨૫॥ તમો આધારભૂત અમારારે, અમે તો છૈયે સહુ તમારારે । તવ ભક્તિના અમો અભ્યાસીરે, જય બ્રહ્મમોલના નિવાસીરે ॥૨૬॥ ગદ ગદ કંઠે નિરધારરે, એમ સ્તુતિ કરી ઘણી વારરે । સુણી વચન શ્રી ઘનશ્યામરે, બેઠા પલંગમાં સુખધામરે ॥૨૭॥ કરી છે તે વાણી અંગીકારરે, પામ્યા ઉર આનંદ અપારરે । નોખી નોખી પૂજાયો ધરાઈરે, આપી અનૂપ એક રજાઈરે ॥૨૮॥ પ્રીતે પેરાવ્યા પુષ્પના હારરે, બહુ રાજી થયા છે મોરારરે । કર જોડી કર્યા નમસ્કારરે, ઉભા રહ્યા પાસે એકહારરે ॥૨૯॥ માતા જમે છે રસોડામાંઈરે, ઓરડામાં છે ચંદન બાઈરે । એવે સમે ત્યાં ૧વાસવ આવ્યોરે, મેઘાડંબર છત્ર ધરાવ્યોરે ॥૩૦॥ કરે છે સ્તુતિ મધુર વાણરે, થયું ચંદનબાઈને જાણરે । તત્કાલ ઉઠી આવ્યાં બહારરે, થયા અદૃશ્ય તે નિરધારરે ॥૩૧॥ બેઠા પોત પોતાને વિમાનેરે, સુખ પામી ગયા નિજસ્થાનેરે । નારાયણસર થઈ ગયારે, જાય અંત્રિક્ષમારગે વયારે ॥૩૨॥ જોઈ વિસ્મય પામ્યા છે સર્વ રે, ગયો ઉતરી તેમનો ગર્વરે । ચંદનબાએ મન વિચાર્યુ રે, મુજબેનને વાત ઉચારુંરે ॥૩૩॥ એમ કહીને ઘરમાં જાયરે, ત્યાંતો ભક્તિમાતા આવ્યાં ત્યાંયરે । કર્યું શયન શ્રીઘનશ્યામરે, ઓઢી રજાઈ સુંદર શ્યામરે ॥૩૪॥ પ્રેમ કરીને માતાજી પૂછેરે, કહો ચંદનબાઈ આ શું છેરે । ઓઢી સુતા ઘનશ્યામભાઈરે, તમે આપીછે શું આ રજાઈરે ॥૩૫॥ કહે ચંદન મેં નથી દીધીરે, સુણી માતાએ રજાઈ લીધીરે । જુવે તો કંઠે પુષ્પના હારરે, ભક્તિ આશ્ચર્ય પામ્યાં તે વારરે ॥૩૬॥ દેખ્યા પૂજનના ઉપચારરે, કરે વિચાર વારમવારરે । હાલમાં તો નથી કોઈ આવ્યુંરે, ત્યારે હાર કહો કોણ લાવ્યુંરે ॥૩૭॥ પછે પ્રથમ બનેલી વાતરે, કહી ચંદનબાઈએ પ્રખ્યાતરે । એવું સુણીને હરખ્યાં છે માતારે, સુત જોઈ પામ્યાં છે સુખ શાતારે ॥૩૮॥ એવી લીલાઓ કરે અનંતરે, મોહ પામે છે મોટા મહંતરે । રાજાધિરાજ શ્રીમહારાજરે, થયા મનુષ્ય ભક્તને કાજરે ॥૩૯॥ આપે સુખ અલૌકિક કેવાંરે, દેવને પણ દુર્લભ એવાંરે । જેહ છે પૂર્વના સંસ્કારીરે, તેને માટે આવ્યા છે મોરારીરે ॥૪૦॥ ભોઈ મહાબલી છે એહ ઠામરે, તેની પુત્રી ફુલજરી નામરે । વળી અમઈરાતનાં નારીરે, નામ ફુલકલિ ઘણી સારીરે ॥૪૧॥ ભક્તિમાતાને ઘનશ્યામતણાં રે, બેઉ રામા ધુવે વસ્ત્ર ઘણાંરે । મીનસાગરમાં ગઈ ધોવારે, કાઢ્યાં શ્રીહરિનાં વસ્ત્ર જોવારે ॥૪૨॥ બાલ વસ્ત્રને માતાનાં ચીરરે, ધોયાં નિરમલ છે જ્યાં નીરરે । લઈ સુકાવ્યાં તડકે તેહરે, મળ રહિત છે વળી એહરે ॥૪૩॥ મધુ વૃક્ષની શીતલ છાંયરે, બેઉ નારી બેઠી જઈ ત્યાંયરે । ફુલકલિ કહે સુણ બાઈરે, આજ દેખી મેં એક નવાઈરે ॥૪૪॥ નથી હરિનાં વસ્ત્રમાં મેલરે, મળ મૂત્રે નથી બગડેલરે । જેવાં છે તેવાં ને તેવાં છેરે, વનિતા ફુલકલિ વદે છેરે ॥૪૫॥ ફુલઝરી કહે સુણ બેનરે, તું નવ ઓળખે એનાં ચેનરે । લઘુ દિશાની શંકા જો થાયરે, ઝટ ઉતરી હેઠા પલાયરે ॥૪૬॥ સત્ય માની લીધું હશે એમરે, પણ મને રહી ગયો વેમરે । તતકાળ આવી ઉઠી ઘેરરે, પેલી પૂછી માતાજીને પેરરે ॥૪૭॥ કહી માતાજીએ સત્ય વાતરે, એમાં ફેર નથી તે છે ખ્યાતરે । એમ કેતાં કેતાં તતકાળરે, ઉઠ્યા પારણેથી પ્રભુ બાળરે ॥૪૮॥ હેઠે ઉતરી આવ્યા બહારરે, કર્યો શૌચવિધિ તેહ વારરે । ધોયા નિર્મળ જળથી માયેરે, પાછા પધાર્યા પારણા માંયેરે ॥૪૯॥ કર્યું શયન શ્રી મહારાજરે, કરે નિત્ય નિત્ય એવાં કાજરે । જોયું આશ્ચર્ય તેવું અપારરે, ફુલકલિયે માન્યું નિર્ધારરે ॥૫૦॥ વશરામને મોતિ ત્રવાડીરે, તેના ફળિમાં એ વાત કાઢીરે । સુરજાબાઈ આદિને કયુંરે, નરનારીને નિશ્ચે થયુંરે ॥૫૧॥ એ તો અનંત આશ્ચર્યકારીરે, ઈશના ઈશ છે અવતારીરે । એમના જેવાતો એજ એહરે, તેમાં કરવો નહિ સંદેહરે ॥૫૨॥ સુણજો શ્રોતા વિવેકી જનરે, કોઈ શંકા ન કરશો મનરે । સુણી પ્રાકૃત બાળ ચરિત્રરે, પાછા ન પડશો મારા મિત્રરે ॥૫૩॥ જેવા તેવાય પ્રભુના ગુણરે, સર્વે કલ્યાણમાં છે નિપુણરે । આ તો પૂન્યશાલી નર પામેરે, બીજા ભટકે ચોર્યાશી ભામેરે ॥૫૪॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યા પ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિએ રામદયાળને તેજ દેખાડ્યું એ નામે પાંચમો તરંગઃ ॥ ૫ ॥

**પૂર્વછાયો–** રામશરણ શ્રવણે ધરો, પાવન પૂન્ય કથાય । નિર્મલ મનથી સાંભળે, તેનું તો સંકટ જાય ॥૧॥ જનનીએ નિજ પુત્રને, કરાવ્યું સ્તનપાન । પછેથી સુવાડ્યા પારણે, બહુનામી બળવાન ॥૨॥ પ્રાકૃત શિશુરૂપ ધરી, કરે ચરિત્ર પુનિત । ભવ બ્રહ્મા ભેદ ન લહે, અખંડ આપ અજીત ॥૩॥

ચોપાઈ– પ્રભુ પોઢ્યા છે પારણામાંય, આવ્યા વૈરાજપુરુષ ત્યાંય । કરવા પ્રગટનાં દર્શન, ધર્યું મનુષ્યના જેવું તન ॥૪॥
અતિ દીર્ઘ સ્વરૂપ સુંદર, વળી વિશાળ દિશે ઉદર । શિર જટાનો જુટ બિરાજે, ઉપમા નથી એહને કાજે ॥૫॥
આવી ઉભા છે ધર્મને દ્વારે, જોયું પારણા સામું તે વારે । દિઠા પારણે ઝુલતા ત્યારે, કર જોડી કર્યો નમસ્કારે ॥૬॥
સ્તુતિ કરીને બોલ્યા વચન, સુણો સર્વોપરી ભગવના મુનિ અવતાર દેવ આંહી, તમ પાસે આવે છે કે નહિ ॥૭॥
મનમાંહિથી કરી સંકેત, કહે શ્રીહરિ પ્રેમ સમેત । કેટલાક તો આવી ગયા છે, કેટલાક તો બાકી રહ્યા છે ॥૮॥
તેહ પણ આવશે જરૂર, જેને ભાવ હશે ભરપુર । બોલ્યા વૈરાજપુરુષ એવ, સહુ કરશે તમારી સેવ ॥૯॥
આપ છો અવિનાશી અનૂપ, કોટી કોટી બ્રહ્માંડના ભૂપ । તમો શ્રીહરિ છો અવતારી, પુરુષોત્તમ નિરવિકારી ॥૧૦॥
અવનિ ઉપર આપ આવ્યા, સહુ ભક્તતણે મન ભાવ્યા । પારણા સામી સુરતા સાંધી, દોરિ રેશમની એક બાંધી ॥૧૧॥
આપ્યાં રમકડાં કરસાર, ત્યાંથી ચાલ્યા કરી નમસ્કાર । નારાયણસરોવર તીર, પૂર્વદિશાભણી પીધું નીર ॥૧૨॥
જળપાન કરીને સિધાવ્યા, ગામ અગિયે તળાવે આવ્યા । ત્યાં છે બ્રાહ્મણનો એક તન, કરે સ્નાન જળમાં પાવન ॥૧૩॥
આવી ઉભા છે તેહને પાસ, દેખી વાડવ પામ્યો છે ત્રાસ । બોલ્યો તે બ્રાહ્મણ બિતો આજ, તમે કોણ છો કહો મહારાજ ॥૧૪॥
ઘણો દેહ તમારો વિશાળ, આવા પુરુષ નથી આ કાળ । સૃષ્ટિ બ્રહ્માની સઘળી જોઇ, નથી આવડા ઉંચા તો કોઇ ॥૧૫॥
આગે સતયુગમાં કેવાતા, પણ આ યુગમાં નથી થાતા । એમ કહે છે વિપ્રનો તન, ત્યારે બોલ્યા વૈરાજ વચન ॥૧૬॥
અમે વૈરાજપુરુષ છૈયે, છુપૈયે ગયાતા સાચું કૈયે । હરિપ્રસાદ પાંડે છે નામ, તેને પુત્ર થયા ઘનશ્યામ ॥૧૭॥
અક્ષરાધિપતિ પોતે જેહ, પુરુષોત્તમજી કૈયે એહ । ગયા હતા તે કરવા દર્શન, મુજરો દેવા ધારીને મન ॥૧૮॥
એમ કહી વૈરાજ તે ઘડિ, ગયા તે શ્રવણ તળાવડી । રામદત્તે હ્દે વાત ધરી, આવ્યો છુપૈયાપુરમાં ફરી ॥૧૯॥
કહી ધર્મદેવને તે વાત, સુણીને રાજી થયા છે તાત । પારણામાં પ્રભુ પોઢ્યા છે સત્ત, તેની પાસે ગયો રામદત્ત ॥૨૦॥
જુવે છે પારણા સામું જ્યારે, હરિ થયા ચતુર્ભુજ ત્યારે । તેજ તેજ તણો ત્યાં અંબાર, કર્યો પ્રકાશ તેહ જ વાર ॥૨૧॥
જોઇ અંજાઇ ગયાં લોચન, એવાં અદ્ભુત આપ્યાં દર્શન । એવું ઐશ્વર્ય થોડું દેખાડ્યું, પાછું તેજ પોતામાં સંતાડ્યું ॥૨૨॥
રામદત્તે સામું જોયું ત્યારે, પ્રભુ હસવા લાગ્યા તે વારે । એવા પ્રૌઢ પ્રતાપને નિરખી, રામદત્ત ચાલ્યો ગયો હર્ખી ॥૨૩॥
પછે આવ્યો તે નિજસદન, કરી વાત સર્વેને તે દન । હરિના ગુણ ગાય છે પ્રીતે, કરે વારતા ગામમાં નિતે ॥૨૪॥
વળી એક દિન મનભાવી, ગાયઘાટથી મામીઓ આવી । ચંદાબાઈ લક્ષ્મીબાઈ જાણું, એ આદિ કેટલીક વખાણું ॥૨૫॥
આવ્યાં રમાડવા શ્રીહરિને, છુપૈયાપુર હેતકરીને । પોઢ્યા પારણે અક્ષરધામી,પાસે આવ્યાં લક્ષ્મીબાઈ મામી ॥૨૬॥
કર લાંબા કરી તેડે જેવા, હરિ થયા ચતુર્ભુજ એવા । કોટિકંદર્પને તે લજાવે, ત્રિપુરારિને માન તજાવે ॥૨૭॥
નિકળ્યો અંગમાંથી ઉજાશ, તેજ તેજ તેજનો પ્રકાશ । કોટી કોટી ૧સવિતાને ઇંદુ, તેના તુલ્ય નાવે એક બિંદુ ॥૨૮॥
અલૌકિક એ દર્શન દિધાં, મામીનાં મન આકર્ષિ લીધાં । અહો ઇતિ અહોહો આશ્ચર્ય, કહી સહુ વર્ણવે ઐશ્વર્ય ॥૨૯॥
સુખ સંતોષ શાંતિના સ્થાન, ભયહારી સદા ભગવાન । કરે નરનારી સહુ વાતો, અતિ ઐશ્વર્ય સોતા છે આતો ॥૩૦॥
ળી કોઇ સમે બીજીવાર, કર્યું ચરિત્ર જગદાધાર । ધર્મદેવને ઘરે છે ભોઇ, કરી રાખ્યો છે નોકર સોઇ ॥૩૧॥
તેની દાર માંઝે નિજ પાત્ર, કરે સેવા તે નિર્મલ ગાત્ર । જન્મ સ્થાનકનો તે છે કુપ, માંઝે વાસણ ત્યાંહી અનુપ ॥૩૨॥
એક દિવસ ચન્દ્રગ્રહણ, ગઇ ઉટકવા એ વાસણ । માંઝીને મૂક્યાં છે ઘરમાંય, કરે વિચાર લિપ્યાનો ત્યાંય ॥૩૩॥
માતાએ મુને કહ્યું છે જેહ, આજ પુન્યમ ગ્રહણ તેહ । માટે લિપું હવે ઘરમાંય, પડે ચન્દ્રભાનુની રે છાંય ॥૩૪॥
લિપે પ્રથમ ઓરડો જ્યાંયે, પ્રભુજીનું પારણું છે ત્યાંયે । મુકું પારણું લઇ બાર્ય, એમ ધારી લેવા ગઇ નાર્ય ॥૩૫॥
જેવું પારણું લેવા ઇ જાય, ત્યાં તો દેદિપ્યમાન દેખાય । હીરા માણેક મોતી રતન, જાણે જડ્યા છે કરી જતન ॥૩૬॥
ઘણો ઘુઘરીનો ધમકાર, જાણે વિદ્યુતનો ચમકાર । મહા કંચનમય ચૈતન્ય, ઉપમા શું આપું એને અન્ય ॥૩૭॥
ભામનિ પામી ચૈતન્યભાવ, ભાળીને થયો ઉર ઉછાવ । તરુણી દેખીને થઇ સ્તબ્ધ, બોલી શકી નહિ કાંઇ શબ્દ ॥૩૮॥
પારણાપાસ રહી તે વાર, બોલાવ્યાં માતાને તેહ ઠાર; ત્યારે ભક્તિ જુએ આવી પાસ, અતિ શોભાયમાન ઉજાસ ॥૩૯॥
થયો અતિશે આનંદ ઉર, પામ્યાં સુખ સદા ભરપુર । એમ દેખાડ્યો છે થોડીવાર, ચતુર્ભુજે તે ચમત્કાર ॥૪૦॥
માયા મુક્તિ નટવર નાવ, માતાજીને આવ્યો પુત્રભાવ । એમ અકળ શ્રીજગવ્યાપ, ટાળે જીવના ત્રિવિધ તાપ ॥૪૧॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યા પ્રસાદજી રામશરણજી સંવાદે વૈરાજપુરુષ શ્રીહરિને દર્શને આવ્યા એ નામે છઠ્ઠો તરંગ ॥ ૬ ॥

પૂર્વછાયો– સંત હરિજન સાંભળો, સર્વ થઇ સાવધાન । માતાજીએ હરિકૃષ્ણને, કરાવ્યું પયપાન ॥૧॥
લાડ લડાવે છે લાલને, વાત્સલ્ય પ્રેમ સમેત । હરિને જોઇ સુખ પામે, વાધે મનમાં હેત ॥૨॥

આનંદમાં દિન જાય છે, જોતાં પ્રભુનું મુખ । પુત્રને જોઇ રહે રાજી, ટળ્યાં તન મનનાં દુઃખ ॥૩॥
પછે તે પોઢાડ્યા પારણે, માતાજી ધરીને ભાવ । હેતેથી હાલેરું ગાય છે, ઉરમાં કરી ઉછાવ ॥૪॥
ચોપાઇ– માતા હેત કરીને હુલાવે, પ્રભુને પારણામાં ઝુલાવે । શ્રીહરિને કરાવ્યું શયન, જાણે પુત્રવડે ભાગ્ય ધન્ય ॥૫॥
પછે ગયાં રસોડામાં માતા, કરે રસોઇ ત્યાં સુખદાતા । તે સમે આવ્યો ત્યાં અસુર, પૂર્વનું લેવા વૈર જરૂર ॥૬॥
બીજું કોઇ નવ જાણે મર્મ, અસુરે કર્યું છે એવું કર્મ । લીધા પારણામાંથી પ્રભુને, લઇ ચાલ્યો આકાશે વિભુને ॥૭॥
મારી નાખવા મન વિચાર, ગતિ કરી ગગને તે વાર । વિચારીને જોયું તે શ્રીરંગ, ભાર ભૂમિતણો ધર્યો અંગ ॥૮॥
નિશાચરે ન થયો સહન, વસુધાનો છે બોજ ગહન । મારવું તો ભુલી ગયો મૂઢ, ગતિ ગોવિંદની અતિ ગૂઢ ॥૯॥
ચાલ્યો નહિ ત્યાં કોઇ ઉપાય, પાપી પીડા પામીને પસ્તાય । પ્રભુજીએ પકડ્યા જ્યાં પ્રાણ, બીજો કોણ કરાવે મેલાણ ॥૧૦॥
ગતિ ભંગ થઇ ગભરાણો, મોત વિના હું આજ મરાણો । એમ કરતો થકો તે અસુર, પડ્યો ચુડહા વનમાં તે ક્રુર ॥૧૧॥
પોતા ઉપર જગદાધાર, તેણે સહિત પડ્યો તે વાર । થયો છે મૂળ સ્વરૂપે એહ, તર્ત છુટી ગયો તેનો દેહ ॥૧૨॥
હરિએ કર્યું છે એવું કાજ, પછે ઘેર આવ્યા મહારાજ । હતા તેમના તેમજ સુતા, પ્રભુ પારણામાં જેમ હતા ॥૧૩॥
પડ્યો અસુર પૃથ્વી ઉપર, થઇ ગર્જના ઘોર જબર । તેનો શબ્દ વ્યાપ્યો દશેદિશ, મર્ણ પામી પડ્યો અસુરેશ ॥૧૪॥
ગામ સુરવાલમાં તતકાળ, શબ્દ સાંભળ્યો રામદયાળ । બંધુ વર્ગને પૂછે છે આજ, ભાઇ ક્યાં થયો ભારે અવાજ ॥૧૫॥
ત્યારે કાયસ્થ તિલકરામ, ઠીક વચન બોલ્યા તે ઠામ । ગાજે આકાશમાં ૧પરજન્ય, મુને તો એમ લાગે છે મન ॥૧૬॥
કહે રમખન થયો છે ડોલ, આ વનમાં ચડ્યો છે વંટોળ । ભાંગ્યું વૃક્ષ તેનો છે ભડાકો, તેના જોગે થયો છે કડાકો ॥૧૭॥
એમ કરે પરસ્પર વાત, ત્યાંતો આવ્યા છે મારુત જાત । વ્યોમ માર્ગે જાતા દેખાય, છુપૈયાપુરમાંહી તે જાય ॥૧૮॥
ચુડહા વનમાં પડ્યો ભુર, જોયો અંજનીસુતે અસુર । મારુતિ પામ્યા મોહ અપાર, વળીવળી કરેછે વિચાર ॥૧૯॥
માર્યો અસુરને આણે ઠામ, એ તો ઘનશ્યામનું છે કામ । ભલું કામ કર્યું ભગવાન, ઉતાર્યું દુષ્ટનું અભિમાન ॥૨૦॥
માટે જાઉં હું પ્રભુની પાસ, દિલધારી છું એમનો દાસ । એમ વિચારી વેગે સિધાવ્યા, કપિપતિ છુપૈયામાં આવ્યા ॥૨૧॥
ઉભા સન્મુખ આવી તે વાર, રૂડી રીતે કર્યા નમસ્કાર । બોલ્યા મારુતિ તેહજવાર, સારું કર્યું છે પ્રાણ આધાર ॥૨૨॥
હું તો ગયો તો ભોજન કરવા, આવ્યો અસુર આંહિ સંહર્વા । પણ રૂડું કર્યું તમે કાજ, માર્યો દનુજને મહારાજ ॥૨૩॥
એવો જોઇ તમારો પ્રતાપ, મુને સંતોષ થયો અમાપ । પણ તવ અપરાધ થયો, તમારી આજ્ઞા વિના હું ગયો ॥૨૪॥
માફ કરજો અપરાધ મારો, હું તો ચર્ણ સેવક તમારો । રામપ્રતાપને ધર્મદેવ, વાત સુણી એ અવશ્યમેવ ॥૨૫॥
એવામાંતો ગાયોના ગોવાળ, આવ્યા તે વનમાં થકી બાળ । દીઠો મરેલો દૈત્ય લોચન, ભયભીત થયા જોઇ મન ॥૨૬॥
તાવળા આવીને ઉચારી, વાત છુપૈયામાંયે વિસ્તારી । છુપૈયા સુરવાલનાં જન, પામ્યાં વિસ્મે થયાં છે મગન ॥૨૭॥
વાત સુણીને સરવે લોક, જોવા ગયાં તે વન અશોક । જુવે તો છે મરેલો અસુર, ભયંકર સ્વરૂપનો ભુર ॥૨૮॥
મહા આશ્ચર્ય પામ્યાં છે સર્વ, મટી ગયા મનુષ્યના ગર્વ । ભૂમિનું પડ ભાંગી ગયું છે, આ તો કૌતુક મોટું થયું છે ॥૨૯॥
તરુ સર્વે તો થયાં છે ચુર, તજે ધીરજ દેખીને અસુર । વારે વારે કહીને વખાણે, ગયા પોત પોતાને ઠેકાણે ॥૩૦॥
વળી એક સમે ભક્તિમાતા, સુવાડ્યા પારણે જગત્રાતા । તેહ પારણે ઘુઘરો એક, બાંધ્યો છે તેને ઉંચો વિશેક ॥૩૧॥
માતા ઉંઘી ગયાં સુખભેર, સુણો શ્રીહરિએ કરી પેર । કેશવે કર લાંબોજ કીધો, લાલે ઘુઘરો છોડીને લીધો ॥૩૨॥
તેહ ઘુઘરો ચુસવા લાગ્યા, વાલા વદનમાં શબ્દ વાગ્યા । તેને સાંભળી માતાજી જાગ્યાં, જગજીવનને જોવા લાગ્યાં ॥૩૩॥
જુવે પારણીયા સામું જ્યારે, બાંધેલો ઘુઘરો નથી ત્યારે । દિઠો હરિના કરમાં જેવો, થયો માતાને વિચાર એવો ॥૩૪॥
કોણે પ્રભુને ઘુઘરો દીધો, કેશું એના હાથે છોડી લીધો । એવો સાંભળી શબ્દ ઉચ્ચાર, આવ્યા હરિપ્રસાદ તે વાર ॥૩૫॥
ધર્મદેવ કહે સુણો સતિ, એના હાથે લીધો કરી ગતી । તેને કોઇએ છોડી આપ્યો નથી, સત્ય કહું છું તમને કથી ॥૩૬॥
પોતે લાંબા કરીને બે હાથ, લીધો ઘુઘરો તે મારે નાથ । બેઠો તો ચોતરાપર બાર, મારી નજરે જોયું નિરધાર ॥૩૭॥
વળી માતાજી પ્રેમ સમેત, બેઠાં ઓસરીમાં કરી હેત । પુત્રને કરાવે સ્તનપાન, લેઇ ઉત્સંગમાં ભગવાન ॥૩૮॥
ચકલી ઉડી ત્યાં અકસ્માત, ત્યારે ચમક્યા ભૂધર ભ્રાત । બોલ્યાં દીદી તે પરમ દયાળ, ચંચુ તું ઉડી ક્યાં આણે કાળ ॥૩૯॥
મારા પુત્રને કાં બીવરાવે, વપુનું ભાન તું વિસરાવે । ખમાંખમાં કહી બેઉ હાથ, ફેરવેછે પ્રભુજીને માથ ॥૪૦॥
ત્યારે બોલ્યા છે વિશ્વઆધાર, સુણો માતા કહું એક સાર । અમેતો નથી ડરીયે એવા, નહિ બીજા બાળકના જેવા ॥૪૧॥
ત્યારે ભક્તિમાતા કહે એમ, તમે કોણ છો ન બીયો કેમ । દીદી હું તો છું ધામનો ધામી, અક્ષરાધિપતિ બહુનામી ॥૪૨॥
પુરુષોત્તમજી અમે છૈયે, લ્યોને સાચેસાચું અમે કહીયે । ભક્તિ ધર્મ તમેછો માબાપ, મોટા ભાઇ જે રામપ્રતાપ ॥૪૩॥
એ છે શેષ તણો અવતાર, તેમાં કાંઇ નથી ફેરફાર । એવું સાંભળી આશ્ચર્ય પામ્યાં, ભક્તિમાતા સર્વે દુઃખ વામ્યાં ॥૪૪॥

વળી બીજું કહું છું ચરિત્ર, સુણો સંત હરિજન મિત્ર । એકદિવસ શ્રીભક્તિમાતા, બેઠાં છે પામીને સુખશાતા ॥૪૫॥
જુવે પુત્રનો દક્ષિણ હસ્ત, રુડી રેખાઓ છે તે સમસ્ત । તે સમે ધર્મ આવી બીરાજ્યા, ઓશરીજેર ઉપર રાજ્યા ॥૪૬॥
પાસે ઉભા છે વડીલભાઇ, કહે ભક્તિ જુઓ ભુજમાંઇ । કરની હથેળીમાં રેખાય, વળી ચિહ્ન આ શાનાં દેખાય ॥૪૭॥
કહે ધર્મ સુણો આણે દિન, ધ્વજ કમળ અંકુશ ચિહ્ન । એજ વિશ્વપતિનેજ હોય, કોઇ દેવ મનુષ્યને નોય ॥૪૮॥
એટલામાં તો થયો પ્રકાશ, કર હથેળીમાંથી ઉજાસ । છુટે તેજના અંબાર ઝાઝા, જાણે સાગરે મૂકી છે માઝા ॥૪૯॥
નવખંડધરામાં છવાયું, સપ્તલોક સુધિમાં ભરાયું । દશદિશાઓમાં જય જય, અતિ ચૈતન્ય ચૈતન્યમય ॥૫૦॥
જાણે અમૃત ઝરણાં ઝરે છે, તેમ અક્ષરમુક્ત ફરે છે । દોષરહિત દેદિપ્યમાન, ઉપમા કોની આપું આ સ્થાન ॥૫૧॥
નથી તાપને નથી તડકો, નથી શીતલ નથી ભડકો । આતો શાંત તેજ સુખકારી, જાય લોકપતિ બલહારી ॥૫૨॥
એવું જોઇને તેજ પ્રકાશ, ભુલ્યાં દેહતણો તે અધ્યાસ । ભક્તિધર્મને રામપ્રતાપ, ગયાં અંજાઇ તેજમાં આપ ॥૫૩॥
હરિ ઇચ્છાના બળે કરીને, દિઠું આશ્ચર્ય બીજું ફરીને । શ્વેતદ્વીપ અને વાસુદેવ, જોયા અસંખ્ય મુક્તને એવ ॥૫૪॥
ત્યારે પ્રારથના કરે તર્ત, રાખી સુંદર છબીમાં શર્ત । સુણિ પ્રારથના ભગવન, પાસે બેસારી બોલ્યા વચન ॥૫૫॥
સુણો રામપ્રતાપજી પર્મ, માતાપિતા તે ભક્તિને ધર્મ । તમેતો શેષનો અવતાર, ઘનશ્યામ છે જગદાધાર ॥૫૬॥
પ્રગટ્યા પુરુષોત્તમ પોતે, ભક્તિધર્મતણે ઘેર જોતે । કરવા જીવતણાં કલ્યાણ, ધર્યો જન્મ ભૂમિયે પ્રમાણ ॥૫૭॥
શિશુરૂપ જે દેવના દેવ, નમિયા તેમને વાસુદેવ । પછી તેજ આકરષી લીધું, હથેળીમાં તે સમાવી દીધું ॥૫૮॥
વાસુદેવ થયા અંતર્ધાન, ભક્તિ આદિને આવ્યું છે ભાન । રામપ્રતાપ ધર્મને ભક્તિ, તેમણે જોઇ પ્રભુની જુક્તિ ॥૫૯॥
માતા ભક્તિ નિત્ય પુત્ર ભાવે, લાલને પછે લાડ લડાવે । આવી કરે લીલાઓ અનંત, તે તો સમજી શકે કોઇ સંત ॥૬૦॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિએ ધર્મભક્તિને શ્વેતદ્વીપ બતાવ્યો એનામે સાતમો તરંગઃ ॥ ૭ ॥

પૂર્વછાયો– એકદિન ભક્તિમાતને, તન ચડ્યો છે તાવ । સુતનિ પાસે સુઇ ગયાં, પછે શું બન્યો બનાવ ॥૧॥
જર્જરીભૂત થયાં જ્વરે, નથી શરીરને સુખ । પારણાં પાસે પોઢી ગયાં, શ્રીહરિની સન્મુખ ॥૨॥
તારે પ્રભુ લીલા કરે છે, પ્રેમવતીને પાસ । માતાજીની વ્યાધિ જાણે છે, તોય કરે છે વિલાસ ॥૩॥

ચોપાઇ– પોઢ્યા પારણામાં ભગવનરે, કરે બાલ ચેષ્ટાથી રુદનરે । બોલ્યાં માતાજી પ્રેમ વચનરે, પુત્ર સારું નથી મુજ તનરે ॥૪॥
જ્વર આવ્યો છે મુને નિર્ધારરે, માટે સુઇ રહો જરા વારરે । તારે બોલ્યા છે દેવમોરારરે, મુને ક્ષુધા લાગી છે અપારરે ॥૫॥
માટે રુદન કરું છું અમોરે, સત્યમાની લેજો દીદી તમોરે । એવું સાંભળી વિસ્મિત થયાંરે, સ્થિર થઇ સામું જોઇ રહ્યાંરે ॥૬॥
પછે બેઠાં થઇ તેડ્યા બાળરે, લીધા ઉત્સંગમાં તતકાળરે । ધવરાવે છે રાખીને ધિરરે, પય નથી આવતું લગીરરે ॥૭॥
સુખે સુવાડ્યા પારણે સુતરે, અંગ થયું છે જર્જરીભૂતરે । પોતે સુતાં છે પારણા પાસરે, વળી રોવા લાગ્યા અવિનાશરે ॥૮॥
તારે ભક્તિમાતા બેઠાં થયાંરે, દોરી ઝાલી હીંચોળે છે રયાંરે । હાલેરું ગાતામાં નિદ્રા આવીરે, મનમોહને માયા રચાવીરે ॥૯॥
તોયે છાના રહે નહી શ્યામરે, આવ્યા જોખનજી તેહ ઠામરે । પોતે દોરી લીધી છે ત્યાં હાથરે, બોલ્યા ઘનશ્યામજીની સાથરે ॥૧૦॥
ભાઇ છાના રહો નવ રુવોરે, દીદી ઘેર નથી તમે જુવોરે । એમ સમજાવે નિજ વીરરે, છાના રાખ્યા છે આપીને ધીરરે ॥૧૧॥
શેષ નાવાને તૈયાર થયારે, નારાયણસરોવરે ગયારે । પ્રભુ વિચારે છે ધરી ભાવરે, મારી માતાને આવ્યો છે તાવરે ॥૧૨॥
જાુઠું સમજાવી ગયા ભાઇરે, મુને મૂકી ગયા રોતા આંઇરે । એમ જાણીને ધાર્યો વિચારરે, મારે તો માતુશ્રીયો છે બારરે ॥૧૩॥
શ્રદ્ધા મૈત્રી દયા શાંતિ તુષ્ટિરે, ક્રિયા ઉન્નતિ મેધા બુદ્ધિ પુષ્ટિરે । વળી હ્રી અને તિતિક્ષા જેહરે, મૂર્તિ યુક્ત ત્રયોદશ તેહરે ॥૧૪॥
આવો માતુશ્રીઓ બારે આજરે, એમ ઇચ્છા કરી મહારાજરે । શ્રદ્ધા મૈત્રી એ આદિ દ્વાદશરે, એ છે ધર્મની સ્ત્રીયો અવશરે ॥૧૫॥
કર્યો સંકલ્પ દેવના દેવરે, આવ્યાં બાર માતા તતખેવરે । પેર્યા વસ્ત્ર આભૂષણ સારરે, પ્રભુ પાસે ઉભાં છે તૈયારરે ॥૧૬॥
પોઢ્યા છે પારણામાં કુમારરે, શ્રદ્ધાએ તેડી લીધા તે વારરે । નૌતમ નેહ ધરીને તે નિરખેરે, સ્તનપાન કરાવે છે હરખેરે ॥૧૭॥
જનુનીઓ છે બાર અનુપરે, હરિયે ધર્યાં તેટલાં રૂપરે । બાર માતાઓનું એકે હારેરે, પયપાન કર્યું કીરતારેરે ॥૧૮॥
ધાવી તૃપ્ત થયા બલવીરરે, રમાડે માતાઓ મન સ્થિરરે । શ્રધ્ધા આદિ કહે છે વચનરે, સુણો પ્રાણથકી પ્યારા તનરે ॥૧૯॥
કો તો અમે આવિયે હમેશરે, સ્તનપાન કરાવા દેવેશરે । ખમા ખમા કહેછે તે મુખેરે, રમાડે ઘનશ્યામને સુખેરે ॥૨૦॥
તે સમે આંબલી તરુ નિચેરે, ધર્મ બેઠાછે ચોતરા વચેરે । જોયું છે ઘરસામું જેવારેરે, ભાળી ભામનિયો બહુ ત્યારેરે ॥૨૧॥
મારે ઘેર સ્ત્રીયો કોણ આવીરે, કામનિયોને કોણે બોલાવીરે । આવ્યા ઘરમાં એમ કહીનેરે, જોવા ધારે છે પાસે જઇનેરે ॥૨૨॥
તેટલામાં ભક્તિમાતા જાગ્યાંરે, નિજ કુંવરને જોવા લાગ્યાંરે । એકરૂપ છે પારણા સંગેરે, બીજાું રુપ છે શ્રદ્ધાના ઉત્સંગેરે ॥૨૩॥
પ્રભુને પોઢાડ્યા તે પારણેરે, મેધા આદિ ચાલ્યાં છે બારણેરે । નારાયણસરોવરે ગયાંરે, ધર્મદેવની નજરે થયાંરે ॥૨૪॥

ભક્તિમાતા આવ્યાં ઘરબારરે, જુવે નજર જોડી નિર્ધારરે । ત્યારે તો નથી દેખાતું કોઈરે, વૃષદેવ પુછે પોતે જોઈરે ॥૨૫॥
કોણ કામનિયો હતી કયાંનીરે, કેમ ચાલી ગઇ છાનીમાનીરે । ભક્તિ કહે જે આવે છે ઘણીરે, હશે મામી ઘનશ્યામ તણીરે ॥૨૬॥
ધર્મદેવ કહે એ તો નથીરે, દેવતા નિશ્ચે જાણ્યા મનથીરે । ત્યારે ભક્તિને થયો સંદેહરે, રખે કોય બીજું હોય એહરે ॥૨૭॥
એમ જાણીને બાંધીછે સર્તરે, સુરજાબાઈને પુછ્યું તર્તરે; મારે ઘેર આવ્યાંતાં કે નહિરે, સાચું બોલજ્યો હાલમાં સહિરે ॥૨૮॥
કહે સુરજા હું નથી આવીરે, મુને તો કોઈએ નથી બોલાવીરે । ભક્તિ આવ્યાં છે પારણા પાસેરે, જુવે પુત્રનું પેટ હુલાસેરે ॥૨૯॥
ફેરવ્યો પેટ ઉપર હાથરે, જાણ્યું તૃપ્ત થયા દીનાનાથરે । આવી હશે દેવાંગના સઈરે, સ્તનપાન કરાવી તે ગઈરે ॥૩૦॥
એમ સમજીને તેડ્યા પ્રીતેરે, સ્તનપાન કરાવે અમિતેરે । તૃપ્ત થયેલા છે ભગવાનરે, માટે કર્યું નહીં સ્તનપાનરે ॥૩૧॥
વિસ્મે પામ્યાં થકાં કહે માતરે, કોણે ધવરાવ્યા કહો વાતરે । માતા સુણો કરી મનભાવરે, આજ તમને આવ્યો તો તાવરે ॥૩૨॥
ત્યારે અમને લાગીતી ભુખરે, અમે ઈચ્છા કરી સન્મુખરે । અમારે માતુશ્રીઓ છે બારરે, તતકાલ આવી આણે ઠારરે ॥૩૩॥
શ્રદ્ધા મૈત્રી આદી બડભાગીરે, એમનાથી અમે ભુખ ત્યાગીરે । એવું સાંભળી વિસ્મિત થયાંરે, હેત વડે સામું જોઇ રયાંરે ॥૩૪॥
તે સમે સ્નાન કરે ૧અનંતરે, નારાયણસરે કરી ખંતરે । બાર માતાઓ ત્યાં થકી ચાલીરે, મોટા ભાઈએ નજરે ભાળીરે ॥૩૫॥
પુછે તેમને ભાઇ જોખનરે, તમે કોણ આવ્યાં છો પાવનરે । મેધા બુદ્ધિ કહે સત્ય કૈયેરે, તમારી બાર માતાઓ છૈયેરે ॥૩૬॥
તમારા ભાઈ જે ઘનશ્યામરે, ભુખ્યા થયા હતા તેહ ઠામરે । તેમની ઈચ્છાએ કરી માનરે, કરાવા ગયાંતાં સ્તનપાનરે ॥૩૭॥
હવે જઈશું અમારે ભુવનરે, સુણો રામપ્રતાપજી તનરે । એવું સાંભળીને ઘેર આવ્યારે, નિજ માતાપિતાને તે ભાવ્યારે ॥૩૮॥
વળી માતાજી ઘરને બારરે, ખોળામાં લઈ બાળકુમારરે । પયપાન કરાવેછે પ્રીતેરે, ઘનશ્યામજીને રુડી રીતેરે ॥૩૯॥
પેટ ઉપર ફેરવે હાથરે, લાડ લડાવે છે મન સાથરે । રમાડે હસાવે રસરંગેરે, અતિ આનંદભેર ઉમંગેરે ॥૪૦॥
ધર્મદેવને રપન્નગપતિરે, જુએ દૂર બેઠા મહામતિરે । બોલ્યા રામપ્રતાપજી સહીરે, માતુ ભાઈને હસાવશો નહિરે ॥૪૧॥
અતિ કોમળ ઉદર દુખેરે, શ્રીહરિયે સુણ્યું સન્મુખેરે । તેજ નાભિ વિષેથી નિકળ્યુંરે, ભવબ્રહ્માથી નવ જાય કળ્યુંરે ॥૪૨॥
કર્યું અક્ષર તેજ પ્રકાશરે, જાણે ચિદ્‌ઘન ચિદાકાશરે । ચૌદ લોકને દશ દિશાયરે, તેજ તેજ અપાર દેખાયરે ॥૪૩॥
અવ્યાક્ત જે ધામના મધ્યેરે, દિઠા ભૂમાપુરૂષ સાન્નિધ્યેરે। ચતુરાયુદ્ધ પાર્ષદ યુક્ત રે, જોયા એ પ્રમાણે તેહ મુક્તરે ॥૪૪॥
કર્યો ત્રણેનો બહુ સત્કારરે, એ ભૂમા પુરુષે તેહ વારરે । બેસાડ્યા છે સુંદર આસનરે, અતિ પ્રેમ વડે નિજ મનરે ॥૪૫॥
લઈ સોળ જાતી ઉપચારરે, કર્યું પૂજન રૂડે પ્રકારરે । કર સંપુટ કરીને ડોલ્યારે, પ્રણીપાત સહીત ત્યાં બોલ્યારે ॥૪૬॥
સુણો ભક્તિધર્મ કહું વાતરે, પ્રગટ્યા છે પુરુષ વિખ્યાતરે । તવ પુત્ર છે અક્ષરપતિરે, એમાં ફેર નથી એક રતિરે ॥૪૭॥
અમે લોકપતિ જે કેવાયૈરે, પણ એમના શર્ણમાં રહિએરે । મુને આજ્ઞા કરી મહારાજરે, આ બ્રહ્માંડમાં મોકલ્યા કાજરે ॥૪૮॥
હરિયે મુને જેમ કયુંતું રે, એમ મારા હૃદયમાં રહ્યુંતુંરે । આ બ્રહ્માંડના અર્ધ આયુષેરે, અમો દેહ ધરીશું મનુષેરે ॥૪૯॥
કૌશલ દેશ અયોધ્યા પ્રાંતરે, સરવારમાં છુપૈયા શાંતરે । ધર્મભક્તિથી દેહ ધરીશુંરે, કામ સર્વે જનનાં કરીશું રે ॥૫૦॥
અક્ષરમાંથી અમો આવીશું રે, સાથે મુક્ત મંડલ લાવીશુંરે । પૂર્વે કયું તું મુને પાવનરે, પ્રભુયે પાળ્યું સત્ય વચનરે ॥૫૧॥
પુત્રભાવ હવે તમે તજોરે, પ્રભુજાણીને અમને ભજોરે । ઘનશ્યામ જે તમારા તનરે, પુરુષોત્તમ છે ભગવનરે ॥૫૨॥
એમ કેતામાં શ્રીઘનશ્યામેરે, તેજ સમાવિ લીધું તે ઠામેરે । કર્યા શ્રીહરિને નમસ્કારરે, ગયા ભૂમાપુરુષ તે બારરે ॥૫૩॥
પછે માતાએ પ્રેમ કરીનેરે, દૂધ સાકર પાયું હરિનેરે । પુત્રભાવ ગદગદ થૈનેરે, આપ્યા રમાડવા મોટા ભાઈનેરે ॥૫૪॥
પછે તો ગયાં રસોડામાંયરે, રસોઇ કરે સુંદર ત્યાંયરે । પુત્રમાં પણ લાગી છે વૃત્તિ રે, બીજે ક્યાંય દૃષ્ટિ નથી ઠર્તીરે ॥૫૫॥
ધર્મદેવને છે એવું હેતરે, પુત્રને જાણે પ્રેમ સમેતરે । માતા કરે છે મન વિચારરે, હરિ ભુખ્યા થયા હશે સારરે ॥૫૬॥
હાથ ધોઈને આવે છે બારરે, ત્યાં તો રોવા લાગ્યા છે કુમારરે । તાકિદથી હાથ ધોઇ દિધારે, આવી પુત્રને ઉત્સંગે લીધારે ॥૫૭॥
તેડિ લીધા ખમા ખમા કૈનેરે, બેઠાં ઓસરી મધ્યે જઈનેરે । લાગી છે તમને બહુ ભુખરે, જાણું છું હું તમારું દુઃખરે ॥૫૮॥
એમ કહી માતા ધવરાવેરે, પાસે લઈ પય પીવરાવેરે । ધાવી તૃપ્ત થયા ભગવનરે, એમ માતાએ જાણ્યું છે મનરે ॥૫૯॥
પછે ફેરવે છે માથે હાથરે, બોલ્યાં માતા ઘનશ્યામ સાથરે । ભાઈ ક્ષુધા ઘણી લાગી હતીરે, બહુ રોયા ધીરજ નોતી રેતીરે ॥૬૦॥
હરિ કે માત એમ હતું ખરુંરે, સુણિ દીદી તણું મન ઠર્યું રે । એમ યોગિપતિ કરે ખેલરે, બાલલીલાવડે રંગરેલરે ॥૬૧॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિએ ભૂમાપુરુષનાં દર્શન કરાવ્યાં એ નામે અષ્ટમો તરંગઃ ॥ ૮ ॥

**પૂર્વછાયો–** વળી કહું એક વારતા, સુણો થઇ સાવધાન । ભક્તિમાતા એક સમે, પુત્રને કરાવે પયપાન ॥૧॥
બેઠાં છે પરમાનંદમાં, મન થઈને મગન । મોહનજીના મુખમાંહી, લાગી રહીછે લગન ॥૨॥
શ્રી ઘનશ્યામની મૂરતિ, અદ્ભુત કાંતિ અનૂપ । ભાગ્યો છે ભય ભવનો, શ્રીપતિ શ્યામસ્વરૂપ ॥૩॥

ચોપાઈ– બેઠાં છે ઓસરીમાંહી માત, લઈ ઉત્સંગમાં જગતાત । સ્તનપાન કરાવ્યું છે જ્યારે, પરમ સંતોષ પામ્યાં છે ત્યારે ॥૪॥
માતા ફેરવે છે શિર કર, ચરિત્ર કર્યું ત્યાં નટવર । જમણા પગે અંગુઠો સાર, તેજ નિકળ્યું ત્યાંથી અપાર ॥૫॥
દિવ્ય પ્રકાશ જોઈને ચિત્ત, ભક્તિમાતા થયાં ભયભીત । બીતાં થકાં તે બોલેછે ત્યાંથી, અહોહો આવડું તેજ ક્યાંથી ॥૬॥
ત્યાંતો જાણ્યું છે પ્રાણજીવન, જનુની ડર્યાં છે નિજ મન । એમ સમજીને બોલ્યા શ્યામ, દીદી બીશો નહિ આણે ઠામ ॥૭॥
કોટિ કોટિ બ્રહ્માંડ કેવાય, વળી કોટિ ઈશ સમુદાય । સર્વે સુખી છે આ તેજ વડે, માતા તે તમને નહિ નડે ॥૮॥
અવતારનો હું અવતારી, પુરુષોત્તમ નિરવિકારી। બીજા તો બધા છે પરતંત્ર, અમે તો છૈયે આપ સ્વતંત્ર ॥૯॥
તમે પૂર્વે ભજ્યા અવતાર, કરી અમારી ભક્તિ અપાર । પણ ઈચ્છા હતી તવ મન, જાણે હરિ થાય મારા તન ॥૧૦॥
અમારે વિષે પુત્રનો ભાવ, હતો તમારે મન ઉછાવ । તે પુરણ કરવા મનોરથ, તવ ઘેર આવ્યાનો એ અર્થ ॥૧૧॥
માટે પ્રાકૃત બાળક થૈને, કરીએ માનુષી લીલા રૈને । તેમાં તેજ બતાવ્યું છે અમે, જનુની શીદ બીયો છો તમે ॥૧૨॥
એમ કહીને સમાવી લીધું, પોતાને વિષે તે લીન કીધું । આવાં અદ્ભુત આશ્ચર્ય નિત્યે, પ્રભુ કરી બતાવે છે પ્રીતે ॥૧૩॥
સ્નેહ વૃદ્ધિ પામે દિનદિન, માતા રે છે પુત્રને આધીન । એમ પામ્યાં છે સુખ અપાર, સહુ વખાણે વારમવાર ॥૧૪॥
સુણો રામશરણ પવિત્ર, એક બીજું કહુંછું ચરિત્ર । એક દિવસ મોટો અસુર, કૃષ્ણ સાથે જેની મતિ ક્રુર ॥૧૫॥
પૂર્વનું વૈર સંભારી મન, આવ્યો વેગે કરવા વિઘન । વેષ ભુંડો મહાવિકરાલ, વળી શિર વિષે મોટી ટાલ ॥૧૬॥
અઘોરી મોટો અઘનું ધામ, આવ્યો છે કરવા કુડું કામ । શિશુરૂપે છે શ્રીઘનશ્યામ, પોઢ્યા પારણે પૂરણકામ ॥૧૭॥
કરે મારવા મન વિચાર, આવ્યો પારણા પાસે ગમાર। કર વધારીને લેવા જાય, તેવા શ્રીહરિ તત્પર થાય ॥૧૮॥
કરી વાંકિ ભ્રકુટી ત્યાં વાલે, પ્રભુના કોપને કોણ ઝાલે । વક્ર દ્રષ્ટિ કરી છે કૃપાલ, બળી ભસ્મ થયો તતકાળ ॥૧૯॥
એવું ઐશ્વર્ય જોઈ અપાર, બોલ્યા અનંતજી તેણીવાર । અહો દાદા જુવોને શું થયું, ભારે કૌતુક જાયે ન કહ્યું ॥૨૦॥
એવું સાંભળી શ્રીધર્મદેવ, પાસે આવી જુવે તતખેવ । બોલ્યા વચન શુદ્ધ બુદ્ધિએ, કોણ જાણે શું કર્યું વિધિયે ॥૨૧॥
હતો હું હમણાં આણેઠાર, કુવે નાવા ગયો થોડીવાર । સ્નાન કરીને આવતાં ઘેર, તેટલામાં બની છે આ પેર ॥૨૨॥
એમ કરે પરસ્પર વાત, ધ્યાન દઈ સુણે ભક્તિમાત । બેઠાં તાં સુરજાબાઈ પાસે, ત્યાંથી ઉઠીને આવ્યાં આવાસે ॥૨૩॥
એટલામાં તો જાણી આ પેર, કહે દીદી બેઠાં નિજ ઘેર । સુણી રામપ્રતાપજી ભાઈ, કહે અઘોરી આવ્યો તો આંઈ ॥૨૪॥
શું જાણ્યું આવશે ભાઈ પાસ, મુને સર્ત ન રહી તેને ત્રાસ । એમ કેતાં થકાં સુખકારી, લીધા પારણામાંથી મોરારી ॥૨૫॥
બેઠા ઓશરી મધ્યેજ આવી, માંચી ઉપર ગાદી બીછાવી । બોલ્યા ઘનશ્યામ મનવારુ, પ્રભુતાઈ દેખાડવા સારુ ॥૨૬॥
સુણો માતપિતા તમે સત્ય, ઓલ્યા અસુરનું કહું કૃત્ય । તમો બેઉ જણ વૃંદાવન, આવતાં હતાં નિજભુવન ॥૨૭॥
ભુલ્યાં આવતાં વચમાં પથ, અશ્વત્થામા મળ્યો અનરથ । તેણે પુછ્યું તમોનેજ ત્યાંયે, તમો એકલાં કોણ છો આંયે ॥૨૮॥
મહાઘોર ભયંકર વન, તમ સંગે નથી કોઈ અન્ય । એવાં વચન સુણીને ધર્મ, કહે સ્થિર થઈ અનુક્રમ ॥૨૯॥
પોતાનું સઘળું વરતાંત, અથ ઈતિ સુણાવ્યું સિદ્ધાંત । દ્રોણસુતને વ્યાપ્યો છે ક્રોધ, બોલ્યો મન ધરીને વિરોધ ॥૩૦॥
કૃષ્ણ પ્રગટશે તવ ઘેર, શસ્ત્ર ધરે નહિ કોઈ પેર । એવો અશ્વત્થામા દુરાચારી, એણે શાપ દીધો અવિચારી ॥૩૧॥
ચરચા જોવરાવાને કાજ, એના મિત્રને મોકલ્યો આજ । છુપૈયામાં ધર્મ ઘેર સહી, હરિ ત્યાં પ્રગટ્યા છે કે નહી ॥૩૨॥
એવું જોવા આવ્યો તો અજ્ઞાન, માટે માર્યો તેને નિદાન । આ તો રમત કરી લગાર, થોડો દેખાડ્યો છે ચમત્કાર ॥૩૩॥
એવું સાંભળી મન વિચારે, મારા પુત્ર છે પ્રતાપી ભારે । છુપૈયાપુરના વાસી જન, તેમનાં ખેંચિ લીધાં છે મન ॥૩૪॥
ગાય શિખે સુણે ને જે વાંચે, તેને જમતણી નાવે આંચે । અતિ દુર્લભ છે આ ચરિત્ર, મળે ક્યાંથી જુવો મારા મિત્ર ॥૩૫॥
હવે ભક્તિમાતા બહુ ભાવે, લાલને બેસતાં તે શિખાવે । બેસાડ્યા છે ત્યાં પૃથ્વીમોઝાર, કર મુકી દીધા તેણીવાર ॥૩૬॥
તાડી પાડે રમાડે હસાવે, અતિશે આનંદ ઉપજાવે । નિરાધાર બેઠેલા છે શ્યામ, કરે બાલ લીલા સુખધામ ॥૩૭॥
પૂર્વ દિશા ભણી રાખ્યું મુખ, પડ્યા માતાજીને સન્મુખ; આવી પડ્યા દીદીને ઉત્સંગે, એવી લીલા કરે છે ઉમંગે ॥૩૮॥
ખમા ખમા કહી તેડી લીધા, કર મસ્તક ઉપર દીધા । માતા કે વાગ્યું ભાઈ તમને, કાંઈ સર્ત ન રહી અમને ॥૩૯॥
પછે ભીડ્યા તે હૃદયસાથ, હાસ્ય કરાવે છે ગ્રહી હાથ । એટલામાં થયો ઘનઘોર, દેખી ૧વારીદ નાચે છે મોર ॥૪૦॥
એવે ટાણે આવ્યા ત્રણે દેવ, સ્રષ્ટા નારદ સારદ મેવા આવી ઉભા છે ત્યાં હાથ જોડી, કરે પ્રારથના માનમોડી ॥૪૧॥
વેણું વગાડી નારદ ગાય, રમાપતિ હરિ રાજી થાય । બ્રહ્મા કરે છે પૂજન ત્યાંય, સોળ ઉપચાર ઋષિરાય ॥૪૨॥
વળી પ્રેમ વડેથી રવાગીશ, આપે અલબેલાને આશિષ । ઘણિવાર કર્યું છે સ્તવન, પ્રભુજીને કર્યા છે પ્રસન્ન ॥૪૩॥
ધર્મભક્તિને કર્યો પ્રણામ, થયા અદૃશ ત્રણ્યે તે ઠામ । કરે શ્રીહરિની એ પ્રશંસા, મનમાં રહી ગઈ આશંકા ॥૪૪॥
સુરજાબાઈ સુંદરીબાઈ, વશરામ મોતીરામભાઈ । એ આદિ સર્વેને કહી વાત, સુણિ સહુ થયાં રળિયાત ॥૪૫॥

મોટાભાઈ જે રામપ્રતાપ, પેલવાન એ બે જણ આપ । ગયા હતા ગાયઘાટ ગામ, પાછા આવ્યા તે પોતાને ધામ ॥૪૬॥
સુણિવાત ચરિત્રની સારી, ઘણા રાજી થયા સુખકારી । ઘનશ્યામ સાથે એક લગ્ન, રહે આનંદમાંયે નિમગ્ન ॥૪૭॥
વળી ભક્તિમાતા મનશુદ્ધ, કર્યું તૈયાર સાકર દુધ । તે પ્રભુને પિવરાવા માંડ્યું, થોડું પિધું ને બીજું તો છાંડ્યું ॥૪૮॥
પછે રમવા લાગ્યા કુમાર, કરે ગમતિ લીલા અપાર । બેસાડ્યા ત્યાં ઓસરી છે જ્યાંય, આપ્યાં રમકડાં કરમાંય ॥૪૯॥
રમે ત્યાં સુધી રમે મગાવી, પછે તો તેને દે છે ફગાવી । કર આંગળી લાંબી કરીને, કહે માતાને લાવો ફરીને ॥૫૦॥
મંદ મંદ કરે પ્રભુ હાસ, સાંને સમજાવી માગે પાસ । કહે માતા જાવો લઈ આવો, એમાં બીજાને શું સમજાવો ॥૫૧॥
એવું સાંભળી તે લેવા જાય, ચાલે ભાંખોડિયે સુખદાય । લાવી આપે છે માતાને હાથ, એવા દયાળુ છે જગનાથ ॥૫૨॥
હવે ચોતરા ઉપર ધર્મ, બેઠા વિચારે દશમ પર્મ । ત્યાં ગયા છે ત્રિભોવન પતિ, સુણે ભાગવત મહામતિ ॥૫૩॥
તેમાં વૈકુંઠનું વરણન, સાંભળે શ્રીહરિ ધરી મન । ત્યાં તો આવ્યાં છે સુંદરીમામી, બેઠાં મૂર્તિ પાસે શિરનામી ॥૫૪॥
તેણે બોલાવ્યા પ્રભુને પાસ, તર્ત દોડી આવ્યા અવિનાશ । બેઠા આવી મામીના ઉત્સંગે, રમાડે છે અતિ રસરંગે ॥૫૫॥
મામીએ દીઠાં હરિનાં ચર્ણ, રૂડી રેખાઓ છે સુખકર્ણ । ત્યારે હર્ષ પામીને ત્યાં પૂછે, ઘનશ્યામના ચર્ણમાં શું છે ॥૫૬॥
પ્રેમવતી કહે સુણો બાઈ, તે છે ઉર્ધ્વરેખા સુખદાઈ । કહે સુંદરી સઘળાં ચિહ્ન, તેનાં નામ કહો ભિન્ન ભિન્ન ॥૫૭॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે બ્રહ્માદિ દેવ આવ્યા એ નામે નવમો તરંગઃ ॥ ૯ ॥

રાગ સામેરી– ભાવ કરી સહુ સાંભળો, પાવન પુણ્ય પવિત્ર । શ્રીહરિની કથા સુંદર, વર્ણવું બાળચરિત્ર ॥૧॥
માતા કહે સુણ સુંદરી, કહું હરિચર્ણનાં ચિહ્ન । ઉર્ધ્વરેખા આદિક સર્વે, બતાવું કરીને ભિન્ન ॥૨॥
જમણે ચર્ણ અંગુઠા પાસે, ત્યાં થઈ આવી છે બાર । પાનીની બેકોરા નિકળી, ઉર્ધ્વરેખા અતિસાર ॥૩॥
એજ ચર્ણના અંગુઠામાં, ચિહ્ન તે જવનું સાર । વજ્ર જાંબુ ધ્વજ અંકુશ, પદ્મ જોઈને વાધે પ્યાર ॥૪॥
સ્વસ્તિક અષ્ટકોણ કેયે, નવ દક્ષિણ પાદમાં । વામચરણે સાત બીજાં, તેને રાખો યાદમાં ॥૫॥
ઉર્ધ્વરેખા તે મધ્યે ખરી, વ્યોમ કળશ કહેવાય । અર્ધચન્દ્ર ગોપદ ધનુષ, ત્રિકોણ મત્સ્ય સોહાય ॥૬॥
એ આદિ બેઉ ચરણમાં, ચિહ્ન અનુપમ સાર । સ્નેહ કરી સંભારે તેનાં, પુણ્ય તણો નહિ પાર ॥૭॥
ભક્તિ ચિહ્ન ઓળખાવે છે, શ્રીહરિના પદમાં સાર । ત્યાંતો તેહ ચર્ણમાંથી, નિકળ્યો તેજ અંબાર ॥૮॥
વસુધામાં તે વ્યાપી રહ્યું, સાતલોક પર્યંત । દિપ્યમાન દિશાઓ થઈ, પામે નહિ કોઈ અંત ॥૯॥
શ્રીહરિનાં ચરિત્ર જુવો, શું કરે ત્યાં ઘનશ્યામ । એ તેજના અંબાર વિષે, દેખાડ્યું વૈકુંઠ ધામ ॥૧૦॥
ગરૂડ વિશ્વકસેનાદિ, જે પાર્ષદ જાણો એવ । ચતુર્ભુજે જુક્ત દેખાડ્યા, લક્ષ્મીનારાયણ દેવ ॥૧૧॥
વળી કહું વિશેષ વારતા, આદર વડે નિષ્કામ । સ્નેહ કરી તમે સાંભળો, ભક્તિ ધર્મ વશરામ ॥૧૨॥
સુંદરી આદિક ચારને, આપ્યાં આસન ભિન્ન । મામીના ઉત્સંગવિષેથી, લીધા પ્રભુને થૈને દીન ॥૧૩॥
નિજસિંહાસન ઉપરે, બેસાર્યા કરી પ્રીત । પૂજા કરીને તે બોલિયા, ઈંદિરાવર અમિત ॥૧૪॥
બહુનામીજી સારું કર્યું, આપ્યાં દર્શન આજ । એમ કહીને ધર્માદિની, પૂજા કરી સુખસાજ ॥૧૫॥
ભક્તિ-ધર્મ સુત તમારા, પોતે પૂરણકામ । શ્રીહરિ પુરુષોત્તમ છે, પ્રગટ્યા છે તવ ધામ ॥૧૬॥
ભર્તખંડમાં સ્થલ જે, વૃત્તાપુરી વખણાય । અમારું ત્યાં સ્થાપન કરશે, મુને તો એમ જણાય ॥૧૭॥
પ્રેમથી સજળ લોચન, ગદગદ કંઠે થયા । એક ચિત્તે ઘનશ્યામને, પ્રાણપતિ જોઈ રહ્યા ॥૧૮॥
ત્યારે પ્રસન્ન થઈ બોલિયા, મહાપ્રભુ અલબેલ । તવ મરજી અમે જાણી, તેમજ કરીશું ખેલ ॥૧૯॥
સ્થાપન કરશું અધિપતિ, સત્સંગને શિરતાજ । પૂર્ણ કરશું મનોરથ, થાશે સઘળાં કાજ ॥૨૦॥
એ સમે ૧ફણીધર આવ્યા, ગયાતા પિરોજપુર । દ્વાર ઉઘાડી જુવે તો, તેજ ભર્યું ભરપૂર ॥૨૧॥
પિતાજીને ત્યારે પૂછીયું, તમે બેઠા છો કોણે ઠામ । એસમે તેજ સમાવી લીધું, પોતે પૂરણ કામ ॥૨૨॥
સંદેહ પ્રગટ્યો શેષને, પૂછે ફરીને પેર । તાતજી તમે કયાં ગયાતા, શું હતું આપણે ઘેર ॥૨૩॥
તેજ શાનું હતું ઘરમાં, મેં જોયું નજરે જેહ । ધર્મ કહે હરિ ઈચ્છાએ, તેજ દેખાયું એહ ॥૨૪॥
વૈકુંઠધામસહીત જોયા, લક્ષ્મીનારાયણ દેવ । અમો સર્વેની પૂજા કરી, રમાપતિએ એવ ॥૨૫॥
એવું સુણી રાજી થયા, રામપ્રતાપજી ભાઈ । અદ્ભુતલીલા વાલિડાની, યથામતિ મેં ગાઈ ॥૨૬॥
એક દિન વળી હરિને, માય કરાવ્યું સ્તનપાન । જન્મસ્થાન કુવા કાંઠે, બેસાર્યા શ્રીભગવાન ॥૨૭॥
નિજ ભ્રાતની પુત્રી જે, બલવંતાબાઈ નામ । તેને સોંપીને ગયાં ઘરમાં, કરવા રસોઈનું કામ ॥૨૮॥

પુત્રી કાંઇ સમજે નહિ, તે બાઇ છે નાનું બાળ; હરિને મૂક્યા તે એકલા, પોતે ઘરે ગઇ તતકાળ ॥૨૯॥
ભાવિ હોય તે ટળે નહિ, હરિઇચ્છા બલવાન । રમતા રમતા કુવામાં, પડી ગયા ભગવાન ॥૩૦॥
પ્રાણજીવન પડી ગયા, તે જાણી રપન્નગભૂપ । તર્ત આવ્યા પાતાળમાંથી, ધરી સહસ્રફણારૂપ ॥૩૧॥
ઝીલી લીધા ફણા ઉપર, જળથી અધર સાર । એવે સમે ત્યાં ભક્તિ આવ્યાં, ક્યાં ગયા મુજ કુમાર ॥૩૨॥
રસોડાનું કામ ત્યાગીને, તે જુવે ચારે પાસ । નટવરને દીઠા નહિ, ત્યારે પડ્યો તન ત્રાસ ॥૩૩॥
તમે પુત્ર મારા ક્યાં ગયા, કોઇ બતાવો કાલ । ભયથી જાણે ભુલાં પડ્યાં, આવી વળગ્યો શું વ્યાલ ॥૩૪॥
તારુણી મત્ય મેં તો કરી, સુના મુક્યા ક્યાં બાળ । પ્રેમવતી પસ્તાયને, રુદન કરે તતકાળ ॥૩૫॥
કૂપ ઉપર બેસારીને, હું ગઇ રસોડામાંયે । બહાર આવી જોવુંછું તો, કુંવર ન મલે ક્યાંય ॥૩૬॥
એવું સુણીને ઉતાવળા, બોલ્યા રામપ્રતાપ । હાલ કુવાકાંઠા ઉપરે, બેઠા હતા ભાઇ આપ ॥૩૭॥
જુવોને માતાજી જાળવી, પડ્યા શું કૂપમાંયે । એવું સુણીને ભક્તિમાતા, આવ્યાં કુવાપર ત્યાંયે ॥૩૮॥
જનુની જુવે જળવિષે, બેઠામાંહિ બળવાન । પલાંઠિથી પાણી ઉપર, ભયહારી ભગવાન ॥૩૯॥
ધીરજ ન રહી માતને, દેખી થયાં દલગીર । આરતનાદે પોકારે છે, ઉભાં રહ્યાં કૂપતીર ॥૪૦॥
રામપ્રતાપજી આવીયા, વેગે આવ્યા છે ધર્મ । ભક્તિ કહે જુવો પાણીમાં, બેઠા ભૂધરજી પર્મ ॥૪૧॥
ત્રણ્યે જણ જુવે કૂપમાં, ત્યાં તેજનો નહિ પાર । તેજતારમાં શેષપર, પોઢ્યા છે જગદાધાર ॥૪૨॥
લક્ષ્મી ચર્ણ સેવા કરે, પ્રીતે પારષદ સહિત । એવું જોઇ આશ્ચર્ય પામ્યાં, થયાં શુદ્ધરહિત ॥૪૩॥
તે સમે થઇ ભક્તિધર્મને, પૂર્વની સ્મૃતિ મન । કૃષ્ણે દર્શન દીધાં હતાં, વાલિડે વૃંદાવન ॥૪૪॥
સમાઇ ગયું તેજ સર્વે, કૂવામાં નિરધાર । કર લાંબા કર્યા પ્રભુયે, તેડી લીધા તેહવાર ॥૪૫॥
માતાને ત્રાસ મટાડીયો, ને શોક કર્યો છે નાશ । આનંદ આપ્યો અતિ ઘણો, એવા છે અવિનાશ ॥૪૬॥
આવી પ્રભુતાની વારતા, તે કહિ સર્વને માત । સગા સંબંધી સનેહી સર્વે, સુણી થયાં રળિયાત ॥૪૭॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિએ ધર્મભક્તિને તથા રામપ્રતાપજીને કૂવામાં શેષશાયીરૂપે દર્શન દીધું એ નામે દશમો તરંગઃ ॥૧૦॥

પૂર્વછાયો– એક સમે માર્કન્ડેય મુનિ, આવ્યા છુપૈયા મોઝાર । દર્શન કાજે દયાળનાં, ધર્મદેવ તણે દ્વાર ॥૧॥
હરિપ્રસાદજી હર્ષથી, ઉભા થયા તેહવાર । આસન આપી પૂજા કરી, બહુ કર્યો સત્કાર ॥૨॥
જ્યોતિર્વિદ જાણ્યા પછે, કહે ધર્મ સુખધામ । મુનિવર મુજ પુત્રનું, નામકરણ કરો આજ ॥૩॥
ત્રણ્ય વર્ષના તે થયા, પુત્ર અમારા આજ । માટે ભવિષ્ય ભાખો તમે, એ નક્કી કરો મહારાજ ॥૪॥
ચોપાઇ– એ વચન સુણી મુનિજનરે, પ્રેમ સહિત થયા પ્રસન્નરે । નામકર્ણ કરે ઋષિરાજરે, તમો સુણો કહું ધર્મ આજરે ॥૫॥
ધર્મનું સ્થાપન આ કરશેરે, તમારી આપદાને હરશેરે । જે કોઇ એનો આશ્રય ધર્શેરે, તેની પણ રૂડી રક્ષા કરશેરે ॥૬॥
કર્ક રાશિમાં જન્મ નિવાસેરે, માટે હરિ એવું નામ થાશેરે । તવ પુત્રનોછે કૃષ્નવર્ણરે, સૌનાં મન કરી લેશે હર્ણરે ॥૭॥
૧મધુમાસમાં જન્મનાં દ્રશ્નરે, કેવાશે તેથી પ્રખ્યાત કૃષ્નરે । જ્યારે બે નામ ભેગાં તે થાશેરે, ત્યારે હરિકૃષ્ન તે કેવાશેરે ॥૮॥
એના હાથમાં પદ્મનું ચિહ્નરે, મોટા મુનિ તે થાશે આધીનરે । બેઉ ચર્ણવિષે રંગચોળરે, ઉર્ધ્વરેખા આદિ ચિહ્ન સોળરે ॥૯॥
માટે થાશે તે જક્ત નિયંતારે, બહુનામી એ છે બળવંતારે । તપ ત્યાગ જોગ ધર્મ જ્ઞાનરે, તેમાં થશે રપિનાકી સમાનરે ॥૧૦॥
માટે નિલકંઠ એવું નામરે, કેવાશે જક્તમાં ઠામોઠામરે। વળી અનંત કલ્યાણકારીરે, ગુણવંત થાશે ગિરધારીરે ॥૧૧॥
અનેક જીવને ભગવાનરે, નિશ્ચે કરશે સમાધિવાનરે । નિજ ધામ દેખાડી અજીતરે, સુખી કરશે જન અમિતરે ॥૧૨॥
વળી બીજાં તમારાં જે કષ્ટરે, નટવર કરશે તે નષ્ટરે । એવું કહી માર્કન્ડેય ઋષિરે, પામ્યા વિરામને પામ્યા ખુશીરે ॥૧૩॥
પછે હરિપ્રસાદજી પ્રીતેરે, દિધિ દક્ષિણાઓ રૂડીરીતેરે । વસ્ત્રાભૂષણ નાનાપ્રકારરે, આપ્યાં આનંદે પર્મ ઉદારરે ॥૧૪॥
થયા પ્રસન્ન ત્યાં મુનિરાજરે, ચાલ્યા શિષ્ય સાથે કરી કાજરે । તારે હરિ ઇચ્છા બળવાનરે, ઋષિને થયું સમાધિ જ્ઞાનરે ॥૧૫॥
તે સમાધિમાં એમ જણાવ્યુંરે, મુનિવરને તે મન ભાવ્યુંરે । આગે કાળે કરી સોહાવજ્યોરે, ગુર્જરધર દેશ આવજ્યોરે ॥૧૬॥
મહાનુભાવ અક્ષરમુક્તરે, તેમાં રાખીશું તમોને જુક્તરે । થાશે ત્યાં અમારો સમાગમરે, રાખીશું તમોને ત્યાં અનુક્મરે ॥૧૭॥
એવી રીતે શ્રીહરિ સાક્ષાતરે, સમાધિમાં જણાવી છે વાતરે । પછે ચાલ્યા તે થઇ તૈયારરે, ધર્માદિકે વળાવ્યા છે સારરે ॥૧૮॥
નારાયણસરોવર તીરરે, બોલ્યા ધર્મસાથે મતિ ધીરરે । તમારા પુત્રજે ઘનશ્યામરે, સુણો તેના કહું ગુણગ્રામરે ॥૧૯॥
બ્રહ્મમોલના એ છે નિવાસીરે, અક્ષરાધિપતિ અવિનાશીરે । અનંત કોટી બ્રહ્માંડ ધારીરે, અવતારના છે અવતારીરે ॥૨૦॥

જેની કટાક્ષે કંપે છે કાળરે, તેની ભક્તિ કરે લોકપાલરે । એની આજ્ઞાથી વૃત્તિ વિરામેરે, ચંદ્ર સૂર્ય ઉદે અસ્ત પામેરે ॥૨૧॥
શેષ મહેશને સરસ્વતીરે, કરે નિત્ય સ્મરણ શુદ્ધ મતિરે । જેની બીક ધરે યમરાયરે, એની મરજીયે સહુ થાયરે ॥૨૨॥
એમ કહીને ત્યાંથી સિધાવ્યારે, મીન સાગર ઉપર આવ્યારે । ઉત્તર દિશે મધુનું વૃક્ષરે, તેના હેઠે છે ઓટો પ્રત્યક્ષરે ॥૨૩॥
તે જગ્યા પર શિષ્ય સહિતરે, રહ્યા મુનિ ત્યાં ભેદ રહિતરે । એક રજની દિન તેસ્થાનરે, ધર્યું શ્રીઘનશ્યામનું ત્યાં ધ્યાનરે ॥૨૪॥
ત્યાંથી અયોધ્યાપુરી થઈનેરે, રયા પ્રયાગ વિષે જઈનેરે । સમાધિમાં પામ્યા ઉપદેશરે, મારકંડેય મોટા મુનિશરે ॥૨૫॥
ત્યાર પછે ગયાં ઘણાં વર્ષરે, ભેટ્યા છે શ્રીહરિ ઉત્કર્ષરે । ગુજરાત મધ્યે ઉંઝા ગામરે, મળ્યા મહાપ્રભુને તે ઠામરે ॥૨૬॥
પરમહંસ થયા ત્યાં પવિત્રરે, જોગ લીધો થયા પ્રભુ મિત્રરે। કરુણા કરીને સુખકંદરે, નામ પાડ્યું મહાનુભાવાનંદરે ॥૨૭॥
હવે સુણો થઈ સાવધાનરે, સાત માસના છે ભગવાનરે । માતાએ કર્યો મન વિચારરે, કાન વિંધાવા કર્યા તૈયારરે ॥૨૮॥
દ્વાર આગળ ચોતરો જેહરે, આંબલીના તરૂતળે તેહરે । બેઠાં ત્યાં જઈને મૂર્તિમાતારે, લીધા ઉત્સંગમાં ભયત્રાતારે ॥૨૯॥
કાન વિંધાવે છે જેણી વારરે, તેજ નિકળ્યું અપરમપારરે । વિંધનારાની આંખો અંજાઈરે, ભય પામ્યો પાડી ચીસ ત્યાંઈરે ॥૩૦॥
જુવે આજુ બાજુમાંય ત્યાંઈરે, નથી દેખતો બીજું તે કાંઈરે । એટલામાં થયા છે અદર્શરે, કરે આંબલી ડાળનો સ્પર્શરે ॥૩૧॥
બેઠા તે પર જઈ અભિરામરે, માતા સામું જુવે ઘનશ્યામરે । મોટાભાઈને માતા બોલાવેરે, કર લાંબો કરીને બતાવેરે ॥૩૨॥
જુવો હરિ બેઠા છે જૈ ડાળેરે, એણે તેડી લાવો આણે કાળેરે । એવું સુણતામાં મોટાભાઈરે, ચડ્યા ડાળપર ધીરા રઈરે ॥૩૩॥
ત્યાંતો નટવર આવ્યા નીચેરે, બેઠા માતુના ઉત્સંગ વચેરે । પ્રેમવતીના ખોળામાં બેઠારે, ભાઈ ડાળ પરથી આવ્યા હેઠારે ॥૩૪॥
નીચે જુવે તો માતાની પાસરે, બેઠા ઉત્સંગમાં અવિનાશરે । વળી ઉંચું જુવે છે તો ડાળરે, બીજે રૂપે દિઠા ત્યાં દયાળરે ॥૩૫॥
વૃષમૂર્તિ ૧ચક્રિપતિ જેહરે, કાનનો વિંધનારો છે તેહરે । એ આદિને બતાવ્યો પ્રતાપરે, બોલ્યા અદષ્ય રૂપેથી આપરે ॥૩૬॥
દીદી ગોળ આપો સાચું કૈયેરે, ત્યારે તો કાન વિંધાવા દૈયેરે । ગોળ લાવો તેવુંજ સાંભળીરે, કહે છે ઘનશ્યામને વળીરે ॥૩૭॥
લ્યો આ ગોળ જમો આંહિ આવોરે, ડાહ્યા થઈને કર્ણ વિંધાવોરે । એટલે આવ્યા કૃષ્ણજી તર્તરે, માતા પાસે ઉભા બાંધી સર્તરે ॥૩૮॥
લાવી ગોળ આપ્યો તે હરિનેરે, કર ફેરવે શિર ફરીનેરે । વાલિડે ત્યારે કાન વિંધાવ્યારે, માતાપિતાતણે મનભાવ્યારે ॥૩૯॥
એમ અદ્‌ભુત લીલા અપારરે, કરે પ્રીતમ વારમવારરે । પામ્યા આશ્ચર્ય સર્વે તે મનરે, છુપૈયાપુરના વાસી જનરે ॥૪૦॥
વળી કોઈક એક અસુરરે, પોતાનું વૈર સંભારી ઉરરે । ભુંડો ભારે ભયંકર ભ્રષ્ટરે, મહામલિન મતિ છે નષ્ટરે ॥૪૧॥
ઘણો ક્રોધી વિરોધી ગમારરે, છાનો આવ્યો છુપૈયા મોઝારરે ॥૪૨॥
એવા ઘડતો તે મન ઘાટરે, આવ્યો અભાગી વ્યોમની વાટરે । દૈત્યનો દેહ ધારણ કીધોરે, મોટો પથ્થર કરમાં લીધોરે ॥૪૩॥
આવે આકાશમારગે ચાલ્યોરે, તેને ભૂધરભ્રાતાએ ભાળ્યોરે । પ્રભુ પોઢ્યા છે પલંગમાંયરે, જાણ્યું અંતરયામીએ ત્યાંયરે ॥૪૪॥
વાલિડો કરે મન વિચારરે, હવે શું કરવું નિરધારરે । માતાપિતા વળી વડાભ્રાતરે, નથી જાણતા કોઈ આ વાતરે ॥૪૫॥
નાખશે શિલા જો પાપી જનરે, તર્ત ભાંગી પડશે ભવનરે । રામપ્રતાપ મૂર્તિને ધર્મરે, ગોમતી ગાય ઘરમાં પરમરે ॥૪૬॥
એઆદિ સર્વે દબાઈ મરશેરે, પછે કેમ કરી ઉગરશેરે । એમ જાણી આળશ મરડીરે, કરી દુષ્ટને દષ્ટિ કરડીરે ॥૪૭॥
કર્યો સંકલ્પ પાછો ફરજ્યોરે, પાપી એની માયામાં મરજ્યોરે । એવો વિચાર કર્યો છે જ્યાંયરે, ભમે અસુર તે નભમાંયરે ॥૪૮॥
ફરે આકાશમાં એમ ફેલીરે, છુપૈયાપુરની હદ મેલીરે । ઘણો આકુળ વ્યાકુળ થાયરે, ગતિભંગ થયો ગભરાયરે ॥૪૯॥
એમ ભમતો થકો અસુરરે, ગયો અંત્રિક્ષ મારગે દૂરરે । ધોળા પર્વતની તળેટીમાંરે, પડ્યો આવી તે મર્ણ ઘાંટીમાંરે ॥૫૦॥
તેણે કરીને કેટલાં વૃક્ષરે, ભાંગી ચૂર્ણ થયાં છે પ્રત્યક્ષરે । શિલા નીચે દબાણો વિકારીરે, મર્ણ પામી પડ્યો તે સુરારીરે ॥૫૧॥
એનું મર્ણ થયું એમ જાણીરે, દેવતા કહે વાત વખાણીરે । કરે પુષ્પની વૃષ્ટિ અપારરે, મુખે બોલે જયજયકારરે ॥૫૨॥
વર્ષે ચંદનનો વરસાદરે, કરે હર્ષથી દુંદુભી નાદરે । સહુ અમર અંત્રિક્ષ રૈનેરે, બોલે સ્તુતિ ગદગદ થૈનેરે ॥૫૩॥
પ્રેમ સહિત કરે પ્રણામરે, ગયા ૧ત્રિદશ પોતાને ઠામરે । આવું અદ્ભુત આશ્ચર્ય જોઈરે, પુરવાસી પૂછે પ્રીતપ્રોઈરે ॥૫૪॥
પરસ્પર કહે છે તે વાતરે, સહુ રાજી થયાં છે સાક્ષાતરે । શ્રીઘનશ્યામની ઈચ્છા જાણીરે, થઈ આકાશે ગંભીર વાણીરે ॥૫૫॥
કહ્યું અથ ઈતિ વરતાંતરે, ધર્માદિક થયા સહુ શાંતરે । પામ્યાં સર્વ તે આનંદ મનરે, જનભાગ્ય વખાણે છે ધન્યરે ॥૫૬॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે માર્કંડેય મુનિએ શ્રીહરિનાં નામકરણ કહ્યાં એ નામે અગિયારમો તરંગઃ ॥ ૧૧ ॥

પૂર્વછાયો– એક સમે ગૌરી મામીને, ચમક મુંઝારો થયો । સગા સંબંધી સર્વે મળી,સમૂહ વિટાઈને રહ્યો ॥૧॥
પારણું લાવ્યા ઓશરીમાં, પોઢાડ્યા પ્રાણજીવન । ભક્તિ પોતાની ભાભી પાસે, ગયાં ઉદાસી મન ॥૨॥
ભજન કરે ત્યાં ભાવથી, એમ થઈ ઘણીવાર । ક્ષુધા લાગી ઘનશ્યામને, કરે છે મન વિચાર ॥૩॥
ચોપાઈ–માતાને તો ઘણી થઈ વાર, હાલ આવશે નહિ નિરધાર । મુને ક્ષુધા લાગી આજ ઘણી, ચાલો જઈએ માતુશ્રીના ભણી ॥૪॥

એમ ધારીને ઝબકી જાગ્યા, ઉંચે સ્વરવડે રોવા લાગ્યા । શબ્દ સુણ્યો માતાયે શ્રવણે, પણ તે વાત મન ન ગણે ॥૫॥
ભક્તિ આવ્યાં નહિ ત્યાંથી ઘેર, પ્રભુ સમજી ગયા તે પેર । ઉઠ્યા પારણેથી અવિનાશ, તર્ત આવ્યા માતાજીને પાસ ॥૬॥
બાયું બેઠી માજીને ભુવન, જઇ બેઠા તે મધ્યે જીવન । માંદગીથી ઉદાસી છે મન, બોલ્યાં માતાજી નર્મ વચન ॥૭॥
સુણો હે પુત્ર લાડીલા સાર, જણાવો છો પ્રભુતા અપાર; નિત્ય નિત્ય પ્રતાપ દેખાડો, મામીને કેમ નવ જીવાડો ॥૮॥
એવું વચન સુણી તત્કાળ, જોયું મામીના સામું દયાળ । કરી છે અમૃત દૃષ્ટિ જ્યાંયે, તર્ત મામી બેઠાં થયાં ત્યાંયે ॥૯॥
જુવો હરિએ કર્યો છે જોગ, મટી ગયો મામીનોતો રોગ । જોઇ પ્રતાપ જોડ્યા છે પાણ, કરે પ્રારથના મિષ્ટ વાણ ॥૧૦॥
સુણો ઘનશ્યામભાઇ મર્મ, તમેતો દિશો પૂરણબ્રહ્મ । પુરુષોત્તમજી બળવાન, અક્ષરાધિપતિ છો નિદાન ॥૧૧॥
હું તો ગઇતી અક્ષરમાંયે, દિઠું દિવ્ય સિંહાસન ત્યાંયે । તેના ઉપર વિરાજ્યા તમે, હાલ નજરે જોયું તે અમે ॥૧૨॥
અનંત કોટી મુક્તે સહિત, તેમાં છો તમે અક્ષરાતીત । ત્યાં કરતી હતી દરશન, ધન્ય ભાગ્ય માન્યું તું મેં મન ॥૧૩॥
તેવામાં મુને આંહિ બોલાવી, આપની આજ્ઞા પ્રમાણે આવી । ત્યાંનું સુખ અલૌકિક જોયું, તવ મૂર્તિ વિષે મન મોહ્યું ॥૧૪॥
આવી વાત સુણિ છે તે ટાંણે, છુપૈયાપુરવાસી વખાણે; પ્રેમવતી થયાં પ્રેમવાન, તેડીને કરાવે સ્તનપાન ॥૧૫॥
ફેરવે હરિને શિર હાથ, એમ સર્વેને કર્યાં સનાથ । સુખ પામ્યાં છે માતાપિતાય, કેતાં પાર ન પામી શકાય ॥૧૬॥
હવે માતાજી પુરણ ભાવે, પ્રભુને ચાલતાં તે શિખાવે; કરની આંગળીયો ઝલાવે, પ્રાણજીવનને તે ચલાવે ॥૧૭॥
કર પકડીને લાવ્યાં બાર, ચોક સુધી ચલાવ્યા તે ઠાર । થોડો લેવા દીધો છે વિશ્રામ, પાછા લાવ્યાં જ્યાં પોતાનું ધામ ॥૧૮॥
એવે સમે લક્ષ્મીજી ત્યાં આવ્યાં, નિજ સાહેલીને સંગ લાવ્યાં । શ્રીહરિની લીલાને ત્યાં જોવા, પ્રાણપતિ વિષે મન મોવા ॥૧૯॥
બેઠાં અદષ્ય થઇને કમલા, જુવે ચોતરે રહી વિમલા । જોઇ નટવરજીની ચાલ, નિરખી નિરખી થયાં ન્યાલ ॥૨૦॥
સખીને કેછે પ્રેમ કરીને, જા ચકલીનું રૂપ ધરીને । ઘરદ્વારનો ટોડલો એશ, તેના ઉપર જૈને તું બેસ ॥૨૧॥
ત્યાંથી ઉડી જાજે તત્કાળ, જોને શું કરે છે એ કૃપાળ । સખી થઇ છે ચકલી રૂપ, રંગ કુંદન જેવો અનુપ ॥૨૨॥
ત્યાંથી ઉડીને આવે છે ચાલી, કર વધારી હરિએ ઝાલી । બાળલીલા કરી ભગવાન, પડ્યા પૃથ્વી ઉપર તે સ્થાન ॥૨૩॥
ઝાલી રહ્યા છે શ્રી જગદીશ, પાડે ચકલી ત્યાં ઘણી ચીશ । જોઇ માતા કરેછે વિચાર, કરશે ચકલી ચંચુનો પ્રહાર ॥૨૪॥
એમ જાણીને ઝાલે છે જ્યારે, ચકલી મટી સ્ત્રી થઇ ત્યારે । વસ્ત્ર ઘરેણાં જુક્ત અનૂપ, તેજોમયને અદ્ભુત રૂપ ॥૨૫॥
ઉભાં શ્રીહરિ સન્મુખ નારી, કર જોડીને સ્તુતી ઉચારી । ૧ઇંદીરાયે કહ્યું મને આજ, માટે ચકલી થઇ મહારાજ ॥૨૬॥
મેં કર્યો ચંચુ તણો પ્રહાર, તમને વાગ્યું હશે નિરધાર । મેં તો ગુનો કર્યો છે તમારો, ક્ષમા કરો અપરાધ મારો ॥૨૭॥
એવું સાંભળી સુંદર છેલે, આશીર્વાદ આપ્યો અલબેલે । પછે લક્ષ્મી થયાં છે પ્રકાશ, આવ્યાં જ્યાં બેઠા છે અવિનાશ ॥૨૮॥
સર્વે ઉભી રહિ છે નમતી, કરે છે કર જોડી વિનતિ । હરિ બોલ્યા કૃપાકરી ત્યાંયે, આવજ્યો કાઠીયાવાડમાંયે ॥૨૯॥
અમારો સારો જોગ ત્યાં થાશે, તમારી ચિંતા તે ટળી જાશે । એવું સુણી લક્ષ્મી ઉત્કર્ષ, થયાં આકાશમાંયે અદર્શ ॥૩૦॥
એમ પામ્યાં છે આનંદ મન, ગયાં કમલા નિજ સદન । એવાં કરે છે કૃષ્ણ ચરિત્ર, શિખે સુણે તે થાય પવિત્ર ॥૩૧॥
પ્રેમવતી જોખન ને ધર્મ; સુરજાબાઇ આદિક પર્મ । બેઠાં છે નિજ ઓસરી જ્યાંયે, પુત્રને લઇ ઉત્સંગમાંયે ॥૩૨॥
હરિનો હાથ ઝાલી પાવન, જુવે માતા રેખાઓ નયન । એટલામાં નિસરીયું તેજ, શ્રીહરિની હથેળીમાં એજ ॥૩૩॥
ચારે દિશાઓમાંહિ ભરાયું, તેમાં બદ્રિકાશ્રમ દેખાયું । મુક્તમંડળ સહિતમેવ, દિઠા નરનારાયણ દેવ ॥૩૪॥
વળી કલાપ ગ્રામના વાસી, જોયા ઋષિજનો યોગાભ્યાસી । નરવીરે કર્યો સતકાર, ભક્તિ ધર્મ આદિને તે ઠાર ॥૩૫॥
બેસાર્યા પછે દર્ભ આસન, માતાના ખોળામાં ભગવન । ઘનશ્યામનું કરે સ્તવન, નરસખા નિરમળ મન ॥૩૬॥
સોળ પ્રકારે કર્યું પૂજન, કરાવ્યાં બદ્રિફલ પ્રાશન । એમ સર્વેનું પૂજન કીધું, નરનારાયણે સુખ લીધું ॥૩૭॥
પછે બોલ્યા પોતે ઘનશ્યામ, સુણો નરવીરાદિ તમામ । આ તમારો છે જે ભર્તખંડ, સ્થાપિશું તમનેજ અખંડ ॥૩૮॥
ગુરજરધરમાં રૂડીપેર, તે મધ્યે અમદાવાદ શેર । રિદ્ધિ સિદ્ધિવાળું છે શ્રીનગ્ર, તેમાં માનશે લોક સમગ્ર ॥૩૯॥
તે સમે ભક્તિધર્મને ચિત્ત, પૂર્વની સ્મૃતિ આવી અમિત । બદ્રિપતિ સમજ્યા વિખ્યાત, મારાં પૂર્વનાં આ માતતાત ॥૪૦॥
કરી પ્રારથના જોડી હાથ, સુણો માતપિતાજી સનાથ । તમ થકી થયા ઉતપન્ન, પુરુષોત્તમજી ભગવન ॥૪૧॥
હરિકૃષ્ણ ને શ્રી ઘનશ્યામ, વર્તે છે પોતાનાં બેઉ નામ । કર્યાં તેમનાં દર્શન આજ, થયાં અમારાં પૂરણ કાજ ॥૪૨॥
એવું સુણી સહુ થયાં રાજી, સુખ પામ્યાં છે અપાર માજી । જુવો કૃષ્ણે એ કારજ કીધું, તેજ પોતામાં સમાવી લીધું ॥૪૩॥
આવાં અદ્ભુત જોઇ ચરિત્ર, થયાં માતાપિતાદિ પવિત્ર । માયાભાવ મટી ગયો મન, સર્વેયે જાણ્યા છે ભગવન ॥૪૪॥
ત્યાર પછે કેટલેક દિન, કર્યું બીજું ચરિત્ર નવીન । શર્દપૂન્યમની ખીલી રાત, લઇ ઉત્સંગમાં ભક્તિમાત ॥૪૫॥
બારણે કુવાનો પરથાર, તેના ઉપર બેઠાં છે સાર । જોયું આકાશમાં ઘનશ્યામ, દિઠો ચન્દ્રમા પૂરણકામ ॥૪૬॥

કહેછે દીદીને જુવો ઈન્દુ, જાણે અમૃતનો હોય બિન્દુ । લાવી આપો અમોને તે આજ, માગે છે એમ શ્રીમહારાજ ॥૪૭॥
કહે માતાજી સુણો લાડીલા, હરિ એવા ન થાઓ હઠિલા । એતો આ લોકમાં નવ આવે, ફરી બોલ્યા હરિ કરી ભાવે ॥૪૮॥
તમે એમને આંહી બોલાવો, ગમે તેમ કરી હાથમાં લાવો । બોલ્યાં છે માતા કરીને રીશ, કેમ કરીને લાવું આ દિશ ॥૪૯॥
ભક્તિ કે ખપ હોય તો લાવો, ચંદ્રમાને આહિંજ બોલાવો । એવું સાંભળી હરિ બોલાવે, હાથ લાંબો કરીને હલાવે ॥૫૦॥
હે ચંદ્રમા આવો મુજપાસ, એમ બોલ્યા મુખે અવિનાશ । એમ કેતામાં ચંદ્રમા આવ્યા,પોતાની સ્ત્રીઓને સંગ લાવ્યા ॥૫૧॥
પૂજા સામગ્રી નાના પ્રકાર, ચંદન પાત્ર પુષ્પના હાર । તેણે સહિત પૂજા તો કીધી, ભેટ સામગ્રી પ્રભુને દીધી ॥૫૨॥
ચંદન ચર્ચી હાર પેરાવ્યા, વસ્ત્રાલંકાર હેતે ધરાવ્યા । પ્રીતે ઉભા કરીને પ્રણામ, એમ રાજી કર્યા ઘનશ્યામ ॥૫૩॥
હરિના ચર્ણનો કર્યો સ્પર્શ, આજ્ઞા માગીને થયા અદર્શ । એ અદ્ભુત જોઈ પરાક્રમ, સર્વે રાજી થયા અનુક્રમ ॥૫૪॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિએ ધર્માદિકને બદ્રિકાશ્રમ સહિત નરનારાયણનાં દર્શન કરાવ્યાં એ નામે બારમો તરંગ: ॥ ૧૨ ॥

પૂર્વછાયો– એક સમે શ્રી ભક્તિમાતા, પોતાનું આંગણું જ્યાંયે । આંબલીના તરુતલે બેઠાં, બાજોઠ ઉપર ત્યાંયે ॥૧॥
ઘનશ્યામને તેડી લાવ્યાં, સ્નેહે કરાવવા સ્નાન । ઉગમણે મુખે બેસાર્યા, બહુનામી બલવાન ॥૨॥
ઉષ્ણોદકે સ્નાન કરાવે, કળશેથી કરે ધાર । નીર ગરમ લાગ્યું હરિને, ચીસ પાડી તેણી વાર ॥૩॥
ઓચિંતાના રોવા લાગ્યા, ખમા ખમા કરે માત । નીર ગરમ શું ઘણું પડ્યું, દાઝ્યા કોમળ ગાત ॥૪॥

ચોપાઈ– એમ કહીને જળ તપાસ્યું, વારિ ગરમ ઘણું તે વિમાસ્યું । પ્રભુ બેસો તમે થોડીવાર, ટાઢું પાણી લાવું હું તૈયાર ॥૫॥
એમ કહી લેવા ગયાં નીર, સુણે સર્વે થઈ મતિધીર । બ્રહ્મા વિષ્ણુ શેષાદિક દેવ, આવી બેઠા હતા કૂવે એવ ॥૬॥
કરે દર્શન તે મહાભાગ, સેવા કરવાનો આવ્યો લાગ । અવકાશ જોઈને તે આવ્યા, મારા વાલિડાને નવરાવ્યા ॥૭॥
ઉના જળથી કરાવે સ્નાન, વળી કેછે સુણો ભગવાન । અમને આવ્યા જાણીને એવા, માતાને મોકલ્યાં જળ લેવા ॥૮॥
મોટી દયા કરી મહારાજ, લાભ આપ્યો છે સેવાનો આજ । ભક્તિમાતા વળ્યાં તતકાળ, ત્યારે હરિએ માગ્યો રૂમાલ ॥૯॥
માતાજી રુમાલ લેછે જ્યાંયે, પ્રભુને દીઠા ઓરડામાંયે । વસ્ત્રાભૂષણ બહુ મુલ્યવાન, ઘનશ્યામે કર્યાં પરીધાન ॥૧૦॥
બન્ને ઠેકાણે જોયા હરિને, માતા બારે આવ્યાં છે ફરિને । જુવે તો ત્રણ દીઠા ત્યાં દેવ, કરે સુંદર શ્યામની સેવ ॥૧૧॥
જુવે પ્રેમવતી પુછે તાંઈ, તમે ત્રણ જણા કોણ ભાઈ । ત્યારે તે કે આ છે ભગવાન, અમો કરાવીયે છૈયે સ્નાન ॥૧૨॥
પાછું જોયું માતાએ તે ઠામ, ઘરમાં દીઠા સુંદરશ્યામ । માતા મન થયાં ભયભીત, વળી વિભ્રાંત થયું છે ચિત્ત ॥૧૩॥
તેવું જોઈને બોલ્યા છે લાલ, હે દીદી પાણી લાવોને હાલ । ઘણી વારથી જોઉછું વાટ, બેસી રહ્યો છું નાવાને માટ ॥૧૪॥
એવું વેણ બોલ્યા ભગવાન, સુણી માતા થયાં સુખવાન । પછે આવ્યાં ઓસરી બહાર, વળી વદે છે વિભુ આધાર ॥૧૫॥
દીદી અમને કરાવા સ્નાન, ત્રણે દેવ આવ્યા છે આ સ્થાન । ભાવેથી તે કરે છે સ્તવન, માતા જોઈ રહ્યાં એકમન ॥૧૬॥
બ્રહ્માદિક કહે સુણો માતા, તમારા પુત્ર છે જગત્રાતા । અમે આવ્યા એનેજ નમતા, અમારા સર્વેના છે નિયંતા ॥૧૭॥
એમ કહી રજા લીધી ત્યાંય, થયા અદ્રશ્ય આકાશમાંય । પછી રુમાલથી અંગ લોયું, પામરી ઓઢાડી મન મોહ્યું ॥૧૮॥
ઓશરીની છે જેર તે સ્થાન, તે ઉપર બેસાર્યા ભગવાન । પયસાકર હરિને પાયું, ત્યારે માતાનું મન મનાયું ॥૧૯॥
ઘર આંગણાં બાર પ્રત્યક્ષ,પારીજાતકનું એક વૃક્ષ । તેને હેઠે બેઠા જગનાથ, ખાવા મૃતિકા લિધી છે હાથ ॥૨૦॥
મૂર્તિ કે સુણો ચંદનબાઈ, જુવો શું કરે છે ત્યાંહાં ભાઈ । એવું સુણી આવ્યાં બલપામી, જ્યાં બેઠાછે વાલો બહુનામી ॥૨૧॥
જુવે તો મૃતિકા લીધી છે જેહ, માસીયે પડાવી નાંખી તેહ । જુવેછે મુખ પોળું કરીને, જમેછે તે વદન ભરીને ॥૨૨॥
ડારો દેખાડીને કરી રીશ, આશું ખાવા શિખ્યા જગદીશ । મુખ પોળું કરી જુવે માસી, બતાવે છે પોતે સુખરાશી ॥૨૩॥
કોટિકોટિ બ્રહ્માંડની માયા, બતાવી મુખમાં જગરાયા । ઈંદ્ર વિભુ વરુણને યમ, ૧સવિતા ૨શૂલિ શારદ બ્રહ્મ ॥૨૪॥
અગ્નિ વાયુ સમુદ્ર ને દ્વિપ, તારા મંડલ વળી ઉડુપ । દશ દિશાઓના દિગપાલ, સ્થાવર આદિ મેરુ મરાલ ॥૨૫॥
સ્વર્ગ મૃત્યુ પાતાલ જે ખંડ, કોટિકોટિ બતાવ્યાં બ્રહ્માંડ । લોકાલોક અલોક અલક્ષ, દેખીને ઠરી ગયાં છે અક્ષ ॥૨૬॥
માસી વિસ્મય પામ્યાં છે મન, આતો શું થયું મને સ્વપ્ન । થોડીવાર થયો પરીતાપ, પછે જાણ્યો પ્રભુનો પ્રતાપ ॥૨૭॥
અતિ આનંદ પામ્યાં છે માસી, માતા આગળ વાત પ્રકાશી । આવાં અદ્ભુત આશ્ચર્ય નિરખે, માતા પિતા આદી સહુ હરખે ॥૨૮॥
ત્યાર પછી કહું બીજી વાત, સુણો રામશરણજી ભ્રાત । માતાએ કરાવ્યું સ્તનપાન, ધાવી તૃપ્ત થયા ભગવાન ॥૨૯॥
ત્યાં રમતા મુકયા પ્રાણપતિ, રસોડામાં ગયાં પ્રેમવતી । કરે રસોઈનો ઉપચાર, એમ વિતી ગઈ થોડીવાર ॥૩૦॥
જુવે ઘનશ્યામ ચારેપાસ, કોઈ દેખ્યું નહિ અવિનાશ । ચાલ્યા ભાખોડીયે રૂડી ચાલ, આવ્યા ઘરમાં ભક્તિના બાલ ॥૩૧॥

પરાણે ઉમરા પર ચડ્યા, જાવું તું ઘરમાં પણ પડ્યા । કાલાં કાલાં બોલીને વચન, કરે મનુષ્યાકૃતિ રૂદન ॥૩૨॥
રુવે છે ત્યાં ઘનશ્યામભાઇ, માતા શબ્દ સુણી આવ્યાં ધાઇ । ખમાખમા કરી તેડી લીધા, કૃષ્ણકુંવરને શાંત કીધા ॥૩૩॥
કાંઇ ભાન રહ્યું નહિ અમને, મારા લાડિલા વાગ્યું તમને । વિસ્મે પમાડવા બોલ્યા વેણ, સુણો માતા તમે સુખદેણ ॥૩૪॥
દીદી અમને તો વાગ્યું નથી, ક્ષુધા લાગી છે તે કહું કથી । પડી જવાનું કારણ એહ, કાંઇ બીજો ન કરો સંદેહ ॥૩૫॥
ક્ષરઅક્ષરથકી છું પર, મારું નામ રટે મુનિવર । હું છું પુરુષોત્તમ સાક્ષાત, તમે સત્ય માની લેજ્યો વાત ॥૩૬॥
માતા પિતા છો ભક્તિ ને ધર્મ, મોટાભાઇ સંકર્ષણ પર્મ । અમે ધરયો મનુષ્યાવતાર, કરવા તે જીવનો ઉદ્ધાર ॥૩૭॥
પછે માતા થયાં છે પ્રસન્ન, અતિ આનંદ પામ્યાં છે મન । પયસાકર કર્યું તૈયાર, પાયું પુત્રને પ્રેમથી સાર ॥૩૮॥
તૃપ્ત થયા છે પ્રાણજીવન, પછે નિદ્રા આવી છે લોચન । ગાદલાં સહિત જે પલંગ, તેમાં પોઢાડ્યા કરી ઉમંગ ॥૩૯॥
એક સમે થયો સંધ્યા કાળ, બેઠાં ભક્તિ ધર્મ જેષ્ઠ બાળ । બાલમુકુંદ વિષ્ણુ છે જેહ, કરી આરતી તેમની તેહ ॥૪૦॥
સ્તુતિ ધૂન્ય કર્યા દંડવત, પછે જમવા બેઠા તરત । તેસમે એક આવ્યો સુરારી, થયો વંટોળીયો બહુભારી ॥૪૧॥
બીજા અસુરને સંગે લાવ્યો, આસુરી માયા મોહ મચાવ્યો । હતી રાત અંધારી અપાર, તેમાં દૈત્યે કર્યો અંધકાર ॥૪૨॥
ચાલે છે ભયંકર ૧સમીર, તેને દેખી રહે નહિ ધીર । ઘર ઉપરનાં જે નળીયાં, ખડે સહિત ખળભળિયાં ॥૪૩॥
અતિશે આંધિ ચડી છે ત્યાંયે, અંધકાર થયો નભમાંયે । તેસમે હરિ પૂન્ય પવિત્ર, કરે પોતે મનુષ્ય ચરિત્ર ॥૪૪॥
ભક્તિને કહે આ શું થયું છે, વ્યોમમારગમાં શું રહ્યું છે । માતાયે જાણ્યું જે હરિ બીશે, અંધકાર દેખીને આ દિશે ॥૪૫॥
એમ ધારીને ઉપાડી લીધા, નિજરુદે સાથે દાબી દીધા । કર્યું ચુંબન ખમા કરીને, પછે તેડી લીધા શ્રીહરિને ॥૪૬॥
ધર્મદેવ અને મોટાભાઇ, જમવા બેઠા છે ઘરમાંઇ । તેસમે માતા બીજું ન બુજે, અંધકારમાં કાંઇ ન સુજે ॥૪૭॥
દીવો કરવા તે અકળાય, આસુરીમાયામાં અથડાય । પ્રોક્ષદેવનું કરે સ્તવન, વળી સંભારે મારુતતન ॥૪૮॥
ત્યારે બોલ્યા ત્રિભુવનરાય, માતા એમ કરેથી શું થાય। કરો પ્રાર્થના જો અમારી, અમે રક્ષા કરીશું તમારી ॥૪૯॥
એવું સુણીને માતા સમજ્યાં, પ્રોક્ષદેવનું સ્તવન તજ્યાં । હે હરિકૃષ્ણ હે ઘનશ્યામ, અમારી રક્ષા કરો આ ઠામ ॥૫૦॥
તેવું સાંભળી કે છે વિચારો, માતાજી મુને હેઠે બેસારો । એમ કેતાં થયો છે પ્રકાશ, જમણે અંગુઠેથી ઉજાસ ॥૫૧॥
મોટાભાઇ ભણી તેજ આવ્યું, સઘળા ભુવનમાં ભરાયું। તેજ દેખી બેઉ અકળાય, દિવ્યભાવ વિના ન કળાય ॥૫૨॥
જુવો હરિ ઇચ્છા બળવાન, આવ્યું ૨અહિપતિને ત્યાં ભાન । પૂર્વે પ્રભુએ આપ્યું વચન, તેની સ્મૃતિ થઇ આવી મન ॥૫૩॥
પછે બોલ્યા મન કરી ધીર, તમે ક્યાં છો ઘનશ્યામ વીર । તેજ સમાવી લીધું તે વાર, ભાઇ હું બેઠો છું આણે ઠાર ॥૫૪॥
એવું સુણ્યું પ્રભુનું વચન, ભાઇ સુખ પામ્યા ઘણું મન । ઓલ્યો અસુર અઘનું ધામ, કરવા આવ્યો તો કૂડું કામ ॥૫૫॥
તેજ દેખીને દાઝવા લાગ્યો, ભય પામીને ત્યાંથકી ભાગ્યો । પ્રભુનો દેખી પ્રૌઢ પ્રતાપ, થયો અસુરને પરીતાપ ॥૫૬॥
નાઠો પ્રાણ લઇ નિરધાર, પોતાની માયાજુક્ત તે વાર । ધર્મ ભક્તિ અને મોટાભાઇ, પામ્યા આશ્ચર્ય અંતરમાંઇ ॥૫૭॥
અવતારના છે અવતારી, એની ગૂઢમતિ અતિ ન્યારી । એમ સર્વે બ્રહ્માંડ મોઝાર, વરતાવ્યો છે જયજયકાર ॥૫૮॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીઘનશ્યામ મહારાજે ચંદનમાસીને પોતાના મુખમાં અનંતકોટિ બ્રહ્માંડની રચના બતાવી એનામે તેરમો તરંગઃ ॥ ૧૩ ॥

પૂર્વછાયો— એક સમે મૂળપુરુષ, રથે બેસી સુખસાજ । દર્શન કરવા શ્યામનાં, આવ્યા છુપૈયે મહારાજ ॥૧॥
પ્રણામ કર્યો છે પ્રીતથી, મન ઉમંગ અપાર । અંગો અંગે વસ્ત્રો પેરાવ્યાં, આપ્યા રૂડા અલંકાર ॥૨॥
બેઉ કર જોડી કહે છે, સુણો શ્રી મહારાજ । અમોને આજ્ઞા કરી હતી, અવતાર ધરવા કાજ ॥૩॥
આ પૃથ્વી પર ઉદે થૈને, મુમુક્ષુ જીવને હુલાસ । મુક્ત કરી મોકલી દેજ્યો, અક્ષરમાં સુખરાશ ॥૪॥
એ કામ અમે કર્યું નથી, કારણ કહું કિર્તાર । પૃથ્વી પર ઘણા અસુરે, કર્યો તો અધર્મ ભાર ॥૫॥
તેનો નાશ કરવા રયા, એથી નાવ્યો અવકાશ । જેણે અમારી ભક્તિ કરી, તેને રાખ્યા અમપાસ ॥૬॥
ચોપાઇ— પણ અક્ષરમુકતના જેવોરે, અમથી કોઇ થયો ન એવોરે । માટે કેવા આવ્યો છું મોરારીરે, વાત ધ્યાનમાં લેજ્યો અમારીરે ।૭।
અક્ષરાધિપતિ સ્વયં આપરે, પુરુષોત્તમજી છો અમાપરે । પધાર્યા છો બ્રહ્માંડ માંયરે, જે મુમુક્ષુ જીવછે આંયરે ॥૮॥
તમે ને તમારા જે ભક્તરે, મળી લઇ શરણે કરો મુક્તરે । પછે પામશે અક્ષરધામરે, મળશે ત્યાં અવિચળ ઠામરે ॥૯॥
એવું સાંભળી ધર્મકુમારરે, થયા પ્રસન્ન દેવ મોરારરે । ઘનશ્યામ કહે બહુ સારુંરે, અમે માન્યું વચન તમારુંરે ॥૧૦॥
ત્યાર પછે તે અદ્રશ થયારે, પોતાના ધામ વિષે તે ગયારે । સર્વ નિયંતા સર્વના સ્વામીરે, ઘનશ્યામ છે ધામના ધામીરે ॥૧૧॥
વળી એક દિન કોઇ સુરરે, આવ્યા દર્શન કાજ જરૂરરે । શુદ્ધસત્વગુણ અભિમાનીરે, હરિ આગળ છે નિરમાનીરે ॥૧૨॥

પેર્યાં વસ્ત્ર આભૂષણ સારરે, કંઠમાં શોભે મોતીના હારરે । એવા દેવ તેહ ઠારરે, કર્યા શ્રીહરિને નમસ્કારરે ॥૧૩॥
અમને આજ્ઞા શું મહારાજરે, કૃપા કરી કહો કાંઇ કાજરે । ત્યારે બોલ્યા છે શ્રીઘનશ્યામરે, સુણો દેવ તમે કરી હામરે ॥૧૪॥
આ પૃથ્વી પર અનંત વારરે, તમે ધરી ચુક્યા અવતારરે । પણ કોઇ મુમુક્ષુને આજરે, મુક્ત કર્યો નથી સુખસાજરે ॥૧૫॥
અમારું જે છે અક્ષરધામરે, મોકલ્યા નથી કોઇ તે ઠામરે । એવું કે છે સાંભળી અમરરે, સુણો શ્રીઘનશ્યામ સુંદરરે ॥૧૬॥
અમને સામર્થ્ય આપો જેહરે, કરીયે કામ પ્રભુજી તેહરે । તમારી આજ્ઞા નવ લોપાયરે, અમથી કામ બીજું ન થાયરે ॥૧૭॥
એમ કહી પેરાવ્યાં પટકુલરે, બીજીવાર બોલ્યા અનુકુળરે । મહાપુરુષ અક્ષરથકીરે, તેથી પર છો તમે તો નકીરે ॥૧૮॥
તમારા સંબંધે કરી શ્યામરે, કૈક પામશે અક્ષરધામરે । વળી તમારા ભક્ત અનન્યરે, તેના સંગે થાશે કૈક ધન્યરે ॥૧૯॥
કોટી કોટીનો થાશે ઉદ્ધારરે, જાશે અક્ષરધામ મોઝારરે । એમ કહીને તે ત્રીજીવારરે, વળી વચન કરે ઉચ્ચારરે ॥૨૦॥
ધર્મભક્તિ માતા પિતા સોયરે, તેમને પાપી પીડતા હોયરે । ૧શર ૨ચાપ વડેથી હુલાસરે, તેનો કરીએ અમે નાશરે ॥૨૧॥
ત્યારે હસીને બોલ્યા શ્રીહરિરે, તમે વાત કહો છો તે ખરીરે । તમે પંડે જો પ્રયાસ કરોરે, ત્યારે પાપીના પ્રાણને હરોરે ॥૨૨॥
અમે તો કરીએ ઈચ્છા માત્રરે, ગતિભંગ કરી નાખું ગાત્રરે । વળી દેવ કહે છે વચનરે, તમે સ્વામી સ્વયં ભગવનરે ॥૨૩॥
પછે કહે મારુતિને દેવારે, તમે કરજ્યો હરિની સેવારે । કપિપતિ કહે બહુ સારુંરે, સ્વામીનું વેણ મસ્તકે ધાર્યું રે ॥૨૪॥
કર જોડી કર્યો નમસ્કારરે,રહ્યા છે ત્યાં પવન કુમારરે । એ દેવ અવધપુર સામેરે, અદૃશ થઇ ગયા નિજ ધામેરે ॥૨૫॥
સુણો ગોમતી ગાયની વાતરે, કહું પ્રેમ વડે તે પ્રખ્યાતરે । નાની વાછડી છે તેની જેહરે, આવી ગૌશાલાથી છુટી તેહરે ॥૨૬॥
વેગે વાલિડાને પાસે આવીરે, ચાટવા લાગી છે પ્રેમ લાવીરે । વાછડીથી પડી છે વખુટીરે, ગોમતી ગાય ખીલેથી છુટીરે ॥૨૭॥
બેઠા છે શ્રીહરિ પોતે જ્યાંયરે, આવી હીંસોરા કરતી ત્યાંયરે । ઘનશ્યામની ઈચ્છાયે કરીરે, ગોમતીને વાચા થઈ ખરીરે ॥૨૮॥
વદે સુરભી ત્યાં મુખથી વેણરે, સુણો શામળીયા સુખદેણરે । અક્ષરાધિપતિ તમે પોતેરે, પુરુષોત્તમ પ્રભુ છો જોતેરે ॥૨૯॥
વસુધાનો ઉતારવા ભારરે, ધર્યો ધર્મથકી અવતારરે । આવી છું હું તો ગોલોક થકીરે; તમને દૂધ પાવાજ નકીરે ॥૩૦॥
કરી ગોલોકવાસીએ આજ્ઞારે, સત્ય કહું છું કરી પ્રતિજ્ઞારે । આજે કેમ પીધું નહિ દૂધરે, ત્યારે બોલ્યા ઘનશ્યામ શુધ્ધરે ॥૩૧॥
તૃપ્ત થયા હતા સુણો તમેરે, માટે દૂધ પીધું નથી અમેરે । હવેથી નિત્ય કરીશું પાનરે, એવું બોલ્યા સ્વયં ભગવાનરે ॥૩૨॥
પછી સુરભી ગઈ નીજ સ્થાનરે, એવી લીલા કરે ભગવાનરે । પોતાની યોગકલાએ કરીરે, ગુપ્ત રાખી છે પ્રભુતા હરિરે ॥૩૩॥
ધન્ય છુપૈયાપુર પાવનરે, જેમાં વસ્યા પોતે ભગવનરે । માગે છે જન્મ ત્યાં નિત્ય સુરરે, ધન્ય ધન્ય તે છુપૈયાપુરરે ॥૩૪॥
રહ્યાં અગણિત તીર્થ ત્યાંયરે, વસ્યા પુરુષોત્તમજી જ્યાંયરે । ભવબ્રહ્મા સેવે ભરપુરરે, ધન્ય ધન્ય તે છુપૈયાપુરરે ॥૩૫॥
નિત્ય લીલાઓ કરે નવીનરે, જાણે અક્ષરધામ જમીનરે । સદાયે વર્ષે અમૃતનુરરે, ધન્ય ધન્ય તે છુપૈયાપુરરે ॥૩૬॥
જે છુપૈયાપુરમાં ફરશેરે, તેને કાળ કર્મ શું કરશેરે । મટી જાય માયાનો અંકુરરે, ધન્ય ધન્ય તે છુપૈયાપુરરે ॥૩૭॥
સેવે છુપૈયાપુર અદ્ભુતરે, તેને પાસે નાવે જમદૂતરે । જીવનો ૧શિવ થાય જરૂરરે, ધન્ય ધન્ય તે છુપૈયાપુરરે ॥૩૮॥
રહે છુપૈયામાં એક રાતરે, ટળે જન્મ મર્ણ તેની ઘાતરે । તેને બ્રહ્મમોલ નથી દૂરરે, ધન્ય ધન્ય તે છુપૈયાપુરરે ॥૩૯॥
એવું છે છુપૈયાપુર ધામરે, કરે લીલા ત્યાં પૂરણકામરે । માટે સેવજ્યો સૌ નર-નારીરે, છુપૈયાપુર છે સુખકારીરે ॥૪૦॥
હવે આવ્યા દીપોત્સવી દિનરે, ત્યાં ચરિત્ર કરે છે નવીનરે । ભક્તિમાતા લિંપે ઘરમાંયેરે, બેઠા શ્રીઘનશ્યામજી ત્યાંયેરે ॥૪૧॥
એ સમે આવ્યા રામપ્રતાપરે, તેડી લીધા પ્રભુજીને આપરે । રમાડે છે બહુ રૂડી પેર્યરે, ગયા છે મોતીમામાને ઘેર્યરે ॥૪૨॥
ઘણીવાર સુધી ત્યાં રમાડ્યારે, મામાની ઓસરીમાં બેસાર્યારે । મામીને સોંપ્યા ૨કંજવદનરે, ગયા ક્ષૌર કરાવા જોખનરે ॥૪૩॥
મામીને એક નાની છે બાળરે, તેણે રોવા માંડ્યું તતકાળરે। તેથી ઘરમાં ગયાં તે ચુકીરે, મહારાજને બારણે મુકીરે ॥૪૪॥
ઘનશ્યામજી વિચારે મનરે, મામી તો ગયાં નિજભવનરે । ચાલ્યા ભાખોડીયે અનુસારરે, આવ્યા આંગણાં ઓશરી બારરે ॥૪૫॥
આવીને ચારે બાજુએ જુવેરે, કોઇ દેખ્યું નહિ પછે રુવેરે । માતા બોલ્યાં સુણીને રુદનરે, ભાઇ આપ આવોને ભુવનરે ॥૪૬॥
શબ્દ સાંભળ્યો માતાનો જ્યારેરે, ત્યાંથી દોડી આવ્યા ઘેર ત્યારેરે । લિંપવાની પડીછે જ્યાં ગાર્યરે, તેની પાસે બેઠા છે મોરારરે ॥૪૭॥
હાથ નાખ્યો તેમાં ધીરે ધીરેરે, ગારો લઈ ચોળે છે શરીરરે । દેખ્યું માતાયે કામ વિચિત્રરે, ભાઇ ક્યાંથી શિખ્યા આ ચરિત્રરે ॥૪૮॥
ભક્તિમાતા ભ્રકુટી ફેરાવેરે, ડારો દે પ્રભુને બીવરાવેરે । છીછીછી વળગ્યું શું વીરરે, કોણ નવરાવે લાવી નીરરે ॥૪૯॥
પુત્ર શું બગાડ્યું બધું અંગરે, તમે ક્યાંથી શિખ્યા આવા ઢંગરે । પલમાં પ્રભુતાઈથી ઓપોરે, વળી ગારો લઈ અંગ લેપોરે ॥૫૦॥
રેવાદ્યો રેવાદ્યો ને હઠીલારે, આવા નવ થૈયે અલવીલારે । એવું કહી ગારો ભરી લીધોરે, જૈને ઓશરીમાં મૂકી દીધોરે ॥૫૧॥
થયાં સજળ લોચન સ્થિરરે, રોવા લાગ્યાછે ગુણ ગંભીરરે । એક સુતાર આવ્યો તે કાળરે, એનું નામ રૂડું નંદલાલરે ॥૫૨॥
રોતા રોતા એની કેડે થયારે, મોટાભાઈ જાણીને ત્યાં ગયારે । ૩સૂત્રધારે તેડ્યા અવિનાશરે, જઇ બેસાર્યા ધર્મની પાસરે ॥૫૩॥
પોતામાં મુક્યો તો બહુ ભારરે, પરાણે તેડી લાવ્યો સુતારરે । ધર્મદેવને કે છે હુલાસરે, તમારા સુત છે અવિનાશરે ॥૫૪॥

નોય મનુષ્યનો આ પ્રકારરે, નાના બાળકમાં ક્યાંથી ભારરે । એમ કહી કર્યો નમસ્કારરે, નિજ ઘરે ગયો તે સુતારરે ॥૫૫॥
તોય રુદન કરે તે ઠામરે, છાના રેતા નથી ઘનશ્યામરે । પછે માતાએ ધોયાછે કરરે, તેડી લીધા પોતાના કુંવરરે ॥૫૬॥
લઈ ચાલ્યાં કુવાપર માતરે, નવરાવા સારુ જગતાતરે । નિર્મળ જળે કરાવ્યું સ્નાનરે, પછે આપ્યું સુખે સ્તનપાનરે ॥૫૭॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિએ ગાર્યનું લેપન કર્યુ એનામે ચૌદમો તરંગઃ ॥ ૧૪ ॥

પૂર્વછાયો– ત્યાર પછી દિન કેટલે, બન્યો છે અદ્ભુત ખેલ । છુપૈયે ચરિત્ર કરતા, અવિનાશી અલબેલ ॥૧॥
ઘેલાત્રવાડીને મોતીરામ, એ બેઉને ઘેર પ્રસંગ । જુગલબંધુના સુતને, આપે ઉપવિત અંગ ॥૨॥
સાહિત્ય સહુ લેવા જાવું, તે બેઉ થયા તૈયાર । ધર્મદેવને મોટાભાઈને, સંગે લીધા તેહવાર ॥૩॥
ચારે જણા મળી ચાલિયા, શર્ણામગંજ ગામ । વસ્ત્ર આદિ સામગ્રી સર્વે, લેવા માંડી તેહ ઠામ ॥૪॥
તેસમે ત્યાં લાગ તાકી, આવ્યા અસુર અપાર । પૂર્વનું વૈર સંભારીને, મારવા ધર્મકુમાર ॥૫॥
ચોપાઈ–મહાક્રોધી વિરોધી અસુર, પાપી આવ્યા તે છુપૈયાપુર । અતિ દુષ્ટ બુદ્ધિ ને મલીન, દુરાચારી વળી દયાહીન ॥૬॥
આવી બગીચે કર્યો પડાવ, કરવા નટવરને નડાવ । કોઈ જાણે નહિ આનો મર્મ, એમ આદર્યું કપટે કર્મ ॥૭॥
આવ્યા લશ્કર ૧વાજી અપાર, ગજરાજ કરે છે ચિકાર । અસ્ત્ર શસ્ત્ર રાખ્યાં છે તૈયાર, વાલાને મારવા છે ઠાર ॥૮॥
વાજે ગાજે ત્યાં ડંકો નિશાન, કરે વિચાર કુબુદ્ધિવાન । ગમે તે રીતે ઘાટ ઉતારો, આપણા શત્રુને આજ મારો ॥૯॥
એમ કે છે પરસ્પર વાત, બીજું કામ બન્યું અકસ્માત । મોટાભાઈને મળી એંધાણી, થઈ આકાશે ગંભીરવાણી ॥૧૦॥
તમારા ભાઈ જે ઘનશ્યામ, તે તો પ્રગટ્યા પૂરણકામ । ધર્મપિતાને ભક્તિ છે માતા, તમે શેષજી છો સુખદાતા ॥૧૧॥
તવ ભાઈને મારવા કાજ, આવ્યા અગણીત પાપી આજ । છુપૈયાપુર બગીચામાંય, પડ્યાછે પાપી આવીને ત્યાંય ॥૧૨॥
તમેતો બેઠા નિર્ભય થઈને, જાુઓ સરત કરો ત્યાં જઈને । સુણી આકાશવાણીથી પેર, ત્યાંથી તરત આવ્યા પાછા ઘેર ॥૧૩॥
આવી બગીચામાં જોયું જ્યારે, મન શાંતિ પામી ગયું ત્યારે । જાણ્યું છે આતો કોઈ રાજન, જાય અયોધ્યા દેવ દર્શન ॥૧૪॥
એમ જાણી પોતે ઉભા રહ્યા, બગીચામાં નજીક તે ગયા । રમે નાનાપ્રકારે રમત, જુગટા આદિ જેહ ગમત ॥૧૫॥
કરે આસુરી માયાથી કામ, વિસ્મે પામ્યા જોઈ બલરામ; વળી છુપૈયાપુરના જન, તે પણ દેખી મોહ્યા છે મન ॥૧૬॥
તેમાંથી બે જણા મતિમૂઢ, ઉડ્યા આકાશમાં ગતિગૂઢ । આવ્યા છુપૈયાપુર મોઝાર, પ્રભુ પોઢ્યા છે જ્યાં નિરધાર ॥૧૭॥
લીધા પારણામાંથી ઉપાડી, લેઈ ચાલ્યા આકાશે અનાડી । કરી આસુરી માયા અપાર, સર્વે દિશાઓ થઈ અંધકાર ॥૧૮॥
કરવા માંડી બાણની વૃષ્ટિ, કરી સર્વનર જીવને કષ્ટિ । પુરવાસી પામ્યાં સહુ ત્રાસ, નરનારી કરે નાસાનાસ ॥૧૯॥
ભયભીત થયા ઘણું મન, સંભારે છે પોતાનાં સદન । કહે લોક હવેતે શું થાશે, ગામમાં કેવી રીતે રેવાશે ॥૨૦॥
બે અસુર બગીચામાં આવ્યા, ઘનશ્યામને તે સ્થળે લાવ્યા । લાવી સોંપ્યા અસુરાધિશને, લ્યો આ શત્રુ કરો નાશ એને ॥૨૧॥
તેને જેમ તેમ કરી મારો, વળી શસ્ત્રવડેથી વિદારો । એવું સુણીને ૧દદામાં દીધાં, પોતપોતાનાં આયુધ લીધાં ॥૨૨॥
તિખી તિખી કાઢી તરવાર, જાણે રતડીતનો છે આકાર । ચોધારાં ખડગ ત્યાં ચળકે, જેવી જીહ્વા કાળની લળકે ॥૨૩॥
કરે આસુર શોર બકોર, થયો શબ્દ ભયંકર ઘોર । પરસ્પર કહે શું વિચારો, ખાઓ ખાઓ એને મારો મારો ॥૨૪॥
એમ કહીને આવે સન્મુખ, વાલિડાની પાસે તે વિમુખ । પડે અગ્નિમાં જેમ પતંગ, બળીને ભસ્મ થાય છે અંગ ॥૨૫॥
આવે શશક સિંહની પાસ, નિશ્ચે એનો તો થાય જ નાશ । ૩હરિવાહન પાસેજ સર્પ, ૪પિનાકી પાસે આવે ૫કંદર્પ ॥૨૬॥
એમ આવ્યા પ્રભુની નજીક, બુદ્ધિહિન ધરે નહિ બીક । વાંકી ભ્રકુટી કરી છે વાલે, ધરાકંપ થયો તેહ કાળે ॥૨૭॥
અક્ષરાધિપતિનો જે ક્રોધ, તેને જીર્વી શકે કોણ યોધ । હરામીના હરી લીધા ગર્વ, બાળી ભસ્મ કરી દીધા સર્વ ॥૨૮॥
થયો આસુરી માયાનો નાશ, એમ જય પામ્યા અવિનાશ । જેની કાળ ધરે નિત્ય બીક, એનાથી બીજો કોણ અધિક ॥૨૯॥
હવે સુણજ્યો વિસ્મય વાત, ઘરે શું કરતાં હવાં માત । જુવે પારણા સામું જનુની, નવ દીઠા નારાયણમુનિ ॥૩૦॥
ધરિ શક્યાં નહિ મન ધીર, પડ્યાં મૂર્છીત થઈ શરીર । શ્વાસોશ્વાસરહિત છે અંગ, ભયભીત થયાં ગતિભંગ ॥૩૧॥
મૂર્છીત થયાં પ્રેમવતી, શોકાતુર બન્યા સહુ અતિ । પછે સર્વે થયાં સાવધાન, હવે આ શું થયું ભગવાન ॥૩૨॥
મારો ક્યાં ગયો લાડિલો પુત્ર, એના વિના સુનું ઘર સુત્ર । હા હા દૈવે દીધું ઘણું દુઃખ, ક્યારે દેખીશ પુત્રનું મુખ ॥૩૩॥
કોણ લઈ ગયું કેમ થયું, એનું ભાન મુને નવ રહ્યું । કોઈ બતાવો મારો કુમાર, ઘણો માનીશ હું ઉપકાર ॥૩૪॥
ભીંજે હૃદય તે આંસુ જળે, ઘનશ્યામ ક્યારે મુને મળે । મન મુંઝાય આવે રૂદન, થયાં માતાનાં લાલ લોચન ॥૩૫॥
એમ કરે વિવિધ વિલાપ, પ્રેમવતી પામે પરીતાપ । એટલામાં તો મારુતિ આવ્યા, ઘનશ્યામને તે તેડી લાવ્યા ॥૩૬॥
માતાજી આ લ્યો તમારા તન, હવે ધીરજ રાખજ્યો મન । પછે કહ્યું સઘળું વરતંત, અદશ્ય થયા છે હનુમંત ॥૩૭॥

છુપૈયાપુરના વાસી લોક, ગયા બગીચે જોવા અશોક । જુવે તો પડ્યા ભસ્મ ઢગલા, પાપી ભસ્મ થઈ ગયા સઘળા ॥૩૮॥
હનુમંતે કહીતી જેપેર, સત્ય માની ગયા નિજ ઘેર । મર્ણઘાતથી ઉગર્યા નાથ, મૂર્તિ ધર્મે જાણ્યું મન સાથ ॥૩૯॥
વિધિવત કર્યાં દાન પૂણ્ય, કોઈ વાતે રાખ્યું નહિ નૂન્ય । કરાવ્યાં બ્રાહ્મણોને ભોજન, હર્ષ વાધ્યો છે સર્વને મન ॥૪૦॥
એક સમે થયો પ્રાતઃકાળ, પારણામાં રુવે ધર્મબાળ । માતાએ સુણ્યું છે રૂદન, આવ્યાં જ્યાં સુતાછે નિજ તન ॥૪૧॥
પછી ભક્તિએ પ્રેમ સહિત, લીધા ઉત્સંગે ખેદ રહિત । સ્તનપાન કરાવે છે મૂર્તિ, નથી ધાવતા અક્ષરાધિપતિ ॥૪૨॥
વળી છાના રેતા નથી શ્યામ, માતા કે કેમ કરો છો આમ । એમ કરતાં થકાં તે ઠાર, પોતામાં બહુ મુક્યો છે ભાર ॥૪૩॥
માતા કે શું કારણ છે આજ, મુક્યા પછી હેઠે મહારાજ । કહ્યું સર્વ ધર્મને વૃતાંત, જાણ્યું પુત્રને નથી નિરાંત ॥૪૪॥
ધર્મદેવે લીધા છે ઉત્સંગ, તપાસી જુએ પુત્રનું અંગ । ફેરવે શિર ઉપર હાથ, જુવો ચરિત્ર કરે છે નાથ ॥૪૫॥
ચાકળા ઉપર સુવાર્યા ચિતા, પછે પાઠ કરે છે ત્યાં પિતા । એક દૃષ્ટિ જોઈ રહ્યા પાસ, શ્રીહરિ કરવા લાગ્યા હાસ ॥૪૬॥
મટી ગયા સર્વેના ઉચાટ, ગિરિધારી કરે એવા ઘાટ। પ્રભુની માયા છે અટપટી, પાપીને તો થાય ચટપટી ॥૪૭॥
એવામાં આવ્યો એક અસુર, વૈર પૂર્વનું સંભારી ઉર । આસુરી માયા કરી આકાશ, બાણ મારે યથા અવકાશ ॥૪૮॥
કરે વૃષ્ટિ પાષાણને વૃક્ષ, અંધકાર કર્યો છે પ્રત્યક્ષ । સ્વર્ગવાસી સર્વે અકળાયા, અભ્ર મારગમાં ઝકળાયા ॥૪૯॥
છુપૈયાપુરવાસી આતુર, ચિત્ત વિષે થયા ચિંતાતુર । કરે મધુર વાણી સ્તવન, હવે સાહ્ય કરો ભગવાન ॥૫૦॥
હરિકૃષ્ણ હરે ઘનશ્યામ, ધર્મનંદન પૂરણકામ । અમારી પીડાને હરો હરો, પ્રાણપતિ રક્ષા કરો કરો ॥૫૧॥
એવાં વાક્ય સુણ્યાં સુખરૂપે, ધારી લીધાં અંતર અનુપે । બળ દાખવે આકાશે ફરે, પાપી કોઈનો માર્યો ન મરે ॥૫૨॥
આવ્યો છે મારવા મુને એહ, પરાજય કરી નાખું તેહ । પછે સંભાર્યું સુદર્શન, આવ્યું જ્યાં રહ્યા છે વૃષતન ॥૫૩॥
તેને આજ્ઞા કરી મહારાજ, છેદ્યો અસુરને કર્યું કાજ । ધર્મ-ભક્તિ સહિત તે ઠામ, કર્યા ઘનશ્યામને પ્રણામ ॥૫૪॥
હરિ ઈચ્છાથી અદૃશ્ય થયું, પોતાના સ્થાનક પર ગયું । આસુરી માયા હતી આકાશ, પછે સર્વે પામી ગઈ નાશ ॥૫૫॥
યોગકલાએ કામ કરે છે, હરિભક્તનાં દુઃખ હરે છે । એનો મર્મ કોઈ નવ જાણે, વાલિડાને તો વેદ વખાણે ॥૫૬॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિએ યોગકલાના બળથી અસુરને નાશ પમાડ્યો એ નામે પંદરમો તરંગઃ ॥ ૧૫ ॥

**પૂર્વછાયો–** શ્રોતાજન હવે સાંભળો, સર્વ થઈ સાવધાન । પાવન છુપૈયાપુરમાં, શું કરે છે ભગવાન ॥૧॥
આંબલીના તરુતલે, ચોતરો જે સુંદર સાર । તેહના હેઠે સહુ બેઠા, આનંદભેર અપાર ॥૨॥
દુંદત્રવાડી ત્યાં બોલિયા, પોતાના પુત્રની સાથ । વૃક્ષ ઉપર ચડી જુવો, મોતીરામ સનાથ ॥૩॥
આવે છે મોટું સૈન્ય જાણે, મુને ભાસે છે એમ । માટે નક્કી કરો આ સમે, તો ટળે મારો વેમ ॥૪॥
એવું સુણી ઉભા થયા છે, મોતીત્રવાડી જ્યાંય । શ્રીહરિએ રૂપ વધાર્યું, આકાશ મારગે ત્યાંય ॥૫॥

**ચોપાઈ–** આંબલી વૃક્ષથી મહારાજ, શ્રીહરિ વધ્યા કરવા કાજ । જોયું દિશાઓમાં જગદીશ, સૈન્ય આવતું દેખ્યું જે દિશ ॥૬॥
શિશુરૂપે થયા ઘનશ્યામ, બોલ્યા ધર્મ પ્રત્યે સુખધામ । ઉત્તરદિશે સૈન્ય જણાય, આપણા ગામ સામું તણાય ॥૭॥
માટે ચાલો દાદાજી અહિંથી, હવે જાવું છુપૈયામાંહિથી । જુવો લીલા કરે જગરાય, જોઈ ધર્માદિ વિસ્મય થાય ॥૮॥
સાથે લીધા જેવો જે સામાન, ભર્યો શકટમાંહિ નિદાન । ગાયો બેલ મહિષી એ આદ, લઈ ચાલ્યા તજીને પ્રમાદ ॥૯॥
નાગપુરે પોંચ્યા છે જરૂર, ધર્મદેવ થયા તૃષાતુર । હતું ત્યાં એક વડનું વૃક્ષ, તેના તળે બેઠા છે પ્રત્યક્ષ ॥૧૦॥
રામપ્રતાપને કહે ભાઈ, મારે તો પાણી પીવું છે આંઈ । ગમે ત્યાંથી લાવો ભાઈ ૧તોય, ત્યારે શાંતિ થશે મુને સોય ॥૧૧॥
બોલ્યા ૨અનંતજી સુખવાણી, હે દાદા હાલ લાવું છું પાણી । એવું સાંભળી શ્રીઘનશ્યામ, જાયે જલ લેવા ગુણગ્રામ ॥૧૨॥
પોતાના જે સખા મહાભાગ, વેણી માધવ રામ પ્રયાગ । તેને સંગે લઈને સધાવ્યા, ચારે જણા કુવા પર આવ્યા ॥૧૩॥
વેણીરામ કહે ઘનશ્યામ, દોરીવિના શું કરવું કામ । હરિ કે તમે હિંમત રાખો, મનમાં કાંઈ ચિંતા ન દાખો ॥૧૪॥
એમ કહી લાંબો કર્યો કર, કુવો જળે ભરાયો સત્વર । કાંઠાસુધી ભરાયું છે જળ, જુવો બલવંતજીનું બળ ॥૧૫॥
લોટા ભરી લીધા લઘુવેશ, પાછા વળ્યા ત્યાંથી પરમેશ । લાવી પાયું પિતાને એહ, પાણી પીધે શાંતી પામ્યા તેહ ॥૧૬॥
વૃષદેવ કહે છે વચન, સુણો ઘનશ્યામ મારા તન । ઉંડા કુવામાંથી જળ ભર્યું, દોરીવિના કહો કેમ કર્યું ॥૧૭॥
વેણીરામે તે વૃતાંત કહ્યું, ધર્મદેવે તે ધ્યાનમાં લહ્યું । એટલામાં મોટાભાઈ આવ્યા, લોટો જળનો ભરીને લાવ્યા ॥૧૮॥
ધર્મદેવ કહે સુણો ભાઈ, ભલે લાવ્યા તમે જળ આંહિ । લાખ લોટા લાવો તમે ભરી, ગયો વખત ન મળે ફરી ॥૧૯॥
ઘનશ્યામ લાવ્યા જેહ પળે, એવો અવસર તો ન મળે । ઘનશ્યામે સાચવી જે ઘડી, તેની વાત મોટી થઈ પડી ॥૨૦॥
તમે પાણી તો લાવ્યા છો પ્રીતે, તેનું તો ફળ છે બીજી રીતે । એ વચન સુણ્યું અવિનાશ, મંદ મંદ કરે છે તે હાસ ॥૨૧॥

માતાને કરાવ્યું જળપાન, એવા દયાળુ છે ભગવાન । સુણો ત્યારપછી ત્યાં શું થયું, ઓલ્યા નવાબનું સૈન્ય ગયું ॥૨૨॥
ત્યાંથી નિર્ભે થઇ નિરધાર, સર્વ આવ્યા છુપૈયા મોઝાર । કરે એવાં ચરિત્ર કૃપાળુ, આપે આનંદ નિત્ય દયાળુ ॥૨૩॥
કૃષ્ણશર્મા ત્રવાડી કહેવાય, પ્રેમવતીના પિતા એ થાય । રેવા સારૂ ગયા તરગામ, ત્રૈણ વર્ષ રહ્યા તેહ ઠામ ॥૨૪॥
ત્યાંથી છુપૈયાપુર તે આવ્યા, સાથે વસંતાદિકને લાવ્યા । આવ્યા રમાડવા શ્રીહરિને, લીધા ઉત્સંગે હેત કરીને ॥૨૫॥
જેટલી બાયું બેઠી છે ઠામે, તેટલાં રૂપ ધર્યાં છે શ્યામે । એકેકા રૂપે સર્વને સાથ, દેખ્યા દુંદત્રવાડીએ નાથ ॥૨૬॥
મોતીરામને કહે અનુપ, જુવો પ્રભુએ ધર્યું છે રૂપ । કહે મોતી હું તો ભાળું એક, બીજાં રૂપ ન દેખું વિશેક ॥૨૭॥
એમ કેતાં સ્ત્રીઓના ઉત્સંગે, દીઠા વાલમને રસરંગે । જુદે જુદે રૂપે એમ જોયા, મોટા મોટા મુનિવર મોહ્યા ॥૨૮॥
એમ કરતાં નિશા થઇ જ્યારે, ધુન્ય આરતી કરી છે ત્યારે । પછે ચોતરા ઉપર ગયા, વશરામ આદિ સુઇ રહ્યા ॥૨૯॥
મધ્યરાત્રીએ આંગણામાંયે, એક પુરુષ ઉભો છે ત્યાંયે । એ સમે ઘેલાત્રવાડી જાગ્યા, દેખીને દીલમાં બીવા લાગ્યા ॥૩૦॥
પછે હરિપ્રસાદને તરત, જગાડીને કહી દીધું સરત । ધર્મદેવે પૂછ્યું જઇ પાસ, કોણ ઉભો છે મુજ આવાસ ॥૩૧॥
બોલ્યો પુરુષ દેઇને માન, પિતાજી એ તો હું હનુમાન । આવીને ઉભો છું આણે ઠામે, મુને આજ્ઞા કરી છે શ્રી રામે ॥૩૨॥
ઈષ્ટ આજ્ઞા હું શિશ ધરું છું, તવ પુત્રની સેવા કરું છું । ઘેલા ત્રવાડી આવ્યા છે દોડી, મારુતીને નમ્યા કરજોડી ॥૩૩॥
કરી પ્રાર્થના દઈ માન, થયા મારુતિ અંતર્ધાન । ઘેલા ત્રવાડીયે મન ધારી, કહી સર્વેને વાત વિસ્તારી ॥૩૪॥
હવે જુવો પ્રભુનાં ચરિત્ર, સુણતાં થાય પાપી પવિત્ર । ભુખ્યા થયા હશે ભગવાન, એમ માતાએ જાણ્યું છે મન ॥૩૫॥
આપી જનુનીએ તેણીવાર, ટાઢી ખીચડી પાત્ર મોઝાર । દુધ કાઢવા જાઉં છું અમો, ધીરે ધીરે જમો ભાઇ તમો ॥૩૬॥
દોવા જાઉંછું ગોમતી ગાય, મુને વાર વધુ નહિ થાય । માતાજી ગૌશાલામાં જ્યાં પેઠાં, સુરભીને દોવા સારુ બેઠાં ॥૩૭॥
જમવાનું પ્રભુએ મુકી  દીધું, પવાલું કર પ્રભુએ લીધું । ગયા ગૌશાળામાં માતુ પાસ, દૂધ પીવાની અંતરની આશ ॥૩૮॥
માતા દેખીને બોલ્યાં વચન, તમે અહિં શું આવ્યા છો તન । હજુ તો દૂધની ઘણીવાર, તમે બેસો જઇ એકઠાર ॥૩૯॥
એ વચન સુણી અલબેલો, ગયા સુરભી પાસે રંગછેલો । પવાલું લઇને ઉભા થયા, અઉમાં વાસણ ધરી રહ્યા ॥૪૦॥
કર લાંબો કર્યો જેણીવાર, થવા લાગી છે દૂધની ધાર । પવાલું ભરાયું તતકાળ, હેઠે બેઠા છે ભક્તિના બાળ ॥૪૧॥
દૂધાતણ લાવ્યાં પ્રેમવતી, મુક્યું આંચળ તે નીચે સતી । ક્ષણ એકમાં ભરાઇ ગયું, માતાને મન આશ્ચર્ય થયું ॥૪૨॥
તેને મૂકી આવ્યાં ઘરમાંયે, બીજું પાત્ર લાવ્યાં વળી ત્યાંયે । રાખ્યું આંચળ હેઠે તે સાર, તેને ભરાતાં ન લાગી વાર ॥૪૩॥
તેને ભવનમાં મૂકી આવ્યાં, પાછું મોટું દૂધાતણ લાવ્યાં । આવ્યાં ઓશરીમાં જ્યારે માતા, ત્યારે બોલી ઉઠ્યા સુખદાતા ॥૪૪॥
દીદી હવે તમે જાશો નહિ, પય નહિ નિકળે કહું સહિ । એ તો અમારી ઇચ્છાથી શ્રવ્યું, એવું કામ અમે અનુભવ્યું ॥૪૫॥
તોય માન્યું નહિ મૂર્તિમાત, ગયાં સુરભી પાસે સાક્ષાત । જુવો પય થયું છે બંધ, નથી આંચળમાં તેનો ગંધ ॥૪૬॥
પુત્રનો જોઇ પ્રૌઢ પ્રતાપ, માતા આનંદ પામ્યાં છે આપ । કર્યો તે દૂધનો દૂધપાક, કર્યા જોડે બીજાં શાક પાક ॥૪૭॥
કર્યો તૈયાર સુંદર થાળ, વિષ્ણુને જમાડ્યા તતકાળ । શ્રીઘનશ્યામજીને જોખન, તેમને કરાવ્યાં છે ભોજન ॥૪૮॥
પછે થયાં પોતે મન શાંત, જમ્યાં થાળ પામ્યાં છે નિરાંત । વર્તે આનંદમાં એમ કાળ, બહુવાલા લાગે છે દયાળ ॥૪૯॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે દુંદત્રવાડીને અલૌકિક રૂપે દર્શન દીધું એ નામે સોળમો તરંગઃ ॥ ૧૬ ॥

પૂર્વછાયો– ત્યાર કેડે દિન કેટલે, કર્યું પ્રભુએ કાજ । શ્રવણ ધરી તે સાંભળો, મોટા થયા મહારાજ ॥૧॥
એક સમે મૂર્તિમાતાએ, કરાવ્યું સ્તનપાન । રમાડવા લક્ષ્મી બાઇને, આપ્યા શ્રીભગવાન ॥૨॥
રસોડામાં ગયાં માતા, કરવા પાકનું કામ । તે બાઇએ ચુલા ઉપર, મુક્યું છે દૂધનું ઠામ ॥૩॥
ઉભરાઇ જાશે જાણી આવ્યાં, પ્રભુને લૈ નિજ ઘેર । હરિને બેસાર્યા બારણે, ઘરમાં ગયાં એ પેર ॥૪॥
ભુલી ગયાં ભગવાનને, ખાવા બેઠાં ઘરમાંય । એવે સમે અસુર આવ્યો, જે ભૈરવદત્ત ત્યાંય ॥૫॥

ચોપાઈ– કાલિદત્તનો છે મોટો મિત્રરે, જેની આકૃતિ ચિત્રવિચિત્રરે । આવ્યો વંટોળીયો થઇ પોતેરે, અંધકાર કર્યો સર્વે જોતેરે ॥૬॥
છુપૈયાપુરમાં પડ્યો ત્રાસરે, પાપી આવ્યો પ્રભુજીને પાસરે । ઓચિંતાના લીધાછે ઉપાડીરે, ફરે આકાશમાં મુખ ફાડીરે ॥૭॥
ભક્તિમાતા આવ્યાં જુવે બારરે, થયોછે ત્યાં અતિ અંધકારરે । ભાળીને થયાં છે ભયભીતરે, અરે આ શું બન્યું વિપરીતરે ॥૮॥
મારા પુત્રને થયું વિઘનરે, એમ કહી મુંઝાણાં છે મનરે । દોડીને આવ્યાં છે લક્ષ્મીપાસરે, પૂછેછે મુખે માય ન શ્વાસરે ॥૯॥
તમે કરો છો ઘરનું કામરે, પણ ક્યાં મુક્યા છે ઘનશ્યામરે । જમવા બેઠાંતાં લક્ષ્મીબાઇરે, સુણીને આવ્યાં બારણે ધાઇરે ॥૧૦॥
હમણાં બેસાર્યાતા મેં બારરે, હું તો ભુલી ગઇ આણે ઠારરે । મુને ખબર નથી ક્યાં ગયારે, કોણ જાણે કિયે સ્થળે ગયારે ॥૧૧॥
એવું સુણી ચળી ગયું ચિત્તરે, પડ્યાં માતા થઇ મુર્છિત્તરે । આવી મળ્યાં છે ત્યાં સર્વે લોકરે, થયો તેમના મનમાં શોકરે ॥૧૨॥

નરનારીનાં ઉદાસી મનરે, કરે આરતનાદે રૂદનરે । થયું માતાનું નિસ્તેજ તનરે, જાણી લીધું છે પ્રાણજીવનરે ॥૧૩॥
વધાર્યું નિજ અંગે વજનરે, નથી થાતો અસુરને સહનરે । જાણે ગિરીનું શિખર હોયરે, પાપી વિચારેછે મન સોયરે ॥૧૪॥
મુકિ દેવા કરે છે વિચારરે, પણ ન છોડે ધર્મકુમારરે । ભુર જાણે મળ્યા હવે ભોગરે, મારે થયો મરવાનો જોગરે ॥૧૫॥
કંઠે ઝાલ્યો કરી કર પોળારે, દુષ્ટના નિકળી ગયા ડોળારે । આવ્યો તો હું તો મારવા સારું રે, અણધાર્યું થયું મોત મારું રે ॥૧૬॥
બોલ્યા શ્રીહરિજી તિરસ્કારેરે, જા જા તુને કોણ મારેરે । એવું કે ને છોડી દીધો શ્યામેરે, જૈને પડ્યો દેશાંતર ગામેરે ॥૧૭॥
એની આસુરી માયા જે મોટીરે, હરિયે કરી નાખી છે ખોટીરે । હવે પૃથ્વી ઉપર શું થાયરે, કરે ૧આક્રંદ ભક્તિમાતાયરે ॥૧૮॥
બેઠાં છે મળીને સર્વ સાથરે, તેના મધ્યે આવી ઉભા નાથરે । દીઠા પ્રભુને પ્રેમ સહિતરે, થયાં છે સહુ શોક રહિતરે ॥૧૯॥
પામ્યાં આનંદ પૂછેછે માતારે, તમે ક્યાં ગયાતા સુખદાતારે । થયો તો આકાશે ઘનઘોરરે, શું હતું સત્ય કોને કીશોરરે ॥૨૦॥
કહિ કેશવે સઘળી વાતરે, સુણી સર્વે થયાં રળિયાતરે । હવે મુવો જાણીને અસુરરે, આવ્યા આકાશમાં સહુ સુરરે ॥૨૧॥
સિદ્ધ ચારણ ગાંધર્વ જેહરે, જયકાર કરે સહુ એહરે । વળી દુંદુભી નાદ બજાવેરે, કરે પુષ્પની વૃષ્ટિ સુહાવેરે ॥૨૨॥
એકસમે સખા લેઈ સંગેરે, થયા તૈયાર રમવા રંગેરે । વેણી માધવને જે પ્રયાગરે, કહેછે ચાલો જૈયે સોહાગરે ॥૨૩॥
પેરેલાં હતાં જે ૨પટકુલરે, તેને કાઢીનાખ્યાં અનુકુલરે । ભક્તિમાતા કહે સુણો ભાઈરે, તમે વસ્ત્ર રાખો અંગમાંહિરે ॥૨૪॥
ઉઘાડે શરીરે ટાઢ વાસેરે, શિયાળો છે વપુ કરમાશેરે । વસ્ત્ર પેરીને રમવા જાઓરે, કહ્યું માનો અવળા ન થાઓરે ॥૨૫॥
તોયે માન્યું નહિ તે વચનરે, ગયા રમવા કાજે જીવનરે; નારાયણસરોવર તીરરે, રમે સખા જોડે બળવીરરે ॥૨૬॥
રમે મનગમતી રમતરે, કરે હાસ્ય વિનોદ ગમતરે । જુવો ધર્મધુરંધર ધીરરે, ખેલ કરે તડાગની તીરરે ॥૨૭॥
વસ્ત્રવિના ફરે સ્વામી એહરે, જાણ્યું અનંતમુક્તોએ તેહરે । આવી પોંચ્યા ત્યાં મુક્ત અપારરે, લાવ્યા ગરમ વસ્ત્ર અલંકારરે ॥૨૮॥
વસ્ત્ર પેરાવ્યાં પૂરણ પ્રીતેરે, કરી પ્રારથના એકચિત્તેરે । કર્યો હરિના ચર્ણનો સ્પર્શરે, પછે મુક્ત થયા છે અદર્શરે ॥૨૯॥
સખા સહિત ત્યાંથી સધાવ્યારે, પાછા છુપૈયાપુરમાં આવ્યારે । દીઠા સુરજામામીએ દ્રષ્ટરે, આવેછે પ્રભુજી ઉત્કૃષ્ટરે ॥૩૦॥
કોટી કોટી કંદર્પ લજાવેરે, મુનિયોને મોહ ઉપજાવેરે । વય કીશોર મૂરતિ શોભેરે, નરનારી તણાં મન લોભેરે ॥૩૧॥
એવા જોયા છે મામીએ જ્યારેરે, દ્વારે તેડી લાવ્યાં પોતે ત્યારે રે । બીજી મામીઓ જાણીને આવીરે, મનોહર મૂરતિ મન ભાવીરે ।૩૨।
આપ્યાં અલૌકિક દર્શનરે, હરિ લીધાં છે સર્વેનાં મનરે । ત્યાંથી ચાલ્યા ચઉટામાં થઈરે, સખાનો કર કરમાં લઈરે ॥૩૩॥
જુવે બજારમાં સહુ જનરે, નરનારીનાં લોભાણાં મનરે । કરે વાતો વણિકની નારીરે, જુવે અકળ છબીને ધારીરે ॥૩૪॥
કેવા બન્યા છે ધર્મકુમારરે, વખાણે ઘણું વારમવારરે । એક હલવાઈ વંશીધરરે, તેની બાળા જે રામકુંવરરે ॥૩૫॥
બોલીછે તે હરખ ભરાઈરે, પધારો ઘનશ્યામજી ભાઈરે । દયાળુએ જોઈ એને દ્રષ્ટરે, સમાધિ થઈ તેને અભિષ્ટરે ॥૩૬॥
બીજી બાયું કે શું થયું આતોરે, વનિતાયો મળી કરે વાતોરે । કેટલીક વિતી ગઈ વારરે, કરેછે સહુ મન વિચારરે ॥૩૭॥
એટલામાં તો એ બાઈ જાગીરે, ધર્મકુંવરને પગે લાગીરે । બોલી મુખેથી મધુરાં વેણરે, ધન્ય ધન્ય છો કમળનેણરે ॥૩૮॥
અક્ષરધામમાં ગઈતી આજરે, તમને જોયા ત્યાં મહારાજરે । તેજોમય દિવ્ય સિંહાસનરે, તે પર બેઠા ધર્મનંદનરે ॥૩૯॥
બીજા અનેક તમારા જેવારે, બેઠા સિંહાસન પાસે એવારે । એવી વાત કરે છે તે બાઈરે, તરત ગુપ્ત કરી પ્રભુતાઈરે ॥૪૦॥
બન્યા બાળક શ્રીઘનશ્યામરે, શિશુરૂપે થયા તેહ ઠામરે । હતું તેવું સ્વરૂપ કરીનેરે, રમતા આવ્યા ઘરે ફરીનેરે ॥૪૧॥
આવી નારીઓ માતાની પાસરે, કહિ વાત પ્રભુની હુલાસરે । સુણી પ્રેમવતી થયાં રાજીરે, કરે તે પણ પ્રશંસા ઝાઝીરે ॥૪૨॥
હવે ગ્રીષ્મઋતુ આવ્યો જ્યારેરે, બન્યું ભાવિ પદારથ ત્યારેરે । વાલાને શરીરે ચડ્યો તાવરે, નહિ તેદી જમવાનો ભાવરે ॥૪૩॥
વાલિડાને નિકળ્યા બળીયારે, ચંદામામીએ જોઇ કળીયારે । કહે શ્યામનું દિલ દેખાડીરે, માતાજીને સમજણ્ય પાડીરે ॥૪૪॥
પછે માતાજીએ ધારી મનરે, ઓરડામાં સુવાર્યા જીવનરે । પાસે બેઠાછે પૂન્ય પાવનરે, કરે ભૂધરજીનું ભજનરે ॥૪૫॥
એમ વિતી ગઈ થોડીવારરે, આવ્યાં લક્ષ્મીબાઈ ધર્મદ્વારરે । સુણો છોટીબા કહું નિરધારરે, ભાઈને જાવા ન દેશો બારરે ॥૪૬॥
નાવા ધોવા બાર નવ લેશોરે, નીર અંગે અડવા માં દેશોરે । હવે જાળવજ્યો દિન વીશરે, ત્યારે બોલ્યા છે શ્રીજગદીશરે ॥૪૭॥
નાયા ધોયા વિના નવ ચાલેરે, ધર્મ બ્રાહ્મણનો કેમ હાલેરે । અમારે તો નાવું છે જે હાલેરે, લાવો શીતળ પાણી આકાળરે ॥૪૮॥
ટાઢા પાણીથી આ મટી જાશેરે, અમારે શરીરે સુખ થાશેરે । કર્યો વચન તણો વિશ્વાસરે, કરે નવરાવવાનો પ્રયાસરે ॥૪૯॥
જન્મસ્થાનકનો કૂપ જ્યાંયરે, પ્રભુને તેડી ગયાં છે ત્યાંયરે । પરથાર ઉપર બેસાર્યારે, ટાઢું પાણી કાઢીને નવરાવ્યારે ॥૫૦॥
નાતાં નાતાં થઈ ઘણી વારરે, બળીયા સમી ગયા તે ઠારરે । તે શીળીનાં રહ્યાં ચિહ્ન અંગરે, એવી લીલા કરેછે શ્રીરંગરે ॥૫૧॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિને બળીયા નીકળ્યા એ નામે સતરમો તરંગઃ ।૧૭ ।

પૂર્વછાયો– બાળલીલા છે સુધાસિંધુ, પ્રેમે કરે જેહ પાન । તાપ ત્રિવિધિ ટળે મળે, બ્રહ્મમોલ વિષે માન ॥૧॥
માટે સુણીલ્યો સ્નેહ થકી, મૂકીને માન ગુમાન । ભાવ કરીને ભજી લેવા, ભયહારી ભગવાન ॥૨॥
એક સમે ઘનશ્યામજી, વડિલ બંધુ સહિત । જમવા બેઠા ઓસરીમાં, કરવા સર્વનું હિત ॥૩॥
જુગલબંધુ જોડે જમે, ભોજન નાનાપ્રકાર । તે સમે ત્રણે દેવ આવ્યા, પ્રસાદિ લેવા સાર ॥૪॥
ચોપાઈ– બ્રહ્મા વિષ્ણુ વળી ઇંદ્ર ત્યાંયે, આવ્યા શ્રીહરિ જમે છે જ્યાંયે । એવી ત્રૈણેની ઇચ્છાઓ જાણી, આપી પ્રસાદિ સારંગપાણી ।૫।
થાળ ખાલી થયો તતખેવ, પ્રેમવતી આવી જુવે એવ । ઘનશ્યામજી જમ્યા વેલા, રામપ્રતાપભાઇથી પેલા ॥૬॥
ફરીથી પીરસ્યાં છે ભોજન, જમવા લાગ્યા શ્રીભગવન । પાસે ઉભા છે ત્રણે તે સુર, જોયા ભક્તિ માતાયે તે ઉર ॥૭॥
પૂછ્યું શ્યામને ભાંગવા ભ્રાંત, તમારી પાસે બેઠા મહંત । કોણ છે તે કહો ક્યાંથી આવ્યા, ભાઇ તમારા મન એ ભાવ્યા ॥૮॥
એવું સુણી બોલ્યા ભગવંત, દીદી સુણો કહું વરતંત । અમારી પ્રસાદી લેવા કાજ, બ્રહ્માદિ આવ્યા છે ત્રણે આજ ॥૯॥
એમને પ્રસાદી આપી અમે, માતા શંશે કરશો માં તમે । એવું સાંભળી બોલ્યા છે ધર્મ, ભાઇ દર્શન કરાવો પર્મ ॥૧૦॥
બોલ્યા શ્રીહરિ નમ્ર વચન, ઇચ્છા હશે તો થાશે દર્શન, પછે ચળું કર્યું એમ કહી । ચોતરા પર બેઠા છે જઇ ॥૧૧॥
પછે ત્રણે અમર ત્યાં આવ્યા, વળી વાડવનો વેષ લાવ્યા । સર્વે સામગ્રી કરી છે સિદ્ધ, પૂજા કરે છે પ્રેમે પ્રસિદ્ધ ॥૧૨॥
ભણે મૂળ તે વેદના મંત્ર, ત્રણે દેવ થયા એક તંત્ર । વિધિ કરે છે વેદ ઉચ્ચાર, ચતુર્મુખેથી નાના પ્રકાર ॥૧૩॥
કરી આરતીને ધૂપદિપ, પૂજા કરી ઉભા છે સમીપ । થયા પ્રેમે સજળ લોચન, બહુ રાજી કર્યા ભગવાન ॥૧૪॥
કર્યાં દર્શન ધર્મે પ્રત્યક્ષ, વારે વારે ભરી જોયા ચક્ષ । પ્રેમવડેથી કર્યો પ્રણામ, રજા લઇ ગયા નિજ ઠામ ॥૧૫॥
પ્રભુજીને બેઠું ત્રીજું વર્ષ, કર્યો વિચાર તે ઉતકર્ષ । શુભ મુહૂર્ત જોયું તે વાર, શ્યામને કરે ચૌલ સંસ્કાર ॥૧૬॥
અમૈરાતને તર્ત બોલાવ્યો, નિજ સાધન લઇ તે આવ્યો । મળ્યાં સૌ સંબંધી યોજન, વશરામ આદિ શુભ મન ॥૧૭॥
નારાયણસરોવરે આવ્યાં, ભક્તિ ધર્મ તણે મન ભાવ્યાં; નરેચાનો પંડિત જે કેયે, નામ રામનારાયણ લૈયે ॥૧૮॥
મહાપ્રભુની ઇચ્છા પ્રમાણે, અકસ્માત આવ્યો છે તે ટાણે । કર્યું પંડિતે પવિત્ર તે સ્થાન, વેદ મંત્ર વડે દઇ માન ॥૧૯॥
પછે પ્રેમવતી જેહ માત, બેઠાં તે પૂર્વ મુખે સાક્ષાત । ઘનશ્યામને લીધા ઉત્સંગે, કેશ વડા કરાવ્યા ઉમંગે ॥૨૦॥
બીજી વાર અસ્ત્રો લઇ હાથ, હજામત કરે છે સનાથ । મૂકી પ્રભુજીએ માયા ગૂઢ, અમૈરાત થયો દિગ્મૂઢ ॥૨૧॥
નથી દેખતો હરિને દ્રષ્ટ, શુન્ય મુન્ય બેસી રહ્યો સ્પષ્ટ । મૂર્તિમાતા કહે પછે એમ, અમૈ બેસી રહ્યો છે તું કેમ ॥૨૨॥
નથી કરતો પુત્રનું વતું, થયું બેબાકળું તુજ મતું । અમૈરાત બોલ્યો છે મુખેથી, ઘનશ્યામને દેખતો નથી ॥૨૩॥
હવે કોની કરું હજામત, મારી હરી લીધી જાણે મત । બીજા સહુ તો હરિને ભાળે, નથી દેખતો અમૈ તે કાળે ॥૨૪॥
વિસ્મે પામ્યાં થકાં કહે માત, સુણો પુત્ર તમે મારી વાત । અધુરું ક્ષૌર તો શોભે નહિ, પુરું કરવા દ્યો પુત્ર સહિ ॥૨૫॥
એવું કે'તામાં દર્શન દીધું, અમૈરાતનું કારજ સિધું । કરી પુરી હજામત કોડે, પગે લાગ્યો પછે કર જોડે ॥૨૬॥
નારાયણસરે કર્યું સ્નાન, તૈયાર થયા છે ભગવાન । નવાં વસ્ત્ર આભૂષણ સાર, મામાયે પહેરાવ્યાં નિરધાર ॥૨૭॥
ગાતાં વાતાં આવ્યાં સહુ ઘેર, પ્રભુએ કરી છે લીલાલેર । ધર્મદેવે કર્યાં છે બહુ દાન, વિપ્રને જમાડ્યા દઇ માન ॥૨૮॥
ગીત મંગલ ગાય છે નારી, કરી ચોરાશી આનંદકારી । સગાં સંબંધીને ત્યાં જમાડ્યાં, ધામધુમ કરીને રમાડ્યાં ॥૨૯॥
ધર્મભક્તિ એ કામમાં રહ્યાં, ઘનશ્યામને તો ભુલી ગયાં । વેણી માધવ કે મહારાજ, ચાલો રમવા આપણે આજ ॥૩૦॥
ગયા એમ વિચારીને મન, નારાયણસરોવર તન । પૂર્વ દિશા આંબાવાડી જેહ, રમે સખા સંઘે હરિ તેહ ॥૩૧॥
એટલામાં કાલિદત્ત પાપી, મહામલિન ધી જેની વ્યાપી । આવ્યો આંબાવાડીમાં જે પાપ, રમે બાળકરૂપે તે આપ ॥૩૨॥
કરે રમત ગમત કેવી, નાના બાળકને ગમે તેવી । નિશ્ચે મારવા છે બહુનામી, એવું ધારી આવ્યો છે હરામી ॥૩૩॥
રમે કપટથી મન સાથ, જાણે ક્યારે હરિ આવે હાથ । કર લાંબો કરીને અસુર, પકડે જેવો વિભુને ૧ભુર ॥૩૪॥
ત્યાં તો અંતર્યામીએ જાણ્યું, પાપીનું પાપ તે પરમાણ્યું । કરી ક્રૂર નજર શ્રીરંગે, તે તો દાઝવા લાગ્યો છે અંગે ॥૩૫॥
પોતાની કુબુદ્ધિને ચલાવી, તરત આસુરી માયા ફેલાવી । ભારે વાયુ ભયંકર વાય, અંધકાર આકાશે દેખાય ॥૩૬॥
ગાજવીજથી તે ઘન વર્ષે,થાય વિદ્યુતપાત તે દર્શે । રમતા હતા બાળક ત્યાંય, ટાઢ વ્યાપી ગઇ અંગમાંય ॥૩૭॥
બીજા બાળક એકઠા થયા, આંબાના થડમાં બેસી ગયા । દહિયા આંબાનું છે જ્યાં વૃક્ષ, ત્યાં બેઠા છે પ્રભુજી પ્રત્યક્ષ ॥૩૮॥
શોધે છે હરિને તે અસુર, આવ્યો દહિયે આંબે તે ભુર । આવી જુવે નિશાચર પાસ, અઘવાને દીઠા અવિનાશ ॥૩૯॥
તેને પગથી શિખા પર્યંત, લાગી અગ્નિની જ્વાલા અનંત । ક્રોધાતુર થયો તે અપાર, બન્યો આસુરી દેહ વિકાર ॥૪૦॥
કરી ગર્જના ઘોર ગંભીર, ચડ્યો આકાશમાંહિ અધિર । કર્યું પર્વત પ્રાય શરીર, પડ્યો ઓચિંતો પાપી અધિર ॥૪૧॥
જે તરુતલે છે ઘનશ્યામ, તેના ઉપર પડ્યો તે વામ । પડતામાં આંબો ભાંગી ગયો, એક ભાગ કાયમ ન રહ્યો ॥૪૨॥

દૈત્યે જાણ્યું હશે મુવો વૈરી, ઘણા ભાગમાં લીધો છે ઘેરી । નીચે ઉતરી જુવે નાદાર, ત્યાં તો બેઠા છે વિશ્વઆધાર ॥૪૩॥
આ તો જીવે છે મુવોજ નથી, પણ એને મારું હું કરથી । એવું જાણીને ઝાલવા જાય, હરામી હૈયામાં હરખાય ॥૪૪॥
કર લાંબા કર્યા તેહ કાળ, કરી વિકટ દ્રષ્ટિ દયાળ । મોહ પામ્યો થયો ગતિભંગ, બન્યું હાલર વિલર અંગ ॥૪૫॥
એમ અથડાઈ મરી ગયો, વેગે ૧કતાંતને વશ થયો । કરીતી એણે માયા પ્રકાશ, પછે તરત પામી ગઈ નાશ ॥૪૬॥
હવે વેણી માધવ પ્રયાગ, શોધે પ્રભુજીને મહાભાગ । હે હરિકૃષ્ણ હે ઘનશ્યામ, હે સખા તમે કોણ છો ઠામ ॥૪૭॥
એમ કહી કરે છે રૂદન, જણાયા નહિ પ્રાણજીવન । ત્યાં તો ગામમાં ખબર થઈ, બાળકની શુધ નવ રહિ ॥૪૮॥
ગયા આંબાવાડીમાં રમવા, ઘેર આવ્યા નથી તે જમવા । એમ ચાલી પરસ્પર વાત, થયાં બેબાકળાં મૂર્તિમાત ॥૪૯॥
એવું જાણીને સઘળા જન, ધર્માદિક વિચારે છે મન । ચાલો ત્યાં જઈ કરીયે તપાસ, પુત્રને શોધી લાવો આવાસ ॥૫૦॥
આવી બગીચામાં જોવા લાગ્યાં, ત્યાં તો મોટાં તરુ પડી ભાંગ્યાં । એવે સમે શ્રદ્ધાદિક બાર, આવી તેડી લીધા ત્યાં કુમાર ॥૫૧॥
સ્તનપાન કરાવે અનુપ, શ્રીહરિ થયા તેટલે રૂપ । તે સમે ધર્મ-ભક્તિ જુવે છે, બગીચામાં આવીને રુવે છે ॥૫૨॥
આવ્યાં જોતાં જોતાં ત્યાંહાં મામી, સુંદરીયે દીઠા બહુનામી । મન માન્યા મારા મહારાજા, દહિયા આંબા પાસે બીરાજ્યા ॥૫૩॥
તેડિ લીધા રાખી તેને સરત, આપ્યા ભક્તિમાતાને તરત । પુત્રને તેડી આનંદ પામ્યાં, સુખ થયું સંકટ સૌ વામ્યાં ॥૫૪॥
પામ્યાં આશ્ચર્ય સઘળાં લોક, ઘરે આવ્યાં શમી ગયો શોક । માતા અધિક પ્રેમ સહિત, કરે લૌકિક વેમની રીત ॥૫૫॥
ઘર વચે બેસાર્યા કુમાર, બાંધી દ્રષ્ટિ વળી સાતવાર । મીઠું મરચું રાઈ કર લીધું, એક થાળી મધ્યે ભરી દીધું ॥૫૬॥
એક વસ્ત્ર ઓઢાડીને રાખ્યું, માથે ઉતારી અગ્નિમાં નાખ્યું । ભૂત પ્રેતાદી દૂર વળજ્યો, લાલજીથી વેગળા ટળજ્યો ॥૫૭॥
એમ કરે માતા આસવાસ, જાુવે છે બેઠા શ્રીઅવિનાશ । એ અટપટી માયા કરીને, લે છે સર્વેનાં મન હરિને ॥૫૮॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્યજશ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે કાલિદત્તનો પરાજય કર્યો એ નામે અઢારમો તરંગઃ ॥ ૧૮ ॥

પૂર્વછાયો– શ્રીઘનશ્યામ સંભારીને, ગાઉં છું બાલચરિત્ર । સારી મતિ દેજ્યો મુજને, થાઉં તે પુન્ય પવિત્ર ॥૧॥
એક સમે છુપૈયા વિષે, દુંદત્રવાડીને ઘેર । ગોર આવ્યો છે ગયાજીનો, ગયાદત્ત રૂડીપેર ॥૨॥
તેણે દીઠા ઘનશ્યામને, ઉઠીને આવ્યા તે પાસ । ઓશરીમાં બેઠા જમે છે, દહિભાત અવિનાશ ॥૩॥
નિર્ખે છે તે એક નજરે, જોઈ રહ્યો ઘણીવાર । શ્રીહરિની ઈચ્છા થકી, થયું કામ એનું તે ઠાર ॥૪॥
કામાદિ એના અંગમાંથી, શત્રુ નિકળ્યા બહાર । મૂર્તિમાન આવીને ઉભા, પગે લાગે છે તેવાર ॥૫॥

ચોપાઈ– અંતરશત્રુ ઉભા સન્મુખ, ગોર શાંતિ પામ્યા થયું સુખ । પુરોહિત બન્યા ગુણવાન, થયા છે જાણે સમાધિવાન ॥૬॥
એટલામાં તો આવ્યા ત્યાં ધર્મ, વદે ગોરને વચન પર્મ । રસોઈ પડી મૂકીને આજ, તમે શું જાુવો છો મહારાજ ॥૭॥
ગોર બોલ્યા છે જોડીને હાથ, સુણો હરિપ્રસાદ સનાથ । મોટાં મોટાં કર્યા મેં તો તીર્થ, પણ એથી સર્યો નહિ અર્થ ॥૮॥
મારું શાંતિ પામ્યું નહિ ચિત્ત, આજતો સુખ પામ્યો અમિત । તમારા પુત્રનું જોયું મુખ, મટ્યું અંતરશત્રુનું દુઃખ ॥૯॥
જોગી જતી જંગમ સન્યાસી, ઘણા જોયા મેં યોગઅભ્યાસી । કર્યા સંગસમાગમ વેશ, નવ શાંતિ થઈ લવલેશ ॥૧૦॥
તમારા પુત્રની જોઈ કાંતિ, અહિં આવીને પામ્યો હું શાંતિ । ઘણું તપ કર્યું ધરી ધીર, પણ નોતું થયું મન સ્થિર ॥૧૧॥
એમ કેતાં કેતાં કામ સિધાં, અલૌકિક ત્યાં દર્શન દિધાં । શંખ ચક્ર ગદા પદ્મધારી, એવે રુપે જોયા શ્રીમુરારી ॥૧૨॥
અલૌકિક પ્રતાપ બતાવ્યો, ગયાદત્તને નિશ્ચે કરાવ્યો । જોઈ પ્રારથના કરે ગોર, અહો હો થયું આશ્ચર્ય જોર ॥૧૩॥
શ્રીહરિચરણે ધર્યું શીષ, કરી સ્તુતિને આપે આશિષ । જય જગકર્તા જગવાસી, જય અક્ષરપર અવિનાશી ॥૧૪॥
તમે વિશ્વપતિ છો વિધાતા, શરણાગતવત્સલ સુખદાતા । વાલીડા બ્રહ્મમોલનાવાસી, જય અક્ષરપર અવિનાશી ॥૧૫॥
મહા અખંડ જ્ઞાન અમોઘ, પ્રભુજી તમે આનંદ ઓઘ । માયાતીત માયાથી ઉદાસી, જય અક્ષરપર અવિનાશી ॥૧૬॥
જય અનંત આશ્ચર્યકારી, જય અવતારના અવતારી । દેવના દેવ ઈશ વિલાશી, જય અક્ષરપર અવિનાશી ॥૧૭॥
અનંતકોટી બ્રહ્માંડાધીશ, અક્ષરાધિપતિ જગદીશ । ચિત્રવિચિત્ર જક્ત વિકાસી, જય અક્ષરપર અવિનાશી ॥૧૮॥
કરી પ્રારથના થોડીવાર, પછે ઐશ્વર્ય સમાવ્યું સાર । ગયાદત્તની પાસે નૌતમ, હતું ચંદન કાષ્ટ ઉત્તમ ॥૧૯॥
ઉષ્ણ તેલ ગમે તેવું હોય, નાખે ઘસીને છાંટો જો કોય । તરત બને છે શીતલતાય, ફરીને પાછું ગરમ નથાય ॥૨૦॥
એવું લાવ્યો તો કાષ્ટ અમૂલ, આપ્યું ધર્મને લીધું ન મૂલ । કહે આ વડે કરો પૂજન, તવ પુત્ર વિષે દઈ મન ॥૨૧॥
હવે ત્યાર પછી એક વાર, ધર્મ બેઠા છે પોતાને દ્વાર । વિચારે છે તે સમય મન, વારે વારે બને છે વિઘન ॥૨૨॥
માટે પદ્મપુરાણની કથા, વાંચુ ઘેર બેસીને સર્વથા । વળી કરાવું હું અનુષ્ઠાન, સ્વસ્તિવાચન આદિક ધ્યાન ॥૨૩॥
એમ ધારીને કર્યો આરંભ, રોપ્યો ચોતરા ઉપર સ્તંભ । સગાં કુટુંબી સઘળાં જન, સુણે કથા તે પુણ્યપાવન ॥૨૪॥

ત્યારે શ્રીહરિ થયા તૈયાર, પેર્યા વસ્ત્ર અને અલંકાર । આવી બેઠા છે કથામાં આપ, ટાળવા સર્વેના ત્રણ તાપ ॥૨૫॥
એવી ચાલે છે રૂડી કથાય, આવ્યો એકાદશી મહિમાય । અશ્વમેઘથી સોળઘણું ફળે, કરે એકાદશી તેને મળે ॥૨૬॥
એકાદશી મહિમા અપાર, વશરામે તે કર્યો વિચાર । હું કરતો નથી કોયદિન, મારી મતિ ઘણીછે મલિન ॥૨૭॥
હવે હમેંશાં વ્રત આદરું, કોડે કોડે એકાદશી કરું । એવો મનમાં કર્યો વિચાર, જાણ્યો અંતરજામીયે સાર ॥૨૮॥
ઘનશ્યામજી કહે છે મામા, સુણો તમે આવી મુજસામા । તમે નિમ જે લીધો મનથી, ધારી જો કરો હવે તનથી ॥૨૯॥
અહિં પામશો સુખનો વર્ગ, પરલોકે પામો ૧અપવર્ગ । એમ કહિ બતાવ્યું રૂપ, અક્ષરધામ તણું અનૂપ ॥૩૦॥
અનંતકોટી મુક્ત સહિત, દેખાડ્યું ધામ માયારહિત । થોડીવાર જણાવ્યો પ્રતાપ, મૂકી માયા પ્રભુજીયે આપ ॥૩૧॥
સર્વ કથા સુણે છે તે સ્પષ્ટ, ઓચિંતાનું આવી પડ્યું કષ્ટ । એક અસુર મોટો ત્યાં આવ્યો, બીજા કેટલા પાપીને ત્યાં લાવ્યો ॥૩૨॥
કરી આસુરી માયા અપાર, અકસ્માત કર્યો અંધકાર । થવા માંડ્યો છે ઉલકાપાત, જાણે કરશે જનની ઘાત ॥૩૩॥
દેવતાઓને ત્રાસ પમાડ્યા, નિજસ્થાનકમાંથી નસાડ્યા । વસુધા થઈ કંપાયમાન, જાણે આવ્યું ખરું અવસાન ॥૩૪॥
ચડ્યો આકાશમાં ચકચુર, થયો અનેકરૂપે તે ભુર । દેખાડ્યું ભયંકર આચર્ણ, કર્યો રસવિતા ધુંધલ વર્ણ ॥૩૫॥
ઘણો ઘણો ઉડાવે છે ગર્દ, થયા કાયર કાયર મર્દ । શરવૃષ્ટિ કરે સુસવાટ, થાય વિદ્યુતના ચળકાટ ॥૩૬॥
શૈલ વર્ષાવે છે ફેરી ફેરી, છપૈયાપુર લીધું છે ઘેરી । સર્વે સમરે છે ઘનશ્યામ, લેઈ લેઈ જુદાં જુદાં નામ ॥૩૭॥
હે સખા બંધુ દિનદયાળ, હવે રાખો અમારી સંભાળ । હે હરિકૃષ્ણ હે ઘનશ્યામ, કરો રક્ષા અમારી આ ઠામ ॥૩૮॥
પાપી ચંડાળને મારો મારો, આપ આવી અમને ઉગારો । એવું સુણીને ધર્મકુમારે, સંભાર્યું ચક્રને તેહવારે ॥૩૯॥
આવી પોચ્યું છે સુદર્શન, કરી નાખ્યું પાપીનું છેદન । એની જોડે હતા બીજા દૈત, નાઠા ત્રાસીને પ્રાણ સહિત ॥૪૦॥
આસુરી માયા રહિ ન કોઈ, રાજી રાજી થયાં જન જોઈ । આવ્યા અમર સહુ આકાશે, કરે દુંદુભીનાદ વિલાસે ॥૪૧॥
ગાય ગાંધર્વ રંભાદિ નાચે, ઉપુરુહૂત જોઈ જોઈ રાચે । થાય પુષ્પની વૃષ્ટિ અપાર, કરે દેવ જયજયકાર ॥૪૨॥
એમ ઉગાર્યા પોતાના ભક્ત, વળી સુખી થયું બધું જક્ત । આવા શ્રીહરિના ઉપકાર, ભુલે તેને છે ધિક ધિક્કાર ॥૪૩॥
વળી ત્યાર પછી એકદિન, કરી હરિયે લીલા નવીન । જન્મસ્થાનને કુવે હુલાસ, ઉભાં પ્રેમવતી સુત પાસ ॥૪૪॥
ભક્તિમાતાનાં ભોજાઈ આવ્યાં, જગવંતા જાંબુફળ લાવ્યાં । બીજાં નારંગીનાં ફળ સાથ, આપ્યાં ભક્તિમાતાજીને હાથ ॥૪૫॥
ઉભાં ઉભાં જમે છે તે માતા, સામું જોઈ રહ્યા સુખદાતા । શ્રીહરિ લાંબો કરીને હાથ, ફળ માગે ત્રિભુવન નાથ ॥૪૬॥
કર ખીંચે છે માતાનો ગ્રહિ, મૂકાવે પણ તે મૂકે નહિ । એક નજરે જુવે છે પ્યારા, મુખે બોલાવે છે બચકારા ॥૪૭॥
તોયે માતાજી આપતાં નથી, તેનું કારણ હું કહું કથી । ઘનશ્યામ જો આફળ ખાશે, તરત પુત્રને માંદગી થાશે ॥૪૮॥
એમ ધારી આપ્યાં નહિ ફળ, બહુનામી બતાવે છે બળ । કર વધારી ઝડપી લીધું, ફળ પૃથ્વી ઉપર પાડી દીધું ॥૪૯॥
માતાએ કરી મનમાં રીશ, કર મુકાવી દીધો તે દીશ । તે કુવાનો જેહ પરથાર, પડ્યા તે ઉપર ભવતાર ॥૫૦॥
ખમા ખમા કરી તેડી લીધા, કર્યું ચુંબન શીતળ કીધા । કરી માનુષી લીલા રુવે છે, પગ પછાડી સામું જુવે છે ॥૫૧॥
તમે છાના રહો ઘનશ્યામ, જનુની કહે લ્યોને આ જામ । પછે રાજી થયા પરમેશ, નથી રીશ કાંઈ લવલેશ ॥૫૨॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિએ વશરામમામાને અક્ષરમુક્ત સહિત પોતાનું દર્શન દીધું એનામે ઓગણીસમો તરંગઃ ॥ ૧૯ ॥

પૂર્વછાયો– ધર્મ ભક્તિએ મન ધાર્યું, થાય છે વિઘ્ન અપાર । માટે છપૈયા મૂકી ચાલો, અવધપુર મોઝાર ॥૧॥
સાધન સર્વે લીધાં સાથ, પોતે થયાં તૈયાર । છપૈયાપુરથી ચાલીયાં, લીધા સાથે બેઉ કુમાર ॥૨॥
વચ્ચે મખોડા ઘાટ થઈ, આવ્યાં સર્જુને તીર । વાણે બેસી ઉતરવું છે, સર્જુગંગાનું નીર ॥૩॥
નાવિકને દર્શન દિધાં, સુખકારી ઘનશ્યામ । કૃષ્ણસ્વરૂપે ચતુર્ભુજ, કેશવ પૂરણકામ ॥૪॥
ખેવટીયાને નિશ્ચે થયો, જે આતો પ્રભુ છે આપ । સેવા કરું હવે સ્નેહથી, તો ટાળે ત્રિવિધી તાપ ॥૫॥

ચોપાઈ– બોલ્યો નાવિક નમ્ર વચનરે, સુણો ભક્તિ ધર્માદિ પાવનરે । તમારા પુત્રે દર્શન દીધાંરે, બાળી કલ્મષ કલ્યાણ કીધાંરે ॥૬॥
તમ પાસે લેવું નથી દામરે, મારે કરવું તમારું કામરે । તમને ઉતારું ગંગા પારરે, ત્યાં સુધી મુને આપો કુમારરે ॥૭॥
મુને રમાડવા થઈ પ્રીતરે, ચોરી લીધું જાણે મારું ચિત્તરે । મહા દુઃખરૂપી આ સંસારરે, મુને પમાડશે પ્રભુ પારરે ॥૮॥
આપ્યા ખેવટીયાને કુમારરે, પછે ઉતર્યા ગંગાની પારરે । થોડી વારમાં હરખે ભર્યાંરે, રામઘાટે જઈને ઉતર્યાંરે ॥૯॥
કર્યો ખેવટીયે નમસ્કારરે, પછે ચાલ્યા ત્યાંથી નિરધારરે । ચારે જણાનો સુંદર વેષરે, કર્યા અવધપુર પ્રવેશરે ॥૧૦॥
અયોધ્યાની છે શોભા અપારરે, જોતા જાયછે પુર બજારરે । શાખા નગર બ્રહટા નામેરે, કર્યા મુકામ આવી તે ઠામેરે ॥૧૧॥

એમ ઠરી રયાં નિજસ્થાનરે, સુખેથી ભજેછે ભગવાનરે । એક દિવસ ધારીને મનરે, ગયાં મંદિરે કરવા દર્શનરે ॥૧૨॥
હનુમાનગઢી જન્મસ્થાનરે, કર્યાં દર્શન ધરીને ધ્યાનરે । બીજાં મંદિરે દર્શન કીધાંરે, ભકિતમારગનાં સુખ લીધાંરે ॥૧૩॥
ત્યાંથી આવ્યાં પોતાને ઘેરરે, નિજ ધર્મ પાળે રૂડી પેરરે । પછે જમ્યાની થઇ તૈયારીરે, બોલ્યા હરિપ્રસાદ વિચારીરે ॥૧૪॥
સુણો રામપ્રતાપજી સુધરે, ભાઇ લેઇ આવો તમે દૂધરે । પિતાનું વચન સુણી તે વારરે, તર્ત ગયા પોતે દૂધ લેવારે ॥૧૫॥
ધનીરામ આપો મને દૂધરે, હમણાં પૈસા આપીશું સુધરે । તે કહે ઉધારે દેતો નથીરે, પેલા પૈસા લાવો ઘરમાંથીરે ॥૧૬॥
એવું સુણીને પાંડે જોખનરે, પૈસા લેવા આવે છે ભુવનરે । જાણી અંતરજામીયે પેરરે, મોટાભાઇ પાછા આવે છે ઘેરરે ॥૧૭॥
બીજું રૂપ ધર્યું અવિનાશરે, આવ્યા આહિર પાસ ઉલ્લાસરે । પૈસા આપીને ત્યાં દૂધ લીધુંરે, પાછું પ્રયાણ ઘેરજ કીધુંરે ॥૧૮॥
અનંતને મળ્યા મન ધીરરે, સાથે ઘેર આવ્યા બેઉ વીરરે । ઘનશ્યામને આવતા જોઇરે, બોલ્યાં પ્રેમવતી મન મોઇરે ॥૧૯॥
સુણો રામપ્રતાપજી સારરે, તમો સંગે છે કોનો કુમારરે । શ્રીહરિતો ઘરમાં જમે છેરે, તમ સાથે આ કોણ ભમે છે રે ॥૨૦॥
મોટાભાઇ કહે સુણો માતારે, ભાઇ તો મારી સાથે આવ્યાતારે । અમે આવ્યા છૈયે બેઉ સાથરે, ક્યાંથી ઘરવિષે હોય નાથરે ॥૨૧॥
જુવે રસોડામાં બલરામરે, બેઠાબેઠા જમે ઘનશ્યામરે । બીજું રૂપ કર્યું અદર્શરે, નથી માયા તણો કાંઇ સ્પર્શરે ॥૨૨॥
પછી જમવા બેઠા સંગાથરે, લીધી રોટલી માતાએ હાથરે । આવ્યો ઓચિંતો મર્કટ એકરે, તેણે ઝડપી લીધી વિશેકરે ॥૨૩॥
જઇ બેઠો તે આંબલી વૃક્ષરે, શ્રીહરિએ જોયું છે પ્રત્યક્ષરે । નાથે નજર તે મીઠી બાંધીરે, થઇ મર્કટને તો સમાધિરે ॥૨૪॥
રહી રોટલી કર મોઝારરે, દિન વિતી ગયા ત્રણ ચારરે । પછે મહારાજે દયા કીધીરે, તેની સમાધિ ઉતારી દીધીરે ॥૨૫॥
આવ્યો મર્કટ પ્રભુની પાસરે, કર જોડી નમ્યો કરી હાસરે । જોયું નજરે તે સર્વે જનેરે, ગયો મર્કટ નિર્મળ મનેરે ॥૨૬॥
એવું જોયું ચરિત્ર વિલાસીરે, પામ્યાં આશ્ચર્ય અયોધ્યાવાસીરે । માતાપિતાને આનંદ આપેરે, શરણાગતનાં કષ્ટ કાપેરે ॥૨૭॥
વળી ત્યાર પછી એકવારરે, બીજું ચરિત્ર કર્યું કીરતારરે। લેઈ ભાંણામાં પુરી ને દહિંરે, જમવા બેઠા ઓશરીમાંહિરે ॥૨૮॥
એક મર્કટ આવ્યો ૧અડપીરે, લીધી કરથી પુરી ઝડપીરે । જઇ બેઠો છે આંબલી ડાળેરે, તેને શ્રીઘનશ્યામજી ભાળેરે ॥૨૯॥
થોડી દયા આવી મનમાંયરે, હાથ વધાર્યો હરિએ ત્યાંયરે । કરવડે ઝાલ્યું ગરદનરે, કર્યો પૃથ્વી ઉપર મર્દનરે ॥૩૦॥
એવે મર્કટે ચીચીયા પાડ્યારે, બીજા મર્કટ આવીયા દોડ્યારે । ઘનશ્યામને મારવા મારરે, ભેગા થઇ કરે કીલકાર રે ॥૩૧॥
ગુણવંતને ઘેરોજ દીધોરે, વિઠલે મન વિચાર કીધોરે । આવ્યાં છે ત્યાં મર્કટ જેટલાંરે, ધર્યાં રૂપ પ્રભુએ તેટલાંરે ॥૩૨॥
હરિપ્રસાદ મન વિચારેરે, રખે માંકડાં સુતને મારેરે । કર લાકડી લીધી છે ત્યાંયેરે, આવે પ્રભુ બીરાજ્યા છે જ્યાંયેરે ॥૩૩॥
હરિએ ધર્યાં રૂપ અનેકરે, નસાડ્યાં માંકડાં તે વિશેકરે । છીન ભીન કરીને ભગાવ્યાંરે, કેકનાં ચરણ ઝાલીને ફગાવ્યાંરે ॥૩૪॥
પિતાજી પાસે આવીને પૂછેરે, મારા લાડીલા કુંવર શું છેરે । તમે મર્કટ નસાવી દીધાંરે, ઘણાં રૂપેથી દર્શન દીધાંરે ॥૩૫॥
એનું કારણ શું છે તે હરિરે, મુને વાત કરો સત્ય ખરીરે । જેણે ખાધી પ્રસાદી તમારીરે, તેને શું ફળ મળશે મુરારીરે ॥૩૬॥
હરિ કહે ૧નરેશ તે થશેરે, વળી મોક્ષ ગતિને પામશેરે । બીજાં મર્કટ થાશે ત્યાં દાસરે, સેવા કરશે રહીને પાસરે ॥૩૭॥
ગતિ ગોવિંદજીની ગૂઢરે, તે તો સમજી ન શકે મૂઢરે । પછે પોતાની ઇચ્છાએ કરીરે, આવ્યાં ત્યાં બીજાં મર્કટ ફરીરે ॥૩૮॥
અનુક્રમે કર્યાં છે દર્શનરે, બેઠા સન્મુખ વાળી આસનરે । એવે સમે છુપૈયાથી આવ્યારે, મોતીરામજી સંદેશો લાવ્યારે ॥૩૯॥
દુંદત્રવાડી માંદા થયા છે રે, તમારી વાટ જોઇ રહ્યાછેરે । માટે ચાલોજ છુપૈયાપુરરે, કરો રતાકીદ થાશે અસુરરે ॥૪૦॥
ધર્મભક્તિને શ્રીબલરામરે, મોતી વશરામ ઘનશ્યામરે । આવ્યા છુપૈયાપુર છે જ્યાંયરે, દુંદત્રવાડી ઇચ્છે છે ત્યાંયરે ॥૪૧॥
સર્વે સગાં પરીવાર આવ્યાંરે, પૂછ્યું કુશળ પ્રેમે વધાવ્યાંરે । દુંદ ત્રવાડી પાસે તે ગયારે, ઘનશ્યામજી ત્યાં ઉભા રહ્યારે ॥૪૨॥
પોતે બતાવ્યું છે સર્વ જ્ઞાનરે, છોડાવ્યું દેહ ગેહનું ભાનરે । તજાવ્યો માયાતણો સંસર્ગરે, આપ્યો શ્રીહરિએ ૩અપવર્ગરે ॥૪૩॥
પોતાનું જે છે અક્ષરધામરે, તેમાં પોંચાડ્યા સુંદરશ્યામરે । કરવા નિજ પિતાનું શ્રાદ્ધરે, ગયા મોતીરામ નિરબાધરે ॥૪૪॥
નારાયણસરપર આવ્યારે, કર્યું શ્રાદ્ધને શોક સમાવ્યારે । એવે સમે શ્રીઘનશ્યામરે, ગયા સખા લઇને તે ઠામરે ॥૪૫॥
દીધાં દર્શન મામાને ત્યાંયરે, આશ્ચર્ય પમાડ્યા જલમાંયરે । મામા સ્થિર થયા તેહવારરે, પોતે નિકળ્યા જળથી બારરે ॥૪૬॥
ઘનશ્યામને કર્યા પ્રણામરે, કર જોડીને પામ્યા વિરામરે । કેમ પ્રણામ કરો છે મામારે, તમે ઉભા રહી મુજ સામારે ॥૪૭॥
તારે ગદ ગદ કંઠે થયારે, મામો કર જોડી ઉભા રહ્યારે । બોલ્યા મુખે મધુર વચનરે, ભાઇ તમેતો છો ભગવનરે ॥૪૮॥
આજતો સંદેહ સર્વ ગયોરે, મારા મનમાં નિશ્ચય થયોરે । પુરુષોત્તમ છો તમે આપરે, અક્ષરાધિપતિ છો અમાપરે ॥૪૯॥
એવું કહીને આવ્યા સહુ ઘેરરે, પછી બીજી કહું એક પેરરે । તેને સુણો થઇ સાવધાનરે, હવે શું કરેછે ભગવાનરે ॥૫૦॥
સર્વે સખા લેઇ તેહ વારરે, રમવા જાવા કર્યો વિચારરે । સખાએ અંગે પેર્યાં અપારરે, રૂડાં વસ્ત્ર અને અલંકારરે ॥૫૧॥
નથી વસ્ત્ર પેર્યાં હરિએ જ્યારેરે, માતા તે જોઇને બોલ્યાં ત્યારેરે । આવો સુંદર વસ્ત્ર પેરાવુંરે, રૂડાં ભૂષણ આજ ધરાવુંરે ॥૫૨॥
હરિ કહે મેં પેર્યાં અપારરે, વસ્ત્ર ઘરેણાં નાના પ્રકારરે । એમ કહી બતાવ્યું અનુપરે, પોતાનું મૂળ દિવ્ય સ્વરૂપરે ॥૫૩॥

જોઇ આશ્ચર્ય પામ્યાં છે માતારે, ધન્ય ધન્ય તમે સુખદાતારે। માતાએ મોકલ્યા છે રમવારે, ભાઇ વેલા આવજ્યો જમવારે ॥૫૪॥
સર્વે સખા લઇને સંગાથરે, નારાયણસરે ગયા નાથરે। રમતમાં નિશા પડી જોયરે, તોય ઘેર નથી આવ્યા કોયરે ॥૫૫॥
ભક્તિમાતા થયાં ચિંતાતુરરે, ગયાં તેડવા થઇ આતુરરે। કરે ઉંચે નાદે તે પોકારરે, ઘેર ચાલો ચાલોને કુમારરે ॥૫૬॥
હવે ક્યાં સુધી રેશો રમવારે, ક્યારે આવશો ઘેર જમવારે। એવું સુણીને ઘેર પધાર્યારે, સર્વેના મનોરથ સુધાર્યારે ॥૫૭॥
પ્રેમવતીએ પ્રેમે રમાડ્યારે, ભાત્ય ભાત્યના થાળ જમાડ્યારે। હરખી નિરખી વારણાં લહેછેરે, રાજી રાજી સદાયે રહે છેરે ॥૫૮॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિએ નારાયણસરોવરે મામાને અલૌકિક રૂપે દર્શન દીધું એ નામે વીશમો તરંગઃ ॥ ૨૦ ॥

પૂર્વછાયો– બાળલીલાસાગરમાંથી, ઉઠે તરંગ અનેક। મહિમા જાણે સુખમાણે, જે સુણે ધરીને ટેક ॥૧॥
પુન્યશાળી જન પામશે, છપૈયાપુરનો પંથ। અનેક જન્મ સંસિદ્ધને, મળે સાંભળવા આ ગ્રંથ ॥૨॥
અનંત ગુણ છે પ્રભુના, પામે નહિ કોઇ પાર। અલ્પ બુદ્ધિએ ગાઉં છું, યથા મતિ અનુસાર ॥૩॥
પ્રભુ થયા ત્રણ વર્ષના, કરે ચરિત્ર અપાર। સખા સર્વેને સંગ લઈ, રમે છે વારમવાર ॥૪॥
એકદિન ઘનશ્યામજી, નારાયણસર તીર। વેણી માધવ પ્રયાગ સાથે, રમે છે ત્યાં બલવીર ॥૫॥
ચોપાઈ– જાુવો ધર્મધુરંધરધીર, રમે નારાયણસર તીર। રમ્યા કાંઠા ઉપર દેવેશ, પછે જળમાં કર્યો પ્રવેશ ॥૬॥
લીલા કરે છે તેમાં અપાર, એમ કર્તા થઇ ઘણીવાર। પછે જળથી નીકળ્યા બાર, વસ્ત્ર પેરી થયા છે તૈયાર ॥૭॥
ઉગમણી આંબાવાડી આવ્યા, વેણી માધવ પ્રાગને લાવ્યા। અલબેલો આવીને ત્યાં અડ્યા, નવરંગા આંબા પર ચડ્યા ॥૮॥
સારી સ્વાદિષ્ટ કેરીઓ લીધી, સખાને જમવા સારુ દીધી। પોતે તો જમ્યા ઉપર બેઠે, પણ આવ્યા નહિ પ્રભુ હેઠે ॥૯॥
એવામાં આવ્યા બ્રાહ્મણ ઘણા, ગુણવાન ગામ ગૌરા તણા। હિમતરામ આદિ તે ઠામ, બીજા બ્રાહ્મણ છે ઘણા નામ ॥૧૦॥
કેતાં ગ્રંથ પામે છે વિસ્તાર, નામ લખ્યાં નથી આણે ઠાર। જાય છે દેવી પાટણ મેળે, બીજા જન ઘણાછે તે ભેળે ॥૧૧॥
આવીને તે આંબાતળે જોવે, કેરીયો દેખીને મન મોવે। વેણીરામે જ્યાં ભેગી કરી છે, તેના ઉપર દ્રષ્ટિ ઠરી છે ॥૧૨॥
ગયા તેમાંથી કેરીયો લેવા, બોલ્યા ઉગ્ર વેણીરામ તેવા। ભાઇ ઢગલામાંથી ન લેશો, પછે પાછળથી દોષ દેશો ॥૧૩॥
બીજી પડી છે તે વીણી લેજ્યો, અમારી કેરીયો રેવા દેજ્યો। એવું સુણી એકે આંખ્યો ફાડી, બીજે મારવા ડાંગ ઉપાડી ॥૧૪॥
આંબા ઉપર છે અલબેલો, દેખીને બોલ્યા સુંદરછેલો। જોઇ બ્રાહ્મણનો તે અન્યાય, સત્યવચન કે જગરાય ॥૧૫॥
અલ્યા બાળક દેખી ડરાવો, કાંઇ ધાસ્તી તો મન ધરાવો। એવું કહી લાંબો કર્યો હાથ, બેઠે બેઠે આંબાપર નાથ ॥૧૬॥
રામદત્ત બ્રાહ્મણ છે મોટો, તેને ખભે હતો દોરી લોટો। ઉપાડીને લીધો ઘનશ્યામે, વળી ઉઠ્યો બ્રાહ્મણ તે ઠામે ॥૧૭॥
ઘનશ્યામને મારવા કાજ, ચડ્યો આંબાપર દ્વિજરાજ। મૂઢમતિ મરે છે ત્યાં મથી, વાલો માર્યા મરે એવા નથી ॥૧૮॥
કેવળ વિપ્ર વેદિયો ઢોર, ચડ્યો કરતો શોર બકોર। પ્રભુ બેઠા હતા તેજ ડાળે, ગયો બ્રાહ્મણ ત્યાં તતકાળે ॥૧૯॥
બીજી ડાળે ગયા ઘનશ્યામ, બોલ્યા વચન તેહજ ઠામ। રામદત્ત લ્યો દોરીને લોટો, તમે ધાર્યો છે વિચાર ખોટો ॥૨૦॥
વળી ગયો તે શાખાએ વિપ્ર, ત્રીજી ડાળે ગયા પ્રભુ ક્ષિપ્ર। આંબા ઉપર ફેરવ્યો બધે, ઘેર્યું વિપ્રનું મન વિરોધે ॥૨૧॥
તોય હાથમાં નાવ્યા શ્રીહરિ, થાક્યો બ્રાહ્મણ ત્યાં ફરી ફરી। ઘણો ગભરાયો છે તે રીશે, દાંત દાબીને અધર પીસે ॥૨૨॥
મંદ મંદ કરે છે ત્યાં હાસ, તાળી પાડી બોલ્યા અવિનાશ। રામદત્તજી આવો લ્યો દોરી, ભારે કરી તમે શીરજોરી ॥૨૩॥
પ્રભુજીએ તેને ચીડવાયો, કર્યો વાડવને રઘવાયો; થયો કાયર કાંઇ ન સુજે, દ્વિજ ઉભો રહ્યો થકો ધ્રુજે ॥૨૪॥
નીચે હતા જે એહને સાથે, બધા આંબે ચડ્યા છે સંઘાથે। ઘનશ્યામને ઝાલવા ગયા, ડાળે ડાળે સહુ બેસી રહ્યા ॥૨૫॥
આંબા ઉપર નવ જણાણા, ઘનશ્યામ તો હેઠે દેખાણા। કરે છે મનમાંહીં વિચાર, નોયે મનુષ્યનો આવો ભાર ॥૨૬॥
એમ નિશ્ચે કર્યો સહુ નરે, પામી આશ્ચર્ય ઉમંગ ધરે। હેઠે આવેછે કરી વિચાર, પછે શું કરે ધર્મકુમાર ॥૨૭॥
છુટી કેરીઓ મારે છે શ્યામ, ઉતરી ગયા સહુ તેહ ઠામ। ભોંય ઉતરવા દીધા નહિ, બોલ્યા બ્રાહ્મણ આજીજી કહી ॥૨૮॥
સુણ્યાં વાલિડે નમ્ર વચન, ઉતરવા દીધા ભગવન। ત્યારે આપ્યો છે દોરી ને લોટો, કર્યો વિચાર એમનો ખોટો ॥૨૯॥
કરે પ્રારથના તે સમાજ, અમે ભૂલ કરી મહારાજ। તમે તો ઈશ તણા છો ઈશ, પુરુષોત્તમ અક્ષરાધીશ ॥૩૦॥
એમ રાજી થઈને તે ગયા, નિસ્સંશય વાડવ થયા। પછે પ્રભુ પધાર્યા છે ઘેર, સખાસંગે કરી લીલાલેર ॥૩૧॥
વળી એક સમે બેઉ ભાઇ, બેઠા ભક્તિમાતા પાસે આઇ। માતાએ બે ભાઇને જમાડ્યા, રૂડી રીતે પ્રેમથી રમાડ્યા ॥૩૨॥
પાનબીડાં આપ્યાં કરી પ્યાર, ત્યાંથી ઉઠ્યા છે બન્ને કુમાર। બેઠા ચોતરા ઉપર આવી, મુખમાં પાનબીડાં સુહાવી ॥૩૩॥
એવે ટાણે સખા સહુ આવ્યા, બેઉ ભાઇ તણે મન ભાવ્યા। ઘનશ્યામ કહે વેણીરામ, આવો કરીયે કુસ્તીનું કામ ॥૩૪॥

પ્રથમ પોતે થયા તૈયાર, વેણીરામ સાથે તેહ વાર । મોટાભાઈને પણ ગમેછે, મંછારામની સાથે રમે છે ॥૩૫॥
રમતા એક એકને ભાવ્યા, એવામાં ધર્મદેવ ત્યાં આવ્યા । બોલ્યા ધર્મ વિચારીને મન, સુણો ઘનશ્યામ મારા તન ॥૩૬॥
બેઉ ભાઈ ઘણા મને ગમો, નારાયણ સરોવરે રમો । એવું સુણીને સર્વે સધાવ્યા, સખા સહિત તે સ્થળે આવ્યા ॥૩૭॥
કરી રમત નાના પ્રકાર, ઘણીવાર સુધી તે કુમાર । રમી રૈને ચાલ્યા ઘનશ્યામ, આવ્યા બગીચામાં સુખધામ ॥૩૮॥
બેઠા છે સર્વે સખાએ જુક્ત, આવ્યા અક્ષરધામના મુક્ત । ઉભા અનેક જોડીને હાથ, કરે પ્રારથના સહુ સાથ ॥૩૯॥
જોયો પૂરણ તેમનો પ્રેમ, મહારાજે જાણ્યું મન એમ । કેરી આંબાની સર્વે ઉતારી, જમાડી દીધી મુક્તને સારી ॥૪૦॥
મુક્તમંડળનું થયું કામ, જમીને ગયા પોતાને ધામ; એટલામાં રખવાળ આવ્યો, દેખીને મોટો ૧દ્વંદ્વ મચાવ્યો ॥૪૧॥
ધર્મદેવે જાણી છે તે વાત, કહે ઘનશ્યામને સાક્ષાત । મારા તન તમે આણે ઠામ, આવે ઠબકો એ કર્યું કામ ॥૪૨॥
દાદા મેં તો કેરી નથી પાડી, એ તો જાુઠું બોલે છે અનાડી । ચાલો જાુવો તપાસીને એહ, પાડીછે કે નથી પાડી તેહ ॥૪૩॥
રખવાલે જોયું જઈ ફરી, કૃષ્ણ કહે છે તે વાત ખરી । એક કેરી કોય નથી પાડી, મુને શું તે આ માયા દેખાડી ॥૪૪॥
આવ્યો પ્રભુ પાસે રખવાળ, કરે છે વંદના તતકાળ । એકે કેરી પાડી નથી આજ, મારી ભુલ થઈ મહારાજ ॥૪૫॥
અકળિત કળ્યા નવ જાય, પ્રભુનો પાર કેમ પમાય । ભવબ્રહ્માને ભાન ભુલાવે, કોણ મનુષ્યમાત્ર કહાવે ॥૪૬॥
લીલા કરીને ઘેર પધાર્યા, પ્રેમ તેમના ભાવ વધાર્યા । ભક્તિમાતાએ રસોઈ કરી, ધર્મસહિત જમાડ્યા હરિ ॥૪૭॥
વળી એક સમે અવિનાશ, બોલાવ્યા બાલમિત્રને પાસ । મીનસાગર ઉપર ગયા, નાવા કારણે તૈયાર થયા ॥૪૮॥
મધુવૃક્ષનીચે મુક્યાં પટ, પડ્યા રઝીલવા કારણ ઝટ । કરી જલમાં ક્રિડા અપાર, ઘનશ્યામજીએ ઘણીવાર ॥૪૯॥
હરિકૃષ્ણ મહામતી ધીર, ગયા તરતા એ સામે તીર । વેણીરામે એ હિમત કરી, ગયા સામા કીનારે તે તરી ॥૫૦॥
જતી વેળાયે ગયા બળમાં, વળતાં થાકી ગયા જળમાં । જાતાં જાતાં વેણીરામ બુડ્યા,ગયા ઘણાં પાણીમાં તે ઉંડા ॥૫૧॥
ધોબીરામ અવધ છે નામ, દેખીને બુમ પાડી તે ઠામ । હે હરિકૃષ્ણ હે ઘનશ્યામ, ઓલ્યો ડુબી મુવો વેણીરામ ॥૫૨॥
સુણી સર્વે થયા છે ઉદાસ, બન્યું વિપ્રીત આતો વિનાશ । કહે ભાઈ હવે તે શું થાશે, એનાં મા બાપને શું કેવાશે ॥૫૩॥
હમણાં આવશે આણે ઠાર, આપણને એ મારશે માર । એમ કેછે પરસ્પર વાત, એવામાં આવ્યાં છે ભક્તિમાત ॥૫૪॥
જાણ્યું મુજને મારશે માતા, એવું સમજીને સુખદાતા; કૃપાસાગર દેવ મુરારી, ઉંડા પાણીમાં ડૂબકી મારી ॥૫૫॥
પેલવાન આદિ ઘણા જન, વિચારીને બોલે છે વચન । વેણીરામને શ્રીઘનશ્યામ, ક્યાં ગયા ને તે છે કિયે ઠામ ॥૫૬॥
ભક્તિમાતા કે અદેશ થયા, કે આ જળમાં શું ડૂબી ગયા । એવું સુણીને ત્યાં સર્વે રુવે, સરોવરના જળમાં જાુવે ॥૫૭॥
એટલામાં તો બેજણ સાથ, ગ્રહ્યા છે એક એકના હાથ । આવે ગામ ભણીથી ઉમંગે, દેખ્યા કુશળ બેઉને સંગે ॥૫૮॥
સગાં સબંધી મળીને પુછે, ભાઈ કહો આ કારણ શું છે । તમે ડુબી ગયાતા જળમાં, આમ ક્યાંથી આવ્યા આ પળમાં ॥૫૯॥
હરિ કે અમે તો ડૂબ્યા નોતા, ઘણીવારથી ઘેરજ હતા । એમ બોલી વિસ્મય પમાડ્યા, પણ પાણીમાં પર્ચા દેખાડ્યા ॥૬૦॥
સર્વે રાજી થઈ ઘેરજ આવ્યા, પ્રાણજીવનને તેડી લાવ્યા । નિત્ય આપે છે એવો આનંદ, કાપે છે જનના ભવફંદ ॥૬૧॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રીઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિએ મીનસાગરમાં બુડીને, ભક્તિમાતાને અલૌકિક ઐશ્વર્ય દેખાડ્યું એ નામે એકવીશમો તરંગઃ ॥૨૧॥

પૂર્વછાયો– એક સમે છુપૈયા વિષે, ચાલી રહી છે વાત । સૈન્ય સાથે નવાબ આવ્યો, બહુ કરશે ઉત્પાત ॥૧॥
ધર્મ ભક્તિએ વિચાર્યું છે, આપણે કરવું કેમ । બે સુતને લૈ ચાલો જૈયે, ઉપાધિ ન થાય જેમ ॥૨॥
એમ ધારી છુપૈયા તજી, ગયાં તીનવા ગામ । પ્રથિત પાંડે બ્રાહ્મણ છે, તેને ઘેર રાખ્યો મુકામ ॥૩॥
તે પાંડેજીની પ્રિયાનું, બચનાબાઈ છે નામ । ભક્તિમાતાને ભાવ વડે, કહે છે રૂડું કામ ॥૪॥
ઓલ્યા કુવે પાણી ભરવા, દિવસે જાજ્યો નીત । વેળા કવેળા જાશો નહિ, વચન ધરજ્યો ચિત ॥૫॥

ચોપાઈ– એ કુવામાં ઘણાંક છે ભૂત, જેને તેને નડેછે કપૂત । છોટી બાએ કહ્યું બહુ સારું, તમે ભલુંજ ઈચ્છ્યું અમારું ॥૬॥
પ્રભુ ઈચ્છાયે ભુલ્યાં તે વાત, ગયાં જળ ભરવા ત્યાં માત । સંધ્યાકાળ તે થયો છે જ્યારે, ઘડો બાંધીને ફાંસ્યો છે ત્યારે ॥૭॥
કુંભ જળમાં ડૂબાવે ખાલી, ઝટ ભૂતડે લીધો છે ઝાલી । માતાને યાદ આવ્યું મનમાં, તેવો ત્રાસ પડ્યો છે તનમાં ॥૮॥
ઘડો દોરડું બેઉ મુકી દીધાં, ઘેર સામા પ્રયાણજ કીધાં । આવ્યાં ઉતાવળાં થકાં ઘેર, જાણી અંતરજામીએ પેર ॥૯॥
માતાને પૂછે શ્રીમહારાજ, ઘડો દોરડું ક્યાં ગયાં આજ । ભક્તિમાતાએ કારણ કીધું, કુવામાં ભૂતડે તાણી લીધું ॥૧૦॥
કરી ઈચ્છા જે ધર્મકીશોર, ભૂતયોનિ મટાડું તે ઠોર । કુવામાં જઈ રૂપ દેખાડું, આજ મોક્ષગતિને પમાડું ॥૧૧॥
બીજે દિવસ શ્રીઘનશ્યામ, તે કુવે ગયા છે અભિરામ । માંઈ પડવા થયા તૈયાર, ગામ લોક આવ્યાં તેહ ઠાર ॥૧૨॥

તમે પડશો માં ધર્મસુત, કુવામાં તો રેછે ઘણાં ભૂત । કહ્યું માન્યું નહિ તેહ કાળ, પડ્યા કુવામાં દિનદયાળ ॥૧૩॥
ઝબકીને ત્યાં ભૂતડાં જાગ્યાં, પ્રભુના તેજે બળવા લાગ્યાં । કરજોડી કહે શિરનામી, સુણો વિનતિ અંતરજામી ॥૧૪॥
ઘણા દિવસથી રહ્યાં છૈયે, કુવો મૂકી હવેતો ક્યાં જૈયે । ત્યારે પૂછેછે શ્રીઘનશ્યામ, તમે બધાં ક્યાંથી આણે ઠામ ॥૧૫॥
નીચયોની પામ્યાં છો શા માટે, લોકને પીડો છો કેવા ઘાટે । વળતી બોલે ૧વંતરવેલ, સુણી રહ્યા છે શ્રીઅલબેલ ॥૧૬॥
પૂર્વ હતા અમે ત્રૈણવર્ણ, બાવા બ્રાહ્મણ મુલ્લાં આચર્ણ । કોઇ આવી ચડ્યો બાદશાહ, કર્યો મુકામ અહીં અથાહ ॥૧૭॥
થોડા કારણથી થયો ક્રોધ, બોલાબોલીમાં વધ્યો વિરોધ । પછે તો થયું છે યુદ્ધાચર્ણ, પામ્યા લડાઈમાં અમે મર્ણ ॥૧૮॥
તેથી થૈ અમારી અધોગતિ, તેદિના અમો છૈયે દુષ્ટમતિ । હવે તો ગમે તે આજ્ઞા કરો, પણ અમારાં સંકટ હરો ॥૧૯॥
એમ ભૂતે સ્તુતિ બહુ કરી, પછે આજ્ઞા આપી છે શ્રીહરિ । તમે તો જાઓ બદ્રિકાશ્રમ, થાશે મોક્ષગતિ અનુક્રમ ॥૨૦॥
મૂર્તિમાન થકા તતકાળ, ગયા બદ્રીકાશ્રમ વિશાળ । કૃષ્ણ નીકળ્યા કુપથી બહાર, પ્રૌઢ પ્રતાપી ધર્મકુમાર ॥૨૧॥
તીનવાપુરના સહુ જન, પામ્યા આશ્ચર્ય આનંદ મન । એમ ભૂતનો કર્યો ઉદ્ધાર, હરિકૃષ્ણજી પરમ ઉદાર ॥૨૨॥
માતા-પિતા સંબંધી સહિત, ઘેર આવ્યા ત્યાં કરીને હિત । આવું પર્મ પવિત્ર આખ્યાન, જે કોઇ સાંભળે પુન્યવાન ॥૨૩॥
ભૂત પ્રેત પિશાચ ન નડે, ઘનશ્યામજીની કૃપા વડે । વિઘ્ન વિકટ વિપત વામે, અંતે અક્ષરધામ ને પામે ॥૨૪॥
માતપિતાજી પુન્ય પાવન, વળી વિચાર ફેરવ્યો મન । તીનવાથી ગયાં તરગામ, કર્યો ત્યાં જઈ સુખે મુકામ ॥૨૫॥
કરું ઉદ્યમ તો હવે ઠીક, રાખું ખેતર ગામ નજીક । સારી જમીન જોઇ ઠરાવી, ભાગ રાખીને ખેતી કરાવી ॥૨૬॥
ગામ થકી તે દીશા પશ્ચિમે, ત્રૈણ ખુણી ખેતર છે સીમે । ખેતીનો કર્યો આરંભ તેમાં, સારો મોલ પાકી શકે જેમાં ॥૨૭॥
મકઇ ચીભડાં તેમાં વાવ્યાં, બીજ ભેગાં બન્નેનાં નખાવ્યાં । ધર્મ દેવ તેને સુધારવા, ગયા મજુર લઈ ફરવા ॥૨૮॥
લાગી ખેતરમાં ઘણીવાર, ઘેર રસોઈ થૈ છે તૈયાર । પછી કેવા લાગ્યાં પ્રેમવતી, સુણો ઘનશ્યામ મહામતી ॥૨૯॥
તમે જમીને થયા તૈયાર, તમારા પિતાને લાગી વાર, માટે જાઓ ખેતરમાં આજ, તમે બેસી રેજ્યો એછે કાજ ॥૩૦॥
માતાનાં એવાં સુણી વચન, ગયા ખેતરમાં ભગવન । ધર્મદેવને કરી છે વાત, તમે જમવા પધારો તાત ॥૩૧॥
પોતે બેઠા મજુરની પાસ, વૃષદેવ ગયા છે આવાસ । મજુરની સાથે ઘનશ્યામ, કરાવે છે જુવો કેવું કામ ॥૩૨॥
મજાુરતો નિંદે છે એ ઘાસ, મકે કાઢી નાખે અવિનાશ । ખડ રેવા દીધું સાનુકુળ, કાઢ્યું મકે ચીભડીનું મૂળ ॥૩૩॥
એક મજાુર રાખ્યો તેહ ઠામ, જેનું સુરજબલી છે નામ । એણે જાણ્યા નહી સુખકંદ, વળી તે જાતનો છે વાળંદ ॥૩૪॥
તરત દોડીને આવ્યા તે ઘેર, મોટા ભાઈને સુણાવી પેર । તરત ભાઈ ઉઠ્યા મનધારી, આવ્યા ખેતરમાં તે વિચારી ॥૩૫॥
કેમ ભાઈ તમે કરો આમ, ક્યાંથી કરવા શીખ્યા આ કામ । અહિપતિનું સુણી વચન, બોલ્યા બહુનામી બલવન ॥૩૬॥
અમે બગાડ કરતા નથી, મોટાભાઇ જુવો નજરેથી । ભાઈ કહે ઘરે જાઓ તમો, તમારું કામ કરીશું અમો ॥૩૭॥
તોય ઉઠ્યા નહિ અલબેલ, કરે ખેતરમાં એવો ખેલ । ભાઈને રીશ ચડી તે વારે, હાથ ઉપાડ્યો મારવા તારે ॥૩૮॥
પ્રભુ ચેતી ગયા ધર્યો ત્રાસ, પોતાનું રૂપ કર્યું પ્રકાશ । થયા કીશોર મૂરતિ જેવા, ઘનશ્યામ ચતુરભુજ એવા ॥૩૯॥
સંકર્ષણને દીધું દર્શન, તારે ધીરા પડ્યા છે જોખન । કરજોડી કરેછે સ્તવન, મુખથી બોલ્યા નમ્ર વચન ॥૪૦॥
ભાઈ તમે તો છોજી શ્રીકૃષ્ણ, મુને દીધાં અલૌકિક દ્રશ્ન । પ્રભુ હું છું સેવક તમારો, અપરાધ ક્ષમા કરો મારો ॥૪૧॥
તમારું તેજ કરે દહન, પાણી વિના સુકાય છે તન । બળભદ્રની વિનતિ જેહ, ધરી ધ્યાનમાં હરિયે તેહ ॥૪૨॥
પોતાનું તેજ સમાવી લીધું, જયેષ્ઠબાંધવનું કામ કીધું । કર વધાર્યો હરિએ મોટો, કુવામાંથી ભર્યો જળ લોટો ॥૪૩॥
એવી રીતથી પાયું ત્યાં પાણી, વડા બાંધવછે એમ જાણી । ત્યાંથી ઉઠ્યા પછી ઘનશ્યામ, ઘેર આવ્યા છે આનંદધામ ॥૪૪॥
આવી અમૃત રૂપી કથાય, સુણે તેને મહાસુખ થાય । બળે કોટી જન્મ કેરાં પાપ, ટળે ત્રૈણ પ્રકારના તાપ ॥૪૫॥
હરિના જન હરિને ભજે, પ્રાણ જાતાં સુધી નવ તજે । ચિત્ત રાખીને સુણે ચરિત્ર, કુટુંબ સોત થાય પવિત્ર ॥૪૬॥

ઈતિ શ્રી મદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદ સ્વામી શિષ્ય ભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે છુપૈયાપુરથી ધર્મભક્તિ કુટુંબ સહિત તીનવા ગામમાં રહેવા ગયાં ને ત્યાં શ્રીહરિએ તે કૂવામાંથી ભૂતનો ઉદ્ધાર કર્યો એ નામે બાવીસમો તરંગઃ ॥ ૨૨ ॥

રાગ સામેરી– ખેતરમાંથી ઘેર આવ્યા, મુકામ છે તરગામ । પ્રેમવતી પ્રત્યે કહે છે, પોતે પૂરણકામ ॥૧॥
અમે તો બ્રહ્મચારી થૈશું, તજીશું ઘરબાર । દિલગિરીથી કહે છે દીદી, એ શું બોલો છો કુમાર ॥૨॥
બ્રહ્મચારી કેમ થાવું છે, શું પડ્યું તમને દુઃખ । જીવનપ્રાણ હું જીવું છું, તે જોઈ તમારૂં મુખ ॥૩॥
એમ કહીને પૂર્ણ પ્રેમે, ફેરવે મસ્તકે હાથ । રસોઈ તૈયાર થઇ છે, તે ચાલો જમીએ સાથ ॥૪॥
હરિ કહે છે સુણો માતા, મુને જમવું નથી આજ । ભાઈ મને મારવા આવ્યા, ખેતરમાં શા કાજ ॥૫॥

તે અમે ઘેર આવ્યા નાશી, લાગી મનમાં બીક । એવી વાત કરે છે ત્યાં તો, આવ્યા ભાઇ નજીક ॥૬॥
માતા ખીજ્યાં મોટાભાઈને, ગયાતા મારવા કેમ । એવું સુણી સંકોચ પામ્યા, થયા દિલગીર એમ ॥૭॥
માતા નોતી ખબર્ય મુને, માટે ઉપાડી ધોલ । ઘનશ્યામ પરબ્રહ્મ છે, તેનો હવે થયો તોલ ॥૮॥
ભૂલ થઈ માતા મારી, અપરાધ કરજ્યો માફ । એમ કે ગયા ખેતરમાં, રામપ્રતાપજી આપ ॥૯॥
તાર પછે બીજે દિવસે, રીસાણા મહારાજ । સવારે ગયા છાનામાના, કર્યું છે એવું કાજ ॥૧૦॥
વાલમ ત્યાં થકી વિચર્યા, ગયા તીનવા ગામ । ભૂતીયા કુવામાં જઈને, છાના રહ્યા તેહ ઠામ ॥૧૧॥
ઘરે તો હવે શું થયું છે, કરે છે સર્વે તપાસ । માતપિતા થયાં ઉદાસી, વણ દીઠે અવિનાશ ॥૧૨॥
આકુળ વ્યાકુળ થઈને, પૂછે તે ઠામો ઠામ । સગાં સુહૃદ સર્વે મળી, જોયું સઘળું ગામ ॥૧૩॥
મોટા ભાઈને ચિંતા લાગી, ગયા મામાને ઘેર । હે મામા હવે હું શું કરું, ઘનશ્યામની શી પેર ॥૧૪॥
માતપિતા મુને વઢે છે, જાણીને મારો દોષ । મામાએ ત્યાં ધીરજ આપી, ન કરશો અપશોષ ॥૧૫॥
એવું સુણીને ચાલ્યા ત્યાંથી, જ્યેષ્ટીકા પકડી હાથ । ભમેચા ગામે માધવને, આવી પુછ્યું અહિનાથ ॥૧૬॥
ત્યાં કાંઈ સુદ્ધ પામ્યા નહિ, આવ્યા છુપૈયામાંયે । સગાં સ્નેહી સર્વેને પૂછ્યું, વશરામજીને ત્યાંયે ॥૧૭॥
મામાએ કહ્યું નથી આવ્યા, છુપૈયામાં ઘનશ્યામ । ચાલો હવે શોધ કરીએ, ગયા હશે કોણ ગામ ॥૧૮॥
એવું કહીને ચાલ્યા ત્યાંથી, વશરામને જોખન । નારાયણસર ઉપર, જોયું છે સઘળું વન ॥૧૯॥
નટવરને દેખ્યા નહિ, આવ્યા છે પીરોજપુર । ત્યાંય નથી ઘનશ્યામજી, થયા અધિર આતુર ॥૨૦॥
નિરાશ થૈને આવિયા, બે જણ તીનવા ગામ । પ્રથિતપાંડેને પૂછીયું, વાત કરી છે તમામ ॥૨૧॥
તેણે કહ્યું ભાઈ હાલમાં, આવ્યા નથી ઘનશ્યામ । એવામાં જલભરી આવી, અમરબાઈ છે નામ ॥૨૨॥
તેણે કહ્યું ઘનશ્યામ તો, બેઠા છે કુવામાંયે । ભૂતીયે કુવે બખોલમાં, છાના રહ્યા છે ત્યાંયે ॥૨૩॥
તે સુણી તરત ત્યાં ગયા, કુવા ઉપર નિરધાર । કુપ આદિ સર્વ જગ્યામાં, જોઈ વળ્યા તે વાર ॥૨૪॥
કુવા મધ્યે છે ખરા પણ, દીધાં નહીં દર્શન । બળદેવે હિમત મુકી, ગભરાણા ઘણું મન ॥૨૫॥
ઉદાસથી પોકાર કર્યો, છેક થયા છે નિરાશ । હે ભ્રાત હે બંધુ હવે તો, દર્શન દ્યો અવિનાશ ॥૨૬॥
તમવિના માતપિતાને, જમ્યાં થયા ત્રણ દિન । મુખ તમારું જોશે ત્યારે, કરશે જલપ્રાશન ॥૨૭॥
સજળ લોચન વડેથી, બોલ્યા થઈ નિરમાન । કર વધાર્યા કુપમાંથી, દયાળુ શ્રીભગવાન ॥૨૮॥
હાથ ઝાલીને બાર્ય કાઢ્યા, જોખનભાઈએ ત્યાંય । વિસ્મય પામ્યાં જન સર્વે, લીલા જોઈ મનમાંય ॥૨૯॥
મોટાભાઈ આનંદ પામ્યા, મળ્યા વળી હેત દેઈ । ત્યાંથકી તરગામે આવ્યા, ઘનશ્યામજીને લેઈ ॥૩૦॥
માતપિતાને મળ્યા પ્રેમે, કર્યાં દીલ પ્રસન્ન । માતાજીએ રસોઈ કરી, જમ્યાં સર્વે ભોજન ॥૩૧॥
આનંદમાં દિન જાયછે, વર્તે નિર્મળ મન । ત્યાર પછે થોડા દન કેડે, વિચાર કર્યો પાવન ॥૩૨॥
ચાલો છુપૈયાપુર જૈયે, સર્વે નિજભોવન । એવું ધારીને આવ્યા સર્વે, જન્મસ્થાન સદન ॥૩૩॥
છુપૈયા કેરાં જન સર્વે, આવ્યાં ધર્મને દ્વાર । કુશલ પૂછી બેઠાં સર્વે, વર્ત્યો જયજયકાર ॥૩૪॥
ઘણા દિવસ વિતી ગયા, છુપૈયાપુર મોઝાર । સુખકારી ઘનશ્યામજી, કરે ચરિત્ર અપાર ॥૩૫॥
એકસમે બે ભાઈ જમી, બેઠા ચોતરો જ્યાંયે । વેણી માધવ પ્રયાગ આદ્યે, પાનબીડાં જમે ત્યાંયે ॥૩૬॥
સર્વે સખા ભેગા રમેછે, પ્રભુ જમે મુખપાન । તે વેણીના ઉપર થુંક્યા, ભયહારી ભગવાન ॥૩૭॥
દેખીને મોટાભૈયે મારી, શ્રીહરિને લપડાક । આંખ્ય ચડાવી પ્રભુ બોલ્યા, કર્યું ચરિત્ર અથાક ॥૩૮॥
ભાઈ તમોને મોટા જાણી, રાખું છું તમારો માપ । પણતમે ભુલી જાઓ છો, પ્રૌઢ અમારો પ્રતાપ ॥૩૯॥
એમ કહીને રૂપ દેખાડ્યું, વિશ્વનું આધાર જેહ । કોટી કર ને કોટી ચર્ણ, અવયવ સાથે તેહ ॥૪૦॥
તે દેખી ભાઈ ત્રાસ પામ્યા, થર થર કંપે કાય । હે દાદા આંહિ વેલા આવો, હવે રહ્યું નવ જાય ॥૪૧॥
એવું સુણીને ધર્મ ઉઠ્યા, આવ્યા ત્યાં તતકાળ । સમાવી લીધું રૂપ પોતે, હતા એવા થયા બાળ ॥૪૨॥
મોટાભાઈએ કરી સર્વે, પિતાજીને વાત । આશ્ચર્ય પામ્યા મન સર્વે, આ તે શું છે સાક્ષાત ॥૪૩॥

ઈતિ શ્રી મદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદ સ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિએ છુપૈયાપુરમાં ભાઈને વિશ્વરૂપ દેખાડ્યું એ નામે ત્રેવીસમો તરંગઃ ॥ ૨૩ ॥

પૂર્વછાયો– ધન્ય છુપૈયાપુરને, જ્યાં પ્રગટ્યા શ્રીકીરતાર । ધન્ય માનુષ જન્મ પામ્યા, છુપૈયાપુર મોઝાર ॥૧॥
મોક્ષવતીપુરી સાત છે, અયોધ્યા આદિ જેહ । તેથી કોટી ઘણો મહીમા, છુપૈયાપુરનો તેહ ॥૨॥

પૂર્વના પુન્ય હોયે ઘણાં, તો મળે છુપૈયાધામ । જન્મ મરણનાં દુઃખ તે તો, ટળી જાય તમામ ॥૩॥
ચોપાઈ– છુપૈયાનો મહિમા અપાર, કેતાં શેષ પામી જાય હાર । તો હું એક મુખે શું વખાણું, પૂર્ણ મહિમા તે શું હું જાણું ॥૪॥
આતો મારી મતિ અનુસાર, કરું ઈષ્ટના ગુણ વિસ્તાર । ભુલ ચુક તે સુધારી લેજ્યો, સંત આદિ તે આશિષ દેજ્યો ॥૫॥
એક સમયમાં બેઉ ભાઈ, બેઠા ચોતરા ઉપર જાઈ । મોટાભાઈને કહે ઘનશ્યામ, સુણો વડીલ બંધુ અકામ ॥૬॥
અમારે તો થાવું બ્રહ્મચારી, મારા મનમાં જોયું વિચારી । સનકાદિક જેવાને સંગે, રહેવું રાત દિવસ ઉમંગે ॥૭॥
સત્સંગ કરવો નિશદિન, પ્રભુથી ચિત્ત થાય ન ભિન્ન । જુવો ચરિત્ર કરે જીવન, બીજા કોણ હશે ભગવન ॥૮॥
બોલ્યા રામપ્રતાપ પ્રવીણ, બ્રહ્મચારીના ધર્મ કઠીન । તમે છો હજી બાલુડે વેશ, એ તો કામ છે ભારે સુરેશ ॥૯॥
બોલ્યા શ્રીઘનશ્યામ મુખેથી, પાળે તેને કઠણજ નથી । એવી વાત કરીને વિચારે, એમ કરતાં નિશા થઈ ત્યારે ॥૧૦॥
માતાએ કરી આપ્યાં આસન, બેઉ બંધુએ કર્યાં શયન । પોતે રૂચિ કરી મનમાંયે, આવ્યા સનકાદિક તો ત્યાંયે ॥૧૧॥
પંચ વર્ષના બાળ સ્વરૂપ, પધાર્યા હરિ પાસે અનુપ । સામવેદનું કર્યું ગાયન, જગાડ્યા નિદ્રાથી ભગવન ॥૧૨॥
કરી વંદના બોલ્યા વચન, પ્રેમે સહિત પુલ્કિત મન । અક્ષરના અધિપતિ વિભુ, પુરુષોત્તમજી મહાપ્રભુ ॥૧૩॥
અમે આજ કૃતારથ થયા, દોષ ભીતરના ટળી ગયા । કહે શ્રીહરિ હે બાળાયોગી, તમે નિર્દોષ ભક્તિના ભોગી ॥૧૪॥
યોગી કહે સુણો ભગવંત, અવતાર તો થયા અનંત । પણ આપે જે આ તનુધારી, છો અવતારના અવતારી ॥૧૫॥
આ બ્રહ્માંડના અર્ધા આયુષ, થયા પ્રગટ પૂર્ણ પુરુષ । નિજ ભક્તને લાડ લડાવા, વળી કાળ કર્મથી છોડાવા ॥૧૬॥
થયા ભક્તિધર્મ કેરા તન, છુપૈયાપુરમાંહી પાવન । તમારા થયા જે અવતાર, તેની ભક્તિ કરી અમે સાર ॥૧૭॥
હવે આપ થયા અવતારી, તમનેજ ભજીશું મોરારી । એમ કહી કરે છે પૂજન, સામ વેદોક્ત કરે સ્તવન ॥૧૮॥
તે સમે થયો અતિ પ્રકાશ, આવ્યો ચોક સુધીમાં ઉજાસ । તારે જોખન ઝબકી જાગ્યા, ધર્મ સહિત તે જોવા લાગ્યા ॥૧૯॥
કહે અનંત શાનો પ્રકાશ, કોણ પૂજા કરે ભાઈ પાસ । ધર્મ કહે સુણોને કુમાર, આવ્યા છે સનકાદિક ચાર ॥૨૦॥
ધર્મને પૂછે છે અહિપાલ, કેમ વસ્ત્રરહિત છે બાળ । વૃષ કે એતો મુળથી એવા, નૈષ્ઠિકવ્રતધારી છે તેવા ॥૨૧॥
આજ પ્રત્યક્ષ મળ્યા શ્રીહરિ, સત્સંગમાં આવશે ફરી । તારે થાશે અવસ્થા કીશોર, રેશે અક્ષરમાં તેહ વોર ॥૨૨॥
પછે ભાઈએ કર્યો નમસ્કાર, સમજી ગયા સર્વે તે સાર । તેણે પૂજાની સમાપ્તી કરી, બોલે છે શ્રીહરિ પ્રત્યે ફરી ॥૨૩॥
આજ્ઞા શું આપો છોજી અમને, પ્રભુ કે સુણો કહું તમને । અમે સત્સંગમાં જૈયે જ્યારે, તમે આવજ્યો ત્યાં ભાઈ ચ્યારે ॥૨૪॥
તમને દીક્ષા આપીશું ત્યાંયે, રાખીશું અક્ષરમુક્તમાંયે । વાત પ્રગટ કેરી કરજો, મમ આજ્ઞાને અનુસરજો ॥૨૫॥
એવું સુણી કર્યો નમસ્કાર, ગયા નિજસ્થાનક મોઝાર । પામ્યા છે આશ્ચર્ય મોટાભાઈ, વખાણે છે વાલાની વડાઈ ॥૨૬॥
સનકાદિકે પૂજા કરી જ્યાંયે, એક ઓટો કરેલો છે ત્યાંયે । ભાવે કરશે તેનાં દર્શન, તે પર હરિ થાશે પ્રસન્ન ॥૨૭॥
હવે સુણો સહુ થઈ મગ્ન, અહિપતિનું લીધું છે લગ્ન । મોટાભાઈના શ્વસુર જેહ, બળદેવપ્રસાદજી તેહ ॥૨૮॥
તરગામથી લગ્ન મોકલ્યું, શુભ મુહૂર્ત જોઈને ભલું । હર્ષેથી લગ્ન વધાવી લીધું, વેદ વિધિ વડે કામ કીધું ॥૨૯॥
પીઠી ચોળી પોશાગ પેરાવ્યા, અલંકાર અનેક ધરાવ્યા । ફુલેકું ફેરવ્યું પુરમાંહે, જાન તૈયાર કરી છે ત્યાંયે ॥૩૦॥
ઘનશ્યામને તૈયાર કીધા, વસ્ત્ર ઘરેણાં તે પેરી લીધાં । હાથી ઘોડા સુખપાળ સાર, મેના આદિ લીધાં છે અપાર ॥૩૧॥
સગાં સ્નેહી કુટુંબ સમગ્ર, ચાલ્યાં જાને જાવા થઈ અગ્ર । જાણે મેઘપતિ ચડી આવ્યો, એવો જાનનો ઠાઠ મચાવ્યો ॥૩૨॥
બેઠા હસ્તિ ઉપર ઘનશ્યામ, વેણી માધવ પ્રયાગ તે કામ । જોઈ જાનની શોભા સુંદર, જોઈ લોભ્યાં સહુ નારી નર ॥૩૩॥
એમ મારગમાં ચાલ્યા જાય, તેની શોભાનો પાર ન થાય । આવે મારગમાં ગામ જેહ, જુવે જાનતણી શોભા જેહ ॥૩૪॥
ઘનશ્યામનું જુવેછે રૂપ, કોટી બ્રહ્માંડના જે છે ભૂપ । કોઈ દેખે ચતુર્ભુજધારી, કોઈ વિષ્ણુરૂપે અવિકારી ॥૩૫॥
એમ દર્શન દેતા ત્યાં જાયે, આવ્યા તરગામ હદમાંયે । જાણી બળદેવજીએ જાન, આવ્યા સામૈયું લઈ ભાગ્યવાન ॥૩૬॥
યોગ્યરીતે કર્યો સત્કાર, જોઈ શોભાને હરખ્યા અપાર । સર્વેને ગામમાં લઈ ગયા, ઉતારો આપીને રાજી થયા ॥૩૭॥
ખાનપાન આપ્યાં રુડીરીતે, રમાડ્યા જમાડ્યા બહુ પ્રીતે । વર કન્યાને પરણાવી દીધાં, શુભકામ સહુ કરી લીધાં ॥૩૮॥
ત્રણ્ય દિવસ રાખી છે જાન, સંબંધીનું કર્યું સન્માન । આપ્યાં પોશાગને પહેરામણી, કરી સંભાવના ઘણી ઘણી ॥૩૯॥
રજા માગીને ત્યાંથી સધાવ્યા, જાન લઈ છુપૈયામાં આવ્યા । મોટા મોટા મહોત્સવ થાય, નિત્ય આનંદમાં દિન જાય ॥૪૦॥
છુપૈયાપુર સુંદર સ્થાન, તેમાં લીલા કરે ભગવાન । એક સમય શ્રીઘનશ્યામ, વેણીપ્રયાગ માધવરામ ॥૪૧॥
એ આદિ સર્વે તૈયાર થયા, મીન સાગર ઉપર ગયા । શ્રીહરિને કરવું છે સ્નાન, વસ્ત્ર ઉતાર્યાં સુંદર સ્થાન ॥૪૨॥
તેવે ટાણે ત્યાં ઢીમર વર્ણ, આવી કરે છે દુષ્ટ આચર્ણ, ૧પ્રથુરોમા મારી કર્યો પુંજ । કંપારો થયો હરિને જીજ ॥૪૩॥
દયા સાગર ધર્મકુમાર, કરી રોમાવળી ઉર્ધ્વાકાર । કર્યો સંકલ્પ મનમાં એવો, મરેલાં માછલાં સહુ જીવો ॥૪૪॥

મનમાં એવું ધારતાં પેલાં, જીવતાં થયાં મચ્છ મરેલાં । ઉછળીને પડ્યાં તે જળમાં, પ્રભુએ જીવાડ્યાં એ પળમાં ॥૪૫॥
એવું દેખીને ઢીમર પાપી, તેઓને મતિ વિપ્રીત વ્યાપી । જળમાંથી તે નીકળ્યા બાર, મારવાને કરીને વિચાર ॥૪૬॥
ધાર્યું મહારાજે શિક્ષા કરું, દુષ્ટનું અભિમાનજ હરું । યમરાજા તણે રૂપે થયા, ઓલ્યા ઢીમર તો જોઇ રહ્યા ॥૪૭॥
ભયાનક મહાવિકરાળ, આવી ઉભો જાણે સામે કાળ । ડાઢ્યો મોટી અષ્ટાદશ ભુજા, સર્વે ઢીમર દેખીને ધ્રુજ્યા ॥૪૮॥
પ્રભુજીએ માયા વળગાળી, દુષ્ટને યમપુરી દેખાડી । યમનાદૂત મારે છે માર, ત્યાંના કષ્ટતણો નહીં પાર ॥૪૯॥
એવી દેખાડી મોહને માયા, તેથી પાપીઓની ધ્રુજી કાયા । હરિ ઈચ્છા મહાબળવાન, પાછા આવ્યા છે પાપી અજ્ઞાન ॥૫૦॥
હતા વાલિડો પ્રથમ જેવા, દેખ્યા ઢીમરે આવીને તેવા । યમપુરીનું જોયું જે દુઃખ, રહે હૃદયમાં તે સન્મુખ ॥૫૧॥
નથી વિસરતું તે વિસાર્યું, વણસંભાર્યે રે છે સંભાર્યું । અપરાધ તણી માફી માગી, દુષ્ટબુદ્ધિઓ સર્વેએ ત્યાગી ॥૫૨॥
કરે વખાણ ઢીમર લોક, છુપૈયાપુરમાંહી અશોક । સખા સહિત આવ્યા અવાસ, માતાએ જમાડ્યા અવિનાશ ॥૫૩॥
જમીને ચાલ્યા શ્રીઘનશ્યામ, આવ્યા બહિરી કુવે તે ઠામ । સુખનંદન વણિક બોલાવ્યો, બીજા સર્વે સખા સાથે આવ્યો ॥૫૪॥
બાણ કરાવી ત્યાં નટવર, સખા સંગે રમે મુદભર । પછે માતાએ પ્રેમે બોલાવ્યા, સાંજ પડી તોયે ઘેર નાવ્યા ॥૫૫॥
સખાને મોકલ્યા નિજધામ, પોતે આવ્યા પોતાનેરે ઠામ । એવી લીલા કરે છે અપાર, દયાળુ છે શ્રી ધર્મકુમાર ॥૫૬॥

ઈતિ શ્રી મદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રી સહજાનંદ સ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિએ મીનસાગરમાં મચ્છ સજીવન કર્યાં એ નામે ચોવીસમો તરંગઃ ॥ ૨૪ ॥

પૂર્વછાયો– કરે ચરિત્ર નિત્યે નવાં, વાલમ વિશ્વાધાર । પોતાને તો સ્વારથ નથી, કરવા જન ઉદ્ધાર ॥૧॥
જનને પાવન કરવા, હરવા ભૂમિનો ભાર । દયા કરી દીનબંધુએ, ધર્યો છે અવતાર ॥૨॥
અનંતકોટી અંડાધીશ, અક્ષરપર છે અનુપ । પ્રતાપ પોતે ગુપ્ત રાખી, થયા મનુષ્ય સ્વરૂપ ॥૩॥
પ્રેમવતી ધર્મદેવને, આપ્યું તુ પૂર્વે વચન । તે સત્ય કરવા હરિએ,ધર્યું છે કૃપાએ તન ॥૪॥

ચોપાઈ– વર્ષાઋતુના દિવસ આવ્યા, સર્વે જન તણે મન ભાવ્યા । રવજી વૃષ્ટિ કરે છે અપાર, વર્ષે વારિદ અસંખ્ય ધાર ॥૫॥
હરિપ્રસાદના ઘરમાંયે, પાણી ભરાણું આવીને ત્યાંયે । અન્નવસ્ત્ર જલમાં ભીંજાણાં, ઘણું ભક્તિમાતા તે મુંઝાણાં ॥૬॥
પ્રેમવતી સુવાસિનીબાઇ, બન્ને પાણી ઉલેચે છે ત્યાંઇ । વૃષદેવ વિચારે છે મન, નથી સુધાર્યું મેં તો સદન ॥૭॥
ઘરમાં પાણી ભરાયું ઘણું, દુઃખ પ્રગટ્યું ઉપર્જન્ય તણું । વૃષ્ટિ બંધ રહે તોજ સારું, નહિ તો પડશે સદન મારું ॥૮॥
એવા સમયમાં ઘનશ્યામ, ઉભા ઓથ લઇ એકઠામ । દેખ્યું માતાપિતા કેરું દુઃખ, કર્યો વિચાર ત્યાં સન્મુખ ॥૯॥
કર્યો સંકલ્પ વૃષ્ટિ સંબંધ, મેઘરાજા રેજ્યો હવે બંધ । એવો વિચાર મનમાં થયો, તરત વરસાદ તો બંધ રહ્યો ॥૧૦॥
બાર મેઘ થયા મૂર્તિમાન, આવ્યા જ્યાં ઉભા છે ભગવાન । કરી પ્રારથના શિરનામી, અમને શું આજ્ઞા છે કો સ્વામી ॥૧૧॥
સૃષ્ટિમાં વૃષ્ટિ કરવી બંધ, કે બીજો કોઇ છે પ્રતિબંધ । હરિ કહે સઘળે વૃષ્ટિ કરો, પણ વેણ મારૂં ઉર ધરો ॥૧૨॥
અમારૂં ઘર ચોકને ફળી, તેમાં વૃષ્ટિ ન કરવી વળી । એવું સુણી અદૃશ્ય થયા, સ્વર્ગભુવનમાં તે તો ગયા ॥૧૩॥
બધી સૃષ્ટિમાં વરસ્યો અપાર, પણ ન આવ્યો ધર્મને દ્વાર । ચારે મહિના ચોમાસું જેહ, પાળી આજ્ઞા પ્રભુજીની એહ ॥૧૪॥
પામ્યા આશ્ચર્ય સર્વે તે મન, ઘનશ્યામને કહે ધન્ય ધન્ય । પછે સર્વે સખા લેઇ સંગ, ગયા રમવા માટે શ્રીરંગ ॥૧૫॥
રમતા થકા ત્યાંથી સધાવ્યા, નારાયણસરોવરે આવ્યા । ત્યાંથી ચાલ્યા મહામતિ ધીર, આવ્યા ખંપાસરોવર તીર ॥૧૬॥
ધીમો ધીમો વરસે છે મેહ, એમાં ક્રિડા કરે રમે એહ । પાણી રોકી રોકીને ઉડાડે, રાજી થકા રમે ને રમાડે ॥૧૭॥
વેણીરામ ત્યાંથી આવ્યા ઘેર, કહી મૂર્તિમાતાને તે પેર । ભક્તિમાતા કે મોટાભાઇને, તેડીલાવો શ્યામને જઇને ॥૧૮॥
એવું સાંભળી તેડવા ગયા, ત્યાં તો પ્રભુજી બીજે રૂપે થયા । માતાજીને કહ્યું પાસે જઇ, દીદી લ્યો ડગલી ભીંજી ગઇ ॥૧૯॥
બીજી કોરી આપો મુને માતા, થાય શરીરમાં સુખસાતા । ભીંજવાયેલી તે કાઢી લીધી, બીજી કોરી ડગલી ત્યાં દીધી ॥૨૦॥
તે પેરીને શ્રીદાદાની પાસ, બેઠા જમવા સારુ હુલ્લાસ । એટલામાં મોટાભાઇ આવ્યા, ઘનશ્યામને તે તેડી લાવ્યા ॥૨૧॥
સામાં ઉભાં સુવાસિની બાઇ, દેખ્યા બેઉ ઘનશ્યામ ભાઇ । હરિ બેઠા રસોડામાં આપ, આમ ક્યાંથી આવે છે અમાપ ॥૨૨॥
થયો છે એવો મન સંદેહ, જોયું રસોડામાં આવી તેહ । ત્યાંતો કૃષ્ણ જમે વૃષપાસ, એવી લીલા કરે અવિનાશ ॥૨૩॥
એક સ્વરૂપ અદ્રશ કીધું, બીજું રસોડામાં રેવા દીધું । આવાં અદ્ભુત ચરિત્ર જોઇ, નરનારી રહ્યાં મન મોઇ ॥૨૪॥
પછે એ દીવસ સાંજ સમે, માતા પાસે ઘનશ્યામ રમે । તેડીને ગયાં મૂર્તિ બગીચે, નિજ પુત્રને બેસાર્યા નીચે ॥૨૫॥
ભકિત સુવાસિનીબાઇ ભાવે, કાંઇ શાક બગીચામાં વાવે । ઘનશ્યામ કહે લાવો માજી, અમે વાવીએ શાકને ભાજી ॥૨૬॥
અમે વાવીશું તો ઝટ થાશે, સગાં મિત્ર સહુ તે તો ખાશે । એમ કહીને વાવ્યાં તે પોતે, થોડા દિનમાં થયાં જોતે જોતે ॥૨૭॥
એના એ બાગમાં એક વૃક્ષ, હતું ફણસનું ત્યાં પ્રત્યક્ષ । એક રાત્રિએ તસ્કર આવ્યા, લીધાં ફણસનાં ફળ ફાવ્યા ॥૨૮॥

લેઈ ચાલ્યા ધરી મન ધીર, આવ્યા નારાયણસરતીર । ત્યાં છે પીપળાનું એક વૃક્ષ, તેમાં રે છે ભૂતબલિ યક્ષ ॥૨૯॥
આવી તસ્કરને તે વળગ્યાં, કર્યાં અંગ પ્રાણથી અળગાં । ભૂતયક્ષ કહે સુણો ચોર, તમે ચોરી કરી છે નઠોર ॥૩૦॥
આ તો ફળ પ્રભુને ખાવાનાં, નથી તમારે લઈ જાવાનાં । કહે તસ્કર કોણ છો તમે, ગમે ત્યાંથી લાવ્યા છૈયે અમે ॥૩૧॥
અમે છૈયે ભૂત અને યક્ષ, ફેડી નાખીશું તમને પ્રત્યક્ષ । ફળ લઈ જાવા કેમ દેશું, તમારા સર્વેના જીવ લેશું ॥૩૨॥
એવું જાણીને પામ્યા છે ત્રાસ, કરે ચોર લોક નાસાનાસ । ફળ નાખી દીધાં છે ત્યાં છુટાં, નાઠા જાણે આયુષજ ખુટ્યાં ॥૩૩॥
ભૂત કહેછે હવે ક્યાં જાવો, જ્યાંથી લાવ્યા છો ત્યાં મુકી આવો । નહિ તો તમ કેડે થઈશું, તસ્કર તમને ખાઈ જઈશું ॥૩૪॥
પછે ત્યાંથી ફળ લેવરાવ્યાં, આવી ધર્મને ઘેર નખાવ્યાં । તારે તસ્કરને જાવા દીધા, જેવા ઘટે તેવા દંડ દીધા ॥૩૫॥
પોઢી રહ્યાતા શ્રીઅવિનાશ, ઉઠીને આવ્યા ભૂતની પાસ । ભૂતાદિકે કર્યા છે પ્રણામ, ઉભા કર જોડી તેહ ઠામ ॥૩૬॥
પ્રભુ બોલ્યા થઈને પ્રસન્ન, સુણો ભૂત સર્વે ધરી મન । હતી વાસનાયો બળવાન, પંચવિષયને અભિમાન ॥૩૭॥
તેથી પામ્યા તમો અધોગતિ, થઈ ગઈ વિપરીત મતિ । તમે કર્યું છે અમારું કાજ, માટે થયો છું પ્રસન્ન આજ ॥૩૮॥
અમે વનવિચરીએ જ્યારે, જાજ્યો બદ્રીકાશ્રમમાં ત્યારે । છુટી જાશો માયાથી તમામ, પછી પામશો અક્ષરધામ ॥૩૯॥
એવી રીતનું વરદાન પામી, ગયાં ભૂત સર્વે શિરનામી । આ પીપળાની પૂજા કરશે, એની પ્રદક્ષિણા જે ફરશે ॥૪૦॥
તેનાથી ભૂત દૂર પલાશે, સેજે અક્ષરધામમાં જાશે । ગાય શિખે સુણે નરનાર્ય,પામશે તે ભવજળ પાર્ય ॥૪૧॥
થયો સૂરજ ઉદય જ્યારે, સુવાસિનીબાઈ આવ્યાં બારે । દેખી ફનસનાં ફળ કેછે, ભક્તિમાતાજી ધ્યાનમાં લેછે ॥૪૨॥
કોણે ફનસ આ તોડી નાખ્યાં, કોણે પુંજ કરી આંહિ રાખ્યાં । એવું સુણીને શ્રીભગવંત, આવીને કહ્યું છે વરતંત ॥૪૩॥
બીજું કહું છું એક ચરિત્ર, સુણે તે જન થાય પવિત્ર । લોહગંજરી પ્રખ્યાત ગામ, સંધ્યાગીરી બાવો રે તે ઠામ ॥૪૪॥
ધર્મદેવ તણો એ છે મિત્ર, અતિ પાવન પુણ્ય પવિત્ર । ધર્મદેવને પોતાને ગામ, તેડી ગયો રેવા આપ્યો ઠામ ॥૪૫॥
સુખેથી રહો મિત્ર આ ઠાર, લેઈ કુટુંબને પરિવાર । ધર્મ રહ્યા છે ત્યાં સુખરૂપ, સંધ્યાગીરીજીને ત્યાં અનુપ ॥૪૬॥
શિવાલય એનાં ઘરપાસ, જંગલીનાથ શિવપ્રકાશ । તે દેવળ ફરતો છે બાગ, તેમાં રેતા મણીધર નાગ ॥૪૭॥
તે બીકે બાગમાં ન જવાય, કોઈથી સેવા પૂજા ન થાય । જાણ્યું અંતરજામીએ ત્યાંયે, નડે છે નાગ સર્વેને આંયે ॥૪૮॥
પછે ખગેશને ત્યાં બોલાવ્યા, સર્વે ચક્રિને ત્રાસ ધરાવ્યા । દેખી ગરુડજીને તે વ્યાળ, ત્યાંથી નાશી ગયા તતકાળ ॥૪૯॥
સંધ્યાગીરી બાવે જોયું નજરે, ધન્ય મારો જન્મ તો મજરે । સર્વે નાગને આજ વળાવ્યા, ઘનશ્યામ ભલે આંહીં આવ્યા ॥૫૦॥
ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રી સહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિએ પોતાના ઘર ઉપર વૃષ્ટિ બંધ કરાવી એ નામે પચીશમો તરંગઃ ॥ ૨૫ ॥

પૂર્વછાયો– ધર્મદેવને સંધ્યાગીરી, બીજા કેટલાક જન । દીધા ઘાટે હરિયર ક્ષેત્રે, મેળે જવા કર્યું મન ॥૧॥
તૈયારી કરી તાતજીયે, ત્યારે બોલ્યા દીનાનાથ । હે દાદા મુને મેળો જોવા, તેડી જાઓ તમ સાથ ॥૨॥
હરિપ્રસાદજી બોલિયા, સુણો તમે કુમાર । હાલ તમે નવ આવશો, જઈશું બીજીવાર ॥૩॥
એમ કહિને ભુલવાડ્યા, ગયા ચુકાવીને સરત । પ્રભુએ પિતા નવ દેખીયા, ત્યારે રોવા લાગ્યા તરત ॥૪॥
હે દીદી તમે સાચું કહો, ક્યાં ગયા છે મુજ તાત । એવું સુણી હેત બતાવી, બોલ્યાં છે મૂર્તિમાત ॥૫॥
ગયા છે તમ સારુ લેવા, હાથી ઘોડા મારા તન । હમણાં લઈને આવશે, ધીરજ રાખો મન ॥૬॥
ચોપાઈ– એમ કહી હરિ સમજાવ્યારે, જેમ તેમ કરીને મનાવ્યારે । અંતર્જામીનું નથી અજાણ્યુંરે, વારે વારે તે હું શું વખાણુંરે ॥૭॥
પિતાજીતો ગયા મુને મૂકીરે, પણ હું કેમ જાઇશ ચુકીરે । માટે જરૂર મેળામાં જાવુંરે, પિતાજીના તો અગાડી થાવુંરે ॥૮॥
પ્રભુજીએ ધર્યો આહલાદરે, કર્યા ગરુડજીને ત્યાં યાદરે । આવી ઉભા રહ્યા ખગરાજરે, બેઉ રૂપે થયા મહારાજરે ॥૯॥
એકરૂપે રહ્યા છે ઘેરરે, બીજેરૂપે ચાલ્યા રૂડી પેરરે । કરી ગરુડની અસવારીરે, વિચર્યા મનવેગે મોરારીરે ॥૧૦॥
ધર્મપિતા ગયા છે ત્યાંયેરે, બોતેર નદી સંગમ જ્યાંયેરે । ગયા ઘનશ્યામજી તે સ્થાનરે, ગરુડે બેસી શ્રીભગવાનરે ॥૧૧॥
પછે આવ્યા સંધ્યાગીર ધર્મરે, ત્યાં દેખ્યા નિજપુત્રને પર્મરે । ધર્મદેવ કરે છે વિચારરે, આંહી ક્યાંથી આવ્યા આ કુમારરે ॥૧૨॥
તમો પુત્ર મારા મનભાવ્યારે, કોની સાથે તમે આંહી આવ્યારે । ત્યારે બોલ્યા ત્રિભુવન પતિરે, સુણો દાદા તમે મહામતિરે ॥૧૩॥
મુને છાનો મૂકી આવ્યા તમેરે, આ ગરુડે ચડી આવ્યા અમેરે । એવું સુણીને બોલ્યા છે તાતરે, હે પુત્ર કહું છું સત્ય વાતરે ॥૧૪॥
આતો ગરુડજી પંખીરાજરે, હરિવાહન છે સુખસાજરે । ક્યાંથી મળે બેસવા તમનેરે, એ વિચાર થાયછે અમનેરે ॥૧૫॥
પછે ધર્મને સાંભર્યું મનરે, માર્કંડેય ઋષિનું વચનરે । મારા પુત્ર તો છે પરબ્રહ્મરે, મુને કેમ થયો છે વિભ્રમરે ॥૧૬॥
કૃષ્ણજી બોલ્યા દઈને માનરે, ચાલો સંગમે કરીએ સ્નાનરે । એવું કહી પેઠા જલમાં પોતેરે, ધર્મદેવ ગયા પણ જોતેરે ॥૧૭॥
પિતાજીએ જ્યાં ડુબકી મારીરે, દીધાં દર્શન શ્રીગીરધારીરે । દીઠા છે ત્યાં ચતુર્ભુજ રૂપરે, અતિ આશ્ચર્યકારી અનુપરે ॥૧૮॥

પાછા જળથી નીકળ્યા બારરે, ત્યાંતો પાસે ઉભા છે કુમારરે । એવાં દર્શન પામ્યા સાક્ષાતરે, સંધ્યાગીરીને તે કહી વાતરે ॥૧૯॥
પછી ત્યાંથકી તો ચાલ્યા જાયરે, ધર્માદિક સકળ કહેવાયરે । નિજ વતન ઇટાર ગામરે, આવ્યા છે સર્વે ત્યાં શુભ ઠામરે ॥૨૦॥
કાકાને ઘેર બે દિન રહ્યારે, ત્યાંથી લોહગંજરીએ ગયારે । કૃષ્ણજી બીજે રૂપે થયાછેરે, એકરૂપથી ઘેર રહ્યાછેરે ॥૨૧॥
પિતાજીને ત્યાં આવતા જાણીરે, સામા ગયા છે સારંગપાણીરે । ભક્તિ કહે તમે ભલે આવ્યા છોરે, ઘનશ્યામ સારુ શું લાવ્યા છોરે ॥૨૨॥
ધર્મ કહે તમારી સંગાથરે, ઘરે ક્યાંથી આવ્યા ત્રિભુવનનાથરે । એવું જાણીને મથુરાબાઇરે, બોલે વિચારીને મનમાંઇરે ॥૨૩॥
સાક્ષાત છે પ્રભુ ઘનશ્યામરે, બેઉ રૂપે થયા પૂર્ણકામરે । અતિ અદ્ભુત લીલા અપારરે, જોઇ સ્થિર થયાં નરનાર્યરે ॥૨૪॥
વળી લોહગંજરી જે ગામેરે, બીજી લીલા કરી ઘનશ્યામેરે । વાંસી ગામનો જે ચંદુરાયરે, કૈક મનુષ્ય બીજાં કહેવાયરે ॥૨૫॥
તેને છાના રાખ્યા સંધ્યાગીરીરે, પોતાને ગામે લોહગંજરીરે । જાણ્યું છે તે નવાબે છલમાંરે, આવ્યા લશ્કર લઇ બળમાંરે ॥૨૬॥
બાવાએ જાણ્યું લશ્કર મોટુંરે, આજે આયુષ્ય થઇ ગયું ખોટુંરે । કરી હરિપ્રસાદને વાતરે, માથે આવીછે સર્વને ઘાતરે ॥૨૭॥
જાણ્યું મહારાજે આપી ધીરરે, નવ બીશો રહો તમે સ્થિરરે । મારા પિતાનો પ્રતાપ મોટોરે, ક્ષણમાં થશે નવાબ ખોટોરે ॥૨૮॥
ગતિભંગ થશે ગભરાશેરે, હમણાં પડીને ભાગી જાશેરે । એમ કહી યોગકલા કરીરે, ઉપજાવ્યું સૈન્ય શ્રીહરિરે ॥૨૯॥
લાખો આરબલોક સબળારે, શસ્ત્રબંધ આવીયા સઘળારે । હરિએ કહ્યું જાઓ ભગાવોરે, આવ્યું છે સૈન્ય તેને નસાવોરે ॥૩૦॥
આજ્ઞા પ્રમાણે આરબ ગયારે, ઓલ્યા સૈન્યના સામા તે થયારે । ભય પામીને નાઠો નવાબરે, સૈન્ય સુધાં ન આપ્યો જવાબરે ॥૩૧॥
ધર્માદિ સર્વે આશ્ચર્ય પામ્યારે, રાજા પ્રજા સહુ દુઃખ વામ્યારે । એમ સર્વેતણાં ભાંગ્યાં દુઃખરે, આપ્યાં શ્યામે અવિચળ સુખરે ॥૩૨॥
ધર્મભક્તિએ કર્યો વિચારરે, ચાલો જઇએ હવે નિરધારરે । સાથે લેઇને બેઉ કુમારરે, આવ્યાં છુપૈયાપુર મોઝારરે ॥૩૩॥
વળી એક સમે તે મોરારરે, હવન અષ્ટમી આવી તારરે । વેણી માધવ આદિ જે મિત્રરે, બોલાવ્યા જેછે પુન્ય પવિત્રરે ॥૩૪॥
સખા સર્વેને લઇ મુનિવરરે, ગયા નારાયણસરોવરરે । ત્યાંથી ઉગમણો એક બાગરે, તેમાં આવ્યા સહુ મહાભાગરે ॥૩૫॥
ત્યાંછે બહિરી આંબાનું વૃક્ષરે, તેનાં ડાળાં પર ઘણો લક્ષરે । દક્ષિણ દીશાની એક શાખારે, તેનો ઘોડો કરી બેઠા સખારે ॥૩૬॥
ઉગમણી બાજુની જે ડાળરે, તેના ઉપર બેઠા દયાળરે । જાણે તુરંગ પલાણ્યો હોયરે, મારે સોટીયો મુંજની જોયરે ॥૩૭॥
બોલાવે છે મુખે બચકારારે, વગાડે છે જીભે ડચકારારે । શ્રીહરિએ ઇચ્છા મન ધારીરે, પોતે બેઠા છે ત્યાં સોટી મારીરે ॥૩૮॥
મારતાં સાથે નીકળ્યો ઘોડોરે, જેનો કાંઇ મળે નહિ જોટોરે । ઉચ્ચૈઃશ્રવાની જાત તુરંગરે, મુખ સાત ૧અવદાત રંગરે ॥૩૯॥
કરે મુખે શબ્દ હણેણાટરે, વ્યાપ્યો દિશાયોમાં ગણેણાટરે । તેની શોભાતણો નહિ પારરે,થયા અલબેલોજી અશ્વારરે ॥૪૦॥
એક મુહૂર્ત ઉપર ઠર્યારે, એકસો આઠ પ્રક્રમા ફર્યારે । છુપૈયાપુર ફરતી છેલેરે, ફરી પ્રદક્ષિણા અલબેલેરે ॥૪૧॥
આવી નારીઓ ભરવા નીરરે, ઉભી જુવે સરોવર તીરરે । કોટી કંદર્પ લાવણ્ય જેહરે, અકલિત અનુપમ એહરે ॥૪૨॥
કરે બ્રાહ્મણ સંધ્યાવંદનરે, તેણે દેખ્યા છે ધર્મનંદનરે । પડ્યા મુક્યા પ્રાણાયામ પાઠરે, જુવે ઘનશ્યામનો ઠાઠરે ॥૪૩॥
દશ દિશાયોમાં તેહ  કાળેરે, નરનારી સહુ જન ભાળેરે । ગામ પરગામનાં ઘણાં લોકરે, જુવે તન્મય થૈને અશોકરે ॥૪૪॥
ભુલી નારીઓ ભરવું નીરરે, જે જ્યાં તે ત્યાં સહુ થયાં સ્થિરરે । દક્ષિણોત્તર પશ્ચિમ પૂર્વરે, જુવે દીશાઓનાં લોક સર્વરે ॥૪૫॥
આજુબાજુનાં ગામોમાં થૈનેરે, ફર્યા પ્રક્રમા ત્યાં સુધી જૈનેરે । ગ્રંથ વિસ્તાર પામે છે જેથીરે, કરું સંક્ષેપે વર્ણન તેથીરે ॥૪૬॥
નરેચા તીનવા સુરવાલરે, એઆદિ સહુ ગામ વિશાળરે । એમ સઘળે ફર્યા શ્રીશામરે, સરિતા સર વાપી ને ઠામરે ॥૪૭॥
સખા સઘળા રમે છે જ્યાંયરે, પધાર્યા પ્રક્રમા ફરી ત્યાંયરે । પછે પ્રભુની ઇચ્છાએ કરીરે, થયો અદૃશ્ય દેખતાં રહરીરે ॥૪૮॥
ધર્મભક્તિ આદિ સહુ જનરે, જોઇ વિસ્મય પામ્યાં છે મનરે । બાળલીલા સુણે નિમધારીરે, તેને મળે પ્રગટ મોરારીરે ॥૪૯॥

ઇતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિ ગરુડ ઉપર બેસીને દીધાઘાટે હરિયરક્ષેત્રને મેળે ગયા એ નામે છવીસમો તરંગઃ ॥ ૨૬ ॥

પૂર્વછાયો– ત્યારપછી સહુ સાંભળો, સંત હરિજન મિત્ર । છુપૈયામાં શ્રીઘનશ્યામે, કર્યું નવીન ચરિત્ર ॥૧॥
હવે માઘશુદી ચતુરથી, તે દિન ધર્મકુમાર । બ્રાહ્મ મુહૂર્તે વહેલા ઉઠ્યા, કર્યું સ્નાન તેણીવાર ॥૨॥
બેઠા જઇ ચોતરા પર, નિત્ય વિધિ કરે જ્યાંયે । પ્રજાપતિ આવ્યા તે સમે, ચતુર મુખા ત્યાંયે ॥૩॥
પ્રણામ કર્યો પ્રીતવડે, બેઠા પ્રભુ સનમુખ । કેવા લાગ્યા કર જોડીને, જે છે પોતાનું દુઃખ ॥૪॥
નિત્યવિધિ થયો નથીને, બોલ્યા વચ્ચે બ્રહ્માયે । આ સૃષ્ટિનો હવે દાખડો, મારાથી નવ થાયે ॥૫॥
ચોપાઇ– મારે નથી કરવું એ કામ, સોંપીદ્યો બીજાને સુખધામ । એ સાંભળી બોલ્યા જગત્રાતા, સુણો સત્ય કહું છું વિધાતા ॥૬॥
તમારા ઉપર રાજી અમો, માટે કામ કર્યા કરો તમો । પ્રભુએ કહ્યું પ્રેમસમેત, વિધિ સમજ્યા નહિ સંકેત ॥૭॥
બોલ્યા બ્રહ્મા ફરીને વચન, મારાથી થાશે નહિ ભગવન । હમણાં બેસો કહ્યું શ્રીરંગે, પછી વાત કરું તમસંગે ॥૮॥

હરિ ઈચ્છાએ બ્રહ્મા વિશેક, આવ્યા અષ્ટમુખા ત્યાં અનેક । વદે વચન તે શિશનામી, અમને શું આજ્ઞા છે કો સ્વામી ॥૯॥
અક્ષરાધિપતિ અવિનાશ, અમેતો છૈયે તમારા દાસ । કરે પ્રાર્થના મનભાવ્યા, બીજા સોળમુખાવિધિ આવ્યા ॥૧૦॥
નેત્રસાન કરીને બેસાર્યા, ચારમુખાને પર્ચા દેખાડ્યા । ઉત્તરદિશાથી તેણીવાર, બ્રહ્મા આવ્યા હજારો હજાર ॥૧૧॥
તે નારાયણસરને તીર, ઉતર્યા બાગમાં મન સ્થિર । હવે શ્રીહરિ વાત લહેછે, ચ્યારમુખા બ્રહ્માને કહેછે ॥૧૨॥
જાઓ બગીચામાં જોઈ આવો, કોણ આવ્યા છે તે વાત લાવો । સુણી ત્યાંથી ચતુર્મુખા ચાલા, નારાયણસરે મતવાલા ॥૧૩॥
જુવે તો બ્રહ્મા દીઠા અનેક, હજાર મુખવાળા વિશેક । શ્રીહરિના છે તે આજ્ઞાકારી, જોયા ચતુરમુખે તે વિચારી ॥૧૪॥
સમજ્યા ચતુર્મુખ  સર્વ, ભાળ્યા બ્રહ્માને ઉતર્યો ગર્વ । નીચું વદન કરી સધાવ્યા, છુપૈયામાં પ્રભુપાસે આવ્યા ॥૧૫॥
કર્યા છે દંડવત પ્રણામ, વદે નમ્ર થઈને તે ઠામ । અપરાધ ક્ષમા કરો મારો, ભૂલ કરી મેં દોષ ઉતારો ॥૧૬॥
હવે નહિ કરું આવું કામ, ફરીને સુણો સુંદરશ્યામ । ૧હંસવાહન કરી અશોક, ગયા આજ્ઞા માગી સત્યલોક ॥૧૭॥
બીજા આવ્યાતા બ્રહ્માયો જેહ, કરી પૂજા પ્રભુજીની એહ । તે પણ આજ્ઞા માગીને ગયા, નિજ સ્થાનક ભેગા તે થયા ॥૧૮॥
આવી લીલા કરે અલબેલ, નિત્ય નવા બતાવે છે ખેલ । ધર્મ ભક્તિ આદિ સહુ જન, અતિ આનંદ પામ્યાં છે મન ॥૧૯॥
પછે માતાએ રસોઈ કરી, ધર્મ સહિત  જમાડ્યા હરિ । આપે કૃષ્ણ અલૌકિક સુખ, છુપૈયામાં નથી કાંઈ દુઃખ ॥૨૦॥
વળી ત્યાર કેડે એક દન, ગયા રમવા કાજે જીવન । સખા સર્વેને લઈ સંઘાથ, દહીએ આંબે ગયાછે નાથ ॥૨૧॥
ઉપર ચઢી કરે ગમત્ય, ઝાડ પીપળી રમે રમત્ય । રમતા થકા થયા મધ્યાન, પણ ઘેર નાવ્યા ભગવાન ॥૨૨॥
માતાપિતા કરેછે વિચાર, જુવોને ગયા છે કોણઠાર । મોટાભાઈ તમે હાલ જાઓ, ઘનશ્યામજીને તેડી લાવો ॥૨૩॥
ઘેર રસોઈ થૈછે તૈયાર, જુવોને ગયા છે કોણ ઠાર । ભાઈએ હાથમાંહી સોટી લીધી, કૃષ્ણને શોધવા મતિકીધી ॥૨૪॥
ઘેરથી ચાલ્યા ગુણગંભીર, નારાયણસરોવર તીર । ચારે દિશાઓમાં જોઈ વળ્યા, પણ ત્યાં નારાયણ ન મળ્યા ॥૨૫॥
ત્યાંથી મીનસરોવરે ગયા, મધુવૃક્ષ હેઠે ઉભા રહ્યા । જોયાં સર્વ ઠેકાણાં ફરીને, પણ ન દીઠા ક્યાંઈ હરિને ॥૨૬॥
ફર્તા જુવે વન ઉપવન, મળ્યા અધ્વમાં સુખનંદન । તેને પુછી લીધું તતકાળ, તે કે જોયા નથી મેં દયાળ ॥૨૭॥
જોયું ખંપાસરોવર તીર, નવ દેખાયા ત્યાં નરવીર । ભાઈને રીસ ચઢી અપાર, મળે તો સોટીયું મારું ચાર ॥૨૮॥
એમ શોધે છે ધર્મના તન, આવ્યા બહિરી આંબે જોખન । ત્યાં તો રમે છે ઝાડ પીપળી, કળા કોયથી ન જાય કળી ॥૨૯॥
ચડ્યા આંબા ઉપર ચતુર, મોટાભાઈએ જોયું જરુર । તે દેખી મારી જોખને હાક, સુણી હરિને પડી છે ધાક ॥૩૦॥
મારી આંબા ઉપરથી તલ્પ, પોતાને મન કુદ્યા છે અલ્પ । પણ આવી પડ્યા જુવો ક્યાંયે, મોતીમામાનો કુવો છે ત્યાંયે ॥૩૧॥
મોટા જાંબુડાને હેઠે થઈ, નારાયણસરોવરે જઈ । ત્યાંથી ઉતાવળા આવ્યા ઘેર, કોય જાણે નહિ જેમ પેર ॥૩૨॥
કાળવ્યાળને જેહ ડરાવે, મોટાભાઈની બીક ધરાવે । જુવો ચરિત્ર કરેછે કેવાં, ભવ બ્રહ્મા ભુલા પડે તેવાં ॥૩૩॥
ઓશરી તેનો ખુણો છે જ્યાંયે, આવી સંતાણા જીવન ત્યાંયે । એક પલંગની ઓથ લઈ, છાનામાના સંતાણા ત્યાં જઈ ॥૩૪॥
એટલામાં મોટાભાઈ આવ્યા, જાણીને પોતે રોમ કંપાવ્યા । બોલ્યા દીદીની સાથ વચન, મુને મારે છે ભાઈ જોખન ॥૩૫॥
તારે માતાજી આપે છે ધીર, બીશોમાં મારશે નહી વીર । ભક્તિમાતા આવ્યાં ત્યાંથી બાર, લીધા ઉત્સંગમાં નિરધાર ॥૩૬॥
મોટાભાઈ તો ત્યાં ધીરા રહી, સર્વે સંબંધીને વાત કહી । પિતાબંધુ સહિત પાવન, કર્યાં ભૂધરજીએ ભોજન ॥૩૭॥
હવે આવ્યો છે શ્રાવણ માસ, તારે શું કરેછે અવિનાશ । ધર્મભક્તિએ કર્યો વિચાર, જાવું અયોધ્યાપુરી મોઝાર ॥૩૮॥
કરવા હિંડોળાનાં દર્શન, ચાલ્યા એમ ધારીને તે મન । સાથે લીધા છે બેઉ કુમાર, આવ્યા મખોડાઘાટ તે વાર ॥૩૯॥
મનોરમા નદી કેરે તીર, બેઉ કાંઠે ભરાણું છે નીર । ધીમો ધીમો આવે છે વારીદ, વાંણ ન મળ્યું ને છે તાકીદ ॥૪૦॥
હવે શું કરવું આણે ઠાર, માતા પિતા કરે છે વિચાર । જાણ્યું અંતરજામીયે જ્યાંયે, કરવા માંડ્યા ચરિત્ર ત્યાંયે ॥૪૧॥
દીદી મારે કરવું છે સ્નાન, બોલ્યા બહુનામી બળવાન । માતાએ કર આંગળી ઝાલી, ગયા જીવન પાણીમાં ચાલી ॥૪૨॥
દીદી આ પાણી મધ્યે છે રસ્તો, એમાં ચાલું છું હું ખસ્તો । મારે કેડે કેડે સહુ આવો, બીશો માં તમે નહીં તણાવો ॥૪૩॥
એમ કૈને પોળા કર્યા ભુજ, જળે માર્ગ દીધો પડી સુજ । જેવો મારગ દીધો તે જોયું, ધર્મભક્તિ તણું મન મોહ્યું ॥૪૪॥
અયન દેખી સહુ રાજી થાય, શ્રીહરિ કેડે તે ચાલ્યા જાય । જોતાં જોતાં લાગી નહિં વાર, એમ ઉતર્યા ગંગાની પાર ॥૪૫॥
સામે કાંઠે પોચી ગયા તારે, ધર્મે પાછું વાળી જોયું ત્યારે । બે કાંઠે જળ તો વહ્યું જાય, નદી પ્રવાહમાં નવ્ય માય ॥૪૬॥
કાંઠા ઉપર એક સુંદર, મોટું શ્રીરામનું છે મંદિર । તેનો વિશાળ છે પરથાર, ધર્માદિક બેઠા તેહ ઠાર ॥૪૭॥
બેઠા હતા તે વેરાગી ત્યાંય, જોયું ચરિત્ર આ મનમાંય । વેરાગીએ પુછી સહુ વાત, ધર્મદેવે કહી તે વિખ્યાત ॥૪૮॥
ત્યારે તેણે કર્યું સન્માન, કરાવ્યાં પછે ભોજનપાન । આપ્યો ઉતારો સુંદર સ્થાન, દેખી રાજી થયા ભગવાન ॥૪૯॥
વેરાગી કે સુણો ધર્મ તમે, વાત સઘળી સમજ્યા અમે । તમારા પુત્ર છે ભગવાન, મુને નિશ્ચે થયો છે નેદાન ॥૫૦॥

પ્રભુવિના પ્રભુતા ન હોય, આવું ચરિત્ર કરે ન કોય । ધર્મભકિત તમેતો સનાથ, તમારા પુત્ર છે રઘુનાથ ॥૫૧॥
ઘનશ્યામનાં ચર્ણમાં જોયું, સોળે ચિહ્ન જોઈ મન મોહ્યું । વખાંણે છે તે વારમવાર, કર જોડી કરે નમસ્કાર ॥૫૨॥
કર્યું છે તે સરિતામાં સ્નાન, ધર્મભક્તિ આદિકે નિદાન । દેવનાં કર્યાં ત્યાં દર્શન, પછે થયાં પ્રફુલ્લિત મન ॥૫૩॥
પીપળાનું છે ત્યાં એક વૃક્ષ, તેના હેઠે આવ્યા છે સમક્ષ । પીપળા હેઠે દેરીમાં દેવી, ભવાની મહાકાલી છે તેવી ॥૫૪॥
તેણે આવ્યા જાણ્યા ભગવાન, આવી પ્રત્યક્ષ આપ્યું છે માન । આપ્યાં શ્રીફળ જાુગલસાર, હરિને પેરાવ્યા પુષ્પહાર ॥૫૫॥
ત્યાંથી આવ્યા સર્જ્યુ ગંગા તીર, વાણમાં બેસી ઉતર્યા ધીર । રામઘાટ ગઢી હનુમાન, કર્યાં દર્શન ત્યાં સુખવાન ॥૫૬॥
પછે આવ્યા પોતાને મુકામ, ઠરીને રહ્યા છે શુભ ઠામ । અતિ આનંદ માનીને સર્વ, હરિ ગુણ ગાય તજી ગર્વ ॥૫૭॥

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિએ બ્રહ્માનો ગર્વ ઉતાર્યો ને મનોરમા નદીયે માર્ગ દીધો એ નામે સતાવીશમો તરંગઃ ॥ ૨૭ ॥

પૂર્વછાયો– ધર્મ ભક્તિ તે અવધમાં, રહ્યાં છે નિજ મુકામ । જન્માષ્ટમીને દિવસે, શું કર્તાં હતાં એ કામ ॥૧॥
સુત સાથે ગયાં દર્શને, કનકભોવન જ્યાંયે । મંદિરમાં ઠાકોરજીનાં, દર્શન કરીયાં ત્યાંયે ॥૨॥
મહંત મોટા પૂજારી, નામ તુલસીદાસ । ઘનશ્યામની ઈચ્છાએથી, તે સમાધિ પામ્યા ખાસ ॥૩॥
સમાધિમાં થયાં દર્શન, રામ લક્ષ્મણનાં એજ । સિંહાસન ઉપર દેખ્યા, દિવ્યસ્વરૂપે તેજ ॥૪॥
રાજી થઈ રઘુપતિ કહે, સુણો તુલસી સાર । હરિપ્રસાદના પુત્ર છે, ઘનશ્યામ સર્વાધાર ॥૫॥
પુરુષોત્તમ નારાયણ, અક્ષરપતિ અવિનાશ । સુખકારી અવતારી છે, કહું કરીને હુલ્લાસ ॥૬॥
ચોપાઈ– તરત સમાધિમાંથી તે જાગ્યા । મહા પ્રભુજીને પગે લાગ્યા । ચંદન પુષ્પથી પૂજન કરી, નેણાં ભરી નિરખ્યા શ્રીહરિ ॥૭॥
પુરુષોત્તમનો નિશ્ચે થયો, એના મનનો સંશય ગયો । પ્રગટ પ્રમાણ છે જીવન, તેની ભક્તિ કરે નિશદિન ॥૮॥
અયોધ્યાવાસી મનુષ્ય સર્વ, ગયો ઉતરી તેમનો ગર્વ । નરનારી કરે નમસ્કાર, વખાણે જન વારમવાર ॥૯॥
વળી એક સમે ધર્મભક્તિ, ગયાં દર્શન કાજ આસક્તિ । બન્ને સુતને લઈ સધાવ્યાં, જન્મસ્થાનકને વિષે આવ્યાં ॥૧૦॥
રામ લક્ષ્મણ પારણે ઝુલે, કર્યાં દર્શન પ્રેમે અતુલે । રઘુનાથ હાથ વધારી, ગ્રહ્યા ઘનશ્યામને વિચારી ॥૧૧॥
બોલ્યા ઠાકોરજી મનધારી, પારણામાં પધારો વિહારી । કૃપા કરો હવે કૃપાનાથ, આવો બેસોજી અમારી સાથ ॥૧૨॥
એવું સુણીને શ્રીઘનશ્યામ, બીજું રૂપ ધર્યું અભિરામ । બેઠા પારણામાં સુખકારી, અવતાર પાસે અવતારી ॥૧૩॥
બોલ્યા મૂર્તિરૂપે રઘુવીર, સુણો પૂજારીજી થઈ થીર । ઘનશ્યામછે પૂરણબ્રહ્મ, અવતારના નિયંતા પર્મ ॥૧૪॥
અક્ષરાધિપતિ છે જે એહ, પુરુષોત્તમજી પોતે તેહ । માતાપિતા છે ધર્મ ને ભક્તિ, સમજી લેજ્યો મન આ વિક્તિ ॥૧૫॥
ઘણા જીવના કલ્યાણ સારુ, પ્રગટ્યા ધર્મને ઘેર વારુ । માટે એમની સેવા કરશો, મને કાંઈ સંશે ન ધરશો ॥૧૬॥
આવાં અદ્ભુત ઈષ્ટ વચન, સુણી આનંદ પામ્યા છે મન । ત્યારે બોલ્યા છે પ્રેમ કરીને, કર્યા પ્રસન્ન ત્યાં શ્રીહરિને ॥૧૭॥
પૂજારી પર થયા પ્રસન્ન, હેઠે ઉતર્યા ધર્મના તન । પોતાના કંઠેથી કાઢ્યો હાર, પેરાવ્યો પૂજારીને તે વાર ॥૧૮॥
એવે અંજની અર્ભક આવ્યા, વેષ વાડવનો ત્યાં લાવ્યા । કર્યો ઘનશ્યામને પ્રણામ, મોટો હાર પેરાવ્યો તે ઠામ ॥૧૯॥
ધર્મદેવ કે ચાલો ભુવન, સુખ પામ્યાં કર્યાં દર્શન । સુત સહિત આવ્યા છે ઘેર, પ્રભુએ કરી ત્યાં લીલાલેર ॥૨૦॥
ભક્તિએ કરી રસોઈ સારી, ધર્મ સાથે જમાડ્યા મુરારી । એવે સમે ગયાદત્ત નામ, આવ્યો અવધમાં તેહ ઠામ ॥૨૧॥
મોટો અસુર પાપી અભાગી, જેને વૈરની લગની લાગી । પ્રભુને મારવા એમ ધારી, સામી દુકાને બેઠો સુરારી ॥૨૨॥
જાણી અંતરજામીએ વાત, મારવા આવ્યો છે ભુરજાત । કરડી દૃષ્ટિ જોયું ભગવન, તેને તાપ થયો ઉતપન ॥૨૩॥
બહુનામીની બીકજ લાગી, તે સમે ગયો છે ત્યાંથી ભાગી । વાલો જમી રહ્યા છે ભોજન, મુખવાસ લીધો છે જીવન ॥૨૪॥
દાદા સુણો કહું એક વાત, સોમવતી છે કાલે પ્રભાત । સર્વે વેલા ઉઠીને જાઈએ, સર્જ્યુ ગંગાને વિષે નાહીએ ॥૨૫॥
એમ બોલ્યા છે મર્મ વચન, તે તો કોણ જાણી શકે મન । બીજે દિવસે પ્રાતઃકાળ, સર્વે નાવા ગયા તતકાળ ॥૨૬॥
માતાપિતા મોટાભાઈ સાથ, આવ્યા સર્જ્યુ ગંગાપર નાથ । વસ્ત્ર મુક્યાં બ્રાહ્મણની પાસ, પેઠા જળમાં શ્રીઅવિનાશ ॥૨૭॥
ગોરને આપ્યું છે ગૌદાન, કરાવ્યો સંકલ્પ દઈ માન । ગયા જળમાં તે થોડે દૂર, ઓલ્યો આવ્યો છે પાપી અસુર ॥૨૮॥
થયો મગરરૂપે તે મૂઢ, ગયો જળવિષે ગતિગૂઢ । જ્યાં ઉભા રહ્યા છે ઘનશ્યામ, આવી ચર્ણ ઝાલ્યો તેહ ઠામ ॥૨૯॥
લેઈ ચાલ્યો ઉંડા જળમાંયે, કોઈ જાઈ શકે નહિ ત્યાંયે । ધર્માદિકે જોયું સન્મુખ, દિલમાં પ્રગટ્યું મહાદુઃખ ॥૩૦॥
માતાપિતાદિ સૌ પરિવાર, કરે ૧આક્રંદ શોક અપાર । અયોધ્યાપુરીના સહુ જન, જોઈ ત્રાસ પામ્યા ઘણું મન ॥૩૧॥
નરનારી કરે હાહાકાર, ઉભાં આરે હજારો હજાર । કર્યો ખલકપતિએ ખેલ, બેઠા રનક્ર પર અલબેલ ॥૩૨॥

આકર્ષણ કરીને લાવે છે, જળ ઉપર ચાલ્યા આવે છે । ગયાદત્ત નક્રરૂપ ભુર, પછાડ્યો ખાય છે તે અસુર ॥૩૩॥
ઉંચો થઇ જળમાં ઉંછળે છે, બહુનામીના તાપે બળે છે । ઝાલ્યો પ્રભુએ કરી દબાણ, પાપીના કંઠે આવ્યા છે પ્રાણ ॥૩૪॥
બળથી કળથી જળબાર, લાવ્યા પકડી ધર્મકુમાર । અઘ ઓઘને ભય પમાડ્યો, એક હાથે ગ્રહીને પછાડ્યો ॥૩૫॥
પડ્યો આરા ઉપર તે કાળે, જોખન સામે જોયું દયાળે । જીવને કર્યો સંકેત જોતે, રામપ્રતાપ સમજ્યા પોતે ॥૩૬॥
ત્યારે આવ્યા છે મઘર પાસ, પોતાનું બળ કર્યું પ્રકાશ । શેષનાગતણો અવતાર, બહુનામીના બાંધવસાર ॥૩૭॥
તેના મસ્તક ઉપર ધીર, ડાબો પગ દબાવ્યો ગંભીર । થયો અસુર મૂળસ્વરૂપ, સામો ઉભો નિશાચર ભૂપ ॥૩૮॥
વાધ્યો જોત જોતામાં વિરોધ, માંહો માંહે મંડાણું છે યુધ્ધ । ગયાદત્ત સાથે બલરામ, કર્યો દારુણ ઘોર સંગ્રામ ॥૩૯॥
જોવા આવ્યું ત્યાં અયોધ્યા નગ્ર, ચારે વર્ણ આદિ તે સમગ્ર । ઘણા કોપે ચડ્યા અહિનાથ, ભારે યુદ્ધ કર્યો તેના સાથ ॥૪૦॥
ચક્રિપતિએ ઝાલ્યો છે ચર્ણ, પછાડીને પમાડ્યો છે મર્ણ । પામી મર્ણ પડ્યો અસુરેશ, ભારે દિશે ભયંકર વેષ ॥૪૧॥
પામ્યા આશ્ચર્ય તે નર નાર્ય, વર્તાવ્યો છે જયજયકાર । પુરુષોત્તમજી ઘનશ્યામ, અહિપતિ છે આ બલરામ ॥૪૨॥
એમ નિશ્ચે થયો છે જનને, સંશે ટળી ગયો છે મનને । ચાલી સદ્કીર્તિ દશદિશ, જશ પામ્યા ઘણો જગદીશ ॥૪૩॥
ધર્મભક્તિએ ધાર્યું છે મન, ચાલ્યાં ત્યાંથી લઇ બેઉ તન । સ્વર્ગદ્વારી રામઘાટ જેહ, લક્ષ્મણજીનું મંદિર તેહ ॥૪૪॥
નાગેશ્વર કનકભુવન, રાજમોલ રત્ન સિંહાસન । કોપ ભુવનને જન્મસ્થાન, રંગમોલ છે શોભાયમાન ॥૪૫॥
મણિરત્નગિરી વિદ્યાકુંડ, હનુમાનગઢી દિશે તુંડ । સીતાકુંડ સૂર્યકુંડ કૈયે, ભટેશ્વર મહાદેવ લૈયે ॥૪૬॥
એ આદિ સઘળાં જે તીરથ, કર્યાં દર્શન સાધ્યો છે અર્થ । તેની શોભા જોઈને સુંદિર, પછે આવ્યા પોતાને મંદિર ॥૪૭॥

ઇતિ શ્રી મદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિયે કનકભુવનના મંદિરમાં તુલસીદાસને વૈકુંઠધામ દેખાડ્યું એ નામે અઠ્ઠાવિશમો તરંગઃ ॥ ૨૮ ॥

પૂર્વછાયો– અવધપુરમાં વાલિડે, ચરિત્ર કર્યાં છે જેહ । વિસ્તારીને વર્ણવું, સુણો રામશરણજી તેહ ॥૧॥
સખા સર્વે સંગે લેઈને, ચાલ્યા રમવા માટ । કેસરીસંગ આદિ સર્વે, આવ્યા પોતે રામઘાટ ॥૨॥
મલ્લયુદ્ધની કુસ્તી કરે, ગુણસાગર ઘનશ્યામ । એ સમે આવ્યા નેપાલના, મહાબલી મલ્લ તે ઠામ ॥૩॥
દેશાંતરમાં જીત કરી, આવ્યા અયોધ્યામાંય । પ્રભુને રમતા દેખીને, પોતે રમે છે ત્યાંય ॥૪॥
પોતાના જે સર્વે સખા, તે દ્વારાએ કર્યું કાજ । હજાર હજાર હસ્તિનું, મૂક્યું બળ મહારાજ ॥૫॥
ચોપાઈ– શ્રીહરિએ કર્યા બળહીનરે, ગતિભંગ થયા છિન્નભિન્ન રે । જોતાં જોતાં તેને જીતી લીધારે, સર્વના ગર્વ ઉતારી દીધારે ॥૬॥
ચાલી અવધપુરીમાં વાતરે, ઘનશ્યામના બળની ખ્યાતરે । અયોધ્યાપુરીના મલ્લ જેહરે, થયા તત્પર જીતવા તેહરે ॥૭॥
બીજે દિવસે થયું સવારરે, કરે વાત સહુ નરનાર્યરે । રાજાના ભત્રિજા જે કહેવાયરે, ઘનશ્યામને જીતવા જાયરે ॥૮॥
દિલ્લીશંગ આદિ ભીમશંગરે, જીતીને જેને લેવો છે રંગરે । રાયદર્શનસિંહજી નામરે, તેણે વાત જાણી છે તમામરે ॥૯॥
તે જાણે છે પ્રભુનો પ્રતાપરે, રાય વિચારેછે મન આપરે । કહે ત્રણ્યને બોલાવી પાસરે, સુણો પુત્ર કહું છું હુલ્લાસરે ॥૧૦॥
હરિપ્રસાદ પાંડેના તનરે, તમે ઓળખતા નથી મનરે । એમાં શું આવશે પરિણામરે, વિચારીને જાજો તેહ ઠામરે ॥૧૧॥
સુણી રાજાનાં એવાં વચનરે, બોલ્યા અભિમાની ત્રૈણે તનરે । હાલ તમારી નજરે જોતેરે, જીતીને આવીશું અમે પોતેરે ॥૧૨॥
થશે અમારી પૂરણ આશરે, મોજ માગીશું તમારી પાસરે । તારે તો રાજા કે ભલે જાવોરે, બળ તમારું સર્વે બતાવોરે ॥૧૩॥
હું પણ જાવો આવું છું ત્યાંયરે, મલ્લયુદ્ધ કરો તમે જ્યાંયરે । જેના જીત્યાના પડશે દાવરે, તેને આપીશ હું શરપાવરે ॥૧૪॥
ચાલ્યા ત્રૈણ જણા નિરધારરે, મન જીત્યાનો હર્ખ અપારરે । ગયા મારુતીને પગે લાગીરે, પોતપોતાતણી જય માગીરે ॥૧૫॥
બૃહટ્ટા નામે શાખા નગરરે, તેમાં છે ધર્મદેવનું ઘરરે । એક છે આંબલી કેરું વૃક્ષરે, ઘર આગળ પ્રૌઢ પ્રત્યક્ષરે ॥૧૬॥
મધ્ય બજારનો છે ત્યાં ભાગરે, ત્રણ્યે ઉભા રહ્યા જોઈ લાગરે । શૂરવીર હતા તે તણાંણારે, બીજા જોવા હજારો ભરાણારે ॥૧૭॥
રાજ મંડળ લઇ રાજનરે, તેય જોવા આવ્યા કરી મનરે । શૌકાર જે ધનદ સમાનરે, સંગાથે લાવ્યા છે આપી માનરે ॥૧૮॥
મોટી આંબલી હેઠે અનુપરે, કુવાના કાંઠા ઉપર ભૂપરે । ગાદી તકીએ આવી બીરાજ્યારે, સર્વે લોક ભરાણાં છે ઝાઝાંરે ॥૧૯॥
ઘનશ્યામને બોલાવ્યા રાયેરે, કરી વાત સહુ સમુદાયેરે । મોટાભાઈએ સુણી તેહ વારરે, કરે છે પોતે દીલ વિચારરે ॥૨૦॥
કહે શ્રીહરિને બલરામરે, હવે શું કરશો ઘનશ્યામરે । પરીક્ષા જોવા રાજાજી આવ્યારે, સાથે મોટા મોટા મલ્લ લાવ્યારે ॥૨૧॥
હરિ કહે બીશો નહિ આજરે, સૌને વ્હાલી છે પોતાની લાજરે । એમ કહી તે ઘરમાં ગયારે, રજા માગીને તૈયાર થયારે ॥૨૨॥
કર્યા માતાપિતાને પ્રણામરે, ચાલ્યા કુસ્તીકાજે ઘનશ્યામરે । માત પિતા થયાં છે ઉદાસીરે, સમર્યા અંતરે અવિનાશીરે ॥૨૩॥
એમને ધીર રેવા અનુપરે, ધર્યું વૈરાજપુરુષનું રૂપરે । ઘડી એક દીધું દર્શનરે, પાછા બાળક થયા જીવનરે ॥૨૪॥

એવું આશ્ચર્ય દેખીને મનરે, ધર્મભક્તિ થયાં છે પ્રસન્નરે । રામપ્રતાપને કહે ભાઈરે, હવે ચિંતા નથી જુવો કાંઈરે ॥૨૫॥
મલ્લ રહ્યા છે જ્યાં નિરધારરે, આવ્યા તે સ્થળે ધર્મકુમારરે । પેલો ઉભો થયો ભીમસંગરે, કુસ્તી કરવા ધરી ઉમંગરે ॥૨૬॥
તાલ બજાવી તૈયાર થયોરે, મધ્ય બજારમાં ઉભો રહ્યોરે । તેના સનમુખ આવ્યા મુરારીરે, જોવા સ્થિર થયાં નરનારીરે ॥૨૭॥
આવ્યા આકાશમાં સહુ દેવરે, દેખે વિમાનમાં બેસી એવરે । હવે સાંભળતાં સહુ જનરે, ભીમસંગ બોલે છે વચનરે ॥૨૮॥
જુવો ઘનશ્યામ મારું જોરરે, દેખાડું હું તમને કઠોરરે । જાણતા નથી પ્રાક્રમ મારુંરે, ભલભલાના ગર્વ ઉતારુંરે, ॥૨૯॥
એમ કે લોહ સાંકળ લીધીરે, એક ચર્ણ સાથે બાંધી દીધીરે । જેમાં ચોવીસ મણ છે ભારરે, જોઈ રહ્યા છે લોક અપારરે ॥૩૦॥
જોવા આવ્યા છે સઘળા જનરે, તેમને કહે ભીમ વચનરે । સહુ સંઘાથે પકડીને તાણોરે, પછે મારું પરાક્રમ જાણોરે ॥૩૧॥
સર્વે લોકોએ ઝાલી સાંકળરે, બહુ ખેંચે છે કરીને બળરે । પણ ખસે નહિ તેનો પગરે, ત્યાંથી હઠે નહિ એક ડગરે ॥૩૨॥
અભિમાની થયો મદઅંધરે, બોલ્યો શ્રીહરિ સાથે સમંધરે । જુવો ધર્મસુત ઘનશ્યામરે, મારું બળ કેવું છે આ ઠામરે ॥૩૩॥
તમારે મન હિંમત હોયરે, ખેંચો સાંકળ ઝાલીને સોયરે । ચર્ણ હઠાવો જો કદી મારોરે, તો તો રંગ દેવાય તમારોરે ॥૩૪॥
તેવું સાંભળીને મોટાભાઈરે, કરે છે ચિંતા તે મનમાંઈરે । આવ્યાં છે ત્યાં ઘણાં નરનાર્યરે, કરે તે પણ મન વિચારરે ॥૩૫॥
ક્યાં આ મલ્લને ક્યાં ઘનશ્યામરે, આ તો વિપ્રીત થાય છે કામરે । ઘનશ્યામજીએ ઈચ્છા કરીરે, રૂપ અદ્ભુત દેખાડ્યું હરિરે ॥૩૬॥
જેને જેવી ઈચ્છા હતી મનરે, તેને તેવાં દીધાં દર્શનરે । તે સાંકળ પાસે પ્રભુ ગયારે, ભીમસંગ સામા ઉભા રહ્યારે ॥૩૭॥
જોયા ભીમસંગે ઘનશ્યામરે, કરડી મૂર્તિ દેખી તેહ ઠામરે । હજારો હાથીનું જેમાં જોરરે, એવા ભાળ્યા છે ધર્મકિશોરરે ॥૩૮॥
ઘણો ત્રાસ પામ્યો છે તનમાંરે, પણ લાજે લેવાણો મનમાંરે । ઘનશ્યામજી આવ્યા છે ચાલીરે, ડાબે હાથે સાંકળ ત્યાં ઝાલીરે ॥૩૯॥
જેવા ખેંચે છે ધર્મકુમારરે, તેવે કટકા થયા અગીયારરે । ભીમસેન ખેંચાયો તે વારરે, પડ્યો દૂર જઈને અપારરે ॥૪૦॥
ચાલે મુખે રૂધિરની ધારરે, જોઈ હાંસી કરે નરનાર્યરે । સભામાં આવી બોલ્યો નિર્બળરે, દીલીસંગ તું લાવ્ય સાંકળરે ॥૪૧॥
તેણે શ્રીહરિને બાંધુ આજરે, ખેંચિને પાડું તો રહે લાજરે । સભા કહે શું વપુ વગોયુંરે, જવાદ્યો તમારું બળ જોયુંરે ॥૪૨॥
હે દીલીસંગ હે માનસંગરે, તમારો હોય જો એ ઉમંગરે । ઉઠો હુંસ પુરી કરો તમેરે, તમારું બળ દેખીએ અમેરે ॥૪૩॥
તારે બોલ્યા છે તે સુણો ભાઈરે, અમે જોવા આવ્યા છૈયે આંઈરે । પણ ભીમને હોય અધુરુંરે, લ્યો આ સાંકળને કરો પુરુંરે ॥૪૪॥
એવું કહી સાંકળ ઉપાડીરે, લાવી મુકી તે ભીમ અગાડીરે । લીધી છે સાંકળ ભીમે હાથરે, બોલ્યો ગર્વિષ્ટ સભા સંગાથરે ॥૪૫॥
જુવો શ્યામને બાંધી લેઉં છું રે, જોત જોતામાં પાડી દેઉં છું રે । ઘનશ્યામજી ગર્વ ગંજનરે, સુણ્યાં ભીમનાં ક્રુર વચનરે ॥૪૬॥
શ્રીહરિએ તે સાંકળ લીધીરે, પોતાના પગમાં બાંધી દીધીરે । સભા મધ્યે ઉભા છે જીવનરે, બોલ્યા ભીમની સાથે વચનરે ॥૪૭॥
ખેંચીને પાડી નાખો અમોનેરે, રાજા શરપાવ આપે તમોનેરે । એવે ટાણે પામ્યા છે દર્શનરે, ભક્તિધર્મ આદિ સહુ જનરે ॥૪૮॥
થયા વૈરાજપુરુષ રૂપેરે, દીધાં દર્શન આપે અનુપેરે । કોટી શીર્ષાસ્વરૂપે જણાણારે, સર્વ આધારભૂત ગણાણારે ॥૪૯॥
ભીમસેન જુવે તતકાળરે, તેણે તો દીઠા નાનેરા બાળરે । વાધ્યો અંગમાં હર્ષ અપારરે, કરસાંકળ ઝાલી તે ઠારરે ॥૫૦॥
બોલ્યો ગર્વિષ્ઠ સુણો હે ભાઈરે, જુવો સાંકળ મેં કરસાઈરે । શેરબાર સર્જ્યુ ગંગામાંઈરે, ઘનશ્યામને નાખું છું ત્યાંઈરે ॥૫૧॥
ખેંચે જોર કરી મરે કુટીરે,પોતાનો તંગીયો ગયો તુટીરે । ઘનશ્યામ તસુ નથી ખસ્તારે, સર્વે લોક જુવે છે ત્યાં હસ્તારે ॥૫૨॥
ઘણો ક્રોધ ભરાયો ગમારરે, તેના બળનો આવ્યો છે પારરે । ખેચીં સાંકળ તેવીજ તુટીરે, ભીમના હાથમાંથી વછુટીરે ॥૫૩॥
પાછો ધક્કો લાગ્યો એકદમરે, દૂર જઈ પડ્યો સો કદમરે । હતું આંબલીનું વૃક્ષ એકરે, અથડાઈ પડ્યો ત્યાં વિશેકરે ॥૫૪॥
અંગભાંગ્યું વાગ્યું અતુલરે, મોઢામાં ભરાણી ઘણી ધુડરે । આવી મૂર્છાને પડ્યો છે ધરણીરે, કરી ભીમ સાથે એવી કરણીરે ॥૫૫॥
પામ્યા આશ્ચર્ય સર્વ મનરે, શ્રી હરિને જાણ્યા ભગવનરે । રાજા લાવ્યાતા પોશાગ જેહરે, આપ્યો ઘનશ્યામજીને તેહરે ॥૫૬॥
રહ્યા આકાશમારગે દેવરે, બ્રહ્માદિકે કરી ઘણી સેવરે । તે ગયા પોતપોતાને સ્થાનરે, એવી લીલા કરી ભગવાનરે ॥૫૭॥
રાજા પ્રજા મળી નરનાર્યરે, કર્યા શ્રીહરિને નમસ્કારરે । વિસ્મે પામ્યા થકા ગયા ઘેરરે, જય પામ્યા એણી પેરરે ॥૫૮॥
ગયો ભીમનો ગર્વ ઉતરીરે, આવી નમ્યો જ્યાં ઉભા છે હરિરે । કરી વંદના મસ્તક નામીરે, ઘણી ભુલ્ય કરી છે મેં સ્વામીરે ॥૫૯॥
માતપિતા આદિ ઘનશ્યામરે, પછે પધાર્યા પોતાને ઠામરે । આવી લીલા અપાર કરેછેરે, હરિજનનાં દુઃખ હરેછેરે ॥૬૦॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રી સહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિયે મલ્લનો પરાજય કર્યો એ નામે ઓગણત્રીસમો તરંગઃ ॥ ૨૯ ॥

પૂર્વછાયો– અવધપુરે ધર્મભક્તિ, વર્તે છે નિર્મલ મન । વર્ણાશ્રમનો ધર્મ પાળે, સાથે છે બેઉ તન ॥૧॥
પ્રેમવતી કહે ધર્મને, સ્વામી સુણો મારી વાત । સિધું હવે થોડું રહ્યું છે, લાવો બીજું પ્રભાત ॥૨॥
થોડા દિવસ કેડે પછે, જાવું છુપૈયાપુર । એવું સુણી હરિપ્રસાદજી, વાત વિચારે છે ઉર ॥૩॥
વધારે દિન રેવું નથી, પણ થોડું રહ્યું અનાજ, પ્રેમવતીને પૂછ્યું ફરી, શું કરવું હવે કાજ ॥૪॥

બે ચાર માસ ચાલે તેવું, છે કાંઇ ઘરમાં અન્ન । મૂર્તિ કે મુદલ નથી, માની લેજ્યો તે મન ॥૫॥
ચોપાઈ– ઘરમાં બેઠા કૃષ્ણ કૃપાળુ, દહિં ભાત જમે છે દયાળુ । સુણ્યો માત પિતાનો ઉચાર, વાલીડે કર્યો મન વિચાર ॥૬॥
જમતાં જમતાં ઘનશ્યામ, શ્રીમુખેથી બોલ્યા હરિ નામ । અવતારે જાણ્યું મનમાંઇ, પોતે આવ્યા છે તરત ત્યાંઇ ॥૭॥
કર્યો શ્રીહરિને નમસ્કાર, પૂજા કરી ત્યાં રૂડે પ્રકાર । શત બે મોરું આગળ ધરી, કરે પ્રાર્થના ફરી ફરી ॥૮॥
કરજોડી ઉભા સન્મુખ, પૂછ્યું માતાજીએ પામી સુખ । કોણ ઉભું છે તમારે આગે, કર જોડી જોડી પગે લાગે ॥૯॥
ત્યારે બોલ્યા પ્રભુ તતખેવ, એ તો દર્શને આવ્યા છે દેવ । પછે દેવ મંદિરમાં ગયા, નિજ મૂર્તિ વિષે લીન થયા ॥૧૦॥
સોનાની મોર પિતાને આપી, એમ સંકટ નાખ્યું છે કાપી । કૃષ્ણ કહે દાદા હવે જાઓ, જોઇએ તે સિધું લઇ આવો ॥૧૧॥
આપણે રહેવું છે એક માસ, એમ વાત કરે અવિનાશ । ત્યાં તો આવ્યા મોટાભાઇ આપ, દીઠો ઘનશ્યામનો પ્રતાપ ॥૧૨॥
ધર્મદેવને ભાઇ જોખન, ગયા સિધું લેવા શુભ મન । તેવે રસોઇ થઇ છે તૈયાર, થાળ ધરાવ્યો વિષ્ણુને સાર ॥૧૩॥
મૂર્તિ કે છે સુણો ઘનશ્યામ, હવે રસોઇ થૈ છે તમામ । તવ પિતા ને મોટાભાઇને, બોલાવી આવો કેડે જાઇને ॥૧૪॥
એવું સુણી ગયા મન ભાવ્યા, પિતા બંધુને બોલાવી લાવ્યા । હરિપ્રસાદજી તેણીવાર, જમવા બેઠા સાથે કુમાર ॥૧૫॥
ધર્મદેવને કે પ્રેમવતી, હવે સિધુ માં લાવશો રતિ । કાલે જાવું છે છુપૈયાપુર, એવો વિચાર રાખી જરૂર ॥૧૬॥
બીજે દિન થયું છે પ્રભાત, કરી રસોઇ તૈયાર માત । ધર્મ સહિત બન્ને કુમાર, જમાડીને જમ્યાં તેણીવાર ॥૧૭॥
બન્ને પુત્રને લેઇને સંગે, ચાલ્યા છુપૈયાપુર ઉમંગે । નિત્ય આનંદમાં દિન જાય, કરે શ્રીહરિ સહાય સદાય ॥૧૮॥
ત્યારપછી તે કેટલે દિન, જુવો લીલા કરે છે જીવન । વેણી માધવ પ્રયાગ સાર, સુખનંદન એ સખા ચાર ॥૧૯॥
તેને સાથે લઇ મનધીર, ગયા ખંપાસરોવર તીર । ત્યાં છે બાવો હરિદાસ નામ, પર્ણકુટી બાંધી છે તે ઠામ ॥૨૦॥
બાવો વાંચે છે રામચરિત્ર, બેઠા સાંભળવા તે પવિત્ર । કથા સાંભળી ત્યાં થોડીવાર, પછે ઉઠ્યાછે ધર્મકુમાર ॥૨૧॥
ખંપા સરોવરે ભગવાન, સખા સહિત કર્યું છે સ્નાન । શ્યામ કહે સખાને સમક્ષ, ઓલ્યાં સામાં દિશે શાનાં વૃક્ષ ॥૨૨॥
એનો સુંદર સુગંધ આવે, મારા મન વિષે બહુ ભાવે । માટે ચાલો તે વૃક્ષની પાસ, લઇયે સુંદર તેનો સુવાસ ॥૨૩॥
જળથી નિકળ્યા પ્રભુ બાર, ચાલ્યા આગળ ધર્મકુમાર । સુખનંદન કે સુણો ભાઇ, એ વૃક્ષ કદમ સુખદાઇ ॥૨૪॥
ઓલ્યો બીજો તરુ જો દેખાય, નામ કેવડો તેતો કેવાય । ઘનશ્યામ કહે ચાલો જૈયે, પેલો કેવડો આપણે લૈયે ॥૨૫॥
પછી કદમ પુષ્પના હાર, ગુંથીને પેર્યા કંઠમોઝાર । લીધા કેવડા એમ કહીને, ઉભા કદમ હેઠે જઇને ॥૨૬॥
સખાઓને કહે નિરબંધ, અહો આતો ઘણી છે સુગંધ । એમ કહીને વીણે છે ફુલ, શ્યામ સુંદરને સાનુકુળ ॥૨૭॥
બીજા સખા તે ગુંથે છે હાર, નાભી સુધી પોચે એવા સાર । બાજુબંધ તોડા ટોપી અગ્ર, કર્યા પુષ્પ પોશાગ સમગ્ર ॥૨૮॥
પેરાવ્યા મહાપ્રભુને પ્રીતે, રૂડા શોભી રહ્યા રસ રીતે । કળિયો મુકી કેવડા કેરી, જાણે મુનિના મન લહેરી ॥૨૯॥
સખા વખાણે વારમવાર, કેવા શોભે છે પ્રાણઆધાર, બાવો મઢીમાંથી આવ્યો બાર, જોઇ ઠેરીગયો છે તે ઠાર ॥૩૦॥
તેવે સમયે ત્યાં ગાયો આવી, પ્રભુયે પોતા પાસે બોલાવી । વાલિડો જાણે બંસી બજાવે, ઘેરા સાદે કરીને બોલાવે ॥૩૧॥
આવી ગાયો દોડી સન્મુખ, ઉંચા રાખ્યા છે પૂંછ ને મુખ । પાછી વાળે છે તેનો ગોવાળ, પણ વળતી નથી તેકાળ ॥૩૨॥
આવી હિંસોરા કરતી જ્યાંયે, ઘનશ્યામજી ઉભાછે ત્યાંયે । હજારો ગાયો હેત કરીને, આવે છે મળવા શ્રીહરિને ॥૩૩॥
ગાયો આવતી દેખીને શ્યામ, કર્યું સખાસંગે જુવો કામ । ખંપા સરને તીર પ્રત્યક્ષ, મોટું છે આંબલી કેરું વૃક્ષ ॥૩૪॥
તેના ઉપર ચડ્યા શ્રીરંગ, સઘળા સખા લેઇને સંગ, ઉંચું જુવે છે આતુર થઇ, આંબલી વૃક્ષ હેઠળ રઇ ॥૩૫॥
પાછી વાળે ગોવાળ તેવાર, પણ ખસ્તી નથી તે લગાર । જાણ્યું શ્રીહરિયે મનમાંય, મુને મૂકી ગાયો નહીં જાય ॥૩૬॥
ઘનશ્યામે કર્યો લાંબો હાથ, ચાલી છે તે ગાયો એકસાથ । ચાલો હેઠે જઇએ સખા સહુ, વાર લાગી તરુ પર બહુ ॥૩૭॥
એવું કહીને ઉતરે જ્યાંયે, ખસ્યો ચર્ણ ખાંપો વાગ્યો ત્યાંયે । જમણી જંઘામાંથી નિર્ધાર, ચાલી શ્રોણીત કેરી ત્યાં ધાર ॥૩૮॥
દેખી રૂધિરધાર પ્રકાશ, સખા સર્વે થયા છે ઉદાસ । એવામાં આવ્યા ઇંદ્રાદિ દેવ, જોવા ચરિત્ર અવશ્યમેવ ॥૩૯॥
શ્રીહરિને વાગ્યું છે જે ઠાર, જાણ્યું મેઘપતિયે તે વાર । વાસવે કર્યો મનવિચાર, બોલાવ્યા છે અશ્વિનીકુમાર ॥૪૦॥
વૈદપાસે કરાવ્યો ઉપાય, પાટા સાથે બાંધી છે દવાય । સ્વામીજી પાટો આ રેવા દેજ્યો, મારા સર્ખું કામકાજ કેજ્યો ॥૪૧॥
એમ કહી ઇન્દ્રાદિક ગયા, આજ્ઞા માગીને અદશ્ય થયા । સુખનંદન સખો છે જેહ, આવ્યો ઉતાવળો ઘરે તેહ ॥૪૨॥
ધર્મદેવને તે કેવા લાગ્યો, ઘનશ્યામને તો ખાંપો વાગ્યો । એવું સુણીને ધર્મ સધાવ્યા, ખંપાસરોવર પર આવ્યા ॥૪૩॥
પૂછ્યું ધર્મે આવીને તે ઠામ, પાટો કોણે બાંધ્યો વેણીરામ । ત્યારે વેણી કહે સુણો ધર્મ, સાચી વાત કહું નથી શર્મ ॥૪૪॥
દેવના વૈદ આવ્યાતા ત્યાંયે, પાટો બાંધી ગયા પળમાંયે । એવું સુણીને થયા પ્રસન્ન, ઘરે આવ્યા તેડી નિજ તન ॥૪૫॥
ભક્તિ આદિક થયાં ઉદાસ, સર્વે આવી મળ્યાં પ્રભુપાસ । પ્રેમવતી કહે ઘનશ્યામ, આ શું વાગ્યું ને શું કર્યું કામ ॥૪૬॥

માતાજીનું તે મન મનાવા, પાટો છોડીને લાગ્યા બતાવા । નથી માલમ પડતું કાંઇ, જુવો માતા વાગ્યું છે કે નાંઇ ॥૪૭॥
ત્યારે સુંદરીબાઇયે જોયું, કાંઇ વાગેલું નવ દેખાયું । ખાંપો વાગ્યોછે તેનું નવીન, થોડું દેખાયું છે એક ચિહ્ન ॥૪૮॥
જાણ્યાં સર્વેયે રૂડાં ચરિત્ર, સુણીને થયાં પુન્ય પવિત્ર । ખાંપો વાગ્યો છે તેહજ ઠામ, માટે ખંપાસરોવર નામ ॥૪૯॥
વચનામૃતમાં છે તે વાત, શ્રીજીના મુખની તે વિખ્યાત । તારે કેડે ગયા થોડા દિન, બીજું કહું ચરિત્ર નવીન ॥૫૦॥
એકસમે સખા લેઇ સાથ, ગયા ખંપાસરોવરે નાથ । ત્યાંછે આંબાનું વૃક્ષ વિશેષ, તેને હેઠે આવ્યાછે દેવેશ ॥૫૧॥
ઘણા કાળનો રેછે ત્યાં નાગ, પણ આજ આવ્યો રૂડો લાગ । સહકારથી નીકળ્યો બાર, શ્રીહરિને કર્યો નમસ્કાર ॥૫૨॥
પ્રભુયે કર્યો ચર્ણનો સ્પર્શ, તેના શિરપર ઉત્કર્ષ । મટી ગયોછે સર્પનો દેહ, થયો દિવ્ય ચતુર્ભુજ તેહ ॥૫૩॥
આજ્ઞા માગીને તૈયાર થયો, અમર માર્ગમાં ચાલ્યો ગયો । પછે મહાપ્રભુ આવ્યા ઘેર, કહી માતપિતાને તે પેર ॥૫૪॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિને સાથળે ખાંપો વાગ્યો એ નામે ત્રીશમો તરંગઃ ॥૩૦॥

પૂર્વછાયો– છુપૈયામાં ઘનશ્યામજી, કરે ચરિત્ર અપાર । સંત હરિજન સાંભળો, કહું લીલાનો વિસ્તાર ॥૧॥
એક સમે જ્યેષ્ઠ માસમાં, જાંબુડાં પાક્યાં જોય । ઘનશ્યામજી સખા લેઇ, ગયા જમવા સોય ॥૨॥
જોખન વીરજાત્રવાડી, મહામતી મંછારામ । વેણી માધવ પ્રાગ આદે, સાથે શ્રીસુખધામ ॥૩॥
છુપૈયાથી પશ્ચિમ દિશે, સુંદર સ્થાનક જેહ । પીરોજપુર જ્યાં ગામ છે, ત્યાં ત્રવાડી આનંદ તેહ ॥૪॥
તેના વાડામાં છે જાંબુડો, ભારે મોટું એક વૃક્ષ । સર્વને તેડી ત્યાં ગયા છે, જાંબુડાં ખાવા પ્રત્યક્ષ ॥૫॥

ચોપાઈ– સર્વે ચડ્યા જાંબુડાને ઝાડે, પાકાં પાકાં વેંણીને તે પાડે । રૂડાં પાકાં તે વેંણીને ખાધાં, બીજાં ખોળામાં તે ભરી લીધાં ॥૬॥
પછે સર્વે તો ઉતર્યા ભોંય, જુવે દિશાઓ આવે છે કોય । શ્રીહરિ તો હેઠે નવ આવે, પગ વડેથી ડાળ હલાવે ॥૭॥
પાકાં પાકાં સર્વ પાડી નાખ્યાં, કાચાં જાંબુડાં ઉપર્ય રાખ્યાં । ધોબીરામ અવધ છે એક, વિચારીને બોલ્યો તે વિશેક ॥૮॥
તમો ભાઇ સુણો ઘનશ્યામ, આવું શું કરો છો તમે કામ । એટલામાં આવ્યો રખવાળ, જાંબુડાની તે લેવા સંભાળ ॥૯॥
તેને દેખીને ડરવા લાગ્યા, મોટાભાઈ સહિત તો ભાગ્યા । ગયા છુપૈયાપુર મુકામ, જાંબુડે રહ્યા છે ઘનશ્યામ ॥૧૦॥
હરિવરને એકલા જાણી, બોલ્યો રખવાળ મુખવાણી । બધાં જાંબુડાં ખૈ ગયા મારાં, આવાં લક્ષણ ક્યાંથી તમારાં ॥૧૧॥
એવું બોલીને મારવા આવ્યો, એકલા જાણીને મન ફાવ્યો । ધીરા રહી બોલ્યા અવિનાશી, પાડનારા ગયા સહુ નાશી ॥૧૨॥
આમાં તે શું થયો છે બગાડ, અમે કર્યો નથી ભંજવાડ । તોંયે ઉપાડ્યો મારવા હાથ, નાઠા ત્યાંથી પછી દિનોનાથ ॥૧૩॥
દોડ્યા પાછળ ઝાલવા કાજે, તેનો કર ગ્રહ્યો મહારાજે । કર ખેંચીને પછાડ્યો ધર્ણ, ત્યારે તે થયો છે તુલ્ય મર્ણ ॥૧૪॥
છાનામાના આવ્યા પ્રભુ ઘેર, કોઈ જાણી શક્યા નહી પેર । ઠીક ઠરેલ ડાયા થયા છે, બોલ્યા વિના તે બેસી રહ્યા છે ॥૧૫॥
જ્યેષ્ઠ બંધુએ પૂછ્યું છે એમ, કહો ઘનશ્યામ થયું કેમ । હરિ કે તમો બંધુ કહાવ્યા, મુને એકલો મૂકીને આવ્યા ॥૧૬॥
એમ કહી બોલ્યા ઘનશ્યામ, હરિઈચ્છાયે થાય જે કામ । પાછો આવ્યો હતો વેણીભાઇ, બાજ્યા બેઉ તે હાક બજાઇ ॥૧૭॥
રખવાળને ઠેઠ પોકાડ્યો, તેને મૃત્યુનો માર્ગ દેખાડ્યો । એવું સુણી હાસ્ય વચન, સર્વે થયા મનમાં પ્રસન્ન ॥૧૮॥
વળી છુપૈયાપુર મોઝાર, એક વિપ્ર આવ્યા નિર્ધાર । એનું ગોરખપુર છે ગામ, રૂડું રામરત્ન એવું નામ ॥૧૯॥
ભાગવત ભણેલો તે સાર, તે આવ્યો ધર્મદેવને દ્વાર । ધર્મદેવ કે છે મહારાજ, કરી જાણો છો સપ્તાનું કાજ ॥૨૦॥
કહે બ્રાહ્મણ હા કરી જાણું, મારે મુખેથી કેમ વખાણું । વૃષદેવે કર્યો સતકાર, કરાવી છે રસોઈ તૈયાર ॥૨૧॥
જમી તૃપ્ત થયા છે તે વિપ્ર, હરિપ્રસાદજી બોલ્યા ક્ષિપ્ર । સુણો રામપ્રતાપ કુમાર, સપ્તા કરાવીયે આણે ઠાર ॥૨૨॥
સંબંધીને આપો સમાચાર, સહુ આવે છુપૈયા મોઝાર । તે સુણી પત્ર લખાવ્યા રામે, આવ્યા સર્વે સંબંધી તે ઠામે ॥૨૩॥
તરગામી બલદેવ આવ્યા, સગાં સંબંધીને મન ભાવ્યા । ગાય ઘાટ થકી મોતીરામ, વળી ત્રવાડી ઉન્મત નામ ॥૨૪॥
હરિપ્રસાદજી તતકાળ, મોટો મંડપ બાંધ્યો વિશાળ । સર્વેને બોલાવ્યા છે તે ટાણે, બેસાર્યા અધિકાર પ્રમાણે ॥૨૫॥
પોતાના ગામના સુબોધ, પેલવાન આદિ અવિરોધ । વળી બીજા ઘણાયેક જન, પ્રેમે બેસાર્યા આપી આસન ॥૨૬॥
પૂજ્યું ભાગવત ઘણી પ્રીતે, પુરાણીની પૂજા કરી હેતે । શ્રોતા સર્વે થયા સાવધાન, એક ચિત્તે સુણે ધરી ધ્યાન ॥૨૭॥
મોતીરામમામાના ઉત્સંગે, બેઠા શ્રીહરિસુણે ઉમંગે । કથા ઉપર છે ઘણો પ્યાર, ઘનશ્યામ થયા તદાકાર ॥૨૮॥
એમ સુણે ત્રિભોવન તાત, પુરાણી કહે ધર્મને વાત । તમારા પુત્ર છે ઘનશ્યામ, તે તો દીસે છે પૂરણકામ ॥૨૯॥
આ મૂર્તિ અકળ સુખકારી, છે અવતારના અવતારી । એમ વીતિ ગયા દન સાત, પછે કથા કરી સમાપત ॥૩૦॥
પૂર્ણાહુતી સમો થયો જ્યારે, હજારો લોક ભરાયા ત્યારે । પુરાણીને માટે લાવ્યા દૂધ, ઉનું કરેલું સ્વાદિષ્ટ શુદ્ધ ॥૩૧॥
બાલમુકુંદ વિષ્ણુ છે જ્યાંયે, પેલું નૈવેદ્ય ધરાવ્યું ત્યાંયે । પયપાત્ર મુક્યું સિંહાસન, તેને જોઇ રહ્યા છે જીવન ॥૩૨॥

બેઠા છે મામાના ખોળામાંયે, હરિયે હાથ વધાર્યા ત્યાંયે । પાત્ર ઉપાડી લીધું છે પોતે, દૂધ પીધું છે સર્વને જોતે ॥૩૩॥
પામી વિસ્મય સર્વે સભાય, અહો આશ્ચર્ય આ શું કે'વાય । ધર્મદેવે ત્યાં આરતી કીધી, કથાની સમાપ્તિ કરી લીધી ।૩૪॥
ત્યાં કુબેર ભંડારી આવ્યા, વેષ બ્રાહ્મણનો ધરી લાવ્યા । ચૌદ મોરો લાવ્યા છે જરુર, આવી મૂકી છે પાટ ઉપર ॥૩૫॥
કર્યો મહાપ્રભુને પ્રણામ, ગયા કુબેર પોતાને ઠામ । આપ્યાં વસ્ત્ર આભૂષણ સાર, તેની શોભા તણો નહિં પાર ॥૩૫॥
પુરાણીએ પૂછ્યું મહારાજ, કોણ મોરો મૂકી ગયો આજ । શ્રીહરિ કે સુણો કહું તેહ, હતા કુબેર ભંડારી એહ ॥૩૭॥
અમારી ઈચ્છાયે કરી આવ્યા, તમારે માટે મોરો લાવ્યા । સુણ્યાં પ્રભુનાં એવાં વચન, પુરાણીજી થયા છે પ્રસન્ન ॥૩૮॥
વળી બીજું કહું છું ચરિત્ર, સુણે તે જન થાય પવિત્ર । તીનવા ગામમાં નિરધાર, હતું સર્વેને જમણવાર ॥૩૯॥
મોતીરામ આદિ નરનાર, તીનવે જાવા થયા તૈયાર । રામપ્રતાપજી પણ જાય, હરિયે જાણ્યું છે મનમાંય ॥૪૦॥
તીનવે હાથીરામને ઘેર, જમવા જાવું છે રૂડી પેર । માટે આવીશ હું તમસંગે, મુને સાથે તેડો રસરંગે ॥૪૧॥
મોટાભાઇ કહે મહારાજ, દીદીને સાથે આવજ્યો આજ । અમારી જોડ્યે આવશો નહી, રામપ્રતાપજી કહે સહી ॥૪૨॥
એવું સુણીને પ્રાણજીવન, કરવા માંડ્યું પોતે રૂદન । ઢળી પડ્યા છે ઓશરીમાંયે, કર ચર્ણ ઘસે વળી ત્યાંયે ॥૪૩॥ ક
રે માનુષી લીલા અપાર, મૂર્તિમાતા આવ્યાં તેણીવાર । ખમા ખમા તમો મારા તન, તમો શીદ કરો છો રૂદન ॥૪૪॥
ચાલો આપણ બન્ને ત્યાં જૈયે, મોટા ભાઇના અગાડી થૈયે । કર ઝાલી ઉભા કરે માત, જુઠું જુઠું રૂવે જગતાત ॥૪૫॥
એટલામાં આવ્યા વશરામ, કેમ રૂવો છો શ્રીઘનશ્યામ । ચાલો જમવા થાવો તૈયાર, જુવો સખા આવ્યા છે આ ઠાર ॥૪૬॥
એમ કહી લીધું આલિંગન, તારે છાના રહ્યા છે જીવન । પછે ભક્તિમાતાયે ઉમંગે, વસ્ત્ર ઘરેણાં પેરાવ્યાં અંગે ॥૪૭॥

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રી સહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે ધર્મદેવે સભા કરાવી એ નામે એકત્રીશમો તરંગઃ ॥૩૧॥

**પૂર્વછાયો–** જીવન જમવા જાય છે, સુંદર તીનવા ગામ । સગાં સૃહદસંગ ચાલ્યાં, શું કર્યું ત્યાં ઘનશ્યામ ॥૧॥
પિરોજપુરની હદમાં, પિપળાનું વૃક્ષસાર । તેની તળે બેસી ગયા, શ્રીહરિ ધર્મ કુમાર ॥૨॥
મામા કહે છે કેમ બેઠા, ચાલો ઉતાવળા આજ । એવું સુણી ઉભા થઈને, આવી મળ્યા મહારાજ ॥૩॥
ઝાંઝર ચરણે પેર્યાં તેનો, શબ્દ થયો ગંભીર । ધરણી ધમકી તે સમે, સુણ્યો માતાયે ધીર ॥૪॥

**ચોપાઈ–** પછે પોક્યા છે તીનવા ગામેરે, સત્કાર કર્યો હાથીરામેરે । જમવા બેઠા બ્રાહ્મણ જ્યાંયેરે, એક કૌતુક નિપજ્યું ત્યાંયેરે ॥૫॥
ભૂતિયા કુવામાં રહ્યાં ભૂતરે, પંક્તિ ટાંણે આવ્યાં છે કપુતરે । લાવ્યાં અભક્ષ્ય વસ્તુ તે ઠારરે, પાક બગાડવાનો વિચારરે ॥૬॥
એવે આવી પોક્યા સુખકારીરે, ભૂત પ્રેતને રાખ્યાં છે વારીરે । અરે દુષ્ટ આ શું કરોરે, પાપી તમે સર્વે પાછાં ફરોરે ॥૭॥
કુવામાંથી તો કાઢ્યાંતાં અમેરે, વળી ફેર ક્યાંથી આવ્યાં તમેરે । ભૂત કહે છે હે ભગવનરે, તમે સુણજ્યો સત્ય વચનરે ॥૮॥
બદ્રિકાશ્રમમાં મોકલ્યાં જોઈરે, એમાંનાં નથી અમે તો કોઈરે । અમે આટલાં તો આંહિ નોતાંરે, તે સમે અયોધ્યામાં ગયાંતાંરે ॥૯॥
એવું સાંભળીને દીનદયાળરે, ત્રાસ દેખાડ્યો છે તત્કાળરે । તારે ભય પામી પાછાં ગયાંરે, ભૂતિયા કુવામાં જઈ રહ્યાં રે ॥૧૦॥
ભૂત આવ્યાંતાં મૂર્તિમાનરે, સર્વે લોકોયે દેખ્યાં સમાનરે । વશરામ વળી વળી પુછેરે, કોણ હતું ને કારણ શું છેરે ॥૧૧॥
એવું સુણીને ભૂધર ભ્રાતરે, વિસ્તારીને કહી સહુ વાતરે । પછે જમીને થયા તૈયારરે, ચાલ્યા છુપૈયાપુર મોઝારરે ॥૧૨॥
વચ્ચે જાતાં બોલ્યા વશરામરે, આવો મારા ખભાપર શામરે । મામા ઘણું જમ્યા છૈયે અમોરે, નહિ તેડી શકો આજ તમોરે ॥૧૩॥
એવું વાક્ય સુણી તેડી લીધારે, પોતાને સ્કંધે બેસારી દીધારે । તેને વિસ્મે પમાડવા કાજેરે, જુઓ લીલા કરી મહારાજેરે ॥૧૪॥
પોતાના અંગમાં તેણી વારરે, ધર્યો ત્રૈણ્યલોકતણો ભારરે । હેઠે બેસી ગયા વશરામરે, ખભેથી ઉતાર્યા ઘનશ્યામરે ॥૧૫॥
કર જોડીને કરે સ્તવનરે, સુણો સત્ય કહું ભગવનરે । તમારી માયાનું બળ સારરે, કોઈ પામી શકે નહિ પારરે ॥૧૬॥
એમ કરતાં શ્રીઘનશ્યામરે, પધાર્યા ઘેર પૂરણકામરે । પુછે શ્રીહરિને પ્રેમવતીરે, સુણો સુત મારા મહામતીરે ॥૧૭॥
જાતાં દોડ્યાતા મારગમાંયરે, એવી શી ભીડ પડીતી ત્યાંયરે । માતાજી જો હું દોડ્યો ન હોતરે, ભૂત રસોઈ બગાડી દ્યોતરે ॥૧૮॥
ત્યાર પછી આવી એકાદશીરે, સહુ વૈષ્ણવના મન વશીરે । જોખન ગયા કરવા સ્નાનરે, નારાયણસરમાં નિદાનરે ॥૧૯॥
તે થકી ઉત્તર દિશામાંયરે, બેઠા છે નવ વૈરાગી ત્યાંયરે । મધુવૃક્ષ તળે બેઠા તેહરે, નાની નાની વયમાં છે એહરે ॥૨૦॥
અહોનિશ પ્રભુમાં છે મનરે, તેમણે દીઠાછે ત્યાં જોખનરે । જાણ્યા પ્રભુતણા મોટાભાઈરે, સ્નાન કાજે આવે છે તે આંઈરે ॥૨૧॥
યોગી ઉભા થયા તેણીવારરે, કર્યો આદરથી નમસ્કારરે । બોલ્યા નમ્ર થઈને વચનરે, સુણો બળદેવજી પાવનરે ॥૨૨॥
તમારા ભાઈ જે ઘનશ્યામરે, ક્યાં બિરાજેછે પૂરણકામરે । પામ્યા આશ્ચર્ય રામપ્રતાપરે, તેમને ભાઈ પૂછેછે આપરે ॥૨૩॥
તમે શ્યામને ક્યાંથકી જાણોરે, વિસ્તારીને તે વાત વખાણોરે । ત્યારે યોગી બોલ્યા ત્યાં વાણરે, અમારે પૂર્વની ઓળખાંણરે ॥૨૪॥
કહે અનંત ક્યાં તમે રોછોરે, વસુધાપર ક્યાં તમે વિચરોછોરે । યોગી કે છૈયે રમતારામરે, ફરીયે તીર્થમાં ઠામોઠામરે ॥૨૫॥

તમારા ભાઈછે ભગવાનરે, અક્ષરાધિપતિ છે નિદાનરે । તેથી માન્યું છે અમારું મનરે, કરવા આવ્યા છૈયે દર્શનરે ॥૨૬॥
બોલ્યા અનંત થઈ પ્રસન્નરે, સંતો તમારી બુદ્ધિને ધન્યરે । ચાલો હું કરી લેઉં મજ્જનરે, આપણ સાથે જૈયે સદનરે ॥૨૭॥
સ્નાન કરી રહ્યા અહિનાથરે, નવ સંતને લીધાછે સાથરે । પછે ચાલ્યા ત્યાંથી તતકાળરે, આવ્યા પોતાને ઘેર ક્રપાલરે ॥૨૮॥
આંબલી હેઠે સુંદર સ્થાનરે, દીશે ચોતરો શોભાયમાનરે । બેઠા છે ત્યાં અકળ સ્વરૂપરે, અનંતકોટી મુક્તના ભૂપરે ॥૨૯॥
યોગી આવ્યા જ્યાં છે ઘનશ્યામરે, પ્રેમપૂર્વક કર્યા પ્રણામરે । બેઠા દર્શન કરી સન્મુખરે, પામ્યા કોટી કોટી ઘણું સુખરે ॥૩૦॥
ધર્મદેવને કે છે અનંતરે, દાદા જુઓ બેઠા છે આ સંતરે । હોય નવ યોગેશ્વર જાણેરે, મુને નિશ્ચે છે એહ પ્રમાણેરે ॥૩૧॥
જુવો કાન્તિ કેવી દીશે રૂડીરે, કામક્રોધ નથી મતિ કુડીરે । એવું સુણી ધર્મ આવ્યા બારરે, મોટાભાઈ પણ છે તે ઠારરે ॥૩૨॥
કરજોડી કહે બલરામરે, હે સંતો કહો તમારાં નામરે । ત્યારે નામ બતાવે છે યોગીરે, સુણો ધર્મને ભૂધર ભોગીરે ॥૩૩॥
હરિ કવિ બુદ્ધ અંત્રીક્ષ રે, પિપ્પલાયન ચમસ પ્રત્યક્ષરે । દ્રુમીલ કર્ભાજન આવિર્હોત્રરે, એવાં નામ અમારાં પવિત્રરે ॥૩૪॥
તેવું સાંભળીને ધર્મદેવરે, પામ્યા આનંદ આનંદ એવરે । ધન્ય ધન્ય દિન ઘડી આજરે, થયાં દર્શનથી રૂડાં કાજરે ॥૩૫॥
યોગી શ્રીહરિને અનુસરેરે, જુદી જુદી પૂજાઓ તે કરેરે, ઈંદ્રાદિક આકાશમાં આવ્યારે, પુષ્પ આદિ સામગ્રીયો લાવ્યારે ॥૩૬॥
કરે દુંદુભીનાદ અપારરે, પુષ્પ વર્સાવે ચંદનસારરે । છુપૈયાપુરનાં નરનાર્યરે, દોડીને આવ્યાં ધર્મને દ્વારરે ॥૩૭॥
નવયોગી પૂજાયો કરેછેરે, ભાળી નેત્રમાં પ્રેમ ભરેછેરે । નવયોગેશ્વર છે અનુપરે, પ્રભુયે ધર્યાં તેટલાં રૂપરે ॥૩૮॥
એમ પૂજા કરી અંગીકારરે, સર્વે લોક કરે છે વિચારરે । નવ રૂપ ધર્યા ઘનશ્યામેરે, પામ્યાં આશ્ચર્ય સૌ તેહ ઠામેરે ॥૩૯॥
પૂજા કરી રહ્યા તે પાવનરે, બોલ્યા શ્રીહરિ સાથે વચનરે । હે પ્રાણપતિ શ્રીજગદીશરે, અમપર ક્રપા કરી ઈશરે ॥૪૦॥
અતિ આનંદ સંતોષ દીધારે, નવજણાને કૃતાર્થ કીધારે । થાશો જક્તમાં પ્રસિદ્ધ જ્યારેરે, સતસંગમાં આવીશું ત્યારેરે ॥૪૧॥
તમારી આજ્ઞા અનુસરશુંરે, સ્નેહસહિત સેવા કરશુંરે । એવું વચન આપો અમનેરે, કર જોડી કૈયે છૈયે તમનેરે ॥૪૨॥
પછે શ્રીહરિ પર્મ ઉદારરે, બોલ્યા પ્રસન્ન થઈને તે વારરે । કાઠીયાવાડ આવજ્યો સુખેરે, રાખીશું અમારે સનમુખેરે ॥૪૩॥
હાલ સર્વે તીરથમાં ફરજ્યોરે, પ્રગટ પ્રમાણે વાત કરજ્યોરે । એમ કેછે મહાપ્રભુ વાતરે, એવામાં આવ્યા છે ધર્મતાતરે ॥૪૪॥
ઘનશ્યામ સુણો શબ્દ મારોરે, યોગી સહિત જમવા પધારોરે । મોટાભાઈ વળી યોગી સાથરે, જમવા પધાર્યા મુક્તનાથરે ॥૪૫॥
ઘનશ્યામ મોટાભાઈ ધર્મરે, એક બાજુએ બેઠા છે પર્મરે । સામા યોગેશ્વરને બેસાડ્યારે, સારી જુક્તી કરીને જમાડ્યારે ॥૪૬॥
જમી તૃપ્ત થયા ચળુ કીધારે, પવિત્ર તે મુખવાસ લીધારે । સર્વે ઉઠીને આવ્યા છે બારરે, બેઠા ચોતરે જક્ત આધારરે ॥૪૭॥
રજા માગી લીધી યોગીરાજરે, ચાલ્યા કરી પોતાનું તે કાજરે । બન્ને કુમાર સહિત વૃષરે, ચાલ્યા વળાવવા ઉતકર્ષરે ॥૪૮॥
આવ્યા નારાયણસરતીરરે, યોગી કે હવે ઉભા રહો ધીરરે । અમે જાઈશું ભેટીયા ગામરે, સરોવરે કરશું મુકામરે ॥૪૯॥
મધુવૃક્ષ મોટું છે ત્યાં એકરે, તેના હેઠે રેશું ધરી ટેકરે । ઘનશ્યામનું ધ્યાન ધરીશુંરે, એની ઈચ્છા હશે તે કરીશુંરે ॥૫૦॥
એવું કહીને અદર્શ થયારે, નભમારગમાં ચાલ્યા ગયારે । ધર્મ સહિત સઘળા જનરે, પાછા આવ્યા પોતાને ભુવનરે ॥૫૧॥
વળી એકસમય શ્રીધર્મરે, બન્ને પુત્ર સાથે અનુક્રમરે, મોતીત્રવાડી ને વશરામરે, જાય છે એ બખરોલીગામરે ॥૫૨॥
વચ્ચે આવ્યું તે ભેટીયા ગામરે, તેના તળાવે સુંદર ઠામરે । તે જગ્યાયે દેખ્યા નવ યોગીરે, મહા અદ્ભૂત ભક્તિના ભોગીરે ॥૫૩॥
રહ્યા અદશ્ય ત્યાં યોગીરાજરે, તેણે આવ્યા જાણ્યા મહારાજરે । મૂર્તિમાન થયા છે તે ત્યાંયરે, આવી નમ્યા ઘનશ્યામ છે જ્યાંયરે ॥૫૪॥
કર્યા પ્રણામ નિર્મળ મનરે, બેઠા જઈ પોતાને આસનરે । એ ચરિત્ર જોઈ બોલ્યા તાતરે, સુણો મોતીત્રવાડી આ વાતરે ॥૫૫॥
એછે નવ યોગીતણાં રૂપરે, છુપૈયામાં આવ્યાતા અનુપરે । પામ્યા આશ્ચર્ય સર્વેય ત્યાંયરે, ચાલ્યા વિચારીને મનમાંયરે ॥૫૬॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિને દર્શને નવયોગેશ્વર આવ્યા એ નામે બત્રીશમો તરંગ ॥૩૨॥

**પૂર્વછાયો–** એકસમે છુપૈયા વિષે, ચાલ્યો કોલેરાનો રોગ । એક યોજન ફરતા ગામે, બન્યો છે એવો જોગ ॥૧॥
ઘણા મનુષ્ય મર્ણ પામ્યાં, તે કેતાં નાવે છેક । સર્વે લોકે સાધન કર્યાં, દેવી પર ધરી ટેક ॥૨॥
માતાયોને ત્યાં ભોગ આપ્યા, અજા મૃગ ને મહીષ । ઘણા જીવની હિંસા કરી, રોગ મટ્યો નહીં લેશ ॥૩॥
દેખા દેખી મળ્યા સરવ, છુપૈયાપુરના જન । હિંસામય હોમ કરવા, ધારીને બેઠા મન ॥૪॥
નષ્ટમતિ ભ્રષ્ટ થયેલા, લાવ્યા છે જીવ અપાર । ભવાનીને ભોગ દેવા, ચાલ્યા પાપી નિરધાર ॥૫॥
નારાયણસરથી પૂર્વમાં, છે ભવાનીનું સ્થાન । અનેક પ્રાણીને લૈ આવ્યા, માતા આગે અઘવાન ॥૬॥
**ચોપાઈ–** વાજે વાજીંત્ર નાના પ્રકાર, ધામધૂમ થયો ધમકાર । ચારો દિશાયો ચડાવી ચાક, ઘણાં વાગી રહ્યા છે ત્યાં ડાક ॥૭॥
માતા આગળ ભુવા ધુણે છે, બચારી માતાને તે ૧પુણે છે । ધુણી ધુણીને માગે છે અજા, માંસ લાવો તારે આવે મજા ॥૮॥
એવું સુણીને પ્રત્યક્ષ લાવ્યા, બોકડા ભવાનીને ધરાવ્યા । તીખી તીખી તાણી તરવાર, મારવાનો કરે છે વિચાર ॥૯॥

લફંગા મળીને લાજ લોપી, કાળીમાતા ભવાની ત્યાં કોપી । ઘનશ્યામની ઈચ્છાયે કરી, માતા પ્રગટ થૈ રૂપ ધરી ॥૧૦॥
ઝડપીને લીધી તરવાર, બોલી ક્રોધ ભરીને તે વાર । સુણો અસુર પાપીડા જન, તમે ખોટું ધારેલું છે મન ॥૧૧॥
જાણો છો મળશે ફળ રૂડું, પણ થાશે આમાંથી તો ભુંડુ । હિંસા કરતાં ન ટળે રોગ, ભારે મળશે તમારા ભોગ ॥૧૨॥
પ્રભુ ઈચ્છાથી કોલેરુ ચાલ્યું, એમાં કોઈનું ન રહે ઝાલ્યું । તમારું ધારેલું ધુળ થાશે, પ્રભુ ઈચ્છા થકી મટી જાશે ॥૧૩॥
અમે સત્વગુણી છૈયે દેવી, ભ્રષ્ટ પૂજા નથી મારે લેવી । પ્રભુને હિંસા નથી ગમતી, તમારી બુદ્ધિ ચાલે ભમતી ॥૧૪॥
સતશાસ્ત્રતણો નથી મત, તમે વાત સુણો મારી સત । મારી મરજી વિના કરશો, તો મોત વિના તમે મરશો ॥૧૫॥
વળી મોતનાં દાન આપીશ, તીખી રઅસીયે માથાં કાપીશ । આવી હિંસા મારી પાસે કરી, મુને શું કરવી છે આસુરી ॥૧૬॥
તમારું જો ભલું તમે ચાવો, છુપૈયાપુરમાં સહુ જાવો । ધર્મભક્તિ ઘેર પ્રમાણ, સ્વયં થયા પુરુષ પુરાણ ॥૧૭॥
કોટિ કોટિ પુરુષ પ્રધાન, સર્વ નિયંતા છે ભગવાન । કોટી અક્ષર પુરુષ ઈશ, સર્વાધાર છે શ્રીજગદીશ ॥૧૮॥
એ છે અનેક ધામના ધામી, મહા બળવંત બહુનામી । દયાસિંધુ સદા સુખકારી, અવતાર કેરા અવતારી ॥૧૯॥
એક રોમમાં કૈક બ્રહ્માંડ, અણુની પેઠે ઉડે અખંડ । તેમાંથી કોઈ પામે ન પાર, જાણી શકે નહિ અવતાર ॥૨૦॥
નથી લોકપાળની ત્યાં ગતિ, તારે બીજાની શું ચાલે મતિ । માટે એનું કર્યું સહુ થાય, એમ ચાલે સદા સર્વદાય ॥૨૧॥
ઝટ જાઓ તે પ્રભુની પાસ, તમને ઉગારશે અવિનાશ । બીજા કરશો કોટી ઉપાય, પણ સુખ સંતોષ ન થાય ॥૨૨॥
એવું સુણી દેવીનું વચન, દૈવી આવ્યા ધર્મને ભુવન । હવે શરણે રાખો પ્રભુ આજ, મૃત્યુથી ઉગારો મહારાજ ॥૨૩॥
શ્રીહરિ કે ચિંતા ન કરશો, દિલ તમે કાંઈ ન ડરશો । કોલેરુ હવે આજથી બંધ, અમે છૈયે ત્યાં સુધી પ્રતિબંધ ॥૨૪॥
છુપૈયા ફરતાં પંચ જોજન, આવો રોગ નાવે કોઈ દન । એવું વચન થયું જે વારે, આવી કોલેરા શક્તિઓ તારે ॥૨૫॥
કરજોડીને આગળ આવી, કરે વંદના શીષ નમાવી । કૃપાનાથ અમે શું કરીશું, હવે ક્યાં જઈ પાવ ધરીશું ॥૨૬॥
પ્રભુ કહે બધુ જાવા દેજ્યો, જ્યાં જ્યાં અસુર હોય ત્યાં રેજ્યો । શક્તિયો મનમાં રાજી થઈ, કરી પ્રણામને ચાલી ગઈ ॥૨૭॥
છુપૈયાપુર વાસી પાવન, આવ્યા જ્યાં બેઠા છે ભગવન । હે કૃપાળુ તમે ભગવાન, અમને આપ્યાં જીવનદાન ॥૨૮॥
સર્વ નિયંતા છો સુખરાશી, અક્ષરાધિપતિ અવિનાશી । કરો અમારાં દ્વાર પાવન, સર્વેને ઘેર જમો જીવન ॥૨૯॥
પ્રભુ બોલ્યા થઈને પ્રસન્ન, સર્વેનો પ્રેમ જાણીને મન । જાઓ રસોઈ કરાવો તમે, બધાને ઘેર આવીશું અમે ॥૩૦॥
તેને લાગી થોડી ઘણી વાર, જમવા પધાર્યા શ્રીમોરાર । થયા અનેક રૂપે શ્રીહરિ, ઘેર્ય ઘેર્ય જમ્યા ફરી ફરી ॥૩૧॥
સૌને આનંદ આપ્યા છે સર્ખા, પોત પોતાના મનમાં હર્ખ્યા । પ્રભુની પ્રભુતા પછે જાણી, પરસ્પર કહે છે વખાણી ॥૩૨॥
વળી એકસમે જગન્નાથ, વેણી માધવ પ્રયાગને સાથ । એ આદિ સખા લેઈને સંગે, ગયા પિરોજપુર ઉમંગે ॥૩૩॥
નૈરૂતે દક્ષિણ દિશા લાગ, આનંદ ત્રવાડીનો જ્યાં બાગ । ત્યાં ફળ ફુલ પાક્યાં અપાર, જામફળ રામફળ સાર ॥૩૪॥
સખા સહિત દેવ દેવેશ, કર્યો વાડીમાં જઈ પ્રવેશ । ફળ ખવાય તેટલાં ખાધાં, બીજાં પણ ગાંઠે બાંધી લીધાં ॥૩૫॥
તેવે આવ્યો ગરાશિયો એક, તીનવા ગામનો તે વિશેક । તેણે જોયું વાડીમાં આકામ, ફળ લે છે ત્યાંથી શ્રીઘનશ્યામ ॥૩૬॥
ક્ષત્રિય ગયો પીરોજપુર, તે ત્રવાડીને પાસે જરૂર । વાડીની તેણે કરી છે વાત, થયો આનંદ ને ઉતપાત ॥૩૭॥
બૈજું ત્રવાડી પોતાનો પુત્ર, બીજા સાથે લીધા બળ સુત્ર । લીધી લાકડીયો કરમાંય, આવ્યા છે તે બગીચાની માંય ॥૩૮॥
રીસે રાતાં થયાં છે લોચન, બોલ્યા ઘનશ્યામને વચન । ઘણા દિનથી ફળ ખાવો છો, ફાવે તેવાં તો લઈ જાવો છો ॥૩૯॥
બધો ઉજ્જડ કર્યો છે બાગ, પણ ભલો આવ્યો છે આ લાગ । નિજ સખાઓને નરવીર, વાંસે રાખીને આપે છે ધીર ॥૪૦॥
એવું જોઈને રઘુનંદન, આવ્યો સનમુખ તે દુરીજન । જયેષ્ટિકા લીધી કર મોઝાર, મારવા આવ્યો છે નિરધાર ॥૪૧॥
દુષ્ટમતિ દેછે ઘણી ગાળ્યો, ઘનશ્યામજીયે તેને ભાળ્યો । પ્રભુજી બોલ્યા પુન્ય પવિત્ર, તમો બીશો નહીં મારા મિત્ર ॥૪૨॥
શું કરે છે તે નજરે જોઉં, તમને મારવા નહીં દેઉં । પુરુષોત્તમે તે ઝટ પટ, સખાને કરી દીધા પોપટ ॥૪૩॥
આજ્ઞા આપીને ઉડાડી મુક્યા, કરી ચતુરાઈ નવ ચુક્યા । જઈ બેઠા ખંપાસરોવર, થયા અદશ્ય ત્યાં નટવર ॥૪૪॥
આવ્યા છે મારવા જેહ જન, પામ્યા આશ્ચર્ય દેખીને મન । કરે છે તે પરસ્પર વાતો, નથી સમજાતું કાંઈ આતો ॥૪૫॥
સર્વે વાડીમાં જોયું ફરીને, નવ્ય દેખ્યા સખા કે હરિને । રઘુનંદન કે સુણો ભાઈ, સખાને કર્યા પોપટ આંઈ ॥૪૬॥
પોતે થયા છે અંતર્ધાન, એમ વાત કરે મૂકી માન । બોલ્યા આનંદ ત્રવાડી ફરી, તમે વાત કરો છો તે ખરી ॥૪૭॥
એનાં ચરિત્રનો નહિ પાર, કોણ કરી શકે નિરધાર । બાલપણે કાલિદત્ત માર્યો, ઘણા ઘણાનો ગર્વ ઉતાર્યો ॥૪૮॥
એક મલ્લ હતો આણે ગામે, તેને પાર્ય પાડ્યો ઘનશ્યામે । સહુ તે વાત કરતા હતા, પણ આપણ માનતા નોતા ॥૪૯॥
હવે નિશ્ચે થઈ ગયો આજ, એનાં ભાળી અલૌકિક કાજ । માટે ઈશતણા એ છે ઈશ, જગકર્તા છે શ્રીજગદીશ, ॥૫૦॥
એમ કેતા આનંદ ત્રવાડી, આવ્યા ધર્મના ઘર અગાડી । હવે શું કરે છે બલવીર, આવ્યા ખંપાસરોવર તીર ॥૫૧॥

વેણી માધવ પ્રાગ અનુપ, એઓને આપ્યાં મૂળ સ્વરૂપ । ફળ લાવ્યા હતા પોતે જેહ, સર્વ સખાને આપ્યાં છે તેહ ॥૫૨॥
ચંદ્રાકાર કર્યાં તે આસન, ફળ જમવા બેઠા જીવન । જમી તૃપ્ત થયા ભગવન, પછે આવ્યા પોતાને સદન ॥૫૩॥
બેઠા આનંદ ધર્મની પાસ, કરે વાડીની વાત હુલાસ । તેને દેખી બોલ્યા જગતાત, સુણો દાદા કહું એક વાત ॥૫૪॥
આ આનંદ ત્રવાડી જે આજ, આવ્યાતા મુને મારવા કાજ । એવું સુણી આનંદ ત્રવાડી, બોલ્યા નમ્ર થઈ કરજોડી ॥૫૫॥
સુણો બહુનામીજી બલીન્દ્ર, તમે તો છો પોતે રામચંદ્ર । હું તો શરણે આવ્યો છું તમારા, ક્ષમા કરો અપરાધ અમારા ॥૫૬॥
સ્તુતિ કરતા સતા તે દિશ, મૂક્યાં ચર્ણ કમળમાં શિશ । કર્યા પ્રણામ વારમવાર, ગયા આનંદ પોતાને દ્વાર ॥૫૭॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિયે કોલેરાનો રોગ મટાડ્યો એ નામે તેત્રીશમો તરંગ ॥૩૩॥

પૂર્વછાયો— ત્રવાડી મોતીરામને ત્યાં, આવ્યો વિવાહનો પ્રસંગ । ગાડાં જોડી સામાન લેવા, ચાલ્યા કરીને ઉમંગ ॥૧॥
જોખનને ઘનશ્યામજી, ધર્માદિ કેટલાક જન । સર્વેને લઈ મોતીત્રવાડી, નિકળિયા શુભ મન ॥૨॥
દેવી પાટણના મારગે, ગયાછે દુબરાગામ । રાત રહીને ચાલ્યા ત્યાંથી, ઉતરોલે શુભ ઠામ ॥૩॥
તેથી પશ્ચિમ દિશામાં, એક રૂડું ઉપવન । શાકબાટી ત્યાં બનાવીને, કરી લીધાં છે ભોજન ॥૪॥
પછે ગયા દેવી પાટણે, બગીચે કર્યો મુકામ । ત્રૈણ્ય દિવસ ત્યાં રહ્યા છે, લીધો સામાન તમામ ॥૫॥

ચોપાઈ— બટઘોડા લીધા છે ત્યાં ચાર, જોયે તે ચીજો લીધી અપાર । મોતીરામ કહે સુણો હીરા, સર્વે લેઈ જાઓ ઘરે વીરા ॥૬॥
અમે તરાઈ દેશમાં જૈશું, ચોખા લેઈને ઘેર આવીશું । હીરા ત્રવાડી સામાન લઈને, પોક્યા છુપૈયાપુરમાં જૈને ॥૭॥
ધર્મદેવ ને બન્ને કુમાર, મોતીરામ બીજા જનસાર । ગયા તરાઈ દેશમાં તેહ, ચોખા લીધા છે બે ગાડાં એહ ॥૮॥
ત્યાંથી પાછા વળીને સધાવ્યા, વચ્ચે બલ્લામપુરીમાં આવ્યા । કર્યો કંપુમાં ઉતારો આવી, રૂડી જગ્યા જોઈ મન ફાવી ॥૯॥
મોતીત્રવાડી ને ઘનશ્યામ, કરી મરજી જોવા તે ગામ । ચાલ્યા બન્ને તે સુંદરવાને, પેલા આવ્યા છે તે હાથીખાને ॥૧૦॥
તેમાં નવસો રહ્યા છે હાથી, બન્ને જોઈ વળ્યા છે સંગાથી । ત્યાં થકી આવ્યા છે રાજદ્વાર, જોયું દિવાનખાનું તે ઠાર ॥૧૧॥
પછે આવીયા બગીચામાંયે, જોયા સિંહાદિ જાન્વર ત્યાંયે । જોયા સર્વે ઠેકાણાં તેવારે, ત્યાંથી આવ્યા પોતાને ઉતારે ॥૧૨॥
આવીયો છે ત્યાં નારી ઠગારી, કામરુદેશમાંહી રેનારી । હતો રાજાનો દિવાન ત્યાંય, તેને જાદુ કર્યો ક્ષણમાંય ॥૧૩॥
પડ્યો પૃથ્વી ઉપર દિવાન, ભુલી ગયો છે દિલનું ભાન । તેને જોઈને મોતીત્રવાડી, નાઠા પ્રાણ લઈ દોટ કાડી ॥૧૪॥
જૈને ઉભા રહ્યા થોડા દૂર, ઘનશ્યામે તે જાણ્યું જરૂર । ચમત્કાર હું દેખાડું આજ, ત્યારે થાશે દિવાનનું કાજ ॥૧૫॥
પૈસા લેવાનું કર્યું છે કામ, પણ ખોડ ભુલાવું આ ઠામ । તે વિના એ સાજો નહિ કરે, વણમોતે આ દિવાન મરે ॥૧૬॥
એક આંબાનો વૃક્ષ છે પાસે, તેના સામું જોયું અવિનાશે । ધર્ણિ સહિત ધ્રુજવા લાગ્યો, જાણે ભાંગી પડ્યો છે કે ભાંગ્યો ॥૧૭॥
પછે બોલ્યા છે દેવ મોરારી, તમે સાંભળો નારી ઠગારી । જો દિવાનને સાજો કરશો, તો તો મૃત્યુ થકી ઉગરશો ॥૧૮॥
નૈતો આંબાની દશા છે જેવી, તેના ભેગી તમારી છે એવી । સ્ત્રીયોયે તેહ વિચાર્યું કાજ, મળ્યો સદ્‌ગુરુ માથાનો આજ ॥૧૯॥
આપણાથી ઘણું એનું જોર, દીસે બાલકડો જાદુખોર । સાજો કર્યો દિવાનને ત્યાંયે, શીશ નામ્યાં પ્રભુ પદમાંયે ॥૨૦॥
બોલ્યો દિવાનજી ઉભો થૈને, કર જોડીને સન્મુખ રૈને । તમે કોણ અને ક્યાંથકી આવ્યા, મારા તો આજ પ્રાણ બચાવ્યા ॥૨૧॥
ધર્મે વાત કરી છે વિસ્તારી, ત્યારે બોલ્યો દિવાન વિચારી । મારા ઈષ્ટદેવ રઘુવીર, પોતે છે આ ઘનશ્યામ ધીર ॥૨૨॥
એવો નિશ્ચે કર્યો તેણીવાર, આપ્યાં વસ્ત્ર આદિ અલંકાર । પ્રભુયે દેખાડ્યો છે પ્રતાપ, ત્યાંથી ચાલી નિકળ્યા છે આપ ॥૨૩॥
ધર્મઆદિક સર્વે કેવાય, તેણે સહિત એ ચાલ્યા જાય । આવ્યા તે લોહસીસાઈ ગામ, મામા ઘેલાત્રવાડી ત્યાં નામ ॥૨૪॥
તેને ઘેર રહ્યા એક રાત, બીજે દિવસે ચાલ્યા પ્રભાત । આવ્યા છુપૈયાપુર મોઝાર, થયાં રાજી સહુ નરનાર્ય ॥૨૫॥
પછે ખેડુયે છોડ્યું છે ગાડું, એમાં વિઘ્ન થયું એક આડું । જેનું લગ્ન લીધું છે હુલાસ, એજ આવ્યો બળદની પાસ ॥૨૬॥
બળદે ચક્ષુમાં માર્યું શૃંગ, એક નેત્ર કરી નાખ્યું ભંગ । નેત્ર નિકળી પડ્યું છે બાર, ચાલી રૂધિરની તેમાં ધાર ॥૨૭॥
તે દેખી સર્વે થયાં ઉદાસ, ભાઈ આ શું થયું અવિનાશ । ત્યારે બોલી ઉઠ્યા ઘનશ્યામ, મામા હું કહું તે કરો કામ ॥૨૮॥
ઘડીવાર એને પાટો બાંધો, મટી જાશે રહે નહીં વાંધો । શ્રી મુખે બોલ્યા છે અવિનાશ, મામાને આવ્યો છે વિશ્વાસ ॥૨૯॥
કહ્યું તેમ કર્યું નિરધાર, નેત્ર નવીન થયું તેવાર । દેખી પ્રભુની આ પ્રભુતાઈ, સર્વેના મનમાં છે નવાઈ ॥૩૦॥
સુર્જા મામી સંદેહ રહિત, જમાડ્યા ઘનશ્યામ સહિત । એમ આનંદમાં દિન જાય, શ્રીહરિ કરે નિત્ય સહાય ॥૩૧॥
વળી વેણી માધવ પ્રયાગ, સખા સાથે લેઈને સુહાગ । છુપૈયામાં ખેલે ઠામો ઠામ, રમે રમત શ્રીઘનશ્યામ ॥૩૨॥
એવા રમતા થકા એ પેર, આવ્યા સુરજા મામીને ઘેર । સંતાઈ જવાની રમે રમત, કરે મનગમતી ગમત ॥૩૩॥
ઘણી લીલા કરી તેહ ઠામ, પછે ત્યાંથી ચાલ્યા ઘનશ્યામ । મોતીમામાનું ખેતર જ્યાંયે, ગયા સર્વે સખા લેઈ ત્યાંયે ॥૩૪॥

ફરેછે ત્યાં શેલડીનો કોળ, ગોવિંદને જમવો છે ગોળ । ગોળ શેલડીયો બહુ જમ્યા, લીલા ચણા જમીને ત્યાં રમ્યા ॥૩૫॥
સખા સર્વેને મન ગમે છે, કેરાવના દાણા તે જમે છે । તેના છોડ ઉપાડીને ધારે, એક બીજાને તે ફટકારે ॥૩૬॥
સખા સંગાથે છે સાનુકુળ, નાખે સામસામા વળી ધુળ । નાચે કુદે ને ઠેકડા ભરે, એમ છુપૈયા પાછળ ફરે ॥૩૭॥
પેર્યાં સુંદર ઝાંઝર પાય, તેના શબ્દ અલૌકિક થાય । સખા સહિત ત્યાંથી સધાવ્યા, પાછા મીન સરોવરે આવ્યા ॥૩૮॥
મધુવૃક્ષ હેઠે મહારાજ, આવી ઉભા છે સખા સમાજ । તે તરુમાંથી ત્યાં તતકાળ, મોટો નિકળ્યો છે એક વ્યાલ ॥૩૯॥
ડંસ કરવા આવ્યો નઠોર, ક્રોધી વિરોધી જાત કઠોર । કરી અમૃતદષ્ટિ શ્રીહરિ, તેના સામું જોયું દયા કરી ॥૪૦॥
ગતિ વિનાને થયું છે જ્ઞાન, બોલ્યો પ્રભુજીને દેઇ માન । જય કેશવ પર્મ કૃપાળુ, દીનબંધુ તમે છો દયાળુ ॥૪૧॥
પુરુષોત્તમજી પરબ્રહ્મ, અક્ષરાધિપતિ તમે પર્મ । નારાયણ છો નિરવિકારી, અવતાર કેરા અવતારી ॥૪૨॥
ભવ બ્રહ્માદિના છો આધાર, સર્વેના નિયંતા નિરધાર । હે હરિકૃષ્ણ હે ઘનશ્યામ, તમે પ્રગટ્યા છો આણે ઠામ ॥૪૩॥
છુપૈયાપુર કર્યું પાવન, ધર્મ ભક્તિથકી ધર્યું તન । હે હરિ હવે સંકટ હરો, આત્યંતિક મોક્ષ મારો કરો ॥૪૪॥
સખા સર્વે ઉભા છે આઠાર, અક્ષરમુક્ત છે અવતાર । ધન્ય છુપૈયાપુરની ધરણી, ધન્ય આંહિના પ્રાણીની કરણી ॥૪૫॥
વન વેલી લતાયો ને વૃક્ષ, તેનાં ભાગ્ય મોટાં છે પ્રત્યક્ષ । કૃપા કરી છે અશરણશરણ, આ પૃથ્વી પર કર્યું વિચરણ ॥૪૬॥
થશે ઘણા જીવનો ઉદ્ધાર, એમાં સંશય નથી લગાર । આ ભૂમિકામાં કોઇ મરશે, તે અક્ષરમાં જઇ ઠરશે ॥૪૭॥
કાલીંદ્રિના ધરામાં હું રેતો, ઘણા કાળથી દુઃખ સહેતો । તોય તવ પ્રતાપ ન જાણ્યો, જેવો છે તેવો મેં ન પ્રમાણ્યો ॥૪૮॥
તેદિ તમારા સામો હું થયો, એનો એ ભાવ હજુયે રહ્યો । તેથી સામો થયો છું હું આજ, હવે ક્ષમા કરો મહારાજ ॥૪૯॥
પોતાનો કરી સેવામાં થાપો, પ્રભુજી અભયપદ આપો । સુણી પ્રાર્થના સુખકારી, તે પર કૃપા કરી મોરારી ॥૫૦॥
એને સર્પનો દેહ છોડાવ્યો, માયાબંધન પાશ તોડાવ્યો । ચતુર્ભુજ ધરાવ્યું છે રૂપ, નિર્મલ નિર્વિકાર અનૂપ ॥૫૧॥
ક્ષણ માત્ર થયો છે સંસર્ગ, તેમાં પામી ગયો અપવર્ગ । એવા ભૂધરજી ભક્તાધીન, નિત્ય લીલાઓ કરે નવીન ॥૫૨॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિએ કાલિનાગનો મોક્ષ કર્યો એ નામે ચોત્રીશમો તરંગ ॥૩૪॥

પૂર્વછાયો– છુપૈયાપુરે ધર્મભક્તિ, સુખે રહ્યાં છે તે સદાય । ઘનશ્યામની કૃપા વડે, આનંદમાં દિન જાય ॥૧॥
એ સમે માઘ માસ આવ્યો, ત્યારે સુણો શું થાય । શિવરાત્રીનો મેળો મોટો, પતિજીયામાં ભરાય ॥૨॥
મેળે જાવા વિચાર કર્યો, ધર્મદેવે મનમાંયે । જોખનને પાસે બોલાવી, વચન કે છે ત્યાંયે ॥૩॥
ભાઇ જાઓ તમે ગાયઘાટે, હિરા ત્રવાડી પાસ । મેળે જાવું પતિજીયાને, કરજ્યો વાત પ્રકાશ ॥૪॥
લક્ષ્મીબાઇ પહેલવાન, સર્વેને તેડી લાવજ્યો । કાલે સવારે ભેટીયાના, તળાવ પર આવજ્યો ॥૫॥
અમે પણ કાલે સવારે, આવીશું તેહ ઠામ । મોતીત્રવાડી વશરામ, સખા સાથે ઘનશ્યામ ॥૬॥
એવું સુણી રામપ્રતાપ, ગયા છે તે ગાયઘાટ । વિસ્તારીને કહ્યું સર્વને, પતિજીયે જાવા માટ ॥૭॥
ચોપાઇ– ગાયઘાટ તણાં નરનાર્ય, કેટલાક થયાં છે તૈયાર । બીજે દિવસે જોખન સાથ, ચાલ્યા સર્વે થઇને સનાથ ॥૮॥
આવ્યાં ભેટીયા ગામ તળાવ, મનમાં છે ઘણો જેને ભાવ । હરિપ્રસાદ જુવે છે વાટ, ત્યાં આવી મળ્યો છે સહુ ઘાટ ॥૯॥
રાજી થયા ઘણા સુખકારી, એવામાં આવ્યા ત્યાં મદનારી । સાથે શૈલકુમારીને લાવ્યા, સામા દર્શન સારુ તે આવ્યા ॥૧૦॥
દેખ્યા દૂર થકી ઘનશ્યામ, હેત સહિત કર્યા પ્રણામ । પ્રભુયે જોયા કરતા પ્રણામ, ઉઠી પાસે આવ્યા ઘનશ્યામ ॥૧૧॥
કર ઝાલી ઉભા કર્યા નાથ, મળ્યા ભવને ભીડી છે બાથ । કરજોડી કે ૧પંચવદન, ભલે પધાર્યા શ્રી ભગવન ॥૧૨॥
મોટી મેર કરી મહારાજ, મારાં સફળ થયાં છે કાજ । આવ્યા મધુવૃક્ષે ઉત્કર્ષ, ત્યાં છે નવ યોગેશ્વર સરસ ॥૧૩॥
બેઠા અદશ ધ્યાન ધરે છે, કામારી તેને વાત કરે છે । આવ્યા છે સ્વામી આપણા આજ, આવો કરી લ્યો દર્શન કાજ ॥૧૪॥
એવું વચન સુણીને યોગી, મળ્યા શ્રીહરિને તે સંજોગી । વળી મળ્યા છે પંચવદન, ઘણો પ્રેમ ધરાવીને મન ॥૧૫॥
તારે ધર્મ આદિ તે સોહાગ, મળ્યા શ્રીહરિને જોઇ લાગ । કામારી સતીને કહે ફરી, મળો ભક્તિને આદર કરી ॥૧૬॥
તારે સમજ્યાં શૈલકુમારી, મળ્યાં માતાને સ્નેહ વધારી । પછે ઉભા થયા યોગીનાથ, હેતે ઝાલ્યો પ્રભુજીનો હાથ ॥૧૭॥
મધુવૃક્ષ તળે બેઠા મળી, વિચારી બોલ્યા કામારી વળી । નર નાટક આ તનુ ધરી, દર્શન માટે આવો છો હરિ ॥૧૮॥
સ્વામી તમારો સ્નેહ જણાયો, દર્શન કરવા હું તણાયો । બોલ્યા પ્રસન્ન થઇ ઘનશ્યામ, તમો આવે ભલું થયું કામ ॥૧૯॥
ઘણો પ્રેમ આવ્યો છે અમને, માટે વચન આપું તમને । ધર્મવંશવાળા સર્વે જન, કરશે તમારું તે સ્થાપન ॥૨૦॥
તારે બોલ્યા છે પંચવદન, હું પણ આપું છું આવચન । તમે વન પધારશો જ્યારે, બનતી સેવા કરીશ ત્યારે ॥૨૧॥
પછે રજા માગે છે પિનાકી, તારે બોલ્યા પ્રભુ પળ તાકી । આપણ ચાલો સંગાથ જઇએ, લાવો સત્સંગનો રૂડો લઇએ ॥૨૨॥

એમ કહી ચાલ્યા સહુ સંગે, બોલ્યા શ્રીઘનશ્યામ ઉમંગે । હે વટેશ્વર આયોગી પરમ, આ પણ બન્ને આ ભક્તિધર્મ ॥૨૩॥
એ આદિ સર્વે ભેટ્યા આ ગામ, થયું સાર્થક ભેટીયા નામ । એમ કેતા થકા ચાલ્યા જાય, અતિ આનંદ ઉર ન માય ॥૨૪॥
આવ્યું પાસે પતજીયા ગામ, થયા અદૃશ શંભુ તે ઠામ । બેઠા જઈને પોતાને સ્થાન, આવ્યા પતજીયે ભગવાન ॥૨૫॥
કર્યાં શંકરનાં દર્શન, રહ્યા એક દિન ત્યાં જીવન । માતપિતા આદિ ઘનશ્યામ, આવ્યા છુપૈયાપુરે તમામ ॥૨૬॥
તાર પછી વળી એકવાર, જેષ્ઠ બંધુ ને જક્ત આધાર । ઉમંગે મળીને બેઉ ભાઈ, ગયા ખેતરમાં સુખદાઈ ॥૨૭॥
તેમાં મકાઈ ચીભડી વાવ્યાં, ક્ષેત્રમાં બન્ને ભેગાં રોપાવ્યાં । બેઉ ભાઈ નીંદે છે તે ઠામ, તારે શું કરે છે ઘનશ્યામ ॥૨૮॥
મકાઈ ચીભડી કાઢી નાખે, ખડ છે તેમનું તેમ રાખે । મોટાભાઈ કહે આ શું કરો છો, મકાઈ ચીભડી ને હરો છો ॥૨૯॥
એવું સુણી બોલ્યા બહુનામી, તમે જુવોને પન્નગ સ્વામી । મકે ચીભડી થોડી છે સાર, ક્ષેત્રમાં ખડનો નથી પાર ॥૩૦॥
થોડું કાઢે થોડાં પાપ થાય, તેમાં જીવ થોડા મરી જાય । ખડ ઘણું દેખીને રાખું છું, મકે ચીભડી કાઢી નાખું છું ॥૩૧॥
તે સુણી ભાઈને ચઢી રીસ, ઉઠ્યા મારવા પન્નગ ઈશ । શ્રીહરિ સમજી ગયા ઉર, મુને મારશે ભાઈ જરૂર ॥૩૨॥
એવું જાણી બોલ્યા પ્રભુ એમ, ખબરદાર મારોછોજી કેમ । તમને ઉડાવી દેઉં આજ, તે તો સારું દિશે નહિ કાજ ॥૩૩॥
જો દેખાડું પ્રતાપ હું મારો, તો ક્યાં લાગે પત્તો જ તમારો । પાછા ભાગ્યા સુણીને વચન, કામ કરવા લાગ્યા જોખન ॥૩૪॥
હવે શ્રીહરિ ત્યાંથી રીસાણા, છાના ઘેર આવીને સંતાણા । ગાયો બાંધવાની છે ગમાણ, તેમાં સુતા છે જીવનપ્રાણ ॥૩૫॥
ખડ ઢાંકી લીધું સહુ અંગે, જુવો શયન કર્યું શ્રીરંગે । એમ કરતાં થયો મધ્યાન, આવ્યા મોટાભાઈ બળવાન ॥૩૬॥
ભક્તિમાતા કહે બલરામ, કેમ સાથે નથી ઘનશ્યામ । મોટાભાઈ કહે છે તે પેર, એ તો વેલા આવ્યા છેજી ઘેર ॥૩૭॥
ધર્મદેવ કહે સુણો ભાઈ, તમે વેણ કહ્યું હશે કાંઈ । માટે તાકીદથી તમે જાવો, જ્યાં ત્યાંથી ખોળીને ઘેર લાવો ॥૩૮॥
ક્યાંઈ નાશી ગયા હશે એહ, સવારના ભૂખ્યા વળી તેહ । એવું સાંભળીને ભક્તિમાત, કહે જોખનને રીશે વાત ॥૩૯॥
ભાઈ તમે તો છો ઘણા ક્રોધી, કહ્યું હશે વચન વિરોધી । ભક્તિમાતા પછે તેણીવાર, કર્યો આરતનાદ પોકાર ॥૪૦॥
ઉંચે સ્વરે કરે છે રુદન, હવે શોધી લાવો મારો તન । ત્યાં સુવાસની બાઈ છે પાસ, દેખીને થયાં છે તે ઉદાસ ॥૪૧॥
મોટાભાઈ પગે લાગી આજ, ગયા શ્રીહરિને ખોળવા કાજ । જ્યાં જ્યાં શ્રીહરિના છે મુકામ, ત્યાં સઘળે જોયું ઠામોઠામ ॥૪૨॥
પણ ક્યાંઈ પતો નહિ લાગ્યો, ભાઈને તે અપસોશ જાગ્યો । વેણીમાધવ પ્રયાગ જેહ, સખાને પૂછી વળ્યા છે તેહ ॥૪૩॥
સખા કહે અમે નથી દીઠા, આજ ભાઈ ભેગા નથી બેઠા । સખાનાં સુણ્યાં વેણ પ્રકાશ, ઉર્ગપતિ થયા છે ઉદાસ ॥૪૪॥
ત્યાંથી ચાલ્યા થઈને નિરાશ, જોયું છુપૈયા ફર્તે ચોપાસ । ક્યાંઈ દેખ્યા નહિ જગરાય, હવે શું કરવોરે ઉપાય ॥૪૫॥
ભાઈ ધીરજ રાખી તે કાળે, આવ્યા નારાયણસર પાળે । દશ દિશાઓ ત્યાં જોઈ વળ્યા, પણ ઘનશ્યામ તો ન મળ્યા ॥૪૬॥
ભાઈ ચાલ્યા તજીને તે ઠામ, ગયા છે લોહગંજરી ગામ । તારે ત્યાંથી ચાલ્યા છે ઉચાટ, વળી ચાલ્યા ગયા ગાયઘાટ ॥૪૭॥
સગા સંબંધીને પૂછી લીધું, પછે આગળ પ્રયાણ કીધું । આશા મુકી પાછા ઘેર જાય, તારે મારગ વિષે શું થાય ॥૪૮॥
વચ્ચે આવ્યું અસનારા ગામ, રામસાગર સુંદર ઠામ । વડવૃક્ષ છે તેનેરે તીર, એના હેઠે બેઠા તજી ધીર ॥૪૯॥
ક્ષુધાતુર તૃષાતુર થયા, ઉર્ગપતિ ગભરાઈ ગયા । આવી પડી છે પીડા ઉદાસ, મુખેથી મુકે છે નિશવાસ ॥૫૦॥
નથી સુઝતો મારગ મન, ગાઢે સ્વરે કરે છે રુદન । આવી પોક્યા છે ગામના લોક, દેખીને થયો સર્વને શોક ॥૫૧॥
ભિક્ષુ ત્રવાડી આદિક જન, તેણે ઓળખ્યા ભાઈ જોખન । કેમ રુદન કરો છો તમે, નથી જાણતા કારણ અમે ॥૫૨॥
તમે સુણો ભિક્ષુક આ ઠામ, નાશી ગયા છે શ્રીઘનશ્યામ । સેજ વાતમાં ગયા રીસાઈ, તેનો પત્તો નથી હવે ક્યાંઈ ॥૫૩॥
કોણ જાણે હશે કીયે ઠામ, હવે ક્યાં મળશે ઘનશ્યામ । હે ઈશ્વર હવે હું શું કરું, પ્રભુ તમને ગમે તે ખરું ॥૫૪॥
બોલ્યા ઉદાસી થઈ વચન, ત્યાં તો વાણી થઈ છે ગગન । જોખન તમે રડશો નહીં, ઘનશ્યામ તો ઘેર છે સહી ॥૫૫॥
માટે જાવો તાકીદે સદન, તમને મળશે ત્યાં જીવન । સુણી આકાશની વાણી એવ, ત્યાંથી ઉઠી ચાલ્યા તતખેવ ॥૫૬॥
જોતાં જોતાં ગયા ધરી ધીર, આવ્યા ખંપાસરોવર તીર । ઘેર શોધે છે માત પિતાય, પુત્ર ક્યાં ગયા શી વલે થાય ॥૫૭॥
સુંદરી સુરજા વશરામ, સહુ શોધ કરે ઠામો ઠામ । ભક્તિમાતા કરે છે રુદન, વદે વિહ્વળ થઈ વચન ॥૫૮॥
હે પ્રભુ તમે છો બહુનામી, સર્વે સૃષ્ટિના અંતરજામી । આ પૃથ્વીમાં જ્યાં હો ત્યાંથી બોલો, છાનામાના રહી નવ્ય ડોલો ॥૫૯॥
અતિ દુઃખ ભરેલાં વચન, સુણીને બોલ્યા પ્રાણજીવન । હે દીદી હવે રડો ન તમે, ગમાણમાં સુતા છૈયે અમે ॥૬૦॥
એવો શબ્દ સુણ્યો છે તે જ્યાંયે, સુંદરી મામી દોડ્યાંછે ત્યાંયે । ખડ ઢાંકીને સૂતા છે પોતે, ખડને કાઢી નાખ્યું તે જોતે ॥૬૧॥
કર ઝાલી જત્ન કરી લીધા, લાવી માતાજીને સોંપી દીધા । એટલામાં મોટા ભાઈ આવ્યા, હરિયે સામા જઈ બોલાવ્યા ॥૬૨॥
ભાઈ શોધવા ગયાતા તમે, પણ ઘરમાંહી છૈયે અમે । સુણ્યો તમારો વિરહે સાદ, હું બોલ્યો આકાશમાં આહ્લાદ ॥૬૩॥
તમોને યાદ રહી છે વાત, મોટાભાઈ કે સત્ય સાક્ષાત । એમ વાત કરે બેઉં ભ્રાત, માતાપિતા થયાં રળિયાત ॥૬૪॥

કર્યાં નરનારીયે દર્શન, ગયાં પોતપોતાને સદન । ધર્મ સહિત બન્ને કુમાર, મૂર્તિયે જમાડ્યા તેણીવાર ॥૬૫॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે ધર્માદિકવટેશ્વરને મેળે ગયા ને ચીભડી નીંદતાં શ્રીહરિ રિસાયા એ નામે પાંત્રીશમો તરંગ ॥૩૫॥

રાગ સામેરી– સદબુદ્ધિ દ્યો સ્વામી મુને, શ્રીહરિ સહજાનંદ । અલ્પમતિયે ગુણ ગાઉં, સહાય કરો સુખકંદ ॥૧॥
એકસમે મીનસાગરે, ત્રિખુણી ખેતરમાંયે । મકે ચીભડાં ભેગાં વાવ્યાં, વશરામજીયે ત્યાંયે ॥૨॥
ચીભડીયે ચીભડાં બેઠાં, ચાખી જોયાં તેણીવાર । વિખસર્ખાં કડવાં થયાં, કરે છે મન વિચાર ॥૩॥
ઘેર આવી ભક્તિમાતાને, કેવા લાગ્યા નિરધાર । ચીભડી તો થૈછે ઘણી પણ, કડવી છે તે અપાર ॥૪॥
મીઠાં હોત તો ખાત સર્વે, મોટાં નાનાં જે બાલ । એમ કહી થયા ઉદાસી, ત્યારે બોલ્યા દયાળ ॥૫॥
જુવો મામા હું લેઈ આવ્યો, ચીભડાં આણી વાર । સુધારી સહુ ચાખી જુવો, કડવાં નથી લગાર ॥૬॥
એમ કહી સુધારી દીધાં, વેંચી આપ્યાં અવિનાશ । અમૃત જેવાં મીઠાં લાગ્યાં, હરિ લીધી કડવાશ ॥૭॥
શ્યામનો પ્રતાપ જોઈને, વિસ્મય પામ્યા વશરામ । પ્રભુપણાનો નિશ્ચય થયો, દેખી અદ્ભૂત કામ ॥૮॥
ઘનશ્યામને સાથે લેઈ, ગયા તે ખેતરમાંયે । ચીભડાં સર્વે ચાખી જોતાં, મીઠાં નીકળ્યાં ત્યાંયે ॥૯॥
બહુનામી વળી બોલિયા, સુણો મામા સદમત્ય । પ્રથમ મુને જમાડવા, તમે વિચાર્યું તું સત્ય ॥૧૦॥
માટે ચીભડાં મીઠાં થયાં, સમજો એમ સદાય । દેવને અર્પણ કરીયે, તો કરે આપણી સાય ॥૧૧॥
પ્રભુનાં એ વચન સુણી, મામા થયા છે પ્રસન્ન । ચીભડાં લઈ શ્યામ સાથે, આવ્યા નિજ સદન ॥૧૨॥
ભક્તિધર્મ જોખન આદિ, બીજાં સઘળા જન । જમાડ્યાં ચીભડાં સહુને, વિચારી શુભ મન ॥૧૩॥
મંછારામની માતુ બોલ્યાં, સુણો પુત્ર કહું કામ । આપણાં ખેતરમાંથી, બગાડે છે ઘનશ્યામ ॥૧૪॥
ના કેજો તે આવે નહિ, ખેતરમાં કોઈ દિન । એ વાત અંતર્યામિપણે, જાણી ગયા જીવન ॥૧૫॥
ચીભડીયો સુકાવી દીધી, ખેતરમાંથી તમામ । તે જોઈ સહુ કેવા લાગ્યાં, કેમ થયું આ કામ ॥૧૬॥
ત્યારે મંછારામ ઉચર્યા, એતો જાણે ભગવાન । ઘનશ્યામજી પાસે હતા, તે બોલી ઉઠ્યા નિદાન ॥૧૭॥
હા ભાઈ એ સાચી વાત છે, પ્રભુ જાણે તે મર્મ । બીજો કોઈ શું જાણી શકે, કારણનો અનુક્રમ ॥૧૮॥
આવું મર્મનું વાક્ય સુણી, સમજ્યા છે વશરામ । ઘનશ્યામજી તમ વિના, નથી બીજાનું આ કામ ॥૧૯॥
હવેથી હમેશ લાવજ્યો, જેમ રાજી થાવો મન । મકે ચીભડાં સારી પેઠે, જમજ્યો પ્રાણજીવન ॥૨૦॥
તે સુણીને માતાપિતાને, લાવી જમાડે નિત્ય । વેણી માધવ પ્રાગ આદિ, તેને આપે કરી પ્રીત ॥૨૧॥
જે જે ખેત્રમાં હરિ ફર્યા, જમ્યા છે ચીભડાં આપ । તે તે ખેત્રમાં ઘણું પાક્યું, હરિઈચ્છાથી અમાપ ॥૨૨॥
વળી ગાય છે એક ગોમતી, સદ્ગુણવાળી સાર । દુહેછે ત્યારે એકટંકે, દૂધ આપે શેર ચાર ॥૨૩॥
તે ઘનશ્યામને વહાલી છે, એને વ્હાલા ઘનશ્યામ । તેની પરીક્ષા જોવા લાગ્યાં, સુવાસિનીબાઈ નામ ॥૨૪॥
એકસમે ધર્મદેવને, સાથે ત્રણ કુમાર । જમવા બેઠા જોડાજોડે, રસોડામાં તે વાર ॥૨૫॥
સુવાસિનીયે થાળ પીરસ્યા, ભોજન નાનાપ્રકાર । ન્યૂનાધિક પય આપ્યું છે, લેવા પરીક્ષા સાર ॥૨૬॥
ધર્મ ને રામપ્રતાપને, આપ્યું છે શેર શેર । ઈચ્છારામ ને શ્રીહરિને, દીધું દૂધ એક શેર ॥૨૭॥
ભક્તિમાતા આદિક સર્વે, જમીને થયાં તૈયાર । સુવાસિની બાઈ ગયાં છે, ગાય દોવા નિરધાર ॥૨૮॥
બશેર દૂધ તે ટાંણે દીધું, કરી માતાને વાત । માતા કે તમે જમાડ્યામાં, કર્યો હશે પક્ષપાત ॥૨૯॥
હતી તેવી વાત કહી, માતાજીને તે સત્ય । ફરીને પણ એમ કરી, દોહવા બેઠાં સદમત્ય ॥૩૦॥
તારે તો એક શેર આપ્યું, વધુ ન દીધું લગાર । વળી માતાને વાત કરી, વિસ્તારી ને એ સાર ॥૩૧॥
મૂર્તિ કે સુવાસિની તમે, પીરસો સહુને સમાન । ત્યારે ચાર શેર આપશે, એ ગાય છે ગુણવાન ॥૩૨॥
પછે જ્યારે જમવા બેઠા, ધર્મ સહિત કુમાર । ચારેને સરખું દુધ આપ્યું, ત્યારે દીધું શેર ચાર ॥૩૩॥
તે સતીએ જાણ્યો મહિમા, ઘનશ્યામનો અપાર । શીશ નમાવી સ્તુતિ કરે, વંદેછે વારમવાર ॥૩૪॥
ગાયની ત્યાં કરી પરીક્ષા, સમજીયા સહુ સાર । શ્રીહરિવરની માયાનો, પામે નહિ કોઈ પાર ॥૩૫॥
ઘણા ગુણ છે એ ગાયમાં, શું વખાણું આણી વાર । જ્યારે જેટલી વાર બેસે, દૂધ આપે શેર ચાર ॥૩૬॥
ખાતાં પીતાં ચોથે દિવસે, કરે વલોણું જે વાર । તો પણ એના એ પ્રમાણે, ઘી ઉતરે શેર ચાર ॥૩૭॥
સુવાસિની હરિ આગળ, સ્તુતિ કરે જોડી કર । હે દયાળુ હે હરિકૃષ્ણજી, ક્ષમા કરો મુજ પર ॥૩૮॥

સુરભીનો સ્નેહ જોવા સારુ, મેં કર્યું આ કામ । દોષ ન જોશો મમ વિષે, દીનબંધુ ઘનશ્યામ ॥૩૯॥
સુરભીનો જે સ્નેહ છે, તેવો મારે થજ્યો મહારાજ । તવ મૂર્તિમાં નિશદિન, ભક્તિ આપો મુને આજ ॥૪૦॥
તવ રૂપનું દિવ્ય ભાવથી, હું ધરું નિત્યે ધ્યાન । મનુષ્ય બુદ્ધિ ન આવે મુને, એ આપો વરદાન ॥૪૧॥
મધુર ને કોમળ વાણી, સાંભળી દીનદયાળ । ભાભીને વરદાન આપ્યાં, કૃપા કરી તતકાળ ॥૪૨॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિએ ચીભડી મીઠી કરી એ નામે છત્રીશમો તરંગ ॥૩૬॥

**પૂર્વછાયો–** એક સમે સુવાસિનીને, થયો વિચાર નવિન । મારા દિયરના ચરણમાં, આ રહ્યાં છે સોળે ચિહ્ન ॥૧॥
ઉર્ધ્વરેખા સહિત ઓપે, સુંદર કોમળ ચરણ । પૂર્ણ પુરુષોત્તમ પોતે, એ છે અશરણ શરણ ॥૨॥
**ચોપાઇ–** બે કરમાં છે પદ્મનાં ચિહ્ન, તેની શોભા ત્રિલોકથી ભિન્ન । હૃદેમાં શ્રીવત્સ ચિહ્ન શોભે, ભાળી મુનિતણાં મન લોભે ॥૩॥
તેથી ઉપર છે ઉર્ધ્વ ચંદ્ર, તેને ધરી રહ્યા છે બલીંદ્ર । છાતીમાં છે વિનગુણ હાર, મોટો તીલ તે કંઠમોઝાર ॥૪॥
તે ઉપર તિલ એક નાનો, જેને સેવે યોગીજન છાનો । નાસિકા શુકચંચુ સમાણી, જાણે દિપક જ્યોત જણાણી ॥૫॥
મોટો તીલછે જમણા ગાલે, તેને જોયા વિના કેમ ચાલે । રૂડી આંખ્યો દિશે અણિયાળી, કંજપત્ર સમાન રૂપાળી ॥૬॥
તેમાં રાતી રેખા થોડી થોડી, જક્તમાં ન મળે એની જોડી । ભ્રકુટી જાણે કામ કમાન, મહા મુક્ત ધરે એનું ધ્યાન ॥૭॥
સુંદર શીરની શોભા સારી, ગોળાકાર દિવ્ય અવિચારી । તે મધ્યે શિખા બેતસુ ઉભી, સર્વ ભક્તની વૃત્તિ ત્યાં લોભી ॥૮॥
થોડીક વળેલી છે તે સ્થિર, ઘણા ગુણ તેમાં છે ગંભીર । એવી શીખાની શોભા નિરખી, હરિજન જુવે મન હરખી ॥૯॥
કર ચરણ આદિ સહુ અંગ, અતિ કોમળ છે નવરંગ । નોય મનુષ્યદેવનું રૂપ, આતો રૂપના નિધિ અનૂપ ॥૧૦॥
સુવાસિની ધારે મન આમ, રખે ભગવાન હોય શ્યામ । મારા ચિત્તમાં જણાય એમ, પણ થોડું રેછે મન વેમ ॥૧૧॥
મારા મનમાં ધાર્યું છે છાનું, તે જો સત્ય કરે ત્યારે માનું । નિર સંશે જાણું ભગવાન, ધરું પ્રભુનું નિત્ય હું ધ્યાન ॥૧૨॥
એમને જમાડીને જમવું, પાણી પાઇને પછે હું પીવું । પેલા પોઢાડું શ્રીભગવન, પછી મારે કરવું શયન ॥૧૩॥
એમના ઉઠ્યા પેલાં હું જાગું, તરત તનડાની માયા ત્યાગું । કરું ભજન ધરી હિંમત્ય, પણ સંકલ્પ જો કરે સત્ય ॥૧૪॥
આ જાંબુડાનાં ફળ છે પાંચ, મુકું છું ટોપલીમાં તે સાચ । ટોપલી શીંકાપર ધરું છું, એવો વિચાર મન કરું છું ॥૧૫॥
પાંચ જાંબુની જો કરે મોર, તો પ્રભુ સાચા ધર્મકિશોર । વળી મુને કહે રૂડી રીત, તમારો સંકલ્પ થયો સત્ય ॥૧૬॥
એવું કહે પ્રભુ જો આ પળે, તારે સંશય મારો તો ટળે । બેઠા ઓશરીમાં જઇ બાર, જાંબુ ફળ જમે છે તે વાર ॥૧૭॥
તે સમે ધર્મ રામપ્રતાપ, ઇચ્છારામ ને શ્રીહરિ આપ । તે પણ જાંબુ જમે છે ત્યાંયે, નિજઘરની ઓશરીમાંયે ॥૧૮॥
તે સમે હરિ શ્રીઘનશ્યામ, જાણ્યો સંકલ્પ ભાભીનો આમ । અંતર્યામી પણે જાણી લીધું, બેઠે બેઠે તે કારજ કીધું ॥૧૯॥
ભાભી શીંકામાં જાંબુ સંભારો, સત્ય સંકલ્પ થયો તમારો । સાંભળતામાં તૈયાર થયાં, શીંકે જાંબુ સંભાળવા ગયાં ॥૨૦॥
ઉતારીને જોયું છે તે ઠોર, પાંચે થઇ છે સોનાની મોર । પામ્યાં આશ્ચર્ય પોતે ભોજાઇ, અહોહો અલૌકિક નવાઇ ॥૨૧॥
સોના મોરો લઇ આવ્યાં બાર, મૂકી શ્રીહરિચરણ મોઝાર । પગે લાગી કરે છે પ્રણામ, ધન્ય ધન્ય તમે ઘનશ્યામ ॥૨૨॥
હવે નિશ્ચય મુજને થયો, મારો સંશય તો ટળી ગયો । તમે પૂરણબ્રહ્મ છો પ્રભુ, વિશ્વાધાર વિશ્વંભર વિભુ ॥૨૩॥
શ્રીહરિ તમે છો સમરથ, મારો પૂર્ણ કર્યો મનોરથ । વૃત્તિ તમમાં રે હે ભગવાન, એવું આપો મુને વરદાન ॥૨૪॥
પછી થયા છે પ્રભુ પ્રસન્ન, આપ્યું માગ્યા પ્રમાણે વચન । બોલ્યાં પ્રેમવતી પ્રેમલાઇ, તમે સુણો સુવાસિનીબાઇ ॥૨૫॥
સદા પાળશો આ પ્રતિબંધ, તો રેશે શ્યામ સાથે સંબંધ । સુણી માતાજીના એવા બોલ, બોલ્યાં સુવાસિની કરી તોલ ॥૨૬॥
વારું માજી હવે નહિ ચુકું, મારા મહારાજને ન મુકું । અવધપ્રસાદજી પ્રીતે, કહે રામશરણની પ્રત્યે ॥૨૭॥
ઘનશ્યામના જે છે ભોજાઇ, તેનું નામ સુવાસિનીબાઇ । તેતો મારાં માતુશ્રીજ થાય, પુન્ય પવિત્ર પોતે સદાય ॥૨૮॥
જ્યાં સુધી રાખ્યો તેમણે દેહ, ભજ્યા પ્રગટ પ્રભુને એહ । દૃઢ નિશ્ચે જાણ્યા ભગવાન, ધર્યું આયુષપર્યંત ધ્યાન ॥૨૯॥
પ્રભુયે પણ માતાજી જાણ્યાં, સતસંગમાં સર્વે વખાણ્યાં । જાણે છે આપણો સંપ્રદાય, એછે પ્રસિદ્ધ વાત સદાય ॥૩૦॥
જાંબુની કરી સોનાની મોર, જાણ્યું છુપૈયામાં ચારે કોર । વિસ્મય પામ્યા છે સર્વજન, માને આશ્ચર્ય આશ્ચર્ય મન ॥૩૧॥
વળી એક દિન ઘનશ્યામ, વ્હેલા ઉઠ્યા છે પૂરણકામ । ગયા મીનસાગરને તીર, શૌચવિધિ કરવા નરવીર ॥૩૨॥
પછે વિધિ કરી ઘેર આવ્યા, ત્યાં ભાભીયે પગ ધોવરાવ્યા । આંબલી વૃક્ષ હેઠે જીવન, બેઠા કરે છે દંતધાવન ॥૩૩॥
સુવાસિની લાવ્યાં ઉનું ૧વારી, નાવા બેઠા છે દેવ મોરારી । નવરાવે પ્રભુને ભોજાઇ, કરે છે વિચાર મનમાંઇ ॥૩૪॥
પ્રભુ આપેછે દર્શન ભિન્ન, ત્રૈણકાળવિષે જે નવીન । એમ કેછે જન અભિરામ, તેમ મુને આપે ઘનશ્યામ ॥૩૫॥
એવો કરે છે મન વિચાર, અંતર્યામીયે જાણ્યું તે વાર । આ શું વિચારો છો ભાભી તમે, તમારા ઘાટ જાણ્યા છે અમે ॥૩૬॥

ત્રૈણ અવસ્થાનાં દરશન, ક્યાં સુધી કરવાનું છે મન । ત્યારે સુવાસિની કહે આજ, સુણો સત્ય કહું મહારાજ ॥૩૭॥
મારે કાંઈ નથી એવા ઘાટ, પણ લોક કહે છે તે માટ । જાણું છું એવો લોક વિવાદ, આ ટાણે મુને આવ્યું છે યાદ ॥૩૮॥
બોલ્યા પ્રસન્ન થઈ જગતાત, સુણો ભાભી કહું સત્ય વાત । ત્રૈણે કાળનાં દરશન થાશે, જુદાં જુદાં સ્વરૂપ જણાશે ॥૩૯॥
થશે લાગટ દિવસ પાંચ, એવું માની લેજ્યો મારું સાચ । પછે પેર્યું કોરું પટકુળ, આવ્યા ઓશરીમાં સાનુકુળ ॥૪૦॥
સુવાસિની પામ્યાં છે વચન, એ પ્રમાણે થયાં છે દર્શન । ભક્તિમાત સુવાસિનીબાઈ, ધર્મદેવ ને જોખનભાઈ ॥૪૧॥
સુંદરી સુરજાબાઈ નામ, એ આદિ સર્વે જન તમામ । ઘનશ્યામનાં દેખી ચરિત્ર, થયાં પાવન પુન્ય પવિત્ર ॥૪૨॥
તેને બીજે દિવસ સવાર, આવી એકાદશી નિરધાર । ધર્મદેવ સહિત કુમાર, ગયા નારાયણસરે સાર ॥૪૩॥
શૌચવિધિ કરી ભગવાન, સરોવરમાં કરે છે સ્નાન । ઘનશ્યામ રમત કરે છે, પિતાનો કર ઝાલી તરે છે ॥૪૪॥
થોડી વાર ત્યાં રમત કરી, પછી હાથ મૂકી દીધો હરિ । ડુબકી મારીને ઉંડા ગયા, સરોવરમાં અદશ થયા ॥૪૫॥
ધર્મદેવ કહે રે જોખન, જુવો ઉંડા ગયા છે જીવન । આ અંબુમાં ક્યાંક ડુબી જાશે, પછે કેડેથી પસ્તાવો થાશે ॥૪૬॥
ભાઈ ગયા તે જળમાં ચાલી, શોધે છે પાણીમાં કર ઘાલી । કૃષ્ણજી જળમાંહી સલક્યા, સામા આરા ઉપર ઝળક્યા ॥૪૭॥
હાથ લાંબો કરીને હલાવે, બીજાં બાલકડાંને બોલાવે । પાછા જળમાં તરતા તરતા, પિતા પાસે આવ્યા જગકર્તા ॥૪૮॥
રમવા લાગ્યા બાળક જોડે, પછે બોલ્યા ધર્મ કોડે કોડે । ચાલો ઘેર જૈયે હવે ભાઈ, એમ કહી બેઠા આરામાંઈ ॥૪૯॥
ભગો વણિક રેછે તેહ ગામ, તેની પુત્રી રામકોર નામ । નાતાં નાતાં બુડી ગઈ બાળ, તેનાં માબાપ આવ્યાં તે કાળ ॥૫૦॥
કરે શોક રુદન અપાર, અતિ ૧આક્રંદ વારમવાર । દયા આવી પ્રભુજીને સોય, કૃપાદૃષ્ટિ કરી પોતે જોય ॥૫૧॥
પેલી પુત્રી તમારી છે જુવો, નથી બુડી તમે શીદ રુવો । તેનાં માબાપે તેડીને લીધી, સ્વામિનારાયણે રક્ષા કીધી ॥૫૨॥
પછે આનંદમાં પ્રભુ રમે, ઘેર્ય આવ્યા પોતે તેહ સમે । લાખો કેરા કર્યા ઉપકાર, કોટી કોટીના કર્યા ઉદ્ધાર ॥૫૩॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિયે જાંબુફળની સોનામોરો કરીને ભાભીને ત્રણ્ય કાળમાં જુદે જુદે રૂપે દર્શન દીધાં એ નામે સાડત્રીશમો તરંગ ॥૩૭॥

પૂર્વછાયો— ધર્મ રામપ્રતાપ ગયા, લોહગંજરી ગામ । જે કાજ સારૂં તે ગયા છે, કરી લીધું સહુ કામ ॥૧॥
આચાર્ય બાવો સંધ્યાગીર, ત્યાં ગયો મળવા કાજ । સખા જાણી સત્કાર કર્યો, ભલે આવ્યા મહારાજ ॥૨॥
પછે પોતાના બાગમાંથી, કોળું આપ્યું છે એક । ધર્મ કે આવું મોટું કોળું, ક્યાંથી લાવ્યા છો વિશેક ॥૩॥
કોઈ ઠેકાંણે આવાં કોળાં, દેખ્યાં નથી મેં ક્યાંયે । હે સખા મુને સાચું કહો, ક્યાંથી લાવ્યા છો આંયે ॥૪॥
સંધ્યાગીર તવ બોલિયા, હું ગયોતો જગન્નાથ । બીજ તેનાં હું લાવ્યો હતો, વાવી દીધાં મારે હાથ ॥૫॥

ચોપાઈ— એવું કહીને ધર્મ જોખન, ગયા બાગમાં જોવાનું મન । તેમાં કોળાં દેખ્યાં છે અપાર, ધર્મદેવે જોયાં તેણીવાર ॥૬॥
ઘેર્ય જાવા તણી રજા લીધી, નિકળવાની તૈયારી કીધી । ધર્મદેવ કોળું લેવા જાય, પણ કુષ્માંડ ઉંચું ન થાય ॥૭॥
સાથે લીધો છે એક મજુર, લેવરાવી આવ્યા નિજ પુર । મોટું કુષ્માંડ છે આડે અંક, સર્વે લોક દેખી થયા ડંક ॥૮॥
ત્યાંતો આવ્યા છે પૂરણકામ, જોયું કુષ્માંડ શ્રીઘનશ્યામ । તેને ફેરવે છે જગરાય, ત્યારે બોલ્યાં છે ભક્તિમાતાય ॥૯॥
તમથી નહિ ઉપાડ્યું જાય, આતો કુષ્માંડ ભારે દેખાય । ચાલો રસોઈ થૈછે તૈયાર, જમવા બેસો મારા કુમાર ॥૧૦॥
એવું સુણીને શ્રીવાસુદેવ, કર્યું ચરિત્ર અવશ્યમેવ । જમણા હાથે છેલી આંગળી, તેને ધારી રહ્યા મહા બળી ॥૧૧॥
શ્રીહરિયે કર્યો ઉંચો હાથ, વિસ્મય પમાડવા યોગીનાથ । ડાબો કર કટી પર ધર્યો, બીજો ચરણ વાળી વાંકો કર્યો ॥૧૨॥
ઉભા ઉભા બોલ્યા જગરાય, તમે સુણોને માતપિતાય । બાળપણામાં કૃષ્ણે વિચારી, ગોવર્ધન લીધો કરધારી ॥૧૩॥
અમે પણ એ યોગ વિચાર્યો, કોળારૂપી આ પર્વત ધાર્યો । ધર્મભક્તિ જુવે એક ચિત્તે, બીજા જનને બોલાવ્યા પ્રીતે ॥૧૪॥
નરનારી જુવે આવી પાસ, લીલા કરે છે શ્રીઅવિનાશ । હજારો લોક ત્યાં જોતું હવું, ચરિત્ર કર્યું છે એક નવું ॥૧૫॥
જુવો ગોવિંદની ગતિ ગૂઢ, કોળાનો કર્યો પર્વત પ્રૌઢ । વનસ્પતિ જે અઢાર ભાર, દેખાડી છે તે ગિરિમોઝાર ॥૧૬॥
પશુ પંખી મનુષ્ય ને દૈત, દેવ દાનવ સર્વે સહિત । હજારો દેવનાં જે મંદિર, બતાવી દીધાં શ્યામસુંદિર ॥૧૭॥
હેઠે જુવે તો હજારો સુરભી, ઉંચા મુખ કરી કરી ઉભી । થૈછે આતુર પ્રેમને માટે, જિહ્વાયેથી શ્રીહરિને ચાટે ॥૧૮॥
મહાઅદ્ભુત ચરિત્ર નિરખી, નરનારી પ્રણામે છે હરખી । માયા સંકેલી લીધી છે નાથે, દેખાયું એક કુષ્માંડ હાથે ॥૧૯॥
આપ્યું કુષ્માંડ પિતાને હાથ, કૃપા કરી બોલ્યા મુદસાથ । હવે અમને લાગી છે ભૂખ, બોલ્યા સુવાસિની સન્મુખ ॥૨૦॥
સુણો માતા તમે સુખકારી, ઘનશ્યામજી છે ચમત્કારી । હરિ કે ભાભી કહું તમને, તમે કેવા જાણો છો અમને ॥૨૧॥
ક્ષર અક્ષરથી અમે પર, પુરાણ પુરુષોત્તમ વર । ત્યારે બોલ્યાં ભાભી શીરનામી, તમે છો પ્રભુ અંતરજામી ॥૨૨॥
પૂરણબ્રહ્મ તમે છો આજ, તમને જાણું છું મહારાજ । પણ દુર્ઘટ માયા તમારી, તેણે વૃત્તિ ફરી જાય મારી ॥૨૩॥

એમ કહીને પ્રેમ સમેતે, પછે જમાડ્યા છે ઘણે હેતે । દીનબંધુ છો દીનદયાળ, આતો લીલા કરો છો કૃપાળ ॥૨૪॥
ત્યાર પછી ગયા થોડા દિન, કરી વિચાર મન નવીન । ધર્મ ભક્તિ આદિ સહુ સાથ, ગયા અવધપુરી સનાથ ॥૨૫॥
વળી એકસમે ભક્તિમાત, રામપ્રતાપ ને જગતાત । એકાદશીને દિવસ ત્યાંય, દર્શને જાવા તૈયાર થાય ॥૨૬॥
સુંદર વસ્ત્ર ઘરેણાં સાર, હરિને પેરાવ્યા શણગાર। હરિયે માની આંગળી ઝાલી, ત્રૈણે જણ તે નિકળ્યાં ચાલી ॥૨૭॥
ઉભી બજારે થઇ સધાવ્યાં, દાતણ કુંડ ઉપર આવ્યાં । મોટા કદમના તરુતળે, કર્યો વિસામો થોડો તે સ્થળે ॥૨૮॥
ત્યાંથી જન્મસ્થાન કે સોહાવ્યાં, આંબલીયોને બગીચે આવ્યાં । શ્રીહરિના ઘુંજામાં છે ચણા, આવ્યા મર્કટ તે નહિમણા ॥૨૯॥
ઘુંજા ઉપર ઝડપ મારી, ચટ ચેતી ગયા સુખકારી । માતાજીનો કર મુકી દીધો, ઝટ મર્કટને ઝાલી લીધો ॥૩૦॥
મર્કટે ત્યારે પાડી છે ચીશ, બીજા આવ્યા છે પાંચ પચીશ । મોટા ભાઇયે દીઠાં મર્કટ, જયેષ્ટિકા ઝાલીને આવ્યા ઝટ ॥૩૧॥
રખે ઘનશ્યામને તે મારે, ભુજગપતિ એમ વિચારે । લીધા પથ્થર મારવા કાજ, સાંમા થઇ ગયા અહિરાજ ॥૩૨॥
ભક્તિમાતાને દેસત લાગી, ઉભાં એક બાજુ સદભાગી । કરે સ્મરણ શ્રીહરિતણું, ભયભીત થયાં મન ઘણું ॥૩૩॥
મર્કટ જેટલાં સામાં આવ્યાં, તેટલાં રૂપ વાલે બતાવ્યાં । એકેકી જેષ્ટિકા કર ઝાલી, હાક્યાં મર્કટ તે ગયાં ચાલી ॥૩૪॥
વળી એકરૂપે થયા વાલો, ભક્તિમાતાતણો કર ઝાલ્યો । મોટાભાઇ માતાજી આનંદ્યા, યોગેશ્વરપતિ ચરણ વંદ્યા ॥૩૫॥
જન્મ સ્થાનકે આવ્યાં છે ભાવે, કર્યાં દર્શન દિલ ઉછાવે । ત્યાંથી આવ્યાં રત્નસિંહાસન, રંગમોલે ગયાં છે પાવન ॥૩૬॥
રામકોટ રૂડો છે અનોપ, કર્યાં દર્શન ભુવન કોપ । હેમભોવને દર્શન થયાં, ત્યાંથી હનુમાનગઢી ગયાં ॥૩૭॥
ત્યાં દીઠાં સારાં ફળ જામ, બોલ્યા શ્રીપતિ સુંદરશ્યામ । હે દીદી મુને લઇ આપો જામ, તારે માતાયે લીધાં તે ઠામ ॥૩૮॥
ભર્યાં ઘુંજામાં જેટલાં માયાં, બાકી મોટાભાઇને બંધાવ્યાં । કર્યાં દર્શન ત્યાં રૂડી પેર, પછે આવ્યાં છે પોતાને ઘેર ॥૩૯॥
વળી વળી તે ધર્મકુમાર, કરે માનુષી લીલા અપાર । ઘુંજામાં ભર્યાં છે ઘણાં જામ, તોયે ભાઇ પાસે માગે શ્યામ ॥૪૦॥
ભાઇ કહે ઘડી તમે ખમો, આ ઘુંજામાં છે તેમાંથી જમો । લાલજીને જમાડવા રાખ્યાં, તેમાંથી તો અમે નથી ચાખ્યાં ॥૪૧॥
જ્યારે વિષ્ણુને તે ધરાવીશું, ત્યારે સર્વે મળીને જમીશું । ચક્રિપતિને કે મહારાજ, સુણો શેષ કહું શુભ કાજ ॥૪૨॥
આંહિ ઠાકોરજી છે પ્રત્યક્ષ, બોલે ચાલે ફરે છે સમક્ષ । બોલતાને જમાડો જો માજી, લાલજી થાશે તમોને રાજી ॥૪૩॥
એવું મર્મનું કહી વચન, રડવા લાગ્યા જગજીવન । કરે માનુષી ચેષ્ટા અપાર, ઢળી પડ્યા છે ધરણિ તે વાર ॥૪૪॥
બેઠા ચોતરા ઉપર ધર્મ, વિચારે છે એકાદશી મર્મ । ઉઠ્યા પુસ્તક પાનું છે હાથ, આવ્યા જ્યાં રુવે છે મારો નાથ ॥૪૫॥
તમો કેમ રુવો ઘનશ્યામ, ભાઇ શું પડ્યું છે એવું કામ । ઉભા થૈ જુવો મર્કટ આવ્યાં, કોણે આ સઘળાંને બોલાવ્યાં ॥૪૬॥
ચાલો નારંગી આપું ભાઇને, કર ઝાલ્યો પછે એવું કૈને । તેડી લેવાનો કર્યો વિચાર, મુક્યો પોતામાં અતુલભાર ॥૪૭॥
કર મૂકી દીધો તત્કાળ, ઉભા થયા છે ભક્તિના બાળ । દોડી જાતા રહ્યા ઘરમાંયે, ધર્મ આવ્યા છે આસન જ્યાંયે ॥૪૮॥
એક દિવસ શ્રીઅવિનાશ, કરવા બેઠા વિદ્યા અભ્યાસ । પિતાજીની પાસે તે ભણે છે, દિન ઉપર દિન ગણે છે ॥૪૯॥
વેદ શાસ્ત્ર પુરાણ જ્યોતિષ, ઈતિહાસ ભણ્યા જગદીશ । ચૌદ વિદ્યા ને ચોસઠ કળા, બીજા ગ્રંથ જોયા છે સઘળા ॥૫૦॥
થોડા દિવસમાં ભણી રહ્યા, પ્રભુના ગુણ જાય ન કહ્યા । અયોધ્યાના પંડિત પુરાણી, શાસ્ત્ર વેત્તાયે વાત વખાણી ॥૫૧॥
ડાહ્યા શાંણા વિવેકી જે સર્વ, પામ્યા આશ્ચર્ય મન અપૂર્વ । નોયે મનુષ્ય ને નોય દેવ, છે આ શ્રીકૃષ્ણ કે વાસુદેવ ॥૫૨॥
દેવ મનુષ્ય ગાંધર્વ ગણે, થોડા દિવસમાં તે શું ભણે । વેદવિદ્યાને જેનો આધાર, તેને ભણતાં કેટલી વાર ॥૫૩॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિ થોડા દિવસમાં સમગ્ર વિદ્યા ભણ્યા એ નામે આડત્રીશમો તરંગ ॥૩૮॥

પૂર્વછાયો– શ્રીહરિયે અભ્યાસ કર્યો, અવધપુર મોઝાર । શેરમાં સદકીર્તિ ચાલી, વખાણે છે નરનાર્ય ॥૧॥
નિગમ નિજલોકે રહ્યા, કરે છે મન વિચાર । મહાપ્રભુજી વિદ્યા ભણ્યા, શુભમતિ વેદચાર ॥૨॥
તે વેદ તો આપણ છૈયે, માટે ચાલો પ્રભુ પાસ । ભાવથી દર્શન કરીએ, આશ પુરે અવિનાશ ॥૩॥
એવું વિચારી વેદ ચાર, આવ્યા અયોધ્યામાંયે । બ્રહટાશાખા નગરમાં, ધર્મનું દ્વાર છે જ્યાંયે ॥૪॥
વિપ્રવેશ કરીને આવ્યા, બેઠા છે જ્યાં બલવન । ચંદન પુષ્પવડે કર્યું, પ્રાણપતિનું પૂજન ॥૫॥
ચોપાઈ – ચારે વેદોએ પૂજન કીધું, સુખ દર્શનનું ઘણું લીધું । વેદેસહિત વિશ્વઆધાર, કર્યાં ભોજન નાનાપ્રકાર ॥૬॥
નીંબવૃક્ષ હેઠે શુભમન, ચોતરા પર કર્યાં આસન । કર્યું તે સ્થળે સર્વે શયન, પૂર્ણબ્રહ્મ સનાતન ધન્ય ॥૭॥
બીજે દિવસે પ્રાતઃકાલ, વેલા ઉઠ્યા ભક્ત પ્રતિપાલ । પિતા સહિત શ્રીભગવાન, સર્જુયે ગયા કરવા સ્નાન ॥૮॥
વેદેસહિત કર્યું મજ્જન, રામઘાટમાં પુન્યપાવન । પછે હનુમાનગઢી ગયા, દર્શન કરી પ્રસન્ન થયા ॥૯॥
બેઠો છે ત્યાં પંડિત પવિત્ર, વાંચે વાલ્મિકી રામ ચરિત્ર । કરે સમ વિષમ ઉચાર, તારે બોલ્યા છે ધર્મકુમાર ॥૧૦॥
સુણો પંડિતજી સદબુદ્ધ, કેમ બોલો છો વાણી અશુદ્ધ । એવું કહીને પ્રકમા ફરેછે, મારુતિને પ્રસન્ન કરે છે ॥૧૧॥

કહે પંડિત અવજ્ઞા કરી, તમે શાસ્ત્રમાં શું જાણો જરી । તે સમે વેદ આવ્યા છે સાથ, બોલ્યા અથર્વવેદ સનાથ ॥૧૨॥
આવો ગર્વિષ્ઠ તું નહિ સારો, અભિમાનથી શબ્દ ઉચારો । વિપ્ર ગર્વમાં તણાઇ ગયો, પોતાના કર્મેથી અંધ થયો ॥૧૩॥
પછે મારુતિ પ્રત્યક્ષ આવી, કરે છે શ્યામની પૂજા ભાવી । ચાર નિગમ આવ્યા છે સાથ, તેની પૂજા કરી ત્યાં સનાથ ॥૧૪॥
તારે પૂજારી કે શીર નામી, તમે કેની પૂજા કરી સ્વામી । વળતા બોલ્યા શ્રીહનુમાન, આવ્યા છે આ સ્વયં ભગવાન ॥૧૫॥
ચતુર્વેદને લાવ્યા છે સંગે, એમની પૂજા કરી ઉમંગે । એવું વચન સુણીને ક્ષિપ્ર, આવ્યો અંધ થયો છે જે વિપ્ર ॥૧૬॥
કહે બ્રાહ્મણ સંકટ હરો, મારો અપરાધ ક્ષમા કરો । વેદ વદે વિમળ વચન, આ પ્રભુનું કરજ્યો ભજન ॥૧૭॥
તેથી સર્વે વાતે સારું થશે, મોટા સંકટ તે ટળી જશે । વેદ બોલ્યા છે એમ વિચારી, રજા માગીને કરી તૈયારી ॥૧૮॥
નમ્રતાથી કર્યો નમસ્કાર, આજ્ઞા કરે છે શ્રીભરતાર । આવજ્યો સતસંગ મોઝાર, કરીશું તમ માટે વિચાર ॥૧૯॥
સચ્ચિદાનંદ ઉત્તમાનંદ, એવાં નામો આપીશું આનંદ । ત્યાં રાખશું સમીપ અમારે, નથી આવ્રણ કોઇ તમારે ॥૨૦॥
એમ આજ્ઞા પામીને તે ગયા, ચારે વેદ તે અદશ થયા । ધર્મે જોયું તે ભ્રાંતિરહિત, ઘેર આવ્યા છે પુત્ર સહિત ॥૨૧॥
વિસ્તારીને તે સર્વે વિગત, મોટા ભાઇને કહી તે સત । એવી લીલા કરે વારમવાર, હરવા ભૂમિતણો સહુ ભાર ॥૨૨॥
વળી અવધપુરી મોઝાર, આવી એકાદશી એકવાર । સજર્યુગંગામાં કરવા સ્નાન, ધર્મદેવ ગયા બુદ્ધિવાન ॥૨૩॥
સાથે લીધા છે બન્ને કુમાર, આવ્યા ગંગા કિનારે તે વાર । વસ્ત્ર મૂક્યાં છે ત્યાં વિપ્ર પાસ, કર્યાં સ્નાન કરીને હુલ્લાસ ॥૨૪॥
ત્યારે ગંગાજી પ્રત્યક્ષ આવ્યાં, મૂર્તિમાન થઇ પૂજા લાવ્યાં । કર્યો કંકુનો ચાંદલો સાર, કંઠે પેરાવ્યા પુષ્પના હાર ॥૨૫॥
થયા પ્રસન્ન દેવદેવેશ, ગંગાયે કર્યો જલ પ્રવેશ । નરનારી કરે છે વિચાર, પામે લોક આશ્ચર્ય અપાર ॥૨૬॥
ત્યાંથી ચાલ્યા છે અક્ષરપતિ, કરી કનકભુવને ગતિ । હનુમાનગઢી જન્મસ્થાન, કર્યાં દર્શન સઘળે સ્થાન ॥૨૭॥
ધર્મ જોખન પ્રભુ પાવન, ત્યાંથી આવ્યા છે નિજસદન । ધર્મ સહિત બન્ને કુમાર, ભેગા બેસી કર્યાં ફળાહાર ॥૨૮॥
વળી એક સમે ભગવાન, થયા તૈયાર કર્યું છે સ્નાન । નિત્યવિધિ કરીને અનૂપ, પૂજ્યું પોતે પોતાનું સ્વરૂપ ॥૨૯॥
નિજ ઘર ઓશરીને સ્થાન, બેઠા ધરે લાલજીનું ધ્યાન । મોટાભાઇને આવ્યું છે હાસ, ગયા ઘરમાં કર્તા વિલાસ ॥૩૦॥
આવ્યાં સુવાસિનીબાઇ બાર્ય, ત્યાં તો દેવ આવ્યા નિરધાર । ધનદ વળી વરુણદેવ, આવ્યા જ્યાં રહ્યા છે વાસુદેવ ॥૩૧॥
પૂજાયો કરી પૂર્ણ પ્યારે, ઉમંગથી આરતી ઉતારે । એવું દેખી સુવાસિનીબાઇ, બોલ્યાં આશ્ચર્ય આ શી નવાઇ ॥૩૨॥
આવ્યા છે કોણ આ બેઉ જોડ, એમાં દિશે નહિ કાંઇ ખોડ । મૂરતિમાતાયે સુણ્યું તરત, આવ્યાં બારણે ઉઠીને તરત ॥૩૩॥
ઇચ્છારામજી ઉત્સંગમાંયે, તેણે સહિત આવ્યાં છે ત્યાંયે । ત્યારે અદશ થયા તે દેવ, જોયું ચરિત્ર અવશ્યમેવ ॥૩૪॥
પ્રેમવતી ને પોતે ભોજાઇ, કરે વિચાર આ શું વડાઇ । અહો અહો નિરંતર રેછે, ઘનશ્યામના ગુણ કહે છે ॥૩૫॥
વળી એકસમે અહિનાથ, ઘનશ્યામને લેઇ સંગાથ । ગયા દર્શન કરવા કાજ, જન્મસ્થાનક ગઢીયે આજ ॥૩૬॥
હનુમાનગઢીમાં પવિત્ર, ચાલે અધ્યાત્મ રામચરિત્ર । દરશન કરીને ત્યાં શ્યામ, બેઠા કથા સુણવા તે ઠામ ॥૩૭॥
મોટાભાઇ કે ચાલો જીવન, મંદિરોમાં કરીયે દર્શન । પછે આવીને બેસોજી પ્રીતે, કથા સાંભળજો રૂડી રીતે ॥૩૮॥
દ્વાદશીનાં છે પારણાં ખ્યાત, ધૈર્ય વાટ જોતાં હશે માત । ત્યારે બોલ્યા છે ભૂધરભ્રાતા, સુણો ભાઇ તમે સુખદાતા ॥૩૯॥
ઉતાવળ હોય તો જોખન, ઘેર જૈને કરી લ્યો ભોજન । કથા ચાલે છે નિર્ગુણ સારી, વાત વૈરાગીની અવિકારી ॥૪૦॥
કથા સુણી દર્શન કરીશું, ત્યારે ઘેર પગલાં ભરીશું । મોટાભાઇ તો તૈયાર થયા, જન્મસ્થાનક મંદિરે ગયા ॥૪૧॥
રૂડું મંદિરમાં સિંહાસન, બેઠા રામલક્ષ્મણ પાવન । સિંહાસન પર દેવ પાસ, દેખ્યા ઘનશ્યામ અવિનાશ ॥૪૨॥
વસ્ત્ર ઘરેણાં અંગે અનૂપ, જોયા ભાઇને બાલસ્વરૂપ । એવાં અલૌકિક દર્શન, પામ્યા વડીલ બંધુ જોખન ॥૪૩॥
પામતા થકા આશ્ચર્ય મન, ત્યાંથી ગયા કનકભોવન । પેલાં દર્શન થયાં છે જેવાં, પામ્યા ત્યાં પણ એવાં ને એવાં ॥૪૪॥
જે જે મંદિરે ગયા જોખન, તે તે ઠેકાણે જોયા જીવન । ઉતાવળા તે ત્યાંથી સધાવ્યા, પાછા હનુમાનગઢી આવ્યા ॥૪૫॥
ઘનશ્યામને ત્યાં પણ નિખ્યાં, નિજ રુદયમાં ઘણું હર્ખ્યાં । એવું ઐશ્વર્ય જોયું તે ઠામ, પછે આવ્યા છે પોતાને ધામ ॥૪૬॥
ઘર કેરી ઓસરી છે જ્યાંય, દિઠા શ્રીહરિને વળી ત્યાંય । વાત કરે છે પિતાની સાથ, એવા સમર્થ છે દીનાનાથ ॥૪૭॥
એમ કરતાં આવ્યા નજીક, પૂછે મનમાં વિચારી ઠીક । વાટ જોતાં આવ્યા અમો, ક્યારના ઘેર આવ્યા છો તમો ॥૪૮॥
બોલ્યા દામોદર દીનબંધુ, સુણો અનંત સદગુણ- સિંધુ । અમે સઘળે કર્યાં દર્શન, ક્યારના આવ્યા છૈયે ભુવન ॥૪૯॥
રામકથા જે મેં સુણી લીધી, વિસ્તારીને તે દાદાને કીધી । કદી જુઠું કેતાં હૈયે અમો, નક્કી દાદાને પૂછી લ્યો તમો ॥૫૦॥
ભક્તિધર્મને કહ્યું વિસ્તારી, ઘનશ્યામની છે ગતી ન્યારી । પ્રભુનો પાર નથી પમાતો, અતિ અદ્ભુત પ્રાક્રમ આતો ॥૫૧॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રીઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે અયોધ્યાપુરીમાં કુબેરભંડારી ને વરુણદેવે શ્રીહરિની પૂજા કરી એ નામે ઓગણચાલીશમો તરંગ ॥૩૯॥

પૂર્વછાયો– ધર્મભક્તિ અવધપુરે, વર્તે નિર્મલ મન । આનંદમાં દિન જાય છે, પાળે આજ્ઞા ત્રૈણે તન ॥૧॥
અવધપ્રસાદ બોલિયા, સુણો ભાઈ એક વાત । રસોઈ કરવા બેઠાં છે, સુવાસિની મુજ માત ॥૨॥
અંગુઠી કાઢી આંગળીથી, મૂકી બાજોઠે એહ । ઘનશ્યામજીયે છાની માની, ઉપાડી લીધી તેહ ॥૩॥
કંદોઈની દુકાને ગયા, ઉમરાવ જેનું નામ । અંગુઠી આપી એહને, બોલ્યા સુંદરશ્યામ ॥૪॥
કંદોઈને કે બરફી આપો, રાખો અંગુઠી ઘેર । ત્યારે અંગુઠી રાખી તેણે, મીઠાઈ આપી શેર ॥૫॥
ચોપાઈ– શ્રીજીયે જાણી એ વાત સત્ય, આને છેતરવાની છે મત્ય । પણ આજ એના જેવો થાઉં, એની મીઠાઈ હું ખાઈ જાઉં ॥૬॥
એના લોભ તણો કરું તોડ, જન્મારાની ભુલાવું હું ખોડ । મારો વ્હાલો તે એવું વિચારી, બોલ્યા કંદોઈ પ્રત્યે વિહારી ॥૭॥
જેટલી જમું હું આ મીઠાઈ, તેટલી જ આપો મુને ભાઈ । કૈયે તે પ્રમાણે ખાવા દ્યોને, બીજી વાત બધી જાવા દ્યોને ॥૮॥
પછે તેણે મનમાં વિચાર્યું, બોલ્યો વચન કે બહુ સારું । જાણ્યું જે આ બાળક શું ખાશે, અંગુઠીમાંથી તો કામ થાશે ॥૯॥
પોતાની સ્ત્રીને મુદ્રા બતાવી, કરી કિંમત બહુજ ભાવી । શામા કહે સુણો ઘનશ્યામ, આવો બેશો તમે શુભ ઠામ ॥૧૦॥
માંગો તેટલી આપીયે અમો, પણ જમાય તેટલી જમો । પામર તે પ્રભુને શું જાણે, લોભ આધીન થૈ મત તાંણે ॥૧૧॥
લાખો મણ જમીને પચાવે, કોટી બ્રહ્માંડને તે છુપાવે । વાલીડો બેઠા આસન વાળી, પાડી કંદોઈને શિર તાળી ॥૧૨॥
ઘરમાં બેઠા વાળી પલાંઠી, મન ધારી રહ્યા છે અંગુઠી । લોટો પાસે મુક્યો છે સુધારી, ભર્યું છે તેમાં નિર્મલ વારી ॥૧૩॥
મીઠાઈ આપી પાત્ર મોઝાર, જમવા લાગ્યા જીવનસાર । ક્ષણમાત્રમાં તે જમી ગયા, બીજી લેવાને તૈયાર થયા ॥૧૪॥
ત્યારે લાવીને આપી મીઠાઈ, જોતાં જોતાં જમી ગયા ત્યાંઈ । લાવી લાવી આપે નરનાર, પાત્રમાં ન દેખે તલભાર ॥૧૫॥
દોડી દોડી લેવા સારુ જાય, ખાલીનું ખાલી પાત્ર દેખાય । જેટલી દુકાને ભરી હતી, બધી જમી ગયા પ્રાણપતિ ॥૧૬॥
તેનો ભાઈ રામચરણ એક, તેને ત્યાંથી લાવ્યા છે વિશેક । એવામાં રાજાના દૂત આવ્યા, જાતા હતા સૂર્યકુંડે નાવા ॥૧૭॥
જાતે બ્રાહ્મણ છે બેઉ સંગે, જોવા ઉભા રહ્યા છે ઉમંગે । બીજા આવી મળ્યા ઘણા જન, જુવે વિચારે છે નિજ મન ॥૧૮॥
હલવૈ બંધાણો કોલ કરી, જ્યાં ત્યાંથી લાવે છે ફરી । વેપારીની જે દુકાનો હતી, તેમાં રેવા દીધી નથી રતી ॥૧૯॥
જમતાં જમતાં યોગીનાથ, ફેરવે પેટ ઉપર હાથ । બીજી મીઠાઈ જોયેછે લાવો, નોય તો ગમે ત્યાંથી મંગાવો ॥૨૦॥
બેસાર્યા છે માટે બેઠા છૈયે, હવે ભૂખ્યા રહી નહિ જૈયે । એમ હલવૈને ગભરાવ્યો, ઘરમાં નિજ સ્ત્રી પાસે આવ્યો ॥૨૧॥
સુણો શામા હવે શું કરવું, આતો મોત વિના થયું મરવું । આજ ક્યાંથી મળ્યો આવો જોગ, મારા તો થયા પુરણ ભોગ ॥૨૨॥
દોડી દોડી પગે હું તો પાક્યો, મીઠાઈ લાવી લાવીને થાક્યો । ઘનશ્યામનું પુરું ન થાય, નથી એકે આરો કે ઉપાય ॥૨૩॥
હજું કે છે લાવો જ લાવો, અંગુઠીનો વાળી નાખ્યો દાવો । દુઃખી થઈને બોલી તે દારા, સુણો વચન સ્વામીજી મારા ॥૨૪॥
હવે તો ઘરમાં છે આ ઘૃત, મુકો કુંડલું આગળ તરત । નથી મીઠાઈ તે નક્કી થાશે, તારે તરત ઉઠીને એ જાશે ॥૨૫॥
તેવું સાંભળીને તેમ કર્યું, લાવી કુંડલું આગળ ધર્યું । શ્રીહરિયે દેવને બોલાવ્યા, મર્કટરૂપ ધરીને આવ્યા ॥૨૬॥
કુંડલામાં હતું એકાક્ષર, ખાઈને ખાલી કર્યું સત્વર । થયા અદશ આવેલા દેવ, સર્વ લોકે જોયું તતખેવ ॥૨૭॥
હલવાઈ તો વિચાર કરતો, આવ્યો દયાળુ પાસે ડરતો । પગે લાગીને કર્યો પ્રણામ, હે હરિ કૃષ્ણ હે ઘનશ્યામ ॥૨૮॥
તમે તો છો પોતે રઘુવીર, મારી સાય કરો રણધીર । મારે શરણું છે એક તમારું, હવે કરો જેમ થાય સારું ॥૨૯॥
કૃપાનાથ કૃપાદષ્ટિ કરો, શ્રીહરિ મારું સંકટ હરો । એવું સુણી દયા આવી મન, ત્યારે બોલ્યા છે શ્રીભગવન ॥૩૦॥
હવે ન જોયે કાંઈ અમારે, ચિંતા નવ કરવી તમારે । પછે કર મુખ ધોઈ ઉઠ્યા, ઉમરાવના ઉપર ત્રૂઠ્યા ॥૩૧॥
હેઠે ઉતર્યા સુંદરશ્યામ, ધીરા ધીરા ચાલે સુખધામ । ગયા ત્યાંથી ગિરિવરધારી, પામ્યા આશ્ચર્ય સહુ નરનારી ॥૩૨॥
પોતે જમીને તૃપ્ત થયા છે, હળવા રહી ઘેર ગયા છે । કૃપાસાગરે વિચાર કીધો, જમ્યાનો હેમ ચુકાવી દીધો ॥૩૩॥
મોડા ગયા ઘનશ્યામભાઈ, ત્યારે પુછે સુવાસિનીબાઈ । ભાઈ વાત પૂછું છું આસમે, મારી અંગુઠી લીધી છે તમે ॥૩૪॥
ઠૌકા થઈ કે ધર્મકિશોર, તમે મુકી હશે કોઈ ઠોર । તમે ભુલી ગયાં હશો જુવો, એમાં અમને શીદ વગોવો ॥૩૫॥
ધર્મભક્તિ કહે મારા તન, અમારી વાત સુણો પાવન । તમે અંગુઠી જો લીધી હોય, પાછી આપો જાણે નહિ કોઈ ॥૩૬॥
ત્યારે બોલ્યા ઈચ્છારામબંધુ, સુણો દાદા તમે કૃપા સિંધુ । અંગુઠી લીધી છે ઘનશ્યામે, તે મેં નજરે દીઠી આ ઠામે ॥૩૭॥
પોતે લીધી છે સર્વથી છાને, માટે કેમ કરી હવે માને । ધર્મદેવ ને બન્ને કુમાર, તરત ઉઠીને આવ્યા છે બાર ॥૩૮॥
ગયા કંદોઈ દુકાન જ્યાંયે, માગે શ્રીહરિ અંગુઠી ત્યાંયે । મારી અંગુઠડી પાછી આપો, મુને તો વઢે છે મારો બાપો ॥૩૯॥
બોલ્યો ઉમરાવ કરી ક્રોધ, વદે મુખથી વાણી વિરોધ । મારો ઘણોક કર્યો બગાડ, બહુભારે કર્યો ભંજવાડ ॥૪૦॥
અંગુઠી પાછી લેવા શું આવ્યા, કહો તમને કોણે ભણાવ્યા । પાસે ઉભા છે પિતા ને બંધુ, તે સુણતાં બોલ્યા ગુણસિંધુ ॥૪૧॥
નથી બગાડ કર્યો મેં કાંઈ, તપાસી જુવો દુકાનમાંઈ । મીઠાઈ બગડી હોય તમારી, પાછી અંગુઠી ન દેશો મારી ॥૪૨॥
એવું સુણી ઉઠ્યો ઉમરાવ, જુવે દુકાનમાં કરી ભાવ । હતી તેટલી તેવી ભરી છે, સર્વે જાતની આવી ઠરી છે ॥૪૩॥

ઘીનું કુંડલું જોયું છે જેહ, તે પણ ભરેલું દેખ્યું એહ । મીઠાઇ ભરેલી તેણે દીઠી, આપી દીધી છે પાછી અંગુઠી ॥૪૪॥
કરે વંદના બે કરભામી, તમે બલવંત બહુનામી । પછે નમ્ર થયા નરનારી, કહે ધર્મને વાત વિસ્તારી ॥૪૫॥
પુત્રને સંગે લઇ ઘર આવ્યા, ધર્મદેવ એ અંગુઠી લાવ્યા । આપી સુવાસિનીને અંગુઠી, થયા પ્રસન્ન દૃષ્ટિયે દીઠી ॥૪૬॥
ઉમરાવે વાત મન લીધી, અયોધ્યાવાસી સર્વને કીધી । સ્વામીયે કર્યા છે કીરતન, બ્રહ્મમુનીયે નિર્મલ મન ॥૪૭॥
તે સમયનો છે તેમાં ભાવ, આપ્યો છે એમાં સત્ય દેખાવ । સુન માત જસોમતિ ગોરી, તેરે લાલને અંગુઠી ચોરી ॥૪૮॥
તેને સત્સંગમાં સહુ ગાય, નરનારી સુખેથી સદાય । સુણજ્યો શ્રોતા વિવેકીજન, કોઇ સંશે ન કરશો મન ॥૪૯॥
આ છે પ્રગટતણાં ચરિત્ર, મહાનિર્મલ પુન્ય પવિત્ર । સાચા સ્નેહથી જે જન સુણે, કાળ કર્મ માયા નવ ૧પુણે ॥૫૦॥
સત્ય માનીને જે કોઇ ગાશે, મુક્ત થઇ બ્રહ્મમોલમાં જાશે । કોટી અશ્વમેઘ યજ્ઞ કરે, સર્વ તીરથમાં પોતે ફરે ॥૫૧॥
વળી જપ તપ અનુષ્ઠાન, તે નાવે આ ચરિત્ર સમાન । માટે મૂકી દેવો મતવાદ, સુણો લીલા તજીને પ્રમાદ ॥૫૨॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રીઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિયે અંગુઠીની મીઠાઇ લઇ ખાધી એ નામે ચાલીશમો તરંગ ॥૪૦॥

પૂર્વછાયો– બાળલીલા છે સુધાસિંધુ, પાવન પુન્ય પવિત્ર । ભવજળ તરવાતણું છે, નૌકારૂપ ચરિત્ર ॥૧॥
જીવકોટી ઈશ્વરકોટી, કોટી મળે મુક્ત સાર । શ્રીહરિ સહજાનંદનો, પામે નહિ કોઇ પાર ॥૨॥
એકસમે શ્રીપ્રભુજીયે, કર્યો છે મન વિચાર । શાસ્ત્રપુરાણવેદમાંથી, શોધીને કાઢ્યો સાર ॥૩॥
શ્રીમદ્ભાગવત વિષેથી, દશમ પંચમ સાર । યાજ્ઞવલ્કય ઋષિની સ્મૃતિ, ધર્મશાસ્ત્ર અનુસાર ॥૪॥
સ્કંદપુરાણે વિષ્ણુખંડે, જે વાસુદેવમાહાત્મ્ય । શોધીને તેનો સાર કાઢ્યો, જક્તપતિ જગદાત્મ ॥૫॥
વિષ્ણુસહસ્ર ભગવદ્ગીતા, વિદુરનીતિ જેહ । ભારતમાંથી શોધી લીધા, એ ત્રેણ ગ્રંથ તેહ ॥૬॥
એ રીત્યે સહુ સાર કાઢ્યા, લખ્યા પોતાને હાથ । પિતાજીને બતાવી દીધા, વિવેકથી વિશ્વનાથ ॥૭॥

ચોપાઈ– પિતાજી જોઇ થયા પ્રસન્ન, કરે વિચાર પોતાને મન । નોયે મનુષ્યની આવી મતિ, છે આ સચ્ચિદાનંદની ગતિ ॥૮॥
ઈચ્છારામ ને રામપ્રતાપ, બોલાવ્યા પોતાને પાસ આપ । ધર્મદેવ કહે સુણો તન, મારું વચન માનીલ્યો મન ॥૯॥
તમારા ભાઇ જે ઘનશ્યામ, તે પરબ્રહ્મ પૂરણકામ । પૂર્ણપુરુષોત્તમ સાક્ષાત્, વિશ્વ સર્વમાં છે એ વિખ્યાત ॥૧૦॥
કાંઇ માંગશે નહિ તમ પાસ, ઘરમાં રેશે નૈ છે ઉદાસ । કામકાજ કરો તમે ભિન્ન, એમને કેશો માં કોઇ દિન ॥૧૧॥
સુણી પ્રસન્ન થયા કુમાર, આજ્ઞા માગી ગયા નિરધાર । પૂર્ણ વિદ્યા ભણ્યા ઘનશ્યામ, જાણ્યું અયોધ્યામાં ઠામોઠામ ॥૧૨॥
વિદ્યાકુંડશાળા આદિ જેહ, તેમાં રહે છે વિદ્યાર્થી તેહ । નિત્ય આવે છે પ્રભુની પાસ, તે વિદ્યાનો કરવા અભ્યાસ ॥૧૩॥
તેને ભણાવે પૂરણબ્રહ્મ, શાસ્ત્રવેદના કહેછે મર્મ । પિતાથી પામ્યા છે ઉપદેશ, રામાનંદ સ્વામીનો હમેશ ॥૧૪॥
અષ્ટાક્ષરમંત્ર કરે જાપ, આપે આશ્રિત જનને આપ । કંઠી તુલસીની રૂડી આપે, કષ્ટ સેવકજનનાં કાપે ॥૧૫॥
આવ્યા તરગામથી બલદેવ । મોટાભાઇના શ્વસુર જેહ, આવ્યા ધર્મદેવ પાસે એહ ॥૧૭॥
પોતાના પુત્ર જનકરામ, ઘેલા ત્રવાડી આદિક નામ । વળી સુબોધ ત્રવાડી કેયે, બેઉ ભક્તિના બંધવ લૈયે ॥૧૮॥
વસંતા આદિક ઘણા જન, આવ્યા અવધપુરી પાવન । રામનવમી નામે વિખ્યાત, વળી ધર્મને કેવી છે વાત ॥૧૯॥
બોલ્યા છે બલદેવજી મુખે, સુણો ધર્મદેવ તમે સુખે । હવે તરગામે રેવા આવો, સાથે સર્વકુટુંબને લાવો ॥૨૦॥
ધર્મદેવ કે આવીશું અમે, થોડા દિવસમાં સુણો તમે । ત્યાર પછી વીસ દિન વીત્યે, ત્યાંથી જવા વિચાર્યું છે પ્રીતે ॥૨૧॥
ભક્તિધર્મ ને ત્રેણે કુમાર, ચાલ્યાં તરગામ તેણીવાર । ગયાં નવાબગંજ વનમાં, ત્રશા લાગી માતાના મનમાં ॥૨૨॥
પાણી વિના શરીર સુકાય, ત્રશાનું દુઃખ નવ સેવાય । વડવૃક્ષ આવ્યોછે ત્યાં એક, તેના તળે બેઠા છે વિશેક ॥૨૩॥
ધર્મદેવ કહે છે જોખન, જલ હોય તો લાવોને તન । ભાઇ ફર્યા તે વન મોઝાર, પાણી મળ્યું નહિ કોઇ ઠાર ॥૨૪॥
નથી કૂપ વાપી કે તડાગ, જળ ક્યાંથી લાવે મહાભાગ । જાણ્યું પ્રભુયે માતાનું દુઃખ, પાણી વિના સુકાયું છે મુખ ॥૨૫॥
મોટાભાઇયે જોયું છે વન, પાછા આવ્યા ઉદાશી છે મન । નાનાભાઇ માતાજી જરુર, બેઉ થયાં બહુ ત્રશાતુર ॥૨૬॥
શ્રીહરિયે ધારી લીધું ઉર, કુવો દેખાડ્યો થોડેક દૂર । તેમાંથી ભરી લાવ્યા છે વારી, માતાપિતાને પાયું તે ધારી ॥૨૭॥
મોટાભાઇ કે દાદા અનૂપ, આ વનમાં નોતો ક્યાંઇ કૂપ । કોણ જાણે થયું શું આ ઠામ, ત્યારે હસ્તા થકા બોલ્યા શ્યામ ॥૨૮॥
ભાઇ તમે શું કરો છો વેમ, કોઇક પ્રભુની ઈચ્છા એમ । એની મરજીયે થયો કુવો, વારે વારે વિચારી શું જુવો ॥૨૯॥
હરિપ્રસાદ રામપ્રતાપ, સુણી રાજી થયા ટળ્યા તાપ । ત્યાંથી ચાલ્યા સહુ કરી ભાવ, આવ્યા આંબલિયાના તળાવ ॥૩૦॥
થયો મધ્યાહ્ન કર્યો વિશ્રામ, પછે આવી પોક્યા તરગામ । સગાંસંબંધિ સઘળાં મળ્યાં, ભાગ્ય પૂરણ ઉત્તમ ભળ્યાં ॥૩૧॥
પ્રેમે પૂછ્યા સારા સમાચાર, હર્ષ પામ્યા પછે નરનાર્ય । વસંતાબાયે કરી રસોઇ, સૌને જમાડ્યા છે પ્રીત પ્રોઇ ॥૩૨॥
એમ સુખે રહ્યાં તરગામ, ધર્મભકિત ઠર્યાં છે તે ઠામ । બલદેવપ્રસાદનો તન, નામ લક્ષ્મીપ્રસાદ પાવન ॥૩૩॥

તેને દેછે ઉમંગે જનોઇ, ધર્મમૂર્તિને પૂછે તે જોઇ । તવ મરજી હોય તો કેયે, ઘનશ્યામને જનોઇ દેયે ॥૩૪॥
કહે ભક્તિ સુણો મારા શ્યામ, હજુ તો નાના છે ઘનશ્યામ । પછે તમારી મરજી જેમ, કરીલ્યો કરવું હોય તેમ ॥૩૫॥
મારેતો અયોધ્યાપુરી જૈને, જનોઇ દેવી છે ધીરા રૈને । ધર્મ કે વિધિ કરીશું ત્યાંઇ, પણ જનોઇ તો દેશું આંઇ ॥૩૬॥
એમ કહી શુભ મુહૂર્ત લીધું, શ્રીહરિને ઉપવીત દીધું । બ્રહ્મચારીનો વેષ ધરાવ્યો, બેને સાથે બળવો દોડાવ્યો ॥૩૭॥
તેસમે આવ્યા આકાશે દેવ, જુવે ઉપવીતવિધિ ભેવ । કરે પુષ્પની વૃષ્ટિ અપાર, દુંદુભિ વાગે નાનાપ્રકાર ॥૩૮॥
થયો પૂરણવિધિ ત્યાં જ્યારે, બ્રહ્મભોજન કરાવ્યું ત્યારે । હજારો વિપ્રને આપ્યાં દાન, ઘણા મુનિને દિધાં છે માન ॥૩૯॥
જનોઇ દીધા આગે દી ચાર, કહું એક વાતનો વિસ્તાર । જનોઇ તણી સામગ્રી જેહ, લેવા ચાલ્યા સહુ મળી તેહ ॥૪૦॥
બલદેવ ને જનકરામ, ધર્મ જોખન શ્રીઘનશ્યામ । એ આદિ મળીને મતવાલા, સર્વે ગાડું જોડાવીને ચાલ્યા ॥૪૧॥
ગુંડાશેહેરવિષે સહુ ગયા, લીધી સામગ્રી તૈયાર થયા । પછે તો નિશા પડી છે ત્યાંય, આવ્યા કુંજગલિછે રે જ્યાંય ॥૪૨॥
રામદાસની જગ્યા મોઝાર, ઉતારો કર્યો છે તેહ વાર । સરોવર છે સુંદર ત્યાંય, સ્નાન કરવા ગયા તેહ માંય ॥૪૩॥
સ્નાન કરી રહ્યા સુખધામ, વસ્ત્ર પેરી ઉભા ઘનશ્યામ । સોટી નેત્રની પકડી હાથ, કીનારે ઉભા જુવે છે નાથ ॥૪૪॥
એક આંબો છે ત્યાં મજબુત, તેને પાડે છે રાજાના દૂત । પાડતાં આંબાની આવી આંચ, નીચે દબાયા છે દૂત પાંચ ॥૪૫॥
તેને દેખી દયા આવી મન, હાથ લાંબો કર્યો ભગવન । વૃક્ષ ઉંચો ઉપાડ્યો તે વાર, પાંચ દૂતને કાઢ્યા છે બાર્ય ॥૪૬॥
એમ ઉગારીયા પાંચ દૂત, તેણે દેખી લીલા અદ્ભુત । આવી નમ્યા આનંદે સહિત, પ્રભુ જાણ્યા સંશયરહિત ॥૪૭॥
અનુચર આવ્યા રાયપાસ, બનેલી વાત કહી હુલ્લાસ । એ ચરિત્ર કર્યું સુખકારી, આવ્યા કુંજગલીમાં વિહારી ॥૪૮॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય ભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામ લીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રી હરિયે આઠ સત્શાસ્ત્રનો સાર કાઢ્યો ને તરગામમાં ઉપવીત પેરાવ્યું એ નામે એકતાલીશમો તરંગ ॥૪૧॥

પૂર્વછાયો– ગામ ગુંડામાં કુંજગલિ, ત્યાં મહાપ્રભુ રહ્યા રાત । ત્યાર પછી શું કામ થયું, વિસ્તારી કહું તે વાત ॥૧॥
સંધ્યા સમો થયો તે સ્થળે, મંદિરમાં તેણી વાર । શ્રીહરિ સાથે ધર્મ આવ્યા, ઠાકોરજીને દ્વાર ॥૨॥
હરિમૂર્તિ સિંહાસનમાં, શોભી રહી છે અનુપ । સન્મુખ આવી ઉભી રહી, તેહ મૂર્તિ તદ્રૂપ ॥૩॥
પોતે જાણ્યું મુજ નિયંતા, મહાપ્રભુ સુખધામ । જોઇ અતિ આનંદ પામી, હેઠે આવી કર્યો વિશ્રામ ॥૪॥
ચોપાઇ– તે મૂર્તિયે કર્યો નમસ્કાર, પેરાવ્યો એક પુષ્પનો હાર । પાછી જઇ ઉભી સિંહાસન, જુવે પ્રત્યક્ષ હજારો જન ॥૫॥
એવું અદ્ભુત ચરિત્ર જોઇ, પૂજારી રહ્યો છે મનમોઇ । રામદાસ કરે છે વિચાર, થયો ચરિત્રમાં તદાકાર ॥૬॥
ઘણા વર્ષથી સેવા કરું છું, એક ચિત્તેથી ધ્યાન ધરું છું । તોયે દુરલભ છે દર્શન, આજે કોને થયા છે પ્રસન્ન ॥૭॥
સર્વે સમજી ગયા તે ઠામ, પ્રભુના પ્રભુ છે ઘનશ્યામ । એવું ધારી સહુ નરનારી, કરી સ્તુતિ જાય બલહારી ॥૮॥
પછે આંબાની વાત સંભારી, રાજા ગુમાનસિંહે ઉચ્ચારી । ભગવદી કુંવરબા રાણી, ચંદુસિંહે હકીકત જાણી ॥૯॥
તેણે ધર્મને તરત તેડાવ્યા, પુત્ર સહિત પ્રેમે બોલાવ્યા। આપ્યું આસન સુંદર સાર, કોડે કોડે કર્યો સતકાર ॥૧૦॥
આંબા નીચે દબાણા જે દુત, તેની રક્ષા કરી અદ્ભુત । એવા કીયા તમારા છે તન, કરવાં છે અમારે દર્શન ॥૧૧॥
તારે શિર પર મુક્યો હાથ, બતાવ્યા છે મુનિવર નાથ । શ્રીજીને દેખ્યા બાળ સ્વરૂપ, ઘણો વિસ્મય પામી ગયો ભૂપ ॥૧૨॥
રખેને રામચંદ્રજી હોય, એની કળા જાણે નહિ કોય । હોય જો રામચંદ્ર અભિન્ન, ચરણ બેમાં જોયે સોળે ચિહ્ન ॥૧૩॥
પ્રભુને તો પડે નહિ છાંય, અતિ કોમળ અંગ દેખાય । વળી આજાનબાહુ વિશાળ, હોય તો ખરા દીનદયાળ ॥૧૪॥
પછે તો રાજા ચોકમાં આવ્યા, શ્રીહરિને ત્યાં પાસે બોલાવ્યા । પ્રભુ આવી ઉભા સનમુખ, છાયા દેખી નહિ થયું સુખ ॥૧૫॥
ચરણમાં જોયાં છે સોળ ચિહ્ન, નિર્ખિ નિર્ખિ થયો તદલીન । ત્યારે રાજાને નિશ્ચય થયો, એના મનનો સંશય ગયો ॥૧૬॥
નમી પડ્યો કુટુંબ સહિત, થયું છે બહુ લોકને હિત । સત્ય માન્યું જાણ્યા ભગવન, કરે મધુરી વાણી સ્તવન ॥૧૭॥
કુળે સહિત આશ્રિત થયો, કાંઇ સંદેહ તેને ન રહ્યો । પછે મન કરીને ઉમંગ, ઢળાવ્યો એક રૂડો પલંગ ॥૧૮॥
ગાદી તકીયા રુડા બિછાવ્યા, ધર્મસહિત ત્યાં પધરાવ્યા । ટોપી સુરવાલ ને ડગલી, આપી છે ભરગજીની ભલી ॥૧૯॥
સાચા મોતીની માળા પેરાવી, વળી હેમની કંઠી ધરાવી । કર્યું પૂજન નાના પ્રકાર, પછે પેરાવ્યા પુષ્પના હાર ॥૨૦॥
અતિ ઉમંગે આરતી કીધી, મૂર્તિ મનમાં ધરી લીધી । રજા માગીને આવ્યા ઉતારે, ધર્મસહિત સર્વે વિચારે ॥૨૧॥
બીજે દિવસે વેલી સવાર, ભર્યો સામાન ગાડાં મોઝાર । ધર્મસહિત શ્રીઘનશ્યામ, આવી ઉભા રહ્યા તર ગામ ॥૨૨॥
વિવેકી બળદેવપ્રસાદ, કરે વાત તજીને પ્રમાદ । ઘેલા ત્રવાડી વળી સુબોધ, નવલકિશોર અવિરોધ ॥૨૩॥
એ આદિ સર્વને કરી વાત, વિસ્તારી છે પ્રભુતા વિખ્યાત । વાત સુણીને આનંદ પામ્યાં, માતાજી સંકટ સહુ વામ્યાં ॥૨૪॥
એક સમે શ્રીધર્મે વિચાર્યું, ભાગીરથીએ જાવાનું ધાર્યું । ઘેલા ત્રવાડી મેડઇરામ, વસંતાબાઇ ચંદન નામ ॥૨૫॥

ભક્તિમાતા ને રામપ્રતાપ, ઘનશ્યામ ઈચ્છારામ આપ । એ આદિ સહુ તૈયાર થાય, ગંગાજીના મેળા પર જાય ॥૨૬॥
પછે ચાલ્યા ત્યાંથી રુડી પેર, આવ્યા જ્યાં રહ્યું છે ગુંડાશેર । ત્યાંથી બહરામ ઘાટે ગયા, સજર્યુ ઉતરી ચાલતા થયા ॥૨૭॥
આવ્યા લખનૌ શેરની માંયે, ગોમતી નદીનો ત્રટ જ્યાંયે । પડી નિશા રવિ થયા અસ્ત, સરિતા તીરે રહ્યા સમસ્ત ॥૨૮॥
એક દિવસ રહીને ચાલ્યા, કાનપુરમાં આવીને મળ્યા । કર્યું ભાગીરથીવિષે સ્નાન, પાંચ દિવસ રહ્યા તેહ સ્થાન ॥૨૯॥
ભાવ કરીને સજ્જન મળ્યા, કરી તીરથ પાછા વળ્યા । બંકી નવાબગંજમાં રૈને, બીજે દિવસે ચાલ્યા ત્યાં થૈને ॥૩૦॥
નાનાભાઇ જેછે ઈચ્છારામ, વસંતાબાઈયે તેડ્યા તેઠામ । તે જોઈ બોલ્યા ભૂધરભ્રાત, ચંદામાશી સુણો એક વાત ॥૩૧॥
વસંતાયે તેડ્યા ઈચ્છારામ, તમે મુને તેડો ગુણગ્રામ । પ્રેમવતીજી બોલ્યાં છે ત્યારે, સુણો સુંદર શ્યામ આવારે ॥૩૨॥
તમારે વિષે છે બહુ ભાર, તેડીને ન ચલાય લગાર । ત્યારે બોલ્યા ત્રિભુવનરાય, ઈચ્છારામ તેડ્યા કેમ જાય ॥૩૩॥
સુણો માતા કહે રહો છાના, ઈચ્છારામ તો છે હજુ નાના । વસંતાબાઈ આગલ્ય થાય, નાનાભાઈને તેડી ચાલ્યાં જાય ॥૩૪॥
ત્યારે ઈચ્છા કરી કરતાર, નાના ભાઈમાં વધી ગયો ભાર । વસંતાબાયે ઉતાર્યા નીચે, મુક્યા સર્વ મનુષ્યના વચે ॥૩૫॥
ભક્તિ માતાજી કહે છે એમ, ભાઈને હેઠે મુક્યા તે કેમ । વસંતાબા કહે સુણો બેન, કાંઈ પડતું નથી આ ચેન ॥૩૬॥
આતો ભાર અતુલ જણાય, મારાથી તો તેડ્યા નવ જાય । પ્રેમવતીજી કહે છે આમ, એતો ઘનશ્યામનું છે કામ ॥૩૭॥
કૃષ્ણ મુકે નહિં હવે કેડો, માટે બેન તમે એને તેડો । ઈચ્છારામને તેડે ચંદન, ત્યારે માનશે એમનું મન ॥૩૮॥
ચંદનાયે તેડ્યા નાનાભાઈ, કેછે ભાર નથી આતો કાંઈ । હરિનું ધાર્યું ન કર્યું હોત, તો તો માલમ સર્વે પડોત ॥૩૯॥
એમ કરતાં અયોધ્યા આવ્યું, સર્વેના મનમાં ઘણું ફાવ્યું । શાખા નગ્ર બ્રહટા બજાર, આવ્યાં ધર્મભક્તિ નિજ દ્વાર ॥૪૦॥
કર્યો છે ઉતારો ઘરમાંયે, પાંચ દિવસ રહ્યા છે ત્યાંયે । કર્યાં સર્વે મંદિરે દર્શન, તરગામે આવ્યા તે સદન ॥૪૧॥
પછે બુદ્ધિશાળી બલદેવ, વળી વિવેકી છે ધર્મદેવ । પોતાની શક્તિ પ્રમાણે રીત, જમાડ્યા બ્રાહ્મણ ઘણી પ્રીત ॥૪૨॥
કુટુંબીને જમાડ્યા રમાડ્યા, જનને ત્યાં આનંદ પમાડ્યા । પાછું લાલને જનોઇ દીધું, વેદવિધિયે વિધાન કીધું ॥૪૩॥
વળી તેને બીજે દિન ધર્મ, જમાડે છે કુટુંબી પર્મ । જમતામાં નિશા થવા આવી, રસોઇ ખુટી વાત જણાવી ॥૪૪॥
ધર્મના સાઢુ બલદીધર, તેમણે આવી કહ્યું તત્પર । પાક ખુટે એવું મુને લાગે, માટે આપણે ચેતવું આગે ॥૪૫॥
વૃષ કહે પ્રભુને સંભારો, કાંઇ ફિકર મન ન ધારો । ત્યાં થકી ઉઠીને આવ્યા તરત, કરે છે પાકશાળામાં સરત ॥૪૬॥
ત્યાંતો જમતા જોયા જીવન, હરિપ્રસાદ વિચારે મન । પ્રથમ હરિ જમી રહ્યા છે, માદેવીસરે નાવા ગયા છે ॥૪૭॥
એટલામાં કયાંથી આવે આંઇ, મુને લાગે છે આતો નવાઈ । એવું વિચારે છે મનસાથ, સખાસાથે આવ્યા યોગીનાથ ॥૪૮॥
પાકશાળામાં જેછે સ્વરૂપ, થયા અંતર્ધાન અનુપ । મહાઅદ્ભુત ઐશ્વર્ય જોયું, ધર્મદેવતણું મન મોયું ॥૪૯॥
બલદીધરને કેછે પ્રીતે, હવે જમાડજ્યો રૂડી રીતે । નહીં ખુટે આ પાક તમારો, એવો નિશ્ચે થયો છે અમારો ॥૫૦॥
ભલે જમાડો હજારો જન, હવે ચિંતા નથી કાંઈ મન । પછે જમી રહ્યા સહુ લોક, જુવે પાકશાળામાં અશોક ॥૫૧॥
પાક વધી પડ્યો છે ત્યાં જેહ, નાખ્યો તળાવમાં લેઈ તેહ । મીન સાગર આદિક જંત, તેહને ખવરાવ્યો અત્યંત ॥૫૨॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિવિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે આંબાહેઠેથી શ્રીહરિયે રાજાના અનુચરને ઉગારી લીધા એ નામે બેતાલીશમો તરંગઃ ॥૪૨॥

પૂર્વછાયો– ત્યાર પછી દિન કેટલે, કર્યું છે એક ચરિત્ર । રામશરણજી સાંભળો, પાવન પૂન્ય પવિત્ર ॥૧॥
એકસમે શ્રીશ્યામ સાથે, મોટાભાઇ જોખન । ઘેલા નવલ કિશોરને, જનકરામ પાવન ॥૨॥
એ આદિ જન કેટલા, તેણે ઉર કર્યો ઉછાવ । શિવરાત્રિને દિન ચાલ્યા, મહાદેવિયે તળાવ ॥૩॥
બોધીનો એક વૃક્ષ મોટો, ચોતરો છે ત્યાં વિશાળ । વસ્ત્ર ઉતારી મુકયાં સર્વે, તે જગાયે તત્કાળ ॥૪॥
ચોપાઈ– શૌચવિધિ કરીને તે આવ્યા, પેઠા તળાવમાં સહુ નાવા । સ્નાન કર્યું તેમાં ઘણીવાર, પછે નિકળ્યા જળથી બાર ॥૫॥
ગંગાધરને ચઢાવા જળ, કર લોટા ભર્યા છે વિમલ । બીજા સર્વે ગયા છે અગાડી, ઘનશ્યામ રહ્યા છે પછાડી ॥૬॥
જેવા દેવળમાં જઇ પેઠા, રત્રિપુરાંતકને નવ્ય દીઠા । થયા ઉપિનાકી મારુતિરૂપ, સર્વે જોઈ રહ્યા છે અનૂપ ॥૭॥
કરે વિચાર ભૂલ્યા શું ભાન, કયાંથી આવી ઉભા હનુમાન । ચિત્તડામાં લાગી છે ચટકી, બધા ઉભા રહ્યા ત્યાં અટકી ॥૮॥
કૃષ્ણ કે કેમ ઉભા રહ્યા છો, શું ભાળી ચિંતાતુર થયા છો । જળ ચઢાવીને તમો ચાલો, અમને જાવા મારગ આલો ॥૯॥
તારે સર્વે બોલ્યા છે વચન, અહીં આવોને જક્તજીવન । તમે જુવો ત્રિભુવનપતિ, આતો ઉભા રહ્યા છે મારુતિ ॥૧૦॥
એવું સુણી બોલ્યા મહારાજ, તમે પેલેથી ભુલ્યા છો કાજ । અમને મૂકી આગળ્ય આવ્યા, માટે શંભુને તમે રિસાવ્યા ॥૧૧॥
એમ કહીને આગળ થયા, બીજા સર્વે કેડે ઉભા રહ્યા । દીધાં પિનાકીયે દરશન, સહુનાં દિલ થયાં પ્રસન્ન ॥૧૨॥
શિવજીને તે જળ ચડાવ્યું, પ્રેમ કરીને શીષ નમાવ્યું । શ્રીહરિને કરે છે પ્રણામ, બોલ્યા મસ્તક નામી તમામ ॥૧૩॥

સ્વામીજી સુણો સુખના રાશી, આતો તમે કર્યું અવિનાશી । મહાપ્રભુના ચરણ વંદ્યા, હાસ્ય કરીને અતિ આનંદ્યા ॥૧૪॥
વળી બીજી કહું વાત એક, સુણતાં ટળે તાપ અનેક । ધર્મદેવતણા સાઢુ જેહ, નામ છે બલદીધર તેહ ॥૧૫॥
તેના ભાઇ મોરલી ગંગાધર, તે બે જણા રાજાના નોકર । આવ્યા લશ્કરસાથે ફરતા, ઘણા દિનથી નોકરી કરતા ॥૧૬॥
બલ્લામપઢરી જેછે ગામ, ત્યાં કર્યો છે નવાબે મુકામ । તેને મળવા જાવું નિર્ધાર, બલદીધર કરે વિચાર ॥૧૭॥
માણેકધર પુત્ર છે જેહ, તેને સાથે લઈ ચાલ્યા એહ । આવ્યા બલ્લામપઢરી ગામ, પોતાના ભાઈનાં પૂછ્યાં નામ ॥૧૮॥
ધર્મદેવ રહ્યા તરગામ, તેમણે વાત જાણી એ ઠામ । રામપ્રતાપ ને યોગીનાથ, ઘેલા ત્રવાડીને લીધા સાથ ॥૧૯॥
આવ્યા બલ્લામપઢરી સાર, ધર્મ સહિત બન્ને કુમાર । સૈન્ય બડકાબગીચામાંયે, ધર્મદેવ પૂછે આવી ત્યાંયે ॥૨૦॥
ગુરુબકસ કાયથ એક, ચોકીમાં બેઠા છે તે વિશેક । તેના પાસે આવી કહે ધર્મ, ભાઈ મુને કહો અનુકર્મ ॥૨૧॥
મોરલી ગંગાધર બે નામ, બેનું લછમનપુર ગામ । બેઉ ભાઈ છે બ્રાહ્મણજાત, આ લશ્કરમાં નોકરીયાત ॥૨૨॥
એવું સુણી બોલ્યા છે કાયથ, હું બતાવું ચાલો મારી સાથ । થયો આગળ કાયથ એવ, તેની કેડે ચાલ્યા ધર્મદેવ ॥૨૩॥
એક પીપળાનો આવ્યો વૃક્ષ, તે સ્થળે રોપ્યો તંબુ પ્રત્યક્ષ । તેની આજુબાજુમાંયે ભ્રષ્ટ, કરે છે જીવની હિંસા દુષ્ટ ॥૨૪॥
હરિપ્રસાદે તે દેખ્યું દ્રષ્ટિ, દયા આવી થઈ મન કષ્ટી । જોયું સુતસામું તત્કાળ, દિલ સમઝી ગયા દયાળ ॥૨૫॥
પામ્યું સંકોચ પિતાનું મન, જાણી ગયા જરુર જીવન । કર્યો સંકલ્પ જીવનપ્રાણ, આવા પાપમાં થાવો ભંગાણ ॥૨૬॥
એવો સંકલ્પ કર્યો જ્યાં સત્ય, જુવો તેમને પડી વિપત્ય । ઘણાં સૈન્યમાંછે જાનવર, ગજ ઘોડા આદિ બલધર ॥૨૭॥
બાંધી સાંકળો વજસમાન, તેને તોડી નાખી બલવાન । સામસામા લડેછે અપાર, ગજરાજ કરે છે ચિકાર ॥૨૮॥
સૈન્યવાળા ત્રાસી ગયા મન, જે જ્યાં તે ત્યાંના સહુજન । અકસ્માત થયું છે આચરણ । સહુનાં જાણે આવ્યાં છે મરણ ॥૨૯॥
પ્રાણ લઈ નાઠા બારે વાટ, પ્રભુયે ઘડ્યો છે જુવો ઘાટ । નાશી છુટી હવે ક્યાં જઈશું, કોણ જાણે જીવતા રહીશું ॥૩૦॥
કોઈ રહ્યું ન રાજાની પાસ, પામ્યો નવાબ તો ઘણો ત્રાસ । એક વસ્ત્ર પેરીને તે નાઠો, આવો સમો આવી ગયો માઠો ॥૩૧॥
ભયભીત થયું તેનું ચિત્ત, કંપે થરર પત્રની રીત । છિન્નભિન્ન ૧બેબાકળો થયો, પીપળા ઉપર ચડી ગયો ॥૩૨॥
પાપકર્મ દેખી પ્રભુ રુઠ્યા, સૈન્યવાળાના દિવસ ઉઠ્યા । છિન્નભિન્ન કર્યું પારાવાર, વંખેરી નાખ્યું સૈન્ય અપાર ॥૩૩॥
ચડ્યો નવાબ બોધીને વૃક્ષે, શ્રીહરિયે જોયું છે તે ચક્ષે । બીજું રૂપ ધર્યું છે દેવેશ, કર્યો પીપળામાં પ્રવેશ ॥૩૪॥
પૃથ્વી સહિત વૃક્ષ ધ્રુજાવ્યો, બહુ નવાબને બિવરાવ્યો । જાણ્યું નવાબ આયુષ ખુટ્યો, મારા પુન્ય તણો પાયો તુટ્યો ॥૩૫॥
ત્રાહે ત્રાહે પાડે છે પોકાર, અલ્લા અલ્લા કરે છે ઉચ્ચાર । દયા આવી પ્રભુજીને મન, બોલ્યા વૃક્ષમાં રહી વચન ॥૩૬॥
હવે સાંભળી લે તું રાજન, એક વાત કહું છું પાવન । તારા સૈન્યમાં થાય છે પાપ, તેથી પામ્યો છું તું પરિતાપ ॥૩૭॥
હોય જીવ્યાની આશા જો તારે, હિંસા બંધ કર્ય આંણીવારે । પ્રતિજ્ઞા કરે તો ટળે ત્રાસ, નહિં તો પળમાં થશે નાશ ॥૩૮॥
સામા ઉભા છે ધર્મના તન, એછે અલ્લા પોતે ભગવન । એવું વાક્ય સુણી સ્તબ્ધ થયો, દશદિશાયોમાં જોઈ રહ્યો ॥૩૯॥
આજુબાજુમાં કોઈ ન દીઠું, ઉંડું મન વિચારમાં પેઠું । કોણ બોલ્યો કયાંથી આવ્યો શબ્દ, જાણ્યા વિના થયો છું હું સ્તબ્દ ॥૪૦॥
હું તો જાણું છું બોલ્યા છે અલ્લા, તમે આંઈ આવો છોજી ભલ્લા । કરું છું આજથી હું પ્રતિજ્ઞા, હવે લોપું નહીં તવ આજ્ઞા ॥૪૧॥
કદી હિંસા થાવા નહિ દેઉં, વાત સોગન ઉપર લેઉં । દયાળુને દયા દિલ આવી, લીધું વૃક્ષથી રૂપ સમાવી ॥૪૨॥
થયો પીપળો કંપતો બંધ, પામ્યો નવાબ રૂડો સંબંધ । ધીરો ધીરો ઉતારિયો ધરણ, બીતો બીતો આવ્યો પ્રભુશરણ ॥૪૩॥
કર જોડીને કરે છે સ્તુતિ, અલ્લા આપો મુને સદમતિ । તુમ ખુદા હો મૈં હું ગુલામ, તેરે ચરણે રહું આઠોજામ ॥૪૪॥
એવું સુણીને નમ્ર વચન, પુરુષોત્તમ થયા પ્રસન્ન । સુણો વચન મારું રાજન, કાંઈ ચિંતા ન રાખશો મન ॥૪૫॥
મનમાં ધરશો નહિં ભ્રાન્તિ, હમણાં થશે કષ્ટની શાંતિ । એવું કેતાં કેતાં એક સરત, હાથી ઘોડા ઠેરી ગયા તરત ॥૪૬॥
સૈન્યતણાં જાનવર સઘળાં, નિજસ્થાનકે આવ્યાં સઘળાં । રાજા પ્રધાન આદિક સર્વ, જોઈ પ્રતાપ ઉતાર્યો ગર્વ ॥૪૭॥
સર્વે સૈન્ય સહિત તો ભૂપ, નમ્યા શ્રીહરિચરણ અનૂપ । અક્ષરાધિપતિ છે સમીપ, એવું સમજી ગયો મહીપ ॥૪૮॥
દેખાડ્યો છે પોતાનો પ્રતાપ, હિંસા બંધ કરાવી છે આપ । પછી તે ગામના જમીદાર, નામે પરમાત્મા નિરધાર ॥૪૯॥
તેને ઘેર રહ્યા દિન ત્રૈણ્ય, મળ્યા માંણ્યકધર પ્રવીણ । બલદીધર સર્વે મળિયા, પછે ઘર સામા તે વળિયા ॥૫૦॥
એમ ધર્મ આદિ તરગામ, આવી ઠરિયા પોતાને ઠામ । બીજી લીલાનો કહું વિસ્તાર, સુણો રામશરણજી સાર ॥૫૧॥
બલદેવપ્રસાદને દ્વાર, માતંગ છે ઉન્મત્ત સાર । મહાબલી ગણે ન કોઈને, ભય પામે મનુષ્ય જોઈને ॥૫૨॥
બલદેવ આપે છે જે લોટ, તેમાં માવત પાડે છે ખોટ । ચુંવાલીશ મેં તરંગે તેહ, વિસ્તારે જાુક્ત કેવાશે એહ ॥૫૩॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિયે બલ્લામપઢરીમાં બાદશાહને ચમત્કાર દેખાડ્યો એ નામે તેતાલીશમો તરંગઃ ॥૪૩॥

પૂર્વછાયો– તરગામની કહું વાર્તા, સુણો થઈ સાવધાન । બલદેવજીને ઘેર છે, એક હાથી બલવાન ॥૧॥

ખોરાક આપે છે ખાંતથી, નિત્ય નિત્ય બળદેવ । માવત ચોરી રાખે તેમાં, કુડી પડી છે કટેવ ॥૨॥
કુંજરે તે ખુન્નસ રાખ્યું, કયારે મળે હવે લાગ । માવતને તો મારી નાખું, ચીરી કરું બે ભાગ ॥૩॥
ત્યાર પછી દિન કેટલે, માવત લેઇ માતંગ । માદેવીયા સરોવરમાં, નવરાવે ગજ અંગ ॥૪॥
ચોપાઇ–સરોવરના જલમોઝાર, નવરાવે હસ્તીને તેઠાર । પાણીમાં સુવાર્યો છે માતંગ, પાષાણથી ઘસે તેનું અંગ ॥૫॥
એમ કરતાં થૈ ઘણીવાર, કર્યો છે ગજે મન વિચાર । સુંઢવડેથી ઝાલ્યો છે તેને, જળમાંહી પછાડે છે એને ॥૬॥
ઘણા લોકની નજરે થયું, બલદેવપ્રસાદને કયું । તેના ભાઇ રૂપધર નામ, લક્ષ્મીપ્રસાદ જનકરામ ॥૭॥
ધર્મદેવ ભેળે ઘનશ્યામ, બલદેવપ્રસાદ એ ઠામ । દોડી આવ્યા સરોવરતીર, જોયો માવતને થઇ થીર ॥૮॥
બીજું રૂપ ધર્યું અવિનાશે, ગયા જળમાં કરીને પાસે । રગજસુંઢથી તેને મુકાવ્યો, હરિયે માવતને બચાવ્યો ॥૯॥
માવતને રાખ્યો નિજપાસ, બેઠા હસ્તિપર અવિનાશ । કરી માતંગપર અસ્વારી, જળબાર્ય આવે છે મોરારી ॥૧૦॥
બીજે સ્વરૂપે ઉભા છે બાર્ય, થયા એકરૂપે ભવતાર । બેઠા હસ્તિઉપર બહુનામી, સર્વે જન જુવે શીર નામી ॥૧૧॥
ઐશ્વર્ય સોત જોયા જોગીંદ્ર, જાણે સાક્ષાતછે રામચંદ્ર । એવું કહી પગે લાગ્યા સર્વ, નરનારીનો ઉતર્યો ગર્વ ॥૧૨॥
હસ્તિ સહિત આવ્યા છે ઘેર, પ્રભુયે કરી છે લીલાલેર । પછે માવતે ઉતાર્યા નીચે, પોતાના ઘર આંગણા વચે ॥૧૩॥
માવતે કહી વાત વિસ્તારી, મારી વારે ચડ્યા સુખકારી । ધર્મદેવ કહે છે વચન, સુણો ઘનશ્યામ મારા તન ॥૧૪॥
તરગામની સીમામોઝાર, ક્ષેત્રમાં શાલ વાવી છે સાર । મોટી થઇ તે પાકવા આવી, સાચવીયે તો છે મનભાવી ॥૧૫॥
નિત્ય ચકલાં આવે છે ત્યાંયે, શાલ ખાઇ જાય ક્ષેત્રમાંયે । માટે ખેતરમાં જાવો આજ, તમો સાચવજો મહારાજ ॥૧૬॥
આપણું ક્ષેત્રગામ ગામ નજીક, પંખીડાંની લાગે ઘણી બીક । ત્યાં હું આવીશ બપોર વીતે, તમે જાળવજો એક ચીતે ॥૧૭॥
જમાડ્યા છે શીર કર થાપી, હાથમાં એક જ્યેષ્ટિકા આપી । પેરાવી છે મોજડીયો પાવ, થયા તૈયાર સુંદર માવ ॥૧૮॥
પિતાની આજ્ઞા માની મન, ગયા ખેતરમાં ભગવન । ધર્મ ગયા મુડાડીયે ગામ, કોઇ કારણ તે અભિરામ ॥૧૯॥
શ્રીહરિ ગયા ખેતરમાંયે, જુવે ચકલાં હજારો ત્યાંયે । કરે વિચાર શ્રીઘનશ્યામ, હવે શું કરવું મારે કામ ॥૨૦॥
ખાવા દીધે મહાદુઃખ થાય, મોટાભાઇ પિતા ખીજવાય । ઉડાડું તો લાગે મુને ત્રાસ, માટે કળા કરું સુખરાશ ॥૨૧॥
ઘેરે સાદે કર્યો છે હોકાર, વાપ્યો છે શબ્દ ક્ષેત્રમોઝાર । પંખીડાં બેઠાં છે જેહ સ્થાન, થઇ પડ્યાં છે સમાધિવાન ॥૨૨॥
એમ ઓછી કરી છે ઉપાધિ, કરાવી ચકલાંને સમાધિ । પછે ચાલ્યા ત્યાંથી ઘનશ્યામ, ગયા શ્રીહરિ ભમેચે ગામ ॥૨૩॥
ત્યાંના માધવરામ શુકલ, ગયા તેના ક્ષેત્રમાં અકળ । તેમાં થઇને મધુવૃક્ષે ગયા, નિજસખાઓને ભેગા થયા ॥૨૪॥
રઘુવીર ને બકસરામ, તેની સાથે રમે સુખધામ । કરે ગમત પ્રાણઆધાર, ત્યાંહાં વીતી ગઇ ઘણીવાર ॥૨૫॥
હવે ધર્મ કહે અહિરાજ, તમે ખેતરમાં જાવો આજ । ઘનશ્યામજી ગયા છે જ્યાંયે, કરો ખબર જઇને ત્યાંયે ॥૨૬॥
જનકરામને લીધા સંગે, મોટાભાઇ ચાલ્યા છે ઉમંગે । જઇ જોયું ખેતર ફરીને, ત્યાં તો દેખ્યા નહિ શ્રીહરિને ॥૨૭॥
જોખન ત્યાંથી તૈયાર થયા, માધવરામને ક્ષેત્રે ગયા । જુવે જઇ સહસ્રવદન, ત્યાં તો રમતા દેખ્યા જીવન ॥૨૮॥
ત્યારે બોલ્યા વાક્ય બલરામ, આંહિ શું કરો છો ઘનશ્યામ । તમને મુક્યાતા ખેત્રમાંય, રમવા લાગ્યા આવીને આંય ॥૨૯॥
ત્યારે બોલ્યા ત્રિભુવનરાય, ચિત્તમાં ન કરશો ચિંતાય । તમને મેં એજ સુચવીયું, તમ કરતાં ઘણું સાચવીયું ॥૩૦॥
એમ કેતા થકા બેઉ ભાઇ, આવ્યા પોતાના ખેતરમાંઇ । બેઉ ભાઇ ને જનકરામ, જુવે ક્ષેત્રમાં શું થયું કામ ॥૩૧॥
પંખીડાં સર્વ ઠરી ગયાં છે, જેમ છે તેમ સ્થિર થયાં છે । કેક ચંચુમાં લીધા છે દાણા, તેની નાડીને પ્રાણ ખેંચાણા ॥૩૨॥
કેક છોડ પર રહ્યાં બેઠાં, કેક તો પૃથ્વીયે પડ્યાં હેઠાં । એવું દેખી કહે મોટાભાઇ, જુવો જનક આતો નવાઇ ॥૩૩॥
આતે જીવે છે કે ગયાં મરી, વાત ખોટી હશે કે આ ખરી । એમ કહીને ઝાલવા જાય, ત્યાં તો ચકલાં ચૈતન્ય થાય ॥૩૪॥
કરી મહારાજે ઇચ્છા રુડી, સર્વ સાથે ગયાં તે ઉડી । પામ્યા વિસ્મે ભાઇ મનમાંય, જુવો જનક આ શું કેવાય ॥૩૫॥
મારા નાનાભાઇ ઘનશ્યામ, જરુર છે આ એમનું કામ । પૂર્ણબ્રહ્મ સનાતન જેછે, ક્ષરઅક્ષરથી પર એછે ॥૩૬॥
જાણે તનમનની એ ચોરી, એના હાથમાં સર્વેની દોરી । સદા સર્વદા છે સુખકારી, અવતારતણા અવતારી ॥૩૭॥
કોટી થયા હશે અવતાર, સૌને આ મૂર્તિનો આધાર । એક રોમ થકી થયા ભિન્ન, વળી પામે એ રોમમાં લીન ॥૩૮॥
એવા અનંતકોટી અપાર, નથી પામ્યા પામે નહી પાર । આ અપાર મહિમાની વાત, સુણીને બોલ્યા છે જગતાત ॥૩૯॥
મહિમા જણાણો છે તમને, શીદ મારવા આવો છો અમને । મારા ઉપર વારમવાર, તમે રીશ કરો છો અપાર ॥૪૦॥
મોટા જાણીને રહું છું નમતો, કોઇ દિવસે નથી દમતો । એક આંગળિયે જો ઉડાવું, ક્રોડ જોજન છેટે પડાવું ॥૪૧॥
પછે પતો ન લાગે તમારો, પ્રૌઢપ્રતાપ જાણો અમારો । એવું સુણીને બોલ્યા જોખન, તમે સાક્ષાત છો ભગવન ॥૪૨॥
બલવંત છે માયા તમારી, ફેરવી નાખે છે મતિ મારી । તેને કરી ભુલું છું હું ભાન, હવે ક્ષમા કરો ભગવાન ॥૪૩॥
એવાં નમ્ર મધુરાં વચન, લાગ્યાં અમૃતથી મીઠાં મન । નારાયણ કહે મોટાભાઇ, સાચવવા ન આવશો આંઇ ॥૪૪॥

જ્યાં સુધી શાલ થાય તૈયાર, ત્યાં સુધી પંખી નાવે આ ઠાર । શ્રીમુખે બોલ્યા આનંદભેર, પછે ત્રૈણે જણ આવ્યા ઘેર ॥૪૫॥
વળી એક દિન પ્રેમવતી, જોખનને કેછે મહામતી । ઘરમાં થઇ રૈછે ખટાઇ, સંભારીને લેતા આવો ભાઇ ॥૪૬॥
ત્યારે તો બોલ્યા શ્રીઘનશ્યામ, સુણો દીદી એતો મારું કામ । જોયે તેટલી આજ ને આજ, લાવી આપીશ કરીશ કાજ ॥૪૭॥
કરે છે એવી વાત વિચાર, ત્યાં તો રસોઇ થૈછે તૈયાર । ધર્મ લઇને ત્રૈણે કુમાર, જમવા સારુ બેઠા તે વાર ॥૪૮॥
જમતાં જમતાં ઇચ્છા કરી, ખટૈ માટે વિચાર્યું છે જરી । મોટાભાઇના શ્વસુર જેહ, બલદેવજી કહીયે તેહ ॥૪૯॥
ભાગીરથ ને ભેલઇરામ, ચારે ભાઇનું ભેગું છે કામ । ઘરની આંબલીયોનાં તરુ, ચારે ગયા તે વેંણવા સારું ॥૫૦॥
સેજ વાત વિષે માંહોમાંઇ, બોલાબોલીમાં થઇ લડાઇ । ધર્મદેવે જાણ્યો તેહ ઘાટ, જાય વારવા સારું ઉચાટ ॥૫૧॥
ઘનશ્યામ ગયા છે અગાડી, પિતાજીને મુક્યા છે પછાડી । ગયા આગળ સુંદર શ્યામ, ચાર ભાઇ વઢે છે તેઠામ ॥૫૨॥
ક્રોધાતુર કરે મારામાર, શ્રીહરિયે ધર્યાં રૂપ ચાર । એકએકને હાથેથી ઝાલ્યા, જુદા પાડ્યા દુર લઇ ચાલ્યા ॥૫૩॥
ચારે બંધુને જુદા બેસાડ્યા, ધીરે ધીરે તે શાંતિ પમાડ્યા । એટલે આવ્યા ધર્મ અનુપ, દેખ્યાં પુત્રનાં ચાર સ્વરૂપ ॥૫૪॥
પામ્યા આશ્ચર્ય મન અપાર, શીખામણ દેવા લાગ્યા સાર । જીજ બાબતમાં શું કરો છો, થોડા માટે લડીને મરો છો ॥૫૫॥
સુણી ધર્મનાં એવાં વચન, ક્રોધ લેશ રહ્યો નહિ મન । ચારે બંધુ કરે પશ્ચાતાપ, હરિપ્રસાદજી સુણો આપ ॥૫૬॥
જીવને આવીને જુદા પાડ્યા, ચારે ભાઇને નોખા બેસાડ્યા । કામ કર્યું છે એ ઘણું રુડું, નૈતો એમાંથી થાતજ કુડું ॥૫૭॥
ચારે ભ્રાતને થયો છે સંપ, હેત પ્રીત થઇ વળ્યો જંપ । અન્યો અન્ય કર્યો છે વિચાર, એક એકને પુછ્યું છે સાર ॥૫૮॥
જોયે તેટલી આંબલી રાખી, બીજી બધી ગાડામાંયે નાખી। ધર્મદેવને તે આપી દીધી, જીુવો શ્રીહરિયે કળા કીધી ॥૫૯॥
બલદેવે ગાડામાં ભરાવી, ધર્મદેવને ત્યાં પોકડાવી । કૃપાનિધિ કલેશ મટાડ્યો, પિતાજીને ત્યાં પર્ચો દેખાડ્યો ॥૬૦॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામ લીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રી હરિયે હાથી થકી માવતની રક્ષા કરી ને ભક્તિમાતાને ખટાઇ લાવી આપી એ નામે ચુંમાલીશમો તરંગઃ ॥૪૪॥

**પૂર્વછાયો–** ધર્મ ભક્તિને સુવાસિની, સાથે ત્રૈણે કુમાર । તરગામથી જાવું છુપૈયે, કર્યો એવો વિચાર ॥૧॥
તૈયાર થઇ ચાલ્યા ત્યાંથી, આવ્યા છુપૈયે ગામ । સંબંધી ત્યાં મળવા આવ્યાં, ધર્મદેવને ધામ ॥૨॥
વશરામાદિ બીજા સર્વે, છુપૈયાપુરના જન । ખબર પુછી બેઠા પાસે, આનંદ પામ્યા મન ॥૩॥
વશરામની સાથે બોલ્યા, શ્રીહરિ સુંદર શ્યામ । હે મામા કેમ આવ્યા નથી, મુજ સખા વેણીરામ ॥૪॥
વશરામ કે સુણો તમે, વાત કહું છું તેહ । વેણીરામ માંદા થયા છે, કેમ કરી આવે એહ ॥૫॥

**ચોપાઇ–** એવું સુણીને પુરૂષોત્તમ, ધર્મસહિત ચાલ્યા ઉત્તમ । વેણીરામને તે જોવા જાય, નિજસખાની કરવા સાય ॥૬॥
વેણીરામજી સુતા છે જ્યાંયે, આવ્યા છેલછબીલોજી ત્યાંયે । પથારીમાં સુતા વેણીરામ, તેને પુછે છે પૂરણકામ ॥૭॥
ઘણી પીડા થઇ શું તમને, જાણીને ચિંતા થઇ અમને । જાણ્યું જોવા આવ્યા ઘનશ્યામ, ઘણા રાજી થયા વેણીરામ ॥૮॥
પણ બોલી શક્યા નહી મુખે, દેહવ્યાધિ ઘણીછે તે દુઃખે । ત્યારે બોલ્યા ત્રિભુવનપતિ, સુણો સખા તમે મહામતિ ॥૯॥
આપણ કરતા જેજે ખ્યાલ, તેને યાદ કરો ભાઇ હાલ । અમને પ્રભુ જાણજો મન, થશે નિરોગી તમારું તન ॥૧૦॥
જપો હરિકૃષ્ણ ઘનશ્યામ, એથી પામશો અંગે આરામ । લક્ષ્મીબાઇને કે ઘનશ્યામ, કરો હું કહું એટલું કામ ॥૧૧॥
ઘડી રહીને માગે જે ભાઇ, કરીને દેજ્યો ખાવાનું આંઇ । સખાને આપી છે ઘણી ધીર, પછે ઘર આવ્યા નરવીર ॥૧૨॥
ભક્તિમાતાયે રસોઇ કરી, બંધુપિતા સાથે જમ્યા હરિ । મહાપ્રભુના નામનો મંત્ર, વેણીરામે જપ્યો છે સ્વતંત્ર ॥૧૩॥
સંભાર્યા છે જ્યાં ધર્મના બાળ, પર્મ સુખ થયું તતકાળ । વેણીરામ કહે સુખદાતા, મુને શિરો કરી આપો માતા ॥૧૪॥
શિરો આપ્યો કરીને તૈયાર, વેણીરામ જમ્યા તેણીવાર । ચળુ કર્યું છે આશ્ચર્ય આતો, સંબંધી સાથે કરેછે વાતો ॥૧૫॥
પછે જમીને તૈયાર થયા, ચાલીને શ્રીહરિ પાસે ગયા । હળીમળીને સખા રમે છે, સંબંધીના મનમાં ગમે છે ॥૧૬॥
વળી એક સમે ગૌરાગામ, રામલીલા રમે છે એ ઠામ । રમે છે તીયાં વ્રજના બાળ, એવું જાણી ગયા છે કૃપાલ ॥૧૭॥
વેણી માધવ રામ પ્રયાગ, સખાસંગે લીધા છે સોહાગ । જોવા જાવું છે ગૌરે ઉમંગે, માટે ચાલો સખા મુજસંગે ॥૧૮॥
એમ કહીને સર્વે સધાવ્યા, ખંપાસરોવરતીરે આવ્યા । વૃક્ષ કદમતણું છે જ્યાંયે, તેનાં પુષ્પ લીધાં કરમાંયે ॥૧૯॥
તેના ગુંથ્યા છે સુંદર હાર, પેર્યા પોતાના કંઠમોઝાર । સામે કાંઠે છે ચંપાના છોડ, સખા સર્વે ગયા છે ત્યાં જોડ ॥૨૦॥
ચંપે ચડીને લીધાં છે ફુલ, પ્રભુનું મન થયું પ્રફુલ । પછી ચાલ્યા ત્યાંથી મતિધીર, ગયા ગૌરાગામે બલવીર ॥૨૧॥
ખેલ ચાલતા થયા છે જ્યાંયે, આવ્યા છે અલબેલોજી ત્યાંયે । રામચંદ્રનો મુક્યો છે વેશ, જોયો નજરે દેવદેવેશ ॥૨૨॥
પોતે થયા છે રામસ્વરૂપ, ભેગા રમવા લાગ્યા અનૂપ । એકરૂપે ઉભા સખાપાસે, બીજાું રૂપ લીલામાં પ્રકાશે ॥૨૩॥
પેર્યાં વસ્ત્ર આભૂષણ સાર, જેની શોભાતણો નહિ પાર । લીલામાં દેખ્યા છે બેઉ રામ, સહુ વિસ્મે પામ્યાં તેહ ઠામ ॥૨૪॥

દિવો લેઇ જુવે આવી પાશ, કર્યાં અનેક રૂપ પ્રકાશ । ઘડી એક થયા છે પ્રસન્ન, દીધાં છે લીલામાં દરશન ॥૨૫॥
લોક સરવે ત્યાં કેવા લાગ્યા, જાણે ઝબકી નિદ્રાથી જાગ્યા । છુપૈયાપુરના ધર્મ નામ, તેના પુત્ર હશે ઘનશ્યામ ॥૨૬॥
એવું કેતાં અદ્રશ થયા છે, સખાની પાસે એક રહ્યા છે । ઘણીવાર બતાવ્યો પ્રતાપ, પછે આવ્યા છુપૈયામાં આપ ॥૨૭॥
વળી બીજી કહું એક વાત, સુણો શ્રોતા થઇ રળિયાત । હરિની જમણી આંખ્ય જેહ, થોડીક લાલ થઈ છે તેહ ॥૨૮॥
ત્યારે કેછે સુવાસિની બાઇ, વીરા આંખ્ય દુઃખે છે કે ભાઈ । શ્રીહરિ કે છે એમ જણાય, થોડો થોડોક ખટકો થાય ॥૨૯॥
સુવાસિની કહે ભગવન, મારી પાસે છે એક અંજન । લાવો આંજું તે શીતળ થાશે, વળી તતકાળ મટી જાશે ॥૩૦॥
પછી ઓશરીમધ્યે ઉમંગ, એક ઢાળ્યો છે સારો પલંગ । પ્રભુ પોઢ્યા પલંગમાં સાંજે, ભાભી આંખ્યમાં અંજન આંજે ॥૩૧॥
તરે બોલ્યા જદુપતિ દેવ, ઘણું શીતલ અંજન એવ । માટે આંજો આ બીજી જે આંખ્યે, એવું કેને ચરિત્રજ દાખે ॥૩૨॥
અવિનાશીયે આંખ ઉઘાડી, પોતાની માયા તેમાં દેખાડી । બીજી આંખ્યમાં આંજવા જાય, સુવાસિની ત્યાં વિસ્મિત થાય ॥૩૩॥
દેખાડ્યાં છે બ્રહ્માંડ અનેક, સાગર પર્વતાદિ વિશેક । તારામંડળ સાથે આકાશ, ગ્રહાદિસ્થાન સર્વે પ્રકાશ ॥૩૪॥
પડ્યું શું વેમ, કરો અંજન આંખ્યમાં એમ । ત્યારે બોલ્યાં સુવાસિનીબાઇ, વીરા શું કરું અંજન ભાઇ ॥૩૬॥
તવ દક્ષિણનેત્રમાં આજ, કોટિબ્રહ્માંડનું દેખું કાજ । પ્રભુ કે આંજો એમ ન થાય, હવે માયા એવી ન દેખાય ॥૩૭॥
હારાજ, મુને કરી કૃતારથ આજ । તમે બતાવ્યો માયાવિગ્રહ, આપે મોટો કર્યો અનુગ્રહ ॥૩૯॥
નારાયણ તમે નિર્વિકારી, અવતાર કેરા અવતારી । સર્વ-વ્યાપક સર્વનિયંતા, પ્રેરક સર્વેના બલવંતા ॥૪૦॥
સર્વના કર્મફલપ્રદાતા, ભવભયહારી જગત્રાતા । મહાસમર્થ છો સુખધામ, એવા થકા થયા ઘનશ્યામ ॥૪૧॥
ધર્મઘરે પ્રગટ થયા છો, છુપૈયાપુરવિષે રહ્યા છો । તે તો કરવા અમારું શ્રેય, મુને તો નિશ્ચે થયો છે તેય ॥૪૨॥
મૂર્તિ તમારી ઉરમાં ધારી, લાખો ફેરા જાઉં વારી વારી । માયાપાર તમારો મુકામ, બ્રહ્મમોલના વાસી છો શ્યામ ॥૪૩॥
વળી એકસમે સુખધામ, ગ્રીષ્મ ઋતુવિષે ઘનશ્યામ । જન્મસ્થાનમાં કૂપપ્રથાર, ત્યાં છે ચંપાતરુવર સાર ॥૪૪॥
વેદિકા પર નાખી રજાઇ, બેઠા પૂર્વમુખે સુખદાઇ । શ્વેતવસ્ત્ર કર્યાં પરિધાન, ટોપી પણ શિર શ્વેતવાન ॥૪૫॥
મોહનમાળા કંઠે સોહાય, એવા નીલકંઠજી દેખાય । વેણીમાધવ પ્રાગ પવિત્ર, સુખનંદનાદિ બાલમિત્ર ॥૪૬॥
બંશીધર રઘુનંદન નામ, બેઠા સખાયે વેષ્ટિત શ્યામ । રુડી વાત કરી સમજાવે, સખાને આનંદ ઉપજાવે ॥૪૭॥ એવામાં કાશી
વાસી ઉદાસી, સન્યાસી બ્રહ્મચારી અભ્યાસી । મહાસમર્થ છે વિદ્યાવાન, ગયાતા નેપાલે બુદ્ધિમાન ॥૪૮॥
ફરતા થકા આવ્યા ત્રૈણે જયાંયે, છુપૈયાપુર પાવન ત્યાંયે । ધર્મદેવનું પુછીને નામ, આવ્યા દર્શન માટે તે ઠામ ॥૪૯॥
વૃષદેવે કર્યો સત્કાર, કરાવી છે રસોઇ તૈયાર । સારી રીતે પ્રીતેથી જમાડ્યા, રુડા આસન પર બેસાડ્યા ॥૫૦॥
ત્યાગી જમે સોપારી ને પાન, તે દેખી બોલ્યા શ્રીભગવાન । કોઇ શાસ્ત્રમાં કહ્યું છે આવું, ત્યાગીને પાન સોપારી ખાવું ॥૫૧॥
ત્યારે સન્યાસી કે હા કહ્યું છે, શાસ્ત્રથી અમે એવું લયું છે । શ્રીહરિ કહે બોલો વચન, કોઇ સતશાસ્ત્રનું પાવન ॥૫૨॥
શ્લોક બોલ્યા સન્યાસી બે ચાર, પણ કલ્પિત શાસ્ત્ર આધાર । શ્રીહરિ કહે એ નહિં માનું, આતો કલ્પિત છે કોઇ છાનું ॥૫૩॥
બોલ્યા ત્રિકમજી ધરી ટેક, શ્રીમદ્ભાગવત શ્લોક એક । બીજા કૈક આપ્યાં છે પ્રમાણ, સતશાસ્ત્રનાં નિર્મલ વાણ ॥૫૪॥
શુદ્ધ વાણી મૃદુલ ગંભીર, સુણી ત્રૈણે ત્યાગી થયા સ્થિર । જેમ સૂર્યનો દેખી ઉદ્યોત, તેજ ક્ષીણ પામે છે ખદ્યોત ॥૫૫॥
એમ શ્રીહરિ આગલ્ય ત્યાગી, બેઠા બોલ્યા વિના અનુરાગી । ત્રૈણે જણા કરે છે વિચાર, શું આ બાળકનો છે ઉચ્ચાર ॥૫૬॥
ત્યાં તો આવ્યા છે હરિપ્રસાદ, બંધ કર્યો પ્રભુયે વિવાદ । ત્યાગી ધર્મને કે છે વચન, પાંડે શું આ તમારા છે તન ॥૫૭॥
ધર્મદેવ કહે છે તેપાસ, મુજ પુત્ર છે એ અવિનાશ । જાણીને ત્યાગી થયા પ્રસન્ન, ભારે પ્રતાપી છે તવ તન ॥૫૮॥
કરાવો છો કાંઇયે અભ્યાસ, જાણે દીસે છે જક્તનિવાસ । એમ કહીને પ્રાર્થના કીધી, મૂરતી મનમાં ધારી લીધી ॥૫૯॥
વેદશાસ્ત્રનો પામ્યા છે અંત, આ તો બહુનામી બલવંત । એમ દેખ્યા છે શ્રીઘનશ્યામ, વારે વારે કરે છે પ્રણામ ॥૬૦॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રી હરિયે ભાભીને પોતાના નેત્રમાં અનેક બ્રહ્માંડ દેખાડ્યાં એ નામે પિસ્તાલીશમો તરંગઃ ॥૪૫॥

રાગ સામેરી – ધર્મદેવ જમવા બેઠા, સાથે ત્રૈણે કુમાર । તે ટાંણે ઈચ્છારામે માગ્યું, માંખણ ખાવા સાર ॥૧॥
સુવાસિની ત્યારે બોલિયાં, માંખણ તો નથી આજ । માટે જમો માંખણવિના, દિલ ન કરશો દાઝ ॥૨॥
એવું સુણી રીશ ચઢી છે, રોવા લાગ્યા અપાર । જમ્યાનું પાત્ર ઠેલી મુક્યું, પડ્યા પૃથ્વીમોઝાર ॥૩॥
રુદન કરી આલોટે છે, ઘસવા લાગ્યા ચરણ । પાસે બેઠા મહાપ્રભુજી, વિચારે અશરણશરણ ॥૪॥
ભુખ્યા રેશે બાંધવ મારા, નહીં જમે તે આજ । સુંદરીને ત્યાં માંખણ છે, જાણી લીધું મહારાજ ॥૫॥
તાંસળીમાં ભરેલું છે, મુક્યું તે શિકામાંયે । શ્રીહરિયે માંખણ લેવા, હાથ લાંબો કર્યો ત્યાંયે ॥૬॥

પોતાને ઘરે બેઠે થકે, લીધું માંખણનું ઠામ । દેખ્યું તે સુંદરીમામીયે, જોઇ રહ્યા વશરામ ॥૭॥
હાથ ઝાલવા ઉભાં થયાં, સુંદરી રાખીને શરત । ઘનશ્યામની ઇચ્છાયેથી, થઇ સમાધી તરત ॥૮॥
અદ્ભુત આશ્ચર્ય દેખ્યું છે, ચૈતન્ય તેજ અનુપ । એ તેજમાં શ્યામને દેખ્યા, રુડું અકળ સ્વરૂપ ॥૯॥
તે મૂર્તિ કેડે ફર્તા જોતાં, દેખી પુરીયો અષ્ટ । ઇંદ્રપુરી શિવની પુરી, કુબેરપુરી છે શ્રેષ્ટ ॥૧૦॥
વાયુ અંબુ નૈરૂત્યપુરી, યમપુરી છે પ્રસિદ્ધ । અગ્નિપુરી એ આદિ સર્વે, દેખી પ્રભુના સાનિદ્ધ ॥૧૧॥
તે તે સ્થલના દેવ સર્વે, પૂજે શ્રીહરિના પાય । ઘનશ્યામની સ્તુતિ કરી, તે સમાધિમાં દેખાય ॥૧૨॥
પછે તો સત્યલોક જોયો, જોયા સાત પાતાળ । સર્વે સ્થાનમાં સુંદરીયે, દેખ્યા દીનદયાળ ॥૧૩॥
જે જે સ્થાનકે જોયા સર્વે, તે તે અધિપતિ દેવ । પ્રેમે પુલ્કિત દાસપણે, કરે શ્રીહરિની સેવ ॥૧૪॥
સુંદરીબાઇ સમાધિમાં, અતિ પામ્યાં છે આનંદ । પ્રતાપ એવો બતાવ્યો ત્યાં, ટાળ્યા છે ભવફંદ ॥૧૫॥
માંખણ લઇ જમતા, દાદા સાથે ઘનશ્યામ । ત્યાં સુંદરીબા સમાધિથી, જાગીને આવ્યાં તે ઠામ ॥૧૬॥
માંખણની ભરી તાંસળી, તે પડી પ્રભુને પાસ । સામું જુવે છે સુંદરી તો, વદે વેણ અવિનાશ ॥૧૭॥
મામી તમારી આ તાંસળી, માંખણ લઇ જાઓ ઘેર । એવું સુણી મામીયે કર્યો, પ્રણામ આનંદભેર ॥૧૮॥
માંખણ આપ્યું બે ભાઇને, જમાડ્યા જગતાત । સુંદરીબાયે સમાધિની, કહી વિસ્તારીને વાત ॥૧૯॥
પછે પોતાને ઘેર ગયાં, ત્યાં બોલ્યા મંછારામ । કયાંથી લાવ્યાં તાંસળી, ગયાં હતાં કોણ ઠામ ॥૨૦॥
એ સુણીને સુંદરીયે, કહી લીલા પ્રભુની સાર । તે જાણી મંછારામ આદિ, આનંદ પામ્યા અપાર ॥૨૧॥
એક સમે દશેરા આવ્યા, ઉત્તમ આસો માસ । આંબલી હેઠે ચોતરાપર, બેઠા ધર્મ સુખરાશ ॥૨૨॥
તે સમે વસરામ મોતી, એ આદિ આવ્યા બે ચાર । ધર્મદેવના પાસે આવી, પ્રશ્ન પુછ્યું નિર્ધાર ॥૨૩॥
દશેરાને દિન ક્ષત્રિયો, શમી પૂજે છે જેહ । તેનું કારણ સમઝાવો, નિવૃત્તિ પામે સંદેહ ॥૨૪॥
ધર્મ કહે પાંડવ ગયા, કરીને એવો કરાર । બાર વર્ષ વનમાં રેવું, એક વર્ષ ગુપ્ત ઠાર ॥૨૫॥
પૂરાં થયાં જ્યાં વર્ષ બારે, પોતાનાં જે હથિયાર । શમીઉપર મુકી દીધાં, વિમલ કરી વિચાર ॥૨૬॥
છાના રહ્યા એક વર્ષ તે, વૈરાટ નગ્રની માંયે । એક વર્ષ ત્યાં પુરૂં થયું, ગયા શમીતરુ જ્યાંયે ॥૨૭॥
ખીજડીનું પૂજન કર્યું, શસ્ત્ર લીધાં છે હુલ્લાશ । તે દાડાનો ચાલ્યો આવે છે, પૂજાવિધિ સુખરાશ ॥૨૮॥
શસ્ત્રધારી ક્ષત્રિયો રાજા, વર્તે છે નિર્મલ મન । વર્ષોવર્ષ આ દશેરાયે, કરે શમીનું પૂજન ॥૨૯॥
એવું સુણી વિચાર કર્યો, બોલ્યા વેણ વશરામ । આપણ શસ્ત્રધારી છૈયે, ચાલો તે કરીયે કામ ॥૩૦॥
ત્યારે બોલ્યા ઘનશ્યામજી, મામા સુણો વચન । દશેરાયે જે શમી પૂજે, તેને પાંડવ દે દર્શન ॥૩૧॥
ભાંણેજના એ શબ્દ સુણી, સર્વે સંબંધી જન । વસ્ત્રાભૂષણ શસ્ત્ર સજી, તત્પર થયા પાવન ॥૩૨॥
પોતાનાં વાહન તે લીધાં, ઘોડે થયા અસવાર । સજી ભજીને સર્વે ચાલ્યા, આવ્યા ધર્મને દ્વાર ॥૩૩॥
ત્રૈણે પુત્રને સાથે લેઇ, ધર્મ થયા તૈયાર । શ્રીહરિને ઘોડે બેસાર્યા, શોભાતણો નહિં પાર ॥૩૪॥
૧કરી પર નાનાભાઇને, બેસાર્યા તેણી વાર । આનંદ ઉચ્છવ થાય છે, વાજે વાજીંત્ર અપાર ॥૩૫॥
અસવારી લઇ ત્યાંથી ચાલ્યા, શમીપૂજનને કાજ । મીનસરને ઉત્તર કાંઠે, ત્રિખુણી ક્ષેત્રમાં આજ ॥૩૬॥
શમીપૂજન કર્યું સર્વે, તે સમે આવ્યાછે દેવ । પોતાનાં વિમાને બેસીને, અનંત અવશ્યમેવ ॥૩૭॥
ઘનશ્યામની સ્વારી કેરાં, ભાવે કર્યાં દર્શન । એવામાં ત્યાં પાંડવ આવ્યા, પત્નીસહિત પાવન ॥૩૮॥
પ્રભુજીના સમીપે આવ્યા, હેઠે મુકયાં હથિયાર । દ્રૌપદી સહિત જ કર્યા, યોગ્ય રીતે નમસ્કાર ॥૩૯॥
શસ્ત્ર લઇને ચાલ્યા સાથે, સ્વારી ભેગા સમાજ । નારાયણસરોવરતીરે, પધાર્યા મહારાજ ॥૪૦॥
સભા કરીને બેઠા પોતે, ધર્મધુરંધર ધીર । ચકોર પક્ષી ખોળી કાઢી, દર્શન કર્યાં થઇ સ્થિર ॥૪૧॥
છુપૈયાપુરના વણિક, ભેગા થયા છે ઉચ્છાવ । વરસકેરા અનાજનો, મુકી દીધો છે ભાવ ॥૪૨॥
હજારો બ્રાહ્મણ આવીને, બેઠા સભામોઝાર । વેદમંત્રે આશીષ દેતા, રીઝવવા કીર્તાર ॥૪૩॥
ઘણા વિપ્ર આવ્યા છે તેને, યથાયોગ્ય અનુસાર । દયા રાખી દક્ષિણા દીધી, કર્યો બહુ સત્કાર ॥૪૪॥
પછે પોતે ઘેર પધાર્યા, સાથે ત્રૈણ કુમાર । આનંદ ઉચ્છવ ચાલિયો, વર્ત્યો જયજયકાર ॥૪૫॥
પાંડવ પાંચે પ્રેમ વડે, ઉભા જોડીને હાથ । હે પ્રભુ પુરુષોત્તમજી, શું આજ્ઞા છે કો નાથ ॥૪૬॥
હરિ હરખીને બોલિયા, આવજ્યો સત્સંગમાંય । પરમહંસ કરી અમારા, સમીપે રાખશું ત્યાંય ॥૪૭॥
અમૃતાનંદ સુવ્રતાનંદ, હરિયાનંદજી નામ । એ સંજ્ઞા આપીશું તમને, ઠરશો રૂડે કામ ॥૪૮॥
શુભ આશિરવાદ આપી, આજ્ઞા અશરણશરણ । પાંડવ તો અદૃશ્ય થયા, કર્યું ત્યાંથી વિચરણ ॥૪૯॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રી હરિયે જમતી વખતે મામીના ઘરમાંથી માખણની તાંસળી લીધી એ નામે છેતાલીશમો તરંગઃ ॥૪૬॥

પૂર્વછાયો– એકસમે ઘનશ્યામજી, લેઇ સખા સંગાથ । ઈશાન ખુણમાં આવિયા, ભદુહા આંબેનાથ ॥૧॥
ઓરકોરામણી રમતાં, લાગી છે ઘણી વાર । પરિશ્રમ કર્યો પ્રભુયે, થાકયા છે ધર્મકુમાર ॥૨॥
પછે રેતીનો ૧પુંજ કર્યો, આંબાતળે મહારાજ । તેના ઉપર બેઠા વ્હાલો, પાસે મિત્રસમાજ ॥૩॥
એવે આકાશેથી આવિયા, પાર્ષદ ત્યાંય અપાર । હાથમાં ચંદનકટોરા, વળી પુષ્પ કેરા હાર ॥૪॥
ચોપાઈ– અતિહેતે સહિત તે આવ્યા, વિશ્વાધારને પ્રેમે વધાવ્યા । નમ્રતાથી કરે છે પૂજન, વદે મધુર બાલવચન ॥૫॥
કર્યું પૂજન અર્ચન સાર, પેરાવ્યા રૂડા પુષ્પના હાર । કર જોડી કરે છે સ્તવન, આજ રૂડાં થયાં દર્શન ॥૬॥
વળી સુફલ થયો આ અર્થ, અમે સર્વે થયા કૃતારથ । એવું સુણી થયા છે પ્રસન્ન, બોલ્યા છે બલવંત વચન ॥૭॥
કાઠિયાવાડે આવજ્યો આપ, થાશે ત્યાં આપણો જે મેળાપ । ચિન્મયાનંદ તત્ત્વાનંદ, એ આદિ નામો દેશું આનંદ ॥૮॥
પાસે રાખશું પોતાના કરી, એવું વચન આપ્યું શ્રીહરિ । પછે આજ્ઞા ચડાવી છે શીષ, થયા પાર્ષદ સર્વ અદૃશ ॥૯॥
ત્યારે પુછી જોયું વેણીરામ, કોણ આવ્યાતા એ ઘનશ્યામ । કૃષ્ણ કહે સુણો મારા મિત્ર, શ્વેતદ્વીપના મુક્ત પવિત્ર ॥૧૦॥
વળી બદ્રિકાશ્રમના મુક્ત, આવ્યાતા કરવા દર્શન યુક્ત । કર્યું અમારું પ્રેમે પૂજન, પાછા ગયા તે નિજભુવન ॥૧૧॥
એમ કેતા છતા ઘેર્ય આવ્યા, માતાપિતાતણે મન ભાવ્યા । કરી વેણીરામે સહુ વાત, પામ્યા આનંદ પિતા ને માત ॥૧૨॥
વળી ત્યારપછી એક દિન, બીજું ચરિત્ર કર્યું નવીન । બાલમિત્રને લીધા છે જોડે, ખંપાસરોવરે ગયા કોડે ॥૧૩॥
રત્નપાંડેનો મધુક વૃક્ષ, તેના ઉપર ચડ્યા પ્રત્યક્ષ । સારાં સારાં મધુપુષ્પ જોઇ, પ્રભુજી જમે છે પ્રીત પ્રોઇ ॥૧૪॥
શિવરત્નનો પુત્ર છે એક, સુખનંદન નામ વિશેક । તેનો અનુજ સર્જુપ્રસાદ, સાથે આવ્યો તજીને પ્રમાદ ॥૧૫॥
તેને ચડવું છે મધુડાળ, પણ ચડી શક્યો નહિં બાળ । નીચે ઉભો થકો તે રુવે છે, ઘનશ્યામના સામું જુવે છે ॥૧૬॥
બોલ્યો વચન વણિક બાળ, મારે ચડવું છે દીનદયાળ । પણ નથી ચડાતું તે આજ, સારાં ફળ આપો મહારાજ ॥૧૭॥
કહે કેશવ કળા બતાવું, આવો તમને આંહિ ચડાવું । એમ કહીને સર્વને જોતે, પગ લાંબો કર્યો પ્રભુ પોતે ॥૧૮॥
બળવડેથી ચરણ ઝલાવ્યો, સર્જ્યુને મધુવૃક્ષે ચડાવ્યો । મળીને મધુપુષ્પ જમે છે, રંગ રમુજ કરી રમે છે ॥૧૯॥
મધુપુષ્પ જમ્યા ઘણીવાર, કરે છે લીલા ધર્મકુમાર । સર્વ સખા તો ઉપર બેઠા, શ્રીહરિ તરત આવ્યા છે હેઠા ॥૨૦॥
સર્જ્યુવિના બીજા સહુ બાળ, તેપણ ઉતરીયા તતકાળ । સર્જ્યુથી ઉતરી ન સકાયું, તેનું મન ઘણું ગભરાયું ॥૨૧॥
ડાળ ઝાલીને બેસી રહ્યો છે, મધુપર સજડ થયો છે । સખા સહિત ત્યાંથી શ્રીહરિ, ચાલવાની તૈયારીઓ કરી ॥૨૨॥
હે ઘનશ્યામ, આવું શું કરો છો તમે કામ । ચડાવ્યો છે તે આ પડી જાશે, તમારી એમાં નાલાશી થાશે ॥૨૪॥
તોય કાને ધર્યું નહીં મન, ધીમા ધીમા ચાલ્યા ભગવન । કહે વેણી સુણો મોતીરામ, આતો ઘનશ્યામનું છે કામ ॥૨૫॥
ચરણ વધારીને લેઇ લીધો, મધુઉપર્ય બેસારી દીધો । નથી બોલતા મુખેથી કાંઇ, એવાછે આ ઘનશ્યામભાઇ ॥૨૬॥
એવું સુણીને મોતીત્રવાડી, થોડી રીસેથી આંખ્ય દેખાડી । તે બોલ્યા આને હેઠે ઉતારો, પછે સુખેથી આપ પધારો ॥૨૭॥
સુણી હરિયે હાથ વધાર્યો, સર્જ્યુને ઝટ હેઠે ઉતાર્યો । આવું અદ્ભુત દેખ્યું છે કામ, ઘણા નમ્ર થયા મોતીરામ ॥૨૮॥
મારો ક્ષમા કરો અપરાધ, પ્રભુ તમે છો અનાદિ સાધ । વળી એક દિને ભગવન, કેછે સુવાસિનીને વચન ॥૨૯॥
મારી તો દાઢ દુઃખે છે આજ, માટે તમે કરો એક કાજ। રોટલી દાંતે ચવાતી નથી, શીરો કરી આપો હેતથી ॥૩૦॥
હર્ષવડે સુવાસિનીબાઇ, તરત શીરો કરી દીધો ત્યાંઇ । સૌના સંગાથે પિરસ્યો થાળ, જમવા બેઠા દીનદયાળ ॥૩૧॥
સૌને રોટલી પીરસી શ્રેષ્ઠ, હરિને આપ્યો શીરોતે મિષ્ટ । પરમવિવેકી ભૂધરવીરો, અનુજને આપ્યો થોડો શીરો ॥૩૨॥
પછે જમવા લાગ્યા જીવન, નથી જમાતું દુઃખે વદન । ગિરિધારી તો જમ્યા બે ગ્રાસ, ચળુ માટે ઉઠ્યા અવિનાશ ॥૩૩॥
ત્યારે પુછે સુવાસિનીબાઇ, ડાઢ ઘણી દુઃખે છે શું ભાઇ । શ્રીહરિ કહે દુઃખે છે ઘણી, ભારે પીડા લાગી છે તે તણી ॥૩૪॥
તેને જુવો જે દુઃખતી હોય, તમે કાઢી નાખો ભાભી સોય । એમ કહી વિકાશ્યું છે મુખ, દેખાડે છે પોતાનું જે દુઃખ ॥૩૫॥
દાઢ જે દુઃખતી હતી તેહ, ભાભીયે ખેંચી નાખી છે તેહ । નોતી દુઃખતી તેય હલાવી, બધી બત્રીશી ખેંચી નખાવી ॥૩૬॥
સુવાસિનીકરે છે તપાસ, દેખી થયાં દિલમાં ઉદાસ । ભાઇ હવે તે શી વલે થાશે, દાંતવિનાનું કેમ જમાશે ॥૩૭॥
એમ ભાભીને તો ભુલાં પાડ્યાં, વ્હાલે ચરિત્ર કરી દેખાડ્યાં । ભક્તિમાતા બોલ્યાં છે તેટાંણે, જેમ સુવાસિનીબાઇ જાણે ॥૩૮॥
વધૂ શું કરો છો તમે બાર્ય, આવી કેમ લગાડો છો વાર । બેઠા જમે સસરા તમારા, જોડે જમે છે સુત અમારા ॥૩૯॥
પ્રેમવડેથી પુછો હુલ્લાસ, જોયે તે આપો આવીને પાસ । વધૂ કે મુને શીદ બોલાવો, જોયે તે આપીને આંઇ આવો ॥૪૦॥
એવું સુણ્યું વચન જે વાર, તતકાળ માતા આવ્યાં બાર । માજી જુવોને શ્રીઘનશ્યામ, કરી બેઠા છે મોટું આ કામ ॥૪૧॥

બત્રીશી બધી જીભે હલાવી, મારે હાથેથી ખેંચી નખાવી । પ્રેમવતી જુવે પાસે બેસી, ત્યાંતો કાયમ દેખી બત્રીશી ॥૪૨॥
માતા કે નથી દાંત પડેલો, કૃષ્ણે પાખંડ કાંઇ કરેલો । એના ચરિત્રનો નથી પાર, કોઇ પામી શકે નહીં સાર ॥૪૩॥
સુણી વધૂ વિચારેછે મન, આ શું કારણ છે ભગવન । ખેંચી નાખેલી બત્રીશી બાર, પાસે ઢગલી પડી આઠાર ॥૪૪॥
બત્રીશી બીજી નવી ઉગાડી, મુને મોહને માયા દેખાડી । ઘનશ્યામભાઇ મારો હીરો, તમે ભલો કરાવ્યો છે શીરો ॥૪૫॥
એવું કે લીધી બત્રીશી હાથ, નાખી દેવા ચાલ્યાં છે સનાથ । ઉકરડે નાખી દેવા જાય, અચાનક ત્યાં ૧અજબ દેખાય ॥૪૬॥
બત્રીશી હાથમાં જોઇ રહ્યાં, તેનાં અમુલ્ય મોતીડાં થયાં । મોતી ભાળીને પાછાં વળિયાં, ચરિત્ર જાતાં નથી કળિયાં ॥૪૭॥
આવ્યા આકાશમાંથી ૨મરાલ, ઝડપી લીધાં મોતી તતકાળ । મહાપ્રભુની પ્રસાદી જાણી, લીધો પોતાનો ચારો વખાંણી ॥૪૮॥
જોતા જોતામાં અદેશ થયા, નભમારગમાં ઉડી ગયા । સુવાસિનીયે વાત વિચારી, ભક્તિમાતાને કહી વિસ્તારી ॥૪૯॥
અલૌકિક દેખ્યું છે ચરિત્ર, પુછે ઘનશ્યામને પવિત્ર । સુણોને તમે દીયર મારા, આ શું ચરિત્ર કર્યું છે પ્યારા ॥૫૦॥
મંદ મંદ કરે છે તે હાસ્ય, બોલ્યા પ્રસન્ન થૈ અવિનાશ । તમે દેખ્યો દાંતનો દેખાવ, તમને આવ્યો માયિક ભાવ ॥૫૧॥
અમને બીજા જેવા શું જાણ્યા, વળી મનુષ્યભાવે વખાણ્યા । માટે ચરિત્ર કર્યું છે એહ, ટાળવા તમારોજ સંદેહ ॥૫૨॥
ત્યારે બાઇ કરેછે સ્તવન, સુવાસિનીયે માન્યું છે મન । હે હરિકૃષ્ણ હે ઘનશ્યામ, સુખધામ હે સુંદરશ્યામ ॥૫૩॥
આ ચરિત્ર જો ન કર્યું હોત, મારામાં એટલી ખોટ રોત । મારી ભાગી ગઇ ખોટ સ્વામી, તમે દયા કરી બહુનામી ॥૫૪॥
તમારે વિષે મનુષ્યભાવે, કોઇ દિન મુને નવ આવે । એવું માગું છું હું વરદાન, કૃપા કરી આપો ભગવાન ॥૫૫॥
તે સુણીને બોલ્યા શ્રીદેવેશ, ભાભી વચન આપું છું એશ । દિવ્યભાવ રેશે સદા કાળ, એવું બોલ્યા શ્રીકૃષ્ણ કૃપાલ ॥૫૬॥
તમો બન્નેને લાગી છે વાર, વળી ભુખ્યા આવ્યા છો આ ઠાર । ત્યારે કેછે તે પોતે ભોજાઇ, તમે ચાલો ઘનશ્યામભાઇ ॥૫૭॥
થોડું જમીને આવ્યા છો બાર, ભુખ્યા થયા હશો નિરધાર । ત્યારે સુવાસિની અને માતા, બેને સાથે જમ્યા સુખદાતા ॥૫૮॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામ લીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રી હરિયે દાંતની બત્રીશી ખેંચાવી એ નામે સુડતાલીશમો તરંગઃ ॥૪૭॥

**પૂર્વછાયો–** કર્તા અકર્તા અન્યથાકર્તા, સમર્થ શ્રી ઘનશ્યામ । વિષ્ણુ વિધિ વૈરાજ સરખા, જપે નિત્ય જેનું નામ ॥૧॥
બાળલીલાસાગરનું, કુંણ કરી શકે વર્ણન । લાલાતણી અદ્ભુત લીલા, ન જાણે ૧પંચવદન ॥૨॥
શંકા ન કરવી કોઇને, પ્રભુલીલામાં આજ । કર જોડી કરું કાલાવાલા, સ્વીકારજ્યો શુભ કાજ ॥૩॥
રસિકજન રસ પિયે, મૂઢ ન સમઝે મર્મ । ગ્રંથી કરે ગુણી જનતો, પ્રગટના ગુણ કર્મ ॥૪॥
કોટી અંડાધીશ શ્રીહરિ, સ્વામી સહજાનંદ । કષ્ટહર્તા મોક્ષદાતા, ઉધારણ સુખ કંદ ॥૫॥
શેષાદિ ગુણ ગાય જેના, પામે નહિં તે પાર । ત્યારે બીજાનું શું ગજું છે, સમજવાનું સાર ॥૬॥
માટે પ્રફુલ્લ મનવડે, સુણો બાળચરિત્ર । સાકરનુંજ શ્રીફળ છે, ત્યાગભાગ નથી મિત્ર ॥૭॥
**ચોપાઇ–** શ્રોતા સુણો એકચિત્તે કરી, બીજું ચરિત્ર કહું છું ફરી । એક સમયમાં ધર્મદેવ, સ્નાન કરવા ગયા તતખેવ ॥૮॥
જન્મસ્થાનકમાં જેહ કૂપ, તેના ઉપર બેઠા અનૂપ । સ્નાન આચર્યું નિર્મલ મન, કર્યું પોતાનું તન મંજન ॥૯॥
પછે પેર્યાનું જે પટકુળ, સુવાસિની લાવ્યાં સાનુકુળ । પછે સતી વિચારે તે ઠામ, મારા સસરાનું ધર્મ નામ ॥૧૦॥
સર્વલોક કરી મનભાવે, ધર્મદેવ કહીને બોલાવે । પણ ધર્મને મુખ ચતુર, હોય તેટલા હાથ જરૂર ॥૧૧॥
વળી ચર્ણતો કહે છે ચાર, અષ્ટનેત્ર રુડાં હોય સાર । વૃષદેવનું તનુ અનૂપ, એવું શાસ્ત્રમાં કેછે સ્વરૂપ ॥૧૨॥
નથી દેખતી હું કોય દિન, મુજ શ્વસુરનું એવું તન । એવો સંકલ્પ કરે છે જ્યાંય, ધર્મદેવવિષે મનમાંય ॥૧૩॥
વસ્ત્ર લઇને ત્યાંથી જરૂર, પછે પેરે છે જઇ તે દૂર । નિજ પુત્ર ઇચ્છાયે તે વાત, ધર્મદેવે જાણી છે સાક્ષાત ॥૧૪॥
સત્યસંકલ્પ કરવા સારૂં, ધર્મે મૂલસ્વરૂપ ત્યાં ધાર્યું । ધર્મશાસ્ત્ર ગ્રહ્યું એક હાથ, બીજે કનકઝારી છે સાથ ॥૧૫॥
કર્યો સંપુટ બે કર સાર, કરે હરિની સ્તુતિ અપાર । પોતાના પુત્ર જે ઘનશ્યામ, તેની સ્તુતિ કરે તેહ ઠામ ॥૧૬॥
દીધાં અદ્ભુત એવાં દર્શન, સુવાસિની થયાં છે પ્રસન્ન । કહે અવધપ્રસાદ વાત, એવાં સુવાસિની મુજ માત ॥૧૭॥
પાસે આવીને બે કર ભામી, કરે પ્રારથના શિર નામી । પુત્રવધૂને દાદા કહે છે, શું વિચાર તમોને રહે છે ॥૧૮॥
ધર્મભક્તિ અમારું છે નામ, પુત્રરૂપે થયા ઘનશ્યામ । તે છે સાક્ષાત અક્ષરપતિ, પુરૂષોત્તમ જે ગૂઢગતિ ॥૧૯॥
અમો મુનષ્યરૂપે દેખૈયે, તવ સુખમાટે અમે રૈયે । એ સમઝી લેજ્યો તમે મન, પછે હતું તેવું ધર્યું તન ॥૨૦॥
વિસ્મે પામ્યાં સુવાસિનીબાઇ, વખાણે છે ધર્મની વડાઇ । સુંદરીબાઇ ને મૂર્તિમાત, એ આદિને કહી સહુ વાત ॥૨૧॥
વળી સુણો વ્હાલાનું ચરિત્ર, અતિપાવન પુન્ય પવિત્ર । ઉત્તમ માસ અધિક આવ્યો, સર્વે દંપતિને મન ભાવ્યો ॥૨૨॥
હીરા ત્રવાડી ને વશરામ, ધાર્યું અધિક માસમાં કામ । વળી પુરનાં જન અશેષ, લીધો નાવાનો નિમ વિશેષ ॥૨૩॥
મલમાસમાં નાવું છે સત્ય, નારાયણસરોવરે નિત્ય । એક દિવસ વાલિડો વ્હેલા, નાઇ ઘેર આવ્યા સહુ પેલા ॥૨૪॥

સુવાસિનીને કે ભગવન, મુજ વાક્ય ધરો એક મન । અમને લાગી છે ઘણી ભુખ, જમવા આપો તો થાય સુખ ॥૨૫॥
રેવતીજી કહે સુણો ભાઈ, હાલ બેસો થોડી વાર આંઇ । દાળભાત થાયછે તૈયાર, કરૂં રોટલી એટલી વાર ॥૨૬॥
હરિ કે ઘડીયે ન ખમાય, મારું મન ભુખે અકુળાય । ઘણી ક્ષુધા તે લાગી છે આજ, માટે ખાવા આપો સુખસાજ ॥૨૭॥
એવું કૈને લાંબા કર્યા ચરણ, ઘસવા લાગ્યા અશરણશરણ । નાકે પેર્યાની વાળી તમારી, લેઇ જાવા મતિ થઈ મારી ॥૨૮॥
એવું કૈને વાળી લઈ લીધી, ભોજાઈને દલગીર કીધી । બહુનામી આવ્યા ઘરબાર, કેડે ભાભી દોડ્યાં તેણીવાર ॥૨૯॥
ભાઈ લાવો તમે મારી વાળી, વિશ્વંભર તમે હદ વાળી । દોડી ઉભા કુવાને કિનારે, ત્યાં રહીને બોલ્યા પ્રભુ ત્યારે ॥૩૦॥
હે ભાભી આ વાળી પાસે મારે, તેમાં વર્તિ લાગી છે તમારે । જઈ આપું કંદોઇને ઘેર, બર્ફી ખાશું એની રુડી પેર ॥૩૧॥
તમારી રોટલી નથી ખાવી, ભલી વાળી મારે હાથ આવી । એવું કૈને પ્રભુ નાશી ગયા, મિઠૈવાળાને ત્યાં ઉભા રહ્યા ॥૩૨॥
વાળી આપીને મિઠાઇ લીધી, તેને જમવા મરજી કીધી । વેણી માધવ રામ પ્રયાગ, નાનાભાઈ સાથે છે સોહાગ ॥૩૩॥
સર્વને લઈ ત્યાંથી સધાવ્યા , મીનસાગર ઉપર આવ્યા । મધુવૃક્ષહેઠે તેણી વાર, સખા સંગે બેઠા ચંદ્રાકાર ॥૩૪॥
જમીને તૃપ્ત થયા જીવન, પછે આવ્યા છે નિજભુવન । ધર્મભક્તિ કરીને ત્યાં સ્નાન, તેહ ઘેર આવ્યા ભગવાન ॥૩૫॥
ત્યાં તો રસોઈ થઇ તૈયાર, ધર્મદેવે બોલાવ્યા કુમાર । ત્રૈણે પુત્રને લઈને સંગે, જમવા સારૂં બેઠા ઉમંગે ॥૩૬॥
પિતાપુત્ર જમી રહ્યા ત્યાંયે, પાનબીડાં લીધાં મુખમાંયે । આંબલી હેઠે ચોતરો જેહ, તેના ઉપર બેઠા છે તેહ ॥૩૭॥
ભક્તિમાતા સુવાસિનીબાઇ, બે જમવા બેઠાં ઘરમાંઇ । વાળી દેખી નહિ વધૂપાસ, માતાયે પુછ્યું કરી હુલ્લાસ ॥૩૮॥
વધૂ કયાં ગઇ તમારી વાળી, આજ નાકે પેરી નથી ભાળી । સુવાસિની કહે સુણો માત, પુછો ઘનશ્યામને એ વાત ॥૩૯॥
ત્યારે બોલાવ્યા માતાયે પાસ, પુછે વાળીની વાત હુલ્લાસ । તમારાં પોતે ભોજાઈ સહી, તેની વાળી લીધી છે કે નહીં ॥૪૦॥
લાલ કહે મેં લીધી છે વાળી, રોટલી જમવા નવ આલી । એ આપી હલવાઇના ઘેર, મિઠાઇ ખાધી છે રુડી પેર ॥૪૧॥
માતા કે લાગે ભુખ તમને, પેલેથી કેજ્યો આવી અમને । જમ્યાનું કરી આપીશું હાલ, વસ્તુ લેવું નહિ કોઇ કાળ ॥૪૨॥
આમ કર્યાથી ઈજ્જત જાય, કરે લોક તમારી નિંદાય । માતા એવી શિખામણ દેછે, શ્યામ સુણીને ધ્યાનમાં લેછે ॥૪૩॥
એટલામાં ઈચ્છારામભાઇ, માગે પાણી પીવા સારું ત્યાંઇ । જળનો કટોરો કર લઈ, ચોતરા ઉપર આવ્યાં સઈ ॥૪૪॥
બેઠા છે ધર્મદેવની જોડે, માતાયે પાણી પાયું છે કોડે । પછે જોયું માતાયે તે સ્થળ, શ્રીહરિ બેઠા છે ત્યાં અકળ ॥૪૫॥
જુવે છે ઓસરી સામું માતા, ત્યાં તો ઉભા દીઠા જગત્રાતા । માતા વિસ્મે પામ્યાં છે અનૂપ, જોયાં હરિનાં બન્ને સ્વરૂપ ॥૪૬॥
માતાયે દેખ્યું એવું ચરિત્ર, વિચારે મન પુન્ય પવિત્ર । ધર્મ ગયા છે કંદોઇ પાસ, વાળી લાવી આપી સુખરાશ ॥૪૭॥
આપી જોખનભાઈને હાથ, આવી લીલા કરે યોગીનાથ । પ્રેમવતીયે પુછ્યું ફરીને, સુખકારી વિહારી હરિને ॥૪૮॥
તમે એક થકા ઘણા રૂપે, જણાવો છો સુંદર સ્વરૂપે । સાચી વાત કરો તે અમને, એનું કારણ પુછું છું તમને ॥૪૯॥
ત્યારે બોલ્યા પ્રગટ પ્રમાણ, માત સુણો કહું મુજ વાણ । અક્ષરપતિ પુરૂષોત્તમ, પૂર્ણબ્રહ્મ અમે તો ઉત્તમ ॥૫૦॥
તમારા સ્નેહે બંધાણા છૈયે, માટે આજ્ઞા વિષે અમો રૈયે । કરું છું માનુષી લીલા આજ, કરવા અનેકના મોક્ષકાજ ॥૫૧॥
એવું સુણીને સત્યવચન, ધર્માદિ થયા સર્વે પ્રસન્ન । ભક્તિમાતા સુવાસિનીબાઈ, વળી રાજી થયા મોટાભાઈ ॥૫૨॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રી હરિયે સુવર્ણની વાળી કંદોઇને આપીને તેની મિઠાઇ ખાધી એ નામે અડતાલીશમો તરંગઃ ॥૪૮॥

પૂર્વછાયો– કર્તા હરતા શ્રીહરિ છે, જક્તનિયંતા જેહ । વિશ્વંભર સહુ વિશ્વમાં, વ્યાપી રહ્યા છે તેહ ॥૧॥
બાળલીલા શ્રીહરિ કરે, કરવા જીવનું કલ્યાણ । લાખો કવિ વર્ણવે તોય, પાર ન પામે પ્રમાણ ॥૨॥
શંકર કોટી શેષ કોટી, કોટી સરસ્વતી નાર્ય । કર્તવ્યતા જે પ્રભુતણી, તેનો પામે નહિં પાર ॥૩॥
રહસ્ય પ્રભુનો જાણે નહિ, કોટી કોટી મુકતસાર । રસિક શ્રીઘનશ્યામછે, એ સર્વેના આધાર ॥૪॥
આજ્ઞા વિષે નિત્યે રહે છે, કૈક પુરુષ પ્રધાન । અક્ષરના એક રોમે, ઉડે અણુના સમાન ॥૫॥
રક્ષણ કર્તા શ્રીહરિ છે, પ્રગટ ધર્મકુમાર । એવા પ્રભુને ઓળખે, તેનો ધન્ય અવતાર ॥૬॥
ચોપાઈ – એક સમે ચોમાસાના દિન, આવ્યા બારેથી પ્રાણજીવન । સુવાસિની કહે વિશ્વાધાર, ચાલો રસોઈ થઇ તૈયાર ॥૭॥
ઘણીવારથી જોઉં છું વાટ, બેઠી બેઠી કરૂં છું ઉચાટ । તમો બંધવ સાથે ઉમંગે, જમવા બેસો દાદાને સંગે ॥૮॥
રેવતીજીને કે મહારાજ, મારાચરણ કિચાળા છે આજ । માટે ચરણને જો ધુવો તમે, તરત જમવા આવીશું અમે ॥૯॥
ત્યારે લાવ્યાં છે નિર્મલ વારી, ચરણ ધોવા બેઠાં સુખકારી । જેર ઉપર્ય ધોવે છે પાય । સોળે ચિહ્ન ચરણમાં દેખાય ॥૧૦॥
સુવાસિની કહે બલવંતા, લક્ષાવધિના થાશો નિયંતા । સઘળી ધર્ણી તણું જે ધન, તમને મળશે તે જીવન ॥૧૧॥
એમ કહી જોવા લાગ્યાં હાથ, પદ્માદિ ચિહ્ન દેખ્યાં તે સાથ । વળી કેછે સુણો ભગવાન, તમે ભારે છોજી ભાગ્યવાન ॥૧૨॥

તમે તો થશો રાજાધિરાજ, યાદ નહિં કરો મહારાજ । ત્યારે બોલ્યા ત્રિભુવનરાય, ભાભી એ શું બોલ્યાં સુખદાય ॥૧૩॥
તમે કોછો તે માન મોટાઇ, મળે રાજ્યસમૃદ્ધિ સવાઇ । તરત ઘડી તમને તેડાવું, મારા સમીપમાંજ બોલાવું ॥૧૪॥
ઘણો કરીશ હું સતકાર, એમાં ફેર ન જાણે લગાર । સદાકાળ હું રાખીશ પાસ, એ વચન આપ્યું અવિનાશ ॥૧૫॥
ાનકના કૂપ પાસ, પોતાનો બગીચો છે પ્રકાશ । રામપ્રતાપ ને પેલવાન, પાણી ખેંચે એ બેઉ સમાન ॥૧૭॥
પાટઉપર ઉભા રહીને, તાણે ઢેકુળીયો તે ગ્રહીને । જેવું થાળામાં પાણી ભરાય, તેવું નીકે થઇ ચાલ્યું જાય ॥૧૮॥
મંછારામ બગીચાનીમાંય, પાણી પોચાડે ક્યારા છે ત્યાંયે । એ સમે શ્રીહરિ ઘનશ્યામ, આવ્યા સખા સાથે તેહ ઠામ ॥૧૯॥
વેણી માધવ રામ પ્રયાગ, સુખનંદન એ બડભાગ । એ આદિ સખા ઘણા છે સંગે, જુવે ફુલતરૂને ઉમંગે ॥૨૦॥
વેણી માધવ પ્રાગને ભાવે, હરિ તરૂવર ઓળખાવે । જુવોને કેવડો આછે કેવો, મનરંજનકારક એવો ॥૨૧॥
પારિજાત કરેણ ઉત્તમ, જુવો આતો છે ઝાડ કદમ । ચંપો ચમેલી ગુલાબ બેકે, મોગરો લડી રહ્યો છે લેકે ॥૨૨॥
બગીચામાં છે વૃક્ષ અપાર, તેને દેખાડે ધર્મકુમાર । એટલામાં વેણીરામ ગયા, કુવાને પાટે જૈ ઉભા રહ્યા ॥૨૩॥
પાટ ભાંગી ગયો તેણીવાર, પડ્યા છે ત્રૈણે કુવામોઝાર । કેતા કેતામાં લોક ભરાયા, દેખી દેખી મન ગભરાયા ॥૨૪॥
સર્વે મળીને વિચાર કરે, કુવામાં તો કોઇ ન ઉતરે । છેટે રહી જુવે છે ઉપાય, કાઢવા સારું કોઇ ન જાય ॥૨૫॥
પેલવાન વેણીબલરામ, તેની પાસે ઉભા સુખધામ । ધર્યું શેષરૂપ આપે ધીર, ચિંતા કરશો નહિ મારાવીર ॥૨૭॥
ઘનશ્યામની ઇચ્છાયે કરી, ત્રૈણે ગયા સમાધિમાં ઠરી । પછે આવી છે ધીરજ ઉર, હરિવરે પીડા કરી દુર ॥૨૮॥
કુવા ઉપર હજારો જન, ઉભા જુવે ભયભીત મન । કાળો નાગ ફણાયો હજાર, ફરે ચોત્રફ જલમોઝાર ॥૨૯॥
ત્રાસ પામી ગયા નરનારી, જુવે છે મન હિંમત હારી । કોણ ઉતરે કુવામાં આજ, આતો મરવાનું ભાઇ કાજ ॥૩૦॥
શેષનાગને પુછે છે ભાઇ, તમે કોણ છો કો સુખદાઇ । બોલ્યા અહિરૂપ ઘનશ્યામ, અમો શેષનારાયણ નામ ॥૩૧॥
બોલ્યા ધર્મતણા જ્યેષ્ઠ બાળ, પન્નગપતિ રેછે પાતાળ । ત્યારે તમને કોણે બોલાવ્યા, મારી પાસે કેવી રીતે આવ્યા ॥૩૨॥
બોલ્યા નારાયણ ગૂઢ ગતિ, સુણો ધર્મસુત મહામતિ । તમારા ભાઇ જે ઘનશ્યામ, પરબ્રહ્મ છે પૂરણકામ ॥૩૩॥
અક્ષરધામના અધિપતિ, પુરૂષોત્તમજી મહામતિ । અનંતકોટી મુક્તસહિત, મહાપ્રભુજી છે માયાતીત ॥૩૪॥
કરવા ઘણા જીવનાં કાજ, પ્રભુ પ્રગટ્યા છે અધિરાજ। એમની ઇચ્છાયે કરી અમે, આંહિ આવ્યા છૈયે જાણો તમે ॥૩૫॥
ત્યારે બોલ્યા છે રામપ્રતાપ, સુણો શેષનારાયણ આપ । અમારા ભાઇ છે ઘનશ્યામ, ત્યારે અમારું શું છે કો નામ ॥૩૬॥
નારાયણ કે તમે છો શેષ, કુવામાં પડી ગયા વિશેષ । તવ રક્ષણ કરવા અનૂપ, શ્રીહરિ થયા છે શેષરૂપ ॥૩૭॥
એજ ઘનશ્યામ હું થયો છું, તમારા પાસે ઉભો રહ્યો છું । એમ કેતાં કેતાં તતકાળ, સ્મૃતિવાન થયા અહિપાલ ॥૩૮॥
શેષનું રૂપ અદશ કીધું, ઘનશ્યામરૂપે દ્રષ્ણ દીધું । પેલવાન વેણી ને અનંત, બારે આવી થયા સુખવંત ॥૩૯॥
મૂળરૂપે ઉભા છે શ્રીહરિ, કર્યો પ્રણામ આદર કરી । કર જોડી કરે છે સ્તવન, પામ્યા આશ્ચર્ય ભાઇ જોખન ॥૪૦॥
બીજા ઉભા છે હજારો જન, પામ્યા વિસ્મય અતિશે મન । વેણીરામે તે વાત ઉચારી, અથ ઇતિ કેછે તે વિસ્તારી ॥૪૧॥
અમને બન્નેને ઝાલી હાથે, સઘળે ફેરવ્યા અહિનાથે । ગઉલોક વૈકુંઠાદિ અગ્ર, ધામ દેખાડી દીધાં સમગ્ર ॥૪૨॥
ચ્છાયે કરી, ત્યાંથી પાછા આવ્યા અમો ફરી । એવું કેને થયા છે પ્રસન્ન, ગયા પોતપોતાને સદન ॥૪૪॥
ત્યાર પછી વળી એકસમે, શ્રીહરિ સખાસંગાથે રમે । મીનસાગર ઉપર ગયા, મધુવૃક્ષતળે ઉભા રહ્યા ॥૪૫॥
સખા સર્વે મળીને રમે છે, એક એકને મન ગમે છે । કરી રમત્ય ત્યાં ઘણીવાર, પછે ભુખ્યા થયા છે અપાર ॥૪૬॥
વેણીરામે પાડી કરતાળી, બોલ્યા પોતાનું પેટ સંભાળી । હવે તો લાગી છે ઘણી ભુખ, નથી શેવાતું ક્ષુધાનું દુઃખ ॥૪૭॥
માટે રમતને અલસાવો, ઘરે જવાને તૈયાર થાવો । ત્યારે બોલ્યા શ્રીહરિ વચન, સુણો સખા તમે શુભ મન ॥૪૮॥
ક્ષુધા લાગી શું એક તમોને, કેમ નૈ લાગી હોય અમોને । સુખનંદન કે સદભાગી, ભાઇ ક્ષુધાતો સર્વેને લાગી ॥૪૯॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે જન્મસ્થાનકના કુવામાં શ્રીહરિ શેષજીરૂપે પોતાના ભાઇને દર્શન આપ્યાં એ નામે ઓગણપચાશમો તરંગઃ ॥૪૯॥

પૂર્વછાયો– મીનસાગરે મધુવૃક્ષે, સખાસંગાથે શ્યામ । રમતા થકા ભુખ્યા થયા, સુખનંદન વેણીરામ ॥૧॥
સખાનું વેણ સત્ય કરવા, ધારે છે યોગીનાથ । ક્ષુધાની ત્યાં ખબર લેવા, ફેરવ્યો પેટે હાથ ॥૨॥
પછે બોલ્યા છે પ્રીતમજી, મુને પણ લાગી છે ભુખ । માટે પુછું છું તમને, સર્વે સાચું બોલો મુખ ॥૩॥
આપણને ખાવા મળે તો, ઘરે જાવું કે નહિ । જેવો વિચાર હોય મન, તેવો બતાવો દ્યો સહી ॥૪॥
ચોપાઇ – એવું સુણી બોલ્યા વેણીરામ, તમે ભાઇ સુણો ઘનશ્યામ । આંહી ખાવાનું જો મળે આજ, પછે ઘેર જવાનું શું કાજ ॥૫॥
ચાલો શ્રીહરિ કે હું જમાડું, મનગમતા મિત્ર રમાડું । પણ હું જેમ કહું તે કરો, તેમાં પાછા કદી નવ ફરો ॥૬॥

તે સુણી સખા કહે હા ભાઈ, તમે કેશો તે કરશું આંઈ । જેમ તેમ કરીને જમાડો, વ્હેલા વ્હેલા ભોજન પમાડો ॥૭॥
હરિ કે જો ખાવું હોય હાલ, ચારે છેડે ઝાલો આ રૂમાલ । બાંધી દ્યો મધુવૃક્ષને ડાળે, આપણ નાવા જૈયે આ કાળે ॥૮॥
એવું કહી બંધાવ્યો રુમાલ, નાવા ચાલ્યા સખા સહુ બાલ । સરોવરમાં કર્યો પ્રવેશ, સખા સહિત દેવદેવેશ ॥૯॥
નાતાં રમતાં લાગી છે વાર, જમ્યાનું ભુલી ગયા તેઠાર । ત્યારે બોલ્યા શ્રીજીમહારાજ, ચાલો હવે પડી જશે સાંજ ॥૧૦॥
વઢે આપણને જયેષ્ઠ બંધુ, એવું સમજાવે સુખસિંધુ । પછી જળથી નીકળ્યા બાર્ય, સખાસહિત ધર્મકુમાર ॥૧૧॥
ત્યાર પછે બોલ્યા વેણીરામ, સુખદાતા સુણો ઘનશ્યામ । આશા રાખી બેઠા છૈયે અમે, ભાઈ ભલા જમાડ્યા છે તમે ॥૧૨॥
સખાનો દેખ્યો પૂરણ ભાવ, ચડ્યા મધુયે કરી ઉછાવ । સર્વે જનને સાથે બોલાવ્યા, મધુવૃક્ષ ઉપરે ચડાવ્યા ॥૧૩॥
જુવે રુમાલમાં સખા સહુ, જોઈ ભોજન હરખ્યા બહુ । ઘણાં સારાં ને મિષ્ટ અપાર, અષ્ટસિદ્ધિયો લાવી તે ઠાર ॥૧૪॥
થાળમાં ભરી લાવેલાં જેહ, મુકેલાં રુમાલમાંહી તેહ । ભક્ષ્ય ભોજ્ય લેહ્ય અને ચોષ્ય, થાય જમતાં અતિ સંતોષ ॥૧૫॥
સખા વિસ્મે પામ્યા છે તે જોઈ, વળી વિચારે છે પ્રીત પ્રોઈ । લેઈ રુમાલમાંથી ભોજન, સખાને આપે પ્રાણજીવન ॥૧૬॥
જમાડે છે ને પોતે જમે છે, બાલમિત્રને મન ગમે છે । સિદ્ધિયોને કહે ઘનશ્યામ, તમે આપો સર્વને આઠામ ॥૧૭॥
અમે પીરસવા જૈયે છૈયે, તો જમતાં ખોટી થૈયે છૈયે । માટે પીરસો તમારે હાથે, સખાસહિત મુને સંગાથે ॥૧૮॥
ત્યારે સિદ્ધિયો થઈ પ્રકાશ, પીર્સે સર્વેને ભોજન તાસ । સોનારુપાની સુંદર ઝારી, તેવડે પાય નિર્મલ વારી ॥૧૯॥
પ્રીતે કરી લીધાં જળપાન, પ્રભુ થયા છે અંતરધાન । મધુવૃક્ષ હેઠે આવી બેઠા, સખાઓને લાવ્યા છે હેઠા ॥૨૦॥
પછે સિદ્ધિયોને આજ્ઞા કરી, થાળ લઈ બોલાવી છે ફરી । સર્વે સખા વચ્ચે મુક્યો થાળ, જમવા બેઠા ભક્તિના બાળ ॥૨૧॥
વેણીરામ કહે છે રે ભાઈ, કોણ ભોજન લાવ્યું આ આંઈ । બોલ્યા વચન શ્રીઘનશ્યામ, તમે સુણો સખા વેણીરામ ॥૨૨॥
તમો સર્વેને ક્ષુધા લાગીતિ, મારા મનની ભ્રાંતિ ભાગીતિ । અમે ઈચ્છા કરી તતકાળ, અષ્ટસિદ્ધિયો લાવીછે થાળ ॥૨૩॥
તમે જમો સહુ પેટ ભરી, હવે બાકી ન રાખશો જરી । ફરી જમવા બેઠાનો મર્મ, તેનું કારણ તો એછે પર્મ ॥૨૪॥
તેહ સમે બ્રહ્માદિક દેવ, મળી આવ્યા આકાશેથી એવ । કર્યાં શ્રીહરિનાં દરશન, પ્રસાદીની ઈચ્છા કરી મન ॥૨૫॥
ગયા તળાવમાં તેહ દેવ, થયા મીનરૂપે તતખેવ । જાણી ગયા તે અંતરજામી, બોલ્યા સખાપ્રત્યે બહુનામી ॥૨૬॥
મારા મિત્ર સુણીલ્યો સમસ્ત, સરોવરે ધોશો નહિ હસ્ત । આજ્ઞાભંગ કરીને જે જાશે, મઘરના મુખે તે ઝલાશે ॥૨૭॥
એવી બતાવી મિત્રને બીક, નવ જાવા દીધા ત્યાં નજીક । મોડું થયું છે માટે ન જાશો, જો જાશો તો હેરાન થાશો ॥૨૮॥
બ્રહ્માદિદેવે જાણ્યું અનૂપ, તેમણે ધર્યાં સાધુનાં રૂપ । પછે આવ્યા છે શ્રીહરિ આગે, માન મુકીને ભિક્ષાઓ માગે ॥૨૯॥
ઘનશ્યામ કહે સુણો સંત, તમે વસ્તીમાં જાવો મહંત । બ્રહ્માદિકે જાણ્યું છે તેહ પળે, આમ તો પ્રસાદી નહિ મળે ॥૩૦॥
મુકી દીધુંછે પોતાનું માન, થયા મૂલરૂપે નિરમાન । કરજોડી કરે છે સ્તવન, હવે ક્ષમા કરો ભગવન ॥૩૧॥
પ્રભુજી તમે અંતરજામી, બલવંતછોજી બહુનામી । નથી અજાણ્યું કાંઈ તમારું, તમ આગે શું જોર અમારું ॥૩૨॥
અમે અંત્રિક્ષમારગે આવ્યા, તોય પ્રસાદી તો નવ ફાવ્યા । જાણ્યું હાથ ધોશે જઈ જળે । મચ્છરૂપે થયા અમો છળે ॥૩૩॥
પણ પ્રસાદી તો નવ પામ્યા, ત્યારે છેવટે આવીને નમ્યા । નક્રની મોટી ભીતી લગાડી, સર્વે સખાને બીક દેખાડી ॥૩૪॥
ધોવા આવ્યા નહિ કોય હાથ, માટે સાધુ થયા છૈયે નાથ । આપ કોછો તે વસ્તીમાં જાવો, ત્યાં જઈને અલક્ષ જગાવો ॥ ૩૫ ॥
પ્રભુજી તમેછો મોટા સાધ, હવે ક્ષમા કરો અપરાધ । દયા કરીને પ્રસાદી આપો, કરૂણાથી કર શિર થાપો ॥૩૬॥
ત્યારે અધુરા અમૃતવારી, આપ્યું કૃપા કરીને મોરારી । મહિમા જાણી પ્રસાદ લીધો, પ્રભુજીને નમસ્કાર કીધો ॥૩૭॥
સિદ્ધિયોયે કર્યા છે પ્રણામ, થયાં સર્વે અદર્શ તેઠામ । ત્યારકેડે શ્રીધર્મકુમાર, રમ્યા તે જગ્યાયે ઘણીવાર ॥૩૮॥
પછે દિનકર પામ્યો છે અસ્ત, ઘેર્ય આવ્યા છે સખા સમસ્ત । વેણીરામ વિવેકી જે મિત્ર, ધર્મભક્તિને કહ્યાં ચરિત્ર ॥૩૯॥
સુણો રામશરણજી સાર, આવાં ચરિત્ર કરે અપાર । સખાઓને જમાડ્યા તે ઠાર, દેખાડ્યો પ્રભુયે ચમત્કાર ॥૪૦॥
બ્રહ્માદિકે અલૌકિક રૂપ, લીધો પ્રસાદ આવી અનૂપ । ધન્ય મીનસાગરની ધરણી, ધન્ય છુપૈયાવાસીની કરણી ॥૪૧॥
મીનસરોવરે મધુવૃક્ષ, ત્યાંછે ઓટો કરેલો પ્રત્યક્ષ । મધુવૃક્ષતળે બેશી પર્મ, કરે જે કોઈ સુકૃત કર્મ ॥૪૨॥
ફળ અપાર મળશે, તાપ ત્રિવિધ કેરા ટળશે । વળી પામશે અક્ષરધામ, તેનાં સિધ્ધ થાશે સહુ કામ ॥૪૪॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિએ સિદ્ધિઓ પાસે થાળ મંગાવીને સખાઓને જમાડ્યા એ નામે પચાશમો તરંગઃ ॥૫૦॥

# અથ શ્રી ઘનશ્યામલીલામૃત સાગર

Shree Swaminarayan Mandir Bhuj – Kutch, India.

## શ્રી સદ્ગુરુ ભૂમાનંદ સ્વામી રચયિતા

# શ્રી ઘનશ્યામલીલામૃતસાગર

## પૂર્વાર્ધ

પૂર્વછાયો – છુપૈયાનો મહિમા બડો, પાવન પુન્ય પવિત્ર । અક્ષરપતિ અનૂપ જ્યાં, કરે છે નિત્ય ચરિત્ર ॥૧॥
ભવ બ્રહ્માદિક દેવતા, ઈચ્છે છે ત્યાં અવતાર । અતિ દુર્લભ છે દેવને, તે ક્યાંથી મળે નિર્ધાર ॥૨॥
પૂરવ પુણ્યે જન્મ પામ્યા, છુપૈયાવાસી જન । પ્રગટ પ્રભુ સમીપ છે, રાત દિવસ તે ધન્ય ॥૩॥
એક રજકણ ચરણની, પામે કોઈ નર નાર્ય । જન્મ મરણ સંકટ જાયે, મટે જમના માર ॥૪॥
એવા શ્રીહરિ છુપૈયામાં, વસી રહ્યા દિનરાત । એક મુખે શું વર્ણવું, પ્રભુ સંબંધની વાત ॥૫॥
ચોપાઈ– મોતી ત્રવાડી મન મગન, લીધું પ્રયાગજીનું લગન । ધર્મ જોખન ને ઘનશ્યામ, વળી સાથે લીધા વસરામ ॥૬॥
બીજી શણગારી રૂડી જાન, સગાં સર્વે મળ્યાં ભાગ્યવાન । અતિ આનંદ ઉચ્છવ થાય, નાગપુરે પરણવા જાય ॥૭॥
જાન લઈને ચાલ્યા ઉમંગે, આવ્યા નાગપુરે રૂડે રંગે । છોટુરામ પાંડે મહાભાગ, તેને ઘેર પરણાવ્યા પ્રયાગ ॥૮॥
બીજે દિવસે તૈયાર થયા, ફકીરી પાંડેને ઘેર ગયા । તેને ઘેર છે જમણવાર, જમવા બેઠા સહુ નિરધાર ॥૯॥
ઉનમત્ત ત્રવાડી છે જેહ, બીજો લાલવિહારી છે તેહ । જમતાં બેને થયો વિવાદ, જમવા માંડ્યા છે જ્યાં પ્રસાદ ॥૧૦॥
મણ એકની પુરી છે સાર, પડીછે તાંસમાં આંણે ઠાર । તેમાં ખાંડ લેવી શેર ચાર, જે કોઈ જમી જાય નિરધાર ॥૧૧॥
તેહને રૂપૈયા એકાવન, આપીએ દીલ થઈ પ્રસન્ન । એવું સુણી બોલ્યા ઉનમત્ત, લાવો હું જમુ છું કહું સત ॥૧૨॥
બીજું લાવો ચાર શેર દધી, પુરી ખાંડ જમી જાઉં બધી । એવું કહીને તૈયાર થયા, બધી સામગ્રી તે જમી ગયા ॥૧૩॥
વિસ્મે પામ્યા છે લાલવિહારી, શૂન્ય મુન્ય રહ્યા છે વિચારી । ધર્મ આદિ બીજા સહુ જન, તે પણ આશ્ચર્ય પામ્યા મન ॥૧૪॥
લાલવિહારી ચોબા પાસેથી, રૂપૈયા લીધા છે હુલાસેથી । એકાવન રૂપૈયા તે રોક, આપ્યા ઉન્મત્તને વિશોક ॥૧૫॥
પછે સર્વે ઉતારામાં આવ્યા, શ્રીહરિયે મામાને બોલાવ્યા । સુણો ઉન્મત્ત મામા તમે, સારા માટે કૈયે છૈયે અમે ॥૧૬॥
તમે લોભતણે વશ થયા, સામગ્રીને તમે જમી ગયા । પણ બગડશે જો શરીર, તમે શું કરો તે કહો ધીર ॥૧૭॥
મુને તો એમ નિશ્ચે થયું છે, તમારૂં મૃત્યું આવી ગયું છે । ત્યારે ઉન્મત્ત કે ઘનશ્યામ, સુણો સત્ય કહું છું આ ઠામ ॥૧૮॥
તમે સંકટ મારૂં હરજો, મરીયે તો જીવતા કરજો । શ્રીહરિ કહે છે તમે મામા, ઉલટા વળગો છો શું સામા ॥૧૯॥
જીવતું કરવું જે મનુષ્ય, ન્યૂનાધિક કરવું આયુષ્ય । એતો પ્રભુના હાથમાં કામ, તેમાં શું કરે કો ઘનશ્યામ ॥૨૦॥
થી આવડતું તે અમને, મરેલા જીવાડિયે તમને । દોરી સર્વેની છે એના હાથ, તોય અજાણ્યા થૈ બોલ્યા નાથ ॥૨૧॥
ધારે તો લેખ ઉપર મેખ, મારી દેઈ મટાડી દે લેખ । છુપી રાખી પોતાની બડાઈ, જુવો મોટાની એવી વડાઈ ॥૨૨॥
પછે સર્વે સાથે ભગવન, ઉતારામાં કર્યું છે શયન । હવે ઉનમત્તજીને ત્યાંયે, ચુંક આવે છે ઉદરમાંયે ॥૨૩॥
ઘણીવાર સુધી પીડા થઈ, એમ અર્ધ નિશા વીતી ગઈ । શ્રીહરિનું લીધું શરણ, ઉનમત્તતો પામ્યા મરણ ॥૨૪॥

વીતી રજની થયો સવાર, સહુયે વાત જાણી તેવાર । ધર્મદેવ થયા છે ઉદાસ, નરનારી બન્યા છે નિરાશ ॥૨૫॥
સર્વે ભેગા થયા છે સંબંધી, લાશ ઉનમત્તની ત્યાંથી લીધી । ગયા સ્મશાન ભૂમિ છે જ્યાંયે, દહન ક્રિયા કરવા ત્યાંયે ॥૨૬॥
હવે ચિતા કરી તઈયાર, તેમાં સુવાડી દીધા છે સાર । અગ્નિ ચેતાવેછે જેણી વાર, ત્યાં તો બીજો થયો છે વિચાર ॥૨૭॥
ફકીરી પાંડે આદિ છે જેહ, આવ્યા સ્મશાન ભૂમિયે તેહ । કરે ગામના લોક નિંદાય, સુણે તેને સહન નવ થાય ॥૨૮॥
ફકીરી પાંડે ને બીજા લોક, આવ્યા સ્મશાનમાં નિરશોક । તે પણ નિંદા કરે નિઃશંક, બોલે શરમ તજી આડે અંક ॥૨૯॥
છુપૈયાપુરનાં વાસી જન, કાંઈ વિચારતા નથી મન । ખાવાનો નથી રાખતા ઢંગ, ખાતાં પીતાં બગાડે છે અંગ ॥૩૦॥
એક ઉનમત્ત થયો બેહાલ, જમતાં મરી ગયો કાલ । વળી આજ બીજા એમ ખાશે, મોત વિનાના તે મરી જાશે ॥૩૧॥
આવી નિંદાયો સુણી છે ધર્મે, પ્રભુ સામું જોયું અનુકર્મે । દાદાના મનમાં થયો ખેદ, વાલિડે જાણ્યું એ નિરવેદ ॥૩૨॥
કરે જીવાડવાનો વિચાર, નારાયણે ધાર્યું નિરધાર । નામ ઉનમત્ત દઈ જગાડ્યા, ચિતામાં સુવાડેલા જીવાડ્યા ॥૩૩॥
મામો બેઠા થયા સહુ જોતે, ચિતાથી ઉઠીને ચાલ્યા પોતે । સઘળા લોક સુણે છે જેમ, કહે છે ઘનશ્યામને એમ ॥૩૪॥
તમે ભાઈ મુને ક્યાં બોલાવ્યો, મારો આનંદ સર્વે મેલાવ્યો । તમારૂં જે છે અક્ષરધામ, હું ગયો તો તેમાં પૂર્ણકામ ॥૩૫॥
અતિ આનંદ આનંદકારી, એવું ધામછે નિરવિકારી । કોટી કોટી મુક્તોયે સહિત, તમે બેઠા છો ત્યાં ગુણાતીત ॥૩૬॥
ગુણ તમારા ત્યાં સર્વે ગાય, ત્યાંનું સુખ કહ્યું નવ્ય જાય । હું પણ બેઠો હતો તેઠાર, સુખ પામ્યો હતો ત્યાં અપાર ॥૩૭॥
ત્યારે શ્રીહરિ કહે ઉનમત્ત, સુણો વાત કહું એક સત । ફકીરી પાંડે આદિ વેવાઈ, એના આગલ્ય કો આ બડાઈ ॥૩૮॥
ત્યારે ટળશે એના સંદેહ, એને કેવાનું કારણ એહ । એવું સુણી ઉનમત્ત ત્રવાડી, બોલ્યા તે ફકીરીને અગાડી ॥૩૯॥
બીજા આવ્યા છે ત્યાં ઘણા જન, બોલ્યા ઉનમત્ત રૂડાં વચન । છે આ ભાણેજ અમારા જેહ, ઘનશ્યામ કૈયે છૈયે તેહ ॥૪૦॥
એછે અક્ષરપતિ અનૂપ, કોટી કોટી બ્રહ્માંડના ભૂપ । એના પ્રતાપે સુખી થયો તો, અક્ષરધામમાં હું ગયો તો ॥૪૧॥
મારૂં મરણ થયું તે જોઈ, તમે નિંદા કરી સૌએ કોઈ । તે માટે મુને બોલાવી લીધો, તમારો સંશે છેદન કીધો ॥૪૨॥
એવું કહીને ઉતારે આવ્યા, સગા સંબંધીને સાથે લાવ્યા । આવું અદ્ભુત કામ બતાવ્યું, મામા આદિનું મન મનાવ્યું ॥૪૩॥
હરિપ્રસાદ આદિ જે જન, વળી સાથે છે શ્રીભગવન । ત્યાં થકી આવ્યા છુપૈયાપુર, હર્ષ વાધ્યો છે આનંદ ઉર ॥૪૪॥
વળી એક સમે વેણીરામ, નિત્ય ભેગા રહે ઘનશ્યામ । બે ભાઈબંધ સાથે સધાવ્યા, વેણીરામના ઘરમાં આવ્યા ॥૪૫॥
વેણીનાં માતપિતાદિ કોઈ, નથી ઘેર તેવી પળ જોઈ । પેસે છે ઘરમાં છાના બન્ને, જેમ જાણે નહિ કોઈ અન્યે ॥૪૬॥
ખાવાની વસ્તુ જે જે કેવાય, દધી દુધ આદિ ખાઈ જાય । જોતા જોતામાં જે આવે હાથ, ખાવાની ચીજ ખાય છે નાથ ॥૪૭॥
કેદી ભક્તિમાતાને ભુવને, જાય છે જમવા તેહ બન્ને । કોય મનુષ્ય ઘેર ન હોય, એવો લાગ તકાશીને સોય ॥૪૮॥
છાનામાના તે ઘરમાં જાય, ઘૃત માખણ ને દહી ખાય । ઢાંકે પાત્ર જેમ હોયતેમ, કોઈ જાણી શકે નહિ એમ ॥૪૯॥
માતા પાત્રમાં જે જોવા જાય, ત્યારે તો ખાલી ઠામ દેખાય । મૂર્તિ પુછે બોલાવીને પાસ, તમે સાચું બોલો અવિનાશ ॥૫૦॥
દધી દુધ જમી ગયા તમે, એવી વાત જાણી લીધી અમે । ત્યારે બોલ્યા છે પ્રાણજીવન, દીદી સુણો કહું તે વચન ॥૫૧॥
ચોરી કર્તો નથી કોય દિન, મુને ન ગમે એવું ભોજન । એમ જુઠું જુઠું સમજાવે, માતાજીનું તે મન મનાવે ॥૫૨॥
એમ સર્વે તણે ઘેર જાય, નિત્ય ચોરી કરીને તે ખાય । ઘનશ્યામ વેણી ફરે સાથ, નાવે પકડ્યામાં દીનોનાથ ॥૫૩॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિવિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે નાગપુરમાં શ્રીહરિયે ઉન્મત્ત ત્રવાડીને જીવતો કર્યો એ નામે એકાવનમો તરંગ ॥૫૧॥

પૂર્વછાયો – કલ્યાણકારી પુર છુપૈયા, સેવે જે કોઈ નરનાર । કોટી જન્મનાં પાપ નાશે, પામે ભવજળ પાર ॥૧॥
પુરૂષોત્તમ જ્યાં પ્રગટ્યા, એવું નથી કોઈ સ્થાન । તીર્થ સઘળાં કરે પણ, નાવે છુપૈયા સમાન ॥૨॥
જપ તપ યોગ સાધન, ભલે કરો અનુષ્ઠાન । કોટિમા ભાગે સત્ય કહું, નાવે છુપૈયા સમાન ॥૩॥

ચોપાઈ – હવે શ્રીહરિ છુપૈયામાંયે, બાળલીલા કરે બહુ ત્યાંયે । એક દિવસ વેણીના સંગે, રમતા સતા ગયા ઉમંગે ॥૪॥
વેણીના ઘરમાં કોઈ નથી, એવું નકી કર્યું છે મનથી । પેઠા જઈને ઘરમોઝાર, વેણીરામ સહિત તે વાર ॥૫॥
છાનામાના બન્ને જણ પેઠા, નિજ સખાની માતાએ દીઠા । જોતા જોતામાં ગયા છટકી, લક્ષ્મીબા ઉભાં રહ્યાં અટકી ॥૬॥
પડ્યો પેટમાં બહુ ડબકો, દેવા ચાલ્યાં માતાને ઠબકો । છોટીબાના સુત ઘનશ્યામ, કરે છે તે નિત્ય એવું કામ ॥૭॥
ઘૃત માંખણ દહી ખૈ જાય, ચોરી કરે છે એહ સદાય । એવું કહીને રીસ ચડાવી, પ્રેમવતી માતા પાસે આવી ॥૮॥
છોટીબા ઘનશ્યામને વારો, કરે છે ભંજવાડ તે મારો । દધી દુધ આદિ જે કેવાય, ચોરી કરીને એ ખાઈ જાય ॥૯॥
મારા ઘરમાં આવીને પેઠા, આજ મેં મારી નજરે દીઠા । ત્યારે બોલ્યાં સુવાસિનીબાઈ, નથી આવ્યા ઘનશ્યામભાઈ ॥૧૦॥
તમારા સુત જે વેણીરામ, નિત્ય કરે છે તે એવું કામ । ઘણીખરી ચીજો લઈ જાય, વળી ખાવાનું હોય તે ખાય ॥૧૧॥

તોય અમે કેતાં નથી કાંઇ, ઠબકો દેવા આવ્યાંછો આંઇ । ચોર વિપરીત દંડે જેમ, લક્ષ્મીબા તમે કરો છો એમ ॥૧૨॥
પરસ્પર બોલે માંહોમાંયે, ભક્તિમાતાજી વારે છે ત્યાંયે । બેઉને શાન્ત પમાડ્યાં મન, પછે બોલ્યાં માતાજી વચન ॥૧૩॥
હવે લક્ષ્મીબાઇ સુણો તમે, સત્ય વાક્ય કૈયે છૈયે અમે । ચોરી કરવા આવેજો નાથ, પકડી બાંધી દેજ્યો બે હાથ ॥૧૪॥
પછે કેમ કરી રેશે છાનું, ત્યારે સત્ય વાત અમે માનું । અમને જુઠી ન કેશો વાત, ખોટો કરશો નહિં ઉતપાત ॥૧૫॥
વેણીરામનું પકડું કાંડું, આજ બાંધી તમને દેખાડું । લક્ષ્મીબાઇ બોલ્યાં છે વચન, ચોરી કરતો નથી મારો તન ॥૧૬॥
ચોરીનું કામ ન કરે એમ, નથી આવડતું કોછો તેમ । પ્રેમવતીજી બોલ્યાં છે એવ, નથી શ્રીહરિને એવી ટેવ ॥૧૭॥
ચોરી કરે નહિં કોય દિન, રેછે મારી આજ્ઞાને આધીન । માંહોમાંય રાજી એમ થયાં, પોતપોતાનાં ઘરમાં ગયાં ॥૧૮॥
વિસારે પડવા દીધી વાત, પછે લીલા કરે જગતાત । એક દિવસ મધ્યાહ્ન કાળ, વેણીરામને ભક્તિના બાળ ॥૧૯॥
સાવચેત થયા છે તૈયાર, ગયા લક્ષ્મીબાઇતણે દ્વાર । ઘરમાં પેઠા જોઇને લાગ, આવ્યા શિકાને પાસે સોહાગ ॥૨૦॥
દધીનું ઠામ લીધું છે હાથ, ઝટ જમી ગયા બેઉં સાથ । સુતેલાં હતાં ત્યાં લક્ષ્મીબાઇ, જાગી જુવે નિજ ઘરમાંઇ ॥૨૧॥
ઉઠીને જેવાં ઝાલવા જાય, તેવા નાઠા છે બેઉં સખાય । પોતાના પુત્રને જાવા દીધા, ઘનશ્યામજીને ઝાલી લીધા ॥૨૨॥
લીધું દોરડું બાંધ્યા બે હાથ, રાજી રાજી થયાં મન સાથ । ભલા આવ્યા છો લાગમાં આજ, હવે ક્યાં જાશો કો મહારાજ ॥૨૩॥
લક્ષ્મીબાઇએ મારી છે હાક, છુપૈયાપુર ચડાવ્યું ચાક । તમે સુવાસિની આવો અહીં, ચોર બાંધી મુક્યો જુવો સહિ ॥૨૪॥
નથી માનતા આ કોય સાચું, કામ આજ નથી રાખ્યું કાચું । નિત્ય ખાય છે આમને આમ, કરે છે જુવો ને એવાં કામ ॥૨૫॥
જાણ્યું જીવને બગડ્યું કાજ, હવે કેવી રીતે રેશે લાજ । બહુનામી બદલાઇ ગયા, વેણીરામ સ્વરૂપે તે થયા ॥૨૬॥
સુવાસિની આદિ બીજાં જન, આવી જુવેછે ધારીને મન । ઘનશ્યામ તો નથી દેખાતા, વેણીરૂપે થયા જગત્રાતા ॥૨૭॥
લક્ષ્મીબાઇને કે નરનારી, હે લક્ષ્મી તું તો જોને વિચારી। તમે બાંધ્યો છે આ વેણીરામ, ભાન ભુલ્યાં નથી ઘનશ્યામ ॥૨૮॥
બીજા લોક દેખે વેણીરામ, લક્ષ્મીબાઇ ભાળે ઘનશ્યામ । પોતાને ઘેર ધર્મકુમાર, ગોળ જમતા ત્યાં આવ્યા બાર ॥૨૯॥
સુવાસિની કહે લક્ષ્મીબાઇ, જુવો પેલા ઉભા રહ્યા ભાઇ । તમે તો બાંધ્યા છે વેણીરામ, હરિનું જુઠું બતાવો નામ ॥૩૦॥
તમારા માન્યામાં જો ન આવે, પુછી જુવો આ લોકને ભાવે । સઘળા લોકે કહ્યું ત્યાં સત્ય, તમે બાંધ્યો તમારો રઅપત્ય ॥૩૧॥
લક્ષ્મીબાએ નક્કી કરી જોયું, વેણીરામ દેખ્યો મન પ્રોયું । જુઠાં પડ્યાં છે વેણીનાં માત, આતો આશ્ચર્ય દેખાણી વાત ॥૩૨॥
પકડ્યા તો હતા ઘનશ્યામ, હવે ક્યાંથી થયો વેણીરામ । વેણીરામ જાણી છોડી દીધો, જુવો કૃષ્ણે આ પ્રપંચ કીધો ॥૩૩॥
પામ્યાં આશ્ચર્ય પુરનાં જન, ગયાં પોતપોતાને ભવન । વળી એક સમે મોટાભાઇ, નેમ લીધો છે ચોમાસામાંઇ ॥૩૪॥
કરવું ઉસવિતાનું દર્શન, ત્યારે જમવું પોતાને અન્ન । એવો રાખ્યો છે નેમ કઠીણ, રામપ્રતાપજી છે પ્રવિણ ॥૩૫॥
આવ્યો શ્રાવણ માસ તે વાર, હેલી મંડાણી છે દિન બાર । સૂર્ય ઉદય નવ દેખાયો, આકાશ વાદળથી છવાયો ॥૩૬॥
ઘનઘોર રહે નિશદિન, ભાનું દિશે નહિં જરા ભિન્ન । એમ વીતી ગયા દિન બાર, મોટાભાઇ રહ્યા નિરાહાર ॥૩૭॥
ત્રયોદશમે દિવસે ધર્મ, બેઠા છે ચોતરાપર પર્મ । ત્રૈણે પુત્ર પોતાની જ પાસ, તેમાં બોલ્યા છે શ્રીઅવિનાશ ॥૩૮॥
મોટાભાઇ સુણો કહું વાત, તમે નેમ લીધો છે સાક્ષાત । એવું નેમ તમારૂં છે ખરૂં, પણ ધાર્યું છે ઘણું આકરૂં ॥૩૯॥
એથી શું ફળ જોયે તમારે, સાચી વાત કહો આણીવારે । ત્યારે બોલ્યા છે ભાઇ જોબન, તમે સુણી લ્યો જગજીવન ॥૪૦॥
સૂર્યનાં પ્રત્યક્ષ દર્શન, મારે કરવાનું રેછે મન । ભાઇની તે વ્રતી એમ જાણી, કર્યો સંકલ્પ સારંગપાણી ॥૪૧॥
સંભાર્યા છે સૂર્યને અખંડ, તે સમે આવ્યા છે જમાર્તંડ । નિજસારથી રથ સહિત, આવી સન્મુખ ઉભા અભિત ॥૪૨॥
સાથે લાવ્યા છે સેવકજન, કર્યાં શ્રીહરિનાં દર્શન । કરે પ્રાર્થના શિર નામી, વારે વારે વંદે કર ભામી ॥૪૩॥
શ્રીહરિ કહે છે સુણો રવિ, મારી વાત લેજ્યો અનુભવી । મોટાભાઇ જે રામપ્રતાપ, અવિચળ નેમ લીધો આપ ॥૪૪॥
જ્યારે કરવાં તમારાં દર્શન, ત્યારે જ મુખે લેવું ભોજન । એમ ભૂખ્યા રહ્યા દિન બાર, કાંઇ જમતા નથી નિર્ધાર ॥૪૫॥
એજ કારણ માટે બોલાવ્યા, અમારી આજ્ઞા પ્રમાણે આવ્યા । પછે ભાઇને બોલાવ્યા પાસ, પ્રભુ બોલ્યા વચન હુલ્લાસ ॥૪૬॥
તમ સારૂં આવ્યા છે આ રવિ, કરો દર્શન લ્યો અનુભવી । પછે કરો સુખેથી ભોજન, થાય પ્રસન્ન અમારૂં મન ॥૪૭॥
મોટાભાઇને થયો સંદેહ, સૂર્યમાં હોય પ્રકાશ જેહ । આતો નિસ્તેજ દેખાય ભાનુ, કેમ તેજ રાખ્યું હશે છાનું ॥૪૮॥
ધર્મ ભક્તિએ જાણી એ વાત, ધર્યું તેજ સ્વરૂપ સાક્ષાત । હતી રજની અંધારી ઘોર, થયો પ્રકાશ ત્યાં ચહુકોર ॥૪૯॥
અતિ તેજ સમૂહ દેખાય, મોટાભાઇ દેખી ગભરાય । ઘડીવાર એ દર્શન દીધું, તેજ પોતામાં સમાવી લીધું ॥૫૦॥
પામ્યા આનંદ ત્યાં અહિનાથ, કરે સૂર્યની પૂજા સનાથ । બોલ્યા સૂરજ વાણી ગંભીર, સુણો અનંતજી મતિધીર ॥૫૧॥
તમારે ઘેર્ય તમારા ભાઇ, ઘનશ્યામજી છે સુખદાઇ । એછે અક્ષરાધિપતિ એવ, અમારા સર્વેના ઇષ્ટદેવ ॥૫૨॥
અમે ભરાવ્યા પગ ભરીયે, એની આજ્ઞાને અનુસરીયે । કરો પ્રસન્ન તેવોને તમે, સર્વે દેવ રાજી થાશું અમે ॥૫૩॥

કર્યું શ્રીહરિનું ત્યાં પૂજન, સૂર્યદેવે ત્યાં નિર્મલ મન । ભક્તિમાતાયે રસોઇ કરી, ભાઇને જમાડ્યા પ્રેમ ભરી ॥૫૪॥
તેવે ૧તરણી રથમાં લાવેલા, ઋષિ સાઠ્ય હજાર આવેલા । નાનાં સ્વરૂપ અંગુષ્ઠ માત્ર, કરે છે સ્તુતિ નિર્મલ ગાત્ર ॥૫૫॥
સ્તુતિ સુણી થઇને પ્રવિન, શ્રીહરિ બોલ્યા મિષ્ટ વચન । તમને દેખી થયો છું રાજી, મારી પ્રસન્નતા થઇ ઝાઝી ॥૫૬॥
એમ કહીને મંગાવ્યું દુધ, ગોમતી ગાયનું અતિ શુદ્ધ । સૂર્ય સહિત ઋષિને પાયું, તૃપ્ત કરીને મન મનાવ્યું ॥૫૭॥
રજા માગીને તૈયાર થયા, ઋષિ સહિત ૧માર્તંડ ગયા । રથમાં બેસી ત્યાં થકી ચાલ્યા, છુપૈયાપુર વાસીએ ભાળ્યા ॥૫૮॥
નારાયણસર તર્ફ જાય, તેજ અપરિમિત દેખાય । ઘણી ઘોર અંધારી છે રાત્ય, તેમાં આશ્ચર્ય સરખી વાત ॥૫૯॥
છુપૈયાપુરના વાસી જન, એમ વિસ્મય પામ્યાં તે મન । કાળી રવિભાવરી વિષે આ શું, કોણે આવડું તેજ પ્રકાશું ॥૬૦॥
સર્વે ઘરેથી નિકળ્યાં બાર, ધારી ધારી જુવે નિરધાર । તેટલામાં તો થયા અદ્રશ, સૂર્ય અંત્રિક્ષમાં ઉતકર્ષ ॥૬૧॥
પુરવાસી જે સઘળાં લોક, આવી ધર્મને પુછે વિશોક । ધર્મદેવે કહી સહુ વાત, અથ ઇતિ વિસ્તારી સાક્ષાત ॥૬૨॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિએ રામપ્રતાપભાઇને સૂર્યનાં દર્શન કરાવ્યાં એ નામે બાવનમો તરંગ ॥૫૨॥

પૂર્વછાયો – છુપૈયાપુર પાવન છે, મોક્ષતણું તે ધામ । વાસ કર્યો જ્યાં વાલમે, અવતારી પૂરણકામ ॥૧॥
ધર્મધુરંધર બોલિયા, સુણો રામશરણ પવિત્ર । નિર્મલ મનથી સાંભળો, પુનિત પ્રગટ ચરિત્ર ॥૨॥
એક સમે મોટાભાઇ સંગે, પટભેરુ રમે શ્યામ । સખા સહિત પક્ષ બાંધી, રમે રમત સુખધામ ॥૩॥
માધવચરણ આદિ સખા, શ્રીઘનશ્યામની પક્ષે । વેણી માધવ પ્રયાગ તે, અનંતજીની સમક્ષે ॥૪॥
એવી રીતે બે ભાઇ રમે, સામસામા વદે વાદ । શેષ સાથે શ્રીહરિ બોલ્યા, જીત્યા મનથી પ્રમાદ ॥૫॥

ચોપાઇ – મોટાભાઇને કે ઘનશ્યામ, સુણો વાત કહું બલરામ । વશરામની વાડી છે જ્યાંય, રુડી આંબાની સાખોછે ત્યાંય ॥૬॥
સારી સ્વાદિષ્ટ થઇ તૈયાર, જે કોઇ પેલી લાવે આઠાર । પેલી લાવે તેની જીત થાય, પછે લાવે તે હાર્યા કેવાય ॥૭॥
સામ સામા વિચારે છે મન, નિશાયે કર્યું ઘેર શયન । મોટાભાઇને થયો વિચાર, પેલી સાખો લાવું હું આ ઠાર ॥૮॥
નારાયણ નિદરાવશ થાય, ત્યારે જગાડું સર્વે સખાય । મારા પક્ષના લેઇને જાવું, વ્હેલો ઉઠી બધી વેણિ લાવું ॥૯॥
મનમાં વાત વિચારી લીધી, પછે તો નિરાંતે નિદ્રા કીધી । ભાઇએ ઘડ્યા છે ઘાટ જેહ, જાણ્યા અંતરજામીયે તેહ ॥૧૦॥
મોટાભાઇને તે પક્ષકાર, તેને નિદ્રા મુકી છે અપાર । પછે વિચારે સુંદર શ્યામ, હવે તો કરૂં કળાયે કામ ॥૧૧॥
નારાયણ સરોવરે વૃક્ષ, ત્યાં છે પીપળો એક પ્રત્યક્ષ । તેમાં ભૂત રહેછે અપાર, તેને આજ્ઞા કરૂં આણીવાર ॥૧૨॥
બગીચામાં જે આંબાની સાખો, બધી લૈ આવશે આંહી લાખો । મિત્રને દાખડો ન કેવાય, કામ પરબાર્યું આજ થાય ॥૧૩॥
એમ ધારીને ભૂત બોલાવ્યાં, હજારો તે તો તરત આવ્યાં । ભૂતને કરી વાત વિસ્તારી, કેતાં કેતાં થયાં તે તૈયારી ॥૧૪॥
ભૂત પગે લાગ્યાં તેણીવાર, આજ્ઞા માની લીધી નિરધાર। લીધા છે ટોપલા કરમાંય, ગયાં બગીચે આંબાછે જ્યાંય ॥૧૫॥
તે સાખો વેણી લીધી કળમાં, ઘરે લાવી દીધી છે પળમાં । આંબલી નીચે મુકી તે લાવી, એવી ભૂતોએ ફરજ બજાવી ॥૧૬॥
હવે જોખન નિદ્રાથી જાગ્યા, બારણે આવીને જોવા લાગ્યા । ત્યાં તો થવા આવ્યું સવાર, મોટાભાઇને થયો વિચાર ॥૧૭॥
પોતાના પક્ષના વેણીરામ, તેને બોલાવ્યા છે તેહ ઠામ । ચાલો ચાલો સમો થઇ ગયો, જાણે વખત થોડો જ રહ્યો ॥૧૮॥
સૂર્ય ઉદય જો કદી થાશે, આપણ પેલા ત્યાં શ્યામ જાશે । સાખો પેલિજો એ બધી લાવે, બાવરા આપણને બનાવે ॥૧૯॥
એમ કહીને સખાનો સાથ, લઇ ચાલ્યા ત્યાંથી અહિનાથ । આવ્યા અંધારે બગીચામાંયે, જ્યાંથી સાખો લેવાની છે ત્યાંયે ॥૨૦॥
એમને ત્યાં જાણ્યા સખાજુત, ઓલ્યાં આવી પોક્યાં છે ભૂત । સાખો વીણે છે આંબાની તળે, ઘણો ભય બતાવ્યો તે પળે ॥૨૧॥
માંહોમાંહી દેખાડે છે ભડકા, જાણે ખરા બપોરે છે તડકા । સાખો વેણે અજવાળું કરી, મોટાભાઇ વિચારે છે ફરી ॥૨૨॥
જુવો ઘનશ્યામ પેલા જાગ્યા, આવીને સાખો વેણવા લાગ્યા । માટે ચાલો હવે તો મળીયે, પછેથી સર્વે પાછા વળીયે ॥૨૩॥
એવું કૈને આવેછે નજીક, બોલ્યાં ભૂત દેખાડીને બીક । આંહી આવશો માં ભાઇ તમે, જુવો ભૂત છૈયે સર્વે અમે ॥૨૪॥
એવું સાંભળતાં પામ્યા ત્રાસ, સખાસંગે કરે નાસા નાસ । જીવ લઇ નાઠા જાણી કષ્ટી, પાછી જોતા નથી કોઇ દૃષ્ટી ॥૨૫॥
આવ્યા વશરામજીને ત્યાંય, દોડી પેશી ગયા ઘરમાંય । કરી વશરામજીને વાત, આજ મારે હતી મરણઘાત ॥૨૬॥
વદે વશરામજી વચન, તમે સુણોને ભાઇ જોખન । અંધારામાં હતું શું ત્યાં કામ, કવેળાના ગયાતા તે ઠામ ॥૨૭॥
ખમા ખમા તમે મારા વીર, એવું કૈને આપી ઘણી ધીર । રૂડું કામ થયું ભાઇ આજ, તમે ઘેર આવ્યા સુખસાજ ॥૨૮॥
પીપળે છે પ્રેતનો ઉતારો, તેમાં ભૂત રહે છે હજારો । તમને શ્રીહરિયે બચાવ્યા, જીવતા જાગતા ઘેર આવ્યા ॥૨૯॥
ત્યાંને ત્યાં કરી જાત ભક્ષણ, કોણ કરત આવી રક્ષણ । સાખો શું કરવીતી તમારે, ભૂતટોળામાં ગયા અંધારે ॥૩૦॥
શાન્તિ પમાડ્યા એમ કહીને, ઘેર મોકલ્યા કર ગ્રહીને । સુણી લ્યો શ્રોતા વિવેકી જન, કોઇ સંશે ન કરશો મન ॥૩૧॥

જે છે શેષ તણો અવતાર, તેને ભૂતનો શો પડે ભાર । પણ શ્રીહરિનું છે ગમતું, ભાઈનું થયું મન ભમતું ॥૩૨॥
આવ્યા અનંત નિજ સદન, જહાં બેઠા છે વિશ્વમોહન । વાત કરી છે ભૂત સંગાથ, જોઈ વિસ્મે પામ્યા અહિનાથ ॥૩૩॥
ભૂત કહે છે શ્રીમહારાજ, અમને ખાવાનું કષ્ટ આજ । ત્યારે બોલ્યા છે પર્મ ઉદાર, ભૂત તમને કહું છું સાર ॥૩૪॥
એકેકો લ્યો દશ દશ સાખો, આ પડી તેમાંથી લઈ રાખો । નારાયણસર ધર્મ તળાવ, જન્મસ્થાનકનો કુવો ભાવ ॥૩૫॥
વળી ભૂતિયો બહીરી કૂપ, ખંપાસરોવર છે અનૂપ । ગઉઘાટ વિશ્વામિત્રી જેહ, એ આદિ નામ ગણાવ્યાં તેહ ॥૩૬॥
એમાં અંબુ ભર્યાં છે અખુટ, તમને પીવાની ત્યાં છે છુટ । છુપૈયામાંથી જે કાંઈ મળે, ફળ ફુલ ખાજો તે તે પળે ॥૩૭॥
બીજો કોઈ સ્થળે વળગાડ, તમે કરશો નહિં બગાડ । સાખો લીધી છે કયા પ્રમાણે, આજ્ઞા પામીને ગયા ઠેકાંણે ॥૩૮॥
દેખ્યું સાંભળ્યું પ્રત્યક્ષ ભ્રાતે, પામ્યા આશ્ચર્ય મન એવાતે । પછે આવ્યા નાનાભાઈ પાસ, હાસ કરતા બોલ્યા અવિનાશ ॥૩૯॥
કેરી તણી સાખો લાવ્યા ભાઈ, છાની રાખી કે શું તમે ક્યાંઈ । ભાઈયે હતી તેવી જણાવી, તમે ભૂતની પાસે વેણાવી ॥૪૦॥
હવે શું પુછો છો ઘનશ્યામ, કરી લીધું પેલું તમે કામ । દયા લાવી બોલ્યા દીનબંધુ, જોયે તેટલી લ્યો સુખસિંધુ ॥૪૧॥
સાખો લઈ જમો મારા ભ્રાત, પણ પુછું છું તમને વાત । કોણ જીત્યું કોની થઈ હાર્ય, મુને નક્કી કહો તે વિચાર ॥૪૨॥
જયેષ્ઠ બંધુ કહે જીત્યા તમે, તમ આગે હારી ગયા અમે । પ્રભુજી થયા ત્યારે પ્રસન્ન, મેળવ્યું સર્વની સાથે મન ॥૪૩॥
વાદવિવાદ તે છોડી દીધા, નિજ સખાયોને ભેગા કીધા । સખાબંધુ સાથે મહારાજ, સાખો જમે બેઠા કર્યું કાજ ॥૪૪॥
બાલમિત્રોને ખુબ જમાડ્યા, મોટાભાઈને મુદ પમાડ્યા । એવાં કરે છે નિત્ય ચરિત્ર, અતિ પાવન પુન્ય પવિત્ર ॥૪૫॥
વળી એક સમય શ્રીરંગ, નિજસખા લઈ ઉછરંગ । રામસાગરમાં ગયા નાવા, કાંઈ પોતાનું કામ બજાવા ॥૪૬॥
સખાસંગે પેઠા છે જળમાં, એવે આવ્યા પાપી બે છળમાં । રામદત્ત ને ભવાનીદત્ત, મહા મદોન્મત્ત ઉન્મત્ત ॥૪૭॥
તેછે ક્રોધી વિરોધી કુછિત, અવિવેકી વિચાર રહિત । પુરવનું વેર લેવા કાજ, આવ્યા સંભારતા થકા આજ ॥૪૮॥
થયા બાલસ્વરૂપે તે બેઉ, જળમાં ભેગા રમે છે તેઉ । આવ્યા અસુર મારવા કાજ, એવું જાણી ગયા મહારાજ ॥૪૯॥
છતાં જળમાં રમે અપાર, કરે ક્રીડાયો નાનાપ્રકાર । મિત્રમંડળને ત્યાં રમાડે, અતિ આનંદ ઉર પમાડે ॥૫૦॥
ઓલ્યા અસુર મન વિચારે, પોતે શ્યામને મારવા ધારે । જળમાં ઘણો લાગ તપાસે, પોતાનું રૂપ નવ પ્રકાશે ॥૫૧॥
બોલ્યા બાલસ્વરૂપે અસુર, બીજા સખાયોને કર્યા દૂર । આવો હરિકૃષ્ણજી રમીયે, એક એકને મન ગમીયે ॥૫૨॥
એવું કહી ડુબકિયો મારી, અસુરે દુષ્ટબુદ્ધિયો ધારી । પ્રભુ ઉપર જુલમ કીધો, એકેકો ચરણ પકડી લીધો ॥૫૩॥
પગ તરછોડે છે જળમાં, બોલ્યા વેણીની સાથે કળમાં । ભાઈ મઘરે ઝાલ્યો છે ચરણ, મુને લાગેછે એવું આચરણ ॥૫૪॥
એવું કહીને અસુર ૧ટોકાવ્યો, નભ મારગ માંયે ફગાવ્યો । ગામ સુરવાલે બાગ જ્યાંય, ભમતો જઈ પડ્યો છે ત્યાંય ॥૫૫॥
પડતાં સાથે પામ્યો છે મરણ, પડ્યો અચેતન થઈ ધરણ । વામ ચરણે વળગ્યો અસુર, એનું આવ્યું છે મૃત્યું જરૂર ॥૫૬॥
ચરણથી તરછોડી દીધો, અભ્રમાર્ગે ભમતો જ કીધો । ભમ્યો આકાશમાં ઘણીવાર, પડ્યો નરેચા ગામે તે વાર ॥૫૭॥
કલ્યાણ સાગર જે તડાગ, તેનો ઉત્તર કાંઠાનો ભાગ । પડ્યો તે કાંઠા ઉપર દુષ્ટ, મરણ ભેગો થયો છે પાપિષ્ટ ॥૫૮॥
મરણ પામી પડ્યો અસુરેશ, થયો ભારે ભયંકર વેશ । દેહ વિશાળ મોટો દેખાય, પામ્યો વિસ્તાર પર્વત પ્રાય ॥૫૯॥
મહાપ્રભુજી દીનદયાળ, તેહને મોક્ષ આપ્યો તેકાળ । જ્યાં પડ્યો ત્યાં થયો ઘણો ત્રાસ, થયાં લોકનાં ચિત્ત ઉદાસ ॥૬૦॥
પામ્યા આશ્ચર્ય ને ભય મન, દેખી દેખી અસુરનાં તન । આવ્યા અમર વ્યોમે તે વાર, કરે દુંદુભીનાદ અપાર ॥૬૧॥
વળી પુષ્પ રૂડાં વરસાવે, નાચે અપ્સરા ગાંધર્વ ગાવે । ચંદન પુષ્પ વડે વધાવે, જય જય બોલે ઘણા ભાવે ॥૬૨॥
મીનસાગર રૂડું દેખાયું, પુષ્પ ચંદન વડે ઢંકાયું । એમ વરતાવી લીલાલેર, આવ્યા સખા સહિત તે ઘેર ॥૬૩॥
બાલમિત્રોએ કરી પ્રખ્યાત, ધર્મભક્તિને કહી તે વાત । છુપૈયાપુર વાસી જે જન, જાણીને થયા પ્રફુલ્લ મન ॥૬૪॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિએ અસુરને મરણ પમાડ્યા એ નામે ત્રેપનમો તરંગ ॥૫૩॥

પૂર્વછાયો – એક સમે મોટાભાઈયે, બતાવ્યું કૃષ્ણને કામ । મંગળ આહીરને ઘરે, જાઓ તમે ઘનશ્યામ ॥૧॥
નારાયણસરને તીરે, દક્ષિણ બાજુ જ્યાંય । નેહડામાં ગાયો છે તેને, દોવરાવો જઈ ત્યાંય ॥૨॥
એવું સુણીને ગયા સાથે, બેઠા છે નેહડા પાસ । મંગળ છીટન આહીર તે, કરે દોવાનો પ્રયાસ ॥૩॥
આહીર બન્ને જાણે નહિ, એમ કરે હરિ કામ । દોઈ દોઈને પાત્ર ભરી, મુકે છે જ્યાં ઘનશ્યામ ॥૪॥
વળી બીજામાં દોઈ લાવી, ભરે તે પાત્રનીમાંય । પ્રભુજીયે તો પીવા માંડ્યું, એવી રીતેથી ત્યાંય ॥૫॥
ઘટે તે કરે બરાબર, પાણી રેડી પરમેશ । એમ કરીને છાનું રાખે, જાણે નહિ કોઈ એશ ॥૬॥
આહીર પાસે ઉપડાવી, લેઈ આવે છે ઘેર । રૂડી રીતે સંભાળ રાખે, બીજા શું સમઝે પેર ॥૭॥

ચોપાઇ – પય લેવરાવી આવે ઘેર, સોંપે સુવાસિનીને તે પેર । ભાભી મેળવે દુધાતણમાં, દહીં જામે નહિ વાસણમાં ॥૮॥
ત્યારે કરે છે મન વિચાર, હવે કેમ થયો ફેરફાર । પ્રથમ જેવું નથી મળતું, નક્કી લાગે પાણી ભળતું ॥૯॥
ત્યારે ભક્તિમાતાજીને પુછે, બાઇજી આનું કારણ શું છે । પય ભળતું નથી આ કેમ, મુને તો પડ્યું છે મોટું વેમ ॥૧૦॥
દધી થાતું નથી પેલા જેવું, વળી ઘી પણ થાય છે એવું । આહીર સંગાથે મહારાજ, નિત્ય જાય દોહરાવા કાજ ॥૧૧॥
દૂધ પીયેતે જાણે ન કોય, રખે પાણી ન રેડતા હોય । મારે મને તો એમજ થાય, નથી બીજો તો કાંઇ ઉપાય ॥૧૨॥
ત્યારે માતાએ બોલાવ્યા પાસ, પુછ્યું પુત્રને કરી હુલ્લાસ । દૂધ પીવોછો તે વાત જાણી, પછે રેડો છો શું ભાઇ પાણી ॥૧૩॥
અમે કરતા નથી કે શ્યામ, પણ હશે એ ભાભીનું કામ । ત્યારે સુવાસની બાઇ આવ્યાં, દૂધાતણાં લાવીને બતાવ્યાં ॥૧૪॥
માતાજી ઓળખી લ્યો એધાંણી, એકલું દેખાય જુવો પાણી । ત્યારે શ્રીહરિજી બોલ્યા સુધ, આતો બાખડીનું નથી દૂધ ॥૧૫॥
થોડા દિનની વીયેલી ગાય, માટે પાણી જેવું એ દેખાય । એવું કે માતાને સમજાવ્યાં, એમ ભાભીનાં મન મનાવ્યાં ॥૧૬॥
એટલામાં તો આહિર આવ્યો, નામ મંગલજી મન ભાવ્યો । તેને પુછે છે શ્રીભક્તિમાત, ભાઇ કેમ જાણો છો આ વાત ॥૧૭॥
બોલ્યો આહીર મુખ તે વાર, નથી જાણતો હું એનો સાર । ઘનશ્યામ પીએ છે કે નહિં, તેની સરત નથી મુને સહિ ॥૧૮॥
પણ દૂધમાં પાણી દેખાય, પય પાતળું આ પરખાય । મારો વાલિડો બેઠા છે પાસ, મંદ મંદ કરે છે તે હાસ ॥૧૯॥
ભક્તિમાતાએ જાણ્યું છે ઉર, ભાઇનું કામ છે આ જરૂર । પ્રેમવતી કહે ઘનશ્યામ, તમે શું કરવા કરો આમ ॥૨૦॥
દૂધ આપીયે હમેશ અમે, આજ વિશેષ લૈ જમો તમે । વ્હાલો વિચારી બોલ્યા છે એવું, હવે આજ દૂધ નથી પીવું ॥૨૧॥
એવું કહીને આવ્યા છે બાર્ય, કહે દીદીને શ્રીકીરતાર । જે દિન દૂધ નૈ આપો તમે, તે દિવસે પય પીશું અમે ॥૨૨॥
ત્યારે બોલ્યાં સુવાસિની બાઇ, તમે સુણો ઘનશ્યામભાઇ । નિત્ય આપીશ હું નહિ ચુકું, જુવો સત્ય સંકલ્પ આ મુકું ॥૨૩॥
એવું કહીને મુક્યું છે જળ, તેને જોઇ રહ્યા છે અકળ । પણ બગાડ તો ન કરશો, દૂધમાં પાણી નહિ ભરશો ॥૨૪॥
અક્ષરધામના અધિપતિ, તેણે ધરી છે મનુષ્યાકૃતિ । પુરૂષોત્તમ પર્મ પવિત્ર, નરનાટક કરે ચરિત્ર ॥૨૫॥
માત પિતાને આનંદ આપે, નિજ સેવકનાં કષ્ટ કાપે । વળી એક સમે ઘનશ્યામ, સખા લઇ ચાલ્યા સુખધામ ॥૨૬॥
નારાયણ સરે ભગવાન, કરવા ગયા સુંદર સ્નાન । વળી રમતગમત કરવા, ભાર ભૂમિતણો કાંઇ હરવા ॥૨૭॥
તે સમે એક આવ્યો અસુર, નામ બિરબલ ભૂંડો ભુર । શ્રીહરિને તે મારવા શોધે, પૂર્વના વૈર ક્રોધ વિરોધે ॥૨૮॥
કાળા નાગતણું ધર્યું રૂપ, છાંનો જળમાં રહ્યો વિરૂપ । પ્રભુ રમી ઘણીવાર ત્યાંય, પછે પેઠા છે તે જળમાંય ॥૨૯॥
સખા સહિત કરે છે સ્નાન, જળ વિષે રમે ભગવાન । જળ ઉછાળે છે સામસામી, મારે ડુબકીયો બહુનામી ॥૩૦॥
ઉંડા પાણીમાં જઇ તરે છે, એવી ઘણીક ક્રિયા કરે છે । ઓલ્યે અસુરે જોયો છે લાગ, સામો આવે થઇ કાળો નાગ ॥૩૧॥
મહાદુષ્ટ અને મંદમતિ, મુખે ફુંફવાડા મારે અતિ । ભૂંડો ભારે ભયંકર વ્યાળ, વળી નાખે છે વિખની જ્વાળ ॥૩૨॥
તેનું ભાળી ભયંકર રૂપ, સખા છાંના રહ્યા થકા ચુપ । ત્રાસ પામી ગયા તે તનમાં, ભય લાગી ગયો ત્યાં વનમાં ॥૩૩॥
સખા સર્વે કહે સુણો ભાઇ, જુવો નાગ આવે સામો ધાઇ । એવું કહી સખા નાઠા સાર, સર્વે ઉભા રહ્યા આવી બાર્ય ॥૩૪॥
અંતર્યામી રહ્યા છે જળમાં, બોલ્યા સખાસંગાથે બળમાં । આજ ભલો આવ્યો મારે લાગ, મુને શું કરશે કાળો નાગ ॥૩૫॥
તે સમે આવી છે ઘણી નારી, ભરવું જેને નિર્મળ વારી । ઉભી ઉભી કરે છે બકોર, બાર્ય આવોરે ધર્મકિશોર ॥૩૬॥
ડંસ મારીને દેવું છે દુઃખ, માટે આવે છે તવ સન્મુખ । કરડવા આવે છે તમને, એવો નિશ્ચય થયો છે અમને ॥૩૭॥
એવું સુણીને શ્રીઘનશ્યામ, વામ ચરણ ઉપાડ્યો છે તે ઠામ । થયો નાગના અંગે પ્રહાર, હરિચરણતણો નિરધાર ॥૩૮॥
ભય પામ્યો થયો ગતિભંગ, તેનાં ઢીલાં પડી ગયાં અંગ । સર્વે સાંધા શરીરના જેહ, થયા જર્જરીભૂત જ એહ ॥૩૯॥
લાગ્યો ચરણનો ઝપાટો જેવો, ઉરગ ઉછડીયોછેરે એવો । તે સરથી ઉગમણો જોય, સો કદમ છેટે પડ્યો સોય ॥૪૦॥
મટી ગયો છે ૧ચક્રીનો દેહ, રાક્ષસરૂપે પડ્યો છે તેહ । ઘણો ત્રાસ પામી ગયો મન, મુખે ચાલ્યું રૂધીર વમન ॥૪૧॥
મરણ પામી પડ્યો મતિમંદ, ફેલિનો રફેડિ નાખ્યો છે ફંદ । પામ્યા વિસ્મે સહુ નરનારી, જુવે શ્રીહરિને ધારી ધારી ॥૪૨॥
નિકળ્યા જળથી પ્રભુ બાર્ય, પેર્યાં વસ્ત્ર આભૂષણ સાર । પછે ઘેર આવ્યા અલબેલો, સખા સહિત સુંદર છેલો ॥૪૩॥
ચોતરા પર આવી બિરાજ્યા, સખા સહિત શ્રીમહારાજા । શોભી રહ્યા છે સુંદર શ્યામ, કોટી કંદર્પ લાવણ્યધામ ॥૪૪॥
સમીપે આવી બેઠા જોખન, બોલ્યા શ્રીમુખે શ્રીભગવન । પ્રાણવલ્લભ હે વેણીરામ, તમારે જોતે સતે તે ઠામ ॥૪૫॥
નાગ કરડવા આવ્યો તો આજ, પણ કેવું કર્યું જુવો કાજ । હતો વિખ ભરેલો એ વ્યાળ, તેનો મૃત્યું થયો તતકાળ ॥૪૬॥
વાલિડો કરે છે એવી વાત, ત્યાં તો આવ્યાં છે શ્રીભક્તિમાત । પ્રાણજીવન મારા કુમાર, જમવા ચાલો દેવ મોરાર ॥૪૭॥
ત્યારે હરિ કહે લાવો આંહી, માતા ઘરમાં આવીશું નહી । સુણી માતાને આવ્યુંછે હેત, થાળ લાવ્યાં ત્યાં પ્રેમ સમેત ॥૪૮॥
વાસુદેવ આગે તતકાળ, ચોતરા પર મુક્યોછે થાળ । શ્રીહરિ કહે સુણો માતાય, આટલે ભોજને નહિ થાય ॥૪૯॥

આજ ક્ષુધા લાગી છે વધારે, બીજાં ભોજન જોયે અમારે । એમ કૈને સખા લઈ સાથ, જમવા લાગ્યા શ્રીદીનોનાથ ॥૫૦॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિયે ગાયો દોવરાવતાં દૂધ પીધું એ નામે ચોપનમો તરંગ ॥૫૪॥

પૂર્વછાયો – ચોતરા પર જમવા બેઠા, શ્રીહરિ પરમ કૃપાલ । પ્રેમવતી લાવ્યાં પ્રેમથી, ભરીને સુંદર થાળ ॥૧॥
સખા સાથે જમવા લાગ્યા, બેસી રહ્યા છે જોખન । માતા કે શું બેસારી મુક્યા, ભાઈને કરાવો ભોજન ॥૨॥
બહુનામી તવ બોલિયા, માતા સુણો એ મર્મ । રસોડામાંહિ જમાડજ્યો, અનંતને અનુકર્મ ॥૩॥
આ નાના સખા સૌ અમેતો, જમવા બેઠા આ ઠામ । મોટાભાઈ આમાં ક્યાં ભળે, આ નાનાં બાળનું કામ ॥૪॥
એવામાં ઈચ્છારામ આવ્યા, રમતા પ્રભુને પાસ । પ્રેમવડે બોલાવ્યા પોતે, બેસાર્યા અવિનાશ ॥૫॥

ચોપાઈ – સખા પ્રત્યે બોલ્યા બહુનામી, નવ રાખવી જમવામાં ખામી । જેને જમાય તેટલું જમો, કરો ભાવેથી ભોજન તમો ॥૬॥
સામસામા કરે મનુવાર્ય, એમ જમે છે જગદાધાર । જમતા જોયા પ્રાણજીવન, ધર્મભક્તિ થયાં છે પ્રસન્ન ॥૭॥
વળી બોલ્યા છે વિશ્વમોહન, માતા લાવોને બીજું ભોજન । વધારે જોશે આજ અમારે, એમાં ચિંતા ન કરવી તમારે ॥૮॥
ત્યારે બીજો ભરી લાવ્યાં થાળ, પીરસ્યો પ્રભુને તતકાળ । એમ માગીને બેચાર વાર, લીધાં ભોજન જમ્યા તે ઠાર ॥૯॥
વળી લીલા કરે જોગીનાથ, પેટ ઉપર ફેરવે હાથ । દીદી ભોજન રહ્યું અધુરું, બરાબર થયું નથી પુરું ॥૧૦॥
ભક્તિ ઘરમાં ગયાં તે જોઈ, હતી તે સર્વે લીધી રસોઈ । લાવીને પીરસે તતખેવ, ત્યારે બોલ્યા છે શ્રીબળદેવ ॥૧૧॥
ખીજવાયા થકા કહે ભાઈ, આજ શું ધાર્યું છે તમે આંઈ । ત્યારે બોલ્યા છે અક્ષરપતિ, જેષ્ઠબંધુ સુણો મહામતિ ॥૧૨॥
આવ્યા હોય જો કોઈ મેમાન, તેનું કરવું ઘટે સન્માન । તે કર્યા વિના ખોટું દેખાય, કેદી મેમાન ભુખ્યા ન જાય ॥૧૩॥
મોટાભાઈ બોલ્યા એ સંબંધ, નથી મેમાન આ ભાઈબંધ । એવામાં ગવૈયા મન ભાવ્યા, દેવ ગાંધર્વના ગણ આવ્યા ॥૧૪॥
કર પકડ્યાં રૂડાં વાજિંત્ર, જપે બેનામનો મહામંત્ર । ઘનશ્યામ હરિકૃષ્ણ એવો, બોલે ગાનકલા વિષે તેવો ॥૧૫॥
ગાતા ગાતા આવ્યા છે તે આગે, પ્રેમે ભૂધરને પગે લાગે । પ્રભુ કહે જુઓ મોટાભાઈ, દેવ ગવૈયા આવ્યા છે આંઈ ॥૧૬॥
ઉભાઉભા કરે છે ગાયન, મારી મૂર્તિમાં જોડ્યું છે મન । જપે છે મારા નામનો મંત્ર, રસબસ થયા એકતંત્ર ॥૧૭॥
ગુણ ગાય છે તે મારા એમ, જમાડ્યા વિના તે ચાલે કેમ । એમ કહી આપે છે ભોજન, પોતાની પ્રસાદી ભગવન ॥૧૮॥
થાળમાંથી લઈ નિજ હાથે, દીધી જમવાની ચીજો નાથે । ચળુ કરી ઉઠ્યા અવિનાશ, પાનબીડાં લીધાં મુખવાસ ॥૧૯॥
ત્યાંથી ઉઠ્યા પ્રભુ તેહ વાર, જઈ બેઠા કુવે પરથાર । ગવૈયા તેપણ ગયા સાથ, કરે ગાવણું થઈ સનાથ ॥૨૦॥
તાલ સુરને માનથી ગાય, રૂડાં વાજિંત્ર છે કરમાંય । ચતુરાઈથી કરે ગાયન, દેખી મોહ પામ્યા સહુજન ॥૨૧॥
છુપૈયાપુરના જે મનુષ્ય, આવ્યા સાંભળવા કરી હુંશ । કર્યું ગાયન ત્યાં બહુવાર, પછે ગાંધર્વ બોલ્યા તેઠાર ॥૨૨॥
હે કૃપાનાથ હે મહારાજ, અમને કહો સેવા આજ । ત્યારે શ્રી હરિ બોલ્યા વચન, સુણો ગાંધર્વ ધારીને મન ॥૨૩॥
તમે આવજો સત્સંગમાંય, સમીપે રાખીશું અમે ત્યાંય । પછે ગાંધર્વ અદશ થયા, નમસ્કાર કરીને તે ગયા ॥૨૪॥
પામ્યા ગવૈયા એ વરદાન, ઘણા રાજી થયા ભગવાન । થયા સત્સંગમાં પ્રસિદ્ધ, મોટા મુક્ત સમો વડ સિદ્ધ ॥૨૫॥
વળી એકસમે અવિનાશ, જ્યારે આવ્યો છે ફાગણ માસ । વાળુ કરીને પુન્ય પવિત્ર, બોલાવ્યા પોતાના બાળમિત્ર ॥૨૬॥
સખાસાથે લઈને સુધીર, ગયા નારાયણસરતીર । રમતાં રમતાં લાગી વાર, કરી રમત નાના પ્રકાર ॥૨૭॥
ત્યાંથી ખંપા સરોવરે ગયા, રમીને પાછા તૈયાર થયા । આવ્યા પીરોજપુર તેપળે, મધુપુષ્પ કેરાં વૃક્ષતળે ॥૨૮॥
સામસામા ૧ભેરુ છે ગમતા, બેઉ પક્ષે થઈ ત્યાં રમતા । એક પક્ષે રહ્યા ઘનશ્યામ, બીજે પક્ષે થયા વેણીરામ ॥૨૯॥
સુખનંદન આદિક સખા, તેને પોતાના પક્ષમાં રાખ્યા । રઘુનંદન આદિ જે મિત્ર, વેણીના પક્ષમાં તે પવિત્ર ॥૩૦॥
એમ રમતા થકા બે રપાટી, ગયા મોટા બગીચાની વાટી । ત્યાં થકી મીનસાગર થૈને, મધુવૃક્ષે રમ્યા ઘણું જૈને ॥૩૧॥
પછે ઘેર ગયા ગિરિધારી, નિજસેવકના સુખકારી । ત્યારે ભાભીને કેછે મોરારી, તૃષા લાગી છે લાવોને વારી ॥૩૨॥
પોતે પેરીતિ ડગલી અંગે, કાઢી નાખી તે મુકી પલંગે । બેઠા પ્રગટ પ્રભુ પલંગે, ભાભી જળ લાવ્યાં છે ઉમંગે ॥૩૩॥
પ્રીતે કરાવ્યું છે જળપાન, પછે બોલ્યાં ભાભી ભાગ્યવાન । આબ ખોરા સાથે જલપાત્ર, પલંગ હેઠે મુક્યાં સુગાત્ર ॥૩૪॥
તૃષા લાગે તો પિજ્યો આ લઈ, સુવાસિની ગયાં એવું કઈ । ગયાં સુંદરીબાઈને ઘેર, પ્રભુ પોઢી ગયા રૂડી પેર ॥૩૫॥
જયારે થયો છે પ્રાતઃકાળ, ત્યારે ઉઠ્યા છે દીનદયાળ । શૌચવિધિ કરી ભગવન,પછે કર્યું છે દંતધાવન ॥૩૬॥
જન્મ સ્થાનકના કૂપ કાંઠે, પલાંઠી વાળીને બેઠા હેઠે । સુવાસિની લાવ્યાં ગરમ વારી, નાવા બેઠા છે દેવ મોરારી ॥૩૭॥
પૂર્વ મુખે બેઠા બહુનામી, સર્વધામતણા છે એ ધામી । ભાભીયે કરાવ્યું એમ સ્નાન, કોરી ધોતી કરી પરિધાન ॥૩૮॥
ચડ્યા ચાખડીયે ઘનશ્યામ, આવ્યા ઓશરીમાં અભિરામ । પૂર્વમુખે બીછાવ્યું આસન, ધ્યાન કરવા બેઠા જીવન ॥૩૯॥

નિત્યવિધિ પુરો થયો જ્યારે, જગજીવન ઉઠ્યા તેવારે । ત્યાં તો રસોઇ થઇ તૈયાર, માતાયે બોલાવ્યા નિરધાર ॥૪૦॥
બાલમુકુંદ વિષ્ણુ છે જેહ, તેમને થાળ ધરાવ્યો તેહ । ધર્મદેવે સહિત કુમાર, તેમને જમાડ્યા એણીવાર ॥૪૧॥
પછે સુવાસિની અને માતા, સર્વે સંગે જમ્યા સુખદાતા । ત્રૈણ દિવસ આગમ પર્મ, ધર્મદેવ કરે સતકર્મ ॥૪૨॥
ચોતરાપર રચ્યો છે ઠાઠ, ધર્મશાસ્ત્રતણો કરે પાઠ । પોતે જઇ બેઠા છે આસન, કરે શાસ્ત્રતણું વિવેચન ॥૪૩॥
તે સમે હરિ શ્રીઘનશ્યામ, વળી સાથે સખા વેણીરામ । કથા સાંભળે શ્રદ્ધા સહિત, પિતાની પાસે ભ્રાંતિ રહિત ॥૪૪॥
ત્યારે ઇચ્છા કરી ઘનશ્યામે, આવ્યા અમર સહુ તે ઠામે । કથા સાંભળવાનો છે પ્યાર, ઉતર્યા આકાશથી તે વાર ॥૪૫॥
આવ્યા વૈમાને બેસી વિશેક, સુણે ધર્મશાસ્ત્ર ધરી ટેક । આંબલી પર કેનાં વિમાન, કેક ધર્ણિપર ધરે ધ્યાન ॥૪૬॥
કેક ચોકમાં કુવા કિનારે, ચારે તરફ ભરાયા તે વારે । ધર્મદેવ સહિત પ્રભુને, નમસ્કાર કર્યા છે વિભુને ॥૪૭॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિયે ગાંધર્વ દેવને વર આપ્યો એ નામે પંચાવનમો તરંગ ॥૫૫॥

**પૂર્વછાયો –** આંબલી તળે ચોતરે, કથા સુણે ઘનશ્યામ । દેવ સકળ ત્યાં આવીયા, કથા માટે અભિરામ ॥૧॥
હરિપ્રસાદના મુખથી, સુણે કથા રસ સાર । એકાગ્રચિત્તે સાંભળતાં, થૈ છે કેટલીક વાર ॥૨॥
એવે સમે પ્રેમવતીયે, શેવો વણી છે ત્યાંયે । આંગણા આગે પ્રથમથી, સુકવી છે ચોકમાંયે ॥૩॥
ત્યારે કથાની સમાપ્તિ થૈ, અમર ઉઠીને જાય । પોતપોતાને વિમાને બેઠા, તેનો ઘડેડાટ થાય ॥૪॥
શબ્દ સુણીને ભક્તિ કે છે, જુવો સુવાસિની આજ । શેવો તપાસો પાસે જઇ, બગાડે ન કોઇ કાજ ॥૫॥

**ચોપાઇ –** સુવાસિની ઉઠ્યાં તતખેવ, બારે આવીને જુવે છે શેવ । ત્યાંતો દેખ્યા છે સઘળા દેવ, સુવાસિનીયે અવશ્યમેવ ॥૬॥
ભક્તિમાતાને બોલાવ્યાં બાર્ય, તમે આવીને જુવો આઠાર । હાલ સર્વે શેવો ખાઇ જાશે, પછી આપણું કામ શું થાશે ॥૭॥
એવું સુણીને આવ્યાં છે માતા, જુવે નજરેથી સુખદાતા, જોત જોતામાં અદ્રશ થયા, આકાશમાર્ગે અમર ગયા ॥૮॥
વિસ્મે પામીને માતા વિચારે, કોણ આવ્યું હશે આંણીવારે । કથા સુણે છે ભૂપના ભૂપ, તતકાળ ધર્યું બીજું રૂપ ॥૯॥
માતા પાસે આવ્યા છે મોહન, વદે અતિમધુરાં વચન । એતો અમારી ઇચ્છાને બળે, સર્વે દેવ આવ્યાતા આ સ્થળે ॥૧૦॥
ધર્મશાસ્ત્ર વાંચેછે જે ધર્મ, કથા સુણવા આવ્યાતા પર્મ । કથા સુણી પાછા ગયા દેવ, કરૂં છું વારતા સત્યમેવ ॥૧૧॥
એવું કહી થયા અંતર્ધાન, એવી લીલા કરે ભગવાન । મૂળરૂપે સભામાં બિરાજ્યા, કોટી કોટી બ્રહ્માંડના રાજા ॥૧૨॥
એવું અદ્ભુત આશ્ચર્ય જોઇ, ધર્માદિક રહ્યા મનમોઇ । પછે કથાની સમાપ્તિ કરી, ધર્મદેવ બેઠા છે ત્યાં ઠરી ॥૧૩॥
ઘેલા ત્રવાડી લાવ્યા છે દૂધ, વૃષદેવે પીધું છે તે શુદ્ધ । પય પીધું થયા તૃપ્ત મન, ત્યાં ને ત્યાં કર્યું ધર્મે શયન ॥૧૪॥
હવે શ્રીહરિ સખાને સંગ, રમવા ચાલ્યા કરી ઉમંગ । તે દિને હુતાસની છે સાર, ફરે છે પ્રભુ પુર મોઝાર ॥૧૫॥
કાષ્ઠ ભેગાં કરે સખા સાથ, લાવી નખાવે છે ઝાંપે નાથ । એમ કર્તાં નિશા થઇ જ્યારે, પ્રભુજી ઘેરે પધાર્યા ત્યારે ॥૧૬॥
આવીને બોલ્યા છે સન્મુખ, દીદી અમને તો લાગી ભુખ । ત્યારે માતા કહે મારા તન, થોડી વાર ધીર ધરો મન ॥૧૭॥
લાલજીને જમાડીએ અમો, પછે જમવા બેસો ને તમો । ત્યારે બોલ્યા છે પ્રાણજીવન, સુણો માતાજી સત્ય વચન ॥૧૮॥
બોલતા લાલજી આ પ્રત્યક્ષ, તેને જમાડો આજે સમક્ષ । એટલે થશે એ લાલ રાજી, સાચું માની લેજ્યો તમે માજી ॥૧૯॥
એવું મર્મનું બોલ્યા વચન, પણ માતા ન સમજ્યાં મન । એટલામાં તો ઇંદિરા આવ્યાં, થાળમાં શેવો ભરીને લાવ્યાં ॥૨૦॥
ઘૃત સાકર કેરી અથાણું, કારેલાંતણું શાક વખાણું । વળી પાપડ સુંદર સાર, તેના સ્વાદતણો નહિ પાર ॥૨૧॥
થાળ મુકી પ્રભુજીને આગે, ૧તોયધિતનયા પગે લાગે । હરિકૃષ્ણ જમે રૂડી રીતે, પાસે ઉભાં છે લક્ષ્મીજી પ્રીતે ॥૨૨॥
તે સમે સુવાસિની સોહાવ્યાં, સુર્જામામીને ઘરેથી આવ્યાં । શેવો જમતા જોયા શ્રીશ્યામ, સુવાસિની બોલ્યાં છે તે ઠામ ॥૨૩॥
હે બાઇજી કહું એક વાત, ભાઇ શેવો જમે છે સાક્ષાત । તેશું આપણે આજ કરી છે, પ્રભુના થાળમાંહી ધરી છે ॥૨૪॥
માતા ઘરમાં કામ કરે છે, થાળ ઠાકોરજીને ધરે છે । તેવાં તરતજ આવ્યાં છે બાર્ય, જોયાં લક્ષ્મીજીને તેણી વાર ॥૨૫॥
પગે લાગીને થયાં પ્રસન્ન, કહ્યું સિંધુસુતાને વચન । તમે ભલે પધાર્યાં છો આજ, થાળ લાવ્યાં કર્યું રૂડું કાજ ॥૨૬॥
સિંધુસુતા બોલ્યાં તેહ વાર, માજી તમે કરી ઘણીવાર । ભુખ્યા થયાતા શ્રીભગવાન, પોતે ઇચ્છા કરી બળવાન ॥૨૭॥
મુને આવ્યે બહુ થઇ વાર, જમાડ્યા નાથને નિરધાર । તમારા પુત્ર જમી રહ્યા છે, ચળુ માટે તૈયાર થયા છે ॥૨૮॥
જળપાન કરાવોજી તમે, રજા માગીને જાઇશું અમે । એવું કે જાવા થયાં તૈયાર, ત્યારે બોલ્યા છે જગદાધાર ॥૨૯॥
કાઠિયાવાડ દેશની માંયે, એભલ ખાચર ઘરે ત્યાંયે। જન્મ ધારણ કરશો તમે, ત્યાં આવીને મળીશું જ અમે ॥૩૦॥
એમ ઇંદિરા તે આજ્ઞા પામી, થયાં અદશ મસ્તક નામી । પછે બીજે દિવસે નિર્ધાર, પ્રગટી હુતાશની તે વાર ॥૩૧॥
કેરીયો રાયણાંના જે હાર, કરી મુક્યાતા ધર્મકુમાર । હુતાશનીમાં તે પધરાવ્યા, અગ્નિદેવને વ્હાલે વધાવ્યા ॥૩૨॥

ચારે કોરે પ્રક્રમા ફરે છે, એવી લીલાયો લાલ કરે છે । સુવાસિની ને સુરજાબાઇ, બીજી બાયું ઘણી આવી ત્યાંઇ ॥૩૩॥
ધાણી ચણેથી અગ્નિ વધાવ્યો, જોયે તે ઉપચાર ધરાવ્યો । ચંદ્રમાનાં કર્યાં છે દર્શન, ગયાં પોતપોતાને ભવન ॥૩૪॥
શેવો આદિ છે પુરી કચોરી, ભક્તિમાતાયે તૈયાર કરી । બીજી રસોઇ નાના પ્રકાર, શ્રીહરિને જમાડ્યા તેવાર ॥૩૫॥
પછે સર્વે જમ્યા રૂડી પેર, એમ વર્તે છે આનંદભેર । વળી એક સમે ઘનશ્યામ, સખાની સંગાથે સુખધામ ॥૩૬॥
નારાયણ સરોવર તીર, ગયા રમવા સારૂં સુધીર । રમતાં રમતાં લાગી વાર, દિન અસ્ત થયો છે તે ઠાર ॥૩૭॥
તોય ઘેર નાવ્યા કીરતાર, મૂર્તિમાતા કરે છે વિચાર । પછે ભાઇને કે તમે જાવો, પ્રભુજીને ઘરે તેડી લાવો ॥૩૮॥
સર્વે રસોઇ થૈછે તૈયાર, હજુ આવ્યા નથી એ કુમાર । એવું સુણી માતાનું વચન, સોટી ઝાલીને ચાલ્યા જોખન ॥૩૯॥
ગયા નારાયણસરતીર, ત્યાં બેઠા છે ગુણના ગંભીર । સુખનંદનના અંગમાંય, રમતાં રમતાં વાગ્યું ત્યાંય ॥૪૦॥
તેની પાસે બેઠા છે દયાળ, ત્યાંતો આવી પોક્યા અહિપાળ । બહુનામીયે દેખ્યા જ્યાં બંધુ, ત્યાંથી તરત નાઠા સુખસિંધુ ॥૪૧॥
ઘેર આવ્યા છે શ્વાસ ભરાયા, જાણે ભયભીતા ગભરાયા । ભક્તિમાતા કહે અવિનાશ, કેમ આવડો ચડ્યો છે શ્વાસ ॥૪૨॥
આવા ઉતાવળા ક્યાંથી આવ્યા, મારા લાડકડા મન ભાવ્યા । વ્હાલો બોલ્યા છે મુખે વચન, દીદી સુણો કહું છું શુભ મન ॥૪૩॥
ભાઇ મારવા આવ્યા અમને, સાચી વાત કહું છું તમને । એમ કહીને કર્યું છે સ્નાન, ઘરમાં ગયા શ્રીભગવાન ॥૪૪॥
એટલે આવ્યા ભાઇ જોખન, પુછે માતાને નિર્મલ મન । ઘનશ્યામ આવ્યા છે કે નહિ, સાચી વાત કહો મુને સહી ॥૪૫॥
માતા બોલ્યાં છે હર્ખિને મન, ક્યારના આવ્યા છે ભગવન । જમવા બેઠા રસોડામાંયે, તમે ચાલો જમવાને ત્યાંયે ॥૪૬॥
રસોડા મધ્યે ગયાં છે માતા, ત્યાં તો દેખ્યા નહિ સુખદાતા । સુવાસિનીને માતાજી પુછે, લાલજી નથી કારણ શું છે ॥૪૭॥
ઘરમાં આવ્યાતા ઘનશ્યામ, વળી નાશી ગયા કોણ ઠામ । સુવાસિની કહે છે તે કથી, આંહી નટવર આવ્યા નથી ॥૪૮॥
ઘણીવારથી જોઉંછું વાટ, બેઠી બેઠી કરૂં છું ઉચાટ । એવું સુણી વચન અધીર, ભક્તિમાતા થયાં દિલગીર ॥૪૯॥
બોલ્યાં ગદગદ કંઠે મન, તમો ક્યાં સંતાણા પ્યારા તન । ડોલરીયાજી છાંના શું ડોલો, જ્યાંહાં બેઠાહો ત્યાં થકી બોલો ॥૫૦॥
તમને મારે નહિ મોટાભાઇ, સાચું કહું છું સમ ખાઇ । ખેદ ભરેલું સુણી વચન, દયા આવી દયાળુને મન ॥૫૧॥
મેડી ઉપરથી મહારાજ, હેઠે પધાર્યા છે સુખસાજ । નિર્ભે થકા આવ્યા છે ત્યાં હેઠા, ભાઇ પાસે તે જમવા બેઠા ॥૫૨॥
ત્યારે સર્વે થયાં મન શાન્ત, માતાપિતાને થઇ નિરાંત । દિવ્યરૂપ સદા છે પવિત્ર, કરે મનુષ્યાકૃતિ ચરિત્ર ॥૫૩॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિ સખાયે સહિત ઘેરાયા ચૌદશ રમ્યા એ નામે છપનમો તરંગ ॥૫૬॥

પૂર્વછાયો – અખાત્રીજનો દિવસ આવ્યો, શું કરે છે ભગવાન । સંત હરિજન સર્વે, સુણો થઇ સાવધાન ॥૧॥
મહારાજશ્રીનાં મામી છે, ગૌરીબાઇ જેનું નામ । નિજઘરે રસોઇ કરી, જમાડ્યા શ્રીઘનશ્યામ ॥૨॥
પુરી કચોરી દહિંવડાં, રસોઇ નાના પ્રકાર । જાણીને જમવા બોલાવ્યા, શ્રીહરિને તેણીવાર ॥૩॥
જમાડીને કર્યો ચાંદલો, ભાલ વિશાળ મોઝાર । ડગલી ટોપી ધોતી ત્રૈણે, વસ્ત્ર આપ્યાં તેણીવાર ॥૪॥
પટ પેરાવ્યાં પ્રેમ થકી, કર્યો આદર સત્કાર । પગે લાગી મોકલી દીધા, ત્યાંથી પોતાને દ્વાર ॥૫॥

ચોપાઇ – જમીને આવ્યા ઘરે જીવન, સુવાસિની બોલ્યાં છે વચન । રસોઇ કરી જોઉં છું વાટ, તમે ક્યાં કરી આવ્યા આ ઘાટ ॥૬॥
કોણે વસ્ત્ર પેરાવ્યાં તમને, કૃપા કરી કહો હરિ અમને । કેને ઘરે કર્યાં છે ભોજન, સાચે સાચું બોલો ભગવન ॥૭॥
પ્રભુ બોલ્યા નહિં કાંઇ મુખે, ગયા આંબલી હેઠે તે સુખે । ચોતરાપર્ય પોઢ્યા જઇને, પ્રભુજી શૂન્ય મુન્ય થઇને ॥૮॥
રેવતીજી થયાં છે ઉદાસ, કરવા લાગ્યાં ૧મનવિમાસ । ત્યાંથી ઉઠીને આવ્યાં છે પાસ, કેમ રીસાણા છો અવિનાશ ॥૯॥
પછે ગલી કરી છે પડખે, હાસ્ય કરે શ્રીહરિ હરખે । બેઠા થયા છે અંતરજામી, બોલ્યા કટાક્ષમાં બહુનામી ॥૧૦॥
તમને કહ્યું તું મેં સાક્ષાત, તેતો વિસારી મુકી છે વાત । ભમૈડો તો મંગાવીદ્યો એક, મારે રમવા માટે વિશેક ॥૧૧॥
અમારા મોટા ભાઇને કૈયે, તેતો મારવા આવે શું લૈયે । એમ કહી થયા છે ઉદાસ, સુવાસિની ધરે મન ત્રાસ ॥૧૨॥
ભાભીયે ભીડ્યા હૃદયસાથ, બોલ્યાં મસ્તકે ફેરવી હાથ । મારી ભૂલ થઇ મહારાજ, ક્ષમા કરો એ અપરાધ આજ ॥૧૩॥
ભમૈડો મંગાવી દેશું અમે, હવે રાજી થાઓ પ્રભુ તમે । કાલે લાવી આપીશું જરૂર, એવો વિશ્વાસ રાખજ્યો ઉર ॥૧૪॥
એવું સુણીને થયા પ્રસન્ન, વાલિડો બોલ્યા મુખે વચન । ગૌરીમામીયે મુને જમાડ્યો, વસ્ત્ર આપી આનંદ પમાડ્યો ॥૧૫॥
વળી પૂજા કરી છે અમારી, ભાંગી નાખી આ ભ્રાંતી તમારી । સુવાસિનીબાઇ રાજી થયાં, એવાં થકાં સદનમાં ગયાં ॥૧૬॥
ભમૈડાનો વિશ્વાસ ધારી, કૃષ્ણ પોઢી ગયા સુખકારી । જ્યારે થયો છે પ્રાતઃકાળ, વ્હેલા ઉઠ્યા છે પર્મકૃપાલ ॥૧૭॥
બહિર્ભૂમિ જઇને પોતે આવ્યા, નિજ ચરણ કર ધોવરાવ્યા । લાવ્યાં બાજોઠ તેહજ બાઇ, પૂર્વમુખે ઢાળી દીધો ત્યાંઇ ॥૧૮॥
તેના ઉપર બેઠા જીવન, વર્ણિયે કર્યું દંતધાવન । આવ્યો વાણંદ સુસ્તી એ નામે, ક્ષૌર કરાવ્યું શ્રીઘનશ્યામે ॥૧૯॥

નારાયણસરે ભગવાન, શ્રીપતિ ગયા કરવા સ્નાન । નાતાં નાતાં વીતી ગયો પોર, ઘેર્ય નાવ્યા શ્રી ધર્મકિશોર ॥૨૦॥
ધર્મદેવ ગયા જ્યારે નાવા, તે સાથે પ્રભુજી ઘેર આવ્યા । નિત્યવિધિ કર્યો છે નિરાંતે, પાઠપૂજા કરી બહુ ભાતે ॥૨૧॥
પછે જમવાને બેઠા જીવન, જમી તૃપ્ત થયા ધર્મતન । ચળુ કરી ઉઠ્યા અલબેલો, બારણે આવ્યા સુંદરછેલો ॥૨૨॥
લાવ્યાં ભમૈડો તેહજ બાઇ, હરિકૃષ્ણે લીધો કરમાંઇ । વેણી માધવ પ્રયાગ મિત્ર, સખા સહિત ચાલ્યા પવિત્ર ॥૨૩॥
ગયા ગામના ચોરા મોઝાર, ત્યાં રમત રમ્યા ઘણીવાર । એટલામાં બની બીજી વાત, સુણો રામશરણ સાક્ષાત ॥૨૪॥
બમનીપુરનો જે દિવાન, તેને મન ઘણું અભિમાન, આવ્યા છુપૈયાપુર મોઝાર, સાથે સીપાઇ છે ઘણા ત્યાર ॥૨૫॥
મોતી ત્રવાડીનો કાંઇક વાંક, આવ્યો પકડવા આડે આંક । મોતીરામને કબજે કીધા, બેઉ હાથ તેના બાંધી દીધા ॥૨૬॥
મામો થયા મન દિલગીર, જોયું ભાણેજના સામું ધીર । ભાણેજે દેખાડ્યો છે પ્રતાપ, તરત ટાળી નાખ્યો છે સંતાપ ॥૨૭॥
હાથ બાંધેલા તે ગયા છુટી, જાણે દિવાનની દોરી તુટી । રામ રૂઠે તેને કોણ રાખે, પ્રભુ બેલી તેને કોણ ચાખે ॥૨૮॥
દેખાડ્યું ભયભીત આચરણ, દિવાને દેખ્યું નજરે મરણ । વ્હાલાયે કરી છે દૃષ્ટિ વક્ર, ચડી આવ્યું યમદૂત ચક્ર ॥૨૯॥
દિવાને દેખ્યા ત્યાં યમદૂત, મોટા વિકરાળ મજ-બૂત । કાળા કાજળ સરખા દેહ, શસ્ત્ર બાંધીને આવ્યા છે તેહ ॥૩૦॥
સૈન્ય સહિત જે કારભારી, એવું દેખે ભયંકર ભારી । દોડી દોડીને મારવા આવે, કારભારીને કોણ બચાવે ॥૩૧॥
ભય પામીને નાઠો તે ભુર, પ્રાણ લઈને પાપી જરૂર । છીંન ભિન્ન થયું સૈન્ય સર્વ, ગાળી નાખ્યો છે એમનો ગર્વ ॥૩૨॥
છુપૈયાપુરના વાસી લોક, થયાં સુખી ટળી ગયો શોક । પામ્યાં આશ્ચર્ય તે નરનારી, વારે વારે જુવે છે વિચારી ॥૩૩॥
ત્યાર પછી વળી ઘનશ્યામ, સખા સંગ લઇ અભિરામ । ઇશાન ખુણે નરેચા ગામ, તેની સમીપમાં ગયા શ્યામ ॥૩૪॥
ત્યાં છે જાંબુનાં વૃક્ષ વિશેક, ફળ પાકી રહ્યાં છે અનેક । સખા સહિત તૈયાર થયા, જાંબુડાં ખાવા સારૂં ત્યાં ગયા ॥૩૫॥
સખા પ્રત્યે કહે ભગવન, જાંબુડાં ખાવાનું હોય મન । સઘળા આવો અમારી પાસ, હાથ વધાર્યા તે અવિનાશ ॥૩૬॥
જાંબુડાંની પકડી છે ડાળ, બેઉ હાથ વડે તતકાળ । હલાવી જાંબુ હેઠાંજ પાડે, સખાઓને સુખેથી જમાડે ॥૩૭॥
જેને જેટલાં જમવાં હોય, સારી પેઠે ખાવો આવી કોય । વળી ખોળા ભરી લેજ્યો ખાંતે, નારાયણ કહે છે નિરાંતે ॥૩૮॥
એવામાં આવ્યા છે રખવાળ, એને વ્યાપી ગયો ઘણો કાળ । જેષ્ટિકા લીધી છે કરમાંયે, આવ્યો દોડીને મારવા ત્યાંયે ॥૩૯॥
તેને આવતો દેખ્યો પ્રભુયે, કર લાંબો વધાર્યો વિભુયે । હાથ ઝાલીને પાછો હઠાવ્યો, ધરણી પર તેને ધસાવ્યો ॥૪૦॥
તેનો ઉતરી ગયો છે હાથ, ચકી ખાઇ પડ્યો પૃથ્વીમાથ । તે સમે હરિકૃષ્ણ કૃપાળ, સખા સહિત નાઠા તતકાળ ॥૪૧॥
આવ્યા છુપૈયાપુર પાવન, ગયા પોતપોતાને સદન । છાનામાના આવ્યા છે જીવન, જેમ જાણે નહિ કોય જન ॥૪૨॥
પછે બે ઘડી લાગી છે વાર, રખવાળ ઉઠ્યો તેહ ઠાર । જ્યારે આવી શરીરની શુધ, ઉભો થયો છે મતિ વિરૂધ ॥૪૩॥
ખોઇમાં નાખ્યો છે નિજ કર, આવ્યો ધર્મને ઘેર સત્વર । આવી ધર્મને તે કેવા લાગ્યો, તવ પુત્રે મુજ કર ભાંગ્યો ॥૪૪॥
સુત લાડકવાયો તમારો, તેણે ભંજવાડ કર્યો મારો । જાંબુ ખવાય તેટલાં ખાધાં, બીજાં બાકીના બગાડી દીધાં ॥૪૫॥
ધર્મ કહે તમે રખવાળ, મારા ઘનશ્યામ નાના બાળ । કદી જાંબુફળ ખાધાં હોય, ખોટી વાત કહે નહિ કોય ॥૪૬॥
પણ કોછો ભાંગી નાખ્યો હાથ, નથી મનાતું તે મન સાથ । એવું સુણીને ભાઇ જોખન, બોલ્યા રખવાળને વચન ॥૪૭॥
તમો રામદિન કોટવાલ, બોલતાં તારૂં મોઢું સંભાળ । જુવો ભાઇ જુલમ આ વાત, ઘનશ્યામે કરી એની ઘાત ॥૪૮॥
પાંત્રીવર્ષનો તું પેલવાન, જાંણે પંજાબી મહા બલવાન । ઘનશ્યામ તો છે નાનું બાળ, તેને ખોટું આરોપે છે આળ ॥૪૯॥
બોલતાં નથી થાતો વિચાર, તુને લાજ નથીરે લગાર । ચાલ્યો જા છાંનોમાંનો તું વાટ, બીજા કરનો થાશે આઘાટ ॥૫૦॥
એવું કહી ત્યાં ચપટી મુકી, અનંતને સકે કોણ ટોકી । સામા ઉભા છે શ્રીઅવિનાશ, વ્હાલો કરવા લાગ્યા છે હાસ ॥૫૧॥
રીસે ભરાંણો છે રખવાળ, નખશિખા સુધી ચડ્યો કાળ । કાંઇ ચાલ્યો નહિ ત્યાં ઉપાય, ઘણો પસ્તાવો મનમાં થાય ॥૫૨॥
ક્રોધાતુર થયો ગયો ઘેર, જાણે જીવન થઇ ગયું ઝેર । સર્વ લોક મળી સમઝાવે, હવે નહિ થાય કાંઇ પસ્તાવે ॥૫૩॥
નાના બાળકે ભાંગ્યો આ હાથ, વાત કેશો ન કોઈની સાથ । લોકને કેશો તો જાશે લાજ, અમે સત્ય કૈયે છૈયે આજ ॥૫૪॥
મન સમઝી ગયો તે સાર, વાત કાઢી નહિ ઘરબાર્ય । લાજથી તે ન બોલ્યો લગાર, કરે પસ્તાવા સાથે વિચાર ॥૫૫॥
અનેકનો કરવા ઉદ્ધાર, વ્હાલો કરે લીળાનો વિસ્તાર । મુક્ત હોય તે જાણે છે પર્મ, બીજા શું સમઝે એનો મર્મ ॥૫૬॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિ મોતી ત્રવાડીને રાજાના બંધનથી છોડાવ્યા એ નામે સતાવનમો તરંગ ॥૫૭॥

પૂર્વછાયો – છુપૈયાનો મહિમા રૂડો, લહે નહિ કોઇ અંત । રાત દિન લીલાઓ કરે, જ્યાં બહુનામી બલવંત ॥૧॥
મેઘ ન વર્સ્યો એક સમે, ઘણા દિન પડી તાણ । મેઘ ઉજાણી નીકળવા, કર્યો વિચાર પ્રમાણ ॥૨॥
ચોપાઇ – ધર્મ ભક્તિને રામપ્રતાપ, હરિકૃષ્ણ વસરામ આપ । મોતીત્રવાડી સુરજાબાઇ, વીરજાત્રવાડી લક્ષ્મી ત્યાંઇ ॥૩॥

એ આદિક બીજા ઘણા જન, સંબંધી સાથે નિર્મલ મન । બ્રાહ્મણ ક્ષત્રી વૈશ્ય વેપારી, કુટુંબી સહિત નિર્વિકારી ॥૪॥
સર્વે નીકળ્યા પુરથી બાર્ય, ઉજાણી જવા મન વિચાર । મીનસાગર કાંઠે પાવન, ત્યાં ચુડહાનામે રૂડું વન ॥૫॥
તેમાં જઈ કર્યો છે પડાવ, નરનારીનો ત્યાં ઘણો ભાવ । ગામ સુરવાળના જન આવ્યા, ધર્મદેવતણે મન ભાવ્યા ॥૬॥
મથુરા મલ્લ કાયથ જેહ, નામ મખનલાલ છે તેહ । કૃષ્ણદત્ત ઠાકોરપ્રસાદ, આવ્યા સર્વે તજીને પ્રમાદ ॥૭॥
કર્યો મુકામ તેમણે ત્યાંયે, છુપૈયાપુર વાસી છે જયાંયે । મેઘઉજાણી માટે તે મળ્યા, ચુડહાવનમાં આવી ભળ્યા ॥૮॥
કૃષ્ણદત્ત પાંડે આદિનામ, મળ્યા ધર્મને ભેટ્યા તમામ । કર્યો આદર બહુ સત્કાર, બેઠા ધર્મ પાસે તેણીવાર ॥૯॥
હરિપ્રસાદજી તેહ ઠાર, કરે શાસ્ત્રની વાત વિચાર । ભારતાદિક જે ઈતિહાસ, તેની વાત કરે છે હુલ્લાસ ॥૧૦॥
બીજી બાયું કરે છે રસોઇ, અતિઆનંદથી પ્રીત પ્રોઇ । જયારે રસોઈ થઈ તૈયાર, કર્યાં નૈવેદ્ય સુંદર સાર ॥૧૧॥
મેઘરાજાને મન સંભારી, બેઠા જમવા ત્યાં નરનારી । જમીને ચળુ કર્યાં છે ત્યાંયે, પાનબીડાં લીધાં મુખમાંયે ॥૧૨॥
બેઠા આવીને ધર્મની પાસ, ઉરમાં કરી ઘણો હુલ્લાસ । એવે સુરવાળે બની વાત, અગ્નિ લાગી ઉઠ્યો અકસ્માત ॥૧૩॥
ઉંચી જવાળાઓ ચાલી ગગન, ભયભીત થયાં બહુ મન । ગામ કેડે સઘળે વિટાયો, પ્રજ્વલિત પ્રકાશ દેખાયો ॥૧૪॥
લીલા પીળા રાતા રંગ થાય, જાંબુવર્ણે તે વહ્નિ દેખાય । અગ્નિએ ગામને ઘેરી લીધું, જાણે બાળીને ભસ્મજ કીધું ॥૧૫॥
સુરવાળતણાં વાસી જન, તેનાં ઉદાસી થયાં છે મન । કૃષ્ણદત્ત પાંડે આદિ જેહ, હાહાકાર કરે સહુ તેહ ॥૧૬॥
ઉભા થઈ કરે છે પોકાર, ત્રાસ પામ્યા છે સહુ અપાર । બબે હાથ ઉંચા કરી કે છે, ઈષ્ટદેવનાં નામ જ લેછે ॥૧૭॥
હે રઘુપતિ હે રામચંદ્ર, હે મારૂતી તમે છો બલીન્દ્ર । આવા સંકટે કરો સહાય, હવે તો નથી બીજો ઉપાય ॥૧૮॥
અમે તો તમ શરણ રૈયે, વળી તમારાં બાળક છૈયે । એવી સર્વની સુણીને ગીર, ધર્મદેવ આપે છે ત્યાં ધીર ॥૧૯॥
તમે ગભરાશો નહિ મન, રક્ષા કરશે શ્રીભગવન । ઘનશ્યામે જાણી લીધું મન, કર્યું પિતાનું સત્ય વચન ॥૨૦॥
એમ જાણી ઈચ્છા ઉર લાવી, ચંદનપુષ્પ વૃષ્ટિ કરાવી । વ્હાલાએ વહ્નિ બુઝાવી નાખ્યો, સુરવાળતણો રંગ રાખ્યો ॥૨૧॥
એમ પ્રગટ પર્ચો દેખાડ્યો, અગ્નિને તરત શાન્ત પમાડ્યો । માટે અદ્ભુત ચરિત્ર જોઈ, સર્વે લોક રહ્યાં મનમોઈ ॥૨૨॥
કૃષ્ણદત્ત આદિ થયા મગ્ન, કહે ધર્મને થૈ એક લગ્ન । અગ્નિ શાન્ત પડી ગયો આજ, તમારા પ્રતાપે મહારાજ ॥૨૩॥
ધર્મદેવ કહે સુણો વાત, તેની વિક્તિ બતાવું વિખ્યાત । અગ્નિ શાન્ત પમાડ્યો છે જેણે, કરી સંકટે સહાય તેણે ॥૨૪॥
તેનાં દર્શન થાય તમને, એવો નિશ્ચે થયો છે અમને । સુરવાળ તરફથી એવ, આવતા દેખ્યા શ્રીવાસુદેવ ॥૨૫॥
કંઠે પુષ્પના હાર અપાર, પેરી લીધા છે નાના પ્રકાર। પુષ્પની ભરેલ બે છડીયો, પ્રભુજીયે કર પકડીયો ॥૨૬॥
એવા આવે છે ધર્મકુમાર, દેખી ઉભાં થયાં નરનાર્ય । દોડીને ગયા તે સામા સર્વ, પગે લાગી બોલ્યા તજી ગર્વ ॥૨૭॥
હે હરિકૃષ્ણ હે ઘનશ્યામ, અમને ઉગાર્યા આણે ઠામ । માટે તમે છો પૂરણબ્રહ્મ, અમે જાણી લીધો એહ મર્મ ॥૨૮॥
એમ કહીને સર્વસંગાથ, આવ્યા ધર્મ સમીપે સનાથ। ધર્મ પાસે જુવે સહુ જન, પાસે બેઠા દીઠા ભગવન ॥૨૯॥
પામ્યા આશ્ચર્ય જોઈ બે રૂપ, આતો અકળ વાત અનુપ । હરિપ્રસાદના છે જે તન, બન્ને રૂપે થયા બલવન ॥૩૦॥
એકરૂપે પિતા પાસે રયા, બીજે રૂપે સુરવાળ ગયા । ત્યાં જઈને એ અગ્નિ બુઝાવ્યો, દુઃખ ડુંગર પાછો હઠાવ્યો ॥૩૧॥
પરસ્પર કહે ધરી પ્રીત, ખોટી નથી આ વાત ખચીત। એમ કે છે અન્યો અન્ય જન, થયા એકરૂપે ભગવન ॥૩૨॥
એવું ચરિત્ર જોઈ તે ઠાર, પામ્યા આનંદ જન અપાર । પ્રભુપણાનો નિશ્ચય થયો, સર્વેનો સંશય ટળી ગયો ॥૩૩॥
મહાપ્રભુને કર્યા પ્રણામ, ગયા પોતપોતાતણે ગામ । સૃષ્ટિમાંહી વૃષ્ટિ થવા લાગી, ભીડ સર્વે જનોની ત્યાં ભાંગી ॥૩૪॥
જયકાર કરે સહુ લોક, સર્વે જનના ટળીયા શોક । પિતા આદિ સાથે મહારાજ, છુપૈયામાં આવ્યા સુખસાજ ॥૩૫॥
અગ્નિ બુઝાવ્યો આવ્યો પર્જન્ય । તેથી હર્ષ વધ્યો ઘણો મન । વળી બોલ્યા અવધપ્રસાદ, સુણો રામશરણ સંવાદ ॥૩૬॥
મંગલકારી શ્રીઘનશ્યામ, મનોહર મૂર્તિ સુખધામ । કરી લીલા બળેવને દિન, તેની વાત કરૂં છું નવિન ॥૩૭॥
બંધુ પિતા સંગે બહુનામી, સ્નાન કરવા ચાલ્યા છે સ્વામી । પ્રાતઃકાળમાં તૈયાર થયા, નારાયણસરોવરે ગયા ॥૩૮॥
શૌચવિધિ કર્યો છે જે ત્યાંય, સ્નાન કાજ પેઠા જળમાંય । સારી રીતે કર્યું છે મજ્જન, પછે બાર્ય આવ્યા ભગવન ॥૩૯॥
તેસમે આવ્યા દેવ અનંત, વસ્ત્ર ઘરેણાં લઈ મહંત । તે પેરાવ્યાં પ્રભુજીને અંગે, કરે સ્તવન ઉર ઉમંગે ॥૪૦॥
બોલે નમ્ર થઈને તે દેવ, સુણો અક્ષરાધિપતિ એવ। રૂડો બળેવનો દિન આજ, માટે આજ્ઞા આપો મહારાજ ॥૪૧॥
પૂજા કરવાની ઈચ્છા અમને, કરીયે પ્રારથના તમને । ત્યારે શ્રીહરિ કે બહુ સારૂં, આવો પૂજા કરો તમે વારૂ ॥૪૨॥
પાસે આવ્યા છે અમર પ્રીતે, પૂજાઓ કરી છે રૂડી રીતે । રક્ષાબંધન કર્યાં તે કાળે, કંકુ ચાંદલા કર્યા છે ભાલે ॥૪૩॥
પગે લાગી સામા ઉભા રહ્યા, સર્વે દેવ સંતોષીત થયા । એક બીજાને કે વળી ખ્યાત, ચાલી છુપૈયાપુરમાં વાત ॥૪૪॥
દોડી દોડી આવ્યાં નરનારી, જુવે જ્યાં રહ્યા છે સુખકારી । રાખડીયેથી ભરાયા હાથ, ત્યારે વિચારે છે યોગીનાથ ॥૪૫॥

કોટિશીર્ષા સ્વરૂપ સોહાવ્યું, અતિ અદ્ભુત વપુ બતાવ્યું । હજારો હજારે મુખ જોય, અવયવ સોત થયા સોય ॥૪૬॥
અલૌકિક થયાં છે દર્શન, દેવાદિ થયા સર્વ પ્રસન્ન । બાકી રહ્યાતા બીજા જે દેવ, તેમણે પૂજા કરી છે એવ ॥૪૭॥
કંકુ ચાંદલા કર્યા અપાર, બાંધી રક્ષાયો સુંદર સાર । પગે લાગી ઉભા કરી પ્રેમ, નારાયણસરોવરે એમ ॥૪૮॥
મરાળવેષ્ટિત જેમ સર, એવા શોભી રહ્યા યોગીવર । સરોવર પાછળે સઘળે, થઇ ભીડ્ય દેવની તે સ્થળે ॥૪૯॥
ઈશના ઈશ કાળના કાળ, દેવના દેવ ધર્મના બાળ । કરે પ્રારથના સહુ દેવ, વળી પુષ્પ વરસાવે એવ ॥૫૦॥
તે ટાણે શ્રીહરિ બલવન, બોલ્યા પિતાના પ્રત્યે વચન । હે પિતાજી ચાલો જૈયે ઘેર, કરો બેઠક ત્યાં રૂડીપેર ॥૫૧॥
એવું સુણીને હરિપ્રસાદ, ત્યાંથી ઉઠ્યા છે આણી આહ્લાદ । બેઉ પુત્ર સહિત પાવન, સાથે બીજા છે હજારો જન ॥૫૨॥
આવ્યા ઘર આગે ચોક જ્યાંયે, આંબલીહેઠે ચોતરો ત્યાંયે । કોટિશીર્ષા બેઠા છે તે સ્થળે, ત્યારે ભાભી આવ્યાં છે તે પળે ॥૫૩॥
બીજી બાયું ભરાણી છે ઘણી, શોભા જુવે છે શ્રીહરિતણી । અલૌકિક સ્વરૂપ દેખાય, સુવાસિની આદિ હરખાય ॥૫૪॥
તેવે સમે આવ્યા છે ગણેશ, સુધી બુધી સહિત જ એશ । લક્ષ લાભ બેઉ પુત્ર સંગે, નિજવાહન સોત ઉમંગે ॥૫૫॥
આવતા જોયા શ્રી અવિનાશે, ઉભા થૈને મળ્યા અવકાશે । ૧શૈલસુતા સુતે પૂજ્યા હરિ, કરે પ્રારથના ફરી ફરી ॥૫૬॥
દુંદુભીતણા શબ્દ અપાર, થવા લાગ્યા આકાશ મોઝાર । અતિ આનંદ આનંદસાર, થઇ રહ્યો જય જયકાર ॥૫૭॥
પછે આજ્ઞા માગીને ત્રિદશ, થયા આકાશ માર્ગે અદશ્ય । શ્રીહરિયે ધર્યું મૂળરૂપ, બેઠા બાળકરૂપે અનુપ ॥૫૮॥
મહા અદ્ભુત દેખ્યું ચરિત્ર, સહુ જન થયાં છે પવિત્ર । ગયાં પોતપોતાને ઠેકાણે, પ્રભુના પ્રભુ હરિને જાણે ॥૫૯॥
નારાયણસર છે પરવ, સર્વતીર્થમય જાણો સરવ । વિપ્રબળેવને દિન જાય, એહ સરોવરમાંહિ નાય ॥૬૦॥
બાંધે રાખડીયો શુભ મન, તેપર હરિ થાશે પ્રસન્ન । ધર્મ અર્થ મોક્ષ અને કામ, આપે ચાર પદારથ શ્યામ ॥૬૧॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે ધર્માદિક ચુડહાવનમાં મેઘઉજાણી કરવા ગયા એ નામે અઠાવનમો તરંગ ॥૫૮॥

રાગ સામેરી – નીપાલદેશની સેનાયો, નીકળી તીરથે જેહ । દેશાંતરે ફરતી ફરતી, આવી ચડી છે તેહ ॥૧॥
ગંડકી ગંગામાંથી લાવી, સુંદર શાલગ્રામ । અવધપુરીયે જાય છે, વચ્ચે આવ્યું છુપૈયાગામ ॥૨॥
ખંપાસરોવરે આવીયો, કરીને મનમાં ભાવ । અસ્ત્ર શસ્ત્ર સાથે લઇને, પ્રીતે કર્યો ત્યાં પડાવ ॥૩॥
ગજ રથ ઘોડા ને ડંકા, અબ્દાગરી નિશાન । જંજાળ્યું તોપો તીર તિખા, અસી છરા ને કબાન ॥૪॥
ગુપ્તિયો સાંગ્યુ ભાલા ફર્શિ, લાકડીયો ને કટાર । ચિપીયા ને તુરીયો પાસે, હજારો છે હથીઆર ॥૫॥
ઠાકોરજીને દૂધ પાવા, ગૌવા ઘણી છે સંગ । દશ વિશ ભાગે વિષ્ણુનાં, સિંહાસન છે અભંગ ॥૬॥
દેરા તંબુને રાવટિયો, શિબિકા આદિ સામાન । સોસોને ટુકડે સેનાયો, આવી છે કરવા હેરાન ॥૭॥
જુદે જુદે વિભાગ કરી, ઉતરી જુજવે સ્થાન । તે સેનાયોને જોવા સારૂં, ગયા છે શ્રીભગવાન ॥૮॥
વેણી માધવ પ્રાગ આદિ, મોટાભાઇ છે સાથ । ખંપાસર ઉપર આવ્યા, દીનબંધુ દીનોનાથ ॥૯॥
તેમાંથી કેટલા સેનાવાલા, આવ્યા છુપૈયામાંય । નામ પુછીને ચાલ્યા ગયા, ધર્મતણું ઘર જ્યાંય ॥૧૦॥
આંગણા આગળ આવીને, પુછ્યું ધર્મ કોનું નામ । હરિપ્રસાદ કહે હર્ખે, મારું છે એહ નામ ॥૧૧॥
ત્યારે તે સર્વે બોલિયા, સિધાં અપાવો ઉદાર । નામ તમારૂં જાણી આવ્યા, અમો છૈયે એક હજાર ॥૧૨॥
ધોકા ને ચિપીયા પછાળે, બળ કરીને ત્યાંય । ગામ ધણી મોતીત્રવાડી, ત્રાસ પામ્યા મનમાંય ॥૧૩॥
ભય પામીને નાઠા તેતો, ગયા ગાયઘાટ ગામ । હરિપ્રસાદ વિચારે છે, શું કરવું હવે કામ ॥૧૪॥
ધર્મદેવ કે સુણો સંત, મારૂં વાક્ય મહારાજ । હજારમૂર્તિ જમે તેટલો, પિષ્ટ નથી હાલ આજ ॥૧૫॥
વળી નાનું છે ગામ આતો, ક્યાંથી સિધું એમ હોય । પણ બેશો ધીરજ રાખી, સેવા કરીશ હું શોય ॥૧૬॥
ત્યારે કે તમને ઓળખિયે, બીજાનું નથી કામ । સર્વે સિધાં તમેજ આપો, ગમે તો ખરચો દામ ॥૧૭॥
ચિંતા થઇ ધર્મદેવને, હવે શું કરવું કામ । મોતીત્રવાડી નાશી ગયા, ઘરે નથી ઘનશ્યામ ॥૧૮॥
ઉઘરાણું થાત ગામમાં, મહાજનોને પાસ । હું એકલો હવે શું કરૂં, કેમ બને તે પ્રયાસ ॥૧૯॥
એમ ચિંતા કરતા છતા, બેઠા મન ધરી ટેક । શ્રીઘનશ્યામે જાણી લીધું, પિતાના મનનું વિશેક ॥૨૦॥
જ્યેષ્ઠબંધુને સાથે લૈને, શ્રીહરિ આવ્યા સદન । પિતાજીને કહેવા લાગ્યા, કેમ ઉદાસી છો મન ॥૨૧॥
શું કરવા ચિંતા કરો છો, બીજાનું શું કામ । આપણા ઘરમાં સિધું છે, પુરું થશે એ તમામ ॥૨૨॥
જે જોઇએ તે નિકળશે, જુવોને ઘર મોઝાર । સિધાં સર્વે આપણે આપો, શીદ કરો છો વાર ॥૨૩॥
એવું સુણી હીંમત આવી, હરિપ્રસાદને મન । સુવાસિની ત્યાં સિધું લાવ્યાં, મનમાં થઇ મગન ॥૨૪॥

સાકર ઘૃત દાળ ચોખા, લાવ્યાં ઉમંગે લોટ । જે સામાન જોયે સિધાંમાં, તેની રહી નહીં ખોટ ॥૨૫॥
જેટલાં જોયે તે સિધાં, દીધાં ધર્મે ઉદાર । તે સર્વેના કેવા પ્રમાણે, આપ્યું છે નિરધાર ॥૨૬॥
તોપણ ખુટ્યું નહિ ત્યાંથી, ભર્યું રહ્યું ભરપુર । સુવાસિની તે લઇ ગયાં, પાછું ઘરમાં જરૂર ॥૨૭॥
પછે તે સિધાં લઇ ચાલ્યા, મનમાં થયા મગન । જઇ કરી રસોઇ રૂડી, નૈવેદ્ય રૂડાં ભોજન ॥૨૮॥
પછે પોતે ધર્મદેવ, સાથે લીધા બેઉ તન । તે ખબર્ય કાઢવા ગયા, જોડે બીજા ઘણા જન ॥૨૯॥
ત્યારે તે રાજી થયા થકા, કર્યો બહુ સત્કાર । પ્રેમવડે કરે પ્રશંસા, વખાણે વારંવાર ॥૩૦॥
સિધું તો બહુ સારૂં આપ્યું, એવું ન આપે કોઇ । પુત્ર તમારા ઈશ્વર છે, એવી સત્તા અમે જોઇ ॥૩૧॥
હિંમત આપી ઘનશ્યામે, સિધાં દેવાની સાર । થોડામાં પરિપૂર્ણ કર્યું, જમાડ્યા સાધુ હજાર ॥૩૨॥
વળી તેમાંથી વધી પડ્યું, તે લૈ ગયા ઘરમાંય । આશ્ચર્ય પામ્યા અમે સર્વે, આવું ન દેખ્યું ક્યાંય ॥૩૩॥
આતો છે અવતારી પ્રભુ, અમે જાણ્યું એ જરૂર । એમ કહી આસન આપ્યું, ઉમંગ કરીને ઉર ॥૩૪॥
પ્રારથના કરે પ્રેમથી, સર્વે મુકી દેઇ માન । સ્નેહવડેથી શ્રીહરિનું, કર્યું છે બહુ સનમાન ॥૩૫॥
ત્યાંથી ઉઠીને જોવા લાગ્યા, બીજી જગાયે માવ । એક સેનાનો છે ટુકડો, તિયાં ગયા કરી ભાવ ॥૩૬॥
તેમાં એક અતિશે ક્રોધી, ધર્મથી કર્યો તો વિવાદ । કટુક વચન બોલ્યો હતો, કરીને ઉંચો સાદ ॥૩૭॥
ત્યારે તે વાઘાંબર પર, બેઠો કરીને આસન । પોતાની અસી હલાવે છે, મનમાં થઇ મગન ॥૩૮॥
એ સિંહચર્મ દેખી વ્હાલો, કહે પિતાજીને પેર । હે દાદા આ ચર્મ લઇને, ચાલો આપણે ઘેર ॥૩૯॥
એવું સુણીને તેહ બોલ્યો, ક્યા કેતાહે ઓ બાળ । ધર્મ કે આ ચર્મ માગે છે, વાઘાંબર જે વિશાળ ॥૪૦॥
ગર્વતણે ઘોડે ચડેલો, ત્યારે તે બોલ્યો વચન । તીનસો રૂપૈયા બેઠેગા, ક્યા જાણતા હે મન ॥૪૧॥
પ્રભુ સમજ્યા અંતરમાં, અભિમાન છે અપાર । ત્યાગીને તો ગર્વ ન શોભે, ખચિત થાય ખુવાર ॥૪૨॥
એવું ધારી યોગિપતિયે, ઈચ્છા કરી તતકાળ । તે ચર્મનો થયો કેસરી, ભયંકર વિકરાળ ॥૪૩॥
ત્યારે તેણે નજરે જોયો, પામી ગયો તનત્રાસ । ચમકી ગયો ચિત્ત ફટક્યું, ઉભો થયો ઉદાસ ॥૪૪॥
અરરર ઓ બાપલીયા, મારી નાખ્યો મુને આજ । મૃગેન્દ્રની આ ઝડપથી, મુકાવો મહારાજ ॥૪૫॥
પોકાર સુણી બીજા સંત, નાઠા લઇને પ્રાણ । દશ દિશામાં દોડવા લાગ્યા, ભારે પડ્યું છે ભંગાણ ॥૪૬॥
આસન વસન શસ્ત્રને, મુકીને નાઠા સર્વ । જન્મારાની ખોડ ભુલ્યા, ગળી ગયો છે ગર્વ ॥૪૭॥
શ્રીહરિયે પાછા બોલાવ્યા, આપી સર્વેને ધીર । સિંહ કોઇને નહિ મારે, ધ્રુજાવશો માં શરીર ॥૪૮॥
આતો છે અભિમાની અર્થે, સંતને સંકટ નોય । માટે બીશો નહિ મનમાં, આવો મુજ પાસે જોય ॥૪૯॥
એવું સુણીને અભિમાની, વદે છે નમ્ર વચન । છેટેથી દીન થઇ કે છે, ક્ષમા કરો ભગવન ॥૫૦॥
અપરાધ સામું જોશો નહિ, દુર્ગુણ ધરો ન ઉર । પ્રણતપાળ દયાળ છો, શાર્દુલને કરો દૂર ॥૫૧॥
પર્મ દયાળુ પ્રભુજીને, દયા આવી છે અપાર । મૃગેન્દ્રને ત્યાં રજા આપી, જોતાં જન હજાર ॥૫૨॥
કાળસમો વિકરાળ મારે, ફાળ ઉપરે ફાળ । બગીહાવનમાં નાશી ગયો, જટિલોની મટી જાળ ॥૫૩॥
અભિમાની ને બીજા સંત, આવ્યા પ્રભુની પાસ । ચરણકમળમાં શીષ મુકી, પ્રારથના કરે તાસ ॥૫૪॥
અભિમાની સ્તુતિ કરે છે, મુકીને માન ગુમાન । ચરણકમળમાં શીષ નમાવી, પ્રભુને દેછે માન ॥૫૫॥
ધર્મદેવ આ પુત્ર તમારા, સાક્ષાત છે રામચંદ્ર । ઈષ્ટદેવ અમારા એતો, બહુનામી છે બલીંદ્ર ॥૫૬॥
એવું કહી આશ્ચર્ય પામ્યા, પોતાના મનમાં અપાર । ધર્મદેવે તે સર્વેનો, કર્યો ઘણો સત્કાર ॥૫૭॥
પોતપોતાની સેના લઇ, ચાલિયા છે રે ત્યાંયે । અવધપુરી ગયા સર્વે, સમજ્યા તે મનમાંયે ॥૫૮॥
ધર્મદેવ તો ઘરે આવ્યા, લઈને બેઉ કુમાર । પુરવાસીને વાત કરી, અથ ઈતિ વિસ્તાર ॥૫૯॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિએ ધર્મદેવની પાસે સંતજનને સિધાં અપાવીને ઐશ્વર્ય દેખાડ્યું એ નામે ઓગણસાઠમો તરંગ ॥૫૯॥

પૂર્વછાયો – એક સમયે જન્મતિથિ, જગજીવનની સાર । વશરામાદિ બીજા સર્વે, પુરવાસી તે ઠાર ॥૧॥
ભેગા થઇ આવ્યા ઉમંગે, ધર્મદેવને દ્વાર । આંબલી હેઠે ચોતરા ઉપર, બેઠા હર્ખે અપાર ॥૨॥
ઢોલ મૃદંગ વગાડે છે, ગાવા લાગ્યા કીર્તન । તે સમે ઉચ્છવમાં બેઠા, ધર્મ અને જોખન ॥૩॥
ઉચ્છવમાંહી વાર થઇ, આંબલી હેઠે ત્યાંય । પ્રભુ પોઢ્યા છે પલંગમાં, ઘરની ઓસરી જ્યાંય ॥૪॥

ઢોલકનો શબ્દ સાંભળી, બેઠા થયા બલવન । શાંનો ઉચ્છવ આ થાય છે, એમ વિચારે મન ॥૫॥

ચોપાઈ – મારા જન્મ દિવસનું ટાણું, એમ શ્રીહરિયે મન જાણ્યું । કરે ઉચ્છવ આવીને કોયે, ત્યારે પ્રસાદ આપવો જોયે ॥૬॥
એવું ધારી ઈચ્છા મન કીધી, આવી ઉભી છે ત્યાં અષ્ટસિદ્ધિ । થાળ ભરીને પતાસાં લાવી, ઉભી રહી છે શીશ નમાવી ॥૭॥
ત્યાંથી લીધો શ્રીહરિયે થાળ, લઈ આવ્યા ઉચ્છવમાં લાલ । મોટાભાઈ સામે બેઠા હરિ, પછે બોલ્યા છે વિચાર કરી ॥૮॥
સુણો ભાઈ કહું એક વાત, હવે વીતી જવા આવી રાત । આપો ઉચ્છવીયાને પ્રસાદ, સર્વે ઘેર જાય આહલાદ ॥૯॥
એવું કહીને ઉઠ્યા છે પોતે, વેંચી આપ્યો છે પ્રસાદ જોતે । પતાસાં લીધાં છે સર્વે જન, પામ્યા આનંદ ગયા સદન ॥૧૦॥
ઘનશ્યામને કર્યા પ્રણામ, ચાલ્યા પોતપોતાને રે ઠામ । મોટાભાઈ સહિત મોહન, સલુણેજીયે કર્યું શયન ॥૧૧॥
વીતી રજની થયો સવાર, ભક્તિમાતા ઉઠ્યાં તેણીવાર । મૂર્તિનાં બેન વસંતાબાઈ, તેના પુત્ર માણકધરભાઈ ॥૧૨॥
માણક ઈચ્છારામ બે ભ્રાત, તેમને જમવા આપ્યો ભાત । ગોમતી ગાયનું લાવ્યાં દૂધ, માતાયે આપ્યું બન્નેને શુદ્ધ ॥૧૩॥
ત્યારે બોલ્યા છે જીવનપ્રાણ, સુણો માતા કહું શુભ વાણ । ગોલોકમાંથી સુરભી આવી, ગોમતીગાય મુજને ભાવી ॥૧૪॥
અમને પય પાવા કારણે, આવીછે તે આપણે બારણે । માટે અમને લાગી છે ભુખ, લાવો પીવા આપો થાય સુખ ॥૧૫॥
પય સાકર ભેગું કરીને, માતાયે આપ્યું છે શ્રીહરિને । તેનું પાન કર્યું ભગવન, માતા પિતા થયાં છે પ્રસન્ન ॥૧૬॥
એક સમયમાં ધર્મતાત, વિચારીને કીધી રૂડી વાત । રામપ્રતાપજી ઈચ્છારામ, મોતીત્રવાડી ને વશરામ ॥૧૭॥
એ આદિ બીજા સંબંધી જેહ, સહુ ભેગા કરી બોલ્યા તેહ । કૃષ્ણને દીધી છે મેં જનોઈ, સંબંધી સહુ જાણોછો સોઈ ॥૧૮॥
તેનો ફરી કરવો છે વિધિ, માટે વાત પુછું છું હું પ્રસિધી । અયોધ્યાપુરી જઈ કરવું, કે છુપૈયે રહી આદરવું ॥૧૯॥
એમાં શું છે તમારો વિચાર, સંબંધી સહુ કો મુને સાર । બોલ્યા સંબંધી તે દેઈ માન, વળી મન થયા હર્ષવાન ॥૨૦॥
સુણો દાદા અમારી અરજી, જેમ તમારી હોય મરજી । તમે આગળથી ત્યાંહાં જાવો, શુભ મુહૂર્ત તૈયારી કરાવો ॥૨૧॥
એમ સર્વેને તે પુછી લીધું, પોતે જવાનું પ્રયાણ કીધું । શુભ મુહૂર્ત જોયું તેવાર, ધર્મ ભક્તિ ને ત્રૈણે કુમાર ॥૨૨॥
સુવાસની સહિત સધાવ્યાં, છુપૈયેથી અયોધ્યાયે આવ્યાં । બ્રહટાશાખાનગર નામ, તેમાં છે જે પોતાનું મુકામ ॥૨૩॥
રુડે રંગે ઉમંગે હુલ્લાસ, કર્યો પોતાના ઘરમાં વાસ । ઉપાધ્યાય હરિકૃષ્ણ એક, વિપ્ર વિદ્વાન છે તે વિશેક ॥૨૪॥
તેની ગતિ મતિ અતિસારી, જ્યોતિષી વિવેકી અવિકારી । રેછે પોતાના મુકામસામે, ઉતરાદિ કોરે રૂડે ઠામે ॥૨૫॥
તેને બોલાવ્યો પોતાની પાસ, મુહૂર્ત નિશ્ચે કર્યો હુલાસ । જોયે તે લાવ્યા સર્વે સાહિત્ય, અતિ ઉમંગથી રૂડી રિત્ય ॥૨૬॥
ઘૃત સાકર આદિ રસાળ, સર્વે ચીજો લાવ્યા તતકાળ । ઘર આગલ્ય ચોક પ્રત્યક્ષ, ત્યાં છે લીંબનું વૃક્ષ સમક્ષ ॥૨૭॥
તે હેઠે મંડપ કર્યો સાર, તેમાં શોભા રચી છે અપાર । ચિત્ર વિચિત્ર પવિત્ર રંગે, કર્યાં પુતળાં અંગ ઉમંગે ॥૨૮॥
હારો હાર અને ઠારો ઠાર, મુક્યા મંડપને અનુસાર । રાતા પીળા લીલા રૂડા કાચ, તેનું ઝાડ રચ્યું એક સાચ ॥૨૯॥
મધ્ય મંડપમાં લટકાવ્યું, શુભ પ્રસંગમાં તે શોભાવ્યું । તે લાગતાં સર્વ દિશામાંયે, કાચખાનું તે ગોઠવ્યું ત્યાંયે ॥૩૦॥
એમ ઘરમાં ને વળી બાર, કરી શોભા તે જગ્યા મોઝાર । ઝાકમઝોળ દેદીપ્યમાન, તેજ થયું સવિતા સમાન ॥૩૧॥
તેના મધ્યે જે કર્યો છે કુંડ, વેદવિધિ સહિત અખંડ । તેમાં રંગ ભરાવ્યા અપાર, જેમાં લીધો છે શાસ્ત્ર આધાર ॥૩૨॥
મૃગ પક્ષી ગાયો આદિ જંત, ભીંતમાં ચિતરાવ્યાં અનંત। વળી બારણાં ઘરનાં જેહ, રૂડા મંડપમાં હોય તેહ ॥૩૩॥
આસો પાલવ પત્ર મંગાવ્યાં, તેનાં તોરણ કરી બંધાવ્યાં । દ્રવ્ય માંગલિક જે સાહિત્ય, મંગાવી લીધાં સ્નેહ સહિત ॥૩૪॥
વિધિ જનોઈનો સમારંભ, ફરીને તે કર્યો છે આરંભ । દેશ પ્રદેશ ગામ પ્રગામ, સગાં સંબંધી છે જેહ ઠામ ॥૩૫॥
તેને પ્રેમસહિત તેડાવ્યાં, કંકોત્રિયો દ્વારાએ બોલાવ્યાં। સઘળાં આવ્યાં અયોધ્યાપુર, અતિ આનંદ માયે ન ઉર ॥૩૬॥
ધર્મદેવે કર્યો સત્કાર, ઉતારા આપ્યા તે ઘડીવાર । પછે કરાવ્યાં રૂડાં ભોજન, નાના પ્રકારે નિર્મલ મન ॥૩૭॥
ધર્મભક્તિ થયાં છે તૈયાર, પેર્યાં વસ્ત્ર આભૂષણ સાર । કર્યું ગણપતિનું સ્થાપન, ગોરના કેવા પ્રમાણે ધન્ય ॥૩૮॥
માતાપિતા સહિત હરિને, કરાવ્યો સંકલ્પ ત્યાં ઠરીને । દેહ પ્રાયશ્ચિત કરાવ્યાં શુદ્ધ, કર્યાં આસન બેસવા સિદ્ધ ॥૩૯॥
રામબલી બોલાવ્યો હજામ, મુંડન કરાવે ઘનશ્યામ । નિર્મલ જળે કરાવ્યું સ્નાન, યોગ્ય વસ્ત્ર કર્યાં પરિધાન ॥૪૦॥
પછે અગ્નિ સ્થાપ્યા કુંડમાંયે, હરિકૃષ્ણ ગુરુજીયે ત્યાંયે । ઘૃત જવ તિલાદિ સમીધ, પ્રીતે અગ્નિને કર્યા પ્રસિદ્ધ ॥૪૧॥
વહ્નિમાં હોમ્યું છે હુત દ્રવ્ય, પછે આપ્યું ઉપવીત ભવ્ય । તેસમે આકાશે આવ્યા દેવ, ચંદન પુષ્પથી કરે સેવ ॥૪૨॥
કરે દુંદુભીનાદ અપાર, પુષ્પ વર્ષાવે નાના પ્રકાર । બ્રહ્મચારીજી પુન્ય પવિત્ર, તેમણે લીધો છે ગુરુમંત્ર ॥૪૩॥
મૌંજી મેખલા દંડ પલાશ, ધારી લીધું પોતે અવિનાશ । બ્રહ્મમોલના નિવાસી જેહ, થયા બ્રહ્મચારીરૂપે તેહ ॥૪૪॥
માતપિતા પાસે કરી પ્રીત, ભિક્ષા માગી લીધી રૂડી રીત । ભિક્ષા આપી છે માતપિતાયે, તે લીધીછે શ્રીસુખદાતાયે ॥૪૫॥
લઈ મુકી ગુરુજીની પાસ, ગુરુયે આજ્ઞા આપી હુલાસ । હે વર્ણિરાજ સુણો વિચાર, તમે ભિક્ષા કરો અંગીકાર ॥૪૬॥

ત્યારે પરમવિવેકી શ્રીહરિ, પછે ભિક્ષા અંગીકાર કરી । એમ વ્હાલાને વિધિ સહિત, રૂડું ધરાવ્યું છે ઉપવીત ॥૪૭॥
ગુરુની આજ્ઞા લઇ અલબેલો, ભણવા ચાલ્યા કાશીયે છેલો । ચાલ્યા બટુક ઘરથી બારે, બડવો થઇ દોડ્યા તેવારે ॥૪૮॥
પ્રભુ પધાર્યા ત્યાં થકી પોતે, સગાસંબંધી સર્વને જોતે । વ્હાલો કરે છે મન વિચાર, જે માટે ધાર્યો છે અવતાર ॥૪૯॥
હવે મારે કરવું એ કામ, એમ ધારે છે પૂરણકામ । ગૂઢ સંકલ્પ એવોજ કીધો, ઉત્તરદિશાનો મારગ લીધો ॥૫૦॥
એમ દોડી ચાલ્યા ઘનશ્યામ, કેડે દોડ્યા મામો વશરામ । થાક લાગ્યો પોકી ન શકાય, તોય જોરથી ઝાલવા જાય ॥૫૧॥
પણ પોકી શક્યા નહિ તે તો, છેવટે થાકીને બેઠા એતો । છેક મનમાં થયા નિરાશ, હવે ક્યાંથી મળે અવિનાશ ॥૫૨॥
મામો બેઠા નિરાશ થઇને, વ્હાલો વિચારે છે દૂર જૈને । ધર્મભક્તિ છે પુન્ય પવિત્ર, વૃદ્ધ થયાં છે બન્ને માવિત્ર ॥૫૩॥
તેમને મુકીને ન જવાય, મુજ વિના એતો દુઃખી થાય । તેમાટે પાછો વળું હું આજ, કરૂં માબાપનું પેલું કાજ ॥૫૪॥
એમનો કરવો મારે ઉદ્ધાર, પછી વનમાં જવું નિરધાર । એમ વિચારી પાછા વળિયા, મનોહર મામાને મળિયા ॥૫૫॥
મામો મનમાં આનંદ પામ્યા, અચાનક ઉઠ્યા દુઃખ વામ્યા । કેડે બેસારીને ઘરે લાવ્યા, રૂડા પોશાગ પ્રીતે પેરાવ્યા ॥૫૬॥
આપ્યા છે પાંચ રૂપૈયા રોક, તે લીધા પ્રભુયે વિશોક । લૈને મુક્યા ગુરુજીને ચરણે, કર્યો વિચાર અશરણશરણે ॥૫૭॥
ત્યારે ગુરુ કહે બ્રહ્મચારી, રૂપૈયા લઇ લ્યો સુખકારી । આપો તમારા પિતાને હાથ, હવે જમવા બેસોજી નાથ ॥૫૮॥
ગુરુની આજ્ઞા કરી પ્રમાણ, રૂપૈયા લીધા સારંગપ્રાણ । આપ્યા પિતાજીના કરમાંયે, જમવા બેઠા રસોઇ જ્યાંયે ॥૫૯॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃત સાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિના યજ્ઞોપવિતના વિધિમાં કરેલ મંડપનું વર્ણન કર્યું ને વિધિ પૂરણથયો એ નામે સાઠમો તરંગઃ ॥૬૦॥

પૂર્વછાયો – જનોઇ વિધિ પૂરણ થયો, ધર્મે વિચારીયું મન । દક્ષિણા આપી તે ગોરને, કરાવ્યું શુભ ભોજન ॥૧॥
વિદ્વાનોની સભા કરીને, શાસ્ત્રાર્થ કર્યો અપાર । પંડિતોને પ્રસન્ન કર્યા, પૂજ્યા પ્રેમથી સાર ॥૨॥
તેને પણ પુષ્કળ આપી, દક્ષિણાયો કરી હિત । વિદાયગીરી આપી તેને, કરી મનમાં પ્રીત ॥૩॥
વિદાય કર્યો ગોરને, તે ગયા પોતાને ધામ । પ્રસન્ન કર્યા છે ધર્મને, કરીને રૂડાં કામ ॥૪॥
બીજા જે આવ્યાતા બ્રાહ્મણ, અવધપુરીમાં જેહ । તેને જમાડી તૃપ્ત કર્યા, ગયા વખાણતા તેહ ॥૫॥
સગાંને વસ્ત્રાદિ કરાવ્યાં, ભોજન નાનાપ્રકાર । વિપ્રને આપી દક્ષિણાયો, વૈરાગીને વસ્ત્ર સાર ॥૬॥

ચોપાઇ – પોતાનો દિગ્વિજય કીધો, લાવો ધર્મદેવે ઘણો લીધો । પામ્યા છે સર્વે હર્ષ અપાર, વર્તાવ્યો છે જય જયકાર ॥૭॥
વળી ગયા છુપૈયામાં તાત, સુણો શ્રોતા થઇ રળિયાત । લોહગંજરી કેરો જે બાવો, સંધ્યાગીર ચારે દિશા ચાવો ॥૮॥
નખલૌનો નવાબ છે જેહ, તે સાથે લડાઇ લીધી એહ । તેમાં ખરચવા જોઇએ દામ, સંધ્યાગીરીયે શું કર્યું કામ ॥૯॥
અવધપુર ગયા એ આસે, ગઢીના મહંતજીને પાસે । તેની સાથે કર્યો છે વેપાર, રૂપૈયા લીધા પચીસ હજાર ॥૧૦॥
ત્યાર કેડે વિત્યા ઘણા દન, થઇ ચિંતા મહંતને મન । રૂપૈયાની કરવા ઉઘરાણી, જાય મહંત મન એ જાણી ॥૧૧॥
બીજા વૈરાગીને લીધા સાથ, ચાલ્યા નાંણાં લેવા તે સનાથ । લોહગંજરીયે જાય સદ્ય, આવ્યા છુપૈયાપુરની હદ્ય ॥૧૨॥
છુપૈયાના સીમાડાને પામ્યા, મનમાં સંકલ્પ ત્યાં વિરામ્યા । ચિત્ત વેરાગીનાં થયાં શાંત, વિચાર કરે છે તે મહંત ॥૧૩॥
રુડું દિશે છે છુપૈયા ગામ, પૂર્વે આવ્યા હશે આંહી રામ । નહિ તો કોઇ ઋષિ મહંત, કરેલું હશે તપ અનંત ॥૧૪॥
ચમત્કારી છે ચુડહાવન, તે વિના શાંતિ પામે ન મન । એવો મન કરતા વિચાર, આવ્યા નારાયણસર સાર ॥૧૫॥
વસ્ત્ર ઉતારીને નાયા સર્વ, થયો પ્રભુમાં પ્રેમ અપૂર્વ । તે સમે આવ્યા ત્યાં વશરામ, વેરાગીયે કહ્યું તે તમામ ॥૧૬॥
ત્યારે વશરામ કે વચન, અહો સંત સુણો કરી મન । પૂર્વની વાત જાણું ન અમે, પણ સત્ય કહું સુણો તમે ॥૧૭॥
અમારા ભાણેજ ઘનશ્યામ, પ્રગટ થયા છે આણે ઠામ । સદા સર્વદા તે સુખકારી, અવતારના છે અવતારી ॥૧૮॥
એનો કોઇ નવ જાણે મર્મ, પોતે પ્રગટ્યા પૂરણબ્રહ્મ । અક્ષરાધિપતિ અવિનાશી, બ્રહ્મમોલના છે તે નિવાસી ॥૧૯॥
એવું કહી ગયા વશરામ, વેરાગીયે વિચાર્યું તે ઠામ । આવ્યા છુપૈયાપુરનીમાંયે, ધર્મદેવનું આંગણું જ્યાંયે ॥૨૦॥
ઢોલિયો ઢાળ્યો ત્યાં વિશાળ, તેમાં બેઠા છે ભક્તિના બાળ । તારે તે જુવે આવીને પાસ, તેને જાણી ગયા અવિનાશ ॥૨૧॥
તેમનાં ખેંચી લીધાં છે ચિત્ત, અંતર્યામીપણેથી અમિત । તેમનો નિશ્ચે થાવાને મન, દયાળુએ દીધાં દર્શન ॥૨૨॥
વાલો વૈકુંઠવાસી અનૂપ, થયા લક્ષ્મીનારાયણરૂપ । નંદ સુનંદ અનંત મુક્ત, દેખાણા શ્રીહરિ તેણે યુક્ત ॥૨૩॥
ચતુર્ભુજ અલૌકિક વેશે, દીધાં દર્શન દેવ દેવેશે । ક્ષણ એક સુધી એમ કીધું । પાછું ઐશ્વર્ય છુપાવી લીધું ॥૨૪॥
પામ્યા આશ્ચર્ય એવું નિરખી, કરે પ્રારથના મન હરખી । તારે બોલ્યા તે મિષ્ટ વચન, તમે સાક્ષાત છો ભગવન ॥૨૫॥
અમારા ઇષ્ટ જે રઘુવીર, એજ તમે છો શ્રીરણધીર । કૃપા કરી છુપૈયામાં આજ, પ્રગટ્યા ધર્મ દ્વારે મહારાજ ॥૨૬॥

તેમના પુત્રભાવેથી હરિ, ચરિત્ર કરો છે ધીર ધરી । એમ સ્તુતિ કરી ઘણીવાર, મનમાં નિશ્ચે જાણ્યા કીર્તાર ॥૨૭॥
ધર્મદેવે કર્યું સનમાન, પછે કરાવ્યાં ભોજન પાન । બે દિવસ રાખ્યા નિજ ઘેર, જમાડ્યા રમાડ્યા રૂડી પેર ॥૨૮॥
પછે ચાલવા કરી તૈયારી, વૃષદેવ વદે છે વિચારી । જે જે માયિક વસ્તુ છે મોટી, જાણી લેજ્યો જરૂર છે ખોટી ॥૨૯॥
દોષ દુઃખરૂપ નાશવાન, માટે ધરવું પ્રગટનું ધ્યાન । આત્મા અમર છે અવિનાશી, તેમાં રહ્યા છે અક્ષરવાસી ॥૩૦॥
બ્રહ્મભાવના મન ધરીને, ભજી લેવા પ્રગટ હરિને । જન્મ મરણ ત્યારે ટળી જાય, કાળકર્મના ભયથી મુકાય ॥૩૧॥
યમયાતના આદિ સંતાપ, મટી જાય ત્રિવિધના તાપ । બીજા કરોને કોટિ ઉપાય, પણ સુખ સંતોષ ન થાય ॥૩૨॥
માટે ભજવા શ્રીભગવાન, મળે અક્ષરધામમાં માન । પરમ સુખ અવિચલ પામે, દેહ ગેહની દુગ્ધાયો વામે ॥૩૩॥
એવી વાત કરી ઘણીવાર, વેરાગી સુખ પામ્યા અપાર । મન મુદ પામ્યા છે તમામ, ગયા લોહગંજરી તે ગામ ॥૩૪॥
વળી એક દિન ઘનશ્યામ, સખા સાથે રમે અભિરામ । ઘરના આંગણા આગે કૂપ, તેના સમીપમાં અનૂપ ॥૩૫॥
તેસમે પટગરનો બાળ, શિવદીન આવ્યો તેહ કાળ । તેછે ચિત્તભ્રમિત થયેલો, ફર્તો થકો આવ્યો છે ત્યાં ઘેલો ॥૩૬॥
તેને દેખીને સખા સહિત, જોવા આવ્યા છે કરીને હિત । તેને વીંટી વળ્યા અવિનાશ, સખા સોત કરે છે તે હાસ ॥૩૭॥
ત્યારે તે છોકરાની જે માત, જળ ભરવા આવી તે ખ્યાત । બોલી રીસ કરી નિજ મને, કનડશો નહિ મારા તનને ॥૩૮॥
ઉપડતે સાદે કેવા લાગી, ભાઈ સર્વે જાવો તમે ભાગી । નૈતો માર ખાશો તમે મારો, વળી હૃદેમાં કાંઇ વિચારો ॥૩૯॥
તેવું સુણીને શ્રીઘનશ્યામ, દીધાં દરશન ત્યાં અભિરામ । શિવદીનને સાજો કર્યો છે, ચિત્ત ભ્રમનો રોગ હર્યો છે ॥૪૦॥
અલૌકિક તેજોમય સાર, ચતુર્ભુજ થયા તેહ વાર । એવાં સ્વરૂપે દર્શન દીધાં, છોકરાનાં દુઃખ હરી લીધાં ॥૪૧॥
તે સમે સુણે હજારો જન, બોલે છોકરો શુદ્ધ વચન । અહો જુવોને શ્રીઘનશ્યામ, આતો સાક્ષાતકાર શ્રીરામ ॥૪૨॥
માટે સર્વે આવો શુભ મન, પાસે આવીને કરો દર્શન । ત્યાં બોલી શિવદીનની માત, તું તે બકે છે કે કરે વાત ॥૪૩॥
શિવદીન કહે સુણો માતા, બકતો નથી હું સુખદાતા । ઘનશ્યામને જુવો તો ખરાં, મારાં સંકટ એમણે હર્યાં ॥૪૪॥
અલૌકિકરૂપે થયા ધીર, આતો સાક્ષાત છે રઘુવીર । એવું કહી દોડ્યો તત્કાળ, આવ્યો જ્યાં ઉભા દીનદયાળ ॥૪૫॥
કરે પ્રાર્થના તેણી વાર, જય જય શ્રીજક્તઆધાર । સુણી પ્રારથના યોગીનાથ, તેના શિર પર મુક્યા હાથ ॥૪૬॥
સૌને સાંભળતાં બોલ્યા શ્યામ, સુણો ડોશી કહું અભિરામ । તમારો પુત્ર છે આ ઉદ્યોગી, એ તો પૂર્વજન્મનો છે યોગી ॥૪૭॥
કર્યાં દર્શન મુજ સન્મુખ, હવે પામશે અક્ષય સુખ । ચિત્ત ફરી ગયું હતું એનું, આજથી દુઃખ મટ્યું છે તેનું ॥૪૮॥
એમ કહી થયા છે પ્રસન્ન, ડોશીને દીધાં રૂડાં દર્શન । છોકરાને દીધાં હતાં જેવાં, તેની માતુને આપ્યાં છે તેવાં ॥૪૯॥
રામચંદ્રનો ભાવ બતાવ્યો, પ્રભુપણાનો નિશ્ચે કરાવ્યો । સેજમાં તેનું તો કર્યું કામ, થયા પ્રસન્ન પૂરણ શ્યામ ॥૫૦॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિયે વણિકના દિકરાને દર્શન દઇ સાજો કર્યો એ નામે એકસઠમો તરંગ ॥૬૧॥

પૂર્વછાયો – ધન્ય છુપૈયાપુર ધરણી, ધન્ય ત્યાંના જે જન । અક્ષરપતિ અલબેલે, ધર્યું જ્યાં મનુષ્ય તન ॥૧॥
વળી આવ્યા અવધપુરે, ધર્મદેવ રૂડે રંગ । કુટુંબને સાથે લઇ, રહ્યા બ્રહટ ઉછરંગ ॥૨॥

ચોપાઇ– ધર્મદેવ રહ્યા નિજધામ, ઉનાળાનો થયો બહુ ઘામ । ધર્મદેવને ત્રણે કુમાર, સાંજે પોઢી રહ્યા છે તેબાર ॥૩॥
આંગણે કદમવૃક્ષ જ્યાંયે, ઓટા ઉપર સુતા છે ત્યાંયે । ગઇ બે પોર રજની જ્યારે, આવ્યો ચોકીવાળો ફરવા ત્યારે ॥૪॥
તાંબાનો ઘડો સુંદર એક, બાર્ય રહી ગયેલો વિશેક । જેર ઉપર પડ્યો છે જેહ, કોટવાલે ઉપાડ્યો છે તેહ ॥૫॥
ચોકીવાળો લેઇ નાઠો ચટ, જાણ્યું અંતર્યામીયે ઝટ । ધર્મ મોટાભાઇ ઇચ્છારામ, ભરનિદ્રામાં છે તેહ ઠામ ॥૬॥ ઘડો લેઇ ચાલ્યો કોટવાલ, કરે વિચાર મન કૃપાલ । ચોકીવાળે તે ચોરી જ કીધી, મારા ઘરની લજ્જા તે લીધી ॥૭॥
એવું સમજી શ્રીરમાનાથ, લાંબો વધાર્યો પોતાનો હાથ । કોટવાલને કેડે કર્યો છે, જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં તે ફર્યો છે ॥૮॥
સઘળું શેર ફર્યો છે તોય, કર કેડે ને કેડે છે સોય । હાથ દેખીને હિમત હાર્યો, ત્રાસ પામ્યો જાણે હવે માર્યો ॥૯॥
કોણ ઉગારે કરથી આજ, હવે તો જાશે જરૂર લાજ । હવે મારુતીને શરણે જાઉં, આ ભયથી બચું સુખી થાઉં ॥૧૦॥
એવો કરીને મન વિચાર, ગયો હનુમાન ગઢી સાર । જઇને ઘડો મુક્યો તે સ્થળે, હાથ દેખાતો નથી એ પળે ॥૧૧॥
કરી પ્રારથના કર જોડી, ભુલ્યો ચોકીવાળો ખરી ખોડી । પછે રજની તો વીતી ગઇ, ઓલ્યા ઘડાની શી પેર્ય થઇ ॥૧૨॥
હનુમાનગઢીની તે માંયે, વેલો ઉઠ્યો છે વેરાગી ત્યાંયે । દ્વાર ઉઘાડીને આવ્યો બાર, ઘડો પડેલો દીઠો તે ઠાર ॥૧૩॥
તેહ દેખીને ઉપાડી લીધો, વેરાગીયે વિચારજ કીધો । તેનો તપાસ કરવા તરત, દિવા પાસે ગયો એક સરત ॥૧૪॥
વાંચી જુવેછે તેહજ ઠામ, નિકળ્યું ધર્મદેવનું નામ । ધર્મદેવને બોલાવ્યા ત્યાંયે, હનુમાનગઢીની તે માંયે ॥૧૫॥
આવ્યા ઘનશ્યામ સાથે તેહ, વાત કરી વેરાગીયે એહ । આ ઘડો આંહી તમારો ક્યાંથી, કોણ લાવ્યું તે માલમ નથી ॥૧૬॥

ત્યારે વ્હાલાયે કહ્યું વૃત્તાંત, રાત્રીયે બન્યું હતું વિક્રાંત । મહંતને ભરુસો ન આવ્યો, ચોકીવાળાને પાસે બોલાવ્યો ॥૧૭॥
તેને પુછી લીધું છે ખચીત, ત્યારે તેમનું ઠર્યું છે ચિત્ત । ત્યાર પછી ગયા થોડા દિન, કરે લીલાયો ભક્તઆધીન ॥૧૮॥
એક સમે અયોધ્યામાં શ્યામ, રમે સખા સંગે અભિરામ । કેસરી માનસિંહજી જેહ, ગંગાવિષ્ણુ દિલ્લીસિંહ એહ ॥૧૯॥
એ આદિ બીજા સખા અનેક, શ્રીહરિ લેઇ ચાલ્યા વિશેક । સજર્યું ગંગાતીરે રામઘાટે, સર્વે ગયા રમવાને માટે ॥૨૦॥
નસંગ, બેના વચ્ચે ઉભા છે શ્રીરંગ । એવામાં એક આવ્યો પાપિષ્ટ, ભવાનીદત્ત અસુર દુષ્ટ ॥૨૨॥
મહા કઠોર ને મતિમંદ, ફરે ફોગટ ને કરે ફંદ । અકસ્માત આવ્યો અઘવાન, બુદ્ધિહીન બહુ બળવાન ॥૨૩॥
કુબુદ્ધિવાળો છે અતિ ક્રોધી, વળી વાલિડાનો છે વિરોધી । બેઉ સખાના સ્કંધે છે હાથ, ઉભા ઉભા જુવે જગન્નાથ ॥૨૪॥
છાંનેમાંને એ ભવાનીદત્તે, ધક્કો માર્યો પ્રભુને અસત્તે । સખા સહિત નાખ્યા જળમાં, એવું કૃત્ય કર્યું છે છળમાં ॥૨૫॥
કેસરી માનસંગ બે ભાગ્યા, ઉંડા પાણીમાં ડુબવા લાગ્યા । સાય કરી ત્યાં શ્રીઘનશ્યામે, સ્કંધે બેસાર્યા છે સુખધામે ॥૨૬॥
ઘણું ઉંડું છે જળ તે ઠાર, પામે હિમ્મતવાળા જ્યાં હાર । તે જળમાં તરે છે જીવન, ચાલ્યા ગયા છે એક યોજન ॥૨૭॥
કોયથી પ્રભુ ન જાય કળ્યા, જઇ બિલ્વા બજાર નિકળ્યા । તીરે ઉભા છે હજારો જન, પુર જોઇ થયા છે મગન ॥૨૮॥
ત્રૈણે સખા નિકળ્યા જળથી, બહુનામીના બાહુબળથી । પામ્યા આશ્ચર્ય ત્યાં નરનારી, વ્હાલાને તે પુછે છે વિચારી ॥૨૯॥
ભાઇ કોના તમે છો કુમાર, મહાજળથી નિકળ્યા બાર । નક્ર પકડી જો ખાઇ જાત, તમારૂં મૃત્યું પાણીમાં થાત ॥૩૦॥
આવા જબર પુરથી આવ્યા, તમને પ્રભુએ જ બચાવ્યા । વિઠ્ઠલે કહી વિસ્તારી વાત, અથ ઈતિ બનીતી જે ઘાત ॥૩૧॥
એવું સુણી સહુ નરનાર, કરે પોતાના મન વિચાર । વિસ્મે પામ્યા થકા કહે જન, આતો સાક્ષાત છે ભગવન ॥૩૨॥
કર્યું ઐશ્વર્યસત્તાનું કામ, બીજાની તો ચાલે નહી હામ । ધન્ય શાબાશ બળિયા સાર, આવી નિકળિયા ગઉ ચાર ॥૩૩॥
પગે લાગી કરે છે પ્રણામ, ધન્ય ધન્ય તમે ઘનશ્યામ । સખા બન્ને છે પોતાની સાથ, તેના પ્રત્યે બોલ્યા દીનાનાથ ॥૩૪॥
ભાઇ ચાલો હવે રૂડી પેર, ચિંતા કરતા હશે સહુ ઘેર । શ્યામલાલ આદિ સખા જેહ, ત્રાસ પામી ગયા હશે તેહ ॥૩૫॥
ઘેર જઈને કરશે વાત, માતપિતા મુંઝાશે વિખ્યાત । વળી પામે ઘણું મન દુઃખ, ઉદાસી થાશે સર્વેનાં મુખ ॥૩૬॥
માટે ચાલો ઉતાવળા જૈયે, નિજ માબાપને ભેગા થૈયે । ત્યારે કેસરી કહે તેવાર, સજર્યુંમાં જળ ભર્યું અપાર ॥૩૭॥
પામશું કેમ પેલીજ પાર, મારા મનમાં થાય વિચાર । કહે મહારાજ સુણો મિત્ર, ભલા એ શું બોલો છો વિચિત્ર ॥૩૮॥
જેણે મહાજળથી બચાવ્યા, ચાર ગઉ સુધી ખેંચી લાવ્યા । જેણે ઉગારી લીધા તમને, એહ તારશે નિશ્ચે અમને ॥૩૯॥
હવે કરશો નહિ તમે વાર, ચાલો મારી સાથે નિરધાર । મિત્ર બીશોમાં ન કોઇ મનમાં, તમે ત્રાસ ન ધારો તનમાં ॥૪૦॥
એવું કહી ચાલ્યા છે અગાડી, બેઉ મિત્ર આવે છે પછાડી । જેમ પૃથ્વી ઉપર ચલાય, તે રીત્યે જળમાં ચાલ્યા જાય ॥૪૧॥
રામઘાટે આવીને તે હર્ખ્યા, નર નારી હજારોયે નિર્ખ્યા । પ્રભુયે એમ ઉતાર્યા પાર, ક્ષણ એક લાગી નહિ વાર ॥૪૨॥
કેશરીસિંહના જે માબાપ, ત્યાં આવીને કરે છે સંતાપ । ભક્તિધર્મ સુવાસિનીબાઇ, તે રૂદન કરે છે ત્યાં આઇ ॥૪૩॥
ત્યારે ત્રૈણે જણા આવ્યા પાસ, માતપિતાને થયો હુલ્લાસ । માતુશ્રીયોયે લીધા ઉત્સંગે, શિર કર ધર્યા રૂડા રંગે ॥૪૪॥
ખમા ખમારે બાપ તમને, તવ ચિંતા લાગીતી અમને । આવા જળમાંથી બારે આવ્યા, કેવી રીત્યે ને કોણે બચાવ્યા ॥૪૫॥
ત્યારે બોલ્યા છે કમલકાંત, વિસ્તારીને કહ્યું છે વૃત્તાંત । વળી કેસરીસિંહે તે કહ્યું, માતપિતાયે ધ્યાનમાં લહ્યું ॥૪૬॥
સર્વે પામ્યા મનમાં આશ્ચર્ય, ઘનશ્યામનું જાણ્યું ઐશ્વર્ય । ગયા પોતપોતાને ઘેર, શ્રીહરિયે કર્યું લીલા લેર ॥૪૭॥
પછે બીજે દિવસ સાક્ષાત, શેર બજારમાં ચાલી વાત । ભવાનીદત્ત વિપ્ર કેવાય, એણે કર્યો છે મોટો અન્યાય ॥૪૮॥
ત્રૈણે બાળક નાખ્યા જળમાં, પાપીયે કર્યું ખોટું છળમાં । રાજાજીયે જાણ્યું તે વૃત્તાંત, ધર્મ પાસે આવ્યા છે એકાંત ॥૪૯॥
રાજા દર્શનસિંહજી પુછે, કહો ઘનશ્યામ સત્ય શું છે । બચાવ્યા પ્રભુજીયે તમને, એવી ખબર પડી અમને ॥૫૦॥
મહાપ્રભુયે કહ્યું વિચારી, સુણી રાયે મનમાં ઉતારી । રાજાયે બોલાવી લીધો વિપ્ર, તેને ભારી શિક્ષા કરી ક્ષિપ્ર ॥૫૧॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે સજર્યું ગંગાના પુરમાંથી સખા સહિત શ્રીહરિ બાર નિકળ્યા એ નામે બાસઠમો તરંગ ।૬૨।

પૂર્વછાયો – એક સમે એકાદશીયે, એકલા શ્રીઘનશ્યામ । દર્શન કરવા ચાલિયા, કેશવ પૂરણકામ ॥૧॥
જન્મસ્થાન હનુમાનગઢી, બીજાં મંદિર જેહ । ઈચ્છા કરી પ્રથમ ગયા, હનુમાનગઢી તેહ ॥૨॥
ત્યાં મારૂતી આગળ્ય ચાલે, સભામાંહે કથાય । મોહનદાસ જે પુરાણી, રામચરિત્ર તે ગાય ॥૩॥

ચોપાઇ – બેઠા સાંભળવા ઘણાંજન, બાઇ ભાઇ સંત છે પાવન । તે સમે ત્યાં બેઠા જગપતિ, કથા સાંભળવામાં છે મતિ ॥૪॥
કથા ચાલેછે પુન્ય પાવન, આવ્યું એકાદશીનું વર્ણન । અશ્વમેઘ યજ્ઞ જે હજાર, રાજસુય યજ્ઞ સો કરે સાર ॥૫॥
સોળમા ભાગમાં તે વિધાન, નાવે એકાદશીના સમાન । હર્ષવડે બોલ્યા હરિકૃષ્ણ, પુરાણી પ્રત્યે પુછે છે પ્રશ્ન ॥૬॥

એકાદશીનો મહિમા પેલો, શાસ્ત્રમાં છે પ્રભુનો કહેલો । ઘણાખરા તે કરતા નથી, તેનું કારણ કહો મુને કથી ॥૭॥
એવું સાંભળીને તેહ બોલ્યો, થોડી રીસ કરીને તે ડોલ્યો । પ્રભુયે દેહ મનુષ્ય થાપ્યો, દુઃખ ભોગવવા નથી આપ્યો ॥૮॥
વળી જગન્નાથજીની માંય, ઉંચી બાંધી એકાદશી ત્યાંય । માટે આત્મારૂપી ભગવાન, તેને દુઃખ ન દેવું નિદાન ॥૯॥
ભુખ્યા રહી જે કષ્ટ કરે છે, એતો કૃત્ય ખોટું આચરે છે । ખાવું પીવું ને ખેલવું જેહ, એહ સારૂં આ મનુષ્ય દેહ ॥૧૦॥
મહામોંઘો માણસનો દેહ, ફરી ફરી મળે નહિં એહ । માટે મનુષ્યને તો જરૂર, વિષય ભોગવવા ભરપુર ॥૧૧॥
તૃપ્ત થઈને છોડે જે તન, તૃષ્ણા ટળી જાય એને મન । વિષયથી જો વૃત્તિ વિરામે, ત્યારે પ્રેતનો દેહ ન પામે ॥૧૨॥
ખાવા અન્ન મળે નહિં જ્યારે, એકાદશી જાણી લેવી ત્યારે । એવું સુણ્યું વચન તેવાર, કરે વિચાર જક્ત આધાર ॥૧૩॥
આવા ગુરુ જગતમાં આપ, એમ માને તે પામે સંતાપ । એજ અવળા માર્ગે ચડે છે, નિશ્ચે નર્કમાં જઈ પડે છે ॥૧૪॥
તેવું વિચારીને તત્કાળ, ત્યાંથી ઉઠી ગયા છે દયાળ । મારુતીને પ્રક્રમા ફરે છે, વળી વળી વિચાર કરે છે ॥૧૫॥
પુરાણીયે કરી છે ઠેકડી, પુરૂષોત્તમજીની તે ઘડી । સભા પ્રત્યે બોલ્યો છે વચન, જુવો ભાઈ સમજી લ્યો મન ॥૧૬॥
એકાદશી મહિમા વધારી, શિખામણ દેવા આવ્યો સારી । એવાં બોલે છે વ્યંગ વચન, નથી સંકોચ ધરતો મન ॥૧૭॥
પછે શ્રીહરિયે ઈચ્છા કીધી, તુરત તેને થઈ સમાધિ । અભાગીની મતિ છે અધુરી, સમાધિમાં દેખી યમપુરી ॥૧૮॥
યમદૂતે પકડ્યો તેઠાર, મારવા માંડ્યો છે બહુ માર । અરે સાંભળ આંહી તું જન, યમદૂત કહે છે વચન ॥૧૯॥
ઘર મુકીને થયો વેરાગી, તુંને શિક્ષા કરીશું અભાગી । સૌને ઘાલે છે તું ખોટા વેમ, એકાદશીની ના પાડે કેમ ॥૨૦॥
સૌને કરવા છે શું તું જેવા, અધોગતિ પામી જાય તેવા । અલ્યા અવળું જ જ્ઞાન આપી, મૂળધર્મનું નાખ્યું તેં કાપી ॥૨૧॥
પ્રભુથી રાખવા છે વિમુખ, ભોગવશો જમપુરી દુઃખ । કોઈ આવે નહીં તુજ સાથે, માર પડશે તારે જ માથે ॥૨૨॥
યમરાજ કહે સુણ બાવા, કેમ લાગ્યો છે મોહ મચાવા । ભુંડાં કર્મ કરી થયો ભ્રષ્ટ, તારી સુમતિ થઈ છે નષ્ટ ॥૨૩॥
પ્રભુના પ્રભુ છે ઘનશ્યામ, એતો અવતારી પૂરણકામ । તેની અવજ્ઞા અતિશે કરી, તારૂં માથું ગયું છે તે ફરી ॥૨૪॥
એનું ફળ તુંને આ મળે છે, તારાં પૂરણપાપ ભળે છે । એવું કહી માર્યો ઘણો માર, ત્રાસ પામીને પાડે પોકાર ॥૨૫॥
માર પડે જમપુરીમાંયે, દેહ પડ્યો છે અયોધ્યા જ્યાંયે । એ દેહ ભોગવે છે જે કષ્ટ, સર્વે લોક જુવે છે ત્યાં સ્પષ્ટ ॥૨૬॥
ઉંચો ઉછળી નીચો પડે છે, સભાની નજરે તે ચડે છે । અયોધ્યામાં પડ્યો છે જે દેહ, તેના મુખેથી બોલે છે એહ ॥૨૭॥
યમરાજને કે છે તે જન, હવે ના ન કહું કોઈ દન । એકાદશી કરીશ હું નિત્ય, મનમાં પૂરણ ધરી પ્રીત ॥૨૮॥
કરીશ બીજાને ઉપદેશ, કરાવીશ તે વ્રત હમેશ । બોલે છે એવું નમ્ર વચન, સભામાં બેઠેલા સુણે જન ॥૨૯॥
એવું સાંભળી વચન સાર, સભાસદ કરે છે વિચાર । મનમાં આશ્ચર્ય પામે એમ, આને આ તે શું વળગ્યું વેમ ॥૩૦॥
ઘનશ્યામે ઈચ્છા કરી ત્યાંયે, પછે આવ્યો છે દેહની માંયે । ઉતરી ગઈ તેની સમાધિ, વધી છે જાણે દેહમાં વ્યાધિ ॥૩૧॥
અંગ થયું છે જર્જરીભૂત, હાડ ભાંગી ગયાં મજબૂત । મતિમંદ પડ્યો મડદાલ, મુખે બોલ્યો વચન તત્કાળ ॥૩૨॥
તમે ભાઈ સુણો સભાજન, હું કહું તે માની લેજ્યો મન । થયો હું ક્રુર કુબુદ્ધિવાન, કર્યું શ્રીહરિનું અપમાન ॥૩૩॥
નક્કી એ પાપ મુજને નડ્યું, યમપુરીમાં દુઃખ જે પડ્યું । યમનાદૂત આવ્યાતા આંયે, લેઈ ગયા યમપુરીમાંયે ॥૩૪॥
તે દૂતોયે માર્યો ઘણો માર, અસ્થી ભાંગી નાખ્યાં નિરધાર । ભગવાન છે આ ઘનશ્યામ, અક્ષરાધિપતિ પૂરણકામ ॥૩૫॥
એમ કહી પુછે ઉભો થઈ, ક્યાં ગયા એ ઘનશ્યામભાઈ । પ્રક્રમા કરે છે ઘનશ્યામ, મોહનદાસ ગયો તે ઠામ ॥૩૬॥
શ્રીહરિચરણમાં મુક્યું શીશ, કરે પ્રારથના તેણી દીશ । તમે સાક્ષાત છો ભગવન, એવો નિશ્ચે થયો મુને મન ॥૩૭॥
મારા ઈષ્ટદેવ રઘુનાથ, એવા તમને દેખું છું સાથ । કર્યો અપરાધ મેં જે તમારો, ક્ષમા કરો પ્રભુ ગુનો મારો ॥૩૮॥
એમ કહી તેણે નિમ લીધો, એકાદશીનો નિશ્ચય કીધો । થયો નિર્માની મોહનદાસ, પગે લાગી પોથી બાંધી તાસ ॥૩૯॥
પછે ગયો તે પોતાને સ્થાન, મન મટી ગયો અભિમાન । બીજા લોક છે સઘળા જેહ, તેમને વાત કરી છે તેહ ॥૪૦॥
એવું સાંભળીને તેહ સર્વ, જોવા આવ્યા તજીને ત્યાં ગર્વ । દેખી પામ્યા ઘણું મન સુખ, આવ્યા મહારાજને સન્મુખ ॥૪૧॥
ધર્મકિશોરે કર્યું ચરિત્ર, દીધાં દર્શન પુન્ય પવિત્ર । રામચંદ્રરૂપે થયા પોતે, કરે દર્શન સહુને જોતે ॥૪૨॥
દીધાં દરશન વાલમે એમ, ત્યારે તેના ટળી ગયા વેમ । થયા અદ્રશ અંતરજામી, બલવંત બેલી બહુનામી ॥૪૩॥
તેહ આશ્ચર્ય પામ્યા છે મન, તમે ક્યાં ગયા ધર્મના તન । ચારે તર્ફ જોયું છે તપાસી, ક્યાંઈ દીઠા નહિ અવિનાશી ॥૪૪॥
માંહોમાંહિ કરે છે વિચાર, એકએકને પુછે તે વાર । અહો આશ્ચર્ય કારક કામ, ક્યાં ગયા જુવો ઘનશ્યામ ॥૪૫॥
એમ કહીને વિસ્મિત થયા, નિજ નિજને ઉતારે ગયા । આવાં શ્રીહરિનાં જે ચરિત્ર, સુણે તે જન થાયે પવિત્ર ॥૪૬॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિએ મોહનદાસને ચમત્કાર દેખાડ્યો એ નામે ત્રેસઠમો તરંગ ॥૬૩॥

પૂર્વછાયો – અવધપુરે ધર્મ રહ્યા, સાથે ત્રૈણે કુમાર । પ્રેમવતી ને સુવાસિની, આનંદ પામે અપાર ॥૧॥
એકસમે આવ્યું સજર્યુમાં, જબર જળ જરૂર । સ્વર્ગદ્વારિ તણાવા માંડી, ખળભળ્યું સહુ પુર ॥૨॥
દર્શનસિંહરાયે જાણ્યું, આવ્યો કરીને પ્રીત્ય । પૂજા કરી શ્રીફળ ચુંદડી, વધાવ્યાં રૂડી રીત્ય ॥૩॥
તોપણ પાછાં હઠ્યાં નહિ, નિર્મલ ગંગામાત । પુર વધારે ચડવા લાગ્યું, વિચારે સહુ વાત ॥૪॥
ચોપાઈ – પુર ચઢતું આવે અધિક, સર્વે લોક ધરે મન બીક । આવ્યો ત્યાં દર્શનસિંહરાય, તેણે કર્યા અનેક ઉપાય ॥૫॥
પણ પાછું હઠે નહિ જળ, કોઇનું ચાલી શક્યું નહિ બળ । રાજા આદિક સર્વે જે લોક, અકળાયા થયો મનશોક ॥૬॥
બોલ્યો રાજાનો ગોર વચન, મુજ વેણ સુણો હે રાજન્ । પતિવ્રતા નારી હોય આજ, વધાવે તો થાય રૂડું કાજ ॥૭॥
પાણી પાછું હઠે તતકાળ, એવું વચન સુણી ભૂપાળ । કરાવ્યો શેરમાંયે તપાસ, કોઇ પતિવ્રતા છે પ્રકાશ ॥૮॥
પતિવ્રતાપણાની હિંમત, કોઇ સ્ત્રીયે ધરી નહિ મત્ય । વાત ચાલી રહી ઘરોઘેર, સુવાસિનીયે જાણી તે પેર ॥૯॥
ભક્તિમાતાને શ્રીહરિ સંગે, ગયાં સજર્યુગંગાયે ઉમંગે । રામઘાટે આવ્યાં શુભમતિ, લીધું શ્રીફળ હાથમાં સતી ॥૧૦॥
બોલ્યાં સાધવી મુખથી વેણ, હે ગંગામા સુણો સુખદેણ । પતિવ્રત સાચું હોય મારૂં, પાછું હઠજો અંબુ તમારૂં ॥૧૧॥
એમ કહી પગે લાગ્યાં ત્યાંયે, શ્રીફળ નાખ્યું તે ગંગામાંયે । અકસ્માત થયો હડુડાટ, પાણી પાછું હઠ્યું ઘડુડાટ ॥૧૨॥
સર્વે લોકોએ દેખી નવાઇ, આપી રાજાને જઇ વધાઇ । ધર્મદેવ છુપૈયાના વાસી, તેના મોટા પુત્ર સુખરાશી ॥૧૩॥
રામપ્રતાપજી નામ જેહ, તેમનાં પત્નિ સતી છે એહ । એમણે વધાવ્યાં ગંગામાંઇ, પાણી પાછું હઠી ગયું ત્યાંઇ ॥૧૪॥
સુણી પ્રસન્ન થયો ભૂપાળ, સતીને તેડાવ્યાં તતકાળ । બહુમાન દઇને બોલાવ્યાં, દરબારમાંય પધરાવ્યાં ॥૧૫॥
રાજાએ પોતાની રાણી પાસ, પૂજા કરાવી તે સુખરાશ । ભારે ભારે વસ્ત્ર અલંકાર, સુવાસિનીને આપ્યાં તે વાર ॥૧૬॥
કરી પ્રારથના શુભ મતિ, નિર્મલ મનથી પ્રેમ અતિ । મૂર્તિમાતા સુવાસિનીબાઇ, ઘરે આવ્યાં સદા સુખદાઇ ॥૧૭॥
માતાએ કરી પ્રભુને વાત, અથ ઇતિ બનીતી જે ખ્યાત । કૃષ્ણ કહે સુણો માતા સાર, એ છે રેવતીનો અવતાર ॥૧૮॥
માટે એમાં તો નથી નવાઇ, સતી શીરોમણી છે સદાઇ । એવું સાંભળીને સર્વે જન, નરનારી વિસ્મે પામ્યાં મન ॥૧૯॥
વળી એક સમે મહારાજ, શ્રીહરિયે કર્યું મોટું કાજ । કેટલાએક પોતાના શિષ્ય, પાસે બોલાવ્યા શ્રી જગદીશ ॥૨૦॥
શિષ્ય સહિત તૈયાર થયા, રામઘાટે સજર્યુપર ગયા । કદમવૃક્ષ હેઠે મોરારી, સભા કરી બેઠા ભયહારી ॥૨૧॥
માંહોમાંહી કરે છે તે પ્રશ્ન, આપે ઉત્તર શ્રીહરિકૃષ્ણ । એમ કરતાં વિતી ઘણી વાર, શું કરતા હવા ધર્મકુમાર ॥૨૨॥
જુજવેરૂપે દર્શન દીધાં, કામ વિદ્યાર્થીયોનાં કીધાં । કેટલા દેખે છે રામરૂપે, કેટલા નૃસિંહજી અનૂપે ॥૨૩॥
વામનરૂપે દેખે છે કોઇ, શિવસ્વરૂપમાં રહ્યા મોઇ । અક્ષરાધિપતિ અવિનાશી, એવા દેખે કોઇ સુખરાશી ॥૨૪॥
કોઇ દેખે છે વૈરાટરૂપે, કોઇ દેખે છે કૃષ્ણસ્વરૂપે । કોઇ વાસુદેવ પર્શુરામ, વરાહ મચ્છ કચ્છ તે ઠામ ॥૨૫॥
હંસ હયગ્રીવ તેમાં કોઇ, દેખી વિસ્મે પામ્યા પ્રીતપ્રોઇ । ચંદ્ર સૂર્ય આદિ એ આકાર, એવા ભાસે છે ધર્મકુમાર ॥૨૬॥
કોઇ કે નરવીર છે એજ, જુવો કેવું ઝળકે છે તેજ । એવી રીતે અલૌકિક ભાવ, સર્વને દેખાડે છે દેખાવ ॥૨૭॥
પછે ત્યાંથી શ્રીહરિ સધાવ્યા, પોતાને ઘરે પ્રભુજી આવ્યા । પોતાના શિષ્ય તેહ વિખ્યાત, ભક્તિમાતાને કરી છે વાત ॥૨૮॥
છાત્ર થયા છે આનંદ ભેર, ગયા પોતપોતાને તે ઘેર । અયોધ્યાપુરીમાં ભગવન, એવાં ચરિત્ર કરે પાવન ॥૨૯॥
એક સમય અવધમાંયે, આવ્યા મલ્લ નખલૌના ત્યાંયે । કેટલા છે મહાબલવાન, ઘણા મલ્લ જીતી લીધું માન ॥૩૦॥
દેશાંતરથી ઇનામ ૧લાધ્યાં, સોનાનાં પુતળાં પગે બાંધ્યાં । દર્શનસિંહને તે મળીયા, મલ્લયુદ્ધ માગે છે બળીયા ॥૩૧॥
હે રાજન જે કૈયે તમને, મલ્લકુસ્તી આપોજ અમને । નૈતો સવામણ સોનું સાર, પુતળું ઘડી આપો આવાર ॥૩૨॥
એવાં વચન સુણી તેવાર, કર્યો રાજાયે બહુ સત્કાર । આપ્યો ઉતારો સુંદર સ્થાન, મહીપાળે દીધું ઘણું માન ॥૩૩॥
તમે આવજો આવતી કાલ, તેનો ખુલાસો આપીશું હાલ । પછે રાજાયે વિચાર્યું કરત, પોતાના મલ્લ બોલાવ્યા તરત ॥૩૪॥
કેછે મલ્લને વાત વિસ્તારી, રાજા દર્શનસિંહ વિચારી । નખલૌકેરા આવ્યા છે મલ્લો, યુદ્ધ માગ્યો છે તેમણે ભલ્લો ॥૩૫॥
તમારે યુદ્ધ દેવોજ પડશે, નહિ તો અવળા તે નડશે । સવામણ સોનાનું પુતળું, દેવું પડશે તે થાશે અવળું ॥૩૬॥
દેશાંતરના રાજાના જે મલ્લ, એને જીતીને આવ્યા પ્રબલ । એવી સુણી રાજાજીની વાણી, મલ્લ હિંમત હારીયા જાણી ॥૩૭॥
એમાં વૃદ્ધ મલ્લ હતો એક, બોલ્યો ધીર ધરી તે વિવેક । તમે સુણો ભાઇ કહું અમો, શીદ કાયર થાવોછો તમો ॥૩૮॥
આ ભૂમિકાછે રઘુવીરની, તેમાં લજ્જા છે રણધીરની । આપણને જીતે મલ્લ આજ, જાશે રામચંદ્રજીની લાજ ॥૩૯॥
એમાં આપણી લાજ ન જાય, માટે જીતાડશે રઘુરાય । રાખો હિંમત ને યુદ્ધ કરો, બીજા સંશય મન ન ધરો ॥૪૦॥
વળી રાજા કહેછે વચન, મલ્લ હિંમત રાખજ્યો મન । કદાપિ તમો પામશો હાર, આંહિ આવ્યા છે ધર્મકુમાર ॥૪૧॥
તે મલ્લને જીતી લેશે આજ, નહિ જાવાદે તમારી લાજ । એવું કહી મંડપ રચાવ્યો, મોટો વિશાળ તે મનભાવ્યો ॥૪૨॥

બહુનામીને બોલાવા માટે, મોકલ્યો દૂતને એણી વાટે । આવ્યા શ્રીહરિ મંડપ જ્યાંયે, ઘણો ઉમંગ છે મનમાંયે ॥૪૩॥
રાજાયે કર્યો બહુ સત્કાર, આપ્યું આસન સુંદર સાર । ઘણા સખાને સંગાથે શ્યામ, બેઠા મંડપમાં અભિરામ ॥૪૪॥
આવ્યા છે તે મલ્લ બળવાન, તેને પણ રાયે દીધું માન । વાજે વાજીંત્ર નાનાપ્રકાર, જોવા મળ્યા છે લોક અપાર ॥૪૫॥
રાજા બેઠા છે મોટા આસન, ઘણો હર્ષ થયો એને મન । પોતાના અધિકારી છે જેહ, પટાવત કારભારી તેહ ॥૪૬॥
સૌને મહીપે આપ્યું છે માન, બેઠા યોગ્યરીતે નિજસ્થાન । ઘનશ્યામને પાસે બોલાવ્યા, સુંદર આસને પધરાવ્યા ॥૪૭॥
મલ્લ અખાડામાંયે મળિયા, યુદ્ધ કરવા આવ્યા બળિયા । મલ્લયુદ્ધ કરે માંહોમાંયે, જુવે સભાસદ સહુ ત્યાંયે ॥૪૮॥
ઘુઘુવાટા કરે છે હુંકાર, ગુઢ ગંભીર શબ્દ અપાર । કરે બાહુ તણા ઠબકારા, તાલ કુટે મુખ બચકારા ॥૪૯॥
લોઢાના પડછંદા ત્યાં લાગે, એક એકનાં અંગે ત્યાં વાગે । જોવા આવ્યા છે હજારો લોક, ચારે વર્ણના મળ્યા છે થોક ॥૫૦॥
એમ અખાડામાં ઘણીવાર, મલ્લયુદ્ધ કરે છે અપાર । અયોધ્યા પુરીના મલ્લ જેહ, હાર પામી ગયા પછી તેહ ॥૫૧॥
ગતિભંગ થઈ ગભરાણા, તેમાં બે ત્રણ મલ્લ મરાણા । દાવપેચ કર્યા ઘણીવાર, પણ છેવટે પામીયા હાર ॥૫૨॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિવિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિએ અવધપુરીના શિવરત્ન આદિ વિદ્યાર્થીઓને ચોવીશ અવતારરૂપે દર્શન દીધાં એ નામે ચોસઠમો તરંગ ॥૬૪॥

પૂર્વછાયો – નખલૌના મલ્લ બળીયા, જીતીને લીધો જસ । અયોધ્યાપુરીના મલ્લનો, પળમાં કીધો અપજસ ।૧।
દર્શનસિંહ વિચારે છે, થયું વિપરીત કાજ । ઘનશ્યામ ઉઠે હવે તો, લાજ રાખે મહારાજ ॥૨॥
રાજાયે તો ધીરજ રાખી, મતિ કરી છે સ્થિર । ઘનશ્યામના સામું જોયું, ઉભા થયા બલવીર ॥૩॥
સખા સાથે થયા તત્પર, યુદ્ધ કરવા તે વાર । નખલૌના મલ્લ બોલિયા, આ બાળકના શા ભાર ॥૪॥
નાની ઉંમરનો બાળકો, શું સમજે તે યુદ્ધ । દાવપેચમાં દીલને, આ શું કરી જાણે વિરુદ્ધ ॥૫॥

ચોપાઈ – એવું સુણીને બોલ્યા રાજન, તમે મલ્લ શું જાણો છો મન । એના આગળ સઘળા વ્યર્થ, મહાપ્રભુછે એ સમરથ ॥૬॥
પ્રતાપી હોય જો લઘુવેષ, તેને નાના ન ગણીયે લેશ । હોય કેસરી જો નાનું બાળ, કરે મદઝરનો તે કાળ ॥૭॥
એમના હાથ જ્યારે અડશે, ત્યારે સર્વને માલમ પડશે । હવે સભામાં આવ્યાં છે જન, તેપણ વિચારે નિજ મન ॥૮॥
સારૂં કરતો નથી આ રાય, આતો મોટો અન્યાય દેખાય । મલ્લ મહાબળિયા વિકાળ, છે આ કોમળ નાનેરા બાળ ॥૯॥
એમ વિચારે છે સદ્‌બુદ્ધ, ત્યાં તો ચાલતો થયો છે યુદ્ધ । પ્રભુનું મન મિત્રમાં મોહ્યું, અમૃતદ્રષ્ટિથી સામું જોયું ॥૧૦॥
બળ આપ્યું અપરમપાર, જેથી મલ્લ પામી જાય હાર । થયો દારુણ યુદ્ધ તે સ્થળ, બહુનામી બતાવે છે કળ ॥૧૧॥
જાણે મંડાણો ઘોર સંગ્રામ, એવું યુદ્ધ કરે ઘનશ્યામ । ઘણીવાર કરી એમ કુસ્તી, મલ્લને તો ભરાણી છે સુસ્તી ॥૧૨॥
સખાસંગે પ્રતાપ વધાર્યો, મલ્લનો અભિમાન ઉતાર્યો । હતાં વજ્રસમોવડ અંગ, ભાંગી નાખીને કર્યાં છે ભંગ ॥૧૩॥
દેહ જર્જરીભૂત થયા છે, હાર પામીને દૂર રહ્યા છે । કેક વમન કરે રુધિર, કેકની તો છુટી ગઈ ધીર ॥૧૪॥
કેક થયા છે પ્રાણ રહિત, પડ્યા પૃથ્વીમાં મરણ સહિત । કોઈ અર્ધ કચરા કોઈ પુરા, કોઈ સુરા થયા ચકચુરા ॥૧૫॥
કેક હુંશિલા રહ્યા અધુરા, દૂર બેઠા છે કેક અસુરા । સર્વે સભા સહિત રાજન, વિસ્મે પામ્યા નરનારી મન ॥૧૬॥
નૃપતિ નેણે નેહ ધરેછે, શ્રીહરિની પ્રસંશા કરેછે । સવામણ હેમનું પુતળું, પ્રભુજીને આપ્યું રાજાયે ભલું ॥૧૭॥
બીજા આવ્યા છે લોક અનેક, વિસ્મે પામી ગયા છે વિશેક । સર્વેનો સંદેહ ટળી ગયો, પ્રભુપણાનો નિશ્ચય થયો ॥૧૮॥
સવામણ સોનું આપ્યુ રાય, ધર્મે કર્યો છે તેનો ઉપાય । તે સોનામાંથી નિર્મલ મન, વિપ્ર સાધુને આપ્યાં ભોજન ॥૧૯॥
દક્ષિણાયો આપીને જમાડ્યા, યાચકોને આનંદ પમાડ્યા । પોતાની સદ્‌કીર્તિ વધારી, દિગ્વિજય કર્યો સુખકારી ॥૨૦॥
વળી વાસ કર્યો ભગવન, છુપૈયાપુર વિષે પાવન । સખાને લેઇ ચાલ્યા ઉમંગે, દક્ષિણ દિશામાં રૂડે રંગે ॥૨૧॥
મીનસાગર ઉપર ગયા, નાવા સારૂં તે તૈયાર થયા । મિત્ર સહિત ધર્મકુમાર, કરે જલમાં ક્રિડા અપાર ॥૨૨॥
ઘણીવાર સુધી નાયા ત્યાંયે, પછે વિચાર્યું છે મનમાંયે । મધુવૃક્ષ મોટો છે કિનારે, તેના ઉપર ચડ્યા એવારે ॥૨૩॥
મર્કટ જેવા શબ્દ બોલાવે, સામસામા સખાને હસાવે । હુકાહુક મુખેથી ઉચારે, કિલકિલાટિયો કરે ભારે ॥૨૪॥
કરે ગમત ગોઠિલાં ખાય, રમે શ્રીપુરૂષોત્તમ રાય । મધુવૃક્ષે ચડીને જળમાં, મારે ધુબકા બહુ બળમાં ॥૨૫॥
એવી રમત્ય નાનાપ્રકાર, રમે જુવો જગકીરતાર । એવાં જોવા પ્રભુનાં ચરિત્ર, આવ્યા આકાશે દેવ પવિત્ર ॥૨૬॥
જુવે છે લીલા તનમય થૈને, વિમાન સોતા અંત્રિક્ષ રૈને । અહો અતિ આશ્ચર્ય અપાર, પરસ્પર કરે છે વિચાર ॥૨૭॥
ધન્ય છુપૈયાપુર પાવન, જ્યાં પ્રગટ થયા ભગવન । અક્ષરાધિપતિ અલબેલો, રમે રાત દિન રંગછેલો ॥૨૮॥
છુપૈયાપુર વાસી જે જન, ઘણાં ભાગ્ય રૂડાં ધન્ય ધન્ય । ધન્ય આ ધરણી કેરૂં સ્થાન, કરે છે લીલા શ્રીભગવાન ॥૨૯॥

વાટિકા વેલી લતાયો વન, અહિંનાં પશુપંખીને ધન્ય । ગૌવા આદિક જે પ્રાણિમાત્ર, જડ ચૈતન્યના ધન્ય ગાત્ર ॥૩૦॥
અક્ષરાધિપતિ અવિનાશી, વ્હાલો બ્રહ્મમોલના નિવાસી । પોતે સ્વયં પ્રગટિયા આજ, લીલા કરે છે શ્રીમહારાજ ॥૩૧॥
વ્હાલો આ ભૂમિમાં વિચરે છે, નિત્ય નવાં ચરિત્ર કરે છે । અહીં જન્મ પામ્યા જીવ જેહ, મોટા પુન્યશાળી જાણો તેહ ॥૩૨॥
દુર્લભ દર્શન કૈયે જેનાં, નિત્ય ચરણ સેવે છે આ એનાં । જુવો આ બાળકોનું જે સત્ય, પૂર્વે શું કર્યાં હશે સુકૃત્ય ॥૩૩॥
તે પુન્યે કરી આ ભોગ પામ્યા, ભવ અર્ણવનું દુઃખ વામ્યા । એમ કહી કરે જયકાર, ચંદન પુષ્પ વૃષ્ટિ અપાર ॥૩૪॥
વળી દુંદુભી વાજીંત્ર વાજે, ઘણો આકાશ ગંભીર ગાજે । મધુવૃક્ષતળે પ્રભુ રયા, ઠેસ વાગી તેણે પડી ગયા ॥૩૫॥
જેવા પડ્યા છે શ્યામ શરીર, અધરે વાગ્યું આવ્યું રૂધીર । વેણીરામ આદિ સખા સહુ, તે દેખી થયા ઉદાસી બહુ ॥૩૬॥
સુખનંદન મિત્ર છે જેહ, ઉતાવળો દોડી ગયો એહ । પ્રેમવતી ને ધર્મની પાસ, કરી વાગ્યાની વાત પ્રકાશ ॥૩૭॥
પડી ગયા છે શ્રીઘનશ્યામ, ઓષ્ઠ ઉપર વાગ્યું તે ઠામ । માટે તેમાંથી આવ્યું રૂધીર, મધુવૃક્ષ હેઠે બેઠા ધીર ॥૩૮॥
એવું સુણી ધર્મભક્તિ ત્યાંય, મૂર્ચ્છા આવી પડ્યાં પૃથ્વીમાંય । પુત્રને વિષે છે ઘણો સ્નેહ, ભુલ્યાં દેહતણી સ્મૃતિ તેહ ॥૩૯॥
આવ્યા ત્યાં જોખન મતિસ્થિર, માતપિતાને આપી છે ધીર । વદે નમ્ર મધુરાં વચન, તમે શાન્તિ રાખો નિજ મન ॥૪૦॥
આગે આવ્યાંતાં ઘણાં વિઘન, કુશળ રહ્યા શ્રીભગવન । તેડી લાવું છું તમારી પાસ, માટે થાશોમાં મન ઉદાસ ॥૪૧॥
એવું કહીને ચાલ્યા જોખન, ગયા જ્યાં બેઠા છે ભગવન । જુવેતો બેઠા છે નરવીર, વાગ્યું છે ત્યાં શ્રવે છે રૂધીર ॥૪૨॥
મોટાભાઈ બોલ્યા ભાગ્યવાન, નથી રાખતા દીલનું ભાન । બોલ્યા દિલગીર ભગવાન, ઘણું રાખું છું ચોક્કસ ધ્યાન ॥૪૩॥
પણ દેહ છે ક્ષણભંગુર, જાળવે તોય વાગે જરૂર । વળી હાથ ચરણ ભાંગી જાય, થનારું તેતો એમજ થાય ॥૪૪॥
પછે મોટાભ્રાતે તેડી લીધા, સ્કંધ ઉપર બેસાડી દીધા । તેડીને લાવ્યા છે નિજધામ, માત પિતા બેઠાં છે તે ઠામ ॥૪૫॥
ધર્મભક્તિયે નિરખ્યા તન, ત્યારે સંતોષ પામ્યા છે મન । તેડી લીધા પોતાને ઉત્સંગે, માથે કર ફેરવે ઉમંગે ॥૪૬॥
પુત્રભાવથી શાન્તિ પમાડ્યા, રૂડાં ભોજન કરી જમાડ્યા । એમ પામ્યાં અતિ ઘણાં સુખ, ટળી ગયાં તન મન દુઃખ ॥૪૭॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિવિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિ નખલૌના મલ્લને જીત્યા એ નામે પાંસઠમો તરંગ ॥૬૫॥

પૂર્વછાયો – ધર્મભક્તિ છુપૈયાપુરે, રહ્યાં કેટલાક દન । પછે ત્યાંથી ચાલવાતણો, વિચાર કર્યો છે મન ॥૧॥
પ્રેમવતી ને સુવાસિની, સાથે ત્રૈણે કુમાર । ધર્મદેવ ત્યાંથી ગયા છે, ગાયઘાટ મોઝાર ॥૨॥
ત્યાં સંબંધી હીરાત્રવાડી, ચંદા ને પેલવાન । એ આદિ સુહૃદ જનોયે, આપ્યાં છે બહુમાન ॥૩॥
ત્યાં રેવાની મરજી કરી, ધર્મભક્તિયે નિદાન । સંબંધી સર્વેને પુછીને, વાસ કર્યો તે સ્થાન ॥૪॥
એકાદશી દ્વાદશી પૂર્ણિ, અમાવાસ આદિ પર્વ । વિશ્વામિત્રિને ગૌ ઘાટે, નાવા સારૂં જાય સર્વ ॥૫॥

ચોપાઈ – ત્યાં રહ્યાં છે જે દેવનાં સ્થાન, કરે દર્શન ને ધરે ધ્યાન । પછી આવે પોતાને ભુવન, એમ વર્તે છે નિર્મળ મન ॥૬॥
પ્રભુનાં મામી ચંદન જાણી, કુવે ગયાં ભરવાને પાણી । ઘડો કુવામાં ફાંસતાં ત્યાંયે, નાસિકાની વાળી પડી માંયે ॥૭॥
ચંદામામી થયાં શોકાતુર, ઘેર આવીને કહ્યું જરૂર । પેલવાન આદિ બીજા જેહ, કુવા ઉપર આવ્યા છે તેહ ॥૮॥
ઉતર્યા માંય કર્યો તપાસ, વાળી ન જડી થયા ઉદાસ । કુવામાં તો વાળી નથી પડી, પડી હોય તો કેમ ન જડી ॥૯॥
ચંદાબા ભુલ્યાં બીજે ઠેકાણે, ક્યાં પડી હશે તે કોણ જાણે । તેવું સુણીને બોલ્યાં આતુર, આ કુવામાં પડી છે જરૂર ॥૧૦॥
એમ કહી થયાં દલગીર, ભરાઈ આવ્યાં નેત્રમાં નીર । ઘનશ્યામજી ઉભા છે પાસ, જાણ્યું મામી થયાં છે ઉદાસ ॥૧૧॥
હે મામી સુણો મારૂં વચન, ચિંતા કરશો ન તમે મન । કુવામાંથી વાળી લાવું અમે, એનો વિશ્વાસ રાખજ્યો તમે ॥૧૨॥
એવું કહીને સર્વેને જોતે, કુવામાં ઉતર્યા પ્રભુ પોતે । ડુબકી મારી જળ મોઝાર, ગુપ્ત રહ્યા તેમાં પોરવાર ॥૧૩॥
જળથી બાર્ય નાવ્યા જીવન, સર્વેને ચિંતા પ્રગટી મન । પરસ્પર કેવા લાગ્યા એમ, ભાઈ હવે તે કરીશું કેમ ॥૧૪॥
વાળીતણું દુઃખ હતું એક, બીજું પ્રગટ્યું દુઃખ વિશેક । સર્વેનાં મન થયાં ઉદાસી, જળબારે આવ્યા અવિનાશી ॥૧૫॥
કુવા ઉપર ઉભા છે જેહ, જુવે ઘનશ્યામ સામું તેહ । વિષ્ણુરૂપે દેખાય વનમાળી, ચતુર્ભુજ મૂર્તિ મરમાળી ॥૧૬॥
થયાં ચકિત સૌ નરનારી, વારે વારે જુવે છે વિચારી । દુર્લભ જેવું દર્શન દીધું । બે ઘડી સુધી ચરિત્ર કીધું ॥૧૭॥
વિષ્ણુરૂપ કર્યું અદર્શ, થયા ઘનશ્યામ ઉત્કર્ષ । પામ્યા આશ્ચર્ય જન વિશેષ, મૂળરૂપે બન્યા છે વેશ ॥૧૮॥
વાળી લોટો ઘડો ગ્રહ્યો હાથ, બારે આવ્યા નટવર નાથ । પોતાનાં મામીને આપી વાળી, નિજ ઘરે ગયા ચિંતા ટાળી ॥૧૯॥
ગામ ગૌઘાટના સહુ લોક, પામ્યા આશ્ચર્ય મને અશોક । રહ્યા ગૌઘાટમાં ગિરધારી, કરે નવી લીલા સુખકારી ॥૨૦॥
પોતાના સખા સંગાથે પ્રીત્યે, ગાયો ચારવા જાય છે નિત્યે । ગૌઘાટે વિશ્વામિત્રિ છે જ્યાંય, ધેનુંને ચરાવે તૃણ ત્યાંય ॥૨૧॥
નદી કિનારે વારમવાર, કરે રમત્ય બહુ પ્રકાર । સખા સહિત નદીમાં નાય, વળી જળમાં કરે ક્રીડાય ॥૨૨॥

ધર્મદેવ કરે છે વિચાર, ઘણા દિન વિત્યા છે આઠાર । હવે તો જાવું છુપૈયાપુર, ધર્મદેવે ધાર્યું એમ ઉર ॥૨૩॥
ધર્મભક્તિ સુવાસિનીબાઇ, રામપ્રતાપજી ત્રૈણે ભાઇ । એ આદિ સર્વે ત્યાંથી સિધાવ્યા, છુપૈયાપુર વિષે તે આવ્યા ॥૨૪॥
રહ્યા પોતાને ઘરે સદાય, નિત્ય આનંદમાં દિન જાય । પછે એક સમે અવિનાશે, સખા સર્વેને બોલાવ્યા પાસે ॥૨૫॥
તેણે સહિત તૈયાર થયા, ગામ કુષ્મીના તળાવે ગયા । જ્યાં છે બદ્રી કેરૂં તરુ એક, તે તળાવની તીરે વિશેક ॥૨૬॥
તેને પાકી રહ્યાં ઘણાં બોર, જમવા ગયા ધર્મકિશોર । વેણીરામ આદિ સખા જેહ, ચઢ્યા બોરડી ઉપર એહ ॥૨૭॥
વેણી લે છે તે સારાં સ્વાદીષ્ટ, સખા સર્વે જમે છે અભિષ્ટ । બીજાં તો બોર છે લાંબી ડાળે, સારાં પાકાં તેને સહુ ભાળે ॥૨૮॥
પણ તિયાં તો પોકી ન શકાય, કોય સખાથી નવ લેવાય । પછે વિશ્વપતિયે વિચાર્યું, વૃક્ષ જેવડું તન વધાર્યું ॥૨૯॥
ઉંચા થઇ લાંબા કર્યા હાથ, પાકાં પાકાં જમે છે ત્યાં નાથ । સખા સર્વેને જોયે જેટલાં, ખોળામાં ભરાવ્યાં છે તેટલાં ॥૩૦॥
બદ્રીફળ જમ્યા છે અપાર, એમ કરતાં લાગી ઘણી વાર । એવી લીલા કરે જગતાત, જાણી બોરડી રક્ષકે વાત ॥૩૧॥
ઘણો તેને ચડિયો છે ક્રોધ, વેગે આવ્યો કરવા વિરોધ । આવ્યો સમીપે મારવા સારૂં, મારે વાલિડે મન વિચાર્યું ॥૩૨॥
એક હાથેથી ઉપાડી લીધો, બોરડીયે લટકાવી દીધો । છેલી ડાળે લટકાવી છેલ, સખા સાથે નાઠા અલબેલ ॥૩૩॥
ઘનશ્યામ આવ્યા નિજ ઘેર, સખા સર્વે ગયા એણે પેર । ઓલ્યો બોરડી ઉપર બેઠો, હવે કેમ કરી આવે હેઠો ॥૩૪॥
તેનાં મા બાપ જાણીને આવ્યાં, એક નિસરણી સાથે લાવ્યાં । મુકી નિરસણી નીચે ઉતર્યો, તેનાં મા બાપે ત્યાં ઠબકાર્યો ॥૩૫॥
અરે ક્યાં ગયું છે તુજ ચિત્ત, નોય બોર ખાવાની આ રીત । પુત્ર કે મહાદુ:ખમાં પડ્યો, હું તો બોર ખાવા નોતો ચડ્યો ॥૩૬॥
છુપૈયાપુરના ધર્મ નામ, તેમના પુત્ર શ્રીઘનશ્યામ । બીજા સખા ઘણા લેઇ સંગે, બોર ખાવા આવ્યા તા ઉમંગે ॥૩૭॥
અન્ય સખા વૃક્ષે ચડી ગયા, ઘનશ્યામજી તો હેંઠે રહ્યા । વધ્યા ઉંચી બોરડી સમાન, બોર ખાતા હતા ભગવાન ॥૩૮॥
તારે હું ગયો મારવા કાજે, મુને તો પકડ્યો મહારાજે । જેમ ૧શાર્દુલ ઝાલે ૨કુરંગ, કરી નાખ્યા એવા મારા ઢંગ ॥૩૯॥
એક હાથે ઝાલી અટકાવ્યો, ઓલી છેલી ડાળે લટકાવ્યો । મુને કીધો છે હાલ બેહાલ, સખા સાથે નાશી ગયા લાલ ॥૪૦॥
એવું સુણીને હાસ્ય વચન, તેનાં મા બાપ વિચારે મન । અરે મૂર્ખા સાચું કહે કોય, વૃક્ષ જેવડું મનુષ્ય નોય ॥૪૧॥
દેહ વધાર્યો કેવા ઉપાયે, એવી વાત કદી ન મનાયે । બતાવી હશે તુજને બીક, માટે બોલતો નથી તું ઠીક ॥૪૨॥
બધા છોકરા ભેગા થઇને, ડારો દીધો હશે કાંઇ કેને । તેમાં બોલે છે આળપંપાળ, ધ્યાન ચુકી ગયો મારા બાળ ॥૪૩॥
એમ કે નક્કી કરવા જાય, છુપૈયાપુર ભણી પલાય । ગયા ધર્મદેવ તણે દ્વાર, ઠબકો દેવા લાગ્યા તે વાર ॥૪૪॥
ધર્મદેવ તમારા જે તન, આવ્યાતા મુજ ગામ મોહન । મારા પુત્રને ત્યાં ગભરાવ્યો, બોરડી ઉપર લટકાવ્યો ॥૪૫॥
ત્યાર કેડે તે આવ્યો છે ઘેર, અમે કૈયે છૈયે સાચી પેર । મારા ખાઇ ગયા સર્વે બોર, તમારા પુત્ર થયા છે ચોર ॥૪૬॥
ત્યારે બોલ્યા છે ધર્મપાવન, આ તે શું તમે કો છો વચન । મારો કોમળ અતિ કુમાર, હજુ વર્ષ થયાં નથી બાર ॥૪૭॥
અવસ્થાવાન સુત તમારો, થયાં વર્ષ પાંત્રીશ વિચારો । એને કેવી રીતે આ ઉપાડે, એવું જક્તમાં કોણ દેખાડે ॥૪૮॥
મારા ઘનશ્યામ નાનું બાળ, તમે ખોટું ચડાવો છો આળ । કાંઇ સમજતા નથી હજુ, લટકાવ્યાનું ક્યાં એનું ગજુ ॥૪૯॥
કુવાના કાંઠા ઉપર શ્યામ, ઓ ઉભા જુવો શ્રીઘનશ્યામ । એવું સુણી સામું જોવા જાય, જોતજોતામાં વિસ્મિત થાય ॥૫૦॥
તેને નિશ્ચે કરાવાને માટ, ઘનશ્યામે રચ્યો જુવો ઘાટ । વીશ ધનુષવા ઉંચા થયા, દૂરથી તેને એવા દેખાયા ॥૫૧॥
ત્યારે કેવા લાગ્યા તત્કાળ, તમે જુવોને ધર્મ દયાળ । અમને કેતાતા જુઠું આળ, પણ જુવો તમારા આ બાળ ॥૫૨॥
આ તો મોટાથી મોટા દેખાય, આનું કારણ શું રે કેવાય । અમને દેખાયે સ્થૂલરૂપે, બીજાને તો છે મૂળસ્વરૂપે ॥૫૩॥
ધર્મદેવ કહે ક્યાં છે મોટા, ઘનશ્યામ હજુ તો છે છોટા । એમ કેતામાં સ્થૂલ શરીર, કર્યું અદશ શ્રીનરવીર ॥૫૪॥
આવ્યા છે જન જે આણી વાર, તેને દેખાણા બાળક સાર । ત્યારે કેવા લાગ્યા છે તે જન, ધર્મદેવ તમોને છે ધન્ય ॥૫૫॥
અમે તો આશ્ચર્ય પામ્યા આજ, અતિ અદ્ભુત દેખાયું છે કાજ । સુત તમારો છે સુખકારી, અવતારના છે અવતારી ॥૫૬॥
ક્ષમા માગી છે તેહ જ ઠામ, પછે ગયા તે પોતાને ધામ । એમ ચરિત્ર કરી દેખાડે, વળી સત્તા પોતાની સંતાડે ॥૫૭॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિવિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિયે ગાયઘાટના કુવામાંથી વાળી કાઢી આપી ને બોર જમ્યા એ નામે છાસઠમો તરંગ: ॥૬૬॥

પૂર્વછાયો – મોટાભાઇના જે સસરા, બલદેવજી છે નામ । ફણસ લેવા તે જાય છે, વેણીપુર નિજ ગામ ॥૧॥
ગાડું જોડીને તૈયાર થયા, સાથેછે બેઉ સુત । લક્ષ્મીપ્રસાદ જનક ને, બેઉ ભાઇ સપુત ॥૨॥
બે બંધુ બેઠા શકટમાં, તે દેખ્યું શ્રીઘનશ્યામ । માતાને કે મારે જાવું છે, આમની સાથે તેઠામ ॥૩॥
ફણસની સાખો ખાવાનું, મારે તો છે ઘણું મન । એમ કહી ગાડાંમાં બેઠા, ભયહારી ભગવન ॥૪॥
ગાડું ત્યાંથી હંકાવિયું, તે વેગે ચાલ્યા જાય । ભમેચા ને વેણીપુરના, વચ્ચે આવ્યા સમુદાય ॥૫॥

ચોપાઇ – કકરાસરોવર છે ત્યાંયે, ગાડાં છોડ્યાં તે સમીપમાંયે । તેની તીરે ફણસનાં વૃક્ષ, સારાં શોભી રહ્યાં છે પ્રત્યક્ષ ॥૬॥
ખટવાઆંબે બાંધ્યા બળધ, જનકરામે કીધા ૧સાવધ । બીજા ચડ્યા ફણસને વૃક્ષે, બલદેવપ્રસાદ સમક્ષે ॥૭॥
લેવા માંડ્યા છે જ્યારે તે ફળ, હેઠે ઉભા છે પ્રભુ અકળ । વ્હાલો બોલ્યા ગંભીર વચન, તમો ભાઇયો સુણો પાવન ॥૮॥
ફણસ ફળ પાકાં જો હોય, અમને આપજ્યો તમો સોય । ઉપરવાળા બોલ્યા છે વચન, આ વૃક્ષે નથી પાક્યાં જીવન ॥૯॥
બીજા વૃક્ષપર જોઇ લેશું, પાક્યાં હશે તો તમને દેશું । ત્યારે બોલ્યા છે શ્રીઘનશ્યામ, કેમ નથી બોલો છો શું આમ ॥૧૦॥
જુવો જુવો આ પાકી ગયાં છે, અમને આપ્યા જેવાં થયાં છે । એમ કેતાં ફણસ સઘળાં, નીચે ખરી પડ્યાં તે સબળાં ॥૧૧॥
એવું જોઇને તે સર્વે જન, હેઠે ઉતરીયા એક મન । આવ્યા ઉભા છે જ્યાં ઘનશ્યામ, પ્રેમપૂર્વક કર્યા પ્રણામ ॥૧૨॥
મંદ મંદ કરે પ્રભુ હાસ, બોલ્યા મિષ્ટ વાણી અવિનાશ । સુણો રૂપધર તમે ખ્યાત, વળી સાચી કહું છું હું વાત ॥૧૩॥
કેતા હતા એકે પાક્યું નથી, ત્યારે જુવો આવી પડ્યાં ક્યાંથી । ભાઇ રૂપધરજીના જેહ, ભેલૈરામ બોલ્યા સુણો તેહ ॥૧૪॥
તમે સલુણા શ્રીઘનશ્યામ, આ તો દિસે છે તમારૂં કામ । નૈતો ફળ લઇ જૈયે ઘેર, ઓરડામાં રાખીયે રૂડી પેર ॥૧૫॥
પંનરદિને પાકે આ ફળ, પણ આજ થયું છે અકળ । તરત હાલમાં જમાય આજ, ભલું રૂડું કર્યું તમે કાજ ॥૧૬॥
સૌના જમ્યામાં આવશે હાલ, ઘણું સારૂં કર્યું તમે લાલ । તે જોઇ પગે લાગ્યા સનાથ, એકેકું ફળ લીધું છે હાથ ॥૧૭॥
જમવા લાગ્યા સર્વે જરૂર, શ્રીહરિયે વિચાર્યું છે ઉર । સારાં મોટાં ફણસ બે લીધાં, લક્ષ્મીપ્રસાદ આદિને દીધાં ॥૧૮॥
ચાલ્યા ઉપડાવી તે એકાંતે, ખટવાઆંબે ગયા નિરાંતે । ત્રૈણે જણ જમ્યા નિરધાર, એમ કરતાં વીતી ઘણી વાર ॥૧૯॥
પછે આવ્યા સરોવર તીર, કર મુખ ધોયા મતિધીર ॥ જળમાં ક્રિડા કરે છે ત્યાંયે, સ્નાન કર્યાં સરોવરમાંયે ॥૨૦॥
બલદેવે ફળ ઉતરાવ્યાં, સર્વ શકટમાંહિ ભરાવ્યાં । બન્ને ભાઇ અને ભગવાન, કરે સરોવરમાંહિ સ્નાન ॥૨૧॥
ત્યારે બલદેવે બોલાવ્યા બાર્ય, ઘેર જવાને થયા તૈયાર । ગાડાં ભરાવી ચાલ્યા ચતુર, સર્વે ઘેર આવ્યાછે જરૂર ॥૨૨॥
ધર્મ ભક્તિને કર્યું છે સર્વ, સુણી રાજી થયાં છે અપૂર્વ । નિત્ય લીલા કરેછે પરબ્રહ્મ, તેનો કોઇ જાણે નહિ મર્મ ॥૨૩॥
વળી એકસમે બીજી વાર, કર્યું ચરિત્ર સુણો તે સાર । દુંદ ત્રવાડીના પુત્ર જેહ, મોતી ત્રવાડી નામે છે તેહ ॥૨૪॥
દીનનગરનો કણબી એક, રામદીન નામે છે વિશેક । તેની પાસેથી જે મોતીરામે, બળદ રાખ્યો તે નિજકામે ॥૨૫॥
તેહને લેવા સારૂં એ જાય, બેઉ પુત્ર સાથે સમુદાય । ધર્મદેવ ને શ્રીઘનશ્યામ, સાથે લેઇ ચાલ્યા મોતીરામ ॥૨૬॥
બળદ રક્ષક કહે વચન, સુણો મોતીરામ શુભ મન । મારો બળદ છે બળવાન, ભારે ગંભીર તે ગુણવાન ॥૨૭॥
પચાસ મણ હોય ગાડે ભારે, તેને તાણી જાય આણીવાર । પણ ઉભો રહે નહિ પળ, એવું જબર છે એમાં બળ ॥૨૮॥
ચાલ્યો જાય એ ઝપાટાબંધ, બોજનો નવ ગણે સંબંધ । એવું સુણી બોલ્યા ઘનશ્યામ, તમે સુણો મામા મોતીરામ ॥૨૯॥
એવો બળદ જોરાવર હોય, હું કહું તે કરો તમે સોય । બેસું હું જ્યારે ગાડાંનીમાંયે, ચાલે ઉભો રહે નહિ ક્યાંયે ॥૩૦॥
ત્યારે વાત તે ખરી હું જાણું, પરીક્ષા કરી એમ પ્રમાણું । એવું સાંભળતાં રામદીન, ગાડું જોડાવ્યું તરત સ્વાધીન ॥૩૧॥
ચાકર ગાડું જોડીને લાવ્યો, શ્રીહરિ પાસે હર્ખેથી આવ્યો । મહાપ્રભુ બેઠા ગાડાંમાંય, ખેડું હાંકવા લાગ્યો છે ત્યાંય ॥૩૨॥
ડારો દઇને હાંકવા લાગ્યો, એક તસુ ચાલે નહિ આગો । પામ્યા આશ્ચર્ય સહુ મનમાંઇ, આનું કારણ શું હશે ભાઇ ॥૩૩॥
કોઇના કયા વિના તેઠામ, હેઠે ઉતરિયા ઘનશ્યામ । પછે બળદ ચાલવા લાગ્યો, ગાડું ખેંચીને જાયછે ભાગ્યો ॥૩૪॥
રામદીન બોલ્યા ધર્મ સાથ, બળદને મેં ફેરવ્યો હાથ । તમારા પુત્ર જે છે શ્રીહરિ, તેમને બેસારો હવે ફરી ॥૩૫॥
ઉભો રેશે નહિ ચાલ્યો જાશે, ત્યારેજ ખરી ખાતરી થાશે । તેવું સુણી બોલ્યા નરવીર, સુણો રામદીન થઇ સ્થિર ॥૩૬॥
તમારી મરજી હોય જેમ, બેલને ફેરવો હાથ તેમ । હવે તો નહિ બેશીયે અમે, સત્ય માની લેજ્યો ભાઇ તમે ॥૩૭॥
પણ ટોપી છે જુવો અમારી, મામા ગાડાંમાં મેલો વિચારી । પછે ગાડું તેનું ચાલ્યું જાય, ત્યારે બળના વખાણ થાય ॥૩૮॥
પછે મોતીત્રવાડીયે ત્યાંયે, ટોપી મુકી દીધી ગાડાંમાંયે । ખાંતેથી ખેડું ગાડું ચલાવે, પણ બળદને નવ ફાવે ॥૩૯॥
ચાલી શક્યો ન બળધ ગાડે, અટકી ઉભો ત્યાં અંક આડે । રામદીન થયો દિગમૂઢ, દિસે ગહનગતિ આ ગૂઢ ॥૪૦॥
તેનો ભાઇ માતાદીન એક, બોલ્યો ધારીને મન વિવેક । ભાઇ આ ટોપીમાં ક્યાં છે ભાર, પણ સમઝવાનો છે સાર ॥૪૧॥
ધર્મ દેવના પુત્ર પવિત્ર, છે આ ઘનશ્યામનાં ચરિત્ર । ઘનશ્યામ સદા સુખકારી, મોટા ઈશ્વર છે અવતારી ॥૪૨॥
મુને તો નિશ્ચે ભાસે છે એમ, મનમાં શું ધરો તમે વેમ । એમ કહીને પગે લાગ્યા બે ભ્રાત, રુદામાંહિ થયા રળીયાત ॥૪૩॥
બળદ આપ્યો છે તતખેવ, મોતીરામ ત્રવાડીને એવ । ધર્મ સહિત તે સર્વ આવ્યા, છુપૈયાપુર બળદ લાવ્યા ॥૪૪॥
એમ વર્તે છે કલ્યાણકારી, જેની ગહન ગતિ છે ન્યારી । ભવ બ્રહ્મા પામી જાય હાર, પ્રભુનો કોઇ પામે ન પાર ॥૪૫॥
પુરૂષોત્તમ અક્ષરવાસી, લીલા કરે છે શ્રીઅવિનાશી । એતો ભક્તનાં કલ્યાણ કરવા, વળી આશ્રિતનાં દુઃખ હરવા ॥૪૬॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય

શ્રીઅયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિ દીનનગરમાં મામાની સાથે બળદ લેવા ગયા ને ગાડાંમાં ટોપી મુકીને તેમાં અતુલ ભાર મુક્યો એ નામે સડસઠમો તરંગઃ ॥૬૭॥

પૂર્વછાયો – એકસમે વૈશાખ મધ્યે, પુનમનો દિન સાર । સખા સર્વે સાથે લેઇને, ચાલ્યા ધર્મ કુમાર ॥૧॥
દુંદત્રવાડીનો કુવો છે, નૈઋત્યખુણ મોઝાર, સખા વેષ્ટિત શ્રીહરિ ત્યાં, નાવા ગયા નિરધાર ॥૨॥
ઉભા રહ્યા કુવા ઉપર, ત્યારે બોલ્યા વેણીરામ, આ કુવામાં પાણી ઘણું છે, સુણો તમે ઘનશ્યામ ॥૩॥
એવું કહેછે ત્યાં તો આવ્યો, ઢેબરીયાનો સુતાર । તીનવા ગામે એ જાય છે, પાણી પીવા આવ્યો સાર ॥૪॥
મહાવીર જેનું નામ છે, તે થયો છે તૃષાતુર । દોરી લોટાથી પાણી કાઢી, પીવા લાગ્યો જરૂર ॥૫॥

ચોપાઇ – બોલ્યો મહાવીર જે સુતાર, અહો ભાઇ તમે સુણો સાર । આ કુવામાં છે પાણી અપાર, નાવા પડશો નહિ નિરધાર ॥૬॥
કોઇ ડુબી જાશે આ જળમાં, પ્રાણ રહિત થાશે પળમાં । એમ કેતાં કેતાં વનમાળી, ધોતીનો કછોટો લીધો વાળી ॥૭॥
માર્યો ધુબાકો તે કુપમાંયે, તાગ વિનાનું પાણીછે ત્યાંયે । થયું જળ તે કટિસમાન, અંબુમાં ઉભા છે ભગવાન ॥૮॥
ફરી ફરી કેટલીક વાર, ધુબાકા મારે પ્રાણ આધાર । તોય પાણી તો કટીસમાણું, તેથી ઉંચું જરા ન જણાણું ॥૯॥
બીજા સખા પડે છે તે જળમાં, ઉંડા ઉતરે છે તે પળમાં । ઘણીવારે તે આવે છે બાર, સૂત્રધારે દેખ્યો ચમત્કાર ॥૧૦॥
બોલ્યો સુતાર થૈ દિગમૂઢ, ભાઇ કારણ છે કાંઇ ગૂઢ । કાંઠા ઉપરથી જોર કરી, ધુબકો મારે છે નરહરિ ॥૧૧॥
તોય કટી ઉપર શરીર, નથી ભીંજવાતું તે લગીર । ધુબકા મારો છો શું સઘળા, જળમાં જાતા રોછો સબળા ॥૧૨॥
ત્યારે કારણ આનું તે શું છે, મહાવીર સખાઓને પુછે । ત્યારે બોલ્યા સખા વેણીરામ, જુદુછે અતિ જક્તથી કામ ॥૧૩॥
જાણીને અડવા દીધું વ્હાલે, નૈતો પાણીનું જોર ન ચાલે । ગર્વગંજન છે ગિરિધારી, તેની ગતિ મતિ અતિ ન્યારી ॥૧૪॥
એવું સુણીને એ સૂત્રધાર, ચાલ્યો ગયો કરતો વિચાર । પછે સખા સાથે ઘનશ્યામ, બાર નિકળ્યા પૂરણકામ ॥૧૫॥
વસ્ત્ર પેરીને થયા તૈયાર, વ્હાલો કરે મનમાં વિચાર । રતન પાંડેનું મધુવૃક્ષ, તેના હેઠે ગયા કરી લક્ષ ॥૧૬॥
તે ઠેકાણે બાંધ્યા છે માતંગ, જોયા રાખી મનમાં ઉમંગ । ત્યાંથી આગળ ચાલ્યા જાય, સખા સંગે ત્રિભુવનરાય ॥૧૭॥
ગયા શુક્લના બગીચામાંયે, ગામ રૂંધોલીની જાન ત્યાંયે । તેહ જાન જોઇને સધાવ્યા, પછે પોતાને ભુવને આવ્યા ॥૧૮॥
હવે બીજું કહું છું ચરિત્ર, સુણજો શ્રોતાજન પવિત્ર । નરેચા ગામનો જે છે રાય, સનમાન સિંહજી કેવાય ॥૧૯॥
તેને ઘરે વિવાનો પ્રસંગ, માંડી બેઠો છે તે રૂડે રંગ । કલ્યાણસર નામે તડાગ, તેના તીર ઉપર સોહાગ ॥૨૦॥
જલસા કરી દારૂ ઉડાડે, આતસબાજી રંગ રમાડે । તેટાણે જોવા હજારો લોક, ગામ પરગામથી આવ્યા થોક ॥૨૧॥
ચારે તરફ વેંટિ ઉભા રયા, તે સમે શ્રીહરિ જોવા ગયા । સખા સહિત જુવે છે શ્યામ, દારૂખાનું ઉડે છે તેઠામ ॥૨૨॥
કરે ૧ભિંદીપાલોના ભડાકા, થાય આકાશમાં તે કડાકા । શબ્દ વ્યાપ્યો તે ઘણો સઘળે, એક બંધુક તુટી તે પળે ॥૨૩॥
બે માણસને વાગ્યું તે ટાણે, શ્વાસરહિત થયા તે જાણે । થયું વિવામાં વિઘ્ન આચરણ, બેઉ માણસ પામ્યા છે મરણ ॥૨૪॥
ત્યારે નાઠા છે તે સહુ લોક, થયો રાજાજીને બહુ શોક । રાજાયે દેખ્યા શ્રીઘનશ્યામ, મનમાં વિચારે અભિરામ ॥૨૫॥
હરિપ્રસાદ પાંડેના તન, ઘનશ્યામજી છે ભગવન । શરણાગતના એ સુખકારી, પૌઢ પ્રતાપી ને ચમત્કારી ॥૨૬॥
રાજા ઉઠીને આવ્યો છે પાસ, જ્યાં ઉભા રહ્યા અવિનાશ । કરી પ્રાર્થના શીર નામી, બોલ્યો વચન તે કર ભામી ॥૨૭॥
હે હરિકૃષ્ણ હે ઘનશ્યામ, બેઉ માણસ મુવા આ ઠામ । રંગ ઉપરંગ તે ઉમંગ, વિવામાં થયો હર્ષનો ભંગ ॥૨૮॥
દયા કરીને તમે જીવાડો, હતો તેવો આનંદ પમાડો । નિરમાનીપણે બોલ્યા રાય, દયાળુને આવી છે દયાય ॥૨૯॥
એવું સુણી બોલ્યા પરબ્રહ્મ, મનુષ મરે નહિ એકદમ । મુજ વાણી સુણો હે રાજન, હું કહું તે કરો ધારી મન ॥૩૦॥
મડદાંને આંહિથી ઉપાડો, આ સરોવરમાંહે સુવાડો । જળ સ્પર્શ થતાં મટી જાશે, હાલ ઘડી તે ઉભા જ થાશે ॥૩૧॥
એવું સુણીને કર્યો વિશ્વાસ, કર્યું રાજાએ એમ હુલ્લાસ । કર્યો હુકમ દૂત હંકાર્યા, ઉપડાવી જળમાં સુવાર્યા ॥૩૨॥
પ્રભુ જળ સમીપમાં ગયા, પથ્થર ઉપર ઉભા રયા । બેઉ મનુષનાં લેઇ નામ, તેને બોલાવે છે ઘનશ્યામ ॥૩૩॥
હે ગદાધર હે પૃથ્વીપાલ, જળમાં સુતા કેમ દયાલ । બેઉ જણ ઉઠી બાર્ય આવો, તમારા સંબંધીને બોલાવો ॥૩૪॥
એમ બોલ્યા જ્યાં દેવના દેવ, બેઉ બેઠા થયા તતખેવ । આવ્યા જળથી નીકળી બાર, ઉભા રયા છે જ્યાં કિરતાર ॥૩૫॥
પછે સનમાનસિંહ રાજન, નિશ્ચે કર્યો છે પોતાને મન । ઘનશ્યામને પ્રભુ પ્રમાણ્યા, અક્ષરાધિપતિ એમ જાણ્યા ॥૩૬॥
તેડી ગયા છે પોતાને મહેલ, પધરાવ્યા છે ત્યાં રંગરેલ । ગાદી તકિયા રૂડા બિછાવ્યા, સારીપાટવિષે પધરાવ્યા ॥૩૭॥
ભાવભરી મોતીડે વધાવ્યા, રાજા રાણી તણે મન ભાવ્યા । રાણી જડાવ કુંવરબાઇ, મહાપુન્ય પવિત્ર કેવાઇ ॥૩૮॥
તેણે પ્રભુનું કર્યું પૂજન, પ્રેમસહિત નિર્મલ મન । ચંદનાદિ સોળે ઉપચાર, હેતે પેરાવ્યા પુષ્પના હાર ॥૩૯॥
દૂધ સાકરપુંવા જમાડ્યા, શ્રીહરિને સંતોષ પમાડ્યા, રાજા રાણી સહિત કુમાર, સ્નેહ વડે કર્યો નમસ્કાર ॥૪૦॥

વળતા બોલ્યા મિષ્ટ વચન, ઘનશ્યામ પ્રભુ ધરો મન । તમે છો પ્રભુ કાળનાકાળ, ઈશના ઈશ પરમ કૃપાળ ॥૪૧॥
જય પ્રણતપાળ દયાળ, જય ધર્મભક્તિતણા બાળ । આવી વેળાયે ઉગારી લીધા, બે મનુષ્યને જીવતા કીધા ॥૪૨॥
સારૂં દેખાડ્યું અમારૂં શ્યામ, સુધાર્યું કાજ પૂરણકામ । તમે કરજ્યો અમારી સહાય, સુખદાયક શ્યામ સદાય ॥૪૩॥
આ લોક પરલોકનો શોક, હરિ લેજ્યો ને કરજ્યો અશોક । કાળ કર્મ માયાની જે ભીતી, મટાડીને દેજ્યો રૂડી નીતિ ॥૪૪॥
એ સુણી પ્રભુ થયા પ્રફુલ્લ, અઢળક ઢળ્યા અતુલ । આશીર્વાદ આપ્યો છે ઉમંગે, ત્યાંથી ચાલ્યા રસિયોજી રંગે ॥૪૫॥
પશ્ચિમ દિશે કોટ છે જ્યાંયે, ઘોડાની પાયગા રૂડી ત્યાંયે । જોઈ પાયગા તે રૂડી પેર, પછે પધાર્યા પોતાને ઘેર ॥૪૬॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિયે રાજાના બે દૂતને જીવતા કર્યા એ નામે અડસઠમો તરંગઃ ॥૬૮॥

પૂર્વછાયો – છુપૈયાના વાસી જનનું, પૂરણ ભાગ્ય કેવાય । પ્રભુજી જ્યાં લીલા કરે છે, નિશદિન સુખદાય ॥૧॥
તરણ તારણ કારણ, ચરણની રજ જેહ । ભુવનપતિ બ્રહ્માદિને, અતિ દુર્લભ છે એહ ॥૨॥
પુરૂષોત્તમ નારાયણ, અકલિત અવિનાશ । મનુષ્ય તન ધારી કરે, છુપૈયાપુરે વિલાસ ॥૩॥
અપાર મોટપ મહિમા, કવિ શું પામે પાર । શેષ મહેશ ને શારદા, કેતાં પામી જાય હાર ॥૪॥
ધર્મભક્તિના પુત્ર થયા, છુપૈયાપુર મોઝાર । તે પુરવાસી મનુષ્યનાં, પુન્ય હશે શુભ સાર ॥૫॥

ચોપાઈ – સુણજ્યો શ્રોતા વિવેકી જન, રૂડી પ્રગટ લીલા પાવન । શ્રીહરિનાં મામી એકવાર, નામ સુંદરીબાઈ નિરધાર ॥૬॥
અગ્નિ લેવા આવ્યાં કરી પ્યાર, હરિપ્રસાદજી તણે દ્વાર । સુવાસિનીને કહ્યું છે સોય, અગ્નિ આપો પાડેલો જો હોય ॥૭॥
દેવતા પાડ્યો નથી જ અમે, મામીજી સાચું માનજ્યો તમે । તમે લાવો તો કેજ્યો અમને, ભુલી જાશો નહિ કહું તમને ॥૮॥
ત્યારે બોલ્યા અક્ષરાધાર, ધીર ધરો તમે થોડી વાર । અગ્નિ લાવી દેયે છૈયે અમે, બેસો બન્ને જણાં આંહી તમે ॥૯॥ નિ
ત્યવિધિ કરે છે શ્રીહરિ, ઉઠ્યા પોતે નેમ પૂરણ કરી । એક ધોતી પેરેલી છે અંગે, દેવતા લેવા ચાલ્યા ઉમંગે ॥૧૦॥
જુવો અંતરયામીની વાતો, બીજા શું સમજે મર્મ આતો । વ્હાલો વહ્નિનું લેઈને નામ, કરવા ધાર્યું છે બીજું કામ ॥૧૧॥
જ્યારે હરિ થયા રાજારૂપ, ત્યારે અસુર થયા છે ભૂપ । તે હરિ સામા લડાઈ કરે, રણસંગ્રામે કપાઈ મરે ॥૧૨॥
વળી પ્રભુ સાધુરૂપ ધરે, તો અસુર તેવાં રૂપ કરે । તિલકાદિ રાખે હરિ બાનું, વ્યસન કપટ કરે છાનું ॥૧૩॥
તે પાખંડ ભક્તિને આદરે, મંડળી લૈ ગામોગામ ફરે । શાસ્ત્રના નેમ ધર્મને નૈ છેક । નામ માહાત્મની રાખે ટેક ॥૧૪॥
એ લક્ષણે જાણવા અસુર, જેને મળે તેને નર્કપુર । ઉપર દેખાવ સારો રાખે, આજ્ઞા વિષે નપુંસક ભાખે ॥૧૫॥
અસુરો તે મનમાં વિચારી, આવે વૈરાગીનાં રૂપ ધારી । માંહી છે કપટ દગાભર, દેખાવ ઉપલ્યો આડંબર ॥૧૬॥
જેમાં અસુર પરવેશ થાય, તે જન અડબંગા જણાય । એમ જાણીને શ્રીહરિ આપ, કામ કરે છે અકળ અમાપ ॥૧૭॥
મીનસાગરથી તે પશ્ચિમે, કાંઠાપર મધુવૃક્ષ સીમે । ત્યાં બગીચામાં સેના આવી છે, ઘણા દિનથી તિયાં ફાવી છે ॥૧૮॥
ત્યાગી તપસ્વી લેરી ગંજેરી, ઉતર્યા છે તે વાડીને ઘેરી । ગાંજો ભાંગ્ય પીને ગભરાતા, ભેખ નિશંક ને મદમાતા ॥૧૯॥
ક્રોધી વિરોધી ને જ્ઞાનહીન, વિપરીત મતિવાળા ભિન્ન । એવો અધર્મ જાણ્યો તે સ્થળે, મહાપ્રભુ પધાર્યા તે પળે ॥૨૦॥
અધર્મ ઉચ્છેદ કરવો છે, ભાર ભૂમિતણો હરવો છે । વળી ધર્મ કરવો સ્થાપન, એવું ધારીને ગયા જીવન ॥૨૧॥
જઈને જુવે જગદાધાર, સેનાયો છે તે વાડી મોઝાર । પાંચ સાત ઠેકાંણે તે જન, બેઠા ધૂણી ચેતાવી તે દન ॥૨૨॥
મોટાં કાષ્ટ સળગાવ્યાં ત્યાંયે, ચીપિયા લેઈ બેઠા છે જ્યાંયે । એવું જોઈ બોલ્યા અવિનાશ, હે સંતો મુને આપો ૧હુતાશ ॥૨૩॥
એમ સુણીને એક અજાણ, બોલ્યો બડબડતો મુખે વાણ । તુચ્છબુદ્ધિ તમોગુણવાળો, અતિ ઉંચો ને કાજળ કાળો ॥૨૪॥
ચીપિયો લીધો કરે ક્રોધાળે, કેવા લાગ્યો હરિને તે કાળે । ચલ ચલ નહી મિલે આગ, હમ તનસે લિયાહે ત્યાગ ॥૨૫॥
ગયા બીજી જગ્યાયે ગોવિંદ, અગ્નિ માગી જોયો તેનો ફંદ । અગ્નિ તો કોઈએ આપ્યો નહિ, ઉઠ્યો મારવા ચીપિયો ગ્રહી ॥૨૬॥
ત્રીજી જગ્યાયે ગયા જીવન, વિચાર ધાર્યો છે નિજ મન । ધોતીનો છેડો તૈયાર કીધો, વણપુછે તેમાં વહ્ની લીધો ॥૨૭॥
ત્યાંથી લેઈને ચાલ્યા તત્કાળ, તેમને લાગી કાળની ઝાળ । ના પાડ્યા છતાં જે અગ્નિ લીનો, બોત અન્યાય લડકે કીનો ॥૨૮॥
સેનાયોવાળા જોગી જે લેરી, મારવા માટે ઉઠ્યા ગંજેરી । પકડ્યા ધોકા ચીપિયા હાથ, પ્રહાર કરવા તૂટ્યા સાથ ॥૨૯॥
એવા સમયમાં બીજો જન, અતિક્રોધ કરી નિજ મન । તાણી તરવાર્ય દોડ્યો તેહ, કાળઝાળમાં પડેલો એહ ॥૩૦॥
આવ્યો ઉતાવળો તેહ જન, દેખ્યું પ્રભુએ તેહનું મન । અક્ષરાધિપતિ ઉભા રયા, યમરાજાના રૂપે તે થયા ॥૩૧॥
કાળ વિકાળ સ્વરૂપ કીધું, તેમને એવું દર્શન દીધું। મોટા મોટા ભયંકર દાંત, જાણે જિહ્વાપ્રલેનો કૃતાંત ॥૩૨॥
લાંબા લાંબા છે શિરના કેશ, વજ્ર સમાન ઉભા છે એશ । મોટા લાંબા છે હાથ અઢાર, અષ્ટાદશ કર હથિયાર ॥૩૩॥
છાતી કાઢીને ઉભા છે સામા, તે સર્વેના વીતિયા વિસામા । ઉંચું પર્વત પ્રાય શરીર, રણનો પંડિત રણધીર ॥૩૪॥

કાળદેતો આવ્યો જાણે ફાળ, ઢુંગી ધ્રુજી પડ્યો છે ધરાલ । ડાઢ્યો જોરવડે કકડાવે, સામ સામી ઘસીને અડાવે ॥૩૫॥
એવો ભાળી ભયંકર વેષ, પામી ગયા છે ત્રાસવિશેષ । તેમને તો લાગી ઘણી બીક, નવ આવી શક્યા તે નજીક ॥૩૬॥
છેટે ઉભા રયા છે એ સર્વ, ગળી ગયો છે એમનો ગર્વ । ઢુંગધારી ઉભા ઉભા ધ્રુજે, નાશી જાવાની જગ્યા ન સૂઝે ॥૩૭॥
ક્યાં જઈશું ને કેમ કરીશું, હવે તો જીવીશું કે મરીશું । પાછા પાછા ભરેછે પગલાં, દિલ ડરતા દેછે ડગલાં ॥૩૮॥
ઈષ્ટદેવનું સ્મરણ કરતા, નાશી ગયા તે ભય ધરતા । મુકામે આવી કરે વિચાર, હવે નાશી જવું કોણ ઠાર ॥૩૯॥
પોતપોતાનાં જે સિંહાસન, બિછાવ્યાં છે ત્યાં નિર્મલ મન । ઠાકોરજીની મૂર્તિઓ જેહ, પધરાવી સિંહાસને તેહ ॥૪૦॥
પ્રતિમાયો દેખાવા ન લાગી, ચિંતાતુર થયા છે અભાગી । પછે સર્વે બેબાકળા થયા, મનમાં તે ગભરાઈ ગયા ॥૪૧॥
એવામાં થઈ આકાશવાણી, પોતાના મનમાં લીધું જાણી । આંહી આવ્યા છે દેવતા લેવા, ઘનશ્યામજી દર્શન દેવા ॥૪૨॥
એમની સાથે જૈયે છૈયે અમે, સમઝી લેજ્યો સેવક તમે । રહીશું ઘનશ્યામને સંગ, એવી વાણી થઈછે અભંગ ॥૪૩॥
સુણી આકાશવાણી ગંભીર, તેમની છુટી ગઈ છે ધીર । પામ્યા આશ્ચર્ય મન અપાર, ભેગા થઈ કરે છે વિચાર ॥૪૪॥
એક એકને લાગ્યા છે કેવા, ચાલો પ્રતિમાયો સહુ લેવા । એહ બાળકને પાસે જૈયે, પ્રતિમાયો ઠાકોરજીની લૈયે ॥૪૫॥
એવું કહી ત્યાંથી જાવા ચાલ્યા, ઘનશ્યામને પાસે આવી માલ્યા । કર્યું અદશ્ય યમનું રૂપ, બોલ્યા અલબેલોજી અનૂપ ॥૪૬॥
એવું કહીને તે આનંદભેર, ગિરિધારી આવ્યા નિજ ઘેર । ઘરે ભાભી ને પોતાનાં મામી, તેને અગ્નિ આપ્યો બહુનામી ॥૪૭॥
ઓલ્યા બધાયે આવ્યા છે સાથ, બોલ્યા સર્વે જોડીને ત્યાં હાથ । બોલે છે નમ્ર મધુરી વાણ, તમે સુણી લ્યો જીવનપ્રાણ ॥૪૮॥
તમે સાક્ષાત છો રામચંદ્ર, પ્રગટ્યા છુપૈયામાં બલીંદ્ર । નિશ્ચે અમને એમ દેખાય, એમાં બીજો સંદેહ ન થાય ॥૪૯॥
તમને કરીયે નમસ્કાર, કર જોડીને વારમવાર । તમે ક્ષમા કરો અપરાધ, અમે ભુલ કરી છે અગાધ ॥૫૦॥
અમે કિંકર છૈયે તમારા, અવગુણ જોશો માં અમારા । એમ કહી પ્રારથના કરી, ત્યારે હરિયે ઈચ્છા મન ધરી ॥૫૧॥
બોલી મૂર્તિયો મુખેથી સર્વ, સેવક સુણો ત્યજીને ગર્વ । પ્રભુને તજી બીજાં આચરણ, કરશો તો નહિ રાખીયે શરણ ॥૫૨॥
નહિ રહિયે તમારી પાસ, સત્ય માની લેજો તમે દાસ । એવું કહી શ્રીહરિના આગે, મૂર્તિયો સઘળી રજા માગે ॥૫૩॥
શિષ્ય પોતાના આવ્યા છે જેહ, તેની સાથે ચાલી ગઈ એહ । પ્રતિમાયો આવી છે અગાડી, તેમને તો મુક્યા છે પછાડી ॥૫૪॥
પોતપોતાનાં જે સિંહાસન, મૂર્તિયો બિરાજી છે આસન । ઓલ્યા આવેલા તો ચાલ્યા સદ્ય, આવ્યા પિરોજપુરની હદ્ય ॥૫૫॥
ત્યાં છે પીપળાનો વૃક્ષ એક, તેમાં જન રહે છે વિશેક । અકસ્માત ઉઠ્યો કડેડાટ, થયો વિક્રાડ ત્યાં ભડેડાટ ॥૫૬॥
તેને દેખીને વૈરાગી માત્ર, ભય પામ્યા સંકોચાયા ગાત્ર । ચારે દિશામાં નાસવા લાગ્યા, ત્રાસ પામીને ત્યાં થકી ભાગ્યા ॥૫૭॥
જન આવી ફરી વળ્યો આગે, વાક્ય મુખેથી કહેવા લાગે । સુણો તમોને કહું ખચિત, ઘનશ્યામજીમાં રાખો ચિત્ત ॥૫૮॥
એમની આજ્ઞાને અનુસરજો, ધ્યાન ભક્તિ સદા તેની કરજો । નહિ તો સર્વેને મારી પાસ, રાખીને ઘણો આપીશ ત્રાસ ॥૫૯॥
હરણ કરીશ તમારા પ્રાણ, સમજી લેજો એ સાચી વાણ । એવું સુણી થયા ભયભીત, બોલ્યા બીજા સહુ એક ચિત્ત ॥૬૦॥
હવે આજથી નિર્મલ મન, કરીશું એમનું ચિંતવન । અમે જાણ્યા છે એમને ધીર, સાક્ષાત છે રામ રઘુવીર ॥૬૧॥
કરશું ભક્તિ ઉપાસના એની, જેણે પ્રતાપ દેખાડ્યો તેની । જન તે પછે અદૃશ થયો, પિપળામાં લીન થઈ ગયો ॥૬૨॥
સાધુ ભય પામી ભાગી ગયા, પોતાના મુકામે ઉભા રહ્યા । માંહોમાંહે કરે છે વિચાર, અહિયાં રહેવું નથી નિરધાર ॥૬૩॥
આવે રાત્રીમાં જન પ્રત્યક્ષ, કરશે આપણા સર્વેનો ભક્ષ । ધોકા ચીપિયા પુસ્તક પાન, વસ્ત્ર આદિ બીજો જે સામાન ॥૬૪॥
સંકેલી સર્વે થયા તૈયાર, ત્યાંથી ગયા અયોધ્યા મોઝાર । ત્યાં જઈને કરી છે તે વાત, અથ ઈતિ બનીતી સાક્ષાત ॥૬૫॥
અયોધ્યાના તે જન કહેછે, ધર્મદેવ છુપૈયામાં રહે છે । તેના પુત્ર છે ચમતકારી, ઘનશ્યામ સદા સુખકારી ॥૬૬॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિમીનસાગરને કાંઠે દેવતા લેવા ગયા એ નામે અગણોતેરમો તરંગઃ ॥૬૯॥

રાગ સામેરી – નગર ને વાંસી ગામના, રાજા બે મતિ ફેર । નખલૌના નવાબ સાથે, બાંધી બેઠા છે વેર ॥૧॥
તેના તરફથી સુબો આવ્યો, સાથે સૈન્ય અપાર । બન્ને રાજાને જીતવાનો, કર્યો મન વિચાર ॥૨॥
વાંસી ગામ જવા નીકળ્યો, મારગે ચાલ્યો જાય । છુપૈયાપુર આવ્યું વચ્ચે, ત્યાર પછી શું થાય ॥૩॥
મોટાઆંબે બગીચા મધ્યે, પડાવ કર્યો છે ત્યાંયે । તેમાં ઘેલાત્રવાડી આવ્યા, સુબા સાથે સૈન્યમાંયે ॥૪॥
ઘેલાત્રવાડી નોકર છે, નવાબને ત્યાં જેહ । સાંજે ધર્મ આદિ સર્વે સંબંધી, પ્રેમે મળ્યા છે તેહ ॥૫॥
જોખનને વિચાર થયો, સંગે લઈ ઘનશ્યામ । ઘેલાત્રવાડી સાથે જવું, લશ્કરમાં અભિરામ ॥૬॥
એવું ધારીને કહેવા લાગ્યા, ધર્મ પ્રત્યે જોખન । હે દાદા મુજ મામા સાથે, મારે જવાનું છે મન ॥૭॥
ઘનશ્યામને લઈ જાઉં છું, ચિંતા મ રાખો લગાર । થોડા દિવસમાં આવીશું, બેઉ બંધવ આઠાર ॥૮॥

એવું કહી જુગલબંધુ, તરત થયા તૈયાર । વસ્ત્ર આભૂષણ સજીને, બાંધી લીધાં હથિયાર ॥૯॥
નારાયણને સાથે લેઇ, ચાલ્યા રામપ્રતાપ । લશ્કરમાં નિજ મામા સાથે, પ્રેમે પધાર્યા આપ ॥૧૦॥
તે ગામને લુટવા પેઠા, લશ્કરવાળા જન । મોટાભાઇ ભેગા ચાલ્યા, જોડે પ્રાણજીવન ॥૧૧॥
બીજા મનુષ્ય માલ લેઇ, આવ્યા પોતાને મુકામ । પ્રભુતો કંદોઇ ઘેરથી, લાવ્યા દહીંનું ઠામ ॥૧૨॥
મોટું ભરેલું ભાળી લાવ્યા, કર્યું છે એવું કાજ । ભાઇ દધિપાત્ર દેખીને, પુછે પ્રભુને આજ ॥૧૩॥
હેભાઇ શું તમે લાવ્યા છો, આ ભરેલું દધિ ઠામ । એવું સુણી પ્રસન્ન થઇને, બોલ્યા સુંદર શ્યામ ॥૧૪॥
અમે તો કંદોઇને ઘરે, દીઠું આ દધિનું ઠામ । સારું સ્વાદિષ્ટ દેખી લાવ્યા, કર્યું અમે તો એ કામ ॥૧૫॥
ભાઇયે કહ્યું બીજા માણસ, લાવ્યા છે તે બહુ માલ । તમેતો એક દધિ લાવ્યા, એમાં શું કર્યા નિહાલ ॥૧૬॥
પ્રભુ કહે જેને જેવી રૂચી, તેવી તે વસ્તુ લાવીયા । અમારે જેવી રૂચી હતી, તે વસ્તુ અમે લૈ આવીયા ॥૧૭॥
સર્વે પછે રસોઇ કરી, જમવા બેઠા તેવાર । ભાઇયે પણ બાટીયો કરી, ભોજન કરવા સાર ॥૧૮॥
હરિને મામાને પીરસ્યું, રામપ્રતાપે તે વાર । હરિ કહે ભાઇ બેસો તમે, નક્કી કહું આઠાર ॥૧૯॥
તમે પણ સાથે જ બેસો, આપું છું દધિ આજ । જ્યેષ્ઠ ભાઇયે પાત્રમાં લીધી, બાટી જમવા કાજ ॥૨૦॥
શ્રીહરિયે ભાઇ મામાને, દહીં આપ્યું દીનાનાથ । ત્રૈણે જણા જમવા લાગ્યા, સ્નેહ સહિત સંગાથ ॥૨૧॥
જમતાં જમતાં રાજી થયા, બોલ્યા શ્રીઘનશ્યામ । અમે દધિ લાવ્યા તે જુવો, તરત જ આવ્યું કામ ॥૨૨॥
બીજા માણસ લાવ્યા હશે, મીલકત માલ તમામ । કોણ જાણે કોણ ભોગવશે, કેદિ તે આવશે કામ ॥૨૩॥
બીજા માણસ લૌકિક છે, તવ સમઝણ શુભ રીત । એમ કહેતા જમતા હવા, ત્રૈણે જણ કરી પ્રીત ॥૨૪॥
એવી રીતે કેટલા દિન, રહ્યા લશ્કરમાંય । દહીં માખણ ઘૃત લાવી, જમે ત્રૈણે જણા ત્યાંય ॥૨૫॥
લશ્કરની જીત થઇ છે, પાછું વળ્યું તેણીવાર । છુપૈયાપુર થઇને ગયું, નખલૌશેર મોઝાર ॥૨૬॥
વડીલ બંધુ સાથે વ્હાલો, પાછા વળ્યા સુખભેર । ઘેર આવી માતપિતાને, કહી સઘળી પેર ॥૨૭॥
વળી બીજું ચરિત્ર કહું, સુણો સહુ ભાગ્યવાન । એક સમે શ્રીધર્મ બેઠા, ધરવા પ્રભુનું ધ્યાન ॥૨૮॥
અંતરમાં આતુર થઇને, ધ્યાન ધરે છે એવ । પરોક્ષ મૂર્તિ ન દેખાણી, દેખાણા હરિ તતખેવ ॥૨૯॥
ધર્મ ઘનશ્યામને જુવે છે, બીજું ન દેખે દૃષ્ટ । તે મૂર્તિને વિસારી દેવા, કરે પ્રારથના સ્પષ્ટ ॥૩૦॥
પણ પ્રભુ નથી વિસરતા, સુખદાઇ ઘનશ્યામ । ધીરજ ન રહી ધર્મને, મુંઝાણા સુખધામ ॥૩૧॥
આજ કેમ નથી દેખાતી, પ્રભુની મૂર્તિ સોય । મારામાં કાંઇ ભુલ પડી, કે કારણ શું છે જોય ॥૩૨॥
એમ જાણી થયા ઉદાસી, પડ્યું મુક્યું છે ધ્યાન । ભાગવતનો પાઠ કરે, પોતે તો પુન્યવાન ॥૩૩॥
પાઠ કરતાં વાર લાગી, ધર્મદેવને તે ઠાર । પછે હસીને તે બોલિયા, જીવન જગદાધાર ॥૩૪॥
હે દાદા તમે માતપિતા, ઇચ્છા કરીતી મન । મારા જેવા પુત્રને માટે, કષ્ટ સહ્યું તું તન ॥૩૫॥
અવધપુરે સર્જુતીરે, તપ આરાધ્યું સાર । દેવની અવધી પ્રમાણે, વર્ષ બાર હજાર ॥૩૬॥
ત્યારે તો આ મૂર્તિ મળી છે, મુંઝાઓ છો શીદ મન । માટે પ્રગટ આ સ્વરૂપનું, ધ્યાન ધરી કરો જતન ॥૩૭॥
એમ કહી દર્શન દીધું, અલૌકિક અદ્ભુત । ચતુર્ભુજ રૂપે થયા છે, નિશ્ચે થયો મજબુત ॥૩૮॥
પૂર્વની સ્મૃતિ કરાવી છે, પિતાને તતખેવ । પાઠ કરવો પડ્યો મુકી, સ્તુતિ કરે ધર્મદેવ ॥૩૯॥
સર્વના કારણ શ્રીહરિ છે, અક્ષરાધિપતિ એવ । હે લાડીલા કુંવર મારા, દેવ તણા છો દેવ ॥૪૦॥
પુરૂષોત્તમ નારાયણ, સાક્ષાત છો ભગવાન । તમારી માયાવડે કરી, ભુલું છું હું તો ભાન ॥૪૧॥
તમ વિષે પ્રભુપણાનો, નિશ્ચે બરાબર થાય । કલ્પાંતે તવ સ્વરૂપનું, જ્ઞાન કદી નવ જાય ॥૪૨॥
હવે આપો વરદાન એવું, કૃપા કરીને આજ । વિસારૂં તોય નવ વિસરે, મેર કરો મહારાજ ॥૪૩॥
પ્રસન્ન થઇને પ્રભુયે, આપ્યું એ વરદાન । પિતાજીને શાન્તિ પમાડ્યા, એમ કર્યું સમાધાન ॥૪૪॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃત સાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રીઅયોધ્યા પ્રસાદજી રામશરણજી સંવાદે ધર્મદેવને ભગવાનપણાની વિસ્મૃતિ ન થાય એવો વર શ્રીહરિયે આપ્યો એ નામે સિત્તેરમો તરંગઃ ॥૭૦॥

પૂર્વછાયો – એક સમે સુવાસિનીનાં, બેન ઇંદિરાબાઇ । છુપૈયામાં પરણાવ્યાં છે, મોતી ત્રવાડીને ત્યાંઇ ॥૧॥
બળદેવ પિતા તેહના, સમજણ નિધિ સાર । વિવેકે વળાવ્યાં સાસરે, છુપૈયાપુર મોઝાર ॥૨॥
પુત્રી સંગાથે બેઉ પુત્ર, મોકલ્યા છે સનાથ । ભવાનીદિન જનકરામ, બન્ને બંધુને સાથ ॥૩॥
પ્રથમ મોતીરામ ઘેર, ઉતરીયા મેમાન । પાંચ સાત દિવસ સુધી, કરાવ્યાં ભોજન પાન ॥૪॥

ધર્મદેવ મોટાભાઇને, વાત કરે છે સમાન । મોતીમામાને ઘેર આવ્યા, તરગામના મેમાન ॥૫॥
બોલાવો તે આપણે ઘેર, પૂરણ ધરીને પ્રીત । થોડા દિન અહીં જમાડીયે, દેખાય રૂડી રીત ॥૬॥

ચોપાઇ – એવાં સુણી પિતાનાં વચન, ચાલ્યા તેડવા ભાઇ જોખન । મામાને ઘેર જઇને આવ્યા, સાથે મેમાનને તેડી લાવ્યા ॥૭॥
ભક્તિમાતાયે કરી રસોઇ, તેમને જમાડ્યા પ્રીત પ્રોઇ । એમ કરતાં થયો સંધ્યાકાળ, આવ્યાં સુવાસિની તતકાળ ॥૮॥
ઠાકોરનાં સિંહાસન આગે, દિવા બત્તી કરી મહાભાગે । ઓસરી આદિ જે બીજાં સ્થળ, બત્તી પ્રકાશ કરી વિમલ ॥૯॥
ઠાકોરજીની કરીછે સેવ, આરતી ઉતારે ધર્મદેવ । ત્યાં મોટાભાઇને ઇચ્છારામ, આવ્યા મેમાન સર્વે તે ઠામ ॥૧૦॥
તે સમે મહાપ્રભુ પવિત્ર, કર્યું અદ્ભુત એક ચરિત્ર । જમણાપગે અંગુઠામાંથી, તે નીકળવા માંડ્યું ત્યાંથી ॥૧૧॥
તેનો થયો અતિશે પ્રકાશ, ઝાંખો પડ્યો દિવાનો ઉજાસ । પામ્યાં વિસ્મય તે સર્વે જન, પસ્પર વદે છે વચન ॥૧૨॥
આ ઘનશ્યામભાઈના ચરણે, તેજ રહ્યું છે એમના શરણે । જમણા પગે અંગુઠો એજ, તેમાંથી નીકળેછે આ તેજ ॥૧૩॥
ત્યાંથી નીકળેછે તેજ અપાર, તેજ તેજ તણા તે અંબાર । થોડી વાર આશ્ચર્ય દેખાયું, તેજ હતું ત્યાં પાછું સમાયું ॥૧૪॥
વળી એક દિવસ શ્રીહરિ, સખા સહિત તૈયારી કરી । ગયા મીનસાગરને તીર, નાવા સારુ બલભદ્ર વીર ॥૧૫॥
નાવા બેઠા તે જળ મોઝાર, લીલા કરે છે નાનાપ્રકાર । ઘણીવાર લાગી ગઇ ત્યાંય, ડુબકી મારીને જળમાંય ॥૧૬॥
ઉંડા પાણીમાં તે બેસી ગયા, ઘણીવાર સુધી ગુપ્ત રહ્યા । સખા સર્વે થયા ચિંતાતુર, જળમાં શોધે છે તે જરૂર ॥૧૭॥
પણ જડ્યા નહિ અવિનાશ, બાલમિત્ર થયા છે ઉદાસ । ધોબી ધુવેછે ત્યાં પટકુળ, તેને કેવા લાગ્યા અનુકુળ ॥૧૮॥
ભાનધોબી સુણો આણે ઠામ, જળમાં નાતાતા ઘનશ્યામ । કોણ જાણે ડુબ્યા આ જળમાં, કે ૧નક્ર લઇ ગયો પળમાં ॥૧૯॥
ધોબીએ સુણ્યું વેણ હુલ્લાસ, બોલાવ્યો તેના પિતાને પાસ । નથી માલમ પડતી આજ, કેમ વિપ્રીત થયું આ કાજ ॥૨૦॥
મંછાધોબી નામ તેનું સાર, પિતા પુત્ર કરેછે વિચાર । બે જણા તે જળમાં ફરેછે, શ્રીહરિનો તપાસ કરે છે ॥૨૧॥
ઉંડા જળમાં કરી છે શોધ, જડતા નથી જે અવિરોધ । જોતાં જોતાં લાગી ઘણીવાર, પછે બેઉ નીકળ્યા છે બાર ॥૨૨॥
વેણીરામ આદિ સખા જેહ, તેને કેવા લાગ્યા ધોબી એહ । ઘનશ્યામના પિતા ને માત, જૈને કહો તેમને વાત ॥૨૩॥
નક્ર પકડી ગયો જરૂર, એમ અમને ભાસેછે ઉર । એવું સુણી શિશુ પામ્યા ત્રાસ, આવ્યા માતપિતાજીને પાસ ॥૨૪॥
ધર્મભક્તિને કરી તે વાત, થયો મનમાં ઘણો ઉત્પાત। હરિપ્રસાદ ને પ્રેમવતી, રામપ્રતાપજી મહામતિ ॥૨૫॥
વળી વશરામ શુભ મન, બીજા આવ્યા છે હજારો જન । સર્વે સહિત માતપિતાય, ગયાં સરોવરે સુખદાય ॥૨૬॥
અતિ આકુળ વ્યાકુળ થાય, વ્હાલા વિના તે મન મુંઝાય । માતપિતા આદિ પામ્યાં ત્રાસ, એવું જાણી ગયા અવિનાશ ॥૨૭॥
તરત જળથી નીકળ્યા બારે, બોલ્યા ગંભીરવાણી તે વારે । સુણો માતપિતા આદિ જન, શા માટે ત્રાસ પામોછો મન ॥૨૮॥
શોકાતુર થઇ આવ્યાં તમે, અમારૂં કામ કરીયે અમે । જળમાં આવ્યા છે રઘુવીર, તે સંગે વાત કરતાતા ધીર ॥૨૯॥
એવું સુણીને તે સર્વે લોક, શ્રીહરિ સામું જુવે અશોક । રામરૂપે થયાં દર્શન, વિસમે પામી ગયાં સહુ જન ॥૩૦॥
પછે દેવના ભૂપ અનૂપ, સમાવ્યું પોતામાં તે સ્વરૂપ । જળ ઉપર થઇ ચાલ્યા આવ્યા, ભક્તિધર્મ તણે મન ભાવ્યા ॥૩૧॥
માતપિતા હેતે કરી મળ્યાં, તનનાં મનનાં દુઃખ ટળ્યાં । ગદ્‌ગદ્‌ થઈને સનાથ, શિર ઉપર ફેરવે હાથ ॥૩૨॥
મારા લાડકવાયા કુમાર, તમે છો મારા જીવનસાર । સખાયે આવી કહ્યું વૃત્તાંત, પડી અમારા મનમાં ભ્રાંત ॥૩૩॥
થયા ઉદાસી કંપાયમાન, હવે મળ્યા તમે ભગવાન । પામ્યું આનંદ અમારૂં મન, પણ સુણો કહીએ છીએ તન ॥૩૪॥
મોટાભાઇ વિના એક તમે, આંહી આવશો નહિ કોઇ સમે । એમ કહી તેડી લાવ્યા ઘેર, સંબંધી સહિત રૂડી પેર ॥૩૫॥
એમ કરતાં આવ્યો ચૈત્રમાસ, ધર્મભક્તિયે વિચાર્યું તાસ । રામનૌમીના મેળામાં જાવું, અયોધ્યાયે સર્જુગંગામાં નાવું ॥૩૬॥
એવો કર્યો મનમાં વિચાર, પુત્ર સહિત થયાં તૈયાર । સાથે સતી સુવાસિનીબાઇ, મોતીરામ આદિ બીજા ભાઇ ॥૩૭॥
વળી કેટલાક ભક્ત અનન્ય, છુપૈયાપુરનાં વાસી જન । સર્વે ભેગા મળી ચાલ્યા જાય, અયોધ્યાને માર્ગે પલાય ॥૩૮॥
એમ આવ્યા છે સર્જુને તીર, રાજે ગંભીર નિર્મલ નીર। ગયા વહાણમાં બેસવા માટે, ઘણી ભીડ થઈછે તે ઘાટે ॥૩૯॥
ભીડ દેખીને શ્રીધર્મદેવ, વદે ખેવટીયા પ્રત્યે એવ । ઘણાં માણસ છે અમ સંગે, કરો આગવું વાણ ઉમંગે ॥૪૦॥
એમ કરીને ઉતારો પાર, ત્યારે ખેવટીયો બોલ્યો સાર । નથી આગવું વાણ તો આજ, સૌના ભેગા બેસો મહારાજ ॥૪૧॥
જોઈતી હોય આગવી નૌકા, તો સવાયા પૈસા આપો ઠૌકા । સુણ્યું વચન એવું તે વાર, ધર્મદેવ કરેછે વિચાર ॥૪૨॥
પિતાજીનો મનોરથ જેહ, અંતર્યામીએ જાણ્યો છે તેહ । પુરૂષોત્તમજી બોલ્યા એમ, હે દાદા શું વિચારો છો કેમ ॥૪૩॥
એની આશા ન રાખશો તમે, સત્ય વચન કહીએ છીએ અમે । નવ બેસાડે એ નાવમાંય, પડ્યું મુકો એનું વાણ આંય ॥૪૪॥
સર્વે માણસ લેઇ સંગમે, મારી સંગાથે આવજો તમે । થોડે છેટે ગયા એમ કહીને, સર્વે માણસને સાથે લઈને ॥૪૫॥
પડીછે ત્યાં પથ્થરની છાટો, મોટી મોટી વિશાળ સપાટો । દર્શનસિંહ અયોધ્યાના રાજા, તેને પથ્થર મંગાવ્યા ઝાઝા ॥૪૬॥

તે દેખીને બોલ્યા છે દયાળુ, હે દાદા સુણો પર્મ કૃપાળુ । સર્વે માણસને લૈ સંગે, આ છાટ ઉપર બેસો ઉમંગે ॥૪૭॥
તમો સર્વેને ઉતારૂં પાર, નહિ લાગે ક્ષણ એકવાર । વાલાનાં સાંભળ્યાં છે વચન, સૌ વિશ્વાસ લાવ્યાં છે મન ॥૪૮॥
છુપૈયાપુરનાં વાસી જન, છાંટો ઉપર બેઠા પાવન । બેઉ બંધુ સાથે બહુનામી, એક છાટ પર બેઠા સ્વામી ॥૪૯॥
કૃપાવંત થયા કૃપાનાથ, સર્વે પથ્થરને સ્પર્શ્યો હાથ । જાણે પાષાણ જીવતા હોય, એમ પથ્થર ચાલે છે સોય ॥૫૦॥
અલબેલો થયા છે અગાડી, બીજા સર્વે આવે છે પછાડી । પાણી ઉપર પથ્થર જાય, હજારો જન જુવેછે ત્યાંય ॥૫૧॥
તત્કાળ ઉતારિયા પાર, પામ્યા આશ્ચર્ય સૌ નરનાર । બેઠા કાંઠા ઉપર જે મનુષ્ય, જોયું ચરિત્ર કરીને હુંશ ॥૫૨॥
પરસ્પર કહે સૌ સંગાથ, આતો સાક્ષાત છે રઘુનાથ । બાળકરૂપે થયા છે રામ, બીજાથી ન બને આવું કામ ॥૫૩॥
એમ આશ્ચર્ય પામ્યા તમામ, પ્રભુ જાણીને કર્યા પ્રણામ । સર્જુગંગામાં કર્યા સ્નાન, પછે ત્યાંથી ચાલ્યા છે સમાન ॥૫૪॥
બ્રહટા શાખા નગર ઠામ, ત્યાંછે ધર્મદેવતણું ધામ । ઉતારો કર્યો છે ત્યાં પાવન, પછે સઘળે કર્યાં દર્શન ॥૫૫॥
જન્મ સ્થાન કનક ભુવન, લક્ષ્મણઘાટે માન્યું છે મન । કૌશલ્યાઘાટ ને રામઘાટ, ગોપ્તારઘાટ ને મોક્ષઘાટ ॥૫૬॥
સૂરજકુંડ આદિ એ તીર્થ, કર્યાં દર્શનને સાધ્યો અર્થ । ધર્મભક્તિ સહિત સમાજ, પાંચ દિન રહ્યા મહારાજ ॥૫૭॥
સ્નાન દાન કરીને સધાવ્યા, છુપૈયાપુરમાં પાછા આવ્યા । એમ લીલા કરે ભગવાન, બહુનામી વાલો બળવાન ॥૫૮॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદ મુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યા પ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિયે સરજુગંગામાં પથ્થરની શલ્યા ઉપર બેસારીને સર્વેને સામે તીરે ઉતાર્યા એ નામે એકોતેરમો તરંગ ।૭૧।

પૂર્વછાયો – પુરૂષોત્તમ નારાયણ, છુપૈયાપુર મોઝાર । મનુષ્યદેહે ઘણી રીતે, કરે ચરિત્ર અપાર ॥૧॥
એકસમે ઘર આગળે, આંગણામાં અલબેલ । સખા સર્વેને સાથે કરતા, મલ્લકુસ્તીનો ખેલ ॥૨॥
ધર્મભક્તિ રામપ્રતાપ, પુરવાસી ઘણા જન । ચારે બાજુયે જોવા બેઠા, કુસ્તી રમે ભગવન ॥૩॥
રમત રમુજ કરતાં, થયો છે મધ્યાન કાળ । તોય આળશ આવી નહીં, એવા ધર્મના બાળ ॥૪॥
પ્રભુજીનું નથી અજાણ્યું, કરવું છે બીજું કામ । તે રમત નથી મુકતા, જે ધારીને સુખધામ ॥૫॥

ચોપાઈ – રમે રમત નાના પ્રકાર, મલ્લકુસ્તીની ધર્મકુમાર । સર્વે જાણે છે જગદાધાર, આવ્યા અસુર એ સમે ચાર ॥૬॥
પૂર્વનું જેના મનમાં વેર, તેને સાંભરીને આવ્યું ઝેર । ગૌરીદત્ત શુભદત્ત જેહ, ઈંદ્રદત્ત દીનદત્ત એહ ॥૭॥
તે ચારે કાલીદત્તના મિત્ર, આવ્યાછે મારવા અપવિત્ર । સખાના જેવા ધર્યા છે વેષ, કુસ્તી રમવા આવ્યા વિશેષ ॥૮॥
તેને દેખીને શ્રીમહારાજ, જાણ્યું આવ્યા છે મારવા કાજ । શ્રીહરિયે વિચાર્યું છે સારું, ચારે જણને આ સ્થળે મારું ॥૯॥
પછે પ્રભુએ બોલાવ્યા પાસ, આવો રમવાની હોય આશ । કુસ્તી કરો તમે આણે ઠાર, મારા સર્વે સખા છે તૈયાર ॥૧૦॥
ત્યારે અસુર બોલ્યા છે એમ, સખાસાથે રમું અમે કેમ । તમ સાથે રમવાનો વિચાર, અમારે નક્કી છે નિરધાર ॥૧૧॥
એવું સુણીને શ્રી ઘનશ્યામ, પછે શું કરતા હવા કામ । વેણીરામ આદિ સખા સાર, તેને દૂર કર્યા તેહ વાર ॥૧૨॥
મોટાભાઈને કે જગતાત, સુણો અનંતજી મુજ વાત । આ બેઉની સાથે લડો તમે, બેસાથે યુદ્ધ કરીએ અમે ॥૧૩॥
બબે મલ્લ લીધા સામસામે, યુદ્ધ કરવા લાગ્યા તે ઠામે । છાતી સાથે ભિડાવી છે છાતી, બેઉ બંધુની ચાલી છે ખ્યાતી ॥૧૪॥
કર સાથે કરને ભિડાવે, મુષ્ટિ પ્રહાર વડે પીડાવે । મારે ગડદા પાટુનો માર, એકએકને ત્યાં નિરધાર ॥૧૫॥
તેના કડાકા શબ્દ અપાર, થાવા લાગ્યા છે વારમવાર । દશ દિશામાં પ્રછંદા વાગે, મલ્લયુદ્ધ સામસામી માગે ॥૧૬॥
બાહુ પકડી પૃથ્વી પટકે, ખરો માર ખલને ખટકે । દાવ પેચમાં દિલ ધરેછે, તેના શબ્દ કડાકા કરે છે ॥૧૭॥
સત્યલોકે ગયો તેનો નાદ, બ્રહ્માદિકે તજ્યો છે પ્રમાદ । આવ્યા આકાશે દેવ સમગ્ર, સાથે વિમાન છે ત્યાં ઉદગ્ર ॥૧૮॥
મહાપ્રભુ કરે મલ્લયુદ્ધ, મોટાભાઈ સહિત વિરુદ્ધ । ચાલ્યો દારૂણ યુદ્ધપ્રકાશ, દેખીને દેવ પામ્યા છે ત્રાસ ॥૧૯॥
તે સમે પ્રભુ જુજવે રૂપે, દીધાં દર્શન આપ અનૂપે । માતાપિતાને એમ જણાણા, દયાળુ પુત્રભાવે દેખાણા ॥૨૦॥
બીજા જન સખારૂપે દેખે, પુરના જન સુહૃદ પેખે । ઓલ્યા આવ્યા છે અસુર ચાર, તેને તો દેખાણા તરેવાર ॥૨૧॥
જાણે ઉભો ભયંકર કાળ, એવા દેખ્યા છે ધર્મના બાળ । ત્રાસ પામી ગયા મનમાંયે, હવે નાસીને જાવુંરે કયાંયે ॥૨૨॥
નાસી છુટયાનું શોધે છે ઠામ, પણ છોડે નહીં ઘનશ્યામ । ઘણીવાર સુધી તો રમાડ્યા, ચારે અસુરને ત્યાં ભમાડ્યા ॥૨૩॥
નેત્રે સમસ્યા કરી છે શ્યામે, ભાઈને સમઝાવ્યા તેઠામે । હવે તો લાગીછે ઘણી વાર, માટે મુકીદ્યો એમનો પાર ॥૨૪॥
આકાશે જુવો દેવ રયાછે, જોતાં જોતાં તે થાકી ગયાછે । એમ કે ધીર આપવા સારૂં, નિજ જમણા હાથેથી વારૂં ॥૨૫॥
ફેરવી ફેરવીને ફગાવ્યા, વ્યોમ મારગે તેને ભગાવ્યા । પ્રવાહીક પવનના જોરે, બન્ને જુદા થયા ચારે કોરે ॥૨૬॥
જઈ એક પડ્યો છે જરૂર, શ્રવણ તલાવડીયે ભૂર । મનોરમા નદીનું જે વન, તેમાં બીજો પડ્યો અઘવન ॥૨૭॥
એવા સમર્થ અશરણ શરણ, પાપીને એમ પમાડ્યા મરણ । હવે શું કર્યું છે ૧અહિનાથે, બે જણાને ઝાલ્યા નિજ હાથે ॥૨૮॥
ફેરવ્યા ચક્રની પેરે ત્યાંયે, ઉછાળી દીધા આકાશમાંયે । વાયુભેગા ભમ્યા ઘણી વાર, પછે પડ્યા તે પૃથ્વી મોઝાર ॥૨૯॥

વિશ્વામિત્રી તણે સામે પાર, એક પડ્યો તે વન મોઝાર । સર્જુ ગંગા કિનારો છે જ્યાંયે, બિલ્વાબજારનું વન ત્યાંયે ॥૩૦॥
બીજો જઇ પડ્યો છે તે ઠાર, એમ ઉતર્યો ભૂમિનો ભાર । મારવા આવ્યાતા એ અસુર, પણ મૃત્યુ પામી ગયા ભૂર ॥૩૧॥
રહ્યા અમર અભ્ર મોઝાર, કરે પુષ્પની વૃષ્ટિ અપાર । ગાંધર્વ સઘળા ગુણ ગાવે, વળી દુંદુભી નાદ બજાવે ॥૩૨॥
ત્યાર પછી થઇ ઘણી વાર, ધર્મદેવ પુછે તેહ ઠાર । કોણ આવ્યાતા એ ચ્યાર આંહી, સાચી વાત કહો મુને સહી ॥૩૩॥
ત્યારે બોલ્યા છે રામપ્રતાપ, હે દાદા સત્ય સાંભળો આપ । ચારે અસુર આવ્યાતા આજ, હરિકૃષ્ણને મારવા કાજ ॥૩૪॥
અસુરે કર્યાં દુષ્ટ આચરણ, મંદમતિ પામી ગયા મરણ । એવું સાંભળી ભક્તિ ધરમ, થયા પ્રસન્ન આનંદ્યા પરમ ॥૩૫॥
હરિકૃષ્ણ છે જીવનપ્રાણ, મસ્તકે ફેરવ્યા રૂડા પાણ । પછે બન્ને ભાઇઓને સંગે, રસોઇ કરી જમાડ્યા રંગે ॥૩૬॥
વળી કોઇ સમયની વાત, અયોધ્યામાં હતા જગતાત । દિલ્લીસંગ આદિ સખા જન, તેની સાથે ચાલ્યા ભગવન ॥૩૭॥
એકાદશીનો દિન છે આજ, હે દિલ્લીસંગ ચાલો સમાજ । નવગજાની આંબલી જ્યાંયે, ભારતકથા ચાલે છે ત્યાંયે ॥૩૮॥
કોઇને આ વાત નહિ કેયે, આપણ સર્વે ચાલો ત્યાં જૈયે । ભાઇયે ના પાડી છે મુજને, ખરી વાત કહું છું તુજને ॥૩૯॥
જ્યારે નિદ્રાને વશ એ થાય, આપણે કરો જાવા ઉપાય । છાંના માના આપણ જઇશું, કથા સુણીને સુખી થઇશું ॥૪૦॥
મોટાભાઇ સુતા સહુ જોતે, નિદ્રાને વશ કર્યા છે પોતે । પછે ચાલ્યા સંધ્યાકાળ ટાણે, કોઇ બીજું આ વાત ન જાણે ॥૪૧॥
જેસંગપુર બજારે થૈને, નવગજા પીરે ઉભા જૈને । આંબલીનાં વૃક્ષતળે ગયા, કથા ચાલે છે તે જોઇ રહ્યા ॥૪૨॥
તે સમે રાજા દર્શનસંગ, બેઠા છે ઘણા માણસસંગ । પાટ ઉપર તે મન ભાવ્યા, રૂડા ગાદી તકિયા બિછાવ્યા ॥૪૩॥
તેમાં બેઠા છે રૂડા રાજન, એણે દેખ્યા છે જગજીવન । ભાળીને કર્યો બહુ સત્કાર, પાસે બોલાવ્યા છે તેહવાર ॥૪૪॥
બેસાર્યા બહુ દેઇને માન, પાસે બિરાજ્યા શ્રી ભગવાન । કથા સુણી પોતે ઘણી વાર, પછે સમાપ્તિ થઇ નિરધાર ॥૪૫॥
પરમ વિવેકી શ્રીભગવાન, કર્યું કથાનું બહુ સનમાન । શ્રીહરિ સમજણના ૧સંચ, ભેટ મુકી ત્યાં રૂપૈયા પંચ ॥૪૬॥
દિવ્યરૂપ સદાય સાકાર, ચતુર્ભુજ થયા તેહ વાર । દર્શન દીધું રામને રૂપે, ઘડી વાર સુધી તે અનૂપે ॥૪૭॥
એવું ઐશ્વર્ય બતાવી દીધું, પાછું પોતામાં સમાવી લીધું । ત્યાંથી ઉઠ્યા છે આનંદ ભેર, પુરૂષોત્તમ જાય છે ઘેર ॥૪૮॥
ઘેર જાતાં વચ્ચે અવિનાશ, આવ્યા રાજાના દરબાર પાસ । ત્યાં અસુર આવી ફરી વળ્યા, વ્હાલાને વિઘ્ન કરવા મળ્યા ॥૪૯॥
બે બાજુયે દરવાજા સીધા, પાપીએ બંધ કરાવી દીધા । મહારાજે કરાવ્યો વિરોધ, પરસ્પર મુવા કરી યુદ્ધ ॥૫૦॥
તાળાં દીધાં હતાં દરવાજે, ઉઘાડી નાખ્યાં શ્રી મહારાજે । જાણી શકે નહિં કોઇ જેમ, પોતે ઘેર પધાર્યા છે એમ ॥૫૧॥
મોટાભાઇ જાણે નહિ વાત, પોઢી ગયા છે ભૂધરભ્રાત । એમ અવધમાંહી સદાય, સારી સારી કથાઓ કેવાય ॥૫૨॥
ભાગવત શ્રીરામચરિત્ર, ધર્મશાસ્ત્ર આદિ જે પવિત્ર । પુરૂષોત્તમજી કરી પ્રીત, બે ટાણાં જાય સુણવા નિત્ય ॥૫૩॥
કોઇ સમે નિશા પડી જાય, ઘેર પધારતાં મોડું થાય । મોટાભાઇ ના પાડી કહેછે, સારા માટે શિખામણ દે છે ॥૫૪॥
મારી વાત સુણો ઘનશ્યામ, તમે મોડું ન કરો એ કામ । નિશાસમે જાવું નહિ તમારે, કથા સાંભળવા કોઇ વારે ॥૫૫॥
તમો મન રહો છો મગન, પણ દુષ્ટ કરશે વિઘન । માટે માનો અમારૂં વચન, તમ કેડે ફરે મુજ મન ॥૫૬॥
એવું સુણી કહે ઘનશ્યામ, બોલો છો તમે શું બલરામ । આવે એક કે બેઉ વિઘન, તેને કોણ ગણે છે રે મન ॥૫૭॥
સામટાં વિઘન આવે જો કોટી, પણ કથા કરૂં નહિ ખોટી । કથા વિના તો કેમ રેવાય, દિન રાત્રિ કેવી રીતે જાય ॥૫૮॥
મોટા મોટા મંદિરનો ઠાઠ, નામાંકિત છે ત્રણસો સાઠ । એવી અવધપુરીની શોભા, મોટા સંત મહંત ત્યાં લોભા ॥૫૯॥
જ્યાં સુધી છે અવધપુરમાં, નથી દર્શન ભુલ્યા ઉરમાં । કરે દર્શન પ્રાણજીવન, ત્યારે પોતે જમે નિત્ય અન્ન ॥૬૦॥
એમ અયોધ્યામાં મહારાજ, ઘણી લીલા કરે સુખસાજ । ત્યાર પછે થોડા દિન સાર, સર્વે આવ્યા છુપૈયા મોઝાર ॥૬૧॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિયે ચાર અસુરનો પરાજય કર્યો એ નામે બોતેરમો તરંગ ॥૭૨॥

**પૂર્વછાયો** – સદ્ભાગી જન છુપૈયાનાં, પુન્યતણો નહિ પાર । પૂર્ણ પુરૂષોત્તમ સાથે, સંબંધ પામ્યા સાર ॥૧॥
ભેટીયાના તળાવ ફરતાં, મોતીત્રવાડી ત્યાંયે । કમોદ શાલી રોપાવી છે, ચારે બાજુની માંય ॥૨॥
ચોમાસુ ચારે માસ સુધી, મેઘ વરસ્યો ગંભીર । તેણે કરીને તળાવમાં, ઘણું ભરાણું નીર ॥૩॥
ડાંગર સર્વે ડુબી ગઇ, અપાર જળમાં એહ । મોતીરામ ઉદાસી થયા, આશા મુકી દીધી એહ ॥૪॥
ઘણા દિન જળ ભર્યું રે તો, શાલી સર્વે સડી જાય । શું કરવા હું આશા રાખું, ડાંગર શેર ન થાય ॥૫॥

**ચોપાઇ** – એક દિવસે તે મોતીરામ, હરિપ્રસાદ ને ઘનશ્યામ । ભાવે ગયા તે ભેટીયા ગામ, વેવારનું હશે કાંઇ કામ ॥૬॥
ગયા તળાવ ઉપર ધર્મ, મધુવૃક્ષ નીચે કહું મર્મ । મોતીરામે કરીતી જે વાત, શાલી ડુબી જવાની પ્રખ્યાત ॥૭॥
ધર્મદેવને આવ્યું તે યાદ, પોતે બોલ્યા તજીને પ્રમાદ । તમે કેતાતા હે મોતીરામ, શાલી રોપાવી છે કોણ ઠામ ॥૮॥
તેમની તેમ કાયમ રઇ છે, કે ઘણા પાણીમાં સડી ગઇ છે । એવું સાંભળીને મોતીરામ, બતાવે ડાંગરનું જે ઠામ ॥૯॥

આ ઠેકાંણે વાવી છે મેં શાલી, જળમાં કોણ શકે તે ભાળી । બોલ્યા ધર્મ કરીને વિચાર, આ તો પાણી ભર્યું છે અપાર ॥૧૦॥
હવે ડાંગર તો શું આ થાય, પાણી વિના બીજું ન દેખાય । ત્યારે બોલ્યા બલભદ્ર વીર, મામા સુણો તમે મતિધીર ॥૧૧॥
શાલી પાકે જો આમાં તમારી, કેટલી ગણશો તે અમારી । મોતીરામ બોલ્યા છે ખુંખારી, ભાઈ છે આ સર્વે તમારી ॥૧૨॥
પાણી ભર્યું છે તેમાં શું થાશે, જરૂર ડાંગર સડી જાશે । મંદ મંદ કરે પ્રભુ હાસ, બોલ્યા આનંદથી અવિનાશ ॥૧૩॥
પાણીમાં ડાંગર સડે નહી, સાચી વાત કહું છું હું સહી । એવું કહી ગયા થોડા જળમાં, બહુનામી ઉભા છે બળમાં ॥૧૪॥
જમણા પગે અંગુઠો ત્યાંયે, પૃથ્વીપર દાબ્યો જળમાંયે । ધરા ફાટીને દીધો છે માગ, ઉભો ચીરો થયો છે અથાગ ॥૧૫॥
સર્વે જુવે છે તે લોકપાળ, પાણી સમાયું ત્યાં તતકાળ । તેનો શબ્દ થયો ઘડેડાટ, સર્વે લોકે સુણ્યો કડેડાટ ॥૧૬॥
ઘણા આવ્યા તે ગામના જન, દેખી આશ્ચર્ય પામ્યા છે મન । પાણીમાં રહેલી જળજંત, તેનો આવી ગયો જાણે અંત ॥૧૭॥
મચ્છ કચ્છ આદિ જીવ જેહ, તડફે પાણી વિના જ તેહ । એવું દેખીને ધર્મકુમાર, દયા દીલ ધરી તેણી વાર ॥૧૮॥
સત્ય સંકલ્પ કર્યો તે વાર, તીયાં વેમાન આવ્યાં અપાર । હરિકૃષ્ણની ઈચ્છાએ કરી, ઇંદ્રે મોકલીયાં ભાવ ધરી ॥૧૯॥
મચ્છ આદિ જે જીવ અનૂપ, તેને ધરાવ્યાં દિવ્ય સ્વરૂપ । ચતુર્ભુજ થયા છે આકાર, શ્રીહરિને કર્યા નમસ્કાર ॥૨૦॥
બેઠા વેમાને અવશ્યમેવ, ગયા સ્વર્ગવિષે થઈ દેવ । ધર્મદેવ અને મોતીરામ, વળી ગામના લોક તમામ ॥૨૧॥
પામ્યા વિસ્મે મનમાં અપાર, નરનારી બન્યા તદાકાર । આ પ્રગટ પ્રભુનાં ચરિત્ર, શિખે સુણે તે થાય પવિત્ર ॥૨૨॥
પછે ઘણા દિવસે કરીને, કમોદ પાકી છે ત્યાં ઠરીને । મોતીત્રવાડી રાજી થઈને, આવ્યા દૂત પોતાના લઈને ॥૨૩॥
ઘરે લઈ ગયા કપાવી તેને, આશા નોતી અંતરમાં જેને । ઘણી ડાંગર પાકી છે સારી, આ તો કામ થયું ચમત્કારી ॥૨૪॥
ગામ ભેટીયાના રઘુવીર, ગુલામસિંહ મતિધીર । દયારામ દુબે કુશમીર ગામ, થયા પ્રસન્ન જાણી આ કામ ॥૨૫॥
નરેચેબાબુ સન્માનસંગ, આનંદાદી પામ્યા છે ઉમંગ । વળી બીજા ગામોના જે જન, જાણીને સ્થિર થઈ ગયા મન ॥૨૬॥
હવે એકસમે અવિનાશ, સખાઓને સાથે લેઈ ખાસ । ચાલ્યા છુપૈયાપુરથી બહાર, નારાયણસરોવર સાર ॥૨૭॥
દક્ષિણ દિશાને કાંઠે થઈને, ચાલ્યા આગળ મિત્રો લઈને । આવ્યું કેસરી આંબાનું વૃક્ષ, સખા સાથે બેઠા ત્યાં સમક્ષ ॥૨૮॥
હેઠે બેસીને જમ્યા નારંગી, પછે ચાલ્યા છે આપ ઉમંગી । ગામ અગીયે થૈને સધાવ્યા, તાબેપુર ગામ વાલો આવ્યા ॥૨૯॥
ત્યાંતો ક્ષત્રિ કૈયે રામસંગ, જેનું નિર્મલ સત્યનું અંગ । તેની તનયા છે બાલે વેષ, નામ રામકુંવરબા એષ ॥૩૦॥
તેના ઘરે વાડામાં વિશેક, ત્યાં છે બદ્રિતરુવર એક । તેની ઉપર ચડી તે બાઈ, બદ્રીફળ જમે સુખદાઈ ॥૩૧॥
સખા સહિત સુંદર શ્યામ, જઈને ઉભા રહ્યા તે ઠામ । વેણીરામ બોલ્યા છે વચન, સુણો શ્રીઘનશ્યામ જીવન ॥૩૨॥
આ બદ્રીફળ છે બહુ સારાં, તમારે જમવા જેવાં ન્યારાં, રામકુંવરના ખોડામાંયે, બદ્રીનાં ફળ ભર્યાં છે ત્યાંયે ॥૩૩॥
નીચે ઉતરવા જાય જેવી, તરુ ઉપરથી પડી તેવી । પ્રભુજીએ તેની રક્ષા કીધી, કર લાંબા કરી ઝીલી લીધી ॥૩૪॥
અંગે વાગવા દીધું ન કાંઈ, બહુ રાજી થઈ છે તે બાઈ । બદ્રીફળ હતાં પોતા પાસ, સખાઓને આપ્યાં સુખરાશ ॥૩૫॥
કર્તા ચરિત્ર એ ઠામો ઠામ, ગયા ત્યાંથી પોતે ગુર ગામ । વળી ત્યાં થકી આગળ ચાલ્યા, સખા સર્વે સાથે બહુ માલ્યા ॥૩૬॥
ગયા શ્રવણતળાવ તીર, તેમાં સ્નાન કર્યું થઈ સ્થિર । મેળો જુવે છે ધર્મકુમાર, ફર્યા તે જગ્યાએ ઠારોઠાર ॥૩૭॥
વળી ત્યાંથી ચાલ્યા છે અગાડી, સખા સર્વે આવે છે પછાડી । પ્રભુ પતજીયે ગામ ગયા, સંધ્યાગીરજીને ભેગા થયા ॥૩૮॥
એમ સઘળે ફર્યા મોરારી, પૃથ્વી પવિત્ર કરી વિહારી । પછે આવ્યા તે છુપૈયાપુર, જેને વાલી છે ધર્મનીધુર ॥૩૯॥
ત્યાર પછી ઘણા દિન વીતે, શું થયું તે સુણો એકચિત્તે । આવી એકાદશી સુખકારી, પુરુષોત્તમજીને છે પ્યારી ॥૪૦॥
ધર્મ ભક્તિ ને શ્રીઘનશ્યામ, રામપ્રતાપ ને વશરામ । એ આદિ બીજા કઈ મનુષ્ય, નાવા ચાલ્યા કરી મન હુંસ ॥૪૧॥
બાઈ ભાઈ ચાલ્યાં જાય ભેળે, શ્રવણતલાવડીને મેળે । મેળો ભરાણો છે બહુ સારો, બીજા લોક આવ્યા છે હજારો ॥૪૨॥
શ્રવણતલાવડીને તીર, એક બાવો બેઠો છે ગંભીર । આસન વાળી લગાડી તાળી, સર્વે લોકોએ જોયો નિહાળી ॥૪૩॥
તેના સમીપમાં સુરદાસ, કેટલાક બેઠા કરી આસ । અંધાને દેખતા તે કરે છે, ઘણા પ્રાણીની પીડા હરે છે ॥૪૪॥
બેઠા છે એમ જાણીને ઉર, બાવો આંખ્યો આપે છે જરુર । સુરદાસોને કહે છે બાવો, પેલા પૈસા દવાના તે લાવો ॥૪૫॥
પૈસા આપો જો માગ્યા પ્રમાણે, આંખ્યે સાજા કરું હું આ ટાંણે । નૈ તો છેટે બેસો જઈ તમે, ખરું વચન કઈયે છીયે અમે ॥૪૬॥
એમ બોલે છે બાવો વચન, ધર્મદેવે સુણ્યું કરી મન । સ્નાન કરીને નિકળ્યા બાર્ય, વસ્ત્ર પેરીને થયા તેયાર ॥૪૭॥
કહે સુરદાસ ભગવન, થઈ ઘણી મુંઝવણ મન । અમારી પાસે પૈસા જો હોય, તો કરગરીયે નહી કોય ॥૪૮॥
ખાવાનું તો પુરુ થાતું નથી, ત્યારે પૈસા તે લાવીયે ક્યાંથી । એવું કેને થયા છે ઉદાસ, છેટે જઈ બેઠા છે નિરાશ ॥૪૯॥
દેખ્યા હરિયે અંધાને જ્યારે, દીલ દયા આવી ગઈ ત્યારે । દાદા પ્રત્યે બોલ્યા છે દયાળુ, હે પિતા સુણો પરમ કૃપાળુ ॥૫૦॥
બિચારા આતો અંધા દેખાય, નેત્રે દેખે તો સારું જ થાય । એમ કહી પિતાએ સહિત, ગયા અંધાનું કરવા હિત ॥૫૧॥
કરુણારસ ભરેલાં વેણ, વદે અંધા પ્રત્યે સુખદેણ। આંખે સાજા કર્યા નહિ બાવે, તમને એ કેમ લલચાવે ॥૫૨॥

ત્યારે બોલ્યા સર્વે સુરદાસ, પૈસા નથી કાંઇ અમ પાસ । બાવો તો કહે છે લાવો દામ, ત્યારે કરીએ તમારૂં કામ ॥૫૩॥
ક્યાં થકી લાવીયે પૈસા અમે, ખાવા મળતું નથી કોઇ સમે । દયા લાવીને બોલ્યા દેવેશ, તમને દુઃખ પડે હમેશ ॥૫૪॥
સુરદાસ કહે મહારાજ, ઘણા દુઃખી છૈયે અમે આજ । પણ પ્રભુને ગમે તે થાય, એમાં ચાલે ન કોઇ ઉપાય ॥૫૫॥
એમ કહી થયા દલગીર, સુરદાસને ન રહી ધીર । પ્રભુજીયે ઇચ્છા કરી મન, અંધ માત્રને આપ્યાં લોચન ॥૫૬॥
થયા દેખતા આનંદ પામ્યા, જન્મ અંધતણું દુઃખ વામ્યા । ચતુર્ભુજ થયા ભગવન, તે સર્વેને દીધાં દર્શન ॥૫૭॥
સુખ સંતોષ પામ્યા અપાર, વારંવાર કરે નમસ્કાર । કર જોડીને સ્તુતિ કરે છે, નેત્રે ઉત્તમ નેહ ધરે છે ॥૫૮॥
હે કૃપાવંત હે મહારાજ, અમને સુફળ કર્યા આજ । તમે ભલે પધાર્યા આંય, અમે સુખી થયા મનમાંય ॥૫૯॥
ભુંડી વલે અમારી તો થાત, તવ વિના અમો મરી જાત । એમ કહીને આશરો લીધો, પ્રભુપણાનો નિશ્ચય કીધો ॥૬૦॥
પ્રેમ પૂર્વક કર્યા પ્રણામ, ગયા પોતપોતાને તે ગામ । બાવા સહિત હજારો લોક, જોઇ ઐશ્વર્ય થયા વિશોક ॥૬૧॥
અલૌકિક છે આશ્ચર્ય આતો, એમ સર્વે કરે છે ત્યાં વાતો । હરિપ્રસાદના પુત્ર જેહ, પુરૂષોત્તમ કહિયે તેહ ॥૬૨॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદ મુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિયે ભેટીયા ગામના તળાવમાં મીન-મગર આદિક જંતુને દેવલોક પમાડ્યા ને શ્રવણતલાવડીમાં આંધળાને દેખતા કર્યા એ નામે તોંતેરમો તરંગ ॥૭૩॥

પૂર્વછાયો – પુરૂષોત્તમ નારાયણ, અક્ષર પર અજીત । દુર્લભ દર્શન દેવને, લીલા કરે છે પુનીત ॥૧॥
એકસમે પીરોજપુરે, ગયા છે શ્રીઘનશ્યામ । તેવે ટાણે મેમાન આવ્યા, છુપૈયાપુર મુકામ ॥૨॥
પ્રેમવતીનાં બેન જે, નામ વસંતાબાઇ । માણેકધર નામે પુત્ર તે, સાથે આવ્યા સુખદાઇ ॥૩॥
બીજાં બેન ચંદનબાઇ, તેના પુત્ર બસ્તી કેવાય । તરગામથી તે આવિયા, સ્નેહ વડે સમુદાય ॥૪॥
બેઉ બેન મળીને બેઠાં, પ્રેમવતીને પાસ । ખબર પુછી પ્રેમથકી, કરી મનમાં હુલાસ ॥૫॥

ચોપાઇ – ચંદનબા બોલ્યાં શુભ કામ, બેન ક્યાં ગયા છે ઘનશ્યામ । ભક્તિમાતા કહે સુણો બાઇ, પીરોજપુર ગયા છે ભાઇ ॥૬॥
ગયા એમના દાદાને સંગે, હાલ પધારશે રૂડે રંગે । એમ કેછે પરસ્પર વાત, ત્યાં તો આવ્યા છે ભૂધર ભ્રાત ॥૭॥
ચંદનબાયે કર્યો વિવેક, પતાસાં આપ્યાં છે ત્યાં વિશેક । ઇચ્છારામને આપ્યાં છે પ્રીતે, હેતે રમાડ્યા છે રૂડી રીતે ॥૮॥
પછી સુવાસિની પ્રીત પ્રોઇ, કરી તૈયાર સર્વ રસોઇ । તેમને જમાડ્યાં છે ભોજન, ઘણા સંતોષ પમાડ્યાં મન ॥૯॥
બેઉ રહ્યાં છે મૂર્તિને ઘેર, વર્તે નિર્મલ આનંદભેર । એક દિવસની કહું વાત, ચંદનબા વસંતા વિખ્યાત ॥૧૦॥
જોડે દળવા બેઠાં જરૂર, દરણું લેઇ ધારીને ઉર । પ્રાતઃકાળનો સમય જાણી, પ્રભાતી રાગે ગાય છે તાણી ॥૧૧॥
તુલસીદાસે કરેલાં જેહ, કરે ઉચ્ચાર મુખેથી એહ । તેમાં એવું બોલ્યાં છે ઉત્સાહે, ઉઠો લાલ પ્રભાત ભયાહે ॥૧૨॥
રૂડો પલંગ સુંદર સાર, તેમાં પોઢ્યા છે પ્રાણઆધાર । ઓશરીમાં કર્યું છે શયન, ત્યાંથી બોલી ઉઠ્યા ભગવન ॥૧૩॥
હે માસી હું તો જાગું છું આંય, કામ શું છે તમારે કો ત્યાંય । માસી કહે સુણો તમે ભાઇ, કોણ તમને બોલાવે છે આંઇ ॥૧૪॥
પ્રભુને જગાડીયે છૈયે અમે, તેમાં જાગીને બોલો છો તમે । એમ કહી તે દળવા જાય, કરે કૌતુક ત્યાં જગરાય ॥૧૫॥
કર લાંબો વધાર્યો પ્રભુએ, ઘંટી ઉપર મુક્યો વિભુયે । મુક્યો હરિયે બોજ અપાર, નથી તણાતી ઘંટી લગાર ॥૧૬॥
ઘંટી ઉપર કેનો છે હાથ, એમ બોલ્યાં વસંતા સનાથ । ત્યારે બોલ્યા છે અક્ષરપતિ, સુણો માસી તમે મહામતી ॥૧૭॥
જેને જગાડો છો તમે જોતે, તેણે હાથ મુક્યો છે આ પોતે । ત્યારે તે કર કોરે ખસડે, બેઉ કરેછ પ્રયાસ જોડે ॥૧૮॥
નથી ઉપડતો તે જ હાથ, પામે આશ્ચર્ય બે મન સાથ । બેઉ બેનો કરે છે એ હાસ, ત્યારે મૂર્તિમાતા બોલ્યાં તાસ ॥૧૯॥
દળવાનો મુકો તમે પાર, હમણાં થઇ જાશે સવાર । ત્યારે બોલ્યાં વસંતા તે ઠામ, ઘંટી દબાવી છે ઘનશ્યામ ॥૨૦॥
ચક્કી ઉપર મુક્યો છે હાથ, ઘણો બોજ ધર્યો છે તે સાથ । તેમાં આ ઘંટી ખેંચાતી નથી, હવે શું કહીયે ઘણું કથી ॥૨૧॥
અમારાથી શ્રીહરિનો કર, નથી ખસતો તે તલભર । ભક્તિમાતા આવ્યાં લેઇ દીવો, જુવે તો હાથ મુક્યો છે એવો ॥૨૨॥
મૂર્તિમાતા કહે મારા તન, હાથ ઉપાડી લ્યો ભગવન । ત્યારે બોલ્યા ત્રિભુવનરાય, સુણો સુખદાતા મુજ માય ॥૨૩॥
માસી કોને જગાડે છે આજ, માતા પુછી જુવો તમે કાજ । વસંતા માસી કે લ્યો તમને, જગાડું છું દળવા દ્યો મને ॥૨૪॥
હાથ લેઇ લીધો દીનાનાથે, પાછા બોલ્યા છે માસીને સાથે । પેલેથી કહ્યું હોત અમને, આ મેનત ન થાત તમને ॥૨૫॥
માસી કે જાણતાં નોતાં આમ, હરિકૃષ્ણ તમારૂં આ કામ । ત્યારે કૃષ્ણ કહે તેણીવાર, ઘણો દેખાડ્યો છે ચમત્કાર ॥૨૬॥
માસી તે તો તમે ભુલી ગયાં, આવાં અજાણ્યાં શું આજ થયાં । વસંતા કે સુણો ભગવંત, તવ માયા બહુ બલવંત ॥૨૭॥
તેણે કરી ભુલ્યાં અમે ભાન, હવે ક્ષમા કરો ભગવાન । ગદગદ કંઠે થયાં માસી, જાણ્યા ભાણેજને અવિનાશી ॥૨૮॥
પગે લાગ્યાં છે મસ્તક નામી, તમે બલવંત સુખધામી । એવી લીલા કરે અલબેલો, સુખ આપે છે સર્વને છેલો ॥૨૯॥
વળી એક દિન ત્રીજો પોર, ભુખ્યા થયા છે ધર્મકિશોર । ચંદાબાઇને કહે સોહાગી, માસી મને ક્ષુધા બહુ લાગી ॥૩૦॥

માટે ભોજન આપોજ હાલે, હવે જમ્યા વિના નહિ ચાલે । ત્યારે બોલ્યાં છે ત્યાં ચંદાબાઇ, ખાવા આપું ઘનશ્યામભાઇ ॥૩૧॥
કમોદના પુંવા દહીં આપું, તે તો હાલ જમો તમે બાપુ । રસોઇ થાશે તે થોડી વારે, ત્યારે જમજો રૂડા પ્રકારે ॥૩૨॥
વળી બોલ્યા શ્રીજીમહારાજ, ના એમ તો નહિ ચાલે આજ । શાક રોટલી જોઇએ હાલ, તમે કરી આપો તતકાળ ॥૩૩॥
ત્યારે માસી થયાં છે તૈયાર, તરત ગયાં રસોડા મોઝાર । અગ્નિ પાડ્યો છે ચુલની માંયે, પર્વળ શાક વઘાર્યું ત્યાંયે ॥૩૪॥
રોટલી કરવા બાંધ્યો પિષ્ટ, ઉઠ્યાં આડણી લેવા તે ઈષ્ટ । આડણી કર લીધી જે વારે, પડી ગઇ હાથથી તે ઠારે ॥૩૫॥
રુડી પથ્થરની હતી સાર, તેના કટકા થઇ ગયા ચાર । ચંદાબાઇ તો થયાં ઉદાસ, હવે શું કરવું અવિનાશ ॥૩૬॥
એવું જાણીને અંતરજામી, બોલ્યા માસી પ્રત્યે બહુનામી । તમને શા માટે ચિંતા લાગી, જુવો આડણી તો નથી ભાંગી ॥૩૭॥
એમ કહી તે કરમાં લીધી, જેવી હતી તેવી કરી દીધી । લેઇને આપી માસીના હાથે, એવું કામ કર્યું રમાનાથે ॥૩૮॥
ચંદાબા પામ્યાં આશ્ચર્ય મન, ઘનશ્યામભાઇ તમે ધન્ય । રોટલી શાક કર્યું તૈયાર, પ્રભુને જમાડ્યા તેણી વાર ॥૩૯॥
તે સમય ત્રૈણે નાના બંધુ, આંગણામાં રમે ગુણસિંધુ । માણકધર બસ્તી ઈચ્છારામ, જમતા જોયા શ્રીઘનશ્યામ ॥૪૦॥
ઘરમાં આવી બોલ્યા વચન, માતા અમને આપો ભોજન । બહુ ભુખ લાગી છે અમને, હવે શું ઘણું કૈયે તમને ॥૪૧॥
શાક રોટલી જોઇયે અમારે, એમાં ઢીલ ન કરવી તમારે । ચંદાબાઇ કે ત્રૈણેને કથી, શાક રોટલી તો હવે નથી ॥૪૨॥
હતી તે તો જમ્યા છે જીવન, સત્ય માની લેજ્યો તમે મન । પુંવા કમોદના છે તૈયાર, દહીં આપું હું સુંદર સાર ॥૪૩॥
તેને જમો તમો ત્રૈણે ભાઇ, એવું બોલ્યાં છે ચંદનબાઇ । ત્યારે ત્રૈણે બોલ્યા છે જુજવા, નથી જમવા અમારે પુંવા ॥૪૪॥
એમ કહીને રીસાઇ જાય, જમતાં બોલ્યા શ્રીહરિરાય । હે માણકધર પાછા આવો, ઈચ્છારામ બસ્તીને બોલાવો ॥૪૫॥
આપણે ચારે ભેગા જમીયે, પછે આંગણાં આગે રમીયે । માણકધર કે એ વચન, હવે જમ્યા પછી શું જીવન ॥૪૬॥
શ્રીહરિ કહે કે ભાઇલાલ, હું તો જમવા બેઠો છું હાલ । હજી શાક ટાઢું થયું નથી, પુછી જુવો માસીને મુખથી ॥૪૭॥
ત્યારે પાછા વળ્યા ત્રૈણે લાલ, ભેગા જમવા બેઠા તત્કાળ । ચંદનમાસી બોલ્યાં વચન, તમે સુણોને જગજીવન ॥૪૮॥
બે રોટલીયો કરી છે અમે, એમાં શું જમશો ચારે તમે । ત્યારે બોલ્યા છે તે બસ્તીભાઇ, રોટલી ઘણી છે પાત્રમાંઇ ॥૪૯॥
માસી કે ભલે હોય તો જમો, પછે આનંદથી તમે રમો । એમ કરતાં જમી રહ્યા જ્યારે, ચળુ કરીને ઉઠ્યા છે ત્યારે ॥૫૦॥
તો પણ થાળીમાં હતી જેહ, રોટલી વધી બેની બે તેહ । એવું દેખીને ચંદનબાઇ, વિચારે મન આતો નવાઇ ॥૫૧॥
વિસ્મે પામ્યાં થકાં મહામતી, આવ્યાં બેઠાં છે જ્યાં પ્રેમવતી । ભક્તિમાતા ને વસંતાબાઇ, સતી સુવાસિની ત્યાં સુહાઇ ॥૫૨॥
કરે લીલા ત્રિભુવનત્રાતા, ભયહારી છે ભૂધરભ્રાતા । એ આદિ સર્વેને કરી વાત, તે થયાં મનમાં રળીયાત ॥૫૩॥
ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિ પોતાની માસીને દળતી વખતે ઐશ્વર્ય દેખાડ્યું એ નામે ચુમ્મોતેરમો તરંગ ॥૭૪॥

પૂર્વછાયો – એકસમે ભક્તિ કહે છે, રામપ્રતાપને ત્યાંયે । ભાઇ બળતણ થૈ રહ્યું છે, કાષ્ટ નથી ઘરમાંયે ॥૧॥
ચાર દિન ચાલે તેવું છે, નથી વધારે ઘરમાંય । ચોમાસું આવ્યું નજીકમાં, હવે કાષ્ટ વિના શું થાય ॥૨॥
મોટાભાઇ કે માતા તમે, ચિંતા ન રાખો લગીર । વર્ષાદ આવ્યા મોર લાવું, ધરો મનમાં ધીર ॥૩॥
હાલ મારે કામપ્રસંગે, જાવું છે તરગામ । ત્યાંથી આવીને લાવી દેશું, માજી થશે રૂડું કામ ॥૪॥
એમ કહી જમવા બેઠા, સર્વે સંગાથે આપ । જમી ચળુ કરીને ઉઠ્યા, ભાઇ રામપ્રતાપ ॥૫॥

ચોપાઇ – અહિપતિ થયા છે તૈયાર, તરગામે જાવા તેણીવાર । શ્વસુર ઘરે છે કાંઇ કામ, ગયા એકલા શ્રીબલરામ ॥૬॥
થોડા દિવસ ત્યાં જઇ રહ્યા, પાછા વળવા તૈયાર થયા । ત્યારે સાસુયે મન વિચાર્યું, ટીમણ કરવા આપું સારૂં ॥૭॥
પુંવા ખાંડ મણ છે વિશેક, દહીંનું ગોરસ આપ્યું એક । રસ્તામાં આ ટીમણ કરજ્યો, સુખે નિજગામ વિચરજ્યો ॥૮॥
એમ કહી આપ્યો એક ભોઇ, તેની સાથે બંધાવ્યું છે જોઇ । પછે ત્યાં થકી તો ચાલ્યા જાય, આવ્યા મનોરમા સરિતાય ॥૯॥
તેમાં સ્નાન કર્યું બળરામે,પછે ટીમણ જમ્યા તે ઠામે । દધિ આદિક સર્વે સમાન, પોતે જમી ગયા બળવાન ॥૧૦॥
ભોઇ પાછો વળ્યો આપી રજા, પછે છુપૈયે જવાની સજા । વિસામો કર્યો ત્યાં થોડી વાર, પછે ચાલવા થયા તૈયાર ॥૧૧॥
પંથે જાતાં દેખ્યું છે પ્રત્યક્ષ, સુકાયેલું મધુતણું વૃક્ષ । મોટું થડ ૧અધ્વમાં પડ્યું છે, મોટાભાઇની દ્રષ્ટિએ ચડ્યું છે ॥૧૨॥
થયો વિચાર મનમાં એવો, મોટો છે ઘરે લઇ જાવા જેવો । ગાડાંમાં ઘાલી લૈ જાઉં ઘેર, ચાલે રસોઇમાં રુડી પેર ॥૧૩॥
ઘણાં વર્ષ સુધી પોકે એહ, પાકશાળાના કામનું જેહ । એમ વિચાર કરતા મન, ભાઇ આવ્યા તે નિજભુવન ॥૧૪॥
ચોકીયું ગાડું જોડાવી ગયા, મધુથડે જઇ ઉભા રયા । ગાડે ચડાવા કરે પ્રયાસ, નથી ચડતું થયા ઉદાસ ॥૧૫॥
કરી મેનત પોતે અપાર, હાલતું નથી તે તો લગાર । બન્યા નિરાશ ૧પન્નગરાય, હવે આ શું કરવો ઉપાય ॥૧૬॥
ઘણા માણસનું છે આ કામ, બોલાવ્યા નથી કોઇ આ ઠામ । મહાવનમાં વલે શી થાશે, તરુ કેમ કરી ઘેર જાશે ॥૧૭॥
દેહે રસ્વેદ વળ્યો છે અપાર, બેઠા બેઠા કરે છે વિચાર । હવે દિશ નવ સુઝે લેશ, વૃથા ગઇ છે મેનત એશ ॥૧૮॥

હરિઈચ્છાથી આવી છે ધીર, થઇ આકાશવાણી ગંભીર । સુણો રામપ્રતાપજી સાર, તમેછો શેષના અવતાર ॥૧૯॥
પૃથ્વી સાત પાતાળે સહિત, ધરી રહ્યા છો લોકને હિત । વૃક્ષ ઉપાડી શકો ન કેમ, સુણી વાત આકાશની એમ ॥૨૦॥
ત્યાં બળ વધ્યું અંગ મોઝાર, વળતાં કર્યો મન વિચાર । સંકર્ષણ હું છું અવતાર, એક વૃક્ષતણો શો છે ભાર ॥૨૧॥
એમ વિચારી હિમત ધારી, સુખકારીએ કરી તૈયારી । પછે તો ઉભા થયા છે શેષ, બળ બુદ્ધિ પામ્યા છે વિશેષ ॥૨૨॥
જમણે ઉસ્કંધે લીધું છે ત્યાંયે, ઉપાડીને મુક્યું ગાડાંમાંયે । તે ગાડું લાવ્યા ઘેર ભૂધર, આંગણામાં નાખ્યું તરુવર ॥૨૩॥
તે દેખીને આવ્યા ઘણા જન, દિગમુઢ થયા સહુ મન । અહો હે ભાઇ લાવ્યા આ ક્યાંથી, આવું કાષ્ઠ ભારે બીજું નથી ॥૨૪॥
બોલ્યા ચક્રીપતિ ત્યાં વચન, સહુ ભાઇ સુણો તમે જન । રસોઇ માટે કાષ્ઠ જ નોતું, મારાં માતૃશ્રીયે કહ્યું હતું ॥૨૫॥
મનોરમા નદીના વનમાંથી, અમે કાષ્ઠ લાવ્યા ભાઇ ત્યાંથી । એવું સુણીને સઘળા જન, નરનારી કહે ધન્ય ધન્ય ॥૨૬॥
ત્યાર પછી વિત્યા થોડા દિન, બીજી વાત કહું છું પાવન । રામનવમી ઉત્સવ આવ્યો, ધર્મ ભક્તિ તણે મન ભાવ્યો ॥૨૭॥
હરિપ્રસાદે કર્યો વિચાર, મહોત્સવ કરવા તેવાર । સગા સંબંધી સહુ તેડાવ્યાં, કંકોતરીઓ લખી બોલાવ્યાં ॥૨૮॥
સંબંધી આવ્યાં કરી હુલાસ, રામનૌમીનો છે ઉપવાસ । કથા કીર્તન વાત ભજન, સ્મરણ કર્યું થઇ એક મન ॥૨૯॥
બીજે દિવસ થયું સવાર, મૂર્તિયે કરી રસોઇ ત્યાર । પારણાં કરવાં છે તે જોડે, વિષ્ણુનો થાળ પુર્યો છે કોડે ॥૩૦॥
પ્રેમવતી જમાડે છે થાળ, ત્યાં તો આવ્યા ઘનશ્યામ બાળ । દીદી અમને લાગી છે ભુખ, જમવા આપોતો થાય સુખ ॥૩૧॥
મૂર્તિયે પિરસ્યો બીજો થાળ, પ્રભુને બેસાર્યા તતકાળ । ઠાકુરજીની પાસે ઠાકોર, જમવા બેઠા ધર્મકિશોર ॥૩૨॥
રસોઇ કરીતી આ જેટલી, હરિ જમી ગયાછે તેટલી । જમીને તૃપ્ત થયા જીવન, વદે માતાના પ્રત્યે વચન ॥૩૩॥
દીદી મારા કર ધોવરાવો, ચોખા વારીથી ચળુ કરાવો । માતુશ્રીએ કર ધોવરાવ્યા, એવે ધર્મદેવ ત્યાંહાં આવ્યા ॥૩૪॥
વૃષપ્રત્યે બોલ્યાં પ્રેમવતી, મારા સ્વામી સુણો મહામતિ । રસોઇ તો લાલ જમી ગયા, ઘનશ્યામજી તો તૃપ્ત થયા ॥૩૫॥
નથી રસોઇ એક લગાર, બીજાું સિધું લાવો આણી વાર । ધર્મદેવે સુણી તેહ વાત, સિધું લેવા ચાલ્યા કરી ખાંત ॥૩૬॥
સાથે વશરામ આદિ જન, ગયા બજારમધ્યે પાવન । ત્યારે બોલ્યા પ્રભુ બહુનામી, કોટિ કોટિ બ્રહ્માંડના સ્વામી ॥૩૭॥
દીદી હશે ઘરમાં રસોઇ, રસોડામાં જુવો પ્રીત પ્રોઇ । આ મેમાનને જમાડો તમે, સત્ય વચન કહીયે અમે ॥૩૮॥
મૂર્તિમાતા કહે મારા તન, બધું જમી ગયા છો જીવન । હવે તે રસોઇ ક્યાંથી હોય, જુઠી વાત કરું નહિ કોય ॥૩૯॥
માતા જુવો રસોડામાં જૈને, પછે કામ કરો સુખી થૈને । દીદી કે તમે સુણો કુમાર, હાલ જોઇ આવી છું આ વાર ॥૪૦॥
નથી રસોડામાં તલભાર, કાંઇ રાંધેલી ચીજ તૈયાર । ખાલી પડ્યાં છે સઘળાં ઠામ, સાચું માની લેજ્યો ઘનશ્યામ ॥૪૧॥
ત્યારે શ્રીહરિ કે કેમ નથી, ચાલો મારી જોડે ત્યાં મનથી । પાત્ર ભરેલાં છે બધાં પુરાં, એમાં કોઇ નથીજ અધુરાં ॥૪૨॥
જેવાં ભરેલાં હતાં તે જેમ, રસોડામાં છે તેમનાં તેમ । ત્યારે માતા કહે ચાલો જોઉં, પછે મનનો સંદેહ ખોઉં ॥૪૩॥
ત્યારે ગયાં રસોડામાં માતા, થયા અગાડી ભૂધરભ્રાતા । માતા જુવે છે પાત્ર ધરેલાં, ત્યાંતો સર્વે દેખ્યાં છે ભરેલાં ॥૪૪॥
ખાલી નથી તે જોયું નિહાળી, ભક્તિ વિસ્મે પામ્યાં એવું ભાળી । શાક પાક ભર્યાં છે અપાર, નાનાવિધ અખુટ ભંડાર ॥૪૫॥
અતિ આનંદ પામ્યાં છે માતા, મોટાભાઇને કે સુખ-દાતા । સગાસંબંધી સર્વે મેમાન, તેને કરાવો ભોજન પાન ॥૪૬॥
શ્રીહરિપ્રતાપે આ ઠાર, રસોઇ તો ભરી છે અપાર । એમ વાત કરે છે એ જ્યાંયે, સિધું લેઇ આવ્યા ધર્મ ત્યાંયે ॥૪૭॥
પાકશાળાનું જાણ્યું વૃત્તાંત, થયા પ્રસન્ન મન મહાંત । રાજી થૈને બોલાવ્યા મેમાન, સગા સંબંધીને દીધાં માન ॥૪૮॥
સ્નેહે સહિત સૌને જમાડ્યા, વળી સર્વેને શાંતિ પમાડ્યા । સઘળા જમી રહ્યા છે જ્યારે, પાકશાળા વિષે જોયું ત્યારે ॥૪૯॥
ત્યાં તો ભરી છે સર્વે રસોઇ, પામ્યાં આશ્ચર્ય જન તે જોઇ । બીજે દિવસે સંબંધી જન, મળી બેઠાં છે નિર્મળ મન ॥૫૦॥
વારતા કરે છે સામાસામી, તે સમે બેઠા છે બહુનામી । તિયાં ભાભીના ઉત્સંગમાંયે, રમે છે રંગરસીયો ત્યાંયે ॥૫૧॥
નાના બાળકરૂપે દેખાણા, છ માસના સ્ત્રીયોને જણાણા । સૌના મને થયો એમ ભાવ, જાણે રમાડીને લૈયે લાવ ॥૫૨॥
અંતર્યામી પ્રભુ સમરથ, જાણ્યો સર્વેતણો મનોરથ । જેટલી બાઇયું છે અનુપ, પોતે ધર્યાં છે તેટલાં રૂપ ॥૫૩॥
સૌને જણાવ્યું હેત નવીન, હરિયે એક કાલાવિચ્છિન્ન । ભાવ પુરો કર્યો છે વિશેક, પછે પ્રભુ દેખાણા છે એક ॥૫૪॥
સતી સુવાસિનીબાઇ પાસ, બેઠા આનંદમાં અવિનાશ । પછે કૃષ્ણની ચોટલીમાંયે, ભાભી તેલ ભરે વળી ત્યાંયે ॥૫૫॥
કાંસકી વડે કેશ ઓળાવે, શામને બહુ લાડ લડાવે । સગા સંબંધી સર્વે મેમાન, રજા માગી લીધી દેઇ માન ॥૫૬॥
સુખ પામ્યાં થયાં છે પ્રસન્ન, ગયાં પોતપોતાને ભુવન । મહાપ્રભુજીની મૂર્તિ તે ભાળે, કામ કરતાં અહોનિશ કાળે ॥૫૭॥
કેને પાંચ દિન કેને સાત, દશ દિન કેને માસ ખ્યાત । વિશ દિન કોઇને દેખાણા, એમ સંબંધીયોને જણાણા ॥૫૮॥
એવું ચમત્કારી જે ચરિત્ર, દેખીને થયા પુન્ય પવિત્ર । વારે વારે કરે છે વિચાર, એવા ભાળીને ધર્મકુમાર ॥૫૯॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિની ઈચ્છા થકી ભાઇ કાષ્ટ ઘેર લાવ્યા ને રસોડામાં ખાલી પાત્રને રાંધેલ અન્નથી ભર્યાં દેખાડ્યાં એ નામે પંચોતેરમો તરંગ : ॥૭૫॥

પૂર્વછાયો – એકસમે તરગામથી, મોટાભાઈના શ્વસુર । ફણસનાં ફળ લઈ આવ્યા, બળદેવજી જરૂર ॥૧॥
ધર્મ ને મોતીરામ ઘેર, વિવેકથી મતિ સાર । ફણસનાં ફળ મોકલ્યાં, પાંચ પાંચ અનુસાર ॥૨॥
સ્વાદિષ્ટ પાકાં જાણી, બોલ્યા ધર્મદેવ તત્કાળ । જોખન આને સુધારીને, ભરો તપેલામાં બાળ ॥૩॥
ઠાકોરજીને જમાડ્યાનો, વખત થાશે જે વાર । પ્રથમ જમાડી વિષ્ણુને, સહુને દેશું કરી પ્યાર ॥૪॥

ચોપાઈ – એવું સુણીને રામપ્રતાપ, આજ્ઞા પાળવા ઉઠ્યા છે આપ । રૂડાં ફણસ સુગંધીવાન, રંગે જોતાં કેસર સમાન ॥૫॥
સુધારીને કર્યાં છે તૈયાર, ભર્યાં મોટાં તપેલાં મોઝાર । ઉપર તાંસ ઢાંકી તે વાર, પછે અનંતજી આવ્યા બાર ॥૬॥
એવામાં તો આવ્યા ત્યાં શ્રીરંગ, નિજ સખાઓને લેઈ સંગ । છાના માના ગયા ઘરમાંયે, ફણસનાં ફળ મુક્યાં ત્યાંયે ॥૭॥
કોઈ જાણે નહિ આ પ્રબંધ, માટે કમાડ કર્યાં છે બંધ । સખા સહિત જીવનપ્રાણ, ફળ સર્વે જમી ગયા જાણ ॥૮॥
પાત્ર ખાલી કરીને ત્યાં મુક્યું, હતું તેમનું તેમજ ઢાંક્યું । કોઈ જાણે નહિ આવો મર્મ, પછે બારે આવ્યા તજી ભર્મ ॥૯॥
સખા સહિત સત્વર થયા, નારાયણસરોવરે ગયા । જઈ જળમાં ધુવેછે હાથ, છાનું કામ કરી યોગિનાથ ॥૧૦॥
તે સમે જે સુવાસિનીબાઈ, આવ્યાં જળ ભરવાને ત્યાંઈ । સખી સાહેલીઓના સંગે, અંબુ ભરવા લાગ્યાં ઉમંગે ॥૧૧॥
હાથ ધુવે ઘનશ્યામભાઈ, તે જુવે છે સુવાસિનીબાઈ । તે દેખીને પ્રભુને પુછે છે, કર ધોવાનું કારણ શું છે ॥૧૨॥
કેવા હતા તમારા બે હાથ, ધોવા પડે છે શ્રીયોગિનાથ । પોતે બોલ્યા નહિ ઘનશ્યામ, પણ કેવા લાગ્યા વેણીરામ ॥૧૩॥
ફણસનાં ફળ ખાધાં અમે, તેથી હાથ ધોયા સુણો તમે । એવાં વચન સુણ્યાં જે વાર, ભાભી મન કરે છે વિચાર ॥૧૪॥
ઘરે ફણસ મુક્યાં સુધારી, રખે ખાઈ ગયા ભયહારી । એવો કર્યો છે પોતે ઠરાવ, ઘેર આવ્યાં ધરી મન ભાવ ॥૧૫॥
ઓરડામાં આવી જોયું જ્યારે, તપેલીમાં નથી કાંઈ ત્યારે । ખાલી ઢાંકેલું તે ખખડે છે, તે ઉપર તાંસ રખડે છે ॥૧૬॥
સુવાસિનીએ કર્યો વિચાર, માતાને બોલાવ્યાં તેણીવાર । મૂર્તિમાતા આવ્યાં ઘરમાંયે, પુત્રવધુ કેવા લાગ્યાં ત્યાંયે ॥૧૭॥
પ્રેમવતીયે કર્યો તપાસ, પાત્ર ખાલી પડ્યું છે પ્રકાશ । માતાયે સાચું માન્યું તે ઠામ, આતો છે ઘનશ્યામનું કામ ॥૧૮॥
બીજાનો આમાં હાથ ન હોય, આવું કામ કરે નહિ કોય । એવો વિચાર થયો ઉરથી, ચટકી ચડાવી અંતરથી ॥૧૯॥
બેઠાં બારણે સોટી લઈને, આવે તો મારૂં ઉભી થઈને । માતાજી બેઠાં છે થોડીવાર, ત્યાં તો આવ્યા છે વિશ્વઆધાર ॥૨૦॥
શ્રીહરિયે જોયું ધીરે રઈ, માતાજી બેઠાં છે સોટી લઈ । રખે મારે મુને આજ માતા, એમ ભય ધરે જગત્રાતા ॥૨૧॥
ભીંત ઓથે સંતાતા સંતાતા, ઘરમાં પ્રવેશ્યા મોક્ષદાતા । નમ્ર થયા છે નિજકુમાર, માતાને દયા આવી અપાર ॥૨૨॥
પ્રેમવતી ગયાં પુત્ર પાસ, કર ગ્રહી કરાવે છે હાસ । માતા વાત્સલ્ય પ્રેમસમેત, કેવા લાગ્યાં કરી મન હેત ॥૨૩॥
ઠાકોરજીને એ ફળ ધરી, પ્રસાદી દેવીતી હેતે કરી । વારુ ઠીક કર્યું ઘનશ્યામ, બીજી વાર ન કરશો એ કામ ॥૨૪॥
ધીમેથી બોલ્યા શ્યામ શરીર, હે દીદી સુણી લ્યો મતી ધીર । નોતી ખબર મુને ખચીતે, નહિ તો ખાત ન એવી રીતે ॥૨૫॥
પણ હોય તમારો વિચાર, પ્રભુજીને ધરાવા આવાર । ચાલો આપણા બાગનીમાંય, ઘણાં ફણસ પાક્યાં છે ત્યાંય ॥૨૬॥
જેટલાં જોઈએ આ ફણસ, પાકેલાં લાવો તેથી સરસ । ફણસ ફળ જાણે વિશેક, આપણા બાગમાં નથી એક ॥૨૭॥
ઓણ સાલ તો બેઠાં જ નથી, ત્યારે કૃષ્ણ બોલ્યા છે ધીમેથી । જુવો તો ખરાં દીદી ત્યાં જૈને, તપાસો તપાસો ધીરાં રૈને ॥૨૮॥
એવું સુણી ધર્યો વિશ્વાસ, ત્યારે જોયું છે કરી તપાસ । માતા મન કરે છે વિચાર, આતો ફણસ બેઠાં અપાર ॥૨૯॥
મોટાં મોટાં પાકાં છે સ્વાદિષ્ટ, પ્રેમવતીયે જોયાં છે શ્રેષ્ઠ । વળતાં માતા બોલ્યાં વચન, સુણો ઘનશ્યામ મારા તન ॥૩૦॥
કાલ સવારના પ્રાતઃકાળ, હું આવીતી આંહી મારા બાળ । ત્યારે તો નોતું ફણસ એક, આજ ક્યાંથી બેઠાં છે અનેક ॥૩૧॥
એમ કેતાં છતાં બેઉ ફળ, સારાં મોટાં લીધાં છે વિમલ । ઘરમાં લાવીને સુધરાવ્યાં, ઠાકોરજી આગળ ધરાવ્યાં ॥૩૨॥
પ્રસાદી આપી સર્વે જનને, શાંતિ થઈ માતાના મનને । એવું ચરિત્ર સાંભળ્યું જોયું, ત્યારે મોટાભાઈ મન મોયું ॥૩૩॥
કહે અનંત હે ઘનશ્યામ, ક્યાંથી ફણસ લાવ્યા આ ઠામ । આપણા બાગમાં બેઠાં નથી, આ સાલમાં તો શું કેયે કથી ॥૩૪॥
ત્યારે શ્રીહરિ કે છે સમક્ષ, મોટાભાઈ એ છે કલ્પવૃક્ષ । તમે જે જે કરો ચિંતવન, તે તે મળે તમને પાવન ॥૩૫॥
વળી ચક્રીપતિ બોલ્યા વાણ, સુણો નટવરજી સુજાણ । કળિયુગમાં એ વૃક્ષ નોય, ૧કૃતયુગ વિષે મળે કોય ॥૩૬॥
પછી કે પુરૂષોત્તમરાય, સુણો જ્યેષ્ઠ બંધુ અભિ-પ્રાય । અમે ઈચ્છા કરી છે તે આજ, કર્યું છે મનવાંછિત કાજ ॥૩૭॥
કલ્પવૃક્ષ તણો આવિર્ભાવ, આ વૃક્ષમાં આવ્યો તેનો દાવ । મોટાભાઈ કહે એવી રીત, ક્યાં સુધી ભાવ રેશે અજીત ॥૩૮॥
હરિકૃષ્ણ કહે છે રે ભાઈ, કરૂં વર્ણન તેની બડાઈ । માતા પિતા છે આપણા જેહ, જ્યાં સુધી રેશે આરોગ્ય એહ ॥૩૯॥
ત્યાં સુધી જ રેશે ભાવ એવો, આ તરૂમાં કલ્પવૃક્ષ જેવો । ભાઈ કે બીજું મળે કે નહિ, સાચી વાત કહો મુને સહિ ॥૪૦॥
હા તમે જે માગો તેજ મળે, તેનું ફળ પામો તે જ પળે । તમારી ધ્યાનમાં આવે જેમ, માગી લ્યો સામટાં ફળ એમ ॥૪૧॥
પત્રે પત્રે જુદાં જુદાં ફળ, તમને મળે તે અનુકુળ । પછે મનમાં કર્યો વિશ્વાસ, ગયા ફણસના વૃક્ષ પાસ ॥૪૨॥
મમ બંધુનું સત્ય વચન, હોય તો મળે ધારેલું મન । કલ્પવૃક્ષ રૂપી છે આ તરુ, રૂડું ફનસ ફળેલું ખરૂં ॥૪૩॥

તેમાંથી ઈચ્છા મુજ ફળજ્યો, માગું ચીજો તે સર્વે મળજ્યો । એવું વાક્ય કહી બળરામ, પછી તે ચીજનાં દે છે નામ ॥૪૪॥
શ્રીફળ કેળાં કેરી દાડમ, રામફળ ને જામ ઉત્તમ । અંજીરાદિ ખારેક લવિંગ, નારંગી જાંબુફળ અભંગ ॥૪૫॥
પરવળ ને રાયણાં એ વસ્તુ, સત્ય હોય તો મળે સમસ્તું । ચંપો ગુલાબ મોગરો જેહ, જાઇ જુઇનાં પુષ્પ જ તેહ ॥૪૬॥
એ આદિક સર્વે ચીજો આપો, મારા મનનો સંશય કાપો । એમ કેતાં કેતાં તતખેવ, થયા સુફળ મનોરથ એવ ॥૪૭॥
પત્રે પત્રે અને ડાળે ડાળ, ફળ ફુલ ખીલ્યાં છે રસાળ । માગ્યા વિનાનાં નાના પ્રકાર, બીજાં ફળ દેખ્યાં છે અપાર ॥૪૮॥
હજારો જાત્યનાં ફળ ફુલ, ભાળી ને રાજી થયા અતુલ । મનગમતાં તે ફળ લીધાં, ઘેર લાવીને સુધારી દીધાં ॥૪૯॥
ઠાકોરને ધરાવ્યું નૈવેદ્ય, સર્વેને આપી પ્રસાદી સદ્ય । ભક્તિમાતા અને ત્રેણે ભાઇ, વળી સતી સુવાસિનીબાઇ ॥૫૦॥
એ આદિ પ્રસાદી જમ્યા સહુ, પરમ સંતોષ પામ્યા છે બહુ । પુરૂષોત્તમજી નારાયણ, અક્ષરાધિપતિ તારાયણ ॥૫૧॥
તેનો તો મહિમા છે અપાર, મૂઢ સમજે નૈ એનો પાર । જે કોઇ સમજી ગયા સાર, તે તો પામી ગયા ભવપાર ॥૫૨॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિએ મોટાભાઈને ફણસનાં વૃક્ષને વિષે ચમત્કાર દેખાડ્યો એ નામે છોતેરમો તરંગ ॥૭૬॥

પૂર્વછાયો — રામશરણજી સાંભળો, પાવન પુન્ય પવિત્ર । વિસ્તારીને વર્ણવું છું, પ્રભુજીનાં જે ચરિત્ર ॥૧॥
રામપ્રતાપજી દાદાને, દેખાડ્યો પૌઢ પ્રતાપ । ફણસના તરુમાં જણાવ્યું, અદ્ભુત ઐશ્વર્ય આપ ॥૨॥
પછે માયા પડદો મુક્યો, ભુલાવી દીધું એ જ્ઞાન । મનુષ્ય ચેષ્ટાને કરે છે, ભયહારી ભગવાન ॥૩॥
એકસમે પુરૂષોત્તમ, સખાનો લૈને સમાજ । વિશ્વામિત્રી ગૌઘાટે ગયા, નાવા સારૂં મહારાજ ॥૪॥
પ્રભુયે સરિતામાં કર્યું, સ્નેહવડેથી સ્નાન । બારે આવ્યા કાંઠા ઉપર, બહુનામી ભગવાન ॥૫॥
વાલમજીયે વસ્ત્ર પેર્યાં, સુખકારી ભગવાન । તે સમે એક મચ્છ મોટો, આવ્યો છે તેહ ઠામ ॥૬॥

ચોપાઇ — શ્રીહરિયે કર્યું છે જ્યાં સ્નાન, મચ્છ આવી ઠર્યો છે તે સ્થાન । ખુટે આયુષ્યે મૃત્યુ તે પામ્યો, હરિ ઇચ્છાથી સંકટ વામ્યો ॥૭॥
આવ્યા છે ત્યાં વેમાન અનેક, વ્યોમ માર્ગેથી તે વિશેક । મચ્છનો દેહ તો મટી ગયો, મહાઅદ્ભુતરૂપે તે થયો ॥૮॥
થઇ અદ્ભુત તેની આકૃતિ, શ્રીપતિની કરે છે એ સ્તુતિ । પ્રભુજીને કર્યો નમસ્કાર, બેઠો વેમાનમાં તેણી વાર ॥૯॥
બહુનામીની કૃપાને બળે, ગયો સત્યલોકમાં તે પળે । આવું અદ્ભુત ચરિત્ર જોયું, વેણીરામતણું મનમોયું ॥૧૦॥
પુછે ઘનશ્યામને તે સનેહ, ભાઇ તમો ટાળો આ સંદેહ । મોટો મચ્છ આંહી મરી ગયો, નિરાવર્ણરૂપે દિવ્ય થયો ॥૧૧॥
જે આવ્યાતા લઇને વેમાન, કોણ હતા તે કો ભગવાન । મહાપ્રભુ કહે સુણો મિત્ર, કહું વૃત્તાંત પુન્ય પવિત્ર ॥૧૨॥
અક્ષરાધિપતિ છૈયે અમે, મિત્ર સત્ય માની લેજ્યો તમે । પુરૂષોત્તમ અમારૂં નામ, અમે રૈયે તે અક્ષરધામ ॥૧૩॥
તમે અમારા છો સખા ભક્ત, અમવિષે થયા છો આશક્ત । આપણ સર્વ નાયા આ સ્થાન, તેમાં મચ્છ મુવો ભાગ્યવાન ॥૧૪॥
અમને રાજી કરવા કાજ, બ્રહ્માયે કર્યું છે તે આ કાજ । ૧પૃથુરોમા ઘણો ભાગ્યશાળી, આવ્યા પ્રજાપતિ એહ ભાળી ॥૧૫॥
સત્યલોકમાં લઇ ગયા વિધિ, આવી વાત સખા પ્રત્યે કીધી । એવું સુણી સખા શિરનામી, નમસ્કાર કરે કરભામી ॥૧૬॥
પછે ત્યાં થકી સર્વે સિધાવ્યા, ધોબીઘાટે અકળિત આવ્યા । ત્યાંથી વિચર્યા યોગીવનમાં, સખા સહિત રાજી મનમાં ॥૧૭॥
હજારો ગાયો ચરેછે જ્યાંયે, ત્રિભુવનપતિ ગયા ત્યાંયે । દેખ્યા ગાયોયે શ્રીઅવિનાશ, દોડી દોડી ને આવી છે પાસ ॥૧૮॥
ઘેરો દેઇને ઉભી રહી છે, પ્રભુને દેખી સ્થિર થઇ છે । રહી ગાયો સર્વે તદાકાર, એવા દેખીને પ્રાણઆધાર ॥૧૯॥
સખા સર્વે મનમાંહી કંપે, ભય પામીને થયા અજંપે । મારી નાખશે ગાયું આ ઠાર, એમ સખા કરે છે વિચાર ॥૨૦॥
એવું જાણીને પ્રાણજીવન, સખાની બીક મટાડી મન । કર અણસારો કર્યો જ્યારે, ધેનુ પાછી વળી ગઇ ત્યારે ॥૨૧॥
પછે ત્યાં થકી ચાલ્યા પ્રીતમ, આવ્યા ભેટીયે ગામ ઉત્તમ । રામસાગર નામે તડાગ, તેના તીરે બેઠા જોઇ લાગ ॥૨૨॥
વડવૃક્ષ હેઠે કીરતાર, થોડીવાર કર્યો છે વિહાર । ત્યાંથી ચાલિયા શ્રીઘનશ્યામ, આવ્યા છુપૈયે સુંદર શ્યામ ॥૨૩॥
ભક્તિ ધર્મ આદિ બીજા જન, છુપૈયાપુરવાસી પાવન । સહુને વાત કરી વેણીરામે, અથ ઇતિ થઇ જે જે ઠામે ॥૨૪॥
બોલ્યા અવધપ્રસાદ વાણ, સુણો રામશરણજી પ્રમાણ । મચ્છ પળનો સંબંધ પામ્યો, પણ ભવજળ દુઃખ વામ્યો ॥૨૫॥
દિવ્યરૂપે થયો આ સંસર્ગે, સત્યલોકે ગયો અપવર્ગે । એવી વિશ્વામિત્રી નદી સ્થાને, જ્યાં લીલા કરી છે ભગવાને ॥૨૬॥
જેહ કરશે ત્યાં જળપાન, વળી આચરશે તેમાં સ્નાન । માતાપિતાનું કરશે ત્યાં શ્રાદ્ધ, તેના મોક્ષમાં ન આવે બાધ ॥૨૭॥
મરણ પામેલાનાં અસ્થિ જેહ, તે જગ્યાએ લાવી નાખે એહ । મોક્ષ પામશે તે સર્વે જન, એમ નિશ્ચે માની લેજ્યો મન ॥૨૮॥
વળી એક સમયની વાત, સુણો સંત હરિજન ભ્રાત । ચક્રીપતિ જે જક્ત આધાર, બે બંધુમાં થયો તકરાર ॥૨૯॥
રીસાણા એક રૂમાલ માટ, પછી શ્યામ શો ઘડે છે ઘાટ । રીસાઇ જાવા થયા તૈયાર, નવ કર્યો કોઇને વિચાર ॥૩૦॥
અયોધ્યાપુરીયે જાવા કાજ, ચાલી નિકળિયા મહારાજ । વેણીરામે જાણ્યું એતો ગયા, સમાચાર એ ધર્મને કહ્યા ॥૩૧॥
હે ફુવા ઘનશ્યામ જરૂર, રીસાઇ ગયા અયોધ્યાપુર । શા કારણે રસીલો રીસાયા, મનથી જાણે ઉતારી માયા ॥૩૨॥

હરિપ્રસાદ કહે છે ભાઇ, નથી માલમ મુજને કાંઇ । પછે નક્કી કર્યું એમ કેને, રામપ્રતાપને ભેગા થઇને ॥૩૩॥
મોટાભાઇને ૧શીખજ દીધી, કેવાની હતી તે વાત કીધી । તમે મોટા થયા છો કુમાર, થોડી વાતે કર્યો તકરાર ॥૩૪॥
પછે પિતા કહે ચાલો જૈયે, ઘનશ્યામની ખબર લૈયે । વારે વારે તે મન વિમાસે, ચાલ્યા બન્ને વાલાજીને વાંસે ॥૩૫॥
ચાલ્યા ચાલ્યા ગયા સુરવાળ, ત્યાંના બગીચામાં મળ્યો રભાળ । ભોઇ ગામના માણસ કૈયે, પ્રાગમલ ચોબા નામે લૈયે ॥૩૬॥
તે મળ્યા છે બગીચામાં નક્કી, આવે છે અયોધ્યાપુરી થકી । તેને ધર્મ કેહેછે રે ભાઇ, મારા ઘનશ્યામ દેખ્યા ક્યાંઇ ॥૩૭॥
મારગમાં દીઠા હોય, અમને સત્ય બતાવો જોય । પ્રાગમલ્લ કે હા મેં ભાળ્યા છે, મારી નજરે નક્કી જોયા છે ॥૩૮॥
પરશુરામપુરી છે જ્યાંયે, જોયા છે તેની બજારમાંયે । વાયુવેગે એતો ચાલ્યા જાય, તમોથી પોકી નહી શકાય ॥૩૯॥
એવું સુણી પિતાજીને પુત્ર, ચાલ્યા ઉતાવળા બલસૂત્ર । એટલામાં પોક્યા બેઉ ધીર, લાલ બેઠા છે સર્જુને તીર ॥૪૦॥
ગંગાપાર ઉતરવા માટ, વ્હાલો જુવે છે વાણની વાટ । જેના નામે સકલ સંસાર, કોટિ કોટિ પામે ભવપાર ॥૪૧॥
તેને નૌકાતણું શું છે કામ, લીલાયો કરે છે ઘનશ્યામ । પિતાબંધુને આવતા ભાળ્યા, પ્રભુયે નજરેથી નિહાળ્યા ॥૪૨॥
જુવો ચરિત્ર કેવાં કરે છે, પિતા બંધુની બીક ધરે છે । ઉભા થયા છે શ્રીજગદાત્મા, પાણી પર ચાલ્યા પરમાત્મા ॥૪૩॥
ઘણા લોક કહે છે રે ભાઇ, તમે જાશો નહિ જલમાંઇ । નક્ર આવશે મહાબલમાં, તમને લેઇ જાશે જળમાં ॥૪૪॥
સુણ્યાં છે એવાં સૌનાં વચન, પણ માને નહિ ભગવન । જળ ઉપર તે ચાલ્યા જાય, લોક દેખીને વિસ્મિત થાય ॥૪૫॥
જેમ પૃથ્વી પર ધરે પાવ, એમ ચાલે નટવર નાવ । હજારો જન જુવે તે ઠાર, પળ માત્રમાં ઉતર્યા પાર ॥૪૬॥
લક્ષ્મણઘાટે જૈ ઉભા રહ્યા, હજારો જન ત્યાં ભેગા થયા । ચારે તરફ વિંટીને ઉભા, ભાળી ભાળી મનમાં તે લોભા ॥૪૭॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રીઘનશ્યામ-લીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિ રૂમાલ સારૂં રિસાયા ને સર્જુનદીના જળ ઉપર ચાલી સામે તીરે નિકળ્યા એ નામે સત્યોતેરમો તરંગ ॥૭૭॥

પૂર્વછાયો – જળ ઉપર તે ચાલિયા, ઉતર્યા ગંગાને પાર । શું કરતા હવા હરિ તિયાં, સુણો કરી મન પ્યાર ॥૧॥
હજારો જન આવી મળ્યા, પુછેછે કરીને હામ । ક્યાં થકી આવ્યા ને કોણ છો, શું છે તમારું નામ ॥૨॥
કોણ માતાપિતા તમારાં, કિયો તમારો દેશ, શા કારણેથી વિચર્યા, છો વર્ણિ બાલુડે વેષ ॥૩॥

ચોપાઇ– એવાં સુણી સર્વનાં વચન, ધીરેથી બોલ્યા ધર્મના તન । અમે સરવરિયા પાંડે છૈયે, વળી છુપૈયાપુરમાં રૈયે ॥૪॥
ધર્મભક્તિતણા અમે તન, ઉદાસી થયું છે મુજ મન । અમારે તો થાવું છે વૈરાગી, ગઢીમાં રેવું છે થૈ ત્યાગી ॥૫॥
વાલે કહ્યો પોતાનો વિચાર, લોક કેવા લાગ્યાં તેણી વાર । હે ભાઇ હજુ વય છે નાની, માટે રેવા દ્યો આ વાત છાની ॥૬॥
નાની વયમાં ન થાવું ત્યાગી, અવસ્થાયે તે થાવું વૈરાગી । પરસ્પર કરે છે ત્યાં વાત, એવામાં આવ્યા બંધુ ને તાત ॥૭॥
નૌકામાંથી ઉતર્યા છે જોડી, મોટાભાઇ તો આવ્યા છે દોડી । મુક્યું મસ્તક શામ ચરણે, રક્ષા કરીને રાખો શરણે ॥૮॥
અતિ નિર્માની થઇ નમે છે, કોટિ શીર્ષાને ભાઇ કહે છે । પગે લાગી કરે છે પ્રણામ, તમે ભાઇ સુણો ઘનશ્યામ ॥૯॥
પ્રભુજી હવે પાછા પધારો, ઘેર આવીને વાલ વધારો । જુવો દાદા આવ્યા તવ પાસ, આપ વિના થયા છે ઉદાસ ॥૧૦॥
તમે કેશો તે કરશું અમે, પણ ઘેર ચાલો હવે તમે । દયા લાવો દિલમાં દયાળ, લ્યો આપું છું તમને રુમાલ ॥૧૧॥
કરે છે દીદી બહુ કલ્પાંત, તમો વિના નથી મન શાંત । થયા ગદ્ગદ કંઠે ધીર, ભાઇના નેત્રમાં ચાલ્યું નીર ॥૧૨॥
તેવારે આવ્યા સમીપ ધર્મ, પ્રભુ પ્રત્યે બોલ્યા રુડા મર્મ । હે હરિકૃષ્ણ હે સુખધામ, તમે ડાયા છો સુંદર શ્યામ ॥૧૩॥
પરમ વિવેકી પ્યારા પુત્ર, સાર અસાર સમજો સૂત્ર । દયા કરી પાછા ચાલો તમે, સત્ય વાણી કૈયે છૈયે અમે ॥૧૪॥
પિતા પુત્રનાં એવાં વચન, સુણી બોલ્યા અયોધ્યાના જન । અતિ સ્નેહ થયો છે અમને, કર જોડીને કૈયે તમને ॥૧૫॥
આવ્યા છે પિતા બંધુ તમારા, ઘણા દયાળુ છે અતિ સારા । તેની સાથે પધારો ઘેર, પછે વર્તજો આનંદભેર ॥૧૬॥
એવું સુણી ત્રિભુવન તાત, પિતા પ્રત્યે બોલ્યા રુડી વાત । ચાલો ઘેર આવું છું હું આજ, હવે થાય નહિ આવું કાજ ॥૧૭॥
ફરીથી થશે જો આવું કૃત્ય, તમારું કહ્યું ન માનું સત્ય । એવું કેને ચાલ્યા અલબેલો, પિતાની સાથે સુંદર છેલો ॥૧૮॥
મોટાભાઇએ આપ્યો રુમાલ, કરમાં પકડી રહ્યા લાલ, ત્યાંથી ત્રૈણે ચાલ્યા મતિધીર, આવ્યા સર્જુગંગાતણે તીર ॥૧૯॥
પછે ઉતર્યા ગંગાની પાર, ચાલ્યા મારગમાં તેણીવાર । ત્યારે બોલ્યા ભૂધરભ્રાત, બડાબંધુ સુણો એક વાત ॥૨૦॥
તમે આપ્યો છે મને રુમાલ, નથી એમાં એવો કાંઇ માલ । તમોગુણી તમારો સ્વભાવ, માટે કરવો પડ્યો આ દાવ ॥૨૧॥
હવે લ્યો આ રુમાલ કૃપાળ, એવું કહીને આપ્યો તતકાળ । એમ કરે છે હાસ્ય વિનોદ, ચાલ્યા જાય માર્ગે મનમોદ ॥૨૨॥
મનોરમા નદી જે છે સાર, મખોડાઘાટ જ્યાં નિરધાર । ત્યાં આવ્યા છે ત્રૈણે બુદ્ધિમાન, તે સરિતામાં કર્યું છે સ્નાન ॥૨૩॥
પછે તો આવ્યા છુપૈયાપુર, અતિ આનંદ માય ન ઉર । ભક્તિમાતા સુવાસિની આપ, કર્તા હતાં વિવિધ વિલાપ ॥૨૪॥
ઘેર આવ્યા જ્યારે ઘનશ્યામ, માતાને થયું સુખ આરામ । મીઠે વચને બોલાવ્યા પ્રીતે, પ્રેમવતીયે ત્યાં રૂડી રીતે ॥૨૫॥

પછે રસોઇ કરી તૈયાર, જમવા બેસાર્યા તેણીવાર । ધર્મ સહિત ત્રૈણે કુમાર, કર્યાં ભોજન સ્વાદ અપાર ॥૨૬॥
સુવાસિની અને પ્રેમવતી, જમતાં હવાં મહામતી । સુણો શ્રોતા થઇ સાવધાન, હવે શું કરે છે ભગવાન ॥૨૭॥
એક દિવસ સખા સહિત, ધેનુ ચારવાનું ધાર્યું હિત । સખા સર્વેને લીધા છે સાથ, ગાયો ચારવા ચાલ્યા છે નાથ ॥૨૮॥
ગૌઘાટે ગયા છે ગિરિધારી, ગાયું ચારે છે દેવ મોરારી । એમ કરતાં થયો મધ્યાન, પણ ઘેર ન આવ્યા મોહન ॥૨૯॥
ગાયો ચારે છે પુન્ય પવિત્ર, ઘેર બતાવ્યું બીજું ચરિત્ર । પ્રેમવતી સતી સુવાસિની, રાહ જુવે છે પ્યારા પુત્રની ॥૩૦॥
વન રહ્યા થકા કર્યું કામ, ઘેર દેખાણા શ્રીઘનશ્યામ । પોતાની જ્યેષ્ટિકાને ૧ઉપાન, ઘરમાં ઉતાર્યાં છે નિદાન ॥૩૧॥
માતા કહે સુવાસિનીબાઇ, આવ્યા છે શું ઘનશ્યામભાઇ । જ્યેષ્ઠિકા ને મોજડીયો જેહ, ઘરમાં ઉતારી જુવો તેહ ॥૩૨॥
સુવાસિની ઉઠ્યાં તતખેવ, ચારે તરફ ફરી જોયું એવ । નથી દેખાતા કોઇ ઠેકાણે, પ્રભુની ગતિમાં એ શું જાણે ॥૩૩॥
ખબર પડે નહિ કોઇને, કરી લીલા પ્રભુયે જોઇને । હરિ વનમાં ગાયો ચારે છે, ઘરે દર્શન તે કેવાં દે છે ॥૩૪॥
સુંદરીના ઘરમાં વિહારી, દહીં ગોરસ લીધું છે ધારી । નીચે ઉતારી જમ્યા નીરાંતે, ગોરસ ફોડી નાખ્યું છે ખાંતે ॥૩૫॥
જમ્યા તે તો ભલે જમ્યા ઝાઝું, પાત્ર રેવા દીધું નહિ સાજું । પ્રભુ પછી નીકળ્યા બહાર, સુંદરીયે દેખ્યા તેણીવાર ॥૩૬॥
ભક્તિમાતા પાસે આવી કેછે, દીલ દેખી ઠપકો તે દેછે । ત્યાંતો ઓચીંતાં સુરજાબાઇ, ઠપકો દેવા આવ્યાં તે ધાઇ ॥૩૭॥
ઘરમાં ઉડાડી રંગતાળી, વળી નાસી ગયા વનમાળી । ગોરસ ઘરમાં ભાંગી નાખ્યાં, કોઇ પાત્ર આખાં નથી રાખ્યાં ॥૩૮॥
એમાં કેટલાનાં દહીં ચાખ્યાં, ઘણાનાં ગોરસ ફોડી નાખ્યાં । સર્વેની આવી સામટી રાડ, છેલાયે કર્યો બહુ બગાડ ॥૩૯॥
ત્યારે પ્રેમવતી બોલ્યાં જાણ, તમો બાઇ સુણો મુજ વાણ । ઠપકો દેવા આવ્યાં શું જોઇ, કરો વિચાર મનમાં કોઇ ॥૪૦॥
ગયા છે એતો ચારવા ધેનો, હજુ ઘેર નથી આવ્યા બેનો । બાઇ એવા નથી મુજ બાળ, તમે ખોટું ચડાવો છો આળ ॥૪૧॥
એમ કહીને ઉઘાડ્યાં દ્વાર, ત્યાંતો ઘરમાં દેખ્યા કુમાર । દહીનું પાત્ર લીધું છે હાથ, નિરાંતે જમે છે જોગિનાથ ॥૪૨॥
માતા કે સુણો અંતર્યામી, ઠપકો દેવા આવી છે મામી । દધિ ખાધાં પીધાં ઢોળી દીધાં, વળી ગોરસ ભંગાર કીધાં ॥૪૩॥
એવું સુણી બોલ્યા અવિનાશી, માતા સુણો તમે સુખરાશી । મુને ભાભી દધિ નથી દેતાં, કોઇ દિન મુને નથી કેતાં ॥૪૪॥
દધિ વિના અમે શું ખઇયે, બીજે ખાધા વિના કેમ રઇયે । ગાયું ચારવાને જૈયે છૈયે, દુધ તો દોઇને પીયે છૈયે ॥૪૫॥
દધિ વિના ચાલે કેઇ પેર, માટે ખાધું છે એટલે ઘેર । એમ કેતાં છતાં અલબેલ, કરે ૧ખલકપતિ ત્યાં ખેલ ॥૪૬॥
જેષ્ટિકા ને ઉપાન સહિત, થયા અદર્શ માયા રહિત । પછે ધર્મ ભક્તિ ને જોબન, મંછારામ આદિ શુભ મન ॥૪૭॥
પોતાના ઘરની પછવાડે, એક વાંસ કપાવે છે દાડે । કાપનારા મંગલ આહીર, જોડે મોતીત્રવાડી છે ધીર ॥૪૮॥
બે જણને ત્યાં થૈછે લડાઇ, ભક્તિમાતા ગયાં છે ત્યાં ધાઇ । સમાધાન કરી સમજાવ્યા, ત્યાં તો ગાયો ચારી વાલો આવ્યા ॥૪૯॥
સખા સુરભી સાથે સુખકારી, ઘેર આવ્યા છે દેવ મુરારી । ત્યારે સતી સુવાસિનીબાઇ, પુછે છે વેણીને સમજાઇ ॥૫૦॥
તમે સુંણો ભાઇ વેણીરામ, તવ સાથે હતા ઘનશ્યામ । ક્યાંઇ ગયા હતા મહારાજ, સાચી વાત કહો મુને આજ ॥૫૧॥
ત્યારે કે ના નથી ગયા ક્યાંયે, નોખા પડ્યા નથી પળ ત્યાંયે । અમ સાથે સાથે વિચર્યા છે, આખો દિન વનમાં ફર્યા છે ॥૫૨॥
એવું સુણી સુવાસિની સતી, માતા પાસે આવ્યાં ભાગ્યવતી । કહી વિસ્તારી સઘળી વાત, સર્વે મનમાં સમજ્યાં ખ્યાત ॥૫૩॥
પ્રભુપણાનો નિશ્ચય થયો, વળી સર્વે સંશે ટળી ગયો । શ્રદ્ધા સહિત જે સાંભળશે, તેને અક્ષયસુખ મળશે ॥૫૪॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિ સખાઓ સાથે ગૌઘાટ ગાયો ચારવા ગયા ને મામીઓના ઘરમાંથી દહીં ખાધું એ નામે અઠ્યોતેરમો તરંગઃ ॥૭૮॥

પૂર્વછાયો – પ્રગટ લીલા સુધાસિંધુ, પ્રેમે કરે જે પાન । કોટિ જન્મનાં પાપ બળે, મળે ધામમાં માન ॥૧॥
ધર્મધુરંધર પ્રેમથી, બોલે છે અવધપ્રસાદ । હે રામશરણજી સાંભળો, હરિચરિત્ર સંવાદ ॥૨॥
એકસમે સખા સંગાથે, ચાલ્યા શ્રીઘનશ્યામ । રામસાગરે નાવા સારૂં, જ્યાં અસનારા ગામ ॥૩॥
તે સરોવરે સ્નાન કરે, રમે રમત નાના પ્રકાર । રમત રમતાં વ્હાલાને, વીતી ગઇ ઘણી વાર ॥૪॥
એવે સમે ભોઇ ગામના, ચોબા તે રાજમલ નામ । પ્રાગમલ એ બેઉ આવ્યા, અસનારા શુભ ગામ ॥૫॥
ત્યાંના રેનારા ભિક્ષુકજી, શુભ મતિ છે સાર । જમીન માટે સામસામો, થયો બહુ તકરાર ॥૬॥
એક એકને પડે છે, લાકડીયોનો માર । પૂર્વ દેશના પુરબીયા, શરમ ન રાખે લગાર ॥૭॥

ચોપાઇ– તેસમે રામદત્ત તિવારી, ભિક્ષુકનો ભાઇ અવિકારી । એછે રામચંદ્રજીનો ભક્ત, પ્રભુ વિષે ઘણો છે આશક્ત ॥૮॥
નિજ ઇષ્ટની કરે છે સ્તુતિ, હે રઘુવીર સુણો વિનંતિ । પડે છે લાકડીઓના માર, તમો સાય કરો આણીવાર ॥૯॥
રક્ષા ન કરો જો પ્રભુ તમે, બેઉ ભ્રાત મરી જાશું અમે । નમ્ર મધુરી વાણી તે વાર, કર્યો આરતનાદે પોકાર ॥૧૦॥
સરોવરમાં કરે છે સ્નાન, હરિકૃષ્ણે સુણી લીધું કાન । દયા આવી છે પોતાને મન, સાય કરવા ચાલ્યા ભગવન ॥૧૧॥

પોતે થયા છે શ્રી રઘુવીર, શર ચાપ ગ્રહી રણધીર । રામદત્ત તિવારીની પાસે, આવી ઉભા છે અતિ હુલાસે ॥૧૨॥
કર્યો ધનુષતણો ટંકાર, ધરા કંપ થયો તેણીવાર । કર્યો કટાક્ષ ભરણાભરણ, થયો સૂર્ય ત્યાં ધુંધલ વરણ ॥૧૩॥
ડોલ્યા દિગ્ગજ ને દિગપાલ, શેષ ભડકી ઉઠ્યો તતકાળ । એવો વ્હાલે ભય ઉપજાવ્યો, સામાવાળાને ભય જણાવ્યો ॥૧૪॥
તે દેખીને ચોબા પામ્યા ત્રાસ, ભય પામી કરે નાસા નાસ । બચાવા પોતાના પ્રાણ એવ, નાશી ગયા ચોબા તતખેવ ॥૧૫॥
રામદત્તનું રક્ષણ કીધું, પોતામાં રૂપ સમાવી દીધું । રામદત્ત ત્રવાડી તો ત્યાંયે, વિસ્મે પામી ગયો મનમાંયે ॥૧૬॥
ઐશ્વર્ય દેખી પામ્યો આનંદ, આવ્યો જ્યાં ઉભા છે સુખકંદ । મુક્યું ચરણકમળમાં શીષ, મધુર વાણીયે દે આશિષ ॥૧૭॥
હે દયાસિંધુ હે દિનબંધુ, હવે શરણ તમારૂં મેં લીધું । સુખકારી સદા ઘનશ્યામ, ભક્તોની રક્ષા કરો છો આમ ॥૧૮॥
શત્રુના ભય થકી છોડાવ્યા, અમો બેઉ બંધુને બચાવ્યા । રક્ષા કરો રક્ષા કરો આજ, હવે સુખી કરો મહારાજ ॥૧૯॥
ત્યાર પછી સુણો સહુ જન, વ્હાલાનું તે કરૂંછું વર્ણન । છપૈયાપુરથી વશરામ, તેહ રેવા ગયા તરગામ ॥૨૦॥
મંછારામ કનૈયારામ જેહ, પરિવાર સાથે ગયા તેહ । કર્યો મોસાળમાં જઈ વાસ, તરગામ વિષે અવકાશ ॥૨૧॥
થોડાં વર્ષ રહ્યા તરગામે, પછે આવ્યા છુપૈયા મુકામે । ઘનશ્યામ ઇચ્છારામ સારૂં, મામાયે કર્યો પોષાગ વારુ ॥૨૨॥
ડગલી ટોપી ને સુરવાળ, પેરાવ્યા બેઉને તતકાળ । નાનાભાઈને બેસતાં આવ્યાં, મહારાજને તે નવ ફાવ્યાં ॥૨૩॥
નાના મોટાં પડ્યાં છે હરિને, મામા સાથે બોલ્યા તે ફરીને । ઈચ્છારામને બેસતાં થયાં, મારે તો જાણે અળગાં રહ્યાં ॥૨૪॥
ત્રૈણે પટ ન ગમે અમને, ખરી વાત કહું છું તમને । પોતાનો દેહ ફુલાવ્યો આપ, ત્રૈણે પટ ફાટિયાં અમાપ ॥૨૫॥
ત્યારે મામાને આવ્યું છે હાસ, તમે આ શું કર્યું અવિનાશ । થયાં નહિ તે તમારે અંગે, બીજાં સીવડાવીશું એ રંગે ॥૨૬॥
એવું કહી નવાં સીવડાવ્યાં, વશરામે લાલને પેરાવ્યાં । બરાબર થયાં જ્યારે અંગે, રાજી થઈ પેર્યાં તે ઉમંગે ॥૨૭॥
વળી બીજું કહું છું પવિત્ર, ધર્મના પુત્રનું તે ચરિત્ર । એકસમે આવ્યો આસો માસ, સુંદર શરદ ઋતુ પ્રકાશ ॥૨૮॥
માણકઠારી પૂર્ણિમા દિન, નૌતમલીલા કરે નવીન । સખા સહિત સુંદરશ્યામ, આંગણામાં રમે છે તે ઠામ ॥૨૯॥
આંબલીનું તરુ તેને ડાળે, બાંધ્યાં દોરડાં લાવી તે કાળે । મધ્યે ઉભા રહ્યા ઘનશ્યામ, પછે કહે સુણો વેણીરામ ॥૩૦॥
ઘણીવાર હિંચોળ્યા તમને, હવે નાખો હિંચકા અમને । વારાફરતી હિંચકા નાખે, એક એકને નિરખીને હર્ખે ॥૩૧॥
હવે બેઠા ઘનશ્યામભાઈ, હિંડોળામાં ઝુલે સુખદાઈ । એવે આવ્યાં સુવાસિનીબાઈ, અકસ્માત દેખી છે નવાઈ ॥૩૨॥
માતને બોલાવ્યાં તતકાળ, દીદી આંહી આવો તમે હાલ । જુવો ઝુલે છે તમારા લાલ, કેવું ઝળકે છે રુડું ભાલ ॥૩૩॥
એવું સુણી માતા આવ્યાં બાર, નિર્ખિ હરખી જોયા કુમાર । પ્રભુયે ઈચ્છા કરી તેવાર, હિંડોળો થયો છે દિવ્યાકાર ॥૩૪॥
હેમનો હિંડોળો છે જડિત, અતિ રમણીય જાણે તડિત । રાતા પીળા છે કાચસહિત, અલૌકિક શોભે રૂડી રીત ॥૩૫॥
પુષ્પ ગુંથ્યાં છે નાના પ્રકાર, તેમાં ગર્કાવ છે ઠારોઠાર । બહુ શણગાર શોભી રહ્યા, અંગોઅંગે અનુપમ થયા ॥૩૬॥
રુડા પુષ્પનો મુગટ શોભે, ભાળી ભાળી ભવ બ્રહ્મા લોભે । હિંડોળો દીસે દેદીપ્યમાન, નથી ઉપમા એહ સમાન ॥૩૭॥
ચારે તરફ હજારો ગોપી, વીંટાણી થકી રહી છે ઓપી । રાધિકા ઇન્દિરા બેઉ આવ્યાં, નિજસખિઓ સંગાથે લાવ્યાં ॥૩૮॥
બે બાજુમાં ઉભી રહી છે, હિંડોળાની સાંકળો ગ્રહી છે । નાખે હિંચકા પંખા કરે છે, નેત્રે ઉત્તમ નેહ ધરે છે ॥૩૯॥
પોતાની પાસે રહ્યા જે સખા, ચતુર્ભુજરૂપે થયા સરખા । ભક્તિ સુવાસિની બન્ને દેખે, જોઈ જોઈને તે બહુ હરખે ॥૪૦॥
વિસ્મે પામીને વારમવાર, કર જોડીને કરે નમસ્કાર । રંગ જામ્યો હિંડોળાનો કેવો, મોહ પામે મુનિવર એવો ॥૪૧॥
એવામાં આવ્યા શેષ ને ધરમ, લોહગંજરી ગયાતા પરમ । બન્ને જોવા ગયા તેણીવાર, ઐશ્વર્ય ગુપ્ત કર્યું તે ઠાર ॥૪૨॥
માયાભાવે દેખાણા દયાળુ, પ્રથમ હતા તેવા કૃપાળુ । દોરડાંનો છે હિંચકો જેહ, તેમાં બેસીને ઝુલે છે એહ ॥૪૩॥
વેણીરામ આદિ સખા સહુ, પાસે ઉભા રહ્યા છે તે બહુ । એવા દીઠા છે ધર્મકુમાર, સર્વે મન કરે છે વિચાર ॥૪૪॥
ધર્મ જોખનને કરી વાત, સુણી મન થયા રળિયાત । વળી એક સમે ઘનશ્યામ, ગૌઘાટે ગયા અભિરામ ॥૪૫॥
સખા સર્વે લીધા છે સંગાથે, નાવા સારુ વિચાર્યું છે નાથે । વાટે જાતાં આવ્યું ભોઈગામ, ત્યાંછે વોકળો ભેખડ ઠામ ॥૪૬॥
તે ઉપર ચડ્યા ભગવન, વેણીરામને કહે છે વચન । મારા મિત્ર તમે આંહિ આવો, ભેખડપર સર્વેને લાવો ॥૪૭॥
આ નદી તણી રેતી છે ભારે, તેમાં ધુબકા મારો અત્યારે । એમ કહી સખાને બતાવી, રેતીની ઢગલીઓ કરાવી ॥૪૮॥
કછોટો ભીડ્યો પ્રથમ પોતે, કુદ્યા પચાસ કદમ જોતે । દશ કદમ ત્યાં વેણીરામ, રઘુનંદન પાંચ તે ઠામ ॥૪૯॥
એવી રીતે રમ્યા ઘણીવાર, ત્યાંથી ચાલ્યા છે પ્રાણઆધાર । વિશ્વામિત્રી નદીયે સિધાવ્યા, સ્નાન કરવા સારું ત્યાં આવ્યા ॥૫૦॥
નાયા ગંગામાં નિર્મલ નીર, ઘણી ક્રીડા કરી છે ત્યાં ધીર । ત્યાંથી ગયા અસનારે ગામ, રામસરોવર અભિરામ ॥૫૧॥
વડ હેઠે કર્યો છે વિશ્રામ, વળી ત્યાંથી ચાલ્યા ઘનશ્યામ । નરેચા ગામનું જે તડાગ, કલ્યાણ સાગર મહાભાગ ॥૫૨॥
તેમના ઓગાન મધ્યે છે રેત, ઉભા રહ્યા ત્યાં પ્રેમસમેત । વિચારીને વદે છે વચન, હે સખા સુણો સુખનંદન ॥૫૩॥
મુને ઉપાડીને ચાલો તમે, તમારા સ્કંધે બેસીએ અમે । તેડી ચાલો કદમ પચાસ, ત્યારે તમને કેયે શાબાસ ॥૫૪॥

પછે બેસો તમે સ્કંધે મારે, પચાસ કદમ ચાલું આવારે । એવું કહીને બેઠા તેના સ્કંધે, જુવો ચરિત્ર કર્યું સંબંધે ॥૫૫॥
પોતાના દેહમાં તેણીવાર, વ્હાલે વધારી દીધો ભાર । સુખનંદન શ્વાસે ભરાયો, ઉપાડી ન શક્યો ગભરાયો ॥૫૬॥
હેઠે બેસી ગયો એજ ઠાર, ઉતરી પડ્યા જગદાધાર । પછે ઉભા રહ્યા જાઈ દૂર, મંદ મંદ હસેછે જરૂર ॥૫૭॥
સુખનંદન તે ઉભો થૈને, બોલ્યો પ્રભુ પ્રત્યે ધીરો રૈને । તમારામાં હતો થોડો ભાર, આજ ક્યાંથી વધ્યો આણીવાર ॥૫૮॥
ત્યારે બીજો બોલી ઉઠ્યો મિત્ર, માધવચરણ નામે પવિત્ર । ભાઈ બેસો મારે ખભે તમે, તમને લેઈ ચાલિયે અમે ॥૫૯॥
સો કદમ સુધી જાઉં આજ, સાચી વાત કહું મહારાજ । સુખનંદન તો હારી ગયો, તમારા બોજથી ઢીલો થયો ॥૬૦॥
પછે બેસાર્યા છે સ્કંધે પ્રીતે, માધવચરણ ચાલ્યો એ રીતે । કરેછે ચરિત્ર નિત્ય એમ, પ્રાકૃત બાળક હોય જેમ ॥૬૧॥
એમ રમતાં શ્રીઅલબેલો, ઘેર આવ્યા કરી રંગરેલો । એવાં આપે છે સુખ અનંત, નિજ ભક્તને તે બલવંત ॥૬૨॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિએ ભિક્ષુક ત્રવાડીની રક્ષા કરી ને હિંડોળામાં ભક્તિમાતા તથા ભાભીએ બન્નેને દિવ્યરૂપે દર્શન દીધાં એ નામે અગણ્યાશીમો તરંગઃ ॥૭૯॥

પૂર્વછાયો – રામશરણજી બોલિયા, સુણો ધર્મના ધીર । ત્યારપછી છુપૈયા વિષે, શું કરે છે નરવીર ॥૧॥
અમૃતરૂપી આ કથા છે, સ્વાદતણો નહિ પાર । સ્નેહે સંભળાવો મુજને, બાલચરિત્ર વિસ્તાર ॥૨॥
રાત દિન લાગી રટના, હરિચરિત્રમાં સાર । આ લીલા સાંભળતાં હૃદે, વાધે છે હર્ષ અપાર ॥૩॥
અમૃતવત છે આ કથા, સાંભળતાં સુખ થાય । અહો નિરંતર પ્રેમથી, શ્રવણ કરૂં એ સદાય ॥૪॥
એવું સુણી પછે ઉચર્યા, પોતે તે અવધપ્રસાદ । બહુ સારૂં તમે પ્રશ્ન પુછ્યું, સુણો તમે તજીને પ્રમાદ ॥૫॥

ચોપાઈ– બોલ્યા મહારાજધારી ધીર, સુણો રામશરણ મતિ સ્થિર । ધર્મદાદાને ઘેર જે ગાય, ગોમતી તેનું નામ કેવાય ॥૬॥
તેને વાછડીઓ થઈ બન્ને, નામ ગોરી કપીલા છે તને । મંગલ આહિરની ગાયો જ્યાંય, ધર્મદેવ મુકે નિત્ય ત્યાંય ॥૭॥
ચરવા જાય છે ગાયો હમેશ, તેની ચિંતા નથી લવલેશ । એક દિવસ શું બની પેર, ગોરી ગાય આવી નહિ ઘેર ॥૮॥
ધર્મભક્તિ વિચારે છે કાજ, કપિલા એકલી આવી આજ । ગોરી આવી નહિ તે ક્યાં ગઈ, ધર્મમૂર્તિને ચિંતા તે થઈ ॥૯॥
મોટા પુત્રને બોલાવ્યા પાસ, પ્રેમવતી કહે છે હુલાસ । તમે ભાઈ જુવો ગોરી ગાય, ઘેર આવી નથી તે શું થાય ॥૧૦॥
વળતાં ચડી ગઈ હોય વન, તેની ચિંતા થઈ મારા તન । માટે જાઓ તમે શોધી લાવો, ગાય લેઈ વેલા ઘેર આવો ॥૧૧॥
એવું સુણીને ચાલ્યા સુધીર, ગયા નારાયણસર તીર । તેની આજુબાજુમાં સઘળે, જોયું તો ગોરી ગાય ન મળે ॥૧૨॥
ભાઈ થયા મનમાં નિરાશ, પાછા આવ્યા છે નિજ ૧આવાસ । એવું જાણીને શ્રીઘનશ્યામ, બોલ્યા ધર્મ પ્રત્યે પૂર્ણકામ ॥૧૩॥
મોટાભાઈ જુવો પાછા આવ્યા, ગોરી ગાયનો પત્તો ન લાવ્યા । એવું સુણીને શ્રી ધર્મદેવ, ચાલ્યા શોધવા અવશ્યમેવ ॥૧૪॥
ઘનશ્યામને ભાઈ જોખન, સાથે લીધા છે નિર્મલ મન । લીધી લાકડી દોરડું સાથે, એક છડી લીધી દીનાનાથે ॥૧૫॥
પિતા બંધુ સંગે સુખકારી, ગયા બહિરી કુવે વિહારી । મંગલ આહિરને બોલાવ્યો, સર્વે વાતે તેને સમજાવ્યો ॥૧૬॥
ઘેર આવી નથી ગોરી ગાય, શોધી લાવો ત્યારે શાંતિ થાય । એવું સુણી મંગલ આહિર, ચારે તરફ જુવે ધરી ધીર ॥૧૭॥
છુપૈયા ફરતાં તેણીવારે, શોધી વળ્યો કિલ્લાને આકારે । હતી વાંસની કોઠીઓ ત્યાંયે, ખંત રાખીને ખોળી તે માંયે ॥૧૮॥
ગોરી ગાય મળી નહિ ક્યાંઈ, પાછો આવ્યો શ્રીહરિ છે ત્યાંઈ । ભાઈને મળ્યા તે કહ્યું નથી, ગાય ખોવાણી તે આવે ક્યાંથી ॥૧૯॥
પછે ધર્મે કર્યો છે વિચાર, સાથે લેઈને બેઉ કુમાર । પીરોજપુર નરેચા ગામ, જોયું સર્વે ગામે ઠામોઠામ ॥૨૦॥
સુરભી ન મળી થયા ઉદાસી, ત્યાંથી પાછા વળ્યા અવિનાશી । અસનાગરે ગયા સોહાગ, ત્યાં છે સુંદર એક તડાગ ॥૨૧॥
પશ્ચિમ તીરે ઉભા તીવારી, ભીક્ષુકરામ છે હિતકારી । તેને પુછીને નિરાશ થયા, ગામ લોહગંજરીએ ગયા ॥૨૨॥
સંધ્યાગિરજીને પુછી ભાળ, નેહડામાં જોયું તતકાળ । ત્યાંથી ચાલવા તૈયાર થયા, બખરોલી બગીચામાં ગયા ॥૨૩॥
ત્યાંતો દેખી નહિ ગોરી ગાય, ખુરધા ભણી તે ચાલ્યા જાય । બાબુરામની હવેલી પાસ, રાજની ગાયોમાં જોયું ખાસ ॥૨૪॥
ત્રણે જણા તો ત્યાંથી સધાવ્યા, વિશ્વામિત્રીના ગૌઘાટે આવ્યા । ઘાટ જોયો તે બધો ગંભીર, ચારે તરફે તપાસ્યું છે ધીર ॥૨૫॥
ગોરીનો પત્તો લાગ્યો નથી, પાછા વળવા ધારે છે ત્યાંથી । એટલામાં આવ્યા બે આહિર, તેને પુછી જોયું મન ધીર ॥૨૬॥
બોલ્યા આહિર બે તેણીવાર, બેઠી છે ખરી આ સામી પાર । થયો છે જન્મ વત્સનો ત્યાંયે, ગૌવા બેઠી છે મારગમાંયે ॥૨૭॥
એવું સુણીને હરખ્યા ધર્મ, નદી પાર ગયા અનુક્રર્મ । ભાઈને ઈચ્છા મનમાં આવી, ઉંચે સ્વરે ગૌવાને બોલાવી ॥૨૮॥
સુણ્યો મોટાભાઈનો જ્યાં સોર, ઉઠી હિંસોરા કરતી જોર । સાદ ઓળખ્યો સંશે રહિત, સામી આવે છે પ્રેમ સહિત ॥૨૯॥
ધર્મ કહે હવે શું થાશે, કેવી રીતે માર્ગમાં ચલાશે । ઝીણો ઝીણો આવે ઘનઘોર, નદી ઉતરવી છે કઠોર ॥૩૦॥
ત્યારે બોલ્યા વળી ઘનશ્યામ, હે દાદા રાખો હૃદે હામ । મારે વાંસે આવો ધરી ધીર, દીલમાં ન ડરશો લગીર ॥૩૧॥
વાલીડો એમ કરે છે વાત, ત્યાં તો દેખ્યો મોટો ઉતપાત । વડના વૃક્ષ નીચે વિશેક, ઉંઘેલો કેસરી સિંહ એક ॥૩૨॥

નાસિકાનો ચાલે છે પવન, જાણે ગંભીર ગાજે છે ઘન । એનો શબ્દ સુણ્યો ધર્મદેવે, તન ત્રાસ પામી ગયા તેવે ॥૩૩॥
હવે ક્યાં જૈશું કેમ કરીશું, સિંહ આગે કેમ ઉગરીશું । આપણ ત્રણને ગોરી ગાય, મારી નાખશે નિશ્ચે તે આંય ॥૩૪॥
ત્રાસ પામીને બોલ્યા ધરમ, અતિ ઉંચે સ્વરેથી પરમ । ત્યારે વાઘ ઉઠ્યો તન ત્રોડી, ઉભો થયો આળસ મોડી ॥૩૫॥
દીઠો મૃગેન્દ્ર કેરો જ મર્મ, સુણી ભયભીત થયા છે ધર્મ । અરર આતો મારી નાખશે, હે વ્હાલા હવે શી વલે થશે ॥૩૬॥
તેવો દેખી પિતાજીનો ત્રાસ, થયા સત્વર શ્રી અવિનાશ । વાઘ પાસે ગયા ઘનશ્યામ, તેના સામું જોયું અભિરામ ॥૩૭॥
પછી વાઘને થયું છે જ્ઞાન, જાણ્યા અંતરમાં ભગવાન । પગે લાગીને તે સુઇ ગયો, પાછો હતો તેમ પડી રહ્યો ॥૩૮॥
વળી બોલ્યા વ્હાલો તે વચન, હે દાદા તમે બીશો ન મન । ધીરજ આપે છે પુણ્યશ્લોક, હવે ન કરશો કાંઇ શોક ॥૩૯॥
સાવજ કદીયે નહિ મારે, તેનું જોખમ શિર અમારે । એમ કહીને આગળ ચાલ્યા, પછી પિતા બંધુ કેડે હાલ્યા ॥૪૦॥
પછે આવ્યા છે ગૌઘાટ ગામે, ઉગારી લીધા સુંદરશ્યામે । નિશા વીતી ગઇ ઘણી ત્યાંયે, રજની રહ્યા ગૌઘાટમાંયે ॥૪૧॥
માન ઓઝાને ઘેર રહ્યા છે, ગાય સહિત સુખી થયા છે । બીજે દિવસે પ્રાતઃકાળ, છુપૈયા આવ્યા છે તતકાળ ॥૪૨॥
ભક્તિમાતા સુવાસિની સતી, દેખીને સુખ પામ્યાં છે અતિ । પામ્યાં આનંદ મન અપાર, જોયા ગાય સહિત જે વાર ॥૪૩॥
કરી ગાયતણી આસવાસ, દયાળુ માતાજી સુખરાશ । ધર્મદેવ ને બન્ને કુમાર, પામ્યા છે પરિશ્રમ અપાર ॥૪૪॥
સ્નાન કરાવ્યાં શુભ શરીર, આપીને ઉનાં નિર્મલ નીર । કરી રસોઇ દીધાં છે માન, પ્રીતે કરાવ્યાં ભોજન પાન ॥૪૫॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિ ગાયને શોધવા ગયા ને ત્યાં વાઘ થકી રક્ષા કીધી એ નામે એંશીમો તરંગઃ ॥૮૦॥

**પૂર્વછાયો –** રામશરણ શ્રવણે ધરો, પ્રગટ લીલા સાર । સાંભળતાં સુખ ઉપજે, દુઃખ ટળે નિરધાર ॥૧॥
એકસમે આષાઢ આવ્યો, વર્ષે અતિ વરસાદ, મિત્રો બોલાવી પ્રભુજીયે । ઉર ધર્યો આહલાદ ॥૨॥
વેણી માધવ ને પ્રયાગ, અનુજ ઇચ્છારામ । સર્વેને સાથે લેઇ ચાલ્યા, બહિર્ભૂમિએ શ્યામ ॥૩॥
ચાખડીઓ સઘળે પેરી, લોટા ગ્રહ્યા છે હાથ । ઘર થકી બાર ચાલિયા, નારાયણની સાથ ॥૪॥
પીરોજપુર બગીચે થૈને, ગયા તીનવેગામ । રમત રમતા શ્રીહરિ, છેટે ગયા છે શ્યામ ॥૫॥

**ચોપાઇ–** સખા સાથે શૌચે જઇ આવ્યા, ભેગા થયા છે ત્યાં મન ભાવ્યા । ત્યાંથી પાછા વળ્યા છે તમામ, ધારીને આવે છે નિજધામ ।૬।
આવ્યો વારિદ તે બહુ વારે, સખા સર્વે મળીને વિચારે । એક આવ્યું છે આંબાનું વૃક્ષ, તેને હેઠે ગયા છે પ્રત્યક્ષ ॥૭॥
ત્યાં ઉભા રહ્યા સૌ થોડીવાર, પડ્યો વરસાદ ત્યાં તો અપાર । મારગમાં તે પાણી ભરાણાં, સખા કેરાં મન ગભરાણાં ॥૮॥
નાના નાના હતા જેહ સખા, ઇચ્છારામ આદિના સરખા । તેતો કરવા લાગ્યા રૂદન, ત્રાસ પામી ગયા ઘણું તન ॥૯॥
વેણીરામ કહે ઘનશ્યામ, હવે શું કરીશું આણે ઠામ । ઘન વરસે ઉતરી નીચો, અંધારીને રહ્યો વળી ઉંચો ॥૧૦॥
જણાતી નથી પૃથ્વી જળમાં, પાણી પાણી થયું છે પળમાં । હવે કેમ કરી ઘેર જૈશું, વસ્ત્ર ભીંજાશે કોરા શું રૈશું ॥૧૧॥
સખા સર્વે થયા છે ઉદાસ, એમ જાણી ગયા અવિનાશ । પછી બોલ્યા છે પ્રાણઆધાર, વેણીરામ સુણો નિરધાર ॥૧૨॥
તમે કરો નહિ કોઇ ઉચાટ, હું કરૂં છું તેનો જુવો ઘાટ । ચાખડીયો પેરી ચાલો સાજ, પાણીમાં પલળીશું ન આજ ॥૧૩॥ ત્યારે કેવા લાગ્યા ઇચ્છારામ, તમે ભાઇ સુણો ઘનશ્યામ । આટલા પાણીમાં તે ક્યાં જૈશું, પલળ્યા વિના તો કેમ રૈશું ॥૧૪॥
ચાખડીયેથી કેમ ચલાશે, જળમાં શરીર ડુબી જાશે । ત્યારે શ્રીહરિ આપે છે ધીર, મારી કેડે ચાલ્યા આવો વીર ॥૧૫॥
શા માટે ચિંતા રાખો છો તમે, ખરી વાત કૈયે છૈયે અમે । એવું કહી ચાખડીયે ચઢાવ્યા, પોતાની કેડે કેડે ચલાવ્યા ॥૧૬॥
પોતે ચાલ્યા ચાખડીયો પેરી, જળથી ગજ ઉંચા છે લેરી । સખા સર્વેએ કર્યો તપાસ, તે દેખીને આવ્યો વિશ્વાસ ॥૧૭॥
પ્રભુજીની કેડે ચાલ્યા મિત્ર, ચાખડીયે ચડ્યા તે પવિત્ર । તે જળથી ઉંચા ગજ એક, પ્રભુની કેડે ચાલે વિશેક ॥૧૮॥
આતે અવની પર છે પાય, કે આ અંબુ ઉપર ચલાય । તેની ખબર નથી પડતી, કળા અકળ દીશે ચડતી ॥૧૯॥
નથી મેઘનું પાણી અડતું, કોઇને બિંદુ નથી પડતું । એમ આનંદથી ચાલ્યા જાય, હરિ કેડે મન હરખાય ॥૨૦॥
હવે ઘેર બન્યો છે શું ઘાટ, ધર્મ ભક્તિ કરે છે ઉચાટ । મોટા ભાઇને કહે છે માતા, જુઓને ક્યાં ગયા સુખદાતા ॥૨૧॥
ઇચ્છારામજી જોડે ગયા છે, બીજા બાળક ભેગાં થયાં છે । જે જગ્યાએ ગયા હશે દશે, ત્યાંથી તે પાછા આવતા હશે ॥૨૨॥
વરસે છે બહુજ વારિદ, મારા મનમાં થયું તે યાદ । ઘણી આંધી હતી ઘનઘોર, શું થયું જુવો મારા કિશોર ॥૨૩॥
તે ખબર કરી જોયે આજ, ત્યારે સુફળ થશે તે કાજ । વેણીમાધવનાં જે મા બાપ, તે પણ ગોતતાં હશે આપ ॥૨૪॥
એવો કરીને સર્વે વિચાર, પશ્ચિમમાં ગયા તેણીવાર । ત્યાં તો ચાલ્યા આવે છે શ્રીશ્યામ, સખા સહિત પૂરણકામ ॥૨૫॥
ભાળીને ઉભા રહ્યા છે એહ, પીપળાના તરુતળે તેહ । ગજ ઉંચા ચાલે છે જળથી, દેખ્યા સર્વે આવતા બળથી ॥૨૬॥
વસ્ત્ર કોઇનું નથી ભીંજાયું, આતો અદ્ભુત કામ દેખાયું । એટલામાં અલબેલો આવ્યા, નિજસખાને સંગાથે લાવ્યા ॥૨૭॥
સર્વે પામ્યા છે આનંદ મન, દેખી થયા પૂરણ પ્રસન્ન । ત્યારે બોલ્યાં સુવાસિની સતી, તમે જુઓ માતા પ્રેમવતી ॥૨૮॥

એમને અડતું નથી જળ, આતો કામ ઘણું છે અકળ । પામ્યાં આનંદ ૧સદને આવ્યાં, બેઉ બાંધવને તેડી લાવ્યાં ॥૨૯॥
શ્રીહરિયે પછે ત્યાં શું કર્યું, સ્નાન કરવાનું તે મન ધર્યું । પોતાની ચરણ પાદુકા જેહ, ઓશરીમાં મુકી દીધી તેહ ॥૩૦॥
ગયા રામસાગરના તીરે, કર ચરણ ધોયા બલવીરે । પછે પ્રેમેથી આચર્યું સ્નાન, જલક્રીડા કરે ભગવાન ॥૩૧॥
ઘણીવાર સુધી ક્રીડા કરી, બારે નિકળવા ઇચ્છા ધરી । તે સમે પોતાના સખાજન, તેને દીધાં અદ્ભુત દર્શન ॥૩૨॥
અક્ષરવિષે સુંદરરૂપે, તેજોમય દેખ્યા છે અનૂપે । સુખનંદન બોલ્યો તે ઠામ, તમે સુણો ભાઇ વેણીરામ ॥૩૩॥
પરમ સ્નેહી સખા ઘનશ્યામ, અદ્ભુત દિશે એમનું કામ । અક્ષરધામે ગયો તો આજ, મેં નજરે જોયા મહારાજ ॥૩૪॥
તેજોમય દિવ્ય સિંહાસન, દેખ્યા તે ઉપર ભગવન । તે સુણીને બોલ્યા વેણીરામ, અમોએ તેવા દીઠા એઠામ ॥૩૫॥
એમ કેછે પરસ્પર વાત, નિકળ્યા જળથી જગતાત । સખા સર્વેને બોલાવ્યા પાસ, રૂડું વચન કહે અવિનાશ ॥૩૬॥
તમને વાત કહું છું જુજ, આવો કરીયે કાંઇ રમુજ । મમ પંજો છોડાવો જો તમે, કે છોડાવીએ અમે ॥૩૭॥
એમ કહી પકડે છે હાથ, અન્યો અન્ય છોડાવે છે સાથ । એમ રમત કરી ઘણીવાર, પછે ગયા નિજ નિજ દ્વાર ॥૩૮॥
વળી એક સમે કોય દિન, નાથે કર્યું ચરિત્ર નવિન । પોતાનું ઘર આંગણું જ્યાંયે, ચીભડીના છોડ વાવ્યા ત્યાંયે ॥૩૯॥
ફળ નાનાં બેઠાં હતાં જેહ, પોતે તોડવા ગયા છે તેહ । તે સમે સુંદરીબાને સાર, પરવળ વીણતાં તેઠાર ॥૪૦॥
તેહ બોલ્યાં છે શ્રીઘનશ્યામ, તમે અવળું કરો છો કામ । નાનાં ફળ શું તોડી નાખો છો, કડવાં હશે એ શું ચાખો છો ॥૪૧॥
ત્યારે બોલ્યા અશરણશરણ, સુણો સુંદરી શું આચરણ । જેમ પરવળ તોડો છો તમે, એમ ફળ તોડીએ છૈયે અમે ॥૪૨॥
રસિયો ભરાણા પછે રીસે, ચીભડાં નાખી દીધાં તેદિશે । સુંદરીબાઇએ ભેગાં કીધાં, પોતાના હાથમાં વેણી લીધાં ॥૪૩॥
તોડી નાખીને કર્યાં ખરાબ, ત્યારે જીવન દે છે જવાબ । એમાં શું અમે ખરાબ કીધાં, નથી ખાધાં નથી લેઇ લીધાં ॥૪૪॥
તમારો જીવ બળતો હોય, લાવો પાછાં ચોડી દૈયે જોય । એવું કહી પાછાં લેઇ લીધાં, હતાં તેમજ ચોટાડી દીધાં ॥૪૫॥
તે દેખી કહે સુંદરીબાઇ, તમે સુણો વીરા મારા ભાઇ । સુખસિંધુ છો શ્રીઘનશ્યામ, મુજ વિનતિ સુણો આ ઠામ ॥૪૬॥
તમે સમર્થ છો અવિનાશી, તવ ચરણતણી હું છું દાસી । ભકિતને કરે વાત વિસ્તારી, નિજ ઘેર ગયાં છે તે નારી ॥૪૭॥
આવા પ્રગટ પ્રભુ ખચીત, તેનું ભજન કરવું નિત । નથી ભજતા તેને ધિક્કાર, તેનો એળે ગયો અવતાર ॥૪૮॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે સખા સહિત શ્રીહરિ પાણી ઉપર ચાખડીઓ પેરી ચાલ્યા ને ચીભડાં પાછાં ચોટાડવારૂપ સુંદરીબાઇને ઐશ્વર્ય બતાવ્યું એ નામે એકાશીમો તરંગ ॥૮૧॥

રાગ સામેરી – વિસ્તારીને વર્ણવું છું, વાલમજીનાં ચરિત્ર । રામશરણજી સાંભળો, પાવન અતિ પવિત્ર ॥૧॥
એક સમે એકાદશીએ, ઉત્તમ વ્રત કેવાય । વાલાએ તે વિચાર કર્યો, નાવા જવા સમુદાય ॥૨॥
સ્નાન કરવા ચાલ્યા સર્વે, સખા સંગે ઘનશ્યામ । વિશ્વામિત્રીને ગૌઘાટે, ગયા તે પૂરણકામ ॥૩॥
ધરો છે એક ઉંડો મોટો, જેમાં જળ છે અપાર । સ્નેહે તેમાં સ્નાન કરે છે, નારાયણ નિરધાર ॥૪॥
નાતા થકા પછે બોલિયા, બહુનામી ભગવાન । ડુબકી મારો જળ વિષે, એક સાથે ગુણવાન ॥૫॥
તાળી પાડી કરૂં ગણના, જોવું પરીક્ષા આજ । કયાં સુધી જળમાં ટકો છો, નક્કી કરૂં એહ કાજ ॥૬॥
એવું સુણીને સખા સર્વે, ડુબકી મારી સંગાથ । તાળી પાડી લીધી પરીક્ષા, તીરે ઉભા રહી નાથ ॥૭॥
બસે તાળી પાડી પ્રભુએ, બારે આવ્યા વેણીરામ । ચારસે તાળી પ્રાગ આવ્યા, અંબુ થકી અભિરામ ॥૮॥
છસે તાળી પાડી ત્યારે તો, સુખનંદનજી સાર । રઘુનંદન આઠસોએ, જળથી આવ્યા બહાર ॥૯॥
પ્રભુએ વળી તાળી પાડી, હરખે એકહજાર । પાણીમાંથી તે નીકળ્યા, ભવાનીદીન તે વાર ॥૧૦॥
બારસો તાળી પાડી પ્રભુએ, ગવરીદત્તને કાજ । ચૌદસોએ માધવચરણ, આવીને ઉભા આજ ॥૧૧॥
સોળસેં તાળી પાડી ત્યાં તો, બંસીધર તે વાર । વારાફરતી વારિમાંથી, સર્વ આવ્યા તે બહાર ॥૧૨॥
પ્રેમ વડે પુછવા લાગ્યા,હરિકૃષ્ણ ઘનશ્યામ । આ ધરામાં શું દેખ્યું, તે કહો અભિરામ ॥૧૩॥
ત્યારે સખા સહુ બોલિયા, સુણો સુંદરશ્યામ । અલૌકિક દેખ્યું અમે તો, અદ્ભુત અક્ષરધામ ॥૧૪॥
તે ધામમાં મુક્ત સર્વે, માયા ષડુર્મિ રહિત । અનંત મુક્ત સિંહાસને, પૂજે છે પ્રેમ સહિત ॥૧૫॥
એવા તમોને દીઠા અમે, અક્ષરધામની માંય । એ ધામમાં અમો રહ્યા, ચિદ્‌ઘન વરસે જ્યાંય ॥૧૬॥
સુખ અલૌકિક દેખીને, લોભાણા ઘણીવાર । સ્થિર થયું મન અમારું, તવ વિષે તદાકાર ॥૧૭॥
અન્ય સ્થળમાં કોઈ ઠામે, એવું મળે નહિ સુખ । અલૌકિક અક્ષરધામનું, એમ સખા કહે સનમુખ ॥૧૮॥
બહુનામી ત્યારે બોલિયા, તમે સુણો સહુ અભિરામ । એવું નૌતમ સુખવાળું, અમારું અક્ષરધામ ॥૧૯॥
એવું કહીને ત્યાં થકી, ચાલિયા સુખસમાજ । મારગમાં જાતાં વેણીને, થયો સંકલ્પ જમવા કાજ ॥૨૦॥

હવે તો વેલા ઘરે જૈયે, થાય સર્વે શુભકામ । ક્ષુધા અતિશે મને લાગી, મન ઠરે નહિ ઠામ ॥૨૧॥
અંતર્યામીએ જાણી લીધું, વેણીને લાગી ભુખ । માટે વિચારે મોહનજી, દૂર કરુ એહ દુઃખ ॥૨૨॥
ભોઇ ગામના પ્રાગમલ, તેનું છે ખેતર જ્યાંય । જાંબુનો તેમાં તરુ છે મોટો, પાકી રહ્યાં ફળ ત્યાંય ॥૨૩॥
તે જાંબુએ ગયા જીવન, ચડ્યા ઉપર ચતુર । સખા સાથે ઘનશ્યામજી, એ જાંબુ જમ્યા ભરપુર ॥૨૪॥
જમીને જ્યારે તૃપ્ત થયા, હેઠે ઉતરવા જાય । સુખનંદન પડ્યો ત્યાંયથી, પ્રગટી પૂર્ણ પીડાય ॥૨૫॥
તે દેખીને દયા ઉપજી, પરમ દયાળુને દિલ । પ્રભુજીએ સંકલ્પ કર્યો, ધીર ધરી નહિં ઢીલ ॥૨૬॥
ઘનશ્યામજીના સંકલ્પથી, ઈન્દ્ર આવ્યો તેણીવાર । ઐરાવતે બેસીને સંગે, વૈદ્ય લાવ્યો પોતાનો સાર ॥૨૭॥
જાંબુના તરુ હેઠ આવ્યા, જ્યાં બિરાજ્યા ઘનશ્યામ । અશ્વની મેઘપતિએ, પ્રેમે કર્યા છે પ્રણામ ॥૨૮॥
શ્રીહરિની આજ્ઞા પ્રમાણે, કર્યું છે વૈદ્યે કાજ । સુખનંદનને આ દવાથી, મટી જાશે મહારાજ ॥૨૯॥
એમ કહિ વૈદ્ય વાસવ, શ્રી હરિવર છે સંગ । ઐરાવત પરબેઠા સર્વે, ઉરમાં કરી ઉમંગ ॥૩૦॥
વૈદ્ય વાસવ વાલમજી, સુખનંદન એ ચાર । હોદા સાથે અંબાડીમાં, શોભિત બેઠા સાર ॥૩૧॥
આજુબાજુમાં છે પાટીયાં, સુંદર પરમ પવિત્ર । વેણીરામને બીજા સરવે, તેના પર બેઠા તેહ મિત્ર ॥૩૨॥
વાયુવેગે ચલાવ્યો ત્યાંથી, ઐરાવત ગજરાજ । નિમેષ માત્રે છુપૈયાપુર, આવી પોક્યા મહારાજ ॥૩૩॥
ધર્મદેવના આંગણામાં, ઉતાર્યા તતખેવ । પ્રણામ કરી ગજે બેસી, થયા અદશ્ય દેવ ॥૩૪॥
ધર્મભક્તિ આદિકને, કહ્યું તે સર્વે વૃતાંત । વિસ્મે પામી વખાણ કરતા, સર્વ થયા મન શાંત ॥૩૫॥

ચોપાઈ– વળી એક સમે ઘનશ્યામ, છુપૈયાપુરમાં સુખધામ । ફુલડોલનો ઉત્સવ કરી, હિંડોળે ઝુલતા થકા હરિ ॥૩૬॥
સખા સિખે છુપૈયાના જન, દેખી ધામને થયા મગન । ચતુર્ભુજરૂપે ભગવન, દીધું અદ્ભુત જે દરશન ॥૩૭॥
પછે રંગ ભરેલા સલુણો, ધર્મ તળાવે ગયા તે સુણો । જલક્રીડા કરી રુડી પેર, સ્નાન કરી પધાર્યા ઘેર ॥૩૮॥
પછે ભક્તિમાતાએ તે વાર, રુડી રસોઇ કરી તૈયાર । પુરી કચોરીને દહિંવડાં, સેવો શાક પાક જે મીઠડાં ॥૩૯॥
ધર્મદેવને ત્રૈણે કુમાર, જમાડ્યા તેમને કરી પ્યાર । તે પછે થોડા દિવસે કરી, સખા સાથે પધાર્યા શ્રીહરિ ॥૪૦॥
ચાલ્યા ઉમંગે થઇ સધીર, ગયા નારાયણસર તીર । ત્યાંથી નિવાદા ગામ નજીક, ગયા તેના બગીચામાં ઠીક ॥૪૧॥
તેમાં શોભી રહ્યા સહકાર, કેરીઓ આવી છે તેને અપાર । સખા સહિત સાંખો જમે છે, બાલચેષ્ટા કરતા રમે છે ॥૪૨॥
તે સમે નિવાદાના જે જન, કુવો ખોદાવે છે ધારી મન । બમનીપુરનો જે મહિપ, તેનો દિવાન છે ત્યાં સમીપ ॥૪૩॥
બીજા ઘણાક પુરુષ પાસે, કુવો ખોદાવે કરી હુલાસે । ત્યાંતો ઈશ્વર ઈચ્છાનુ સાર, કુવો પડી ગયો તેહ વાર ॥૪૪॥
તેમાં પંદર જણ દબાણા, વણમોતે કુવામાં મરાણા । એવું જાણીને ધર્મના બાળ, દોડીને આવ્યા છે ત્યાં દયાળ ॥૪૫॥
પંદર મનુષ્ય થયાં નાશ, દેખી લોક પામી ગયા ત્રાસ । પોતાના ઈષ્ટદેવ છે જેહ, તેનાં નામને સંભારે એહ ॥૪૬॥
કુવામાં પડી છે મૃતિકાય, કાઢેછે તે જન સમુદાય । દયા આવી પ્રભુને તે ભાળી, બોલ્યા વિવેકથી વનમાળી ॥૪૭॥
ભાઈ તમે સુણો વાત એક, મૃતિકાતો કાઢોછો વિશેક । પણ એ છે લાખો મણ ભાર, કેવી રીતે કાઢશો બહાર ॥૪૮॥
એમાં વખત લાગશે ઘણો, માટે વિચાર કરો તે તણો । જીવતા તો નહિ હોય જન, અમે કહિએ તે ધરો મન ॥૪૯॥
ઘનશ્યામ હરિકૃષ્ણ એવું, પ્રત્યક્ષ નામ તે મુખે લેવું । કર તાળી પાડોકરી જોર, ધૂન્ય કરો આંહી બેઉ પોર ॥૫૦॥
મહાપ્રભુની ઈચ્છા જો હશે, મરેલા જન જીવતા થાશે । નક્કી તે બહાર નિકળશે, નિજ સંબંધીને એહ મળશે ॥૫૧॥
એવું વચન સુંણ્યું અશોક, ત્યારે નિવાદાના સહુ લોક । ધર્મદેવના પુત્ર શ્રીહરિ, એમની આજ્ઞા પ્રમાણ કરી ॥૫૨॥
પાંડે ગુરુપ્રસાદજી નામ, રામપ્રસાદ આદિ એ ઠામ । વળી બીજા કેટલાક જન, કર્યો વિશ્વાસ તેમણે મન ॥૫૩॥
ઉંચે સ્વરે કરી રટે નામ, પ્રીતે હરિકૃષ્ણ ઘનશ્યામ । બે પોર વાર વીતી ત્યાં સુધી, કરી ધૂન્ય રાખી સદ્બુદ્ધિ ॥૫૪॥
મરણ પામી કુવામાં પડેલા, જાગી ઉઠ્યા તે જાંણે ઉંઘેલા । આળસ છોડી આવ્યા બહાર, કર્યા શ્રીહરિને નમસ્કાર ॥૫૫॥
પ્રભુપણાનો નિશ્ચય થયો, સર્વેના મનનો શોક ગયો । પંચદશને જીવતા કરી, પછે ચાલ્યા ત્યાં થકી શ્રીહરિ ॥૫૬॥
રાજાના કોટનો કૂપસ્થાન, તે સ્થળે કરીને જળપાન । જીરાભારીસરોવર થઈ, ગામ ગૌરે ગયા ધીરા રઈ ॥૫૭॥
ત્યાંના સરોવરમાંહી ફરી, રસિયે જળક્રિડા તે કરી । લીધાં કદમનાં ફુલ હાથ, ગામ ઢેબરીયે ગયા નાથ ॥૫૮॥
પાંડે રામદત્ત તે ગામના, સંબંધી થાય ધર્મદેવના । તેમણે કર્યું છે સન્માન, પ્રિતેથી કરાવ્યાં ખાનપાન ॥૫૯॥
પછે ત્યાં થકી સુખના ધામ, ગયા શરણામગંજે ગામ । ત્યાંની બજારમાં થઈ માવ, નિજ ઘેર આવ્યા કરી ભાવ ॥૬૦॥
પછે શ્યામતણા જેહ મિત્ર, રામાધીન છે એ પવિત્ર । તેણે વારતા કરી વિસ્તારી, ધર્મભક્તિ પ્રત્યે વિચારી ॥૬૧॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિએ સખાઓને અક્ષરધામ દેખાડ્યું ને કૂપમાં મૃત રાજદૂતોની રક્ષા કરી એ નામે બ્યાશીમો તરંગ ॥૮૨॥

પૂર્વછાયો – હરિગુણ ગાતાં સુણતાં, હર્ખિત થાય છે મન । શ્રદ્ધા સહિત જો સાંભળે, તો પાપી થાય પાવન ॥૧॥
એકસમે છુપૈયા વિષે, જન્મસ્થાનકનો કૂપ । તે કુવે પરથાર ઉપર, બેઠા પ્રભુજી અનૂપ ॥૨॥
પૂર્વમુખ કરીને બેઠા, કરવા દંતધાવન । વિચારીને કહે શ્યામજી, ભાભી પ્રત્યે વચન ॥૩॥

ચોપાઈ– ભાભી તાકીદ છે ઘણી આજ, પાણી લાવો મારે નાવા કાજ । લાવો જળ ઉતાવળાં તમે, સાચી વાત કહીએ તે અમે ॥૪॥
ભાભી કે મુક્યું છે ઉનું થાવા, થાય તો લાવું તમારે નાવા । શ્રીહરિએ ઈચ્છા મન ધારી, નાવા બેઠા છે દેવ મુરારી ॥૫॥
ગંગાજી જમુનાજી બે આવ્યાં, સોનાકુંડી ભરી જળ લાવ્યાં । અતિ અદ્ભુત સ્ત્રીઓને વેશ, નવરાવા માટે આવ્યાં એશ ॥૬॥
આવ્યાં ઉતાવળાં જોઈ લાગ, સ્નાન કરાવાને મહાભાગ । આવી આગળ ઉભાં તે વાર, શ્રીહરિને કર્યા નમસ્કાર ॥૭॥
તૈલમર્દન કરે છે અંગે, નવરાવે છે ત્યાં રૂડે રંગે । ત્યાં તો સુવાસિનીબાઈ આવ્યાં, ઉનું જળ ભરીને તે લાવ્યાં ॥૮॥
ગંગા જમુનાને દેખ્યાં પોતે, ભાળીને સ્થિર થઈ ગયાં જોતે । શ્રીહરિ કે સુણો ભાભી તમે, સ્નાન માટે બેઠા છૈયે અમે ॥૯॥
તમે તો સેવા કરો છો નિત્યે, આ મેમાન આવ્યાં કરી પ્રીતે । એને કરવા દ્યો સેવા આજ, ક્યાંથી જોગ બને આવું કાજ ॥૧૦॥
ત્યારે સતી કહે મહારાજ, આશ્ચર્ય પામી ગઈ હું આજ । બે સ્વરૂપે આ દેવસમાન, વસ્ત્રાલંકાર સુંદરવાન ॥૧૧॥
સ્ત્રીઓને રૂપે કોણ આવ્યાં છે, સેવા સામગ્રી સાથે લાવ્યાં છે । શ્રીહરિકૃષ્ણ કહે છે કોડે, ગંગા જમુના બે આવ્યાં જોડે ॥૧૨॥
ઘણા દિવસનો હતો ભાવ, આજે સેવાનો લેછે એ લાવ । સતી સમજ્યાં છે મનમાંય, ભક્તિમાતાને બોલાવ્યાં ત્યાંય ॥૧૩॥
પછે તેહ નવરાવી રહ્યાં, પામ્યાં સંતોષ ને સુખી થયાં । ગંગાજીને કહે મહારાજ, સત્સંગમાં આવજો ત્યાંજ ॥૧૪॥
શ્રીનગરમાં રંગે રમીશું, પરમહંસો સંગાથે રહીશું । સાબરમતી ગંગાને તીરે, નારાયણઘાટ જાશું ધીરે ॥૧૫॥
તે સરિતામાં સ્નાન કરીશું, પાપીજનનું પાપ હરીશું । ત્યાં કરીશું તમારૂં સ્થાપન, ગંગાજી માની લેજ્યો એ મન ॥૧૬॥
ગંગાજીને આપ્યું વરદાન, જમુનાજીને કે ભગવાન । તમે આવજો સત્સંગમાં, દુર્ગપુરે રમીશું રંગમાં ॥૧૭॥
ઘેલામાં ખળખળિયા નામ, નાવા જાશું અમે તેહ ઠામ । ત્યાં કરીશું સ્થાપન તમારૂં, સત્ય વરદાન જાણજો મારૂં ॥૧૮॥
પામ્યાં વરદાન પ્રભુનો સ્પર્શ, ગંગા જમુના થયાં અદર્શ । સતી સુવાસિની એમ જોતી, પછી પેરવા આપી છે ધોતી ॥૧૯॥
ત્યારે ધોતી પેરી પ્રભુ પ્રીતે, ચડ્યા ચાખડીયે રૂડી રીતે । આવ્યા ઓશરી મધ્યે મોરારી, બેઠા આસને શ્રીભયહારી ॥૨૦॥
નિત્યવિધિ કર્યો પછે ત્યાંયે, પામ્યા આશ્ચર્ય સહુ મનમાંયે । મૂર્તિ સુવાસિની શુભ મન, લીલા જોઈ થયાં છે પ્રસન્ન ॥૨૧॥
વળી બીજો કહું છું વિલાસ, હવે આવ્યો છે કાર્તિકમાસ । શુદપક્ષ નવમીને દિન, નાથે ચરિત્ર કર્યું નવીન ॥૨૨॥
પ્રાતઃકાળમાં તૈયાર થયા, મીનસાગર ઉપર ગયા । મધુનું વૃક્ષ છે તેની પાર, શૌચ કરી આવ્યા તેહ ઠાર ।।૨૩॥
કર ચરણ ધોઈ ભગવન, ત્યાં કરે છે દંતધાવન । પછે તીયાં થકી ઉઠીને જાય, સ્નાન કર્યું સરોવરમાંય ॥૨૪॥
તે સમે ષટ્શાસ્ત્ર સોહાવ્યાં, મૂર્તિમાન થઈને તે આવ્યાં । કરવા શ્રીહરિનાં દર્શન, પ્રેમે સહિત પુન્ય પાવન ॥૨૫॥
સાંખ્યયોગ ને પંચરાત્ર, ધર્મ ઉત્તરમીમાંસા શાસ્ત્ર । પૂર્વમીમાંસા એ આદિ ષટ, વાડવના વેષે આવ્યાં સ્પષ્ટ ॥૨૬॥
નમ્રતાથી કર્યા નમસ્કાર, શ્રીહરિ સાથે ચાલ્યા છે સાર । શાસ્ત્ર સહિત સુંદર શ્યામ, પધાર્યા તે પૂરણકામ ॥૨૭॥
ચોત્રા ઉપર બેઠા ચતુર, આંબલી તરુ હેઠે જરૂર । હવે પોતાની ઈચ્છાએ કરી, શાસ્ત્રપૂજા કરે પ્રેમ ધરી ॥૨૮॥
ચંદન પુષ્પથી મંત્રભણી, કરે પૂજા મહાપ્રભુતણી । એ સમે અવિનાશી અખંડ, પોતાને છે અવસ્થા પૌગંડ ॥૨૯॥
તોપણ કિશોરમૂર્તિ થયા, દીધાં દર્શન કરી છે દયા । પીતાંબર જે સુંદર સારૂં, તે પહેરાવ્યું છે હરિને વારૂં ॥૩૦॥
પછે પ્રેમ લાવીને ઉમંગે, રક્તશાલ ઓઢાડી છે અંગે । વદે છે નમ્ર મધુરી વાણી, સુણો પ્રગટ પ્રભુ પ્રમાણી ॥૩૧॥
છુપૈયા જન્મસ્થાન તમારૂં, એમાં માન્યું છે મન અમારૂં । છુપૈયાની પ્રક્રમાઓ દેવી, અમારી ઈચ્છા છે પ્રભુ એવી ॥૩૨॥
ત્યારે બોલ્યા પોતે મહારાજ, ચાલો હું પણ આવું છું આજ । પિતા બંધુને લઈને સંગે, ફરવા જાઉં છું હું જ ઉમંગે ॥૩૩॥
છુપૈયાની પ્રક્રમા ફરવી, મોટો લાભ તેથી તે કરવી । એવું કહી ચાખડીઓ પેરી, ચાલ્યા સૌને સંગે લાલ લેરી ॥૩૪॥
નારાયણસરથી પશ્ચિમે, ત્યાં થઈને ફરે પુરની સીમે । મીનસાગર ઉપર થઈને, ગયા ખંપાસરોવર જૈને ॥૩૫॥
અક્ષરાધિપતિ તારાયણ, પુરૂષોત્તમજી નારાયણ । પિતા બંધુને શાસ્ત્ર સહિત, પ્રક્રમા ફરે છે કરી હિત ॥૩૬॥
એવું જાણી મોટા મોટા દેવ, આવ્યા દર્શન કરવા એવ । આવ્યા સ્રષ્ટા વિષ્ણુ ને શંકર, આવે છે સુધામમાંથી અવર ॥૩૭॥
અષ્ટવસુ દશ દિગપાલ, યમરાજા આવ્યા તતકાળ । સર્વે દેવ મળ્યા તેહ ઠામ, કર્યા મહાપ્રભુને પ્રણામ ॥૩૮॥
ભેગા ચાલ્યા છે તે સર્વે દેવ, પ્રક્રમા દેવા અવશ્યમેવ । આવ્યો દહીંઓ આંબો જે ઠાર, પ્રક્રમાઓ ફર્યા ઘણી વાર ॥૩૯॥
દેવશાસ્ત્રનો લેઈ સમાજ, ત્યાંથી ચાલ્યા શ્રીજી મહારાજ । નારાયણસરોવરે આવ્યા, મધુવૃક્ષ હેઠે મનભાવ્યા ॥૪૦॥
ત્યાં બિરાજ્યા છે ધર્મકુમાર, સર્વે દેવે કર્યો નમસ્કાર । સ્તુતિ કરીને દેવ તે ગયા, અભ્રમારગે અદર્શ થયા ॥૪૧॥
પોતે પિતાને બંધુ સહિત, નિજ ઘેર આવ્યા છે અભિત । વશરામ ત્રવાડીને ખ્યાત, મોટાભાઈએ કરી તે વાત ॥૪૨॥
સર્વે કહે છે હે મોટાભ્રાત, પેલેથી કેમ ન કરી વાત । અમે આવત સર્વે સંગે, પ્રદક્ષિણા કરવા ઉમંગે ॥૪૩॥

એવું કહી સર્વે પુરજન, કરે છે અતિ ઓરતો મન । વળી સહુ કહેછે વચન, એક સુણી લ્યો વાત જોખન ॥૪૪॥
જાવું છે અવધપુરે આજ, ત્યાં પ્રક્રમા ફરવાને કાજ । નહિ તો આવત હરિ સંગે, પ્રક્રમા ફરવા રૂડે રંગે ॥૪૫॥
એવું કહીને સર્વે સધાવ્યા, અવિનાશી પાસે પછે આવ્યા । વાલિડાને કહે છે તે વાત, પોતે બોલી ઉઠ્યા જગતાત ॥૪૬॥
મામા એમ શું કરવા કરો છો, શા માટે મન ચિંતા ધરોછો । પ્રક્રમાઓ કરીશું ફરીને, ચાલો આવું હું નેહ ધરીને ॥૪૭॥
એવું સુણીને સહુ નરનારી, પામ્યા આનંદ તે અવિકારી । ગયા પોતપોતાને ભુવન, થયા તૈયાર સમગ્ર જન ॥૪૮॥
બાળ યૌવન વૃદ્ધ સહિત, આવ્યાં વ્હાલાને પાસે અભિત । પછે પ્રગટ પ્રભુના જોડે, પ્રક્રમાઓ કરી કોડે કોડે ॥૪૯॥
બહુ વાર પ્રદક્ષિણા ફર્યા, સહુના મનોરથ પૂર્ણ કર્યા । પછે સર્વ આવ્યા છે ઘેર, સુખ સંતોષ આનંદ ભેર ॥૫૦॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિ છુપૈયાપુરની પ્રક્રમા ફર્યા એ નામે ત્યાશીમો તરંગ ॥૮૩॥

પૂર્વછાયો – છુપૈયાપુરે ધર્મભક્તિ, વર્તે છે નિર્મળ મન । આનંદમાં દિન જાય છે, જેને શ્રીહરિ સરખા તન ॥૧॥
એક સમે સંક્રાન્તિ દિન, ધર્મે કર્યો છે વિચાર । ટાઢે પાણી નાવું જોઇએ, જલાશ્રયે નિરધાર ॥૨॥
એમ વિચારી નાવા ચાલ્યા, સાથે બન્ને કુમાર । મોતીત્રવાડી સાથે ગયા, નારાયણસર સાર ॥૩॥
સ્નાન કરીને ઘેર આવ્યા, આપ્યાં અપાર ત્યાં દાન । ગાય વિપ્ર સાધુ જનને, સંતોષ્યા દેઇ માન ॥૪॥
પુરવાસીએ પુન્ય કર્યાં, શ્રદ્ધાને અનુસાર । એ સમે જોઇ પૃથ્વી આવ્યાં, ગૌવા રૂપે તેહવાર ॥૫॥

ચોપાઇ– વસુધા આવ્યાં ગાયનેરૂપે, અવિનાશીની પાસ અનૂપે । પ્રભુની પ્રસાદી લેવા સારૂં, પધાર્યા છુપૈયાપુરે બારૂં ॥૬॥
અલબેલાની પાસે તે આવ્યાં, ભયહારીતણે મનભાવ્યાં । ધરાને જાણ્યાં જગદાધાર, રૂડાં પાત્રમાં આપ્યો આહાર ॥૭॥
ઘુઘરી શીરો પાત્ર મોઝાર, મુક્યો ગૌવા આગળ તે વાર । પછી કૃપા કરી દીનાનાથ, ફેરવે તેના ઉપર હાથ, ॥૮॥
વસુધા મુકે નિશવાસ, રડવા લાગ્યાં છે તેહ પાસ । મર્મ જાણી ગયા મહારાજ, બીજા કોઇ ન સમજ્યા કાજ ॥૯॥
પછે સરવેને જાણવા મન, પુછે ગૌવાને શ્રીભગવન । કેમ રુદન કરો છો તમે, સત્ય વાત કહો જાણું અમે ॥૧૦॥
વળતી વસુધા બોલ્યાં વાણ, તમે સુણોને સારંગપાણ । ગાય રૂપ ધરીને હું આજ, તવ શરણે આવી મહારાજ ॥૧૧॥
ગર્વ ગંજન મારે છે ગરજ, આજ તવ આગે કરૂં અરજ । મમ કષ્ટ કૃપાનાથ કાપો, રૂડો ધર્મ પૃથ્વી પર થાપો ॥૧૨॥
મુજ પર થાય છે પાપ, તેનો લાગ્યો મુને બહુ તાપ । ભૂમિનો હવે ઉતારો ભાર, તે માટે છે તવ અવતાર ॥૧૩॥
પ્રણતપાળ મુજ દયાળ, ગૌ બ્રાહ્મણના પ્રતિપાળ । બીજા કોને કરૂં આવી વાત, તવ આગળ કરૂં વિખ્યાત ॥૧૪॥
એવી વાત કરે છે જ્યાં મહી, ત્યાં આવ્યા વરુણ દેવ સહી । ભારે દુઃખી અને ભયવાન, મુકી દીધું છે મનનું માન ॥૧૫॥
થયા ગદગદ કંઠે સ્થિર, કરે પ્રારથના ધરી ધીર । કૃપાનાથ કૃપા કરો આજ, મારૂં દુઃખ ટાળો મહારાજ ॥૧૬॥
ગામ ઇંટોલા જે સદભાગ, જીરાભારી નામે ત્યાં તડાગ । તેમાં મ્લેચ્છ લોક મચ્છ મારે, વિમુખ પાપીને કોણ વારે ॥૧૭॥
શિરશા શેખ કળિ તેહ ઠાર, શેખ મોતિને શેખ દુલાર । એ આદિ ઘણા પાપી અસુર, નિત્ય મચ્છ મારે છે તે ભૂર ॥૧૮॥
કીનારે પડ્યા છે મોટા પુંજ, મુને પડતી નથી ત્યાં સુઝ । નથી જોઇ સકાતું તે દ્રષ્ટે, અરજ કરવા આવ્યો છું સ્પષ્ટે ॥૧૯॥
હે હરિકૃષ્ણ હરકત હરો, એવા દુષ્ટો થકી રક્ષા કરો । એવાં વચન સુણ્યાં જે વાર, દયા આવી દિલમાં અપાર ॥૨૦॥
વસુધાને વરૂણની વાણી, સુણીને બોલ્યા સારંગપાણી । હે દેવ ધાસતી નવ ધરશો, કોઇ વાતે તે ચિંતા ન કરશો ॥૨૧॥
તમે જાવોને તમારે સ્થાન, ધરો પ્રત્યક્ષ દેવનું ધ્યાન । કષ્ટ થોડા દિનમાં હું કાપું, પરમ એકાંતિક ધર્મ સ્થાપું ॥૨૨॥
ત્યારે આનંદ થાશે અમોને, સત્ય વચન કહું તમોને । થોડા દિવસમાં જૈ શું વનમાં, તમે નિશ્ચે માની લ્યો મનમાં ॥૨૩॥
આજ્ઞા પામીને અદૃશ થયા, પોતપોતાને સ્થાનકે ગયા । હવે ધર્મસુત ધરી ધીર, બીજે રૂપે થયા નરવીર ॥૨૪॥
ગયા ઇંટોલા ગામે ગંભીર, જીરાભારી તળાવના તીર । દુષ્ટ લોક કરે છે જે કર્મ, શ્રીહરિએ જોયો એ અધર્મ ॥૨૫॥
મરેલાં ઘણાં દેખ્યાં છે મચ્છ, શ્રીજીએ કર્યો સંકલ્પ સ્વચ્છ । મચ્છ મરેલાં જીવતાં થાઓ, જળમાં નિજ સ્થાનકે જાવો ॥૨૬॥
એવો સંકલ્પ કર્યો છે જ્યારે, થયાં મચ્છ સજીવન ત્યારે । મચ્છ ઉછળ્યાં બહુ બળમાં, સર્વે જઇને પડ્યાં તે જળમાં ॥૨૭॥
એવું દેખીને તે પાપી જન, માંહોમાંહી પુછે અન્યોઅન્ય । અલ્યા તે મારાં માછલાં લીધાં, ઉપાડી જળમાં નાખી દીધાં ॥૨૮॥
એમ એક બીજાને કહેછે, વેરની વાત મન લહે છે । પરસ્પર લાગી છે લડાઇ, મર્યા છે સામસામા કપાઇ ॥૨૯॥
કર્યું છે કામ પરબાર્યું એમ, કેને ખબર પડે ન જેમ । પછે ઘેર ગયા છે અનૂપ, અલબેલો થયા એક રૂપ ॥૩૦॥
વળી એક સમે ઘનશ્યામ, નિજ સખા લેઇ અભિરામ । નારાયણસર તીરે ગયા, ઉત્તર દિશામાં ઉભા રહ્યા ॥૩૧॥
ત્યાં છે પીપળાનો વૃક્ષ એક, તેના ઉપર ચડ્યા વિશેક । સુખસાગર સુંદર છેલો, બેઠા છે ચડીને અલબેલો ॥૩૨॥
ત્યારે મોતીત્રવાડી ત્યાં આવ્યા, પેલવાનને સંગાથે લાવ્યા । જાય છે તે ગામ ગાયઘાટે, આવી ઉભા રહ્યા છે તે વાટે ॥૩૩॥
જોયા તરુ ઉપર જીવન, મોતીત્રવાડી બોલ્યા વચન । તમે ભાઇ સુણો ઘનશ્યામ, ચડીને કયાં બેઠા છો આ ઠામ ॥૩૪॥

સફળ ઉપર ચડ્યા હોત, કાંઈ ફળ ખાવા મળત । શૂન્ય વૃક્ષ થકી શું મળશે, મનોરથ મનનો શું ફળશે ॥૩૫॥
એવું સુણી બોલ્યા અલબેલ, સુણો મામા કહું ખરો ખેલ । ફળ ખાવા નથી ચઢ્યા અમે, મારૂં સત્ય વાક્ય માનો તમે ॥૩૬॥
અમારો તો જુદો છે વિચાર, એહ કરવાનો છે નિરધાર । એવું કહીને પ્રાણ જીવન, જુવે ચારે દિશે ભગવન ॥૩૭॥
મોતીરામ કહે મહારાજ, શું વિચારો ને ધારો છો કાજ । વળી બોલ્યા છે ધર્મકુમાર, સુણો મામા અમારો વિચાર ॥૩૮॥
દૈવી જીવ ઘણા જે કેવાય, કિયા દિશમાં રેછે સદાય । આસુરી જીવ છે કિયા દેશ, એમ જોવા ચડ્યા છૈયે એશ ॥૩૯॥
એવું કહીને શ્રીમહારાજ, દેખાડ્યું છે ત્યાં અદ્ભુત કાજ । પીપળાને પત્રે પત્રે સાર, વળી ડાળે ડાળે તેણીવાર ॥૪૦॥
ઘણી જાત્યનાં ફળ બતાવ્યાં, મામાને ભાઈને મનભાવ્યાં । મહાપ્રતાપ દેખ્યો તે ઠામ, ૧ચિત્ર પામી ગયા મોતીરામ ॥૪૧॥
પેલવાન કહે સુખધામ, એક બે ફળ તો આપો શ્યામ । પછે શ્રીહરિ કરી પ્રીતે, સારાં ફળ આપ્યાં રૂડી રીતે ॥૪૨॥
નારંગી ને રામફળ જેહ, ઘણાં મિષ્ટ આપ્યાં વળી તેહ । ફળ લેઈ ચાલ્યા બેઉ વાટે, રાજી થૈને ગયા ગાયઘાટે ॥૪૩॥
ફળ દેખાડ્યાં છે ત્યાં જઈને, સુધી ત્રવાડી લક્ષ્મીબાઈને । વળી માન ઓઝા આદિ ત્યાંયે, પામ્યાં આશ્ચર્ય સહુ મનમાંયે ॥૪૪॥
આવી અમૃતરૂપી કથાય, જે કોઈ સુણે રાખી શ્રદ્ધાય । તેનાં અનેક જન્મનાં પાપ, બળી જાય ટળે વળી તાપ ॥૪૫॥
પારાયણ સુણે દિન સાત, બાળચરિત્રનું આ વિખ્યાત । એના પૂન્યતણો નહિ પાર, તરત પામે પુરૂષાર્થ ચાર ॥૪૬॥
અંતે અક્ષરધામમાં જાશે, બાળલીલા પ્રભુજીની ગાશે । કુટુંબે સહિત તે ઉદ્ધરશે, ભવજળથી પાર ઉતરશે ॥૪૭॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિની પૃથ્વી અને વરૂણદેવે સ્તુતિ કરી ને મામાને પિંપળા ઉપર બહુજાતનાં ફળ દેખાડ્યાં એ નામે ચોરાશીમો તરંગ ॥૮૪॥

પૂર્વછાયો – એક સમે અમાસ દિન, વ્હાલે કર્યું છે ચરિત્ર । વિસ્તારીને તેહ વર્ણવું, સુણો ભાઈ પવિત્ર ॥૧॥
પ્રેમવતી ને સુવાસિની, ઈંદિરાબાઈ કેવાય । એ આદિ બીજી બાયું સર્વે, સ્નાન આચરવા જાય ॥૨॥
પોતપોતાને પેરવાની, સાડીયો લીધી સંગ, વળી સુંદર વસ્ત્ર બીજાં, લીધાં કરીને ઉમંગ ॥૩॥
કેસર કુંકુમ અક્ષત, કાચું સૂત્ર લીધું હાથ । નોખા નોખા થાળ ભરીને, નાવા ચાલ્યાં સહુ સાથ ॥૪॥
નારાયણસર તીર્થ છે, ગયા સર્વે તેને તીર । એ સમે નિજ સખા લેઈ, આવ્યા છે બલવીર ॥૫॥

ચોપાઈ– ભક્તિમાતા આદિ ભાગ્યવાન, સર્વે બાઈઓયે કર્યું સ્નાન । પેર્યાં વસ્ત્ર અનુપમ સાર, જેની શોભા તણો નહિ પાર ॥૬॥
સર્વે ઉભાં સરોવર તીર, પૂજ્યા માર્તંડને મન સ્થિર । કર્યું વરુણનું ત્યાં પૂજન, ચંદન પુષ્પથી શુભ મન ॥૭॥
પછે ભરી લીધાં જળપાત્ર, આવ્યાં પિંપળે તે બાયું માત્ર । જળધારાઓ દીધી ત્યાં ફરતાં, કરે પૂજન કુંકુમ ભરતાં ॥૮॥
કેસર ચંદને પુષ્પે સાર, પ્રેમે પૂજન કર્યું તેવાર । સુતર વીટ્યું પ્લક્ષને થડે, ફરે પ્રક્રમાઓ સ્નેહવડે ॥૯॥
પરસ્પર કર્યા છે ચાંદલા, કેસર ને કુંકુમના ભલા । પ્રક્રમાઓ ફરે છે તે વામ, ત્યારે પુછે છે શ્રીઘનશ્યામ ॥૧૦॥
હે ભાભી તમે આ શું કરો છો, પિંપળા કેડે કેમ ફરો છો । ભાભી કે સુણો જગજીવન, આજ છે સોમવતીનો દિન ॥૧૧॥
પ્રક્રમા ફરીયે છૈયે અમે, ફરવી હોય તો આવો તમે । ત્યારે બોલ્યા છે શ્રીઘનશ્યામ, અમે નહિ ફરીએ આ ઠામ ॥૧૨॥
ઘેર જઈ તે કામ કરીશું, તુલસીને પ્રક્રમા ફરીશું । પછે ભાભી કહે છે હે ભાઈ, ઘેર વૃંદા ગયાંછે સુકાઈ ॥૧૩॥
નવાં લાવીને રોપો તો સારૂં, અમે પણ ફરીયે ત્યાં વારૂં । એવું કહીને ત્યાંથી સધાવ્યાં, ઘનશ્યામ સાથે ઘેર આવ્યાં ॥૧૪॥
ઈચ્છારામ ને શ્રીઘનશ્યામ, ભુખ્યા થયા હશે સુખધામ । એવું જાણી સુવાસિનીબાઈ, જમવા બેસાર્યા ઘરમાંઈ ॥૧૫॥
બેઉ જણા બેઠા છે જુજવા, જમવા આપ્યા છે દહીંપુવા । પછે જમીને તૃપ્ત થયા છે, ચળુ કરીને બારે ગયા છે ॥૧૬॥
આંબલીનું કાપેલું છે ડાળ, પડ્યું તું તે લીધું તતકાળ । ખાડો ખોદીને રોપે દયાળ, તેના પાછળ બાંધીછે પાળ ॥૧૭॥
કુવામાંથી જળને કઢાવ્યું, આંબલીના ડાળે પવરાવ્યું । ત્યારે સતી સુવાસિનીબાઈ, બોલ્યાં શું કરો છો તમે ભાઈ ॥૧૮॥
મારો વ્હાલો બોલ્યા પછે વેણ, સુણો ભાભી કહું સુખદેણ । તુલસી માટે કહ્યું તું તમે, રોપી પાણી પૈયે છૈયે અમે ॥૧૯॥
ભાભી કે જુવો તો ખરા આજ, જુઠું શું બોલો છો મહારાજ । આતો આંબલી ડાળ રોપાયું, નથી વૃંદા અમને જણાયું ॥૨૦॥
પ્રભુ કે નથી જુઠું લગાર, તમે જુવો કરીને વિચાર । તમારા મનમાં હોય વેમ, પુછી જુવો બીજાને આ કેમ ॥૨૧॥
જેવું છે એવું કહું છું અમો, સત્ય માની લીઓ ભાભી તમે । એવું કહી માળા લીધી હાથ, પ્રક્રમા ફરવા લાગ્યા નાથ ॥૨૨॥
હસે તે દેખી વિચારે મન, આતે શું કરે છે તે જીવન । પછે માતાને બોલાવ્યાં બારે, ઓલ્યું ડાળ બતાવ્યું તેવારે ॥૨૩॥
હરિકૃષ્ણ જુવો શું કરે છે, આંબલીને પ્રક્રમા ફરે છે । એ રીતે વાત કરે છે જ્યાંયે, સુંદરીબાઈ આવ્યાં છે ત્યાંયે ॥૨૪॥
ભક્તિમાતા ને સુંદરી મામી, એ બે બોલી ઉઠ્યાં કર ભામી । સાચું છે આતો વૃંદાનું વૃક્ષ, ફરે તેને પ્રક્રમા પ્રત્યક્ષ ॥૨૫॥
આંબલીનું એ ડાળું છે કોછો, આતે સાચું કે જુઠું બોલો છો । એમ કહી કરેછે વિચાર, તુલસીતરુ નોતો આ ઠાર ॥૨૬॥
આજ સવારમાં આ જગાયે, નોતો ને ઓચિંતો ક્યાંથી થાય । પામ્યાં આશ્ચર્ય મન અપાર, વારે વારે કરે છે વિચાર ॥૨૭॥

તેવું દેખીને થયો છે ભ્રમ, નથી સમઝી શકાતો મર્મ । નથી તુલસી એ નક્કી વાત, આંબલીનું ડાળું છે વિખ્યાત ॥૨૮॥
મારી નજરે જોતાં રોપ્યું છે, નામ તુલસી દેઈ ચોપ્યું છે । હમણાં હતું કાપેલું ડાળ, જરૂર એ રોપ્યું છે આકાળ ॥૨૯॥
વૃંદા છે એમ સર્વે કહે છે, મારા મનમાં વેમ રહે છે । પાછા શ્રીહરિ ભાભીને પુછે, તમે સાચું બોલો આતે શું છે ॥૩૦॥
માતુશ્રી અને મામી વદે છે, એતો તુલસી છે એમ કે છે । આંબલી છે એ કોછો શું તમે, ત્યારે શું કરીએ હવે અમે ॥૩૧॥
પ્રક્રમા મારે ફરવી કે નહી, તમે કો તેમ કરૂં હું સહી । એવી વાત કરે છે જ્યાં સ્વામી, ત્યાંતો આવ્યાં સુરજાબાઈ મામી ॥૩૨॥
આવ્યાં તેવાંજ બોલ્યાં વચન, ક્યાંથી લાવ્યા આ વૃંદા પાવન । કૃષ્ણવૃંદા રોપ્યાં છે ઉત્તમ, ઘણાં સારાં અને છે નૌત્તમ ॥૩૩॥
તેવું સુણી સુવાસિની સતી, મનમાં મુંઝાવા લાગ્યાં અતિ । વળી બોલ્યા વાલમ વચન, ભાભી સુંણજ્યો કહું પાવન ॥૩૪॥
રેવાદ્યો બધી વાત તનમાં, વૃંદાનો ભાવ લાવો મનમાં । ઘડી કેડે હશે તે જણાશે, તમારૂં મન તેમાં તણાશે ॥૩૫॥
એવું સુણી જ્યાં ભાવના ધારી, તુલસી દેખાણાં નિર્વિકારી । થયાં નિર્માની નમ્ર સ્વભાવ, પગે લાગ્યાં કરીને ઉચ્છાવ ॥૩૬॥
ભાભી કહે છે હે ઘનશ્યામ, ભાઈ આતો તમારૂં છે કામ । તવ માયા બહુ બલવાન, તમે મુને ભુલાવ્યું છે ભાન ॥૩૭॥
અતિ અદ્ભુત માયા દેખાડી, ઘુંચવી નાખીને જુઠી પાડી । પછે ગદગદ કંઠે થઈને, પ્રક્રમાઓ ફરવા લાગ્યાં જઈને ॥૩૮॥
ધર્મદેવ ને રામપ્રતાપ, અયોધ્યાએ ગયાતા તે આપ । તે સમે આવ્યા નિજ સદન, દેખીને પામ્યા વિસ્મય મન ॥૩૯॥
દેખ્યું તુલસીનું વૃક્ષ પોતે, રાજી રાજી થયા છે તે જોતે । આવાં પ્રગટ કેરાં ચરિત્ર, સુણતાં થાય પાપી પવિત્ર ॥૪૦॥
જે કોઈ સુણે નિર્મલ મન, એનો અવતાર સફળ જન । કથા શ્રવણ કરે જે રૂડી, એની કરણી મટી જાય કુડી ॥૪૧॥
કોટિ કોટિ જનમનાં પાપ, નાશ પામે પળમાં તે આપ । બેઉ લોકમાં તે સુખ પામે, વિઘ્ન વિકટ સંકટ તે વામે ॥૪૨॥
આતો દુર્લભ વસ્તુ છે જાણો, પ્રભુજીનાં ચરિત્ર પ્રમાણો । આ ચરિત્ર સુણે એક વાર, તેને યમનો મટશે માર ॥૪૩॥
વળી જન્મ મરણ ગર્ભવાસ, તેનું દુઃખ પામી જાય નાશ । સુધાસાગર લીલા અપાર, જે કોઈ સાંભળે નરનાર્ય ॥૪૪॥
તેને લખ ચોરાશી ન આવે, કાળ કર્મ માયાથી મુકાવે । એવો પ્રગટતણો પ્રતાપ, ટળી જાય પ્રાણીના સંતાપ ॥૪૫॥
શ્રીહરિ સ્વામી સહજાનંદ, સ્વામિનારાયણ સુખકંદ । મનુષ્યાકૃતિ પુન્ય પવિત્ર, ધરીને કર્યાં આવાં ચરિત્ર ॥૪૬॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિએ આંબલીનું ડાળ રોપીને તેમાં તુલસીનો ભાવ દેખાડ્યો એ નામે પંચાશીમો તરંગ ॥૮૫॥

પૂર્વછાયો – એકસમે વશરામે ધાર્યું, તરગામે જવા કાજ । નિજ મામાનું તે ગામ છે, મોસાળ કુળ સમાજ ॥૧॥
હર્ષ વાધ્યો છે હૃદયમાં, વેગે થયા છે તૈયાર । મળવા માટે તે આવિયા, ધર્મદેવ તણે દ્વાર ॥૨॥
તે દેખી ઘનશ્યામ બોલ્યા, સુણો દીદી નિરધાર । મારે મામા સાથે જાવું છે, રજા આપો આણીવાર ॥૩॥

ચોપાઈ– એવું કહીને થયા તૈયાર, ધીર વીર શ્રીધર્મકુમાર । માતાજીએ ભલામણ કીધી, શ્રીહરિને જાવા રજા દીધી ॥૪॥
પેરાવ્યાં વસ્ત્રાભૂષણ સાર, સમજાવીને કર્યા તૈયાર । પછે બોલ્યા નટવર નાથ, દીદી જાવું છું મામાની સાથ ॥૫॥
વસન્તા માસીનું જે છે ગામ, લક્ષ્મણપુર એવું છે નામ । માણેકધર પાસે જઈશું, થોડા દિન અમે ત્યાં રહીશું ॥૬॥
એવું કહીને મામાને સંગે, પ્રાણનાથ ચડ્યા રુડે રંગે । ગાયઘાટે ગયા ઘનશ્યામ । ત્યાંથી પોકી ગયા તરગામ ॥૭॥
મામાની સાથે શ્રીઅવિનાશ, ત્યાં રહ્યા છે પોતે એક માસ, પછે ત્યાંથી ચાલ્યા વશરામ, સાથે લેઈને શ્રીઘનશ્યામ ॥૮॥
બેઉ લક્ષ્મણપુર આવીયા, વસન્તાબેનને તે મળીયા । પાંચ દિવસ રહ્યા તે ઠાર, પછી ચાલવા થયા તૈયાર ॥૯॥
માણેકધર ને ઘનશ્યામ, સંગે લેઈગયા વશરામ । રામ હરિપઢરી પધાર્યા, ત્યાંથી ગામ બરુએ વિચર્યા ॥૧૦॥
ચંદન બેનને મળ્યા ત્યાંય, ઘણો હર્ષ વધ્યો મનમાંય । ત્રૈણ દિન રહ્યા તેને ધામ, પછે શું કરેછે વશરામ ॥૧૧॥
ચંદન બસ્તી ને ઘનશ્યામ, વશરામ માણેક તેઠામ । પૂર્ણિને દિન પાંચે સધાવ્યા, મખોળા ઘાટને મેળે આવ્યા ॥૧૨॥
ચૈત્ર માસ ઋતુ શુભ સાર, પાંચે આવ્યાતે મેળા મોઝાર । મનોરમા નદીમાં કર્યું સ્નાન, થયા તૈયાર શ્રી ભગવાન ॥૧૩॥
તે સરિતાનો સુંદર આરો, ત્યાં મંદિરમાં કર્યો ઉતારો । તેવે સમે છુપૈયાના જન, આવ્યા મેળામાં નિર્મલ મન ॥૧૪॥
ધર્મભક્તિ ને રામપ્રતાપ, તે પણ આવ્યા મેળામાં આપ । પરસ્પર મળ્યા કરી હેત, પામ્યા સંતોષ પ્રેમ સમેત ॥૧૫॥
હવે મનોરમા સરિતાય, મખોડાઘાટ જ્યાં કહેવાય । પૂર્વે દશરથરાયે ત્યાંય, પુત્રની આશાથી મનમાંય ॥૧૬॥
ઘણા યજ્ઞ કર્યા તે બલીન્દ્ર, થયા પસન્ન શ્રીરામચંદ્ર । રાજાને આપ્યું રામે વચન, નકકી થઈશ તમારો તન ॥૧૭॥
તે દિવસથી મેળો ભરાય, અદ્યાપી ચાલે છે તે સદાય । ચૈત્રી પુનમ આવીછે જયાંય, હજારો લોક આવે છે ત્યાંય ॥૧૮॥
આજ જમવાનું શું જાણો, મોટો મહિમા છે તે પ્રમાણો । પૂર્ણિને દિન બાટીનો પાક, તેની જોડે રીંગણાંનું શાક ॥૧૯॥
આ બે જમવાની વસ્તુ સાજ, એવું મહિમાનું મોટું કાજ । માહાત્મ્ય સમજી ધર્મદેવે, રીંગણાં બાટી કરાવ્યું એવે ॥૨૦॥
સૌને જમાડીને જમ્યા પોતે, એવું કામ કર્યું છે ત્યાં જોતે । પછે મંદિરમાંથી તે વાર, બારે પધાર્યા ધર્મકુમાર ॥૨૧॥
પશ્ચિમ દિશામાં જે છે પ્લક્ષ, ઘનશ્યામજીએ જોયો ચક્ષ । અતિ ઉંચો ગગન ચુંબિત, એના ઉપર ચડ્યા અજીત ॥૨૨॥

ચારે દિશાઓમાં તેણીવાર, જોવા લાગ્યા છે ધર્મકુમાર । તે સમે ઘેલા ત્રવાડી નામ, નજીકમાં બેઠા છે તે ઠામ ॥૨૩॥
ભવાની માતાનો ઓટો જેહ, તે ઉપર બેઠા જુઓ એહ । જોયા વૃક્ષપર ભવહાર, બોલ્યા ઘેલાત્રવાડી તે વાર ॥૨૪॥
હે ભાઇ શું જુઓ છો ચઢીને, ક્યાંક હેરાન થાશો પડીને । હેઠે ઉતરો કહ્યું કરીને, પડશો તો શું કરશો ફરીને ॥૨૫॥
ત્યારે કહે છે જીવનપ્રાણ, હે મામા એવું શું બોલ્યા વાણ । અમે તો પડવાના જ નથી, નિશ્ચે જાણીલ્યો તમે મનથી ॥૨૬॥
આવ્યા છે લોક આંહી અપાર, આ મેળામાં હજારો હજાર । તેમાં દૈવી આસુરી જે જન, તપાસ કરીએ છૈયે મન ॥૨૭॥
તેનું કારણ છે એક એવું, તમને કહી બતાવું તેવું । સંક્રાંતિને દાડે કરી આશ, અવની આવ્યાં ત્યાં મુજ પાસ ॥૨૮॥
ગાયરૂપ ધરીને પાવન, અમો આગે કર્યું તું રૂદન । વિસ્તારીને જે વાત કરી છે, તે દિની અમે મન ધરી છે ॥૨૯॥
પૃથ્વીએ કહ્યું તું મહારાજ, હવે કરો અમારૂં આ કાજ । મહા અધર્મરૂપી જે ભાર, અસુરોએ કર્યો છે અપાર ॥૩૦॥
અસુર વાળે છે રસાતળ, નથી સહન થતું દયાળ । પ્રગટ્યા છો શ્રીધર્મને ઘેર, હવે દુઃખ ટાળો કરી મેર ॥૩૧॥
એવા પાપી અસુરને મારો, મુને સંકટમાંથી ઉગારો । ધરણીએ ધેનું રૂપ ધર્યું તું, મુજ પાસ પ્રકાશ કર્યું તું ॥૩૨॥
આ મેળામાં આવ્યા છે અસુર, ઘણા ભેગા થયા છે તે ભૂર । માટે અમે ઇચ્છા એમ ધારી, તેહ કરશે પાપી મારા મારી ॥૩૩॥
માંહોમાંહી કપાઇ મરશે, એક એકનાં શીષ સંહરશે । તેહ તમે જુઓ આણીવાર, હાલ હરૂં છું ભૂમિનો ભાર ॥૩૪॥
એમ વાત કરે છે મુરારી, ત્યાંતો ઉઠી આવ્યા છે સુરારી । ઘાટ ઉપર તે નાવા આવ્યા, સહુ સહુના મનમાં ફાવ્યા ॥૩૫॥
કેટલાક કહે છે તે અમે, પેલા નૈશું બેસો હાલ તમે । બીજા કે પેલા અમે નાહીશું, તમો અગાડી ચાલ્યા જઇશું ॥૩૬॥
કરે છે એવી ત્યાં બોલાબોલ, થવા માંડ્યું છે થોલકથોલ । સામ સામા ગાળ્યું દેવા લાગ્યા, અડબંગા ઉંઘેલા શું જાગ્યા ॥૩૭॥
કેક ઓથમી અવડચંડા, બારે વાટ બોલે બહુ બંડા । કોઇ બુડથલ બ્રહ્મકોદાળ, ફોડે છે હાથે નિજ કપાળ ॥૩૮॥
પછે જામ્યો રંગ લડાઇનો, ફજેતો ચાલ્યો છે બડાઇનો । શસ્ત્ર વીજળીસમ ચમકે, ગુર્જગોળા ગંભીર ધમકે ॥૩૯॥
હાહાકાર કરે છે હોકારા, મારો મારો દે છે ધમકારા । સરિતા થઇ શોણિત વર્ણ, ભયંકર દિશે છે આચરણ ॥૪૦॥
નવરા નીચ નખોદા પાટી, રુધીરમાં નાખ્યા સર્વે દાટી । કોઇ કોઇનો ઠોર ન ચુકે, મુવા માર્યા વિના નવ મુકે ॥૪૧॥
ક્રોધી વિરોધી યુદ્ધ કરે છે, મોત વિનાના કેક મરે છે । દંતે કરડે છે નાસિકા કર્ણ, આવ્યું સંગાથે સર્વેનું મરણ ॥૪૨॥
થયો દારૂણ સંગ્રામ ઘોર, ચાલ્યો અવધપુરમાં શોર । મોટા મહારથીનું એ કામ, હિમતવાળા હારે ત્યાં હામ ॥૪૩॥
કેક સરજુમાં જઇને પડે છે, કેક ધરણી પર રખડે છે । કેક થઇ પડ્યા સોથરાણ, કેકના થયા પ્રાણ મેલાણ ॥૪૪॥
એમ યુદ્ધ થયું ઘણીવાર, પાપીનો આવી ગયો છે પાર । પિપળા ઉપર અલબેલો, બેઠા બેઠા જુવે છે તે છેલો ॥૪૫॥
સોડ તાણીને સર્વે એ સુતા, જાણે દુનિયામાં આવ્યા નોતા । એમ ઉતાર્યો ભૂમિનો ભાર, હેઠે ઉતર્યા ધર્મકુમાર ॥૪૬॥
કર્યું પરબાર્યું એવું કામ, એવા છે સલુણો ઘનશ્યામ । ધર્મ રામપ્રતાપજી ભાઇ, બીજાં સર્વે હતાં બાઇ ભાઇ ॥૪૭॥
યુદ્ધ દેખીને પામ્યાં છે ત્રાસ, લાખો અસુર થયા છે લાશ । પછે સત્વર ત્યાંથી સધાવ્યા, છુપૈયાપુરમાં સહુ આવ્યા ॥૪૮॥
ગતિ શ્રીહરિની જુઓ ગૂઢ, એમાં સમઝી ન શકે મૂઢ । મુમુક્ષુ મુક્ત હોય તો જાણે, પામર વિષયી શું પ્રમાણે ॥૪૯॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિએ મખોડાઘાટે અનેક અસુરોનો નાશ કર્યો એ નામે છાશીમો તરંગ ॥૮૬॥

પૂર્વછાયો – એક સમે મોટાભાઇએ, વિમલ કર્યો વિચાર । હું નોકરી કરવા જાઉં, કોઇ પરદેશ મોઝાર ॥૧॥
એમ ધારીને આજ્ઞા માગી, માતપિતાની પાસ । શ્રીઘનશ્યામને પુછિયું, કરી અંતરમાં આશ ॥૨॥
આજ્ઞા પામી ચાલ્યા ૧બળજી, ગયા છે દક્ષિણ દેશ । હિંદીપુરે રાજ્યમાં જઇ, મળ્યા રાજાને શેષ ॥૩॥
એ રાજની નોકરી લીધી, રહ્યા છે તેહ ઠામ । રાજાએ પછે વિચારીને, કર્યું છે પોતે શું કામ ॥૪॥
બીજા નોકર બોલાવિયા, માંડ્યાં છે ત્યાં નિશાન । કોઇ નોકરે પાડ્યું નહિ, મળ્યું નહિ કાંઇ માન ॥૫॥

ચોપાઇ– કોઇએ પાડ્યું નહિ નિશાન, મોટાભાઇએ આપ્યું તે ધ્યાન । સાઠ નિશાન પાડ્યાં છે જોતે, રાજા પ્રસન્ન થયા છે પોતે ॥૬॥
બીજી પરીક્ષા નાના પ્રકાર, આપી તેમાં થયા છે પસાર । રાજાએ જાણ્યા છે શૂરવીર, ગુણવંત બળિયા સુધીર ॥૭॥
શૂરા પુરા કળામાં છે કેવા, રાજા રાજી થયો જોઇ એવા । લડાઇ કામમાં હુંશિયાર, નક્કી જાણી લીધા નિરધાર ॥૮॥
વળી શેષજીનો અવતાર, તેને બીજાનો ન પડે માર । ધર્મદેવના પુત્ર તે થયા, તેમના ગુણ ન જાય કયા ॥૯॥
એમ જાણીને કર્યો ઠરાવ, ભૂપતિને વધ્યો ઘણો ભાવ । અસ્ત્ર શસ્ત્ર સજાવ્યાં તે વાર, રાખ્યાં તૈયાર ત્યાં હથિયાર ॥૧૦॥
કરે નોકરી નિરભે થૈને, હિંદીપુર રાજાને ત્યાં રૈને । ગયે આઠમો માસ વિતિયો, તોયે ઘેર પત્ર ન આવિયો ॥૧૧॥
ત્યારે મૂર્તિમાતા એમ કહે છે, ધર્મદેવ ધ્યાનમાં લહે છે । ભાઇની ખબર આવી નથી, કાગળ આવિયો નથી ત્યાંથી ॥૧૨॥
એમ કરે છે મન વિચાર, એવે પત્ર આવ્યો તેણીવાર । પત્ર વાંચી જાણ્યા સમાચાર, પામ્યા આનંદ મન અપાર ॥૧૩॥
સગાં સંબંધી સર્વે જે જન, ધર્મે વાત કરી પાવન । હકીકત આનંદની પુછી, સંબંધી સહુ થયાં છે ખુશી ॥૧૪॥

પછે સંબંધી સર્વેએ કહ્યું, પત્ર આવ્યો ઘણું સારૂં થયું । હવે તો પત્ર આવ્યો છે આજ, ત્યાં ખબર કરી આવો કાજ ॥૧૫॥
એમ કહી ભાતું કર્યું સાર, ધર્મદેવ થયા છે તૈયાર । સાથે વશરામ આદિ જન, ચાલ્યા વળાવા નિર્મળ મન ॥૧૬॥
સંબંધી મળીને તે વિચર્યા, ત્યારે શ્રીઘનશ્યામ ઉચર્યા । હે દાદા મુને તેડી લ્યો સંગે, ભાઈ પાસે આવું હું ઉમંગે ॥૧૭॥
એમ કહી કરે છે રુદન, ત્યારે ભક્તિ બોલ્યાં છે વચન । સંગાથે લઈ જાઓ અભિતા, તમે છો એટલે શું છે ચિંતા ॥૧૮॥
સ્નેહ વડે કર્યા છે તૈયાર, પ્રભુ ખુશી થયા છે અપાર । સુત સહિત ચાલતા થયા, એક યોજન આગળ ગયા ॥૧૯॥
ત્યારે થાકી ગયા ઘનશ્યામ, ધર્મદેવ કહે અભિરામ । થોડું ચાલ્યા એમાં થાકી જાશો, ત્યારે ભાઈને ભેગા શું થાશો ॥૨૦॥
આમ ચાલો તો કેમ નભાશે, ભાઈ પાસે તે કેમ જવાશે । માટે પાછા વળો ઘનશ્યામ, આ નજીક છે આપણું ગામ ॥૨૧॥
હવે શું તમને સમઝાવું, ચાલો પાછા મુકવા હું આવું । તમારાથી તો ચલાશે નહિ, ઘણું દૂર જાવું છે તે સહિ ॥૨૨॥
દક્ષિણ દેશમાં હિંદીપુર, પાંચસે ગાઉ જાવું જરૂર । ત્યારે બોલ્યા છે શ્રીનરવીર, સુણો દાદા રાખો મન ધીર ॥૨૩॥
માર્ગમાં ચાલો જેટલું તમે, તેટલું પણ ચાલીએ અમે । પછે કહો કરવું છે કેમ, દાદા મને ન રાખશો વેમ ॥૨૪॥
ત્યારે તો ધર્મ કે બહુ સારૂં, એથી ખુશી થાશે મન મારૂં । એવું કહીને તે ચાલ્યા જાય, બેઉ સાથે સાથે સમુદાય ॥૨૫॥
થાય રજની ત્યાં રેછે રાત, બીજે દિવસે ચાલે પ્રભાત । એમ વિતિ ગયો દોઢમાસ, ત્યારે પોક્યા હિંદીપુર પાસ ॥૨૬॥
ગયા રાજાના દરબારમાંય, મળ્યા મહીપને જઈ ત્યાંય । કર્યો ભૂપતિએ સત્કાર, કે છે ભાઈતણા સમાચાર ॥૨૭॥
તમારા રામપ્રતાપ-ભાઈ, અમે રાખ્યા આંહિ સુખદાઈ । સૈન્ય ઉપરી અમલદાર, સ્થાપીને આપ્યો એ અધિકાર ॥૨૮॥
પંદર ગાઉ તે તો ગયા છે, લાખ યોધા લઈને રહ્યા છે । એક ગામનો રાજા તે ઠાર, તેનાથી ચાલે છે તકરાર ॥૨૯॥
જમીન તણી ત્યાં છે લડાઈ, યુદ્ધ કરવા ગયા છે ત્યાંઈ । બેઉ સૈન્ય મળ્યા તે ઠામ, ઘણું દારુણ થશે સંગ્રામ ॥૩૦॥
થોડા દિવસમાં ચાલુ થાશે, રણસ્તંભ રણમાં રોપાશે । માટે આંહી રહો હવે તમે, બંદોબસ્ત કરી દેશું અમે ॥૩૧॥
જે જે જોઈએ તમારે વસ્તુ, તે તે લાવી આપીશું સમસ્તુ । કરીશું સત્કાર રૂડી રીતે, તમે બન્ને રહો આંહિ પ્રીતે ॥૩૨॥
પછે તો જેમ ઈચ્છા તમારી, એમ વર્તી લેજ્યો સુખકારી । ધર્મદેવ કહે ઘનશ્યામ, કહો હવે શું કરવું કામ ॥૩૩॥
તમે રહો આ રાયને પાસ, ત્યારે બોલી ઉઠ્યા અવિનાશ । દાદા આંહિ રહેવું નથી મારે, ભાઈને મળવું છે આ વારે ॥૩૪॥
એવું કહી ચાલ્યા બેઉ સાથે, ત્યારે વિચાર્યું છે નરનાથે । ધર્મદેવને આપી છે ગાડી, વળી સ્વાર બે ચાલ્યા અગાડી ॥૩૫॥
ગાડીમાં બેસીને ચાલ્યા બન્ને, મોટા ભાઈ પાસે શુભ મને । બીજે દિવસે પોક્યા આપ, જ્યાં રહ્યા છે શ્રીરામપ્રતાપ ॥૩૬॥
અહિપતિને મળ્યા તે વાર, પામ્યા આનંદ મન અપાર । પછે બોલ્યા છે ભાઈ જોબન, હે દાદા સુણો મુજ વચન ॥૩૭॥
તમે આવ્યા મારે મન ભાવ્યા, ભાઈને શું કરવા તેડી લાવ્યા । કાલ સવારમાં છે લડાઈ, બળીયા મરશે અટવાઈ ॥૩૮॥
ધર્મ કહે મેં ના પાડી સહી, પણ લાલે તો માન્યું જ નહિ । રાજા પાસે પણ નવ રહ્યા, મારી સાથે જ તૈયાર થયા ॥૩૯॥
પછે બોલ્યા છે જીવનપ્રાણ, અહિનાથ સુણો મુજવાણ । તમે મંડાવ્યો છે જે પગાર, સાઠ રૂપિયા જે નિરધાર ॥૪૦॥
આંહિ નોકરી કરવા રહ્યા છો, લશ્કરના ઉપરી થયા છો । પણ ખરો સમો સચવાય, ત્યારે જશ જગમાં ગવાય ॥૪૧॥
વળી બોલ્યા ઘનશ્યામ એમ, કહો તમારી ઈચ્છા છે કેમ । કહે અનંતજી ઘનશ્યામ, કહું છું રૂડું તમને કામ ॥૪૨॥
તમે દાદા બેઉ જણ સંગે, જાતા રહો શેરમાં ઉમંગે । ત્યારે બોલ્યા ત્રિભુવનરાય, દાદાને જાવું હોય તો જાય ॥૪૩॥
પણ હું નહિ જાઉં આ પળે, તેમના બોલને કોણ કળે । શું કરવા આવ્યા છૈએ અમે, ભાઈ નથી જાણતા તે તમે ॥૪૪॥
એવાં મર્મ ભરેલાં વચન, જ્યારે બોલ્યા છે જગજીવન । મોટા મોટા લશ્કરી છે જેહ, બીજા રહ્યા છે સૈન્યમાં એહ ॥૪૫॥
સુણ્યાં તેમણે આવાં વચન, વિચારીને બોલ્યા નિજમન । બલરામ સુણો સુખકારી, આતો છે કોઈ ચમત્કારી ॥૪૬॥
માટે રેવા દ્યો તમારી પાસ, ભલે ભેગા રહે સુખરાશ । એવું કહી રસોઈ કરાવી, જમાડ્યા બેઉને મન ભાવી ॥૪૭॥
એમ કરતાં નિશા થઈ જ્યારે, સર્વે ભેગા મળી બેઠા ત્યારે । પરસ્પર કરે છે વિચાર, હવે શું કરવું આણીવાર ॥૪૮॥
કાલે સવારે થાશે લડાઈ, સૌનો શું મત છે કહો ભાઈ । એમ ધારે છે સઘળા ધીર, પાસે બેઠા છે શ્યામ શરીર ॥૪૯॥
ત્યાં તો આજુ બાજુનાં જે ગામ, વાર્તા ચાલી રહી ઠામોઠામ । લશ્કર આવે છે લુંટી જાશે, અરર હવે શી ગતિ થાશે ॥૫૦॥
ભય પામીને નાઠા લોક, જ્યાં ત્યાં ધરી મન બહુ શોક । પોતપોતાના પ્રાણ બચાવા, દશે દિશ નાશી જતા હવા ॥૫૧॥
ઘરબાર ભર્યાં સર્વ મુક્યાં, ખરિ વખતે વતન ચુક્યાં । આવી લશ્કર આગળ તે વાત, સૈન્યવાળા થયા રળિયાત ॥૫૨॥
લશ્કરી લોક ગયા તે ઠામ, જેમ લુંટાય તેમ લુંટ્યું ગામ । જેને જે વસ્તુ આવી હાથ, તે લઈને આવ્યા સહુ સાથ ॥૫૩॥
હવે શ્રીહરિએ શું કર્યું છે, દહીં ગોરસ એક હર્યું છે । કંદોઈના ઘરે ગયા નાથ, દહીં માટ આવી ગયું હાથ ॥૫૪॥
તે લઈને આવ્યા છે તતકાળ, ત્યારે કેવા લાગ્યા અહિપાળ । ઘનશ્યામ આમાં તે શું લાવ્યા, દહીંનું ઠામ ઉપાડી આવ્યા ॥૫૫॥
પછી બોલ્યા હરિકૃષ્ણ ત્યાંય, ખરું કામ કર્યું છે મેં આંય । કાલે સવારે થાશે લડાઈ, દહીંના શુકન સુખદાઈ ॥૫૬॥
એથી જ થાશે તમારી જીત, ખરી વાત માની લ્યો ખચીત । તે શુકન જાણી લાવ્યા અમે, તેનાથી જય પામશો તમે ॥૫૭॥

બીજા લાવ્યા છે મીલકત માલ, એમાં શું આવશે કામ હાલ । મરણ પામ્યા કદી યુદ્ધમાંય, રખડતો રેશે માલ આંય ॥૫૮॥
કોણ જાણે તે કોણ આ ખાશે, કોના નશીબનું કેમ થાશે । કામમાં આવશે તતકાળ, આ જમવા થાશે અહિપાળ ॥૫૯॥
એવું સુણીને બેઠા સબળા, સુખે ભેગા મળી ત્યાં સઘળા । શ્રીહરિ પુછે છે ત્યાં વાત, હવે કેમ કરવું કો ભ્રાત ॥૬૦॥
હવે તો તમે કો તેમ કરીએ, ભરાવો તે પગ ભરીએ । ત્યારે કેવા લાગ્યા ઘનશ્યામ, તમો ભાઈ સુણી લ્યો તમામ ॥૬૧॥
અમે કૈયે તે રીતે કરશો, તો જીતી શૂરવીર ઠરશો । ભેગા રાખો બરકમદાર, પેલવાન તે આઠ હજાર ॥૬૨॥
અમે આવીશું તમારી લારે, કેવો રંગ જામે છે તે વારે । બીજા માણસ રેવાદ્યો આંહી, બધાને સાથે લાવશો નહિ ॥૬૩॥
ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યા પ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિ છુપૈયાપુરથી ધર્મદેવ સહિત હિંદીપુર મોટાભાઈ પાસે ગયા એ નામે સત્યાશીમો તરંગ ॥૮૭॥

પૂર્વછાયો – રામશરણજીએ પુછિયું, સુણો ગુરુ સુખસાજ । ત્યાર પછી તે સૈન્યમાંએ, શું કરે છે મહારાજ ॥૧॥
ઘનશ્યામાત્મજ બોલિયા, સુણો શુભમતિ સાર । શ્રીહરિએ કરી સહાયતા, તે કહું સર્વે વિસ્તાર ॥૨॥
અંતરજામી ત્યાં આવ્યા છે, ધારીને કરવા કામ । જીત કરાવવા જોખનની, વ્હાલો તે સુંદર શ્યામ ॥૩॥

ચોપાઈ– બોલ્યા વાલમજી તેણીવાર, સુણો ૧ચક્રીપતિ નિરધાર । આઠ હજાર યોદ્ધા લ્યો સંગે, ચાલો યુદ્ધે જઈએ ઉમંગે ॥૪॥
ત્યારે સર્વે કહે બહુ સારૂં, માન્યું છે એમાં મન અમારૂં । પછી પોતે લાવ્યા છે જે દહીં, મોટાભાઈ આદિ જમ્યા સહી ॥૫॥
થયા યુદ્ધ કરવા તૈયાર, સાથે યોદ્ધા છે આઠ હજાર । ચાલ્યા સૈન્ય લઈને સંગાથ, અગાડી થયા છે દીનોનાથ ॥૬॥
સામા રાજાનું સૈન્ય છે જ્યાંય, ગયા એના સમીપમાં ત્યાંય । સામું સૈન્ય રહ્યું ગાઉ એક, ત્યારે વ્હાલો બોલ્યા છે વિશેક ॥૭॥
તમે ભાઈ સુણો સહુ આજ, હું કહું તેમ કરજ્યો અવાજ । હજાર માણસ સાથે ભડાકા, કરો બંધુકોના જે તડાકા ॥૮॥
બંધ થાવા ન દેશો અવાજ, ત્યારે નિશ્ચે થશે તવ કાજ । દરેકને કરવા હજાર, ફતેહ પામી જાશો આણીવાર ॥૯॥
ચાલતાં થકાં કરવું એમ, પછે જુઓ બને છેત્યાં કેમ । એવું સુણીને એજ પ્રમાણે, કરે સાથે અવાજ તે ટાંણે ॥૧૦॥
રણભૂમિ ભણી ચાલ્યા જાય, જાણે પાત વિદ્યુતના થાય । સિંહનાદ કરે શૂરવીર, શબ્દ ચાલ્યો ગગને ગંભીર ॥૧૧॥
દળ વાદળ પ્યાદળ જોડે, કોપે જાણે કૃતાંતને ત્રોડે । જાણે કાળ ચડીને શું આવ્યો, પ્રલેકાળનો ભય બતાવ્યો ॥૧૨॥
મોટા મહારથીનું એ કામ, સૈન્ય દેખી હારી જાય હામ । થયો સવિતા ધુંધલ વર્ણ, દેખાડ્યું ભયંકર આચરણ ॥૧૩॥
ડોલ્યા દિગ્ગજ ને દિગ્પાલ, કંપી ઉઠી ધરા તતકાળ । પુરૂષોત્તમજીના જે યોધ, જેનો સુણે ત્રિલોક વિરોધ ॥૧૪॥
એવો સૈન્યનો ઠાઠ મચાવ્યો, સામાવાળાને ત્રાસ બતાવ્યો । શત્રુએ જાણ્યું મન મોઝાર, આવે છે સૈન્ય આંહી અપાર ॥૧૫॥
લાખો યોદ્ધાને લેઈને લારે, કોઈક યોદ્ધો આવે છે ભારે । એવું સમઝીને પામ્યા ત્રાસ, સામું સૈન્ય કરે નાસાનાશ ॥૧૬॥
આવ્યું નજીકમાં હવે મોત, જાશું પરબાર્યા પ્રાણ સોત । ઘેર સમાચાર કોણ કેશે, ખબર કોણ કેની આલશે ॥૧૭॥
માટે આંહિથી નાશે તે ભલા, બારે વાટે ભાગી જાઓ અલા । ગોળિયો ચાલે છે ગણેણાટ, ૧હય કરે છે આ હણેણાટ ॥૧૮॥
ત્વરિતા કરીને ત્યાગો ત્યાગો, ભય આવ્યો હવે ભાગો ભાગો । નાઠા પ્રાણ લઈને નાદાર, ભારે યોદ્ધાના છુટિયા માર ॥૧૯॥
કોઈ કોઈની ન જુએ વાટ, ઘડાયો જાણે સર્વેનો ઘાટ । કોઈ કેતું નથી તે આ શું છે, પુછે તેને પરમેશ્વર પુછે ॥૨૦॥
પોતપોતાનાં જે હથિયાર, પડ્યાં મુકીને નાઠા તેવાર । માર્યા માર્યા કહીને તે નાસે, ત્રાહે ત્રાહે કરીને તે ત્રાસે ॥૨૧॥
અસ્ત્ર શસ્ત્ર આદિ તરવાર, ધર્યા રહ્યાં છે ધરણી મોજાર । તોપ રકવચ ભાથા ને બાણ, પડ્યાં રહ્યાં ચાપ ને નિશાણ ॥૨૨॥
રણભૂમિનો કર્યો છે ત્યાગ, લીધો નાસવાનો ભલો લાગ । પાછું જોતા નથી પુંઠ વાળી, કેડે લાગી રહી રંગ તાળી ॥૨૩॥
હાથી ઘોડા મેના સુખપાલ, તંબુ તોપો પડ્યા રહ્યા પાલ । એમ નાશી ગયું સૈન્ય સર્વ, હરિએ ઉતારી નાખ્યો ગર્વ ॥૨૪॥
પ્રભુતા બતાવી છે પ્રમાણ, ઉશત્રુબળ કર્યું ભંગરાણ । પછે અનંત ને ઘનશ્યામ, સૈન્ય સહિત આવ્યા તે ઠામ ॥૨૫॥
જુએ તો પડ્યા છે ખાલી ખોખાં, રણભૂમિનાં સ્થાનક ચોખ્ખાં । કરી આજ્ઞા નટવર નાથે, લેવરાવ્યો તે સામાન સાથે ॥૨૬॥
વાજતે ગાજતે પાછા વળ્યા, જીતીને સૈન્ય ફતેહ મળ્યા । રોપાવ્યું છે પોતાનું નિશાન, એવા બહુનામી ભગવાન ॥૨૭॥
પછે ત્યાં થકી તે ચાલ્યા ગયા, લશ્કરમાં આવી ભેગા થયા । મોટા મોટા જે લશ્કરી હતા, તે હરિ પાસે આવ્યા નમતા ॥૨૮॥
જમાદાર નાયક દીવાન, સર્વે મળ્યા છે મુકીને માન । બોલ્યા પ્રેમ સહિત તે ગીરા, રામપ્રતાપજી સુણો વીરા ॥૨૯॥
તમારા ભાઈ શ્રીઘનશ્યામ, ભલે પધાર્યા પૂરણકામ । એમને આવ્યે આપણી જીત, થઈ છે જાણો સર્વે અભિત ॥૩૦॥
એમ કહીને તૈયાર થયા, સર્વે મહીપતિ પાસે ગયા । રાજાને કહ્યા સૌ સમાચાર, સવિસ્તર હકીકત સાર ॥૩૧॥
રામપ્રતાપના નાના ભ્રાત, એમણે જીતાડ્યા છે વિખ્યાત । એવાં વચન સુણી રાજન, અતિશે થયા મન પ્રસન્ન ॥૩૨॥
રાજાએ વગડાવ્યાં વાજીંત્ર, ઘણું સારૂં થયું મારા મિત્ર । પાસે બોલાવ્યા રાયે દિવાન, વળી પુછે છે દેઈને માન ॥૩૩॥
કેવી રીતે પામ્યા તમે જીત, પુરી વાત કરો દેઈ ચિત્ત । ત્યારે દિવાન કે સુણો રાય, ખરી વાત કહું સુખદાય ॥૩૪॥
રામપ્રતાપના નાના બંધુ, એ આ ઘનશ્યામ ગુણસિંધુ । એમના પ્રતાપે થઈ જીત, યુદ્ધમાં બન્યું છે એવી રીત ॥૩૫॥

રૂડા રાજા થયા બહુરાજી, કરે ઘનશ્યામને આજીજી । પછે મંગાવ્યા પોશાક ભારે, બન્ને ભાઇને આપ્યા તે વારે ॥૩૬॥
વસ્ત્ર આભૂષણ તેહવાર, આપ્યા રૂપિયા પાંચ હજાર । પછે ગાડી આપી એક સારી, વાહન બેસવા તે વિચારી ॥૩૭॥
એવી રીતે કરી મન ભાવ, બેભાઇને આપ્યો સરપાવ । સભામાં બેઠા છે સહુ જન, શ્રીહરિએ દીધાં છે દર્શન ॥૩૮॥
જેવો જેના મને હતો ભાવ, આપ્યો પ્રભુએ તેવો દેખાવ । તેવા રૂપે દેખ્યા ઘનશ્યામ, સર્વે સ્થિર થયા છે તે ઠામ ॥૩૯॥
રાજાએ દેખ્યા સુહૃદરૂપે, મહા તેજસ્વી કાંતિ અનૂપે । એવું જોઇને ભૂપતિ લોભ્યા, સભા સર્વે જોતા થયા ઉભા ॥૪૦॥
લીધો કરમાં મોતીનો હાર, પ્રભુને પેરાવ્યો તેણીવાર । અતિ આનંદ સાથે અપાર, પ્રભુજીને કર્યો નમસ્કાર ॥૪૧॥
પછે આપ્યો રેવાનો મુકામ, રંગમોલસમ વડધામ । રસોઇ કરાવી પૂર્ણ પ્રીતે, પછે જમાડ્યા છે રૂડી રીતે ॥૪૨॥
ખાનપાન દીધાં બહુ માન, સતકાર કર્યો ધરી જ્ઞાન । ધર્મ સહિત જે બેઉ તન, જમીને થયા પ્રસન્ન મન ॥૪૩॥
બીજે દિવસે રામપ્રતાપ, ગયા રાજાજીને પાસે આપ । સુણો વચન મારૂં ભૂપાલ, અમને આપો રજા આકાળ ॥૪૪॥
ઘણા માસ થયા છે આઠારે, હવે ઘેર જાવું છે અમારે । આવ્યા છે મારા બંધુ ને તાત, એ સંગાથે જાવું નક્કી વાત ॥૪૫॥
પછે રાજા થયા છે પ્રસન્ન, રજા આપી છે નિર્મલ મન । ધર્મદેવ પ્રત્યે તે રાજન, બોલ્યા નમ્ર મધુર વચન ॥૪૬॥
તમારા આવ્યાથી મહારાજ, લોક વિષે રહી અમારી લાજ । ત્યારે બોલ્યા છે શ્રીઘનશ્યામ, તમે રાય સુણો રૂડું કામ ॥૪૭॥
પ્રભુએ રાખી તમારી લાજ, અમે શું કરી જાણીએ કાજ । વળી કેવા લાગ્યા નરનાથ, મુને નિશ્ચે થયો મન સાથ ॥૪૮॥
તમે દર્શન દીધું છે આજ, કૃતાર્થ કર્યો મહારાજ । મારી જીત કરાવી છે તમે, એ જરૂર જાણી ગયા અમે ॥૪૯॥
તમે ઈશ્વર છો ઘનશ્યામ, પુરૂષોત્તમ પૂરણકામ । એવું કહી વિવેક કરીને, વલોટાવ્યા છે ભાવ ભરીને ॥૫૦॥
ત્રૈણે બેઠા તે ગાડી મોઝાર, ગયા કાશીજીએ નિર્ધાર । દેવદત્ત પોતાનો જે ગોર, રેછે પથરગલી તે ઠોર ॥૫૧॥
ઉતારો કર્યો છે તેને ઘેર, સ્નાન માટે ગયા રૂડી પેર । જગપાવની ગંગાજી જ્યાંય, મણિકર્ણિકાનો ઘાટ ત્યાંય ॥૫૨॥
સ્નાન કરીને તૈયાર થયા, વિશ્વનાથનાં દર્શને ગયા । કર્યાં દર્શન તેહવારે, પછે આવ્યા પોતાને ઉતારે ॥૫૩॥
રસોઇ કરી જમ્યા ઉમંગે, ઘણા દિવસ રહ્યા ત્યાં રંગે । ત્યાંથી ચાલ્યા હર્ષ કરી ઉર, સર્વે આવ્યા છે છુપૈયાપુર ॥૫૪॥
દેખીને ભક્તિ થયાં પ્રસન્ન, સુવાસિની આદિ બીજાં જન । માતાએ ઉષ્ણ વારી મુકાવ્યું, ત્રૈણે જણાને સ્નાન કરાવ્યું ॥૫૫॥
ક્ષણમાત્રમાં રસોઇ કરી, જમાડ્યા ત્રૈણેને પ્રીત પ્રોઇ । જમી તૃપ્ત થયા છે જીવન, પાનબીડાં લીધાં છે પાવન ॥૫૬॥
પાન જમતા શ્રીવાસુદેવ, આવ્યા આંબલીને હેઠે એવ । ચોત્રા ઉપર બેઠા ચતુર, ત્યાં સખા આવેલા છે જરૂર ॥૫૭॥
હિંદીપુર લડાઇની વાત, કરેછે બેઠા ભૂધરભ્રાત । તે સમે માતાજી આવ્યાં પાસ, જ્યાં બેઠા છે પોતે અવિનાશ ॥૫૮॥
ભક્તિ આવીને ઉભાં સુજાણ, મસ્તકે મુક્યો દક્ષિણ પાણ । પછે શ્રીહરિને માતા પુછે, પુત્ર પીઠે કોને શું વાગ્યું છે ॥૫૯॥
ઘનશ્યામ કહે સુણો માતા, એતો વાગેલું છે સુખદાતા । રાતે પડી ગયા ગાડીમાંથી, બાવળની સુળ વાગી ત્યાંથી ॥૬૦॥
એવું કહી સખા લેઇ સંગે, સ્નાન કરવા ચાલ્યા ઉમંગે । ગયા ધર્મધુરંધર ધીર, નારાયણ સરોવર તીર ॥૬૧॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિએ હિંદીપુરની લડાઇમાં મોટાભાઇની જીત કરાવી એ નામે અઠયાશીમો તરંગ ॥૮૮॥

પૂર્વછાયો – એક સમે એકાદશીએ, જાગરણ કરે છે સાથ । ધર્મદેવ ને જોખનજી, વળી પોતે જે યોગિનાથ ॥૧॥
આંબલી હેઠે ઓટાપર, કરે પ્રભુનું ભજન । નિશાવિષે બેઠા નિરાંતે, સર્વે નિર્મલ મન ॥૨॥
આંબલીનાં પત્ર જીર્ણ થઇ, ખરી પડે છે ત્યાંય । તે દેખીને સંકલ્પ થયો, ધર્મતણા મનમાંય ॥૩॥
મહિના સુધી તે વાળીશું, તોય પડશે હમેશ, આ જગા ચોખી રહેશે નહિ, પત્ર થકી લવલેશ ॥૪॥
પિતાજીનો સંકલ્પ જાણ્યો, નારાયણે નિરધાર । પરમ વિવેકી મહાપ્રભુ, કરે છે મન વિચાર ॥૫॥

ચોપાઇ– શ્રીહરિ એ તે ધાર્યું સંબંધ, પત્ર પડતાં રેજ્યો આ બંધ । પાન ખરે નહિ તોજ સારૂં, એવું શ્રીહરિએ મન ધાર્યું ॥૬॥
એમ કરતાં વીતી ગઇ રાત, બીજે દિવસે થયું પ્રભાત । ત્યારે આવ્યા હતા જેહ જન, ગયા પોતપોતાને ભુવન ॥૭॥
ધર્મદેવ અને મોતીરામ, તે ગયા નવાબગંજ ગામ । રામપ્રતાપ ને પેલવાન, સ્નેહે કરવા ગયા તે સ્નાન ॥૮॥
સતી સુવાસિનીબાઇ ત્યાંથી, કચરો કાઢે છે ઘરમાંથી । મૂર્તિ માતા દોહવા ગયાં ગાય, હવે શું કરે છે જગરાય ॥૯॥
આંબલી નીચે ચોત્રા ઉપર, તેના મધ્યે બેઠા છે ભૂધર । સુખનંદન ને વેણીરામ, એ આદિ સખા આવ્યા તે ઠામ ॥૧૦॥
આવીને બેઠા શ્રીહરિ પાસ, કરી હાસ્ય વિનોદ વિલાસ । ઘનશ્યામજીએ ઇચ્છા કરી, આંબલી પત્ર પડ્યાં છે ખરી ॥૧૧॥
જીર્ણ પત્ર હતાં ત્યાં જેટલાં, સઘળાં ખરી પડ્યાં તેટલાં । બીજાં નવાં આવ્યાં તતકાળ, એક બાકી રહ્યું નથી ડાળ ॥૧૨॥
નવાં પત્ર ઉગ્યાં જેણીવાર, ચાલી વાત છુપૈયા મોઝાર । એક એકને કેવેથી વાત, લોક વિષે થઇછે વિખ્યાત ॥૧૩॥
આવ્યાં ધર્મને ઘેર જે જન, જુવે આંબલી સામું પાવન । નવાં પત્ર દેખી નરનારી, પામે આશ્ચર્ય મન વિચારી ॥૧૪॥
ભક્તિમાતા સુવાસિની બાઇ, તે પણ આવ્યાં જ્યાં બેઠા ભાઇ । જુનાં ખરી પડેલાં ધરણ, એવું અદ્ભુત દેખ્યું આચરણ ॥૧૫॥

આંબલી ઉપર જોયું જ્યારે, નૂતન પત્ર દીઠાં છે ત્યારે । પરસ્પર કરે છે તે વાતો, કોઇ કારણ દીશે છે આતો ॥૧૬॥
જુનાં પત્ર ખરી પડ્યાં હેઠાં, બીજાં નવાં ક્યાંથી આવી બેઠાં । કાલે તો હતાં જુનાં આ પર્ણ । આજ ખરી પડ્યાં છે ધરણ ॥૧૭॥
પત્ર ક્યાંથી આવ્યાં છે આ નવાં, ઋતુએ પ્રગટ્યાં હોય એવાં । એક એકને કહે છે ભિન્ન, ચરિત્ર કર્યું છે તે નવિન ॥૧૮॥
શ્રીહરિએ પેર્યો છે ૧સમીર, આવ્યો વંટોળિયો થઇ ધીર । વેદિકાપર પડ્યાં જે અગ્ર, તે ખેંચી લીધાં પત્ર સમગ્ર ॥૧૯॥
સર્વે કાઢી નાખ્યાં ભૂમિપર, વાળીને જગ્યા કરી સુંદર । વિસ્મે પામી ગયાં સહુ જન, છુપૈયાપુરવાસી પાવન ॥૨૦॥
હરિપ્રસાદને મોતીરામ, બેઉ આવી પોક્યા તેહ ઠામ । દેખીને પુછ્યું છે તેણીવાર, આ શું થયું છે આપણે દ્વાર ॥૨૧॥
ત્યારે બોલ્યા છે ભૂધરભ્રાત, સુણો દાદા કહું સત્ય વાત । એ સંકલ્પ થયો તો તનમાં, ગઇ કાલે તમારા મનમાં ॥૨૨॥
પત્ર ખરતાં હતાં આ ઠાર, તે તમને થયો તો વિચાર । માટે કર્યું છે મેં આવું કાજ, મન જાણી લેજ્યો તમે આજ ॥૨૩॥
તમે રેશો ત્યાં સુધી ન ખરે, નવાં આવ્યાં છે આ તરુવરે । એવું સુણીને થયા પ્રસન્ન, હરિપ્રસાદજી નિજ મન ॥૨૪॥
વળી એક દિવસને સમે, ધર્મના બારણે નટ રમે । કરી પોતાની રમત સાર, ખેલ કરી બતાવ્યા તેવાર ॥૨૫॥
નટે સર્વે જનોને રિઝવ્યા, તિયાં શ્રીહરિ જોવાને આવ્યા । સખા સહિત ધર્મકુમાર, વેણી માધવ ને ગુલઝાર ॥૨૬॥
વળી પ્રયાગને ઇચ્છારામ, ફકીરી આદિ છે અભિરામ । કેટલા ત્યાં બીજા હતા સખા, જોઇ રમતને દિલ હરખ્યા ॥૨૭॥
એ રમત જોઇ ઘણીવાર, નટ રમી રહ્યા તેહઠાર । મોતીરામ ને હરિપ્રસાદે, શીખ આપી છે સારી આનંદે ॥૨૮॥
નટ રાજી થયા અતિ ઉર, ત્યાંથી ગયા તે પીરોજપુર । શ્રીહરિ સખા લઇને સંગે, ગયા પીરોજપુરે ઉમંગે ॥૨૯॥
નટ જોવાની મરજી સારી, માટે ગયા ત્યાં દેવ મોરારી । આનંદ ત્રવાડીને ત્યાં રમ્યા, નટ સર્વે લોકને તે ગમ્યા ॥૩૦॥
ત્યારે જોયા છે ત્યાં ઘણીવાર, પછે ઉઠ્યા પોતે કીરતાર । સખા સહિત તે ચાલ્યા જાય, અતિ આનંદ ઉર ન માય ॥૩૧॥
સોનીને બગીચે ગયા આપ, ત્યાંથી પણ ચાલ્યા છે અમાપ । દુંદ ત્રવાડીનો કૂપ જેહ, નામ બહિરિ આવ્યો છે તેહ ॥૩૨॥
બેઠા કૂવા ઉપર બહુનામી, સખા સહિત સુંદર સ્વામી । ધ્યાન ચુક્યા સર્વ તેહ ઠામ, કુવામાં પડિયા ઇચ્છારામ ॥૩૩॥
જુડાવર વણિકનો તન, તેણે દેખ્યા તે થાતા પતન । બુમ પાડીને ઉભો થયો છે, ગિરિધારીને પાસે ગયો છે ॥૩૪॥
હે હરિકૃષ્ણ હે ઘનશ્યામ, કુવામાં પડ્યા છે ઇચ્છા-રામ । એવું સુણીને શ્રીઅલબેલ, બેઠા બેઠા કર્યો જુવો ખેલ ॥૩૫॥
કુવા સામી દષ્ટિ કરી જોયું, પાણી પાતાળે સમાઇ ગયું । કુપમાંહિ બોલ્યા ઇચ્છારામ, તમે ભાઇ સુણો ઘનશ્યામ ॥૩૬॥
મારૂં સાજું રહ્યું છે શરીર, નથી કુવામાં પાણી લગીર । મુને વાગ્યું નથી કાંઇ અંગે, બેઠો થકો આંહિ રમું રંગે ॥૩૭॥
એમ કેછે પરસ્પર વાત, થઇ છુપૈયામાં તે વિખ્યાત । શીઘ્રતાથી આવ્યા ત્યાં ધરમ, પ્રભુજીને પુછી જોયું પરમ ॥૩૮॥
ભાઇ ક્યાં ગયા છે ઇચ્છારામ, ખરી વાત કહો ઘનશ્યામ । એવો સાદ સુણ્યો અભિરામ, કૂપમાંહી બોલ્યા ઇચ્છારામ ॥૩૯॥
દાદા કુવામાં પડી ગયો છું, પણ કુશળ ક્ષેમ રહ્યો છું । ઘનશ્યામના પ્રતાપે કરી, મુને વાગ્યું નથી કાંઇ જરી ॥૪૦॥
પિતા ચિંતા ન કરશો તમે, સુખી આનંદમાં છૈયે અમે । એમ કહેછે ત્યાં ઇચ્છારામ, કર્યું છે ત્યાં પ્રભુજીએ શું કામ ॥૪૧॥
સૌની નજરે જોતાં સત્વર, વાલિડે વધાર્યા બેઉ કર । ઇચ્છારામને તો તેડી લીધા, કુવામાંથી બાર મુકી દીધા ॥૪૨॥
આવ્યું કૂપમાં જળ અપાર, ભરાણું છે વળી તેહ ઠાર । અકસ્માત ભરાણો ત્યાં કૂપ, તેહ જોયું ચરિત્ર અનૂપ ॥૪૩॥
પામ્યાં આશ્ચર્ય સર્વે એ જન, ગયાં પોતપોતાને ભુવન । સાથે લેઇને બેઉ કુમાર, ધર્મદેવ આવ્યા નિજ દ્વાર ॥૪૪॥
એવાં કરે ચરિત્ર અપાર, સુખ આપે અપરમપાર । છુપૈયાપુરના વાસી લોક, ધન્ય ભાગ્ય પામ્યાં છે અશોક ॥૪૫॥
મળ્યા જેને પ્રગટ પ્રમાણ, વારે વારે શું કરૂં વખાણ । પામ્યાં નિત્ય પ્રગટનો જોગ, ટળી ગયો ભવજળરોગ ॥૪૬॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિએ ઇચ્છારામભાઇને કુવામાંથી બાર કાઢ્યા એ નામે નવાશીમો તરંગ ॥૮૯॥

પૂર્વછાયો – સુવાસિની ત્યાં કેવા લાગ્યાં, સુણતાં સર્વ સમાજ । ઘર સુધરાવા માટે લાવો, વાંસ જઇને આજ ॥૧॥
માતાજી પણ કેવા લાગ્યાં, ખરી કહે છે તે વાત । વાંસ લાવો ઘરને માટે, નવીન થાય વિખ્યાત ॥૨॥
એવું સુણીને જોખનજી, સાથે શ્રીઘનશ્યામ । મોતીરામનું ગાડું જોડ્યું, ધર્મ સહિત તે ઠામ ॥૩॥
પછી ચાલ્યા વાંસ કાપવા, ગાડું લેઇ ગુણવાન । નરેચા ગામ વચ્ચે થઇ, ચાલ્યા જાય બળવાન ॥૪॥
સન્માનસિંહની હવેલી, સુંદર શોભાયમાન, તે પાસે થઇ આગળ ચાલ્યા, ભયહારી ભગવાન ॥૫॥

ચોપાઇ– ગયા કલ્યાણ સાગર તીર, તેથી ઉત્તર દિશામાં ધીર । ત્યાં છે વાંસતણું એક વન, તેને કાપવા લાગ્યા જોખન ॥૬॥
કપાવીને ગાડામાં ભરે છે, કળ બળથી કામ કરે છે । ત્યાં કર્યું છે પ્રભુએ ચરિત્ર, સુણે તે જન થાય પવિત્ર ॥૭॥
ત્રિશ વામનો વાંસ છે એક, અતિ ઉંચો વિશાળ વિશેક । એવો વાંસ જોઇને મોહન, ઉપાડી લેવા ધાર્યો છે મન ॥૮॥
સૌને દેખતે દીનદયાળ, મૂળમાંથી ઉખેડ્યો તે કાળ । એક ડાબે કરે ખેંચી લીધો, વાલે શકટમાં મુકી દીધો ॥૯॥
મહા કઠણ વજ્ર સમાન, ઘણો ગંભીરને બોજવાન । વાંસ ઉપાડ્યો છે જેણીવાર, ધરા કંપ થયો છે અપાર ॥૧૦॥

વાપ્યો શબ્દ ભયંકર ઘોર, વ્યોમ મારગમાં ગયો શોર । તે સમે રાજા સન્માન સંગ, આવ્યા છે જોવા કરી ઉમંગ ॥૧૧॥
ઓરી પાંડે અને કૃપારામ, એ આદિ ઘણા જન તે ઠામ । પામ્યા આશ્ચર્ય દેખીને મન, કરે પ્રશંસા ત્યાં સહુ જન ॥૧૨॥
ધન્ય શ્રીઘનશ્યામનું બળ, આ તો કામ કર્યું છે અકળ । છે આ વાંસ ગગન ચુંબિત, ઉપાડી લીધો એવા અજીત ॥૧૩॥
ધન્ય વીર છે ધર્મ કુમાર, નથી એમના બળનો પાર । મુક્યો શકટમાં મહારાજ, બીજા કોઈથી ન બને કાજ ॥૧૪॥
એવું કહી કર્યા નમસ્કાર, ગયા નિજ સદન મોઝાર । મોતીત્રવાડી રામપ્રતાપ, શ્રીહરિકૃષ્ણ સહિત આપ ॥૧૫॥
ચાલ્યા શકટ જોડી તે વાર, આવ્યા છુપૈયાપુર મોઝાર । તે ચરિત્રની વાર્તા લહી, છુપૈયાવાસી જનને કહી ॥૧૬॥
વળી એકસમે ધર્મદેવ, શરણામગંજે જાવું છે એવ । કાંઈ કામ પ્રસંગે ઉમંગે, થયા તૈયાર તે રૂડે રંગે ॥૧૭॥
અવિનાશી કે અહિનાથ, ભાઈ જાવો તમે દાદા સાથ । કૃષ્ણ કે આજ ન જૈયે અમે, પિતાજીને સંગે જાઓ તમે ॥૧૮॥
મોટાભાઈ કહે ઘનશ્યામ, મારે જાવું છે તીનવે ગામ । માટે મારાથી નહિ જવાય, તમે જાઓ સાથે હરિરાય ॥૧૯॥
મોટાભાઈ સત્ય માનો તમે, આજ તો નહિ જૈયે જ અમે । કાલે દાદાના સંગાથે જૈશું, કેશો તે સમે તૈયાર રૈશું ॥૨૦॥
એવાં વચન કહ્યાં છે ઠીક, પણ લાગી છે બંધુની બીક । ગૂઢ ગતિએ તૈયાર થયા, નારાયણસરોવરે ગયા ॥૨૧॥
કોટિ બ્રહ્માંડને જે કંપાવે, મોટા દિગ્ગજને એ ડરાવે । ક્ષણ માત્રમાં પ્રલે કરે છે, મોટાભાઈની ધાસ્તિ ધરે છે ॥૨૨॥
સુણો શ્રોતા જે વિવેકી જન, કોઈ સંદેહ ધરશો ન મન । આતો પ્રાકૃત ચેષ્ટા બતાવે, પણ દીલ હશે બીજે દાવે ॥૨૩॥
એના મર્મને જાણે શું જન, નિજ ધાર્યું કરે ભગવન । બીક ધારી છે મોહનવરે, ગયા નારાયણસરોવરે ॥૨૪॥
ભાઈ તે કેડે તૈયાર થયા, ઝાલવાને માટે તરત ગયા । મોટાભાઈને આવતા જોયા, ત્યાંથી નાઠા વાલો મન મોહ્યા ॥૨૫॥
ગામ ગાયઘાટે ગયા હરિ, અહિરાજ વિચારે છે ફરી । ભયને લીધેથી નાશી જાશે, મારાથી પછે કેમ ઝલાશે ॥૨૬॥
મારા વાળ્યા તે તો નહિ વળે, માટે પાછો જાઉં હું આ પળે । પાછા વળ્યા કરીને વિચાર, મોટાભાઈ આવ્યા નિજ દ્વાર ॥૨૭॥
ગયા મામાને ગામ તે શ્યામ, પુરૂષોત્તમ પૂરણકામ । મૂર્તામામીએ કર્યો વિવેક, રૂડી રસોઈ કરી વિશેક ॥૨૮॥
રસ રોટલી કરી તૈયાર, બોલ્યા પૂરણ પ્રેમે તે વાર । હે હરિકૃષ્ણ જમવા આવો, તમારા મામાને તેડી લાવો ॥૨૯॥
એવું સુણીને શ્રીયોગિનાથ, જમવા બેઠા મામા સંગાથ । હવે છુપૈયા વિષે શું થાય, મૂર્તિમાતા કરે છે ચિંતાય ॥૩૦॥
મોટાભાઈને કે શોધી લાવો, ઘનશ્યામને તેડીને આવો । ચાલ્યા ચક્રીપતિ મતિ ધીર, ગયા નારાયણસર તીર ॥૩૧॥
કર્યો છે પોતે જૈને તપાસ, ત્યાં દીઠા નહિ શ્રીઅવિનાશ । ચાલ્યા કરતા મન ઉચાટ, વેગે ગયા ગામ ગાયઘાટ ॥૩૨॥
સુબોધને ઘેર તે ગયા છે, ભયહારી ત્યાં ભેગા થયા છે । વળતાં બોલ્યા ભાઈ વચન, સુણો શ્રીઘનશ્યામ જીવન ॥૩૩॥
નિત્યે નાસીને તમે આવો છો, શિદ મુને કેડે દોડાવો છો । તમારી સુધ લેવાને કાજ, આવવું પડે છે મહારાજ ॥૩૪॥
તેવું શું કરવાને કરો છો, પ્રભુજી નાસતા શું ફરો છો । ત્યારે બોલ્યા છે પૂરણબ્રહ્મ, સુણો વડીલ બંધુ તે મર્મ ॥૩૫॥
વારે વારે ડરાવો અમને, હવે શું ઘણું કહીએ તમને । તેથી નાસીને આવું છું આંહી, ખરી વાત તમોને મેં કહી ॥૩૬॥
પછે બોલ્યા છે વડીલ બંધુ, હવે ઘેર ચાલો દીનબંધુ । દીદીનું તો છે ઉદાસી મન, તમો વિના જમે નહિ અન્ન ॥૩૭॥
પ્રભુએ સુણી જ્યાં એવી પેર, ત્વરિતાથી આવ્યા બેઉ ઘેર । ભક્તિમાતાએ નજરે જોયા, ખરા મનના ઉચાટ ખોયા ॥૩૮॥
પામ્યાં મનમાં મુદ અપાર, પાસે બોલાવ્યા ત્રૈણે કુમાર । પછે પુત્રને લેઈને સંગે, જમવા બેઠા આપ ઉમંગે ॥૩૯॥
વળી એકસમે ઘનશ્યામ, સખા સહિત સુંદરશ્યામ । ઈચ્છારામ આદિ તે સધાવ્યા, નારાયણસરોવરે આવ્યા ॥૪૦॥
વાલિડે ત્યાંથી કર્યું વિચરણ, પૂર્વદિશામાં અશરણશરણ । ત્યાં છે શિષવનો તરુ જેહ, તેની હેઠે આવ્યા સહુ એહ ॥૪૧॥
મળીને બેઠા છે સર્વે મિત્ર, બોલ્યા પ્રગટ પ્રભુ પવિત્ર । સુણો સર્વ સખા એક વાત, કાલે સવારે જાગો પ્રભાત ॥૪૨॥
વ્હેલા ઉઠીને પ્રાતઃકાળ, આવજ્યો આ બાગે સહુ બાળ । ત્યાં છે સુંદર કેરીની સાખો, આંબા ઉપર હજારો લાખો ॥૪૩॥
તે લેવા સારૂં આવજ્યો તમે, બ્રાહ્મ મુહૂર્તે આવશું અમે । તેહ સુણી બોલ્યા વેણીરામ, તમે ઠીક કોછો ઘનશ્યામ ॥૪૪॥
પણ સઘળા સખાને આજ, આંબા વેંચી આપો મહારાજ । એકેકો આંબો સર્વેને આપો, જેને આપો તેનો કરી થાપો ॥૪૫॥
કોઈ કોઈને આંબે ન જાય, એક બીજાની કેરી ન ખાય । એનું કારણ છે એક નોખું, પ્રાણવલ્લભ કહું છું ચોખું ॥૪૬॥
બહુ નાના છે આ સર્વ મિત્ર, ઈચ્છારામજી જેવા પવિત્ર । આપણ સાથે વેણી ન શકે, મોટાની જોડે તે નવ ટકે ॥૪૭॥
જે જેના ભાગ્યમાં જેમ હશે, તેટલી તેમ જ તેને થશે । એમાં મળે જો ઓછી વધારે, કોઈ કોઈનો દોષ ન ધારે ॥૪૮॥
તેની ચિંતા નહિ લવલેશ, માટે એમ જ રાખો મુનેશ । એવું વચન સુણ્યું જે વાર, ત્યારે બોલ્યા છે ધર્મકુમાર ॥૪૯॥
દહીએ આંબે વેણીરામ જાજ્યો, એની સાખો તમે લેઈ ખાજ્યો । ભૈરવેઆંબે વાસુદેવ જાય, એનો ભાગ સુખેથી એ ખાય ॥૫૦॥
કટવેઆંબે સુખનંદન, સાખો લેજ્યો કરીને વંદન, ભદુહેઆંબે ગવરીદત્ત, કેસરીએ ઈચ્છારામ સત ॥૫૧॥
લોઢવાનામે આંબો છે જેહ, માનદત્તને આપ્યો છે તેહ । એકેકો આંબો સર્વેને આપ્યો, વેણીરામનો સંશય કાપ્યો ॥૫૨॥
પછે બોલ્યા પ્રીતમ પ્રમાણ, સુણો સર્વે સખા મુજ વાણ । પોતપોતાનો આંબો છે જ્યાંય, વ્હેલા ઉઠી જાજ્યો સહુ ત્યાંય ॥૫૩॥

સાખો સુંદર વેણી લાવજ્યો, નારાયણસરે જ આવજ્યો । એમ ધારી મનોરથ મન, ગયા પોતપોતાને ભુવન ॥૫૪॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિ ગાયઘાટે મામાને ઘેર રસ રોટલી જમ્યા ને સખાઓને આંબા વેંચી આપ્યા એ નામે નેવુંમો તરંગ ॥૯૦॥

પૂર્વછાયો– રામશરણજીયે પુછીયું, સુણો શ્રીમહારાજ । આંબા વેંચીને ઘેર ગયા, પછે શું કર્યું એહ કાજ ॥૧॥
સ્નેહથી સંભળાવો મુને, પાવન પુન્ય પવિત્ર । તૃપ્તિ થાતી નથી મનમાં, સુણતાં રૂડાં ચરિત્ર ॥૨॥
અવધપ્રસાદજી બોલિયા, સુણો ભાઇ તમે સાર। સખા સાથે પછે શું કર્યું, તે કહું સર્વે વિસ્તાર ॥૩॥
બીજે દિવસે બ્રાહ્મ મુહૂર્તમાં, ઉઠી ચાલ્યા તે વાર । સખા સંગે ગયા સાખો લેવા, કહ્યા પ્રમાણે કુમાર ॥૪॥
પોતપોતાને આંબે ગયા, સખા મળીને સમાજ । કેસરી આંબો ચુકી ગયા, ઇચ્છારામ મહારાજ ॥૫॥
અંધારાને જોગે કરીને, ભુલી ગયા તે શરત । જાંબુના તરુ નીચે બેઠા, સાખો લેવા સારુ તરત ॥૬॥

ચોપાઇ– બેઠા જાંબુના થડે જઇને, અંધારામાં તે સ્થિર થઇને । હાલે સાખો પડશે આ ઠાર, એમ ધારી બેઠા છે તે વાર ॥૭॥
આશા રાખી છે મન ઘણેરી, જાંબુડામાં કયાંથી મળે કેરી । સાખો પડશે તે તો જાણીશું, પછે ઉભા થઇને વેણીશું ॥૮॥
ઘણીવાર બેઠા ધરી ટેક, પણ સાખ પડી નહિ એક । ત્યાંતો સર્વે સખા મળી આવ્યા, પોતપોતાની સાખો તે લાવ્યા ॥૯॥
મળ્યા શ્રીહરિને સખા જન, ત્યારે વ્હાલો બોલ્યા છે વચન । ઇચ્છારામ સાચું કહી દાખો, તમારે કેટલી થઇ સાખો ॥૧૦॥
ગ્લાની પામી ગયા નાનાબંધુ, ઉઠ્યા નમ્ર થઇ ગુણસિંધુ । પછી ઉચર્યા તે ઇચ્છારામ, મોટાભાઇ સુણો ઘનશ્યામ ॥૧૧॥
હતું અંધારૂં તમ લગાર, હું તો બેસી રહ્યો તો આ ઠાર । પછે શ્રીહરિ કે બહુ સારૂં, કાંઇ ચિંતા ન રાખશો વારૂં ॥૧૨॥
તમારા આંબાની સાખો જેહ, મંછારામ વેણી લાવ્યા તેહ । ત્યારે તેમને કે મહારાજ, અર્ધો ભાગ આપો તમે આજ ॥૧૩॥
ઇચ્છારામને આપો જ તમે, ખરી વાત કૈયે છૈયે અમે । મંછારામ કે ન આપું એમ, ભાઇ વહેલા આવ્યા નહિં કેમ ॥૧૪॥
વળી કેવા લાગ્યા ઇચ્છારામ, આજ ભુલ્યો છું હું બધું કામ । કેસરીયા આંબાની છે ભ્રાંતિ, જાંબુના વૃક્ષે બેઠો નિરાંતિ ॥૧૫॥
અંધારામાં ભુલી ગયો ભાન, આંબાની ન રહી સુધસાન । શ્રીહરિ બોલ્યા આપીને ધીર, ભાઇ થાશો નહિ દીલગીર ॥૧૬॥
એ ન આપે તો ચાલ્યું રેવા દ્યો, હવે તો એ વાતને જાવા દ્યો । ચાલો જાંબુમાંથી સાખો આપું, તમારી ભ્રાંતિનું દુઃખ કાપું ॥૧૭॥
તે કેરી કરતાં ઘણી ઇષ્ટ, જાંબુથી ઉતારું અતિ મિષ્ટ । એમ કહીને જાંબુનું વૃક્ષ, તેના સામું જોયું કરી ચક્ષ ॥૧૮॥
સાખો પડવા લાગી તે વાર, ઘણી સારીને મીઠી અપાર । પામ્યા આનંદ ત્યાં ઇચ્છારામ, સાખો વેણી લીધી થયું કામ ॥૧૯॥
ત્યાંથી ચાલ્યા સખા સહુ સંગે, નારાયણસર ત્યાં ઉમંગે । પોતપોતાની સાખો છે જેહ, જોવા લાગ્યા તપાસીને તેહ ॥૨૦॥
સૌને આંબાની સાખો દેખાણી, વારે વારે જુવે છે વખાણી । મંછારામનું બગડ્યું કામ, તેના કરતા શ્રીઘનશ્યામ ॥૨૧॥
ખોળામાં જોવા જાય છે જ્યારે, જાંબુનાં ફળ દેખ્યાં છે ત્યારે । ભાળી જાંબુને ભાઇ ભડક્યા, થયા નિરાશ મન અટક્યા ॥૨૨॥
આંબાની સાખો લાવ્યો છું આજ, કોણે જાંબુ કર્યાં મહારાજ । કોણ સાખો મારી લેઇ ગયું, અણધાર્યું આ વિપ્રીત થયું ॥૨૩॥
સખા સઘળા કરે છે હાસ, મંદમંદ હસે અવિનાશ । ગતિ શ્રીઘનશ્યામની ગૂઢ, મંછારામ થયા દિગમૂઢ ॥૨૪॥
ધીરે રહી બોલ્યા નરવીર, મંછારામ રાખો મન ધીર । ઇચ્છારામતણો આંબો જેહ, તેની સાખો લાવ્યા તમે તેહ ॥૨૫॥
તમે તો આગવી વેણી લીધી, ઇચ્છારામને અર્ધી ન દીધી । અમે કહ્યું તોયે નવ માન્યું, બતાવો છો હવે ખોટું બાનું ॥૨૬॥
સાખો જો ખાવી હોય તમારે, અર્ધો ભાગ આપો આણીવારે । નહિ તો પાંશરા જાઓ ઘેર, જાંબુડાં ખાઇને કરો લેર ॥૨૭॥
પછે સમજ્યા છે મંછારામ, ઘનશ્યામનું હશે આ કામ । ખાવા નહિ દે એ મુને સુખે, માટે આપું તેના સનમુખે ॥૨૮॥
એવું ધારીને આપ્યો છે લાગ, જાંબુડામાંથી અર્ધો ભાગ । ઇચ્છારામને આપ્યો છે જ્યારે, મન શાંત પડી ગયું ત્યારે ॥૨૯॥
બેઉ જણ જુએ પોતા પાસ, જાંબુની થઇ કેરી પ્રકાશ । એવી લીલા કરે છે અપાર, બીજું ચરિત્ર કહું આ વાર ॥૩૦॥
આંબાની ડાળ ઉપર એક, કોકીલા શબ્દ કરે વિશેક । રૂડો કંઠ મધુરો છે સાદ, ઇચ્છારામે સુણ્યો છે તે વાદ ॥૩૧॥
શ્રીહરિને ઇચ્છારામ કે છે, ભાઇ કોકીલા કેવી બોલે છે । તેને પકડીને લઇ ચાલો, ઘેર લઇ જાવા સારુ ઝાલો ॥૩૨॥
એવું સુણીને શ્રી અલબેલો, ખેલ કરેછે સુંદરછેલો । એક સાખ લીધી નિજ હાથ, કર ઉંચો કર્યો યોગિનાથ ॥૩૩॥
કોકીલાને એ કેરી બતાવી, તરત શ્રીહરિ સન્મુખ આવી । પ્રભુજીના કર પર બેઠી, બોલે વાણી મધુરી તે મીઠી ॥૩૪॥
જગજીવન કે ઇચ્છારામ, જુવો કોકીલા આવી આ ઠામ । કેરી દેખાડીને લલચાવી, તમે કહેતા હતા તે આવી ॥૩૫॥
પણ કેરીતો ખાવા દ્યો હાલ, પછીથી દેખશું એનો ખ્યાલ । એમ કહી ચાલ્યા થોડે દૂર, કોકીલા ઉડી ગઇ જરૂર ॥૩૬॥
જઇને બેઠી પોતાના સ્થાને, પછે શું કર્યું છે ભગવાને । સખા સહિત શ્રીનરવીર, સાખો જમીને ગયા સધીર ॥૩૭॥
તળાવમાં ધોવા આવ્યા કર, મિત્રની સાથે શ્રીહરિવર । તે સમે વણિક ગંગાદીન, તેની સ્ત્રી ગવરીબાઇ ભીન્ન ॥૩૮॥
જળ ભરવા આવી તે સ્થાન, તેણે દેખ્યા છે શ્રીભગવાન । સખા સાથે ધુવે છે જ્યાં હાથ, ત્યારે બોલ્યાં ગવરીસનાથ ॥૩૯॥

કામ જાણ્યું છે તમારું અમે, એકીલા સાખો જમ્યા શું તમે । મામીને તો આપી નહિ એક, વારૂ વાલિડા વાળ્યો વિશેક ॥૪૦॥
એવું સુણીને હાસ્ય વચન, પછી બોલ્યા તે શ્રીભગવન । લેવી હોય જો સાખ તમારે, આજ આવજો ઘેર અમારે ॥૪૧॥
એવું કહી આવ્યા નીરબાર, કોડિલાલાલ ધર્મકુમાર । ગવરીબાઇએ ભર્યું નીર, ચાલ્યાં નિજ ઘરે મતિ સ્થિર ॥૪૨॥
કેડે આવે છે જગ કીરતાર, કર લાંબો કર્યો નિરધાર । ઉપર કુંભ જળનો જેહ, તેમાં સાંખ મુકી એક એહ ॥૪૩॥
પછે પ્રીતમ ઘેર પધાર્યા, અતિ ઉત્તમ નેહ વધાર્યા । ગવરીબા ગયાં નિજ ઘેર, બેડું ઉતારે છે રુડી પેર ॥૪૪॥
જેવાં હેઠે ઉતારવા જાય, કુંભમાંઇ તે સાખ દેખાય । દેખી આશ્ચર્ય પામી છે મન, અહો ક્યાંથી કેરી આ પાવન ॥૪૫॥
કરે પોતાના મને વિચાર, કેરી કોણે મુકી નિરધાર । આતો ઘનશ્યામજીનું કામ, બીજા કોઈની ચાલે નહિ હામ ॥૪૬॥
એમ વિચાર કરતી સતી, સાખ લેઇ ચાલી શુભ મતી । આવી ભક્તિમાતા કેરે દ્વાર, ત્યાંતો ઉભા છે ધર્મકુમાર ॥૪૭॥
કેછે શ્રીહરિને સુણો લેરી, તમે ઘટમાં મુકીતી કેરી । કૃષ્ણ કે હા મેં મુકીતી ખરી, તમારા કુંભમધ્યે આ કેરી ॥૪૮॥
ગવરીબા કે સુંદરશ્યામ, કેવી રીતે તમે કર્યું કામ । મારગમાં ધ્યાન હું નથી ચુકી, તમે કેરી કેવી રીતે મુકી ॥૪૯॥
મુને ખબર ન પડે જેમ, તમે દિવ્યભાવે મુકી તેમ । વાલિડો કે તમે એ શું જાણો, અતિ લાઘવતા શું પ્રમાણો ॥૫૦॥
તમને ખબર પડે જેમ, શું કરવા અમે મુકીએ તેમ । એવું સુણીને આનંદ પામી, ગવરી તો ગઈ શિર નામી ॥૫૧॥
પછે સાંજ સમો થયો જ્યારે, પ્રભુએ કર્યાં ભોજન ત્યારે । સખાસંગે લેઈ સુખધામ, ચાલ્યા ઘરથકી ઘનશ્યામ ॥૫૨॥
ગયા બજારમાં ગિરિધારી, ભવતારણ શ્રીભયહારી । બંશીધર હલવાઈ સ્થાન, ચૌટામધ્યે છે એની દુકાન ॥૫૩॥
કીચડ થયો છે દુકાન આગે, નીલકંઠ ગયા એવે લાગે । ખસી ગયો ત્યાં વ્હાલાનો ચરણ, તેથી થયો છે કીચડ વરણ ॥૫૪॥
એવું જોઈને સુખનંદન, બોલ્યા વાલપણેથી વચન । ચાલો આ બહિરી કુવા પાસ, તવ ચરણ ધોવું અવિનાશ ॥૫૫॥
એમ કેતા છતા ગયા કુવે, હવે ચરણ કેવી રીતે ધુવે । એક વણિકની પુત્રી વારું, રામકુંવર નામ છે સારૂં ॥૫૬॥
નીર ભરતી હતી કિનારે, કુંભ ખેંચીને બોલી તેવારે । આવો શ્રીહરિ અશરણશરણ, ધોવરાવું તમારા હું ચરણ ॥૫૭॥
વ્હાલો કે થનારૂં હશે તે થાશે, એની મેળે આ ચરણ ધોવાશે । એવું કહી કુવાને કિનારે, પ્યારો બેઠા મનમાં વિચારે ॥૫૮॥
મુક્યા કૂપમાંહિ નીચા ચરણ, કાંઠા ઉપર બેઠા રુડે વરણ । ત્યાં તો આવ્યા ૧પાશી તતકાળ, કર્યાં વાલાના પાદપખાલ ॥૫૯॥
એવું દેખી બાઈઓ સહિત, ઘણા લોક જુવે કરી હિત । પામ્યા આશ્ચર્ય મન અપાર, ત્યાંથી ચાલ્યા છે ધર્મકુમાર ॥૬૦॥
ગયા ખંપાસરોવર તીર, સખાસહિત ગુણગંભીર । ત્યાં બેઠાછે હરિદાસ બાવો, મળ્યો ઉત્તમ તેહને લાવો ॥૬૧॥
સરોવરમાં થયાં છે રકંજ, ઉતારી લીધાં તેમાંથી ગંજ । તેનો ગુંથ્યોછે સુંદર હાર, વાલિડાને પેરાવ્યો તેવાર ॥૬૨॥
એવો ભાવ દેખી ભગવન, થયા પ્રગટ પ્રભુ પ્રસન્ન । બોલ્યા બાવાજી પ્રત્યે વચન, હરિદાસ સુણો ધરી મન ॥૬૩॥
મારે વિષે તમારું છે મન, તેથી સત્સંગ પામશો જન । પેરાવ્યો છે આ કંજનો હાર, ષટ્પદ કરે ત્યાં ગુંજાર ॥૬૪॥
તેને કંજમાં છે જેવું હેત, અતિઆનંદ પ્રેમસમેત । એવી પ્રીતિ થશે મમ ચરણે, તમને રાખીશું નિત્ય શરણે ॥૬૫॥
એમ થયા પ્રભુજી પ્રસન્ન, બાવાજીને આપ્યું છે વચન । અઢળક ઢળ્યા ભગવન, સખા સંગે આવ્યા છે ઉસદન ॥૬૬॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રી હરિ સખાઓને લેઈને બગીચામાં સાખો ખાવા ગયા ને વરુણદેવે શ્રીહરિનાં ચરણ ધોયાં ને હરિદાસ બાવાને વર આપ્યો એ નામે એકાણુંમો તરંગઃ ॥૯૧॥

રાગ સામેરી– એકસમે એકાદશીએ, ઉત્તમ વ્રત કેવાય । ઘનશ્યામને સંગે લઈને, ધર્મદેવ તે નાવા જાય ॥૧॥
રામસાગરે ગયા પોતે, કરીને દિલમાં ભાવ । તેસમે નવરંગા આંબે, બેઠા નટવર નાવ ॥૨॥
ધર્મદેવ સરોવરમાં, સુખે કરે છે સ્નાન । પછે પિતાની પાસે ગયા, નાવા સારું ભગવાન ॥૩॥
એસમે એક અસુર આવ્યો, પાપી અઘનું ધામ । પૂર્વનું વેર સંભારતો, કરવા તે કુડું કામ ॥૪॥
શ્રીઘનશ્યામને મારવા, સંકલ્પ કર્યો છે મન । કપટથી આવ્યો જળમાં, ધરી મઘરનું તન ॥૫॥
અંતરજામીએ જાણ્યો એને, વ્હાલે કર્યો છે વિચાર । ઉતાવળથી સ્નાન કરી, બહુનામી આવ્યા છે બહાર ॥૬॥
પીરોજપુરના બઈજા, આવ્યા તે સમે ત્યાંય । વસ્ત્ર ઉતારીને વારિમાં, સ્નાન કરેછે જ્યાંય ॥૭॥
શ્રીઘનશ્યામની ભ્રાંતિયે, મઘરે ઝાલ્યો છે ચરણ । બૈજુ ત્રવાડી બુમ પાડી, મારું આવ્યું જાણે મરણ ॥૮॥
ભાઇ મુને ઝાલ્યો મઘરે, ખેંચીને જાશે આજ । કોઈ છોડાવો આસમે તો, થાય માહેરું કાજ ॥૯॥
એવું સુણી જન સઘળા, બારે ઉભા હતા જેહ । હરિપ્રસાદને બોલાવ્યા, જળથી બારણે તેહ ॥૧૦॥
બૈજુ ત્રવાડીનો બાપછે, ત્રવાડી આનંદ નામ । તળાવને કાંઠે ઉભા છે, પાસે રહ્યા ઘનશ્યામ ॥૧૧॥
કરજોડીને કેવા લાગ્યા, અવિનાશીને આનંદ । ઘનશ્યામ મુજ સુતને, છોડાવો સુખકંદ ॥૧૨॥
મઘરથી મુકાવો એને, રક્ષા કરો મહારાજ । તમે જીવાડો ત્યારે જીવે, નહિ તો મરશે આજ ॥૧૩॥

એમ સાંભળતાં ઉભા છે, સોટી ગ્રહીછે પાણ । દયા આવીછે દયાળુને, સુણી આનંદની વાણ ॥૧૪॥
શ્રીહરિયે હાથ વધાર્યો, ઉભા થકા તતખેવ । બૈજુ ત્રવાડીને નક્ર સાથે, બારે તાંણી લીધા એવ ॥૧૫॥
બૈજુ ઉભો બે કર જોડી, પ્રભુને કરે પ્રણામ । વિનય વચને સ્તુતિ કરે, જય જય સુખધામ ॥૧૬॥
મરણમાંથી મુકાવ્યો મુને, મેર કરી મહારાજ । નહિ તો મારો કાળ હતો, એમ જાણો તમે સૌ આજ ॥૧૭॥
ઈશ્વર કેરા ઈશ્વર છો, દેવ તણા વળી દેવ । કર્તુમકર્તું અન્યથા કર્તું, સમર્થ શ્રીપતિભેવ ॥૧૮॥
લોક સર્વે ત્યાં કેવા લાગ્યાં, શ્રીહરિ છે બળસૂત્ર । સાક્ષાત શ્રીભગવાન છે, હરિપ્રસાદજીના પુત્ર ॥૧૯॥
મનુષ્યથી તો બને નહી, કઠીન કર્યું આ કામ । સોટી મારી છોડાવી લીધો, બ્રાહ્મણને આ ઠામ ॥૨૦॥
એમ કહે છે સર્વ લોક, પ્રેમે કરેછે પ્રણામ । હરિને નમસ્કાર કરી, ગયા પોતપોતાને ધામ ॥૨૧॥
હે રામશરણ સુણી લેજ્યો, સત્ય કહું છું સાર । આજે રામસાગરનો, મોટો મહિમા અપાર ॥૨૨॥
પૂર્વે રઘુપતિ પ્રગટ્યા, ગળાવ્યું છે આ તડાગ । માટે તે તળાવનું નામ, રામસાગર સુહાગ ॥૨૩॥
સર્વ કારણના કારણ છે, શ્રીહરિ શ્રીઘનશ્યામ । લાલે અલૌકિક લીલા કરી, અતિ ઉત્તમ તેહ ઠામ ॥૨૪॥
બહુવિધે બાળપણામાં, આ સરોવરે ચોપાસ । ઘણી વખતે વિચર્યા છે, અક્ષરપતિ અવિનાશ ॥૨૫॥
પિતાજી સહિત પ્રેમથી, ઘણી વાર કર્યું સ્નાન । આ સરોવરના કિનારે, રમ્યા છે શ્રીભગવાન ॥૨૬॥
રમણભૂમિ શ્રીહરિની, પ્રસાદિનું છે સ્થાન । દુર્લભ છે બ્રહ્માદિકને, ભોગવશે ભાગ્યવાન ॥૨૭॥
જે કોઈ આમાં સ્નાન કરે, પિત્રિનું કરશે શ્રાદ્ધ । કલ્યાણમાં કોઈ રીતથી, આવી પડે નહિ બાધ ॥૨૮॥
રામસાગર ઉત્તમ છે, સહુને દર્શનરૂપ । ઉપવાસ કરે આવીને, તે મોક્ષ પામે અનૂપ ॥૨૯॥
આસ્થળે જે આવી કરશે, શ્રી ઘનશ્યામનું સ્મરણ । સાધુ વિપ્રને જમાડશે, તેનું મટે જન્મ મરણ ॥૩૦॥
પૂજન કરશે પ્રેમથી, સાધુ બ્રાહ્મણનું સાર । ઘણા જન્મનાં પાપ ટળે, નક્કી કહું છું આઠાર ॥૩૧॥
રામશરણજી સાંભળો, બીજું કહું છું ચરિત્ર । શ્રદ્ધા સહિત જે સાંભળે, તે થાશે પરમ પવિત્ર ॥૩૨॥
એક સમે રામપ્રતાપ, સાથે શ્રીઘનશ્યામ । અવધપુરીયે જાય છે, ત્યાં આવ્યું મખોડા ગામ ॥૩૩॥
તે ગામની ફેરફારી થૈ છે, દેશકાળથી સરત । વૈરાગી ત્યાં મંદિર કરે, ધારી મોટી ઈમારત ॥૩૪॥
પાયો ખોદે છે પૂર્ણ પ્રીતે, મનુષ્ય સઘળા જ્યાંયા પ્રાચીન તોપ હેમ કેરી, નિકળી છે તેહમાંય ॥૩૫॥
દર્શનસિંહરાયે જાણ્યું, તોપ તણું વર્તન । નિજદૂતને બોલાવીને, કેવા લાગ્યા દેઈ મન ॥૩૬॥
જે સાધન જોઈએ તમારે, તે લેઈ જાઓ આ વાર । મખોડાઘાટે જે તોપ છે, તે લઈ આવો આ ઠાર ॥૩૭॥
નહિ તો તમે નોકરીથી, પામશો અપમાન । સત્વર લાવો તોપ ત્યારે, હું જાણું બળવાન ॥૩૮॥
એવું સુણી તૈયાર થયા, સેવક જન પચાસ । લોહનું એક ગાડું લીધું, મજબુત અવકાશ ॥૩૯॥
બેલની દશ જોડ લીધી, બીજાં સાધન તે માટ । પંદર દિનની ખર્ચી લૈ, આવ્યા છે મખોડાઘાટ ॥૪૦॥
પાયામાંથી તોપ કાઢી છે, કરીને જોર અપાર । શકટ પર ચડે નહી, દૂત કરે છે વિચાર ॥૪૧॥
તે દેખીને ભાઈને પુછે, શ્રીહરિ સુંદરશ્યામ । હે ભાઈ આ સૌ ભેગા થઈને, કરતા હશે શું કામ ॥૪૨॥
એવું સુણી નક્કી કરવા, પાસે ગયા અહિનાથ । ખચિત ખાત્રી કરી લીધી, અનુચરની સાથ ॥૪૩॥
ત્યારે તે હરિને કહ્યું છે, સુણેલું જે વૃત્તાંત । બેઉ તે બંધુ ઉભા રહ્યા, વિચારે છે કમલાકાંત ॥૪૪॥
શ્રીહરિને દયા આવી, દેખીને બહુ પ્રયાસ । વિપ્ર ઘણાક દૂત છે, જુવે છે શ્રીઅવિનાશ ॥૪૫॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિયે બૈજુ ત્રવાડીની મઘરથી રક્ષા કરી એ નામે બાણુંમો તરંગઃ ॥૯૨॥

**પૂર્વછાયો–** રામશરણજી બોલિયા, સુણો પિતા બંધુ સાર । શ્રીહરિએ પછે શું કર્યું, મખોડાઘાટ મોઝાર ॥૧॥
અવધપ્રસાદજી ઉચર્યા, આણી ઉર આહ્લાદ । વિસ્તારીને તે વર્ણવું, સુણો ભાઈ સંવાદ ॥૨॥
અદ્ભુત લીલા આ પ્રભુની, પાવન પુન્ય કથાય । સાંભળતાં સુખ ઉપજે, પાતક દૂર પળાય ॥૩॥

**ચોપાઈ–** મખોડાઘાટે સુંદર શ્યામ, બેઉ બંધુ ઉભા છે તે ઠામ । સોનાની તોપ પડી છે જેહ, ઘણી ભારે મજબુત એહ ॥૪॥
રાજદૂત કરે છે પ્રયાસ, શકટે ચડાવા માટે કાશ । બળ દાખવે છે તે અપાર, પણ ખસતી નથી લગાર ॥૫॥
બળહીન થયા ગતિભંગ, હાર્યા હિંમત સૌજન સંગ । અનુચર બ્રાહ્મણ છે જેહ, બોલ્યા દીન થઈને જ એહ ॥૬॥
બતાવે છે જાતિનો સ્વભાવ, હવે શું કરશું આંહિ દાવ । મને રેતી નથી હવે ધીર, લાજ રાખે જો શ્રી રઘુવીર ॥૭॥
એમ કહીને થયા ઉદાસ, નાખે છે મુખથી નિશ્વાસ । એવું દેખી બોલ્યા પ્રભુ એમ, કહો ભાઈ કરવું છે કેમ ॥૮॥
કો તો ચડાવીએ તોપ અમે, છેટે રહી જુવો સહુ તમે । શકટમાં મુકું આણીવાર, નજરે જોતાં જોતાં નિરધાર ॥૯॥

એવું સુણીને આનંદ પામ્યા, જાણે વિકટ સંકટ વામ્યા । બોલ્યા નમ્ર થઇને તે વાણી, તમે સુણોને સારંગપાણિ ॥૧૦॥
રાજા દર્શનસિંહ કપરો, મારી નાખે એવો છે જબરો । અત્યારે જો બગડે ખેલ, અમારું કાઢી નાખશે તેલ ॥૧૧॥
કૃપા કરી કરો જો આ કાજ, લોકમાં રેશે અમારી લાજ । ગાડામાં જો ચડાવો આ તોપ, તો રાજાનો થાએ નહિ કોપ ॥૧૨॥
એવું સુણીને દેવ મુરારી, કે છે સેવકને સુખકારી । તમે સર્વે જતા રહો દૂર, જોવો કેમ થાય છે જરુર ॥૧૩॥
એટલામાં બે ચાર સીપાઇ, બોલ્યા કરી તે અડબંગાઇ । તમારું હૈયું ફુટી ગયું છે, ખોટું વેમ શું મન થયું છે ॥૧૪॥
આપણે ઘણા પુરુષ પુરા, એકે બળમાં નથી અધુરા । છૈએ આપણે તો બળવાન, જોરવાળા જબરા જુવાન ॥૧૫॥
કેટલા દિનથી બાંધી હોડ, મેનત લીધી છે માથાંતોડ । તોય તોપ જરા નવ હાલે, તો આ ૧શિશુનું શું જોર ચાલે ॥૧૬॥
શું આ બાળક ચડાવી શકે, તોપ પાસે ક્ષણું નવ ટકે । એવું કેતાં કેતાં તતકાળ, દીધાં દર્શન દીનદયાળ ॥૧૭॥
રામચંદ્ર રૂપે થયા ધીર, ચતુર્ભુજ બન્યા બળવીર । એવા રૂપેથી તોપ ઉપાડી, એક હાથમાં લેઇ દેખાડી ॥૧૮॥
મુકી શકટમાં તેહવાર, ગૌરવતા બતાવી તે ઠાર । ૨ત્ર્યંબકચાપ રામે ઉપાડ્યું, એથી અધિક બળ દેખાડ્યું ॥૧૯॥
હતું અવતારનું એ કામ, આ તો અવતારી ઘનશ્યામ । કોટિ કોટિ બ્રહ્માંડનાં ઉવાર, એક રોમમાં ઉડે નિરધાર ॥૨૦॥
શો છે તોપ તણો તિયાં ભાર, અનેક વિશ્વના જે આધાર । એવું અદ્ભુત આશ્ચર્ય જોઇ, સર્વે લોક જોવે મન મોઇ ॥૨૧॥
આ તો અતિશે આશ્ચર્ય વાત, નરનારી કહે છે સાક્ષાત । સહુ જન કરે છે વિચાર, આ તો નક્કી છે જગદાધાર ॥૨૨॥
અક્ષરાધિપતિ પૂર્ણબ્રહ્મ, મોટા મુનિ જાણે નહિ મર્મ । રામરૂપે થયા પ્રભુ આજ, રાખવા સારૂં આપણી લાજ ॥૨૩॥
ઈષ્ટદેવ છે શ્રી રામચંદ્ર, સહાય કરવા આવ્યા બલીંદ્ર । એમ જાણીને સઘળા જન, કરે પ્રેમે પ્રણામ સ્તવન ॥૨૪॥
એટલામાં તો શ્રીઘનશ્યામ, થયા બાળરૂપે સુખધામ । સંકર્ષણને લઇને સંગે, ગયા અવધપુર ઉમંગે ॥૨૫॥
તોપવાળા અનુચર જેહ, શકટ સાથે ચાલ્યા છે તેહ । ઘણા પ્રયત્ને ત્યાં થકી આવ્યા, સર્જુગંગા પર તોપ લાવ્યા ॥૨૬॥
ઘણા જન ત્યાં વિસ્મિત થયા, પોતપોતાને સ્થાનકે ગયા । વળી કહું છું વાત નવીન, સાંભળો શ્રોતા થઇ તલ્લિન ॥૨૭॥
છુપૈયાપુર વિષે પાવન, અતિ ઉત્તમ છે ૧ઉપવન । તેમાં ફણસ પાક્યાં સ્વાદિષ્ટ, તસ્કર લોકે જોયાં અભીષ્ટ ॥૨૮॥
ત્યારે ચોર આવ્યા વાડીમાંય, ફણસનાં તરુ રહ્યાં જ્યાંય । ફળ તોડવા નાખ્યા છે હાથ, કર ચોટી રહ્યા ફળસાથ ॥૨૯॥
જખરી કરવા આવ્યા છે ખેપ, પણ હસ્ત થયા વજ્રલેપ । લાભ લેતાં ધન સર્વે ગયું, તસ્કર લોકને એમ થયું ॥૩૦॥
ફળ લેવામાં કાંઇ ન ફાવ્યા, ચોરના પ્રાણ ચોટીએ આવ્યા । છુટવાના કરેછે ઉપાય, કર ફળથી જુદા ન થાય ॥૩૧॥
આખી રાત્રિ કર્યું છે પ્રયત્ન, જીવતા જાવાનું શોધે યત્ન । કરી મેનત અપરમપાર, એમ કરતાં થયું સવાર ॥૩૨॥
રાત્રિ વીતી ગઇ છે દુઃખમાં, ફળ આવ્યું ન તેના મુખમાં । છુપૈયાપુરના જન જાગ્યા, તસ્કર મન પસ્તાવા લાગ્યા ॥૩૩॥
ભોગ લાગ્યા ને આવિયા આંહી, મોટી ભુલ પડી મનમાંહિ । વિધિએ આવા શું લખ્યા લેખ, મારી કર્મફળરૂપે મેખ ॥૩૪॥
ખોટ ભુલ્યા હારી ગયા બળ, ફરી નહિ આવીએ આ સ્થળ । ચોર લોક કરે છે ઉચાટ, હવે શું બન્યો છે જુવો ઘાટ ॥૩૫॥
પ્રાતઃકાળમાં ઉઠ્યા છે ધરમ, જળ કળશ લીધો છે પરમ । આવ્યા બગીચા મધ્યે પાવન, કરવા તિયાં દંતધાવન ॥૩૬॥
દેખ્યા હરિપ્રસાદને નેણે, તસ્કર ગભરાયા છે તેણે । થયા લાચાર તસ્કર જન, બોલ્યા દીન થઇને વચન ॥૩૭॥
હે દાદા તમારી વાડીમાંહી, ફળ ચોરવા આવ્યાતા આંહિ । પણ ચોટી ગયા છે હાથ, ફણસના તરૂવર સાથ ॥૩૮॥
કર્યો દાખડો સઘડી રાત, એમ કરતાં થયું પ્રભાત । ફળ કોઇને એકે ન મળ્યું, ભુડું ભાગ્ય અમારું આ ભળ્યું ॥૩૯॥
ઉલટા ચોટી રહ્યા છે હાથ, ફણસના તે ફળ સંગાથ । કરી મેનત ને મરી ગયા, અમે હેરાન હેરાન થયા ॥૪૦॥
નથી માલમ પડતી આજ, હવે શું કરીએ મહારાજ । છુટા કરાવો અમારા હાથ, કૃપા કરો તમે કૃપાનાથ ॥૪૧॥
તમારી વાડીમાં કોઇ દિન, નહિ આવીએ પ્રાણજીવન । પડ્યું કષ્ટ પ્રલય સમાન, હવે તો આપો જીવિતદાન ॥૪૨॥
થયા તસ્કર તો લજ્જાતુર, નીચાં મુખ કરી બોલ્યા ભૂર । તમારા મોટા પુત્ર જોખન, હકીકત જાણશે એ મન ॥૪૩॥
અમને મારી નાખશે આજ, ખેંચી લેશે પ્રાણ મહારાજ । હાલે આવ્યા કે આવશે આંય, પછે નાસીને જૈશું ક્યાંય ॥૪૪॥
તસ્કર એમ કહેછે વાત, એટલામાં આવ્યા બેઉ ભ્રાત । મોટાભાઇએ દેખ્યા તે ચોર, ફણસના તરુ ચારે કોર ॥૪૫॥
ભ્રકુટી ચડી છે તેણીવાર, રોમાવળી થઇ કુતકાર । મારવા જાય છે અહિનાથ, ત્યાંતો શ્રીહરિએ ઝાલ્યા હાથ ॥૪૬॥
નરવીર આપે છે ત્યાં ધીર, વ્હાલે ઉભા રાખ્યા નિજ વીર । તસ્કર પામ્યા મનમાં ત્રાસ, નિશ્ચે જાણ્યું આ કરશે નાશ ॥૪૭॥
સિંહને દેખી ડરે હરણી, થઇ તસ્કરની એવી કરણી । એમ દેખીને શ્રીધર્મદેવે, ભાઇને ઉભા રાખ્યા છે એવે ॥૪૮॥
રામનો ક્રોધ થયો છે શાંત, પોતે ઉભા રહ્યા છે નિરાંત । પછે કહે વાલિડો વચન, તસ્કરને પોતે ભગવન ॥૪૯॥
હવે કરશો નહિ આ કામ, મરશો મોત વિના તમામ । ફરીથી આવશો જો આ ઠામે, પોચાડીશું કૃતાંતને ધામે ॥૫૦॥
પછે કરશો માં છુટ્યાની આશ, પડશે કંઠમાં મૃત્યુપાશ । આ તો અમારી ઈચ્છાના બળે, ફળ પાકી રહ્યાં છે આ સ્થળે ॥૫૧॥
અમારાં માતપિતાજી જેહ, તેમને જમવા થયાં એહ । એમ કહીને ચોરના હાથ, ફળ થકી છુટા કર્યા નાથ ॥૫૨॥

અકેકું ફળ આપ્યું તેવાર, અલબેલો કરેછે ઉચાર । આ સમામાં તો લીધા ઉગારી, કરી પ્રભુએ રક્ષા તમારી ॥૫૩॥
નહિ તો મારત મોટાભાઇ, નિશ્ચે માની લેજ્યો મનમાંહી । એવું કહી રજા આપી દીધી, કૃપાનાથે સારી વાત કીધી ॥૫૪॥
સાથે લેઈને બન્ને કુમાર, ધર્મદેવ આવ્યા નિજ દ્વાર । કહી સર્વને વાત વિસ્તારી, થયાં વિસ્મિત સૌ નરનારી ॥૫૫॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિએ મખોડાઘાટે શકટમાં તોપ ચડાવી એ નામે તાણુંમો તરંગઃ ॥૯૩॥

પૂર્વછાયો– પછી અષાઢ માસની, પૂર્ણિમા શુભ સાર । શ્રીહરિ નિજ સખા સાથે, કરે છે એમ વિચાર ॥૧॥
મિત્રો ચાલો હવે જૈયે, આજ તો નાવા માટ । વિશ્વામિત્રી જેહ સરિતા, તેના જે સઘળા ઘાટ ॥૨॥
એમ ધારી દેવ મોરારી, સુખકારી ઘનશ્યામ । સખા સહિત નાવા ચાલ્યા, શ્રીપતિ સુખના ધામ ॥૩॥
પ્રથમ ગયા જોગીધરે, સ્નેહે કર્યાં ત્યાં સ્નાન । ત્યાંથી ચાલ્યા પશ્ચિમ કાંઠે, ધારી ઘાટે ભગવાન ॥૪॥
ત્યાં સ્નાન કરી આગે ચાલ્યા, ઘાટ હરૈયા જ્યાંય, સ્નાન કરીને ચાલ્યા ત્યાંથી, કનવા ઘાટ છે ત્યાંય ॥૫॥
તે સ્થળે જળક્રીડા કરી, આગળ ચાલ્યા ઘનશ્યામ । ધોબીયાઘાટે જાતા હવા, ધર્મસુત સુખધામ ॥૬॥

ચોપાઈ– ત્યાં છે રજક જે મંછારામ, નિજ સુત સાથે અભિરામ । પુત્રને અજગરે ગળિયો, તેથી દુઃખ પામે છે બળિયો ॥૭॥
તેને સુંદર શ્યામે છોડાવ્યો, મૃત્યુના મુખમાંથી મુકાવ્યો । પછે ત્યાંથી કર્યું છે વિચરણ, ગૌઘાટે ગયા અશરણ શરણ ॥૮॥
શિવજીના ચોતરા ઉપરે, વસ્ત્ર ઉતાર્યાં મોહનવરે । થયા તૈયાર દેવ દેવેશ, કર્યો છે જળમાંહિ પ્રવેશ ॥૯॥
ઘણીવાર તે ઝીલ્યા જળમાં, બાળ મિત્ર સહિત બળમાં । અક્ષરપતિ થયા તૈયાર, ત્યાંથી ચાલ્યા છે ધર્મકુમાર ॥૧૦॥
ખંતાઘાટે થઈને અજીત, લીલવા ઘાટે ગયા અભિત । નિર્મળ નીરમાં કર્યું સ્નાન, કઠવા ઘાટે ગયા સમાન ॥૧૧॥
ત્યાંથી ગયા ઘાટ વિશ્રામ, અલબેલોજી સુંદરશ્યામ । સલુણે કર્યું તિયાં સ્નાન, ચાલ્યા આગળ શ્રી ભગવાન ॥૧૨॥
સિંહાઘાટે થઈને અગાડી, ચાલ્યા જાય છે મિત્ર પછાડી । પાછા વળીને જીવનપ્રાણ, ભવાનીયાપુરે આવ્યા જાણ ॥૧૩॥
એ છે મોતીત્રવાડીનું ગામ, ચાલ્યા ત્યાં થઈને અભિરામ । નરેચાના રાજા માનસંગ, તેના કોટમાં આવ્યા શ્રીરંગ ॥૧૪॥
કોટ કુવા પર ભગવાન, કરવા બેઠા ત્યાં જળપાન । ફણસ જમી ચાલ્યા શ્રીહરિ, પછે ઘેર આવ્યા એમ કરી ॥૧૫॥
સુણો રામશરણ એક ચિત્તે, બીજું ચરિત્ર કહું છું પ્રીતે । અયોધ્યાના દશરથ ભૂપ, અગાડી થઇ ગયા અનુપ ॥૧૬॥
માઘ માસમાં પંચમી સાર, પોતે લીલા કરી છે તે ઠાર । મેળો ભરાય છે ત્યાં હમેશ, તે દિનો અદ્યાપિ સુધી એશ ॥૧૭॥
તે મેળા પર જાવા વિચાર, ધર્મદેવે કર્યો નિરધાર । એમ ધારીને થયા તૈયાર, સાથે લીધા છે બેઉ કુમાર ॥૧૮॥
ચાલ્યા અવધપુરીયે ધર્મ, મોટાભાઈને શ્રીહરિ પરમ એમ મારગમાં ચાલ્યા જાય, પિતા પુત્ર ત્રૈણે સુખદાય ॥૧૯॥
ચાલતાં ચાલતાં બની વાત, માર્ગમાં મળી એક જમાત । તેમાં સર્વે છે વૈરાગી જેહ, મહાક્રોધી વિરોધી છે તેહ ॥૨૦॥
તે પણ અવધપુરી જાય, મેળા પર જાવા અભિપ્રાય । ધર્મદેવે કર્યો છે સંગાથ, તેમના ભેગા ચાલ્યા સનાથ ॥૨૧॥
અયોધ્યાપુરીને માર્ગે જાય, પિતા પુત્ર સાથે સમુદાય । મખોડાઘાટે પોક્યા સધીર, મનોરમા સરિતાને તીર ॥૨૨॥
તેમણે તિયાં કર્યો પડાવ, નદીને કાંઠે કરીને ભાવ । એક રમણી જગ્યા સુંદિર, ત્યાં છે રામચંદ્રનું મંદિર ॥૨૩॥
હરિપ્રસાદ ઉતર્યા ત્યાંય, સુત સહિત મંદિરમાંય । પછે કરવા ગયા છે સ્નાન, સરિતામાંહિ તે પૂન્યવાન ॥૨૪॥
ધર્મદેવ ને રામપ્રતાપ, જળ લોટા ભરી લીધા આપ । બહિર ભૂમિએ બેઉ ગયા, શ્રીહરિ નદી પર રહ્યા ॥૨૫॥
પછી સેનાનો એક જન, મુખે બોલી ઉઠ્યો છે વચન । ઘનશ્યામ આવો આંહિ તમે, કાંઈ કામ બતાવીએ અમે ॥૨૬॥
લીલી તાંદળજાની આ ભાજી, તોડી લાવો તમે તાજી તાજી । ઠાકોરને જમાડવા કાજ, આવીને લેવરાવો તે આજ ॥૨૭॥
હરિ કે એમ ન થાય સહિ, લીલી ભાજી તો હું તોડું નહિ । આ મંદિરના પૂજારી જેહ, ઠાકોરજી સારૂં વાવી તેહ ॥૨૮॥
વળી ભાજીમાં જીવ રહ્યો છે, અમને એવો નિશ્ચય થયો છે । માટે તોડું નહિ એક પત્ર, ત્યારે બોલ્યો છે તેહ વિચિત્ર ॥૨૯॥
ક્રોધાતુર થયો છે કુગાત્ર, ન સહન થયું તલ માત્ર । અસિ તાણી ઉઠ્યો અડબંગ, જુઠો જોગી મતિ જડભંગ ॥૩૦॥
તે છે નાદાર નખોદ પાટી, ખબર નથી ક્યાં જાશું ખાટી । આવ્યો મારવા લૈ તરવાર, બીજા સર્વે બોલ્યા તેહ ઠાર ॥૩૧॥
કાયકું ઓ લડકાકું મારે, તેરે મનમેં ક્યું ન બીચારે । ત્યારે બોલ્યો છે બુદ્ધિ રહિત, માર ડાલુંગા પ્રાણ સહિત ॥૩૨॥
ઉસ્ને વચન માન્યા ન મારા, ઉસ્કે લીયે દેતાહું મેં ડારા । કરે તે સર્વે એમ વિવાદ, પ્રભુજી નાઠા જીત પ્રમાદ ॥૩૩॥
પિતા બંધુ કરે છે જ્યાં સ્નાન, ત્યાં ગયા પોતે શ્રી ભગવાન । પછે તે બોલી ઉઠ્યો તે ઠામ, માંહો માંહિ ચાલ્યો છે સંગ્રામ ॥૩૪॥
મતિ નષ્ટ થયેલો છે ભ્રષ્ટ, કહેવા લાગ્યો છે સર્વેને સ્પષ્ટ । મુને વાતને ચાળે ચડાવ્યો, ઓલ્યા બાળકડાને બચાવ્યો ॥૩૫॥
બચા દેખો અમારી આ વાત, તુમ સબકી કરું મેં ઘાત । એમ લાગી ઉઠ્યા છે અંગારા, બેઉ પક્ષ બંધાયા છે ન્યારા ॥૩૬॥
માંહોમાંહિ કરે મારામાર, મહાયુદ્ધ મંડાયો તે ઠાર । કોઈ કોઈનો ઠોર ન મુકે, એક એકની ચોટ ન ચુકે ॥૩૭॥
તુંબી ફલવતે ફોડે શીષ, મારે શસ્ત્ર કરી ઘણી રીશ । રાતાં થયાં છે રીશે લોચન, ગર્દ ઉડે ઢંકાયો ગગન ॥૩૮॥

યુદ્ધની લાગી રહી ત્યાં ઝડી, મોટા ગુરુને માલમ પડી । વાત જાણીને વારવા આવ્યા, ગુરુને પણ ચાક ચડાવ્યા ॥૩૯॥
ગુરુની અવજ્ઞા કરી ઘણી, બનવાની હતી તે તો બની । તેમને તો ચડી ગયો કોપ, ગુરુની લજ્જા કરી છે લોપ ॥૪૦॥
કેક થૈ ગયા કચ્ચરઘાણ, કેકની વળી છે સોથરાણ । કેક અધમુવા કે અધુરા, કેક થૈ ગયા છે ચકચુરા ॥૪૧॥
જાણે રણ પંડિત મચીયા, એવા રણભુમિના રસિયા । એમ યુદ્ધ થયો ઘણીવાર, સર્વેનો આવી ગયો છે પાર ॥૪૨॥
માંહોમાંહિ પામી ગયા મરણ, ભયંકર બન્યું એ આચરણ । એવું દેખીને શ્રીધર્મદેવ, બે પુત્રને લઈ તતખેવ ॥૪૩॥
ગયા ત્રણે તે મંદિરમાંહિ, પોતે ઉતારો કર્યો છે ત્યાંહિ । ભૂમિના ભાર રૂપ અસુર, ભવમાં છે ભટકતા ભૂર ॥૪૪॥
પ્રભુ પોતે ઈચ્છા મન ધારી, નાશ પમાડે છે કળે કરી । જ્યાં ત્યાંથી ભૂમિકાનો જે ભાર, ઉતારી દે છે જગદાધાર ॥૪૫ ॥
પરસ્પર કરાવે છે વેર, જીયાં તિયાં મરી રહે ઠેર । પોતાની માયા પોતે પ્રમાણે, બીજા બ્રહ્મા જેવા નવ જાણે ॥૪૬॥
કરેલીલા મનુષ્યના જેવી, કોઈ સમજી ન શકે તેવી । પ્રગટ્યા છે કરવા જે કામ, તે માટે ફરે છે ઠામો ઠામ ॥૪૭॥
મહાસાગર બાળ ચરિત્ર, એમાં આવી પડ્યો જે પવિત્ર । પામે તે જન સુખ અપાર, વખાણું શું હું વારમવાર ॥૪૮॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રી સહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યા પ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિએ સખાઓની સાથે વિશ્વામિત્રીના સઘળા ઘાટે સ્નાન કર્યા એ નામે ચોરાણુંમો તરંગઃ ॥૯૪॥

પૂર્વછાયો– વિસ્તારીને વર્ણવું, લાલની લીલા સાર । ગાતાં સુણતાં ઉપજે, આનંદ ઉર અપાર ॥૧॥
એક દિન ફુલબાગમાં, ગયા શ્રીઘનશ્યામ । પોતે પરવળ વીણેછે, પ્રીતમ પૂરણકામ ॥૨॥
ત્યાંતો આવ્યો સુખનંદન, શ્રીઅવિનાશની પાસ । કર જોડીને કેવા લાગ્યો, પૂરણ પ્રીતે હુલ્લાસ ॥૩॥
ભાઈ સર્વે સખા મળ્યા છે, નારાયણસરતીર । માટે મુજને મોકલ્યો છે, તેડવા સારૂ વીર ॥૪॥
વડવૃક્ષે ભેગા થયા છે, ગમતનો રચી ઘાટ । વેણી માધવ પ્રયાગ આદિ, જોવે છે આપની વાટ ॥૫॥

ચોપાઈ– એવું સુણી બોલ્યા ભગવન, સુખનંદન સુણો વચન । આજે તરગામથી નિદાન, મારે ઘેર આવે છે મેમાન ॥૬॥
પરવળ વીણું છું તેના સારું, તેમાં પ્રોવાણું છે મન મારું । વિણ્યાં છે તેટલાં લેઈ હાથ, ઘેર આવ્યા નટવરનાથ ॥૭॥
ગિરિધારી ગયા છે ઘરમાં, આપ્યાં છે તે ભાભીના કરમાં । વળતાં બોલ્યાં ભાભી વચન, તમે ભાઈ સુણો શુભ મન ॥૮॥
કેમ વીણી લાવ્યા છો વધારે, આટલાં શું કરવાં છે અત્યારે । તવ પિતાને બંધુ તો કામે, તે ગયા છે ઉતરોલાગામે ॥૯॥
કોણ જમશે આટલું શાક, બીજા કરવા નથી કોઈ પાક । ત્યારે બોલ્યા ત્રિભુવનતાત, ભાભી સુણો કહું સત્ય વાત ॥૧૦॥
તમારા ભાઈ જનકરામ, મારાં માસી ચંદાબાઈ નામ । સુભદ્રાબેન સાથ સમાન, આવે છે તેહ ત્રૈણે મેમાન ॥૧૧॥
તે મેમાનને જમવા કાજ, શાક લાવ્યો છું વધારે આજ । ત્યારે બોલ્યાં સુવાસિનીબાઈ, એવું જાુઠું શું બોલો છો ભાઈ ॥૧૨॥
હસતા થકા કહેછે શ્રીહરિ, ભાભી માની લેજ્યો વાત ખરી । હાલ આવશે આંહી પાવન, ત્યારે જ સાચું માનશે મન ॥૧૩॥
એવું કહી ગયા બળવીર, નારાયણસરોવર તીર । વડવૃક્ષ હેઠે જઈ રહ્યા, રમવા માટે તૈયાર થયા ॥૧૪॥
ત્યાં તો આવી પોક્યા છે મેમાન, જનકરામાદિ બુદ્ધિમાન । મળ્યા ત્રૈણેને શ્રીઘનશ્યામ, પછે તેડી લાવ્યા નિજ ધામ ॥૧૫॥
હે ભાભી જુવો આ કોણ આવ્યું, વાલાયે એમ સત્ય મનાવ્યું । પછી બોલ્યાં સુવાસિનીબાઈ, તમે સુણો ઘનશ્યામભાઈ ॥૧૬॥
તમે છો પ્રભુ અંતરજામી, બળવંત સાચા બહુનામી । થયાં ગદ્ ગદ્ પ્રેમસહિત, નિશ્ચય કર્યો ભ્રાંતિ રહિત ॥૧૭॥
વળી એક સમયની વાત, વિસ્તારીને કહું છું વિખ્યાત । ભક્તિ ધર્મ ને બન્ને કુમાર, કાશીયે જાવા થયા તૈયાર ॥૧૮॥
મોતી ત્રવાડી ને વશરામ, રત્નપાંડે છે અમૃતનામ । એ આદિ બીજા ઘણાક જન, થયા તત્પર નિર્મલ મન ॥૧૯॥
ચંદ્રગ્રહણ આવ્યું નજીક, તેઉપર ચાલ્યા સહુ ઠીક । કાશીપુરીએ ગયા એ સર્વ, મન જાણી મહિમા અપૂર્વ ॥૨૦॥
પથરગલીમાં દેવદત્ત, પોતાનો ગોર ગંભીર સત । એના કેવાથી કર્યો ઉતારો, રુડી જગ્યામાં નૌતમ ન્યારો ॥૨૧॥
બંગાલીના વાડામાં તેકાળ, ધર્મશાળા છે મોટી વિશાળ । કર્યો સર્વેયે તેમાં મુકામ, રહ્યા રજની કરી તેઠામ ॥૨૨॥
બીજે દિવસે થયું સવાર, નિદ્રા ત્યાગી ઉઠ્યા તેણીવાર । શૌચવિધિ કરી કર્યાં સ્નાન, ખટકર્મ કર્યાં છે નિદાન ॥૨૩॥
ગ્રહણ થતાં પેલાં સૌજન, ગયા ગંગાયે નિર્મલ મન । મણિ કર્ણિકાના ઘાટમાંય, બેઠા શુદ્ધપણે સહુ ત્યાંય ॥૨૪॥
શ્રીપતિનું કરેછે સ્મરણ, પછે તો થયું ચંદ્રગ્રહણ । સ્નાન આચર્યા સર્વે સંગાથે, ધાર્યો સંકલ્પ ત્યાં મનસાથે ॥૨૫॥
પોતાની શ્રદ્ધા શકિત પ્રમાણે, દાન કરવા ધાર્યાં તેટાણે । પછે મુકત થયો વિધુ જ્યારે, ફરીથી સ્નાન કર્યાં છે ત્યારે ॥૨૬॥
કર્યાતા સૌએ સંકલ્પ જેમ, બ્રાહ્મણોને આપ્યાં દાન એમ । ગયા ઉતારે તે પ્રીત પ્રોઈ, પછી તૈયાર કરી રસોઈ ॥૨૭॥
પ્રેમે કર્યાં છે ભોજન પાન, શ્રીહરિવરનું મન ધ્યાન । મૂળશંકર ગોરનો તન, તેને સાથે લીધો છે પાવન ॥૨૮॥
કાશી વિશ્વનાથ મહાદેવ, ત્યાં ગયા મળીને તતખેવ । કર્યાં દર્શન સર્વે ઠેકાણે, દાન પુન્ય આપ્યાં છે તેટાણે ॥૨૯॥
કરી રહ્યા છે દર્શન જયારે, તરત આવ્યા પોતાને ઉતારે । તે તીર્થમાં રહ્યા દશ રાત, પછે ચાલ્યા ત્યાં થકી પ્રભાત ॥૩૦॥

ચાલતાં ચાલતાં અભિરામ, વચ્ચે આવ્યું છે કોઇક ગામ । પડી નિશા રવિ થયો અસ્ત, તિયાં રહ્યા છે તેહ સમસ્ત ॥૩૧॥
ધર્મશાળા છે ગામથી બાર, તેમાં રજની રહ્યા નિરધાર । ધર્મદેવ બોલ્યા છે વચન, તમે ભાઈ સુણોને જોબન ॥૩૨॥
આજ થાક લાગ્યો છે અમને, સત્ય વાત કહું છું તમને । જીર્ણ થયુંછે મારૂં શરીર, એમ જણાય છે મુને વીર ॥૩૩॥
ચરણસેવા કરી ચક્રીનાથે, બોલ્યા વચન પિતાને સાથે । હવે ચિંતા નથી કાંઈ ઉર, નજીકછે આ છુપૈયાપુર ॥૩૪॥
એમ કરતાં નિશા વીતી ગઈ, બ્રાહ્મ મુહૂર્તની વેળા થઈ । ત્યાંથી ચાલ્યા છે સર્વે તે જન, આવ્યા છુપૈયાપુરે પાવન ॥૩૫॥
આ વૃત્તાંતનો સર્વે વિસ્તાર, છે હરિદિગ્વિજય મોઝાર । એના કર્તા મુનિ નિત્યાનંદ, જેને સુણે ઉપજે આનંદ ॥૩૬॥
ધર્મદેવ આવ્યા નિજ ઘેર, વિપ્રને જમાડ્યા રુડીપેર । કુટુંબીને જમાડ્યાં ભોજન, ઘણી રીતે કર્યાં દાન પુન્ય ॥૩૭॥
લાણી કળશની કાઢી સરસ, દશ દિશાઓમાં થયો જસ । એમ તીર્થ કરી ધર્મદેવ, વર્તે નિર્મળ મનથી એવ ॥૩૮॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિ ધર્મદેવની સાથે ગ્રહણ ઉપર કાશીપુરી ગયા ને મણિકર્ણિકાને ઘાટે સ્નાન કરીને વિશ્વનાથનાં દર્શન કર્યાં એ નામે પંચાણુંમો તરંગઃ ॥૯૫॥

પૂર્વછાયો– શ્રોતાજન સહુ સાંભળો, વળી કહું ચરિત્ર નવીન । શરદઋતુના નજીકમાં, આવ્યા નવરાત્રિના દિન ॥૧॥
છેલ્લે દિવસે સુવાસિની, ઈંદિરા આદિ કેવાય । બીજી કેટલી બાયું આવી, ભક્તિપાસે સમુદાય ॥૨॥
વિનયથી તે કેવા લાગી, માતાને દેઈ માન । આજ્ઞા તમારી જો હોય તો, ગીત ગૈયે ગુણવાન ॥૩॥
માંડવી મુકી ફરતાં ગૈયે, કરી દીપક પ્રકાશ । એવું સુણી પ્રેમવતી કહે, ભલે કરો એ વિલાસ ॥૪॥
મૂર્તિ માતાની આજ્ઞા માગી, માંડવી મુકી સાર । અનેક દીવા પ્રગટાવીને, ગાવા લાગી તેહ વાર ॥૫॥

ચોપાઈ– ભક્તિમાતાના આંગણામાંય, સર્વે બાયું ભેગી થઈ ત્યાંય । મધ્યે માંડવી મુકી છે સારી, રાત્રિના વિષે ગાયછે નારી ॥૬॥
ઈચ્છારામ સાથે ઘનશ્યામ, જોવા આવ્યા છે પૂરણકામ । ચોત્રા ઉપર બેઠા જરુર, અતિ આનંદ વાધ્યો છે ઉર ॥૭॥
આવી અનેક ગોપી અનૂપ, ગોલોકથકી દિવ્ય સ્વરૂપ । દારાઓ સાથે લાગી તે ગાવા, ધર્મનંદનને તે રિઝાવા ॥૮॥
શ્રીહરિને કર્યા નમસ્કાર, ગોપી ગાવા લાગી તેહવાર । ફરતી જાય ને ગાય છે ગીત, મધુરે સ્વરે કરીને પ્રીત ॥૯॥
સર્વે સંગાથે પાડે છે તાળી, મોહ પામે રસિક તેભાળી । ઘમઘમ ઘુઘરીયો ગાજે, છમછમ તે નેપુર બાજે ॥૧૦॥
ઝગમગ દાગીના ઝળકે, ઝબઝબ વિજળી ઝબકે । ઝટપટ ત્યાં પાવ ઉપાડે, તનન તાનમાં તાળી પાડે ॥૧૧॥
ઝમઝમ ઝાંઝર ઝમકે, ચમચમ નક્ષત્ર ચમકે । ઠમઠમ ચાલે છે ઠમકે, ધમધમ ધરણી ધમકે ॥૧૨॥
ફરરર ભૃકુટી ફરકે, જોઈ થરરર અનંગ થરકે । દેખી ગોપીનું ગાન ગંભીર, આકાશમાં ચંદ્ર થયો સ્થિર ॥૧૩॥
છુપૈયાપુરના વાસી જન, મોહ પામી ગયા સહુ મન । એવું દેખી વેણીરામ પુછે, બાળકોને આ કોણ આવ્યું છે ॥૧૪॥
ત્યારે બોલ્યા બલભદ્ર વીર, સુણો સખા તમે થઈ સ્થિર । આતો અમને કરવા પ્રસન્ન, આવ્યા ગોલોકથી ગોપીજન ॥૧૫॥
એમ સખાને કહ્યું વિખ્યાત, મૂર્તિમાતાને કરી તે વાત । ગોપીકાઓ રમી ઘણીવાર, રાજી થયા છે ધર્મકુમાર ॥૧૬॥
પછે કહ્યું તે ગોપીજનને, માગો વર જે ગમે તમને । ત્યારે બોલ્યાં રાધા કર ભામી, અમને સેવામાં રાખો સ્વામી ॥૧૭॥
તે સુણી બોલ્યા શ્રીઘનશ્યામ, તમને દેશું જે રુડાં ધામ । વળી સત્સંગના અધિકારે, કરજ્યો સેવા રુડે પ્રકારે ॥૧૮॥
દેશ કાઠીયાવાડ જે તેમાં, રાજ ઝાલાનું કેવાય જેમાં । તે મધ્યે મુળી સુંદર ગામ, રાજા પરમાર અભિરામ ॥૧૯॥
તેહ પુરમાં મંદિર એવું, કરાવીશું મોટું મેરૂ જેવું । તેમાં રાધાકૃષ્ણમૂર્તિ સારી, શ્રીહરિકૃષ્ણ નામે અમારી ॥૨૦॥
તે વેદવિધિ અનુસારે, બેસારીશું તે હાથે અમારે । અનેક જીવના મોક્ષ સારૂં, એવું કરવું છે ધાર્યું અમારું ॥૨૧॥
એમ કહી આનંદ પમાડ્યાં, વ્હાલે રસરંગેથી રમાડ્યાં । પછે મળ્યા સૌને મહારાજ, એમ જનનાં કરે છે કાજ ॥૨૨॥
પછે તેવારે પ્રસાદી દીધી, ગોપીઓએ ભાવ કરી લીધી । પતાસાં લીધાં પૂરણ પ્રીતે, રસ રંગે રમ્યાં રુડી રીતે ॥૨૩॥
કર્યો શ્રીહરિચરણનો સ્પર્શ, ગોપીકાઓ થઈ છે અદર્શ । વ્યોમ ૧અયને ચાલી અશોક, સરવે ગોપી ગઈ ગોલોક ॥૨૪॥
નિજ નગ્રની નારીઓ જેહ, આવી કોટિશીર્ષા પાસે એહ । સુણો ઘનશ્યામ મહારાજ, તેમને પ્રસાદી આપી આજ ॥૨૫॥
માટે અમને આપો મોરારી, તમારી પ્રસાદી સુખકારી । એવું સુણીને ધર્મકુમારે, પતાસાં આપ્યાં છે તેણીવારે ॥૨૬॥
મહાપ્રભુની પ્રસાદી લીધી, નારાયણને નમ્રતા કીધી । પામી આનંદ મન અપાર, પછે સર્વે ગયાં નિજ દ્વાર ॥૨૭॥
ત્યારે કેડે ગયા થોડા દિન, આવી દિવાળી વર્ષ નવીન । રૂડા દિન દિવાળીના સારા, સૌને હર્ષવૃદ્ધિ કરનારા ॥૨૮॥
વસ્ત્ર અને અલંકાર ધારી, જાય દર્શને સૌ નરનારી । વળી સગાસંબંધીને ઘેર, મળવા જાય આનંદભેર ॥૨૯॥
સતી સુવાસિની જે પાવન, બોલ્યાં માતાના પ્રત્યે વચન। માતાજી રજા આપોતો આજ, જૈયે દર્શન કરવા કાજ ॥૩૦॥
ઈચ્છારામ અને ઘનશ્યામ, બન્ને ભાઈ સાથે અભિરામ । અલંકાર પેરી પટકુળ, અમે જૈયે છૈયે સાનુકુળ ॥૩૧॥
પછે આંગળીયો ગ્રહી પ્રીતે, ચાલ્યાં સુવાસિની રુડી રીતે । જ્યાં જ્યાં દેવતણાં છે જે સ્થાન, દર્શન કરેછે ભગવાન ॥૩૨॥

સગાસંબંધીનાં જેજે ઠામ, તેને ઘેર ગયા ગુણગ્રામ। સર્વેને મળી રહ્યા છે જ્યારે, રાત્રિએ ઘેર આવ્યા છે ત્યારે ॥૩૩॥
તેસમે ધર્મદેવે તેવાર, મેરૈયાં કરી રાખ્યાં તૈયાર । પુર્યું દિવેલ બત્તી સહિત, કર પકડ્યાં છે કરી હિત ॥૩૪॥
પ્રગટ્યા દીપક યોગિનાથે, ચાલ્યા સર્વે સખાઓને સાથે । આગડી માગડી મેહરૈયાં, કરેછે એમ ઉચ્ચાર છૈયાં ॥૩૫॥
શ્રીહરિ પણ એમ ઉચ્ચારે, બાળમિત્ર સાથે વારે વારે । ઘરોઘર ફર્યા ગિરિધારી, તેલ પુરાવે છે સુખકારી ॥૩૬॥
મેરૈયાં મુકવાનું જે સ્થળ, ત્યાં મુકી આવ્યાં બાળ સકળ । પછે આવ્યા પોતાને ભુવન, નાનાભાઈ સાથે ભગવન ॥૩૭॥
માતાએ કરી રૂડી રસોઇ, જમવા તૈયાર થયા તે જોઇ । હરિપ્રસાદ ને ત્રૈણ બંધુ, જમવા બેઠા છે ગુણસિંધુ ॥૩૮॥
જમતામાં બોલ્યા જગતાત, દીદી સુણો કહું એક વાત । અન્નકોટ છે આવતી કાલ, તે સગવડ કરો તમે હાલ ॥૩૯॥
ઠાકોરજી છે આપણે ઘેર, તેમને જમાડો રુડી પેર । પુરો અન્નકોટ તે આ વારે, મારું મન માને દીદી ત્યારે ॥૪૦॥
જમી રહ્યા છે શ્રીઘનશ્યામ, પછે ચળુ કર્યું તેહ ઠામ । બહુનામી આવ્યા ત્યાંથી બાર, ચોત્રા ઉપર વિશ્વઆધાર ॥૪૧॥
તે સમે પાસે છે વેણીરામ, એના પ્રત્યે બોલ્યા ઘનશ્યામ। હે સખા સુણો નિર્મળ મન, કાલે આવજ્યો મુજ ભુવન ॥૪૨॥
અન્નકોટની સામગ્રી થાશે, ઠાકોરજી આગળ ભરાશે । પછી દિવાળીને દિવસે સાર, ભક્તિમાતાએ કર્યો વિચાર ॥૪૩॥
દીપોત્સવીની નિશામાં જાગ્યાં, સર્વે સાંમગ્રી કરવા લાગ્યાં । પ્રેમવતીજી પાસે બેઠાં છે, સૌને યોગ્ય કામ બતાવે છે ॥૪૪॥
ચંદા વસંતા સુંદરીબાઈ, સુવાસિની આદિ આવો આંઇ । ભેગાં થૈને બેસો મુજ પાસ, તમને કામ કહું હુલ્લાસ ॥૪૫॥
યોગ્ય રીતે બતાવ્યું છે કામ, સર્વે કાજ કરે છે તેઠામ । મંગાવ્યાં સર્વે જાતનાં અન્ન, કરી વ્યવસ્થા ધારીને મન ॥૪૬॥
ઋષિપત્નીઓ સઘળી આવી, ભક્તિ માતાના મનમાં ભાવી । પ્રેમવતીજીયે સોંપ્યાં કામ, નોંખાં નોંખાં ઘટિત તમામ ॥૪૭॥
ચણાનું કર્યું બેશન તૈયાર, બનાવી છે સામગ્રી અપાર । ખારી પુરી મોળી પુરી સારી, ગાંઠીયા વિગેરે સુખકારી ॥૪૮॥
મશાલા થકી બને જે સાર, તે વસ્તુ સહુ કરી તૈયાર । સૂત્રફેણી જલેબી ને ખાજાં, મોતૈયા વળી ઘેબર ઝાઝાં ॥૪૯॥
પેંડા બરફી ગુંજાં મરકી, ગુંદરપાક બનાવ્યો નક્કી । બુંદી કણસૈકળી મિષ્ટાન્ન, એ આદિ બીજાં કે પકવાન ॥૫૦॥
અતિ ઉત્તમ એતો છે મિષ્ટ, ભક્તિમાતાએ કર્યાં સ્વાદિષ્ટ । તેસમે પોતે શ્રીઘનશ્યામ, બહુનામી બતાવે છે કામ ॥૫૧॥
જેને જે ચીજ આવડે નહી, હરિ તેને શિખવે છે સહી । ચાસણી કેરી સામગ્રી જેહ, કરે સુવાસિનીબાઈ તેહ ॥૫૨॥
એલચી ને ચણા સાકરીયા, શર્કરાનાં સાહિત્ય કરીયાં । મગફળી દાણા પુરવીદાણા, રેવડી કાજુદાણા વખાણ્યા ॥૫૩॥
પતાસાં વિગેરે સહુ વસ્તુ, સુવાસિનીએ કરી સમસ્તુ । સુરજાબાઈ કરે છે જે કામ, તેને જોવે છે શ્રીઘનશ્યામ ॥૫૪॥
બાજરા મગનો જેહ પિષ્ટ, કુલેરલાડુ કીધા સ્વાદિષ્ટ । તાંદુલ પિષ્ટ હરીસો જેહ, વસંતાબાએ કર્યો છે તેહ ॥૫૫॥
સારો હલવો સ્વાદુ અપાર, દળના લાડુ કર્યા છે સાર, ખસખસના મોદક જેહ, ચાસણી પાયેલા વળી તેહ ॥૫૬॥
ચંદનબાએ કર્યું એ કામ, થયા પ્રસન્ન પૂરણકામ । ભક્તિમાતા આદિ ભલી નારી, કરી રાત્રિમાં સામગ્રી સારી ॥૫૭॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિની ઈચ્છા થકી નવરાત્રિની લીલામાં ગોપીઓ આવીને અન્નકોટનો પ્રારંભ કર્યો એ નામે છન્નુંમો તરંગઃ ॥૯૬॥

પૂર્વછાયો– દીવાળીને બીજે ૧વાસર, અન્નકોટનો દિન । ભક્તિએ તે ભામનીઓને, રીત બતાવી છે ભિન્ન ॥૧॥
શૌચવિધિ સ્નાન કરીને, બાઇઓ થઇ છે તૈયાર । બીજી રસોઇ કરવા લાગ્યાં, રસોડાની તેહવાર ॥૨॥
પ્રેમવતીજી પાસે બેઠાં, બીજી બાઇયો અપાર । પાકશાળામાં જે જોઇએ તે, આપે છે વસ્તુ સાર ॥૩॥
૨અપૂપ શીરો ને લાપશી, વળી કર્યો છે કંસાર । ગળી રોટલી કરી મોળી, કેસરીયો કુરસાર ॥૪॥
શેવો આદિ સઘળી વસ્તુ, સર્વે તે કરી તૈયાર । પયપાક બાસુંદી ચીજો, કરે છે ધર્મકુમાર ॥૫॥

ચોપાઈ– ભક્તિમાતાએ શિખંડ કર્યો, લઇ સુવર્ણ પાત્રમાં ભર્યો । ગોળ સાકરનાં જે મિષ્ટાન્ન, પુરી પોચી કરી સ્વાદવાન ॥૬॥
પાપડ દહીંવડાં પુરણ, સારું વઘાર્યું સુંદર સુરણ । રંભાફળ કોળું વળી દુધી, શાક કર્યાં ઘણી રાખી શુધી ॥૭॥
ગરમાગરમ યત્ને મુક્યાં, ચતુરાઈથી તે નવ ચુક્યાં । ચણા વટાણા વાલ વિખ્યાત, આખા મગ કઢી દાળ ભાત ॥૮॥
એ આદિ સામગ્રી ઘણી જાતે, કરી રાખી છે ત્યાં ભલી ભાતે । પરવળ રતાળુ સરસ, બટાકાં કારેલાં ઉતકર્ષ ॥૯॥
તાંદળજાની ભાજી વંત્યાક, મુળા મોઘરી મેથીનું શાક । સુવાભાજી પાપડી ગલકાં, લીલવા અળવી છે હલકાં ॥૧૦॥
ચીભડાં ટમેટાં શકરીયાં, કોબીજ આદિ શાક કરીયાં । જોઇએ તેવો મસાલો નાખી, વહ્નિ ઉપર મુકયાં છે રાખી ॥૧૧॥
એ આદિ ઘણી જાતનાં શાક, કર્યાં નાના પ્રકારના પાક । થયા સામાન સર્વે તૈયાર, અન્નકોટતણા જેણીવાર ॥૧૨॥
હરિ ઉઠ્યા કરવા તપાસ, માતપિતાને રાખ્યાં છે પાસ । બાકી રહે નહિ કોઇ વસ્તુ, સંભાળી જુવે છે તે સમસ્તુ ॥૧૩॥
સર્વે સામગ્રી તૈયાર જોઇ, બોલ્યા પ્રીતમજી પ્રીત પ્રોઇ । હે દાદા સુણો આપ અભીતા, મારું વચન પરમ પુનિતા ॥૧૪॥
ગોવર્ધન પર્વત કરીએ, એની પૂજા પ્રેમે આચરીએ । કેસર કુંકુમ અક્ષત સાર, પુષ્પે પૂજા કરી ધરી પ્યાર ॥૧૫॥

ઠાકોરજીના સમીપે શોભે, ભાળી ભાળી શોભા મન લોભે । હવે પુરો પિતા અન્નકોટ, નથી ખામી નથી કાંઇ ખોટ ॥૧૬॥
એમ કહી કરી છે તૈયારી, સાવધાન થયા સુખકારી । રામપ્રતાપ ને વશરામ, એ આદિ આવ્યા છે ત્યાં તમામ ॥૧૭॥
સર્વે સામગ્રી લાવે છે સાથે, આપે છે હરિવરને હાથ । ઠાકોરજી સમીપે ઠાકોર, ગોઠવે છે શ્રીધર્મકિશોર ॥૧૮॥
પેલા અંબુના લોટા ઉત્તમ, નિર્મળ ભરી મુક્યા નૌત્તમ । અબખોરા સહિત જ મુક્યા, પાનનાં બીડાં તે નવ ચુક્યા ॥૧૯॥
પછે લાવેલા છે જે સામાન, તેને ગોઠવે છે ભગવાન । મોદક જલેબી ઘૃતપુર, પહેલા પુર્યા છે તે ભરપુર ॥૨૦॥
પછે સામગ્રી સર્વે ઉત્તમ, ગોઠવે છે પ્રભુજી નૌત્તમ । જેજે વસ્તુ જોયે જેહ ઠામ, એમ ગોઠવે છે ઘનશ્યામ ॥૨૧॥
અન્નકોટપુરી રહ્યા નાથ, પ્રભુજી ધોવા ગયા છે હાથ । ગયા કુવા પર ગિરિધારી, સુવાસની આપે છે ત્યાં વારિ ॥૨૨॥
તે ભાભીએ કર ધોવરાવ્યા, રૂડાં રુમાલે કોરા કરાવ્યા । એટલામાં આવ્યા જયેષ્ટ બંધુ, ગયાતા વાડીમાં ગુણસિંધુ ॥૨૩॥
કલ્પદ્રુમ સમ જે ફણસ, ત્યાંથી ફળ લાવ્યા છે સરસ । રામ જામ નારંગી વિશેક, કેરી દાડમ લીલીખારેક ॥૨૪॥
શ્રીફળ કાજુ સફરજન, કેળાં ૧ઈક્ષુક જાંબુ પાવન । એ આદિ ફળ નાના પ્રકાર, લાવ્યા અનંતજી તેણીવાર ॥૨૫॥
અતિ સુંદરને ઘણાં મિષ્ટ, આપ્યાં છે અલબેલાજીને ઈષ્ટ । જેવી રીતેથી ઘટે છે જેમ, મારે વાલિડે મુક્યાં છે તેમ ॥૨૬॥
પછે ભાભીએ અથાણાં દીધાં, ઘનશ્યામે ગોઠવવા લીધાં । રાઈતાં મેથીયાં બોળકેરી, લિંબુ મરચાં ખારેક ઘણેરી ॥૨૭॥
ફણસ આંબળાનું અથાણું, વારે વારે વાલીડે વખાણ્યું । કેરી દ્રાક્ષનો મોરંબો જેહ, ઠાકોરજીને ધરાવ્યો તેહ ॥૨૮॥
એવી રીતે પુર્યો અન્નકોટ, કોઈ વસ્તુની ન રાખી ખોટ । પછે પિતા બંધુ આદિ જન, છુપૈયાપુરવાસી પાવન ॥૨૯॥
સર્વે ભેગા થયા તતકાળ, ઠાકોરજીનો બોલે છે થાળ । તેની પાસે આવ્યા અવિનાશ, થાળ બોલી રહ્યા સુખરાશ ॥૩૦॥
પછે ધર્મદેવ મહામતિ, ઉમંગે ઉતારે છે આરતી । તેહસમે જોવો ઘનશ્યામે, બીજું રૂપ ધર્યું સુખધામે ॥૩૧॥
બેઠા ઠાકોરજી કેરે પાસ, સર્વેને જોતા શ્રી જગવાસ । વળી હરિપ્રસાદની જોડે, બેઠા છે બહુનામી ત્યાં કોડે ॥૩૨॥
એવું અદ્ભુત દેખી ચરિત્ર, પામ્યા આશ્ચર્ય સર્વે પવિત્ર । આ બે રૂપે થયા ઘનશ્યામ, માટે એતો છે પૂરણકામ ॥૩૩॥
ત્યારે પિતાજીએ તતકાળ, લીધો છે કરમાં મોટો થાળ । થોડી થોડી સામગ્રી જે સર્વ, પુરી થાળમાં લઈ અપૂર્વ ॥૩૪॥
પોતાની પાસે બેઠા છે શ્રીહરિ, તેમને જમાડ્યા પ્રીત કરી । તે સમય ભાઈ ઈચ્છારામ, બોલાવીને બેસાર્યા તે ઠામ ॥૩૫॥
નિજ ભેગા જમાડે છે થાળ, દીનબંધુ છે એવા દયાળ, જોવા આવ્યા છે જન અપાર, તે ઠેકાણે હજારો હજાર ॥૩૬॥
દેખ્યાં શ્રીહરિનાં બેઉ રૂપ, પામ્યા આશ્ચર્ય મને અનુપ । સર્વાંતર્યામી શ્રીઅવિનાશ, બેઠા છે પિતાજીની પાસ ॥૩૭॥
વળી બીજે રૂપે બહુનામી, ઠાકોરજી પાસે જમે સ્વામી । બેઉ સ્થાને જમે છે ભોજન, આતો અકળ કળા છે જન ॥૩૮॥
બેઉ રૂપે થયા છે મોરારી, જોઈ સ્થિર થયાં નરનારી । બંધુ સહિત કર્યાં ભોજન, જમી તૃપ્ત થયા છે જીવન ॥૩૯॥
ચળુ કરી ઉઠ્યા અલબેલ, કર્યો ખલક પતિયે ખેલ । આશ્ચર્યકારી લીલા અપાર, કરે છે નિત્ય ધર્મકુમાર ॥૪૦॥
પછે ધર્મને રામપ્રતાપ, વશરામ ત્રવાડી એ આપ । અન્નકોટની સામગ્રી જેહ, સર્વે ઉપાડી લીધી છે તેહ ॥૪૧॥
ગાયઘાટ તર ગામતણા, ઘેર મેમાન આવ્યા છે ઘણા । વળી છુપૈયાપુરના જન, સગાં સંબંધી સર્વે પાવન ॥૪૨॥
સૌને કરાવ્યાં ભોજનપાન, મન પ્રસન્નથી દેઈ માન । હરિપ્રસાદ પરમ ઉદાર, કર્યો રુડો વિવેક તે વાર ॥૪૩॥
ભક્તિ ધર્મ ને જોખનભાઈ, સતી સુવાસિની આદિ બાઈ, જમ્યાં ભોજન એ રુડી પેર । એમ વર્તે છે આનંદભેર ॥૪૪॥
ધરી છે મનુષ્યાકૃતિ ધીર, સુખ આપે બહુ નરવીર । અતિ દુર્લભ દર્શન જેહ, છુપૈયામાં લીલા કરે એહ ॥૪૫॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિ દીવાળી-ને બીજે દિવસે અન્નકોટ કર્યો ને સર્વેને બે રૂપે દર્શન દીધાં એ નામે સતાણુંમો તરંગઃ ॥૯૭॥

પૂર્વછાયો– એકસમે ધર્મદેવજી, વસંતપંચમી દિન । કેસુડાં કેસર પતંગ, રંગ લાવ્યા છે નવીન ॥૧॥
ચુવા ચંદન અગરજા, અને અબીર ગુલાલ । પીચકારી સામાન સર્વ, મેળવીયો તતકાળ ॥૨॥
નિજ ઘરથી ઉતરમાં, આંબલીવાળો ચોક । તેસ્થળે લાવીને મુકિયાં, સાધન સર્વે અશોક ॥૩॥
સખા સાથે ઘનશ્યામને, આજ્ઞા આપી છે ત્યાંય । બેઉ પ્યારા તમે રંગ રમો, મિત્રની સાથે આંય ॥૪॥

ચોપાઈ– એવાં સુણી પિતાનાં વચન, મહાપ્રભુ થયા છે પ્રસન્ન । રામપ્રતાપ ને ઈચ્છારામ, વેણી માધવ પ્રયાગનામ ॥૫॥
ઘનશ્યામ સાથે અભિરામ, સર્વે રમવા લાગ્યા તેઠામ । સામસામા ભરી પિચકારી, રંગ ઉડાડેછે સુખકારી ॥૬॥
શ્રીહરિ પિચકારી ગ્રહીને, ચોત્રા ઉપર ઉભા રહીને । સખા ઉપર છાંટે છે રંગ, ઘણો ઉરમાં ધરે ઉમંગ ॥૭॥
ભરી રુમાલમાંહિ ગુલાલ, સર્વે ઉપર ઉડાડે લાલ । છુપૈયે રંગ ધૂમ મચાઈ, પદ બોલે તાળી પાડી ત્યાંઈ ॥૮॥
સખાઓ ભરીને પિચકારી, મારે હરિને સન્મુખ ધારી । એ પદ પુરુ થયું છે જયારે, સખા રંગ ઉડાડે છે ત્યારે ॥૯॥
રંગ ગુલાલ કરમાં રાખે, લાગ જોઈ પ્રભુ પર નાખે । તેસમે હરિકૃષ્ણ કૃપાળ, બેઉ કરવડે તતકાળ ॥૧૦॥

બન્ને શ્રોત્રની સરતું જેહ, દાબે છે અંગુઠે કરી તેહ । પછે બોલે છે પામી આનંદ, તુલસીદાસ તણાં જે પદ ॥૧૧॥
હોરી ખેલે પોતે રઘુવીરા, અવધમેં ખેલે રઘુવીરા । એ પદ બોલે સર્વે મુખેથી, ગુલાલ રંગ છાંટે સુખેથી ॥૧૨॥
પરસ્પર રમે છે ત્યાં એમ, રંગ ઉડાડે છે ગમે તેમ । રંગ ગુલાલની ઉડે ગરદ, તેમાં ગુમ થઇ ગયા મરદ ॥૧૩॥
વળી વ્યોમવિષે રંગ છાયો, તેથી સુરજ ઝાંખો દેખાયો । તેસમાની જે શોભા અપાર, વર્ણવતાં પામે શેષ હાર ॥૧૪॥
કોટિ કવિથી કે ન શકાય, સરસ્વતી પણ હારી જાય । વાગે વાજીંત્ર નાના પ્રકાર, ઢોલ ત્રાંસાં આદિક અપાર ॥૧૫॥
તે વાજાંનો શબ્દ ઘનઘોરી, તેમાં પ્રભુ બોલે હોરી હોરી । તેનો ચાલ્યો દિશાઓમાં ઘોષ, ત્યાં વાગે પડછંદા નિર્દોષ ॥૧૬॥
પંચ લોકને ભેદીને ત્યાંય, શબ્દ ગયો સત્યલોકમાંય। તે સુણીને બ્રહ્મા ભવ ઋષિ, ઇંદ્રાદિક અતિ થયા ખુશી ॥૧૭॥
આવ્યા જોવા સારું કરી સ્નેહ, વ્યોમમારગમાં સહુ એહ । પોતપોતાના સેવક સંગ, દેવાંગના સહિત ઉમંગ ॥૧૮॥
વિમાનમાં બેઠા થકા નિર્ખે, શ્રીહરિને દેખી મને હર્ખે । જુવે ત્રિદશ તજી પ્રમાદ, નૌત્તમ કરે દુંદુભિનાદ ॥૧૯॥
કરે પુષ્પની વૃષ્ટિ અપાર, વારે વારે બોલે જયકાર । સનકાદિક મુનિ અનૂપે, થયા શ્રીહરિના સખારૂપે ॥૨૦॥
આવ્યા પૃથ્વી ઉપર તતખેવ, ભેગા રમવા લાગ્યા છે એવ । અલૌકિક ને આશ્ચર્યકારી, ધર્મદેવે જોયું છે તે ધારી ॥૨૧॥
રુડી રમત દેખી તેવાર, વૃષદેવને થયો વિચાર, ઇચ્છા કરી રમવાની પોતે, કટિવસ્ત્ર બાંધ્યું સહુ જોતે ॥૨૨॥
રમવા લાગ્યા પ્રભુની જોડે, પિચકારી લઇ કોડે કોડે । તે દેખીને મોતીરામ આવ્યા, વશરામ આદિ સાથે લાવ્યા ॥૨૩॥
સર્વે ભેગા થઇને રમે છે, ગિરિધારીને મન ગમે છે । રંગ ધૂમ મચી છે રુપાળી, પદ ગાતાં પાડે કરતાળી ॥૨૪॥
છુપૈયાપુરના ઘણા જન, તે રમવા આવ્યા છે પાવન । આવી અદ્ભુત નૌત્તમ લીલા, તેને જોવા સારું સહુ મિલા ॥૨૫॥
પ્રધાન પુરૂષ ને વૈરાજ, મૂળ પ્રકૃતિપુરૂષ આજ । ભોમા પુરૂષાદિ લોકપતિ, જોવા સારૂં આવ્યા મહામતિ ॥૨૬॥
નિજ પાર્ષદ સહિત આવ્યા, વ્હાલપણે વ્હાલાને વધાવ્યા । મોટા મોટા મહોત્સવ રંગ, ભાળીને થયા પ્રસન્ન અંગ ॥૨૭॥
ચંદનપુષ્પ વૃષ્ટિ કરે છે, નેત્રે ઉત્તમ નેહ ભરે છે । જયજયકાર એ બોલે છે, બ્રહ્મખુમારીમાંહિ ડોલે છે ॥૨૮॥
સ્તુતિ કરેછે વારમવાર, શ્રીહરિમાં થયા તદાકાર । પુરૂષોત્તમજીનાં ચરિત્ર, દેખીને થયા પુન્ય પવિત્ર ॥૨૯॥
એકાગ્રપણે તેમણે નિખ્યાં, નિર્ખિ શ્રીહરિને મને હર્ખ્યા । રંગ છાંટે છે તેને રસિયો, વિશ્વમાંજ વાલિડો વસિયો ॥૩૦॥
કોટિશીર્ષા મહા સમર્થ, તેનો પૂર્ણ કર્યો મનોરથ । આવી રીતે રમ્યા ઘણીવાર, અખિલ જગ પ્રાણઆધાર ॥૩૧॥
પછે ગાજતે વાજતે વ્હાલો, રમતા રમતા કહે ચાલો । એવું કહીને તૈયાર થયા, નારાયણસરોવરે ગયા ॥૩૨॥
આવેલા છે જે ત્યાં લોકનાથ, સર્વે વિચર્યા શ્રીહરિસાથ । સખા દેવ મુનિએ સહિત, જલક્રીડા કરે ધરી હિત ॥૩૩॥
જલક્રીડા કરી રહ્યા જ્યારે, બાર આવ્યા મુનિદેવો ત્યારે । કર્યો શ્રીહરિચર્ણનો સ્પર્શ, રજા માગીને થયા અદર્શ ॥૩૪॥
ધર્મદેવ ને ત્રૈણે કુમાર, એ આદિ બીજા જન અપાર । વાજતે ગાજતે ગયા ઘેર, એમ વર્તે છે આનંદભેર ॥૩૫॥
માતાએ કરી રસોઇ ત્યાર, ભક્ષ્ય ભોજ્ય લેહ્ય ચોષ્ય ચાર । પિતાજી સહિત ત્રૈણે બંધુ, જમવા બેઠા છે ગુણસિંધુ ॥૩૬॥
જમીને તૃપ્ત થયા જીવન, ચળુ કરી ઉઠ્યા ભગવન । ચોત્રા ઉપર જૈ પોઢી રહ્યા, એકનિદ્રા લેઇ બેઠા થયા ॥૩૭॥
મધ્યનિશા સમો થયો જ્યાંય, વાલિડો વિચારે મનમાંય ॥ ધર્મદેવ ને રામપ્રતાપ, તેહ સમે આવી બેઠા આપ ॥૩૮॥
ચોત્રા ઉપર શ્રીહરિ પાસ, બેઠેલા છે કરી મન આશ । પિતાજીએ જોડ્યા બેઉ પાણ, વંદના કરીને બોલ્યા વાણ ॥૩૯॥
હે હરિકૃષ્ણ હે ઘનશ્યામ, હે નીલકંઠજી સુખધામ । હે હરે હે અક્ષરાધિપતિ, પુરૂષોત્તમજી ગૂઢગતિ ॥૪૦॥
મુજ પુત્રભાવે પરબ્રહ્મ, રમ્યા ચોકવિષે અનુક્રમ । આવો મોટોઉત્સવ તે કર્યો, મારો ભવજળભય હર્યો ॥૪૧॥
તવ ઉત્સવમાં મહારાજ, અનેક બ્રહ્માંડપતિ આજ । આવ્યા દિલ ધરીને ઉત્સાહ, તેને રંગે રમાડ્યા અથાહ ॥૪૨॥
વળી નારદ સનકાદિક, તેહ રમ્યા તમારી નજીક । વસંત ને ફુલડોલ સંગ, છુપૈયાપુરમાં રમ્યા રંગ ॥૪૩॥
રામનૌમી જન્માષ્ટમી જેહ, પ્રબોધિની એકાદશી એહ । એ આદિ જે ઉત્સવના દિન, એમાં લીલા કરીછે નવીન ॥૪૪॥
સમૈયા ઉત્સવ નિરધાર, હરસાલે કર્યા ઘણીવાર । ઉત્સવમાં ગયો જેહ કાળ, મુને સમઝાવો તે દયાળ ॥૪૫॥ છુપૈયાપુર છે ધન્ય ધન્ય, નારાયણ સરોવર અન્ય । વિશ્વામિત્રિ જેહ સરિતાય, તેનો કો મુજને મહિમાય ॥૪૬॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે પિતાબંધુની સાથે શ્રીહરિએ વસંતપંચમીને દિવસે રંગ ઉત્સવ કર્યો એ નામે અઠ્ઠાણુંમો તરંગઃ ॥૯૮॥

પૂર્વછાયો– રામશરણજી ઉચર્યા, સુણો પિતા બંધુ વાણ । ધર્મદાદાયે પ્રશ્ન પુછ્યું, તેનું શું કહ્યું પ્રમાણ ॥૧॥
પ્રગટનાં ચરિત્ર સુણતાં, ઉપજે આનંદ ઉર । રાત્રિ દિન રટના લાગી, સાંભળવા છું આતુર ॥૨॥
છુપૈયાનો મહિમા મોટો, શ્રીહરિએ કહ્યો જેહ । વિસ્તારીને તે વર્ણવો, મારે સાંભળવો છે એહ ॥૩॥

ચોપાઇ– એવું સુણી અવધપ્રસાદ, બોલ્યા પ્રેમથી તજી પ્રમાદ । ધન્ય છે પુત્ર તમારી મતિ, તમે પ્રશ્ન પુછ્યું રુડું અતિ ॥૪॥
એનો ઉત્તર આપું છું આજ, સુણો એક ચિત્તે શુભ કાજ । શ્રીહરિ ધર્મદાદાને કહે છે, દાદા તેવાત મનમાં લે છે ॥૫॥

મમ જન્મ ભૂમિકા છે આંય, આવું સ્થાન નથી બીજે કયાંય । મુજ લીલાનું અનન્ય સ્થાન, તેથી છુપૈયા છે પુન્યવાન ॥૬॥
નારાયણસર નિર્મળ, એનો તો મહિમા છે અકળ । આવી જગ્યા નથી કોઈ અન્ય, છુપૈયાપુર પાવન ધન્ય ॥૭॥
શેષ મુનીશ વાગીશ ઈશ, મહિમા કહિ શકે ન લેશ । એવો મોટો છે મહિમા જેનો, પ્રાણી કયાંથી પાર પામે તેનો ॥૮॥
દાદા પ્રશ્ન પુછ્યું મુને તમે, માટે સંક્ષેપથી કૈયે અમે । છુપૈયાપુર ફરતા રહંત, અષ્ટાદશ યોજન પર્યંત ॥૯॥
છુપૈયાપુરની રજ જેહ, અજાણે ઉડીને અડે એહ । તેનાં પાપ સર્વે બળી જાશે, અક્ષરધામ વિષે વાસ થાશે ॥૧૦॥
નારાયણસરને જે જન, નજરે જોશે નિર્મળ મન । પામશે તે શ્વેતદ્વીપ ધામ, એનાં સફળ થાશે જ કામ ॥૧૧॥
વળી સરોવરનું જે વારી, કરશે આચમન જે ધારી । વૈકુંઠધામને પામે તેહ, નથી તે વિષે કાંઈ સંદેહ ॥૧૨॥
આ સરોવરે કરે જે સ્નાન, મળે ગોલોકમાં તેને માન । જે અમારી સ્મૃતિએ સહિત, મહિમા સાથે સંશે રહિત ॥૧૩॥
કરશે ભાવ થકીજો સ્નાન, આત્યંતિક મોક્ષ દેશું દાન । અભય પદ અમારૂં ધામ, દેશું અક્ષરમાં એને ઠામ ॥૧૪॥
આ સરોવરમાંથી વિશેક, મૃતિકા ભરી લે મુષ્ટિ એક, લેઈ નાખે સરોવર તીર, બદ્રિકાશ્રમ પામે તે વીર ॥૧૫॥
વિશ્વામિત્રી સરિતાને સ્થાન, તે ગૌઘાટે કોઈ ભાગ્યવાન । કાળગ્રસ્તનું અસ્થિ લગીર, જે કોઈ લાવી નાખે ત્યાં ધીર ॥૧૬॥
તેની સાત પેઢી પર્યંત, સ્વર્ગનું સુખ પામે અનંત । ગૌઘાટ ને ૧વિસારસાગર, ખંપાસર નારાયણસર ॥૧૭॥
શ્રાદ્ધાદિક ક્રિયા અનુક્રમ, કરશે તે સ્થળે આવી પરમ । એનો આત્યંતિક મોક્ષ થાય, મારા અક્ષરધામમાં જાય ॥૧૮॥
સુણો દાદા કહું સત્ય વાત, નારાયણસરની સાક્ષાત । આજથી આરંભીને સદાય, વૃદ્ધિ પામશે એ મહિમાય ॥૧૯॥
અડસઠ તીર્થ કૈયે જેહ, આંહિ વાસ કરી રેશે તેહ । ક્ષણમાત્ર રહે નહિ દૂર, જાણી લેજ્યો હે દાદા જરૂર ॥૨૦॥
જે જે પ્રભુના છે અવતાર, વળી બ્રહ્માંડાધિપતિ સાર । સનકાદિક મુનિ ને દેવ, અઠ્યાશી સહસ્ર ઋષિ એવ ॥૨૧॥
નવલખે પર્વતે પ્રસિદ્ધ, તેમાં જેટલા રહે છે સિદ્ધ । એ આદિ સહુ પ્રભુના ભક્ત, આ બ્રહ્માંડોના વાસી આસક્ત ॥૨૨॥
આ સરોવરે કરવા સ્નાન, નિત્ય આવે છે મુકીને માન । દર્શન પૂજા પ્રક્રમા સાર, અમને કરે છે નમસ્કાર ॥૨૩॥
પછે જાય છે પોતાને સ્થાન, એમ આચરે થઈ નિરમાન । મોક્ષધામ છુપૈયાસમાન, નથી બ્રહ્માંડમાં કોઈ સ્થાન ॥૨૪॥
છુપૈયાપુર ધર્મતડાગ, નારાયણસર મહાભાગ । ખંપાસરોવર કહેવાય, રુડી વિશ્વામિત્રી સરિતાય ॥૨૫॥
વળી નિર્મળ ભૂતિયો કૂપ, ફુલબાગની ભૂમિ અનુપ । અમારું જન્મસ્થાનક આજ, બીજી ઉપમા નથી એ કાજ ॥૨૬॥
રામસાગર કલ્યાણસર, મીનસાગર છે પાપહર । ચુડહા બગીહા વન જોય, કુંજગલીતણું વનસોય ॥૨૭॥
સુખકારી શોભીતાંછે સ્થાન, એ ચતુર્દશ તીર્થનિદાન । આ તીર્થમાં અમોએ અપાર, લીલા કરીછે વારમવાર ॥૨૮॥
છુપૈયાપુર પાવનકારી, જાણે તેને ભવભયહારી । ગંગાદિતીર્થ સર્વે કહાવે, છુપૈયાપુરતુલ્ય તે નાવે ॥૨૯॥
એક છુપૈયામાં ઉતકર્ષ, મહાતીરથ છે ચતુર્દશ । તે તીર્થનો છે પ્રૌઢ પ્રતાપ, સંસૃતિનો ટાળે તે સંતાપ ॥૩૦॥
બ્રહ્મહત્યાદિ જે પંચ પાપ, કરેલાં હોય જેણે અમાપ । મન વાણી કાયાએ નિઃશંક, પાપ કર્યાં હોય આડે અંક ॥૩૧॥
કપટી ક્રૂર નિર્દયપણું, પરદ્રવ્ય હર્યું હોય ઘણું । તેવડે દેહ કરેલા પુષ્ટ, મન મેલા દુરાચારી દુષ્ટ ॥૩૨॥
ક્રોધી કુટિલ કુચ્છિત કામી, લોભી લંપટ લુણહરામી । દેવબ્રાહ્મણનું દ્રવ્યવૃત્તિ, તેને હરવાપણું દૂર મતિ ॥૩૩॥
વ્યભિચારી વિકારી સુરારી, વેદમાર્ગ તજે અવિચારી । વર્ણાશ્રમની મર્યાદા તજે, દંભ મત્સર હિંસાને ભજે ॥૩૪॥
માતપિતાને દુઃખ પમાડે, પાપી પડે અસત્ય અખાડે । એઆદિ બીજાં પાપ અપાર, કરેલાં હોય પામી વિકાર ॥૩૫॥
પણ છુપૈયા મુખે લે નામ, પામે એ પ્રાણી અક્ષરધામ । કુલસહિત પામે ઉદ્ધાર, એમાં સંદેહ નથી લગાર ॥૩૬॥
છુપૈયા ત્રિઅક્ષરનું રૂપ, કહું અર્થસહિત અનુપ । છુ અક્ષર માયાબંધ છોડાવે, કાળકર્મનો ત્રાસ તોડાવે ॥૩૭॥
પુરૂષોત્તમજીનો સંબંધ, પ્રાણિને પમાડે નિરબંધ । વળી પ-અક્ષરનો પ્રતાપ, સુણો ચિત્ત દઈ નિષ્પાપ ॥૩૮॥
પ્રારબ્ધ ક્રિયમાણ સંચિત, ત્રૈણે પાપ હોય જો ખચીત । તેને નાશ કરે તતખેવ, પરમપદને પમાડે એવ ॥૩૯॥
ત્રીજો અક્ષર ય- જે કેવાય, તેનો કહું રૂડો મહિમાય । યત્ કિંચિત રૂપ ને નામ, તેને મિથ્યા કરે અભિરામ ॥૪૦॥
છુપૈયા નામનો વર્ણ એક, ટાળે જન્મમરણ વિશેક । છુપૈયા નામના ત્રૈણ વર્ણ, મુખેથી કરેજે ઉચ્ચારણ ॥૪૧॥
તે તો પ્રકૃતિપુરૂષથી પર, ચિદ્ઘન ધામ છે સુંદર । તેના તેજ વિષે વ્યતિરેક, પુરૂષોત્તમજી રહે એક ॥૪૨॥
તેમને પમાડે તતકાળ, જન્મમરણની ટાળે ઝાળ । એવું છુપૈયા ધામ પવિત્ર, પ્રભુએ કર્યાં છે ત્યાં ચરિત્ર ॥૪૩॥
બીજાં તીરથ છે જે અનેક, પરમકલ્યાણકારી વિશેક । અઘઓઘ-હારી તે કહાવે, પણ છુપૈયાસમાન નાવે ॥૪૪॥
જેમ ગંગા ને બીજી સરિતા, તેની તુલ્ય ન થાય અભિતા । કલ્પવૃક્ષ અન્ય તરુ જેમ, નાવે છુપૈયાસમાન એમ ॥૪૫॥
સૂર્યચંદ્રનું ગ્રહણ હોય, કરે કોટિ ગૌવાદાન જોય । વળી શંભુક્ષેત્રમાં તે કરે, તોય છુપૈયાતુલ્ય ન ઠરે ॥૪૬॥
કીડી મકોડી કીટ પતંગ, વેલી વૃક્ષ પશુ પક્ષી અંગ । સ્થાવર જંગમ પ્રાણી એહ, મમ સંબંધ પામ્યા છે જેહ ॥૪૭॥
વળી મારા આશ્રિત કેવાશે, તેના સંબંધી જે જન થાશે । નિશ્ચે પામશે મોક્ષ એ જન, માની લેજ્યો દાદા નિશ્ચે મન ॥૪૮॥

મમ જન્મભૂમિકા આ સ્થાન, એનો મહિમા મોટો નિદાન । સાતે પુરી અને ચારે ધામ, વળી સર્વે તીરથ જેઠામ ॥૪૯॥
તે નાવે આ છુપૈયાસમાન, કોટિમા ભાગમાં તે નિદાન । આ સ્થાનમાં આવીને જે જન, વિપ્રસાધુને આપે ભોજન ॥૫૦॥
વળી વસ્ત્ર ધેનું ભૂમિ દાન, આપે આંહિ આવીને જે માન । પ્રભુની પ્રતિમાઓને જાણી, થાળ કરી જમાડે જે પ્રાણી ॥૫૧॥
કરાવે વસ્ત્ર ઘરેણાં ભાવે, વળી બીજી જગ્યાઓ બંધાવે । પામે તે જન અક્ષરધામ, તેવા રૂપે બને અભિરામ ॥૫૨॥
મંદિરમાં પૂજાનો પ્રવાહ, ચલાવે જો કરીને ઉત્સાહ । તે તો શ્રીહરિસમીપ રેશે, લાવો અક્ષરધામમાં લેશે ॥૫૩॥
નારાયણસરોવર તીર, ધર્મ કરશે જે ધરી ધીર । કીડી મીન આદિ જે અનેક, નાખશે અન્ન કણુંકો એક ॥૫૪॥
સ્વર્ગનું સુખ તેને મળશે, એ દેવની પંક્તિમાં ભળશે । નારાયણસર પર થઈને, જો પક્ષી ઉડે આકાશે જઈને ॥૫૫॥
તે પક્ષી પામે સ્વર્ગ નિવાસ, સિધિ વાત કહું છું પ્રકાશ । શ્રીહરિ કે સુણો દાદા વાત, તમે પ્રશ્ન પુછ્યું તું વિખ્યાત ॥૫૬॥
રંગ ઉત્સવમાં ગયો કાળ, તેની વિગત કહું દયાળ । ચતુર્મુખી બ્રહ્મા છે જેહ, તેનો ત્રુટિકાળ કેએ તેહ ॥૫૭॥
તેટલો કાળ ગયો અમને, સત્ય વૃત્તાંત કહ્યું તમને । હે દાદા તમે છો સન્મતિ, જાણી લેજ્યો એ કાળની ગતિ ॥૫૮॥
છુપૈયાપુરનો મહિમાય, તે તો અતિ અગાધ કહેવાય । કહ્યો કિંચિત ભાગથી અમે, મુમુક્ષુજનને કહેજો તમે ॥૫૯॥
સુણી શ્રીહરિનાં એ વચન, પિતા બંધુ થયા છે પ્રસન્ન । પામ્યા આશ્ચર્ય મન અપાર, કર જોડી કર્યા નમસ્કાર ॥૬૦॥
એમ કરે જીવન ચરિત્ર, પૃથ્વીતળ કરવા પવિત્ર । વ્હાલો ધરી મનુષ્યનું રૂપ, અતિ લીલા કરેછે અનૂપ ॥૬૧॥
ધરણીમાં જે રહ્યોતો અધર્મ, તેને નાશ કર્યો અનુક્રમ । નિજ આશ્રિતને સુખ આપ્યું, કેક સેવકનું કષ્ટ કાપ્યું ॥૬૨॥
કરવા અનંતનાં કલ્યાણ, થાય મનુષ્ય વિગ્રહ જાણ । મહાઅમોઘ નિજ પ્રતાપ, ગુપ્ત રાખીને વર્તે છે આપ ॥૬૩॥
જાણિતાને રહેછે આ ભાન, અજાણ્યાને નથી રેતું ધ્યાન । જાણ્યું તેણે મહાસુખ માણ્યું, નથી જાણ્યું તેને શું વખાણ્યું ॥૬૪॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિયે ધર્મદેવને છુપૈયાપુરનું માહાત્મ્ય કહ્યું એ નામે નવાણુંમો તરંગઃ ॥૯૯॥

પૂર્વછાયો– ત્યાર પછી શ્રી ધર્મદેવે, કર્યો મનમાં વિચાર । છુપૈયાપુર મુકી જાવું, અવધપુરી મોઝાર ॥૧॥
રામપ્રતાપને સંગે લઈને, ગયા શરણામગંજ ગામ । બજારમાં છે લેવું દેવું, ચુકવવા તેહ કામ ॥૨॥
વણિક સર્જુપ્રસાદ છે, ગયા છે તેહને ઘેર । હિસાબ કરી ચુકાવી દીધા, રુપિયા રૂડિ પેર ॥૩॥
પછે પોતાને ઘેર આવ્યા, છુપૈયાપુર મોઝાર । સંબંધીને મળીને થયા, જાવા સારુ તૈયાર ॥૪॥
ગાડાંમાં ભરી સામાન સર્વે, તત્પર થયા તેહ । પુરવાસી જન વળાવવા, આવ્યા છે મળી સહુ એહ ॥૫॥

ચોપાઈ– નારાયણસર સુધી આવ્યા, પરસ્પર મળીને બોલાવ્યા । ત્યાંથી પાછા વળ્યા સહુજન, શ્રીહરિને સંભારે છે મન ॥૬॥
ધર્મભક્તિ સંગે પરિવાર, ગયા અવધપુરી મોઝાર । બ્રહટા શાખા નગર ઠામ, ત્યાં છે સુંદર પોતાનું ધામ ॥૭॥
સુખેથી આવી કર્યો નિવાસ, વર્તે આનંદમાં સુખરાશ । પછે એક દિન ઘનશ્યામ, વિચારે છે શ્રીપૂરણકામ ॥૮॥
નિજ ઘરથી પૂરવમાંય, ઉદેરાજનું દ્વાર છે જ્યાંય । એનું આંગણું છે પુન્યવાન, ચંદ્રશેખરનું છે ત્યાં સ્થાન ॥૯॥
એકાંતમાં છે મંદિર રમ્ય, શ્રીહરિ પધાર્યા છે અગમ્ય । ભટ્ટેશ્વર શંકરનું સ્થળ, સારું શોભાયમાન દેવળ ॥૧૦॥
કર્યું શ્રીહરિએ ત્યાં શયન, જાણી એકાંત શ્રીભગવન । તે સમે દેવીબકસ નામ, જાતે કાયથ આવ્યો તે ઠામ ॥૧૧॥
ચંદ્રશેખરનો છે ઉપાસી, મહા વિષયી મન ઉદાસી । નિત્ય કરવા આવે દર્શન, પણ ૧અનંગને વશ મન ॥૧૨॥
દર્શન કરી ગાલ બજાવે, શૈલ સુતાપતિને રિઝાવે । નૃત્ય કરી માગે નિત્ય વર, હે કૃપાળુ સુણો ગંગાધર ॥૧૩॥
તમે છો મોટા દીનદયાળ, નિજ ભક્ત તણા પ્રતિપાળ । મારા ઉપર કૃપા કરજ્યો, હર હર આ સંકટ હરજ્યો ॥૧૪॥
હવે કોઇ દિન ભગવન, નવ દેશો મનુષ્યનું તન । તમારી જો પ્રસન્નતા હોય, હું માગું છું મુને આપો સોય ॥૧૫॥
દેજ્યો ગર્દભનો હવે દેહ, થાય પૂર્ણ મનોરથ એહ । તજી લાજ મરજાદની રીત, વિષય ભોગવું ધરી પ્રીત ॥૧૬॥
ત્રાંબુ ખાઇને હું મરી ગયો, તોય કામથી તૃપ્ત ન થયો । જન્મોજન્મ સદા સર્વદાય, મુને તો એ આપો સુખદાય ॥૧૭॥
થયો છું હવે છેક નિરાશ, માટે માગું છું હું તવ પાસ । એવું માગે છે નિત્ય વચન, વિષયમાં લુબ્ધ થયું મન ॥૧૮॥
નિત્ય એવું માગે અઘવાન, પછે કરે છે ભોજનપાન । દુષ્ટ બુદ્ધિવાળો છે તે જન, વિષયથી માન્યું એનું મન ॥૧૯॥
તે વચન સુણી જોયું પોતે, પ્રભુજીયે વિચાર્યું છે જોતે । આવા જગમાં કેટલા હશે, વિષયાંધની શી વલે થશે ॥૨૦॥
હવે તો મારા માત પિતાય, તેને સદ્ગતિ આપું સદાય । દિવ્ય ભાવ પમાડું હું આજ, કરું બીજાનું પછે કાજ ॥૨૧॥
એવા વિષયી જન જે હોય, તેને બોધ કરું હવે સોય । નિરવાસનિક એવાને કરવા, વળી ખોટા વિચાર હરવા ॥૨૨॥
પ્રભુને વળી પ્રભુના સંત, તેમના દ્વેષી થયા અનંત । મહાદુષ્ટ અધર્મી અસુર, ભૂમિમાં ઘણા પ્રગટ્યા રભૂર ॥૨૩॥
શોધી શોધીને કરૂં હું નાશ, એમ વિચારે છે જગવાસ । પછે ત્યાંથી ઉઠ્યા સુખકારી, નિજ ઘેર આવ્યા ભયહારી ॥૨૪॥
દ્વાર આંગણે ઝાડ અગમ, મોટો ઉત્તમ એક કદમ । તેના હેઠે બેઠા અવિનાશી, ઉરમાં કરી છે ત્યાં ઉદાસી ॥૨૫॥

બોલ્યા ધર્મદેવ તેહ ઠામ, કેમ ઉદાસી છો ઘનશ્યામ । ત્યારે બોલ્યા છે કેશવ કથી, હે દાદા કાંઈ ઉદાસી નથી ॥૨૬॥
ઈતિહાસ વિચારું છું આજ, એમ કૈને ઉઠ્યા મહારાજ । ઓશરી ઝેર ઉપર આવ્યા, માત પિતાના મનમાં ભાવ્યા ॥૨૭॥
પછે બીજે દિન શુભ કામ, ધર્મદેવ ને શ્રીઘનશ્યામ । વિદ્યાકુંડના મંદિરમાંય, ગયા દર્શન કરવા ત્યાંય ॥૨૮॥
ત્યાં હતો એક બ્રાહ્મણ અંધ, વ્રજવિહારી નામ સંબંધ । શાસ્ત્રવેત્તા તે શાસ્ત્રી કેવાય, કરે છે રામાયણ કથાય ॥૨૯॥
નેત્રથી નથી દેખતો એહ, કંઠાગ્રથી કથા કરે તેહ । કથા સાંભળવા બેઠા ત્યાંય, અતિ ઉમંગ છે મનમાંય ॥૩૦॥
વાલ્મિકી રામાયણમાં ખ્યાત, રૂડી આવી વૈરાગ્યની વાત । વાલીડો કરે મન વિચાર, સારી વાત આવી છે આ વાર ॥૩૧॥
વન ગયેલા શ્રીરઘુવીર, માટે હું પણ ધારૂં એ ધીર । માત પિતાને સદ્‌ગતિ આપું, શાપથી છોડાવી કષ્ટ કાપું ॥૩૨॥
પછે નિશ્ચે વને વિચરવું, કામ કરવાનું છે તે કરવું । એમ શ્રીહરિયે વિચારીને, પુછ્યા બે ચાર પ્રશ્ન શાસ્ત્રીને ॥૩૩॥
ભાગવતનાં પ્રમાણ દઈને, કરે છે વાત શાંત રહીને । ત્યારે શાસ્ત્રી બોલ્યા છે વચન, સુણો ભાઈ કહું શુભ મન ॥૩૪॥
પડે છે ભંગાણ કથામાંય, એનો ઉત્તર હાલ ન થાય । પ્રશ્ન પુછવું હોય તમારે, ઘરે આવજ્યો આપ અમારે ॥૩૫॥
ત્યારે બોલ્યા ત્રિભુવનરાય, શાસ્ત્રની વાત ખુણે ન થાય । તે સમે સભાના ઘણા જન, બોલ્યા વાલિડા સાથે વચન ॥૩૬॥
સુણો શ્રીહરિજી તમે આંઇ, એને આવડતું નથી કાંઇ । ખોટાં બાનાં બતાવે છે એહ, માટે વાત પડી મુકો તેહ ॥૩૭॥
એવું સુણીને ઉઠ્યા જીવન, કરવા દેવતણાં દર્શન । પછે ચાલ્યા પિતાએ સહિત, અખંડાનંદ અજ અજીત ॥૩૮॥
ઓલ્યા વિપ્રને કે સહુ જન, તમે શાસ્ત્રી બાવા સુણો મન । ઘનશ્યામજી તો છે વિદ્વાન, ચમત્કારી બહુ બળવાન ॥૩૯॥
એ છે ઈશ્વરનો અવતાર, એમ માનેછે જન અપાર । એવી સુણી જ્યાં લોકની વાત, શાસ્ત્રી ઉભા થયા વિપ્ર જાત ॥૪૦॥
શિષ્યનો કર ગ્રહીને ત્યાંય, ગયા શ્રીઘનશ્યામ છે જ્યાંય । નિરમાની થયા છે તે ઠામ, પ્રેમપૂર્વક કર્યા પ્રણામ ॥૪૧॥
કરે છે પ્રાર્થના શિરનામી, પ્રભુ છો તમે અંતરજામી । હે હરિવર હરકત હરો, મુને ચક્ષુયે દેખતો કરો ॥૪૨॥
ત્યારે બોલ્યા છે લાલ વચન, સુણો શાસ્ત્રીજી નિર્મળ મન । અંધનો નહિ ઉપાય જરીયે, કેમ કરી દેખતા કરીયે ॥૪૩॥
બોલ્યા શાસ્ત્રી થઈ નિરમાન, તમે સાક્ષાત છો ભગવાન । તમારે શું લેવો છે ઉપાય, જગમાં તમારું કર્યું થાય ॥૪૪॥
તમે પ્રભુ છો પરમ પવિત્ર, જાણું છું હું તમારાં ચરિત્ર । શ્રવણ તળાવ પર આપ, સ્નાન કરવા ગયાતા અમાપ ॥૪૫॥
તિયાં કેટલાક સુરદાસ, તે સમે આવ્યાતા તવ પાસ । કર્યા દેખતા તેમને તરત, મારા હૃદિયામાં રાખી સરત ॥૪૬॥
હે હરિકૃષ્ણ હે ઘનશ્યામ, પુરૂષોત્તમ પૂરણ-કામ । હવે તો મુને દેખતો કરો, કૃપા કરી શિર કર ધરો ॥૪૭॥
એવું સુણી મુનિવર ઈશ, થયા પ્રસન્ન શ્રી જગદીશ । અમૃત દૃષ્ટિ પૂરણકામે, તેના સામું જોયું ઘનશ્યામે ॥૪૮॥
બેઉ ચક્ષુયે દેખતો થયો, કર જોડી આગે ઉભો રહ્યો । દીધાં શ્રીહરિયે દર્શન, રામચંદ્ર સ્વરૂપે પાવન ॥૪૯॥
ચતુરાયુધ ધારણ કીધાં, એમ શાસ્ત્રીનાં કારજ સીધાં । પામ્યા મુદ મન અભિરામ, પછે ગયા પોતાને મુકામ ॥૫૦॥
પ્રગટ પ્રભુનો આ પ્રતાપ, અયોધ્યાવાસીએ જાણ્યો આપ । પામ્યા આશ્ચર્ય જન અપાર, પ્રશંસા કરે છે કરી પ્યાર ॥૫૧॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિયે માતા પિતા ભાઈ ભોજાઈ નાનાબંધુ સહિત છુપૈયાપુરથી અવધપુરી ગયા ને વ્રજવિહારીને દેખતો કર્યો એ નામે સોમો તરંગ : ॥૧૦૦॥

પૂર્વછાયો– છુપૈયાપુરમાં રહ્યા છે, સખા સરવે જેહ । વાલમનો વિયોગ પડ્યો, વિચારે છે મન તેહ ॥૧॥
સુખનંદન આદિ કૈયે, વેણી માધવ પ્રયાગ । મળવા સારુ તે જાય છે, છાના માના મહાભાગ ॥૨॥
મીનસાગરે પિપળો છે, મોટો તરુવર જ્યાંય । તેના તળે ભેગા થયા છે, સુખી થકા સહુ ત્યાંય ॥૩॥
એકચિત્તે થૈ ચાલ્યા ત્યાંથી, સખા સર્વે સંગાથ । અયોધ્યાને રસ્તે ચાલિયા, સ્નેહવડેથી સનાથ ॥૪॥
મનોરમા સરિતા આવી, વારી વહે ભરપૂર । એક એકને કેવા લાગ્યા, અંતર થૈને આતુર ॥૫॥

ચોપાઈ– આડી આવી સરિતા આ ઠાર, તે કેમ કરી પામીશું પાર । ઉભા ત્યાં એક એકની પાસ, સખા મને થયા છે ઉદાસ ॥૬॥
મિત્ર મળવા આવે છે આજે, એમ જાણીયું છે મહારાજે । બહુનામી વિપ્રરૂપે થયા, સખાઓ ઉભા છે તિયાં ગયા ॥૭॥
અજાણ્યા થઈને પુછ્યું એમ, ક્યાં જાવું છે કહો ભાઈ કેમ । નાના નાના છો સઘળા બાળ, શા કામે આવ્યા છો આણે કાળ ॥૮॥
વિસ્તારીને કહી છે તે વાત, ત્યારે બોલ્યા છે ભૂધરભ્રાત । સર્વે ચાલો અમારે સંગાથે, ચિંતા ન કરશો મન સાથે ॥૯॥
અયોધ્યાએ જાવું છે અમારે, ચાલો સોબત થાશે તમારે । એમ કહી ચાલ્યા સહુ સંગે, જળ પાર થયા છે ઉમંગે ॥૧૦॥
સખા સર્વે થયા ક્ષુધાતુર, પાસે ભાતું નથી તે જરુર । તે સમે આવ્યો પિપળો સાર, તેના હેઠે બેઠા નિરધાર ॥૧૧॥
સખા સર્વે થઈને પ્રસન્ન, વાડવ પ્રત્યે બોલ્યા વચન । જો જાવું હોય તો જાજ્યો તમે, આ વૃક્ષ નીચે બેસીશું અમે ॥૧૨॥
અમને ક્ષુધા લાગી અપાર, પાસે ભાતું નથી નિરધાર । માટે અમે બેસીશું આ સ્થાન, ધીરા ધીરા આવીશું નિદાન ॥૧૩॥
ત્યારે બ્રાહ્મણ બોલ્યા વચન, કેમ મુંઝાવો છો તમે મન । ઘણીવારથી કેતા શું નથી, લ્યો ભાતું આપું મુજ પાસેથી ॥૧૪॥

ભેગા બેસી જમીએ અત્યારે, મારી પાસે છે ભાતું વધારે । ત્યારે સખાઓ બોલ્યા વચન, અમે બ્રાહ્મણના છૈયે તન ॥૧૫॥
ત્યારે પ્રભુ કહે છે વચન, હું પણ બ્રાહ્મણનો છું તન । તમે શરમ ન રાખશો મન, ભેગા બેસી કરીએ ભોજન ॥૧૬॥
પછે ભેગા બેઠા છે સમાન, કરવા લાગ્યા છે ભોજનપાન । જમ્યા સાથવો મીઠા મિશ્રિત, પછે ત્યાંથી ચાલ્યા છે અભીત ॥૧૭॥
ગયા સર્જુ ગંગાને તીર, વિપ્રરૂપ બોલ્યા નરવીર । નૌકામાં બેસવું પડે આજ, પૈસા છે કે નથી કો તે કાજ ॥૧૮॥
નવ હોય તો લ્યો હું જ આપું, તમારા સર્વનું કષ્ટ કાપું । એમ કહી નૌકામાં બેસાર્યા, સખા સર્વેને પાર ઉતાર્યા ॥૧૯॥
રામઘાટે ઉતારીને લાવ્યા, ખેવટિયાને પૈસા ચુકાવ્યા । વિપ્ર વેષ વ્હાલો બોલ્યા એમ, ભાઈ તમે કહો હવે કેમ ॥૨૦॥
નગ્રમાં જાશો એકલા તમે, કે પોંચાડવા આવીયે અમે । સખા કે હવે તો જાશું અમે, સુખેથી ભાઈ પધારો તમે ॥૨૧॥
એ વચન સુણી દ્વિજરાજ, પછે તે પ્રમાણે કર્યું કાજ । સખા સર્વે થયા છે આતુર, ત્યાંથી ચાલિયા થોડેક દૂર ॥૨૨॥
નથી રસ્તો સુઝતો કોઈને, સર્વે ઉભા રહ્યા છે જોઈને । હવે ક્યાં મળશે ઘનશ્યામ, પ્રાણવલ્લભ પૂરણકામ ॥૨૩॥
ગંજાવર છે શેર ગંભીર, ક્યાં બેઠા હશે શ્રી નરવીર । હવે કોણ દિશામાંહિ જૈશું, કેમ કરી પ્રભુ ભેગા થૈશું ॥૨૪॥
ક્યાંથી પત્તો લાગે આણે ઠામ, કઈ દિશામાં હશે મુકામ । વિપ્રને રાખ્યો હોત તો સારું, એમ સખાયે મન વિચાર્યું ॥૨૫॥
તેમ કેતા છતા ભયભીતા, ચિત્તમાં ચાલી રહી છે ચિંતા । અંતર્યામીયે તે જાણી લીધું, બીજું સ્વરૂપ ધારણ કીધું ॥૨૬॥
ઉભા છે સખા થૈને ઉદાસ, તેની પાસે આવ્યા અવિનાશ । સર્વે સખા સાથે વેણીરામ, તેને દેખી બોલ્યા ઘનશ્યામ ॥૨૭॥
અહો પ્રિય બંધુ મમ મિત્ર, ક્યારના આવ્યાછોજી પવિત્ર । એમ કહીને સ્નેહ સહિત, મળ્યા સખાઓને કરી પ્રીત ॥૨૮॥
રાજીતણા પુછ્યા સમાચાર, પ્રેમપૂર્વક પ્રાણઆધાર । પછે પોતે થયા છે અગાડી, સખા સર્વે આવે છે પછાડી ॥૨૯॥
મળ્યા મારગમાં ઘનશ્યામ, સખા રાજી થયા છે તેઠામ । બાળમિત્રને લેઈ સંગાથ, ઘેર આવ્યા નટવરનાથ ॥૩૦॥
વાતો કરતા થકા પરસ્પર, વળી બોલ્યા છે શ્યામસુંદર । ઘેર જાઓ સખા સહુ તમે, ચાકરને બોલાવિયે અમે ॥૩૧॥
એમ કહી પાછા વળી ગયા, દૂર જૈને અંતર્ધાન થયા । મિત્રમંડળ ગયું છે ઘેર, ત્યારે ઓશરીમાં રુડી પેર ॥૩૨॥
ત્યાંહાં બેઠા છે પૂરણકામ, સામા મળવા આવ્યા શ્રી શ્યામ । અજાણ્યા થૈને બોલ્યા દયાળ, અહો ભાઈ તમે નાના બાળ ॥૩૩॥
આંહી આવી શક્યા કેવી રીતે, મુને વાત કરો એકચિત્તે । વેણીરામ આદિ સખાઓએ, કહ્યું સર્વે વૃત્તાંત તેઓએ ॥૩૪॥
નિજ ચાકર સૂરજબળી, જળ મંગાવ્યું તેસાથે વળી । બાળમિત્રના કર ને ચરણ, ધોવરાવે છે દુઃખહરણ ॥૩૫॥
પછે શું કરે છે ભગવાન, પ્રીતે કરાવે છે જળપાન । પોતાના હાથે કરી શ્રીહરિ, અબખોરા આપે ભરી ભરી ॥૩૬॥
ત્યારે બોલ્યા છે રામપ્રતાપ, સુણો ઘનશ્યામ-ભાઈ આપ । ઘરમાંહિ છે શર્કરા સારી, નાખો એમાં ગળ્યું થશે વારી ॥૩૭॥
રસ કરીને કરાવો પાન, ત્યારે બોલ્યા વળી ભગવાન । કુવામાં શર્કરા છે ભરેલી, સારી સ્વાદિષ્ટ છે તે ઠરેલી ॥૩૮॥
તેમાંથી કાઢી કરાવ્યું પાન, બળભદ્ર જાણો બળવાન । માતપિતા મોટાભાઈ જેહ, તેમને રસ પાયો છે તેહ ॥૩૯॥
જળપાનથી થયા પ્રસન્ન, પામ્યા આશ્ચર્ય અતિશે મન । આ શું સઘળા કુવાનું વાર, સાકર જેવું મિષ્ટ અપાર ॥૪૦॥
ત્યારે બોલ્યા છે જીવનપ્રાણ, તમે ભાઈ સુણો મુજવાણ । અમારા સખા આવ્યા છે આજ, એમને માટે કર્યું એ કાજ ॥૪૧॥
સખા કાજે ધારું તેતો થાય, સત્ય માની લેવુંજ સદાય। એમ કેતા છતા અવિનાશે, કર્યો વિચાર મન હુલ્લાસે ॥૪૨॥
પછે સુવાસિનીબાઈ પાસે, રસોઈ કરાવી છે હુલ્લાસે । સખાઓને આનંદ પમાડ્યા, પાસે બેસીને પોતે જમાડ્યા ॥૪૩॥
જમતા થકા બોલ્યા જીવન, હે સખા સુણો મુજ વચન । મનોરમા નદી પાર ઉતાર્યા, ટીમણ આપી નાવ બેસાર્યા ॥૪૪॥
તમને જે તેડી લાવ્યા આજ, તે અમે આવ્યાતા સુખસાજ । એવું સાંભળીને સર્વે મિત્ર, અતિ આનંદ પામ્યા પવિત્ર ॥૪૫॥
બીજું કોણ સુધલે અમારી, તમો વિના શ્રીદેવ મોરારી । એમ કરે છે વાત વિચાર, આવ્યા મોતીત્રવાડી તેવાર ॥૪૬॥
સખાઓના જોવા સમાચાર, છુપૈયેથી આવ્યા નિરધાર । પેલવાનને લાવ્યા છે સંગે, મળ્યા શ્રીહરિને રસરંગે ॥૪૭॥
ઘનશ્યામે કર્યો સતકાર, બેઉને જમાડ્યા તેણીવાર । પાંચ દિવસ રાખ્યા છે પાસે, પછે આજ્ઞા આપી અવિનાશે ॥૪૮॥
સખાસહિત કર્યા વિદાય, હવે શું કરે છે જગરાય । પોતે રહ્યા છે અયોધ્યામાંય, કરે છે રુડાં ચરિત્ર ત્યાંય ॥૪૯॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે અવધપુરીને વિષે છુપૈયેથી સખા શ્રીહરિને મળવા આવતાં શ્રીહરિયે માર્ગમાં તેમની રક્ષા કરી એ નામે એકસો ને એકમો તરંગઃ ॥૧૦૧॥

પૂર્વછાયો– એકસમે છુપૈયાવિષે, મોતીત્રવાડીને ઘેર । માધવચરણનો વિવા માંડ્યો, આનંદથી રૂડી પેર ॥૧॥
પત્ર આવ્યો અવધપુરે, ધર્મદેવને દ્વાર । વાંચીને હરિપ્રસાદજી, થયા જવાને તૈયાર ॥૨॥
અહિપતિ અક્ષરપતિ, એ બેઉને લીધા સંગ । છુપૈયાને માર્ગે ચાલ્યા, કરી મનમાં ઉમંગ ॥૩॥

ચોપાઈ– એહ ત્રણ્ય જણા ચાલ્યા જાય, છુપૈયાને માર્ગે સમુદાય । ધર્મદેવને આવે છે જ્વર, તે જાણે છે પોતે હરિવર ॥૪॥
તેથી ચાલી શક્યા નહિ ધર્મ, લાગ્યો છે પોતાને પરિશ્રમ । એમ કર્તાં આવ્યો વડ એક, તેના હેઠે ગયા છે વિશેક ॥૫॥

સર્વે બેઠા થઇ શુભ મન, ધર્મદેવે કર્યું છે શયન । બોલ્યા પિતા વિમલ વચન, તમે સુણોને ભાઇ જોબન ॥૬॥
તને થયો છું હું તૃષાતુર, જળ લાવી આપોને જરૂર । એવું સુણીને રામપ્રતાપ, અંબુ લેવા સારું ગયા આપ ॥૭॥
અકેકો ગાઉ ફરતાં ફરિયા, પણ જળ કયાંઇ ન દેખિયા । પાછા આવ્યા છે રામપ્રતાપ, પામ્યા છે મનમાં પરિતાપ ॥૮॥
દોરી લોટો છે ખાલી તે હાથ, થયા નિરાશ શ્રીઅહિનાથ । વારિ વિના પાછા આવ્યા ભ્રાત, વાલિડાએ વિચારી તે વાત ॥૯॥
પાણી વિના પાછા આવ્યા ભાઇ, લાગી તરસ દાદાને આંઇ । એમ સંકલ્પ કરે છે હરિ, દેખાડી યોગમાયા ત્યાં ખરી ॥૧૦॥
માર્ગને કિનારે ક્ષેત્રમાંય, એક કૂપ બતાવ્યો છે ત્યાંય । મોટાભાઇએ દેખ્યો તે કૂપ, એમાંથી અંબુ લાવ્યા અનૂપ ॥૧૧॥
પિતાને કરાવ્યું જળપાન, ત્યારે શાંતિ પામ્યા મૂર્તિમાન । વડવૃક્ષ ઉપર તેવાર, બોલે શુડા ને પોપટ સાર ॥૧૨॥
બીજાં પક્ષી બોલે છે હજારો, નોખા નોખા કરે છે ઉચ્ચારો । શોરબકોર તેનો જે થાય, ધર્મદેવથી ન સહેવાય ॥૧૩॥
દેહે લાગી કસર વિશેષ, વૃષદેવ કહે સુણો શેષ । પક્ષીને ઉડાડી મુકો આજ, મુને નિદ્રા આવે સુખસાજ ॥૧૪॥
ત્યારે તો શરીરે સુખ થાય, એવું વેણ કહે ધર્મરાય । એવું સુણીને પન્નગપતિ, ઉડાડ્યાં પક્ષીને મહામતિ ॥૧૫॥
ઉડાડે છે વારમવાર, પાછાં આવીને બેસે તેઠાર । તરુ મુકી જાતાં નથી દુર, ભરાયાં છે પાછાં ભરપૂર ॥૧૬॥
શ્રીહરિએ ત્યાં નજર સાધી, પક્ષીઓને કરાવી સમાધિ । જોતા થકામાં થૈ ગયાં શૂન્ય, બોલ્યા વિનાનાં રહ્યાં છે મુન્ય ॥૧૭॥
હરિપ્રસાદે તે તક લીધી, બે ઘડી વાર નિદ્રા ત્યાં કીધી । પછે ઉઠ્યા થઇ મન સ્થિર, મુખશુદ્ધિ કરે ધર્મધીર ॥૧૮॥
જળપાન કર્યું સુખકારી, ચાલવાની કરી છે તૈયારી । તે સમે હરિઇચ્છાના બળે, પક્ષી જાગી ઉઠ્યાં તેહ પળે ॥૧૯॥
સર્વે સાથે સાવચેત થયાં, સમાધિ છોડીને ઉડી ગયાં । તેસમે નાગપુરના લોકે, જોયું રુડું ચરિત્ર અશોકે ॥૨૦॥
દુનિયાસિંહ સાહેબ દીન, વળી છોટુ પાંડેછે તે ભિન્ન । એ આદિ બીજા કેટલા જન, પામ્યા આશ્ચર્ય પોતાને મન ॥૨૧॥
ક્ષેત્રમાંથી ગયા સહુ ઘેર, સર્વે લોકને કહી તેપેર । પછે ત્યાંથી ચાલ્યા શ્રીધર્મ, આવ્યા છુપૈયાપુર તે પરમ ॥૨૨॥
મોતીત્રવાડીએ તેણીવાર, કર્યો ધર્મનો બહુ સત્કાર । જમાડ્યા ઉર આનંદ આણી, પોતાને ઘેર આવ્યા તેજાણી ॥૨૩॥
મુખશુદ્ધિ માટે તેણીવાર, આપ્યાં પાન તણાં બીડાં સાર । પછે ચોત્રા પર અભિરામ, બેઠા ધર્મ જોબન શ્રીશ્યામ ॥૨૪॥
પછે બીજે દિવસે સવાર, ધર્મદેવ ને બન્ને કુમાર । નારાયણસર છે નિદાન, સ્નેહે ગયા ત્યાં કરવા સ્નાન ॥૨૫॥
સરોવરમાં અલ્પ ૧કબંધ, તેમાં જંતુનો બહુ સંબંધ । ૨પૃથુરોમાં આદિ જળચર, અંબુવિના મરે છે મઘર ॥૨૬॥
તપી જાય સવિતાને તાપે, ઘણા જીવ મરણ પામે આપે । પ્રાણ તજતાં જોયાં તે પ્રાણી, ધર્મદેવે દયા દિલ આણી ॥૨૭॥
બોલ્યા કરુણામય વચન, જુવો આ શું થયું ભગવન । હજુ ૧વારિદની ઘણીવાર, હિંસા થાય છે આતો અપાર ॥૨૮॥
એવો સંકલ્પ થયો છે ચિત્ત, તેને જાણી ગયા છે અજીત । સત્ય કરવા પિતાનો સંકલ્પ, અંતર્યામીયે ધાર્યું છે અલ્પ ॥૨૯॥
મધ્યતળાવમાં મહારાજ, ઉભા રહ્યા છે તે શુભ કાજ । દક્ષિણચરણ અંગુઠો જેહ, ક્ષિતિમાંહિ દબાવ્યો છે તેહ ॥૩૦॥
આવી પાતાળથી જલધાર, ધારારૂપે ગંગા નિરધાર । અતિ ઉંચો ચાલેછે પ્રવાહ, એમ આવે છે અંબુ અથાહ ॥૩૧॥
થાય ગર્જના ઘોર ગંભીર, દેખીને તો રહે નહિ ધીર । થકિત થયા છે ધર્મદેવ, પામ્યા આશ્ચર્ય પોતે તો એવ ॥૩૨॥
આતે શું મોટું અદ્ભુત કાજ, કયાંથી આવે છે ભુવન આજ । ત્યારે બોલ્યાછે જીવનપ્રાણ, તમો દાદા સુણો મુજ વાણ ॥૩૩॥
મનમાં ઘાટ કર્યોતો તમે, આજે સત્ય કરી આપ્યો અમે । ગંગાજીને અમેજ બોલાવ્યાં, પાતાળથી ધરણી પર આવ્યાં ॥૩૪॥
જયાં સુધી હોય ઇચ્છા તમારી, ત્યાં સુધી આંહિ આવશે વારિ । એવું સુણી પિતાજી દયાળ, બોલ્યા પ્રસન્ન થૈ તતકાળ ॥૩૫॥
નારાયણસરમાંહિ સાર, સારી પેઠે ભરવાદ્યો વાર । પાંચ ધનુષવા જળ થાય, પછે બંધ રાખો જગરાય ॥૩૬॥
એ પ્રમાણે ભરાણું કબંધ, બહુનામીએ કર્યું છે બંધ । પક્ષી આવ્યાં હજારો હજાર, તૃષાતુર થયેલાં તેઠાર ॥૩૭॥
મહાપ્રભુની પ્રસાદી જાણી, પક્ષીયે પીધું તેમાંથી પાણી । પોતપોતાની જાતિના જેહ, મધુર શબ્દ બોલે છે તેહ ॥૩૮॥
શ્રીહરિને કરેછે પ્રસન્ન, કલોલ કરી રહ્યાં છે મન । કેટલાએક મેના પોપટ, ઘણાં પક્ષી કરે લટપટ ॥૩૯॥
એવાં ચતુર પક્ષીયો જોઇ, બોલ્યા મહાપ્રભુ પ્રીતપ્રોઇ । હે દાદા સુણો કહું છું વાત, આ પોપટ આવ્યા છે સાક્ષાત ॥૪૦॥
એમાં આવ્યા છે શ્રીશુકદેવ, શુકનું રૂપ લેઇને એવ । કરવા આવ્યા દર્શન કામ, એમ કહે છે શ્રીઘનશ્યામ ॥૪૧॥
ત્યાંતો શુકરૂપે શુકદેવ, પ્રભુપાસે આવ્યા તતખેવ । લીધો પોપટને નિજ હાથ, કર ફેરવે છે તેને નાથ ॥૪૨॥
બોલ્યા પ્રેમસહિત વચન, સુણો શુકદેવ ધરી મન । તમે આવજ્યો સત્સંગ જયાંય, રાખીશું મમ સમીપમાંય ॥૪૩॥
શુકમુનિ ધરાવીશું નામ, સદાકાળ રેજ્યો તેહ ઠામ । પછે પોપટને છોડી દીધો, એનો જન્મ કૃતારથ કીધો ॥૪૪॥
સૌને જોતે શુક ઉડી ગયો, વ્યોમમાર્ગે અદશ્ય થયો । ધર્મદેવ આદિ ઘણા જન, ત્યાં આવેલા છે પુન્ય પાવન ॥૪૫॥
જોઇ પ્રભુનું રુડું ચરિત્ર, નરનારી થયાં છે પવિત્ર । પ્રશંસા કરે વારમવાર, થયા વિસ્મિત મન અપાર ॥૪૬॥
પછે ધર્મદેવે કર્યું કામ, છુપૈયામાં મુકયા ઘનશ્યામ । રામપ્રતાપને લેઇ જોડે, ગામ અસનેરા ગયા કોડે ॥૪૭॥
ત્યાં છે ભિક્ષુક ત્રવાડી નામ, પારાયણનું આરંભ્યું કામ । ભાગવતની સપ્તા છે જેહ, સુણવા સારું ગયા છે તેહ ॥૪૮॥

તેસમે સભાના સહુ જને, પંડિત આદિ નિર્મળ મને । આપ્યું ધર્મને બહુ સન્માન, સભામાં બેસાર્યા છે નિદાન ॥૪૯॥
કથા સાંભળી દિવસ એક, સાંજે છુપૈયે આવ્યા વિશેક । છુપૈયામાં રહ્યા થોડા દિન, પછે જાવા વિચાર્યું છે મન ॥૫૦॥
કર્યો છે વિવેક મોતીરામે, વસ્ત્ર ઘરેણાં આપ્યાં તે ઠામે । પછે પ્રેમવડેથી વળાવ્યા, સુત સહિત અયોધ્યા આવ્યા ॥૫૧॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિયે પક્ષીયોને સમાધિ કરાવી ને નારાયણસરોવરમાં પાતાળગંગા લાવ્યા એ નામે એકસો ને બીજો તરંગઃ ॥૧૦૨॥

પૂર્વછાયો– છુપૈયાથકી આવ્યા ત્રૈણે, અવધપુર મોઝાર । શ્રીહરિની ઇચ્છાવડેથી, આનંદ વર્તે અપાર ॥૧॥
થોડો થોડો જ્વર આવે છે, ધર્મદેવને શરીર । ભજન કરે છે પ્રભુનું, ધરીને મનમાં ધીર ॥૨॥
ત્યાર પછે એક દિવસે, હરિકૃષ્ણ મહારાજ । સખા સર્વે સંગાથે લેઇ, શું કરે છે હવે કાજ ॥૩॥
દીલિસિંહ માનસિંહજી, શ્યામચરણ સુખરાસ । હર્દેશ્વર વૈરાગી આદિ, સખા સહુ આવ્યા પાસ ॥૪॥

ચોપાઇ– કેટલાએક તે સખાજન, સંગલેઇને ચાલ્યા જીવન । રામઘાટે સર્જુગંગાતીર, સ્નાન કરવા ગયા છે ધીર ॥૫॥
સખાસહીત કર્યું છે સ્નાન, થયા તૈયાર શ્રીભગવાન । પૂર્વદિશા ભણી જોયું ચક્ષ, આંબાનું છે તિયાં મોટું વૃક્ષ ॥૬॥
તેના હેઠે ગયા ઘનશ્યામ, મિત્રો સહિત પૂરણકામ । ચોત્રો કરાવ્યો રેતીનો સાર, તેપર બેઠા ધર્મકુમાર ॥૭॥
સખાવેષ્ટિત સુંદરશ્યામ, ઘણા શોભી રહ્યાછે તેઠામ । રામચંદ્રના જન્મની વાત, અન્યોઅન્ય કરે છે સાક્ષાત ॥૮॥
તેસમે હરિઇચ્છા હારદ, તે જગ્યાયે આવ્યા છે નારદ । વિણાયંત્ર લીધું કરમાંય, શ્રીહરિવરના ગુણ ગાય ॥૯॥
આવ્યા મુનિ મહાપ્રભુ પાસ, કર્યા પ્રણામ આણી હુલ્લાસ । થયા ગદ્‌ગદ્‌ કંઠે સ્થિર, કરેછે પ્રાર્થના મતિધીર ॥૧૦॥
હે પ્રભુ હે હરિ ભગવન, આજ હું તો થયો છું પાવન । ઘણા જીવના કલ્યાણ સારૂં, દ્વિજકુળ વિષે તનુ ધાર્યું ॥૧૧॥
મનુષ્યાકૃતિએ આચરશો, જે જે કામ ધરણીમાં કરશો । તવ સખાના સુણતાં આજ, તે વર્ણન કરૂં મહારાજ ॥૧૨॥
તે તે સ્થાનકવિષે આવીશ, તમારી લીલાને હું જોઇશ । સુણો રામશરણ શુભ મન, નારદજી કરે છે વર્ણન ॥૧૩॥
પ્રભુને જે કરવાં છે કાજ, તેને વિસ્તારી કે મુનિરાજ । કેવા લાગ્યા આગમ ચરિત્ર, સખાસહિત સુણે પવિત્ર ॥૧૪॥
માતપિતાનું કાર્ય જરુર, આપ કરશો ઉમંગ ઉર । તેમને આપશો દિવ્યગતિ, સમીપે રાખશો મહામતિ ॥૧૫॥
પછે આવશે બ્રહ્માદિદેવ, કરવા તવ દર્શનસેવ । ફરીથી તે પાછા નવ આવે, એ આજ્ઞા કરશો તમે ભાવે ॥૧૬॥
પછેથી આપ અયોધ્યામાંહિ, થોડા દિન રેશો પ્રભુ આંહિ । ત્યાર કેડે વનમાં વિચરશો, અનેકનાં કલ્યાણ કરશો ॥૧૭॥
જ્યાં અસુર રહ્યા હશે ખાસ, દષ્ટિમાત્રે કરશો તેનો નાશ । જાશો ગોરખપુરછે જ્યાંય, સંજયનું ક્ષેત્ર રહ્યું ત્યાંય ॥૧૮॥
તેની સેવા કરી અંગિકાર, બે દિન રેશો આપ તેઠાર । સંજયને આપી વરદાન, જનકપુરી જાશો નિદાન ॥૧૯॥
ત્યાંથી કરશો પ્રયાણ શ્યામ, દિઘાઘાટે જશો સુખધામ । સરિતાઓનો ત્યાંછે સંગમ, ચારગૌનો પ્રવાહ અગમ ॥૨૦॥
બાહુબળથી તે ઉતરશો, ત્યાંથી આગે વિચરણ કરશો । ઘોરવનમાં વિચરી નાથ, કૈક જીવને કરશો સનાથ ॥૨૧॥
કાળો ને શ્વેત શિખરી નામ, આપ વિચરશો તેહ ઠામ । પછે હિમગિરિમાં ફરશો, કૈક યોગી કૃતારથ કરશો ॥૨૨॥
ત્યાંથી પધારશો તમે પરમ, પ્રભુજી પ્રેમે પુલહાશ્રમ । તપ કરશો કઠણ તન, થાશે સૂર્યદેવ ત્યાં પ્રસન્ન ॥૨૩॥
વેગે પામીને ત્યાં વરદાન, પછે વિચરશો ભગવાન । પછે બુટોલનગ્રનો રાય, તેને શરણે લેશો સુખદાય ॥૨૪॥
મયારાણીનાં સપ્ન વચન, તેને સાંભળી કરશો સહન । દેહ દમન કરશો દયાળુ, વર્ણી વેશ કરીને કૃપાળુ ॥૨૫॥
પછે ગોપાળજોગીને મળશો, યોગાભ્યાસ તેને શિખવશો । અષ્ટાંગયોગ કરાવી સિદ્ધ, યોગીપાસે રહેશો પ્રસિદ્ધ ॥૨૬॥
નિજ સ્વરૂપનું આપી જ્ઞાન, તેને મોક્ષતણું દેશો દાન । પછે પિબૈકને જીતી લેશો, દુષ્ટ દૈત્યોને શિક્ષા કરશો ॥૨૭॥
ત્યાંથી નવલખો નગ જયાંય, પ્રભુ પધારશો તમે ત્યાંય । નવલાખ રૂપ હરિ ધરશો, સર્વ યોગીનાં કલ્યાણ કરશો ॥૨૮॥
ત્યાંથી વન વિચરણ કરશો, કૈક જીવનાં સંકટ હરશો । હે હરિ તમે પૂરણકામ, ભક્તોને દેશો અક્ષરધામ ॥૨૯॥
નસિદપુર તણો રાજન, તેને ત્યાં જશો શ્રીભગવન । એની સેવા કરી અંગિકાર, આગે વિચરશો ભવતાર ॥૩૦॥
પછે ત્યાં થકી ચાલતા થાશો, જગન્નાથપુરી વિષે જાશો । ત્યાં હશે કોઇ આસુરી જન, તેને મોહ પમાડશો મન ॥૩૧॥
પાસે રહી પોતે અવિનાશ, આસુરીનો કરાવશો નાશ । વળી ત્યાં નારીનર જે જન, હશે દુરાચારી કોઇ મન ॥૩૨॥
તેનો તરત કરાવશો ત્યાગ, પુણ્યશ્લોક પ્રભુ મહાભાગ । વરતાવશો ભાગવત ધર્મ, વર્ણાશ્રમની રીતે તે પરમ ॥૩૩॥
સત્રધર્મા નામે જે રાજન, ત્યાં જઇ દેશો તેને દર્શન । પછે આપશો જ્ઞાન ગંભીર, નિજ સ્વરૂપનું ધરી ધીર ॥૩૪॥
ત્યાંથી વિચરશો નરવીર, સેતુબંધ રામેશ્વર ધીર । દક્ષિણદેશમાં તીર્થ જેહ, શિવકાંચી વિષ્ણુકાંચી તેહ ॥૩૫॥
તેને ઓળંઘીને અભિરામ, નાશિક ત્ર્યંબકેશ્વર શ્યામ । કેટલાક દિન તેહ સ્થાન, ગોદાવરીમાં કરશો સ્નાન ॥૩૬॥
પછે ત્યાંથી કરશો પ્રયાણ, સુરતે જાશો જીવનપ્રાણ । તાપી ગંગા ઉતરશો પાર, જાશો ભરુચમાં નિરધાર ॥૩૭॥

નર્મદાને કાંઠે અનુક્રમ, જ્યાં છે ભૃગુઋષિનો આશ્રમ । રેશો એહ સ્થાને કઈક દિન, ત્યાંથી આગળ જાશો જીવન ॥૩૮॥
ગુજરાત ઉલંઘિને છેલા, ભાલમાંહિ જાશો અલબેલા। કરશો ભીમનાથનાં દર્શન, આગળ ચાલશો ભગવન ॥૩૯॥
પછે ત્યાંથી જાશો મહારાજ, માંગરોળમાંહિ સુખસાજ । એમ સઘળાં તીર્થ કરીને, લોજપુરમાં જાશો ફરીને ॥૪૦॥
વાવ્યે સંત ભેળા તે ભળશો, મુક્તમુનિને તિયાં મળશો । રામાનંદ સ્વામી મતિસાર, એછે ઉદ્ધવનો અવતાર ॥૪૧॥
મળશો જ્યાં પિપલાણા ગ્રામ, સ્વામી પાસે રેશો સુખધામ। લેશો શુભ દીક્ષા તેહ થકી, નારાયણ તે કહું છું નક્કી ॥૪૨॥
તમે નારાયણમુનિ ખ્યાત, થાશો પ્રગટ પ્રભુ પ્રખ્યાત । સ્વામીને આપી પોતાનું જ્ઞાન, દિવ્ય ગતિ દેશો ભગવાન ॥૪૩॥
પછે સત્સંગમાં પ્રવરશો, ઘણા જીવનાં કલ્યાણ કરશો । સમાધિયો કરાવીજ લેશો, તમે આત્યંતિક મોક્ષ દેશો ॥૪૪॥
એમ નારદમુનિ કહે છે, શ્રીહરિ તે ધ્યાનમાં લહે છે । બીજાં બાકી રહ્યાં જે ચરિત્ર, આગળ કેશે સુણો પવિત્ર ॥૪૫॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિને સન્મુખ નારદમુનિએ આગમચરિત્ર કહ્યાં એ નામે એકસો ને ત્રીજો તરંગ: ॥૧૦૩॥

પૂર્વછાયો– રામશરણજીયે પ્રશ્ન પુછ્યું, સુણો મોટા મહારાજ । આગમ ભાખ્યું જે નારદે, તે વિસ્તારીને કહો આજ । ૧।
પ્રસન્ન થઈને બોલીયા, પોતે તે અવધપ્રસાદ । રામશરણજી સાંભળો, એ નારદનો સંવાદ ॥૨॥
હરિને કે નારદમુનિ, સુણો શ્રીપતિ શ્યામ । ધર્મ સ્થાપશો ધરામાંહિ, તમે જ પૂરણકામ ॥૩॥
જેતલપુર ડભાણજે, પુણ્યશાળી તેહ ગામ । રુડું ને અતિ રુડું કરશો, વિષ્ણુયાગ કરી તેહ ઠામ ॥૪॥
અષ્ટપ્રકારે બ્રહ્મચર્ય, પળાવશો તમે પ્રીત । દેશાંતરના મુક્તજનને, તેડાવશો રુડી રીત ॥૫॥

ચોપાઈ– મહામુક્ત અક્ષરના જેહ, તેણે ધાર્યાછે મનુષ્ય દેહ । તેમને બોલાવી લેશો આજ, સમીપે રાખશો મહારાજ ॥૬॥
બાઈ ભાઈ જે અનંત જન, તેને પોતાના કરશો જીવન । અયોધ્યાપ્રસાદ રઘુવીર, એ બે તમારા ભત્રિજા ધીર ॥૭॥
દત્તપુત્ર કરીને સ્થાપશો, આચાર્યપદ તેને આપશો । વળી શ્રીનગ્ર પાવન પુન્ય, એહ પુરની ધરણી ધન્ય ॥૮॥
તેમાં નરવીરાદિ દેવનું, તમો સ્થાપન કરશો તેમનું । મૂળીપુર વિષે સત્યમેવ, ત્યાં સ્થાપશો રાધાકૃષ્ણદેવ ॥૯॥
વળી હરિકૃષ્ણ તવ રૂપ, તે સ્થાપન કરશો અનૂપ । વળી ભુજંગપુર વિશાળ, ત્યાં પધારશો દીનદયાળ ॥૧૦॥
સ્થાપશો નરવીર પ્રમુખ, કાપશો કેક ભક્તનાં દુ:ખ । વૃત્તપુરી વિષે તતખેવ, લક્ષ્મીનારાયણ આદિ દેવ ॥૧૧॥
તેનું સ્થાપન કરશો ત્યાંય । ઘણો મુદ ધરી મનમાંય । તમે લીલા કરશો અપાર, વૃત્તાલયપુરી વિષે સાર ॥૧૨॥
વળી વૈરાટ નગ્ર પાવન, ત્યાં તમે જાશો જગજીવન । મોરલીમનોહર જે દેવ, તેને સ્થાપન કરશો એવ ॥૧૩॥
રૂડું જેતલપુર છે ધામ, તિયાં પધારશો ઘનશ્યામ । રાધાકૃષ્ણ સાથે બલદેવ, તેમને સ્થાપશો તતખેવ ॥૧૪॥
ધોલેરા બંદર અભિરામ, તેમાં વિચરશો સુખધામ । મદનમોહનનું સ્વરૂપ, તેને સ્થાપન કરશો અનૂપ ॥૧૫॥
પછે જીરણગઢ જીવન, રાધારમણ કરશો સ્થાપન । ગઢપુરવિષે નિજ હાથ, પધરાવશો ત્યાં ગોપીનાથ ॥૧૬॥
એ આદિ સર્વે મંદિરોમાંય, કરશો દેવસ્થાપન ત્યાંય । સ્વહસ્તે પધરાવશો આપ, નિજજનના ટાળશો તાપ ॥૧૭॥
બીજાં અનંત મંદિર થાશે, તેમાં ગુણ તમારા ગવાશે । સર્વાસ્ત્રની સાખેસહિત, સત્સંગિજીવન સર્વે હિત ॥૧૮॥
એ શાસ્ત્રથી ઉદ્ધારીને સ્વામી, શિક્ષાપત્રી કરશો બહુનામી । આ અવનીપર ઘરોઘર, થાશે પૂજન તવ સુંદર ॥૧૯॥
જીવ પ્રાણીમાત્ર જે કેવાય, તવ શરણે આવે જે સદાય । અંતે પમાડશો સદગતિ, અક્ષરધામ દેશો શુભમતિ ॥૨૦॥
આવી કરશો લીલા અપાર, પૃથ્વી ઉપર દેવમોરાર । ઘણા દેખાડશો ચમત્કાર, નરનારીને તે ઠારોઠાર ॥૨૧॥
ધરણીમાં એકાંતિક ધર્મ, સ્થાપન કરશો તે અનુક્રમ । ઘણા જીવને શરણે લેશો, સુખ અપરિમિતજ દેશો ॥૨૨॥
આ રૂપે પોતાનો મનોરથ, તમે પૂર્ણ કરશો સમરથ । પછે આ મૃત્યુલોક વિલાસ, થશો તે થકી આપ ઉદાસ ॥૨૩॥
કોટિ કોટિ પોતાના જે મુક્ત, સદા તેજોમય તેહ જુક્ત । બ્રહ્માદિકે સેવ્યા શુભ મન, એવા પોતે તમે ભગવન ॥૨૪॥
પધારશો સ્વધામમાં આપ, નિજ ભક્તતણા ટાળી તાપ । પછે પોતાના આશ્રિત જન, રેશે પૃથ્વી ઉપર પાવન ॥૨૫॥
એના અંતરમાં આવી રેશો, સેવકને દઢ ધીર દેશો । કરશો રક્ષા અંતર્યામીપણે, બીજાથી એવું કામ ન બણે ॥૨૬॥
સુખસાગર હે દીનબંધુ, હે દીનાનાથ ગુણના સિંધુ । હે હરિકૃષ્ણ હે ઘનશ્યામ, પુરૂષોત્તમ પૂરણકામ ॥૨૭॥
મેં ચરિત્ર કહ્યાં મહારાજ, આગળ કરશો સુખસાજ । દ્રષ્ટિયે દેખીશ તે ચરિત્ર, આ પ્રગટનાં પુન્ય પવિત્ર ॥૨૮॥
નરનાટક ધરીને શ્યામ, જે જે આગળ કરશે કામ । નારદજીયે કહ્યાં વિસ્તારી, સખા સંગે સુણે સુખકારી ॥૨૯॥
સર્વે બેઠાછે સર્જુને તીર, સુણી રાજી થયા નરવીર । શ્રીહરિ કે સુણો મુનિજન, તમે ચરિત્ર કહ્યાં પાવન ॥૩૦॥
તેનું સ્મરણ નિશ દિન કરજ્યો, ગાતા થકા ત્રિલોકીમાં ફરજ્યો । મુમુક્ષુને કરજ્યો ઉપદેશ, હૈયે હર્ષ કરીને હમેશ ॥૩૧॥
તેને મોકલજ્યો મમ પાસ, એવો બોધ કરીને હુલ્લાસ । એવું પામ્યા મુનિ વરદાન, મહાપ્રભુએ દીધુંછે માન ॥૩૨॥
પછે ઋષિએ કર્યો પ્રણામ, આજ્ઞા માગી ચાલ્યા અભિરામ । તે તો ગયા તીરથને સ્થાન, હવે શું કરેછે ભગવાન ॥૩૩॥

પછી સર્વે બોલ્યા છે ત્યાં વાણી, સુણો શ્રીહરિ સારંગપાણી । ક્ષર અક્ષર તે થકી પર, નારાયણ તમે નટવર ॥૩૪॥
નારદજીનાં સુણી વચન, અમને નિશ્ચય થયો મન । માટે હે દયાળુ ભગવાન, અમોને દયા કરજ્યો નિદાન ॥૩૫॥
સમીપે રાખજ્યો ભગવાન, માગીએ અમે એ વરદાન । એવું સાંભળી શ્રી ઘનશ્યામ, થયા પ્રસન્ન પૂરણ કામ ॥૩૬॥
સર્વે સખાને કે છે શ્રીહરિ, સુણો ભાઇ વાત કહું ખરી । તમે તો છો મોટા ભાગ્યવાન, નથી કોઇ તમારા સમાન ॥૩૭॥
નહિતો મળવો યોગ અમારો, અતિ દુર્લભ છે તે વિચારો । આંહિ મિત્ર થઇને ગમો છો, રાતદિવસ ભેગા રમોછો ॥૩૮॥
અંતકાળે હું બેલી થઇશ, મારા સમીપે તેડી જઇશ । નિત્ય રાખીશ હું મારી પાસ, એવું વેણ બોલ્યા અવિનાશ ॥૩૯॥
પછી સખા સહિત સધાવ્યા, વ્હાલોજી પોતાને ઘેર આવ્યા । ત્યારે ભક્તિમાતા કહે વેણ, સાંભળો શ્રીહરિ સુખદેણ ॥૪૦॥
આજ કેમ થઇ ઘણીવાર, ઘેર આવતાં મારા કુમાર । એવું સુણી સખા તેણી વાર, વાત કહેવા લાગ્યા નિરધાર ॥૪૧॥
ધર્મભક્તિ સુવાસની બાઇ, બીજા જન આદિ મોટાભાઇ । તે સર્વેને કહ્યું છે વૃતાંત, સુણીને રાજી થયા તે શાંત ॥૪૨॥
કરી રસોઇ પૂરણ પ્રીતે, વ્હાલાને જમવા રુડી રીતે । જગજીવનને ત્યાં જમાડ્યા, સખા સંગે આનંદ પમાડ્યા ॥૪૩॥
તે સમે આવ્યો માતાને તાવ, વિચારે છે નટવર નાવ । પોતે આવીને બેઠા છે પાસ, સમાચાર પુછે અવિનાશ ॥૪૪॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યા પ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિનાં નારદમુનિયે આગમ ચરિત્ર કહ્યાં ને શ્રીહરિઘેર પધાર્યા એ નામે એકસો ને ચોથો તરંગઃ ॥૧૦૪॥

પૂર્વછાયો– પ્રેમ વડે વળી પુછિયું, રામશરણજીયે ત્યાંય । અવધપુરીમાં શું થયું, ભક્તિમાતા છે જ્યાંય ॥૧॥
ધર્મધુરંધર કહો મુને, વાતતણો વિસ્તાર । માતાજીને જ્વર આવ્યો છે, તેનું કેમ કર્યું નિરધાર ॥૨॥
એવું સાંભળી બોલીયા, આચાર્ય શ્રીમહારાજ । હે પુત્ર સુણો વૃતાંત કહું, માતાજીનું તેહ આજ ॥૩॥
પીડા થઇ પ્રેમવતીને, જ્વર થકી તેહવાર । તે જોઇને પાસે બોલાવ્યા, પોતાના ત્રૈણે કુમાર ॥૪॥
બેસારીને મૂર્તિમાતા, બોલ્યાં એમ વચન । દેહ મારો વૃદ્ધ થયો છે, સુણો તમે ત્રૈણે તન ॥૫॥

ચોપાઇ– હુંતો થઇ હવે વ્યાધિગ્રસ્ત, મારું અંગ દુઃખે છે સમસ્ત । વ્યાધિ હમેશ વધતો જાય, હવે શું કરવોરે ઉપાય ॥૬॥
સગાં સંબંધી સર્વે છે જેહ, છુપૈયાપુરમાં રહ્યાં તેહ । તમે વિચારીને મનમાંહી, તેમને તેડાવો ભાઇ આંહિ ॥૭॥
એવું કહી થયાં દિલગીર, જર્જરીભૂત થયું શરીર । એવી માતાની દેખી ઉદાસી, ત્યારે પોતે બોલ્યા અવિનાશી ॥૮॥
હેતે સુણો મોટાભાઇ આજ, હવે શું કરવું કહો કાજ । માતાજીને થયો મંદવાડ, ઘણી હરકત આવે છે આડ ॥૯॥
આપણા પિતાશ્રી ધર્મદેવ, તેમને અવસ્થા પોકી એવ । શરીરે તો નથી રેતું સુખ, દાદાને પણ થાય છે દુઃખ ॥૧૦॥
એવું સુણીને ભાઇ જોખને, નકી ધારી લીધું નિજ મને । પ્રેમેથી તુરત પત્ર લખાવ્યા, સગાંસંબંધીને ત્યાં બોલાવ્યાં ॥૧૧॥
દિન દિન પ્રત્યે મંદવાડ, વધતો જાય તેનો ઉપાડ । ચાલી અવધપુરમાં વાત, વ્યાધિગ્રસ્ત થયાં છે રે માત ॥૧૨॥
ઘણા જન આવ્યા અવકાશે, બેઠા પ્રેમવતી માતા પાસે । ગામ બરુયે ચંદનમાસી, વાત જાણી થયાં છે ઉદાસી ॥૧૩॥
નિજ પુત્રને લઇને આવ્યાં, ભક્તિમાતાને હેતે બોલાવ્યાં । વળી આવ્યાં છે વસંતાબાઇ, સાથે છે માણકધર ભાઇ ॥૧૪॥
ભાઇના શ્વસુર બળદેવ, તરગામ થકી આવ્યા એવ । સુત લક્ષ્મીપ્રસાદને લાવ્યા, જનકરામ સહિત આવ્યા ॥૧૫॥
વળી ઘેલા ત્રવાડી છે નામ, તર ગામથી આવ્યા તે ઠામ । મોતીરામ અને વશરામ, છુપૈયેથી આવ્યા છે તમામ ॥૧૬॥
સર્વે બેઠા માતાજીને પાસ, પ્રેમવડે કરેછે આશ્વાસ । સંબંધીને સાંભળતાં માત, વિચારીને બોલ્યાં રુડી વાત ॥૧૭॥
સુણો શ્રીહરિ સુંદરશ્યામ, સત્ય વાત કહું અભિરામ । મુને તો હવે એમજ ભાસે, જાણે મારો દેહ પડી જાશે ॥૧૮॥
નથી હવે મારો નિરધાર, માટે કહું તે કરજ્યો કુમાર । મોટાભાઇ સુવાસનીબાઇ, તેની આજ્ઞામાં વર્તજ્યો ભાઇ ॥૧૯॥
સુવાસનીબાઇને આ ટાણે, માની લેજ્યો અમારે ઠેકાણે । કરજ્યો એ બેનું પાલન પ્રીતે, વળી સાચવજ્યો રુડી રીતે ॥૨૦॥
પછે દંપતીને કહે માત, સુણો રામપ્રતાપ વિખ્યાત । તમે બેઉ જણાં છો પાવન, કરજ્યો ઘનશ્યામનું જતન ॥૨૧॥
વળી નાના બંધુ ઇચ્છારામ, તેને સાચવજ્યો ગુણ-ગ્રામ । પુત્રપેરે પાલન કરજ્યો, હરકત હોય તે હરજ્યો ॥૨૨॥
એને આપજ્યો સુખ અભિષ્ટ, કાંઇ પડવા દેશો નહી કષ્ટ । એવું સુણીને બોલ્યા જોખન, સત્ય માન્યું તમારું વચન ॥૨૩॥
વારૂ માતાજી કો છો જે તમે, એ પ્રમાણે જ વર્તીશું અમે । કાંઇ ચિંતા ન રાખશો મન, ત્યાર પછી બોલ્યા ભગવન ॥૨૪॥
હે દીદી તમે સાંભળો ખ્યાત, હવે કહું છું હું સત્ય વાત । જે જે માઇક વસ્તુ છે આંય, તે તે પદાર્થ મિથ્યા દેખાય ॥૨૫॥
તેમાંથી પામો નિવૃત્તિ આજ, તો સુફળ થાશે સહુ કાજ । ધરો મુજ સ્વરૂપનું ધ્યાન, કરો ચિંતવન થાય જ્ઞાન ॥૨૬॥
સંભારો મારાં બાળચરિત્ર, માતા છો તમે પુન્ય પવિત્ર । આ પિડા મટી જાશે તમને, પ્રશ્ન પુછો બીજું કાંઇ મને ॥૨૭॥
ત્યારે બોલ્યાં છે માતા વિચારી, સુણો ઘનશ્યામ સુખકારી । પુરુષોત્તમ હું જાણું તમને, એમાં સંશે રહ્યો નથી મને ॥૨૮॥
તમારી બાળલીલા છે જેહ, નિત્ય સ્મરણ કરું છું તેહ । પણ સુણો વાલીડા વચન, તમે સાક્ષાત છો ભગવન ॥૨૯॥

હવે મારું આવ્યું અવસાન, આપો અધ્યાત્મ ઉત્તમ જ્ઞાન । તવ વાણી વિમલ છે સારી, લાગે અમૃતથી અતિ પ્યારી ॥૩૦॥
મુને તમે કરાવો જે પાન, ગુણગંભીર સુધા સમાન । એથી અમર થઈશ આજ, માટે મહેર કરો મહારાજ ॥૩૧॥
એવાં સુણી માતાનાં વચન, પુરુષોત્તમ થયા પ્રસન્ન । ધર્મ જ્ઞાન વૈરાગ્યને ભક્તિ, તેની સમજાવી દીધી યુક્તિ ॥૩૨॥
જુદાં જુદાં કરી તેનાં રૂપ, માતાને સમજાવ્યાં અનુપ । હરિગીતા તે પાંચ અધ્યાય, કહ્યા સત્સંગિજીવનમાંય ॥૩૩॥
આપ્યું નિજ સ્વરૂપનું જ્ઞાન, સુખસાગર સુધા સમાન । તેનો સંક્ષેપથી કહું સાર, વળી યથારમતિ અનુસાર ॥૩૪॥
હવે માતાને કે છે મોરારી, સુણો એક ચિત્તે સુખકારી । મન બુદ્ધિ ચિત્ત અહંકાર, એ ચારેનો કરજ્યો વિચાર ॥૩૫॥
સ્થૂળ સૂક્ષ્મ ને કારણદેહ, જાગ્રત સ્વપ્ન સુષુપ્તિ જેહ । પંચકોષ ભૂમિકાઓ સાત, ખટચક્ર વપુમાં છે ખ્યાત ॥૩૬॥
ષડ ઉર્મિને આવરણ અષ્ટ, એ છે માયાનો વિકારસ્પષ્ટ । દ્રષ્ટા દૃશ્યનો જાણી લ્યો ભેદ, બ્રહ્મરૂપેથી સુણો નિર્વેદ ॥૩૭॥
પરબ્રહ્મ તેતો હું છું પોતે, મારે વિષે વૃત્તિ જોડો પ્રીતે । બહુ બળવંતી માયા મારી, વળી દુઃખરૂપને વિકારી ॥૩૮॥
એથી વિરક્ત થઈને વિચારો, પુરૂષોત્તમ મુને જ ધારો । દિવ્યરૂપ સદા છું સાકાર, મારે વિષે થાઓ તદાકાર ॥૩૯॥
એવે રૂપે થઈ સુણો માત, વિસ્તારીને કહું છું હું વાત । દેહગેહાદિ સર્વે અનિત, દુઃખદાઈને ક્ષણખંડિત ॥૪૦॥
પ્રકૃતિ ને પ્રકૃતિનું કાજ, પિંડ બ્રહ્માંડ સર્વે સમાજ । તેહ સર્વેથી પામો વૈરાગ, તૃષ્ણાનો કરો મનથી ત્યાગ ॥૪૧॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યા પ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિએ ભક્તિમાતાને અધ્યાત્મ જ્ઞાનોપદેશ કર્યો એ નામે એકસો ને પાંચમો તરંગઃ ॥૧૦૫॥

પૂર્વછાયો– રામશરણજી બોલિયા, સુણો ગુરૂ વિખ્યાત । શ્રીહરિએ માતા પ્રત્યે કહી, હરિગીતા રળિયાત ॥૧॥
તેમાં વૈરાગ્યનું રૂપ જે, તે સમજાવો શિરતાજ । એવું સુણી કહેવા લાગ્યા, આચાર્યશ્રી મહારાજ ॥૨॥
તેહ સમે હરિ બોલ્યા, સુણો તમે મુજ માત । સ્થિર કરો મન તમારું, કહું વૈરાગ્યની વાત ॥૩॥
સગાં કુટુંબી સહોદર, સુત વિત્ત ગેહને દેહ । માયિકમાં તો હેત નહિ, મુજમાં ઘણો સનેહ ॥૪॥
એહ ઉત્તમ વૈરાગ્ય જાણો, ઉપજે જેને મન । સંસારને તે સેજે તરે, સફલ તેનું જીવન ॥૫॥
જે પ્રકારે વૈરાગ્ય થાય, એનો કહું છું ઉપાય । ધ્યાન દઈ તમે સાંભળો, માતાજી સુખદાય ॥૬॥

ચોપાઈ– સર્વે દેહધારી છે જે જન, વિચારીને જુવે નિજ મન । માતા પિતા પુત્રપરિવાર, લોક ભોગ સહિત સંસાર ॥૭॥
કાલચક્રનું ભક્ષણ જાણી, તેમાં પ્રીતિ કરે નહિ પ્રાણી । તુચ્છરૂપ જણાય છે જ્યારે, તેમાં વૈરાગ્ય થાય છે ત્યારે ॥૮॥
નિત્ય નૈમિત્ય પ્રાકૃત જાણો, આત્યંતિક એ પ્રલયપ્રમાણો । પ્રકૃતિ ને પ્રકૃતિનું કાજ, સર્વે બ્રહ્માંડનું સુખસાજ ॥૯॥
સ્થાવર જંગમ બ્રહ્માદિ જેહ, જોગી જતી સતી કેએ તેહ । એતો સર્વે છે કાળનું ભક્ષ, પ્રાણીમાત્ર જુવે છે પ્રત્યક્ષ ॥૧૦॥
કાળ વિકાળની મોટી ઝાળ, ભાળી ભય પામે તતકાળ । ભીમભૂપાળ ને શિશુપાળ, દિગપાલ મોટા મહીપાલ ॥૧૧॥
સારથી ભારથી મહારથી, કાળ કોઈને મુકતો નથી । જંગી ભંગી રોગી ને ઉમંગી, કાળને વશ થયા અટંગી ॥૧૨॥
જોગી ભોગી ને વળી વિયોગી, કાળે ભક્ષણ કર્યા ઉદ્યોગી । શૂરા પુરા અધુરા અસુરા, કૃતાંતે કર્યા છે ચકચુરા ॥૧૩॥
મેળા ખેળા ને વેળા કવેળા, તેમાંથી કે પકડાયા ભેળા । બારોબાર ગયા બળવંત, કેક ઉડી ગયા ઉનમત ॥૧૪॥
આવી રીતે જે કાળને જાણે, મિથ્યાસુખને તે ન વખાણે । તેને થાયછે તીવ્ર વૈરાગ્ય, તનતૃષ્ણા કરી દે છે ત્યાગ ॥૧૫॥
દુઃખમય જોવે કોઈ જન, તેને વૈરાગ્ય લાગે છે મન । પણ પાપીનો કરતાં સંગ, હૃદયમાં ચડે છે ખોટો રંગ ॥૧૬॥
દુષ્ટ કર્મથી થાય છે દુઃખ, તેનું ફળ આવે છે સન્મુખ । અસત જનને સંગે કરી, જીવની મતિ જાય છે ફરી ॥૧૭॥
મનસ્વીપણે કરે છે કર્મ, તજે છે ધર્મજ્ઞાનની શર્મ । વિષયાસક્ત થૈને ફરે છે, પ્રાણી પાપથી પેટ ભરે છે ॥૧૮॥
પાપી પાપમાં તણાયા જાય, દુઃખદાયક પ્રવૃત્તિ થાય । મતિ ધર્મમાં થાય છે નષ્ટ, કુસંગે કરી પામે છે કષ્ટ ॥૧૯॥
જ્ઞાન આદિક ગુણ છે જેહ, તુરત નાશ પામે છે તેહ । દેહ ને દેહના જે સંબંધી, તેમાં મમતાની કરે છે વૃધ્ધિ ॥૨૦॥
એને અર્થે ફરે છે આપ, કરે છે વણવિચારે પાપ । થાપણ ઓળવી દે છે આપ, કરે વિશ્વાસઘાતનું પાપ ॥૨૧॥
ચાડી ચુગલીને કરે દંભ, અસત્યવાદ રાખે આરંભ । મુકે અન્યમાં ખોટો આરોપ, કરે પરદ્રોહ બહુકોપ ॥૨૨॥
હિંસા ચોરી અનીતિ અન્યાય, એથી કરે કુટુંબની સાય । કુટુંબીમાં આસક્ત અભાગ, કરે છે નિજ ધર્મનો ત્યાગ ॥૨૩॥
ધેનુ વિપ્ર સાધુ તીર્થ વેદ, દેવતાનો ધરે નહિ ભેદ । નિરંકુશપણે કરે દ્રોહ, વિષ્ણુભક્તિનો રાખે ૧વિછોહ ॥૨૪॥
કરે ૨આમિષ ભક્ષ અભાગી, મદ્યપાન કરે ધર્મ ત્યાગી । પરસ્ત્રીઓ ને વિધવા નારી, એમાં આસક્ત રે છે વિકારી ॥૨૫॥
જ્યાં ત્યાં કરે છે અભક્ષાભક્ષ, અવાચ્ય શબ્દ બોલે સમક્ષ । મદાંધ કરે છે ઉદ્ધતાઈ, ખોટા મત તાણે મનમાંઈ ॥૨૬॥
એવા દુરાચારી મતિ દુષ્ટ, અંતકાળે પામે મહાકષ્ટ । અવસાન સમે મજબૂત, તેને પકડે છે યમદૂત ॥૨૭॥
અંતકાળે એ તેડવા આવે, પાપીને નિજરૂપ બતાવે । જાણે પ્રત્યક્ષ આવ્યો શું કાળ, ભયંકર અતિ વિકરાળ ॥૨૮॥

પર્વતપ્રાય છે જેનું અંગ, કાજળથી કાળો ઘણો રંગ । દેખીને તો છુટી જાય ધીર, ત્રાસ પામે મોટા શૂરવીર ॥૨૯॥
શુળી અગ્ર સમાન છે કેશ, વજ્ર સમ કઠણ વિશેષ । ગિરીશિખર સરખાં શીષ, દિગ્ગજ દેખીને પાડે ચીસ ॥૩૦॥
વાંકાં કુબડાં મુખ વિશાળ, નેત્ર તો જાણે અગ્નિની ઝાળ । જેવી જિહ્વા કાળની લળકે, એવી દાઢ્યો તો મોટી ઝળકે ॥૩૧॥
બોલે મુખે ભયંકર વાણી, ભાળીને સ્તબ્ધ થૈ જાય પ્રાણી । દાઢ્યો કકડાવે સામે આવી, પાપી પ્રાણીને દે છે બતાવી ॥૩૨॥
લોહના પાશ ગ્રહ્યા છે હાથ, બીજાં શસ્ત્ર ઘણાંછે જેસાથ । ભયંકરછે જેનાં દર્શન, દેખીને પાપી કંપે છે મન ॥૩૩॥
છુટી જાય છે દેહના બંધ, ઘણો ત્રાસ પામે મતિઅંધ । અંગોઅંગ તે ધ્રુજવા લાગે, હવે કોણ મારો ભય ભાંગે ॥૩૪॥
અતિ આકુળ થૈ અકળાય, નાખે નિઃશ્વાસ નાસવા જાય । પણ યમના દૂત કઠોર, ઝડપી લેછે કરીને જોર ॥૩૫॥
તેના સૂક્ષ્મદેહે યમદૂત, પાપીને બાંધે છે મજબૂત । તજી જેણે દિલથી દયાય, યમપુરી વિષે લઇ જાય ॥૩૬॥
મહાવિકટ મારગ મોટો, ભયાનક દેખિતો છે ખોટો । વૈતર્ણી નદી શિવાય જેહ, સોળ સહસ્ર યોજન તેહ ॥૩૭॥
યમપુરી વિષે જાતાં અગ્ર, ભયંકર આવે છે સોળ નગ્ર । એનાં આપું છું હું હવે નામ, ગરુડપુરાણે છે તમામ ॥૩૮॥
સૌમ્યપુર સૌરીપુર નુર, નગેન્દ્ર અને ગાંધર્વપુર । શૈલાગમ કૌંચ ક્રૂરપુર, વિચિત્ર તે દુઃખદાતા સુર ॥૩૯॥
બહ્વાપદ નાનાક્રંદ નામ, સુતસભવરૌદ્ર તે ઠામ । પયોવર્ષણ સીતાઢ્ય સાર, ધર્મપુર યામ્ય નિરધાર ॥૪૦॥
સોળ નગ્ર આવે છે એ આગે, પાપીને દુઃખદાયક લાગે । યમના દૂત મારે છે માર, પાડે પોકાર ને હાહાકાર ॥૪૧॥
વજ્રપાશે બાંધીને ચલાવે, ભયંકર માર્ગમાં ભમાવે । દાવાનળ અગ્નિની જ્વાલાયે, પૃથ્વીતળ તપેલું દેખાયે ॥૪૨॥
તેસમે મારીને ઘણો માર, ચલાવે છે તે માર્ગ મોઝાર । દુઃખેથી પણ ચાલ્યું ન જાય, પાપીને બહુ પીડાઓ થાય ॥૪૩॥
કાંટા કાંકરા વાગે છે ચરણે, થાય બે પગે લોહિતવર્ણે । આખા અંગમાં ઉઠે છે આગ, નથી વિશ્રામ લેવાનો લાગ ॥૪૪॥
અસિપત્ર નામે મોટું વન, તેમાં ચલાવે છે યમજન । ક્ષુધાતુર તૃષાતુર થાય, શોકાતુરથી અંગ સુકાય ॥૪૫॥
ગતિભંગ થઇ પડે ધરણ, નથી મળતું ત્યાં કોઇ શરણ । તીખી તરવાર જેવી ધાર, એવાં પત્ર લાગે છે તેઠાર ॥૪૬॥
અંગોઅંગ તેનાં ભિન્ન થાય, નખથી શિખા સુધી છેદાય । તોય નિર્દય જમડા જેછે, એ પ્રમાણે પાપીને મારે છે ॥૪૭॥
યમમારગનો નથી પાર, કહ્યો સંક્ષેપે કરી વિચાર । વળી ગ્રંથ ઘણો વધી જાય, તેનો સંકોચ મનમાં થાય ॥૪૮॥
અગાડી કહ્યાં જે સોળ નગ્ર, ઉલ્લંઘન કરાવે સમગ્ર । પછે વૈતરણી નદી છે જ્યાંય, પાપીને લેઇ જાય છે ત્યાંય ॥૪૯॥
શતયોજન પોળો છે પટ, દેખાડી દીધો છે તેનો તટ । અસ્થિ આમિષ શોણિત જેહ, ઇત્યાદિકથી ભરેલી તેહ ॥૫૦॥
પાપીના બાંધીને બેઉ પાય, નાખે છે વૈતરણીના માંય । ઉંધે મસ્તકે તાણીને જાય, મહાકષ્ટનો પાર ન થાય ॥૫૧॥
એમ કરતાં પુગે યમપુર, યમરાજાની પાસે જરુર । ચિત્રગુપ્ત પ્રધાન ત્યાં પુછે, દુષ્ટ કર્મ કહે તારાં શું છે ॥૫૨॥
પ્રાણી થાય પૂરણ લાચાર, કરી શકતો નથી ઉચ્ચાર । એના કર્મતણે અનુસાર, યમ શિક્ષા કરે તેણીવાર ॥૫૩॥
નર્કના કુંડ છે ત્યાં અપાર, તેને ભોગવાવે છે તેઠાર । તામિસ્ર અંધતામિસ્ર સત્ય, રૌરવ મહારૌરવ વિપત્ય ॥૫૪॥
કાળસૂત્ર કુંભીપાક નામ, અસિપત્ર વન છે તે ઠામ । શૂકરાસ્ય અને અંધકૂપ, સદંશ ક્રમિભોજનરૂપ ॥૫૫॥
વૈતરણી શાલ્મલી તપ્તસુર્મિ, વજ્રકંટક છેદેછે ઉર્મિ । શાર્મેયાદન ને પ્રાણરોધ, પુયોદ લાલાભક્ષ વિરોધ ॥૫૬॥
વૈશસ અયઃપાન વિચીકા, ક્ષારકર્દમ આદિ અધિકા । હજારો નર્ક છે બીજા એવા, પાપીને ભોગવાવવા જેવા ॥૫૭॥
બીજાં ઘણી જાત્યનાં છે દુઃખ, ભોગવે છે તેને ત્યાં વિમુખ । પાપીનાં અંગ કુહાડે કાપે, છેદી છેદી મહાદુઃખ આપે ॥૫૮॥
એને એજ કરાવે ભોજન, પાપી જનને પોતાનું તન । હોય પ્રદીપ્ત અગ્નિ પ્રકાશ, તેમાં નાખીને આપે છે ત્રાસ ॥૫૯॥
હે માતા એવાં પ્રાણિનાં દુઃખ, વિચારીને જોવે સનમુખ । તેને વૈરાગ્ય ઉદય થાય, સેજે સંસારને તરી જાય ॥૬૦॥
શ્રીહરિનાં સુણીને વચન, થયાં એકાગ્ર માતાજી મન । શ્રીઘનશ્યામનું ધ્યાન ધર્યું, સ્થિર વૃત્તિ કરી મન ઠર્યું ॥૬૧॥
પ્રભુજીની મૂર્તિના પ્રતાપે, તદાકાર થયાં માતા આપે । ધ્યાન ધરે છે ધારીને મન, શ્રીહરિએ દીધાં દરશન ॥૬૨॥
કોટિ કોટિ મુક્તોએ સેવિયા, અક્ષરધામમાં એવા દેખિયા । મળવા ગયાં હરખે તેઠામ, ત્યાંતો પાસે દીઠા ઘનશ્યામ ॥૬૩॥
પ્રભુને દેખ્યા છે બેઉ રૂપે, સ્તુતિ કરવા લાગ્યાં અનૂપે । પુરુષોત્તમને જાણી લીધા, નિજ ચૈતન્યમાં ધારી દીધા ॥૬૪॥
બ્રહ્મરૂપ થયાં ધરી ધીર, ત્યારે શીતળ થયું શરીર । તે દેખીને મોટાભાઇ આવ્યા, મોતી વશરામને બોલાવ્યા ॥૬૫॥
સંબંધી સર્વે બેઠા તેસ્થાન, ગંગાજળથી કરાવ્યું સ્નાન । શુદ્ધ પૃથ્વી કરી વિધિસાર, એમાં સુવાડ્યાં છે તેણીવાર ॥૬૬॥
પછે વૃત્તિ શ્રીહરિમાં જોડી, પ્રભુના સમીપે દેહ છોડી । અલૌકિક અખંડ અનૂપ, માતાજી પામ્યાં દિવ્ય સ્વરૂપ ॥૬૭॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિએ ભક્તિમાતાને દિવ્યગતિ પમાડ્યાં એ નામે એકસો ને છઠ્ઠો તરંગઃ ॥૧૦૬॥

પૂર્વછાયો— મૂર્તિમાતાએ દેહ તજ્યો, શ્રીહરિ સમીપ ત્યાંય । દિવ્યરૂપ ધરાવી રાખ્યાં, પોતાના સમીપમાંય ॥૧॥
દિવ્યગતિ આપી માતને, કર્યું છે રુડું કાજ । દુર્વાસાના શાપ થકી, મુકાવ્યાં મહારાજ ॥૨॥
સંબંધી સર્વે ભેગા મળી, કરે હરિનું ભજન । ભાઇ આદિ બીજા સંબંધી, કરવા લાગ્યા રુદન ॥૩॥
મહા પ્રભુએ છાનારાખ્યા, આપી સર્વેને ધીર । વેદવિધિ ક્રિયા કરાવે, ભાઇ પાસે નરવીર ॥૪॥
સર્જુગંગાને તીરે જઇ, રામઘાટ છે જ્યાંય । બ્રાહ્મણને ત્યાં બોલાવીને, કરી દહન ક્રીયા ત્યાંય ॥૫॥

ચોપાઇ— પછે સંબંધી સર્વે જે જન, થયાં ધીરજરહિત મન । સર્જુગંગાજળમાં નિદાન, શોકાતુર થઇ કર્યાં સ્નાન ॥૬॥
સર્વે આવ્યાં છે નિજસદન, મહાપ્રભુ વિચારે છે મન । બીજે દિવસે પત્ર લખાવ્યા, સગાં સંબંધી સર્વે તેડાવ્યાં ॥૭॥
શ્રાદ્ધાદિ ઉત્તરક્રિયા જેહ, ભાઇ પાસે કરાવી છે તેહ । સંબંધીને જમાડ્યાં સુપ્રીતે, કાર્ય સંપૂર્ણ કર્યું અજીતે ॥૮॥
ત્રયોદશમે દિવસે સાર, સંબંધી ભેગાં થયાં તેવાર । મોટા ભાઇને બંધાવી પાઘ, શોકસંતાપ કરાવ્યો ત્યાગ ॥૯॥
સંબંધી સહુ તૈયાર થયાં, રજા લઇને નિજ ઘેર ગયાં । ત્યાર પછી શું કર્યું છે કાજ, સુણો સંત હરિજન આજ ॥૧૦॥
ધર્મદેવે પ્રવૃતિ તે ટાળી, પ્રતિલોમ વૃત્તિ પાછી વાળી । શ્રીહરિમાં જોડી નિજવૃત્તિ, પિતાજીની છે નિર્મલ મતિ ॥૧૧॥
તે કેડે ગયા કેટલાક દિન, બીજી વાત કહું છું નવિન । દેવશર્મા મન અતિ ધીર, જીર્ણ થઇ ગયું છે શરીર ॥૧૨॥
વળી જ્વર આવે છે વધારે, ધર્મદેવ તે મન વિચારે । થોડા દિવસમાં મુજ દેહ, પડી જશે તે નિઃસંદેહ ॥૧૩॥
વરણી પ્રત્યે બોલ્યા છે વાણી, તમો સુણોને સારંગપાણી । સંબંધીને બોલાવીને આજ, ભાઇને કરું સુપ્રત કાજ ॥૧૪॥
એમ ધારી મનમાં વિચાર, પાસે બોલાવ્યા ત્રૈણે કુમાર । સુવાસની અને વશરામ, બીજા સંબંધી આવ્યા તમામ ॥૧૫॥
બેઠાં છે પલંગ પાસે આવી, દેવશર્માએ વાત જણાવી । વૃષદેવ બોલ્યા તેણીવાર, સુણો રામપ્રતાપ કુમાર ॥૧૬॥
આ ઘર કેરો સર્વે વ્યવહાર, તમારે માથે છે નિરધાર । તવ નાનાભાઇ ઘનશ્યામ, તેહ પ્રભુ છે સુખના ધામ ॥૧૭॥
તેને કરશો નહિ તમે દુર, પાસે રાખજો નિત્ય જરુર । કેશો નહિ કટુક વચન, કરશો નહિ ઉદાસી મન ॥૧૮॥
તવ પાસે નહિ માગે ભાગ, એમના મને તીવ્રવૈરાગ । ઘરમાં વૃત્તિ નથી હરિને, પાસે રાખજો સ્નેહ કરીને ॥૧૯॥
હરિકૃષ્ણરૂપે ઘનશ્યામ, માની લેજ્યો છે પૂરણકામ । અવતારના છે અવતારી, પુરુષોત્તમજી સુખકારી ॥૨૦॥
બે ભાઇ જાણી લેજ્યો એમ, કરજ્યો ઉપાસના ધરી નેમ । સ્નેહ બાંધજ્યો એમની સાથ, વચનમાંહી રહેજ્યો સનાથ ॥૨૧॥
આ જે મારું કહેલું વચન, બેઉ ભાઇ જો ધારશો મન । ઘનશ્યામનું ધ્યાન ધરશો, પ્રભુપણાનો નિશ્ચય કરશો ॥૨૨॥
એવી રીતે જો વર્તશો તમે, થાશે કલ્યાણ તે કેએ અમે । એવું સુણે છે બેઉ ભાઇ, વળી સતી સુવાસિનીબાઇ ॥૨૩॥
તેના પુત્ર રુડા નંદરામ, એ આદિ સર્વે બોલ્યા તે ઠામ । હે દાદા તમે કહો છો જેમ, અમે સઘળા વર્તિશું તેમ ॥૨૪॥
ઘનશ્યામમાં રાખીશું નિષ્ઠા, પાળીશું એની આજ્ઞા પ્રતિષ્ઠા । એમ કહીને તે બન્ને બંધુ, શ્રીહરિને નમ્યા ગુણસિંધુ ॥૨૫॥
જાણ્યા ઈષ્ટદેવ ઘનશ્યામ, પુરૂષોત્તમજી પૂર્ણકામ । મહિમા સમજીને પુનીત, કર્યા પ્રણામ સ્નેહસહિત ॥૨૬॥
મોટાભાઇ આદિ સહુ જેહ, તેમને ધર્મે કહ્યું છે તેહ । વળી શ્રીઘનશ્યામને કે છે, સુખદાઇ શિખામણ દે છે ॥૨૭॥
સુણો હરિકૃષ્ણ મહારાજ, કરજ્યો હું કહું છું તે કાજ । તમારા બેઉ ભાઇ ભોજાઇ, તેને સાચવજ્યો સુખદાઇ ॥૨૮॥
શિખામણ દેજ્યો નિત્ય સારી, ધર્મમાં રાખજ્યો અવિકારી । મોટાભાઇ જે રામપ્રતાપ, એની મર્યાદા પાળજ્યો આપ ॥૨૯॥
બે ભાઇનો કરશો ન ત્યાગ, દયા રાખજ્યો શ્રીમહાભાગ । કદાપિ તમે થાઓ ઉદાસ, તો જાજ્યો રામાનંદજી પાસ ॥૩૦॥
પિતાનાં એવાં સુણી વચન, શ્રીહરિએ ધારી લીધું મન । સ્વામીનું ઠોર ઠેકાણું જેહ, પિતાથી જાણી લીધું છે તેહ ॥૩૧॥
માન્ય કરી પિતાનું વચન, પછે બોલ્યા છે શ્રીભગવન । હે દાદા જે આજ્ઞા કરી તમે, રુડી રીતેથી પાળશું અમે ॥૩૨॥
બોલ્યા પિતાજી થૈને પ્રસન્ન, સુણો પતિત જન પાવન । હે હરિકૃષ્ણ દેવ મોરારી, ભક્તજનના છો સુખકારી ॥૩૩॥
જે જે માયિક વસ્તુ પ્રકાશ, તેથી સદાય હું તો ઉદાસ । તવ ચરણકમળમાં ચિત્ત, રોકી રાખ્યું છે મેં કરી પ્રીત ॥૩૪॥
પણ મુજને છે ઇચ્છા એક, ભાગવત સુણવું વિશેક । તમે સુણાવો તો ઘણું સારું, એથી તૃપ્ત થાશે મન મારૂં ॥૩૫॥
એવું સાંભળી શ્રીઘનશ્યામ, વાલિડે વિચાર્યું અભિરામ । રામ હરિ પંડિત જે વિપ્ર, તેને બોલાવિયો તિયાં ક્ષિપ્ર ॥૩૬॥
ઘરના આંગણામધ્યે એવ, મંડપ બંધાવ્યો તતખેવ । કરાવ્યો સપ્તાહનો આરંભ, શુભકામે મોટો સમારંભ ॥૩૭॥
દેવશર્મા થયા એક મન, કર્યું વાસના મૂળછેદન । માયિક વસ્તુથી પ્રીતિ તોડી, મહાપ્રભુવિષે વૃત્તિ જોડી ॥૩૮॥
સુણે સપ્ત થઇ તદાકાર, બ્રહ્મરૂપ થઇ તેણીવાર । વિપ્ર વાંચે ઘણો ભાવ લાવી, ત્યાંતો અવતારની વાત આવી ॥૩૯॥
સુણ્યું અવતારનું વર્ણન, દેવશર્મા વિચારે છે મન । કેવા હશે ચોવીશ અવતાર, થયો સંકલ્પ મન તેવાર ॥૪૦॥
જાણ્યું અંતરજામીએ એહ, પિતાજીની રૂચિ થઇ જેહ । શ્રીહરિએ ત્યાં તો ઇચ્છા કરી, દીધાં દર્શન તેરૂપ ધરી ॥૪૧॥
ચોવીસરૂપે થયા ભગવાન, આપ્યાં ધર્મને દર્શનદાન । દેવશર્માએ જોયા તેવાર, નિજ પાસે ઉભા અવતાર ॥૪૨॥

રામકૃષ્ણાદિ સર્વે અનૂપ, પ્રગટ પ્રમાણ ધર્યાં રૂપ । દેખી ધર્મદેવે જોડ્યા હાથ, નમન કરી થયા સનાથ ॥૪૩॥
પછે થયાં અદર્શ અભિન્ન, ઘનશ્યામવિષે થયા લીન । ઘનશ્યામનો પ્રૌઢ પ્રતાપ, ધર્માદિકે જોયો સહુ આપ ॥૪૪॥
વળી વિપ્ર સહુ મન હર્ખ્યા, નારાયણને એવા જ નિર્ખ્યા । કરે પ્રારથના શિરનામી, જય અલબેલા અંતર્યામી ॥૪૫॥
પુરૂષોત્તમજી નારાયણ, અક્ષરાધિપતિ તારાયણ । અવતારતણા અવતારી, ધર્માદિકે જાણ્યા સુખકારી ॥૪૬॥
અતિ ઉત્સાહે નિર્મળ મતિ, દેવશર્મા કરે છે ત્યાં સ્તુતિ । થયા ગદ્‌ગદ્ કંઠે સ્થિર, એકાગ્ર દૃષ્ટિએ જોવે ધીર ॥૪૭॥

ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિએ ધર્મદેવને ભાગવતની સપ્તા સંભળાવી ને ચોવીશ અવતારરૂપે દર્શન દીધાં એ નામે એકસો ને સાતમો તરંગઃ ॥૧૦૭॥

પૂર્વછાયો– શ્રદ્ધા રાખી સપ્તા સુણે છે, ધર્મદેવ અભિરામ । ખટ દિન તે વીતી ગયા, કરતાં તે રુડું કામ ॥૧॥
સાતમે દિન સવારમાં, પુરાણી કરે છે કથાય । તેસમે શ્રીધર્મદેવને, આવ્યો જ્વર દુઃખદાય ॥૨॥
પથારીમાં શયન કર્યું, નિર્બળ થયું છે અંગ । સુતા થકા તે સાંભળે છે, કરી મનમાં ઉમંગ ॥૩॥
સાતમે દિવસે સમાપ્તિ થઈ, કથાતણી જેહવાર । પ્રેમવડે પૂજન કર્યું, આરતી ઉતારી સાર ॥૪॥
વિપ્રને ભોજન કરાવ્યાં, આપ્યાં છે દક્ષિણાદાન । સર્વે મળી ઘેર વળાવ્યો, મન ગમતાં દઈ માન ॥૫॥

ચોપાઈ– પછે તો સર્વે સંબંધી જન, ઘેર કરી આવ્યાં છે ભોજન । બેઠા તે દેવશર્માની પાસ, ચારે કોરે વિંટાઈ પાસ ॥૬॥
ભાવે કરે છે સર્વે ભજન, શ્રીહરિનું સ્મરણ કરે મન । પાસે બેઠા છે શ્રીઅવિનાશ, કૃષ્ણકથાનો કે ઈતિહાસ ॥૭॥
કરી એકાગ્રવૃત્તિ મનની, તૃષ્ણા તોડી તન ને ધનની । શ્રીહરિમાં થયા તદાકાર, મૂર્તિને નિર્ખે છે નિરધાર ॥૮॥
મનવૃત્તિ પામી ગઈ શાંત, સઘળી ભાંગી ગઈ છે ભ્રાંત । ત્રૈણ અવસ્થા ને ત્રૈણ દેહ, તેથી વિરક્ત બનિયા તેહ ॥૯॥
દેહ ગેહથી છોડી સનેહ, બ્રહ્મરૂપપણું પામ્યા તેહ । મહા પ્રભુવિષે મન મોહ્યું, નારાયણ વિષે ચિત્ત પ્રોયું ॥૧૦॥
ત્યારે શીતળ થયું શરીર, ઉઠ્યા રામપ્રતાપજી ધીર । બીજાં સંબંધી મળ્યાં તે સ્થાન, ગંગાજળથી કરાવ્યું સ્નાન ॥૧૧॥
લિંપી શુદ્ધ કરી ધરણી જ્યાંય, દેવશર્માને સુવાડ્યા ત્યાંય । પ્રભુના સમીપે તજ્યો દેહ, શ્રીહરિમાં થયા લગ્ન તેહ ॥૧૨॥
દિવ્ય દેહ પામ્યા છે પ્રકાશ, રહ્યા અખંડ તે પ્રભુ પાસ । શાપ દુર્વાસાનો હતો જેહ, તેથી મુક્ત થયા નિઃસંદેહ ॥૧૩॥
રામપ્રતાપ ને ઈચ્છારામ, બીજા સંબંધી સર્વે તમામ । પિતાજીએ તજ્યો દેહ જ્યારે, ધીરજ રહિત થયા ત્યારે ॥૧૪॥
ઘનશ્યામે આપી ઘણી ધીર, સૌને છાના રાખે નરવીર । પછે બ્રાહ્મણને ત્યાં બોલાવ્યો, ભાઈપાસે એ વિધિ કરાવ્યો ॥૧૫॥
રામઘાટ સર્યૂગંગા તીર, પિતાનું લીધું છે ત્યાં શરીર । દહનક્રિયા કરી તે ઠાર, વેદશાસ્ત્રવિધિ અનુસાર ॥૧૬॥
કર્યાં સ્નાન તે સર્જુને નીર, પછી ઘેર આવ્યા દિલગીર । શોકાતુર ઉદાસી છે મન, કોઈએ કર્યાં નહિ ભોજન ॥૧૭॥
બીજે દિવસે પત્ર લખાવ્યા, ટાણાપર સંબંધી બોલાવ્યા । આવ્યા નવમાને દિન જન, શોકાતુર કરતાં રૂદન ॥૧૮॥
શ્રીહરિ સૌને ધીરજ આપે, શોક ૧આભીલને વ્હાલો કાપે । ઘૃત શર્કરા આદિ સહિત, જે જોએ તે લાવ્યા છે અજીત ॥૧૯॥
તેરમા સુધી તે નિરબાધ, રામઘાટે કર્યાં વિધિશ્રાદ્ધ । તિલાંજલી આપી વિધિસાર, સર્જુગંગાપર નિરધાર ॥૨૦॥
રામઘાટે સર્જુગંગાતીર, જે કોઈ શ્રાદ્ધ કરે ત્યાં ધીર । ગયાજી કરતાં કોટીઘણું, ફળ મળે છે ત્યાં શ્રાદ્ધતણું ॥૨૧॥
શ્રીહરિ કરે વિચરણ જીયાં, સર્વે તીરથ રહે છે તિયાં । તોય જીવોને ઉપદેશ દેવા, પ્રભુજી આચરણ કરે એવાં ॥૨૨॥
ઉત્તરક્રિયા પિતાની કરી, વિધિવત્ શ્રીહરિએ ઘણી । પછે સગાંસંબંધી જે જન, તેને કરાવ્યાં રૂડાં ભોજન ॥૨૩॥
નાત જાત ને કુટુંબી સર્વ, સૌને જમાડી દીધાં અપૂર્વ । હજારો બ્રાહ્મણને જમાડ્યા, આનંદે સૌને શાંતિ પમાડ્યા ॥૨૪॥
ત્રયોદશમે દિવસે સાર, સંબંધી આવી મળ્યા અપાર । ત્રણ્યે ભાઈને કર્યો શિરપાવ, સર્વ સંબંધીને વધ્યો ભાવ ॥૨૫॥
પિતાજીનું કર્યું ક્રિયમાણ, શ્રીપ્રગટપ્રભુએ પ્રમાણ । ત્યાં આવેલા સંબંધી જે જન, ગયા પોતપોતાને ભુવન ॥૨૬॥
મોતીત્રવાડી ને વશરામ, ગયા તે પણ પોતાને ધામ । એમ કરતાં ગયા થોડા દિન, પછે વાલિડે વિચાર્યું મન ॥૨૭॥
ખર્ચ ખુટણ કારજ કીધું, તેનું નામું તે ચુકવી દીધું । માતપિતાને અગ્નિસંસ્કાર, જે સ્થળે કર્યો છે નિરધાર ॥૨૮॥
અતિ પવિત્ર તે ભૂમિકાય, આવે દર્શને જન સદાય । વળી અમર દર્શને આવે, પ્રક્રમા ફરી શિર નમાવે ॥૨૯॥
પછે એક દિન ઘનશ્યામ, મનમાં વિચારે સુખધામ । મન થયું છે હવે ઉદાસ, ઘર મુકી જાવું વનવાસ ॥૩૦॥
પણ નીકળવું કેમ કરી, સંબંધી કોઈ જાણે ન જરી । વળી નિમિત્ત જો કાંઈ હોય, ફાવે ઘરથી જાવાનું સોય ॥૩૧॥
એમ ધારીને શ્રીઘનશ્યામ, સખા સહિત પૂરણકામ । હનુમાનગઢી જન્મસ્થાન, કનકભોવન આદિ સ્થાન ॥૩૨॥
કર્યાં સર્વે મંદિરે દર્શન, પછે પાછા વળ્યા છે જીવન । ઘરે આવે છે શ્રીભગવન, વચ્ચે આવ્યું એક ઉપવન ॥૩૩॥
આંબલીઓનો બગીચો સાર, મલ્લ રમે છે તેહજ ઠાર । મલ્લરૂપે અસુર છે જેહ, શ્રીહરિના વિરોધી છે તેહ ॥૩૪॥

આવતા દેખ્યા છે ઘનશ્યામ, સામા આવ્યા પાપી તેહ ઠામ । ઘનશ્યામને તે ઘેરી લીધા, પાપીએ ખોટા વિચાર કીધા ॥૩૫॥
અખાડામાં ગયા ભયહારી, પોતે ઉભા રહ્યા બળધારી । કરવા લાગ્યા કુસ્તી તે સાથ, બલ દાખવેછે દીનાનાથ ॥૩૬॥
કરી રોમાવળી કુતકાર, તાલ દેછે ત્યાં વારમવાર । કરે યુદ્ધ તજીને પ્રમાદ, મલ્લરૂપે આણિ આહ્લાદ ॥૩૭॥
દાવપેચમાં દિલ ધરેછે, હરામીની હિંમતો હરેછે । વજ્રસમ અખંડિત રૂપ, મલ્લને બતાવ્યું છે અનૂપ ॥૩૮॥
ઘનશ્યામની જે ગતિ ગૂઢ, મલ્લ દેખીને થયા દિગ્મૂઢ । પ્રૌઢ પર્વતપ્રાય શરીર, દેખીને થયા શત્રુ અધીર ॥૩૯॥
પદપ્રહારે ધ્રુજેછે ધરણી, અતિ બલવાન દેખાયા વરણી । મલ્લના તો છુટી ગયા બંધ, ઘણા મારમાં થૈ ગયા અંધ ॥૪૦॥
શિર સાથે શિર પટકેછે, ખળમલ્લને તે ખટકેછે । અખાડામાંહે ઉડેછે ગર્દ, ભમિને ભૂમિએ પડ્યા મર્દ ॥૪૧॥
થરથર કંપે તેમની કાય, મલ્લયુદ્ધ સહન ન થાય । શૂરાનું મટાડી દીધું શૂર, નારાયણે હર્યું તેનું નૂર ॥૪૨॥
ક્રોધાતુર થઇ ગડગડે, જોતાં જોતાંમાં ધ્રુજીને પડે । મલ્લ પસ્તાયછે મનમાંહિ, કયાંથી આ જોગ આવીઓ આંહિ ॥૪૩॥
યુદ્ધ થાતું નથી આની જોડે, આતો માર્યા વિના નહિ છોડે । હવે આવ્યું છે નિશ્ચે મરણ, ભોગે કર્યાં આવાં આચરણ ॥૪૪॥
મહાગજ જેમ ગજને મારે, તેમ કર્યું પ્રભુએ આઠારે । પાપીને પછે હાર પમાડ્યા, સત્તાવીશને ભૂમિ સુવાડ્યા ॥૪૫॥
છિન્ન ભિન્ન કર્યા અઘવાન, પાડી દીધાછે મૃતસમાન । પછે ત્યાંથકી આનંદભેર, ઘનશ્યામ આવ્યા નિજ ઘેર ॥૪૬॥
અખાડામાં પડ્યા મલ્લમાત્ર, ગતિભંગ થયાં તેનાં ગાત્ર । તેના સંબંધીએ જાણી વાત, તેથી કર્યો બહુ કલ્પાંત ॥૪૭॥
ભેગા થઇ આવ્યા સુધ લેવા, ભાઇને વળી ઠપકો દેવા । સર્વે આવ્યા અનંતની પાસ, હાહાકાર કરે બહુ ત્રાસ ॥૪૮॥
આવી કેવા લાગ્યાં સનમુખ, ૧ફણીધરને પોતાનું દુઃખ । તમારા ભાઇ શ્રીઘનશ્યામ, કરીને આવ્યા છે જુવો કામ ॥૪૯॥
અમારા પુત્ર ને મહારાજ, વણવાંકે માર્યા બહુ આજ । શ્રીહરિએ તે સુણ્યું છે કર્ણે, મને વિચાર્યું અશરણ શરણે ॥૫૦॥
આજે તો રૂડો આવ્યો છે લાગ, હવે કરું હું તો ઘરત્યાગ । વન જાવા આવ્યો ભલો દાવ, મારા મનમાં હતો એ ભાવ ॥૫૧॥
એ ઠપકો સુણી બલદેવ, વ્હાલા સામું જોયું તતખેવ । મોટાભાઇ તે મનમોઝાર, કરવા લાગ્યા ઉંડો વિચાર ॥૫૨॥
માતપિતા પામ્યાં મોક્ષસાર, હવે નથી બીજાનો આધાર । ઠપકા લાવશે હરિ નિત્ય, મારે શી કરવી હવે રીત્ય ॥૫૩॥
જ્યેષ્ટ બંધુનો વિચાર જેહ, અંતર્યામીએ જાણ્યો છે તેહ । બોલ્યા મર્મભરેલાં વચન, મોટાભાઇ સુણો શુભ મન ॥૫૪॥
હવેથી કોઇ દિન અમારો, ઠપકો નહિ આવે એ ધારો । ત્યારે સતી સુવાસિનીબાઇ, સ્નેહે બોલાવ્યા છે ઘરમાંઇ ॥૫૫॥
મોટાભાઇ સાથે તેણીવાર, જમવા બેઠા જગદાધાર । એવા થકા ઘરમાં રહ્યા છે, તજવાને તૈયાર થયા છે ॥૫૬॥
એનો મર્મ કોઇ નવ જાણે, કરવું ધાર્યું જે શામે તેટાણે । ભવ બ્રહ્માદિ ભેદ ન લહે, કવિ એકમુખેથી શું કહે ॥૫૭॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે ધર્મદેવનો દેહોત્સવ ને શ્રીહરિનો ગૂઢવિચાર એ નામે એકસો ને આઠમો તરંગઃ ॥૧૦૮॥

પૂર્વછાયો– શ્રીહરિએ વિચાર કર્યો, ઘડે છે મનમાં ઘાટ । હવે વનમાં નિશ્ચે જાવું, કર્તવ્ય કરવા માટ ॥૧॥
નિશા પડી રવિ આથમ્યો, શું કરે છે ઘનશ્યામ । સાથે લેવાનાં સાધનો, તે ભેગાં કર્યાં શુભ ઠામ ॥૨॥
બીજે દિવસે સવારમાં, પોતે થયા છે તૈયાર । સ્નાન કરવા નિમિત્તે ચાલ્યા, સધીર ધર્મકુમાર ॥૩॥
ઘર તજ્યું ગિરિધારીએ, જાણે નહિ કોઇ જન । નૌતમ વરણી વેષધરી, વિચરિયા ભગવન ॥૪॥

ચોપાઇ– મહાવિષ્ણુનો બટવો જેહ, કંઠેધારણ કર્યો છે તેહ । અષ્ટ સત્શાસ્ત્રનો જે સાર, તેનો ગુટકો લીધો નિરધાર ॥૫॥
વામસ્કંધે ધારણ કરીયો, ભક્તિ જ્ઞાન આદિનો ભરીયો । કમંડલુ ગરણા સહિત, સંગે લીધું છે સંશેરહિત ॥૬॥
તુલસીની માળા લીધી હાથે, જપસંખ્યામાટે દીનાનાથે । કટિમેખળા મુંજની સારી, રુડી કૌપીન સાથે તે ધારી ॥૭॥
તેને વસ્ત્ર કર્યું આચ્છાદન, એવા રૂપે ચાલ્યા ભગવન । મૃગચર્મ ધર્યું બીજે સ્કંધે, નીકળ્યા વન જાવા સંબંધે ॥૮॥
છાનામાના વર્ણીને વેષ, ઉત્તર દિશે કર્યો પ્રવેશ । રામઘાટે સરજુગંગા તીર, તે સ્થળે આવ્યા છે નરવીર ॥૯॥
સરજુપાર ઉતરવા માટ, જુવે છે પોતે નાવની વાટ । ભાવે પાછું વાળી વાળી જુવે, રખે મોટાભાઇ આંહી આવે ॥૧૦॥
હવે તો વન જાવું જરૂર, તપ આચરવું ભરપુર । જે માટે છે મુજ અવતાર, તે કારજ કરવું નિરધાર ॥૧૧॥
સુણો શ્રોતા વિવેકીરે જન, આ પ્રગટ ચરિત્ર પાવન । જે શ્રદ્ધાએ શ્રવણ કરશે, હરિ તેનાં સંકટ હરશે ॥૧૨॥
ધર્મ અર્થ મોક્ષ વળી કામ, નિશ્ચે પામશે તે અભિરામ । પારસમણી સ્પર્શથી જેમ, લોહનું થઇ જાય છે હેમ ॥૧૩॥
રત્ન ચિંતામણી થકી જેહ, થાય પૂર્ણ મનોરથ તેહ । જે કરે છે પિયુષનું પાન, તેને આવે નહિ અવસાન ॥૧૪॥
એથી કોટી ઘણું ફળ મળે, સુણે બાલલીલાને જે પળે । પારાયણ સુણે દિન સાત, વધારે વખાણું શું આ વાત ॥૧૫॥
ભાગવત થકી કોટી ઘણું, ફળ મળે આ ચરિત્રતણું । એમાં કોઇ ન કરશો સંદેહ, વાત નિશ્ચે કરેલી છે એહ ॥૧૬॥
આતો અવતારીનાં ચરિત્ર, અક્ષરાધિપતિનાં પવિત્ર । જે સુણે તેનાં સંકટ વામે, અંતે અક્ષરધામને પામે ॥૧૭॥

પુરશ્ચરણ કરે કોઇ એક, શતપાઠતણું ધરી ટેક । ટળે સંકટ સર્વ પ્રકાર, જાય અક્ષરધામ તે વાર ॥૧૮॥
એનું અર્ધ કોઇ જન કરે, તેનો જીવ ભવજળ તરે । પાંચ દશ અને વળી વીશ, કરશે જે આ પાઠ પચીસ ॥૧૯॥
મળે સંપત્તિ સંતતિ સાર, આલોકે સુખી થાય અપાર । માટે શ્રીહરિના ગુણ ગ્રામ, ગાશે સ્નેહવડે અભિરામ ॥૨૦॥
છુપૈયાપુરમાં જે ચરિત્ર, શ્રીહરિએ કર્યાં છે પવિત્ર । દિશ માત્ર કહ્યાં છે આ ઠાર, પ્રભુના ગુણનો નથી પાર ॥૨૧॥
થયો પૂર્વાર્ધ પૂરણ અહીં, ઘણો હર્ષ વધ્યો મનમાંહી । એકસો ને દશ છે તરંગ, ગાયા ઉરમાં આણી ઉમંગ ॥૨૨॥
હવે હરિ વન વિચરશે, સાત વર્ષ સુધી પોતે ફરશે । કોટી કોટી જીવનાં કલ્યાણ, મહા પ્રભુ કરશે પ્રમાણ ॥૨૩॥
વન પર્વત નદીનાં નીર, અતિ ઉલંઘશે બલવીર । તપ કરશે પુલહાશ્રમ, મળશે ગોપાળયોગી પરમ ॥૨૪॥
પધારશે સત્સંગમાંહી, તીવ્ર વૈરાગ્ય છે અંગમાંહી । એહ આદિ જે ચરિત્ર અશેષ, ઉત્તરાર્ધે કહેવાશે વિશેષ ॥૨૫॥

**ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રીહરિ ગૃહનો ત્યાગ કરી વનવાસ જવા સર્જુકાંઠે જૈ બેઠા એ નામે એકસો ને નવમો તરંગઃ ॥૧૦૯॥**

**ચોપાઈ–** ઘનશ્યામલીલામૃતનિધિ, વિસ્તારીને કહ્યો તેનો વિધિ । શ્રીહરિનાં ચરિત્ર અપાર, ભવ બ્રહ્મા પામે નહિ પાર ॥૧॥
શેષ સહસ્ર મુખેથી ગાય, ગાતાં કોટી કલ્પ વીતી જાય । આતો પ્રગટ ઇચ્છાનું સાર, કર્યો યથા મતિએ વિસ્તાર ॥૨॥
આના ભાગછે બે સુખદાય, તેમાં અમૃતરૂપી કથાય । પૂર્વાર્ધ ને ઉત્તારાર્ધ દોય, સુણી પતિતપાવન હોય ॥૩॥
તેમાં પૂર્વાર્ધના જે તરંગ, એકસોને દશ છે અભંગ । ઉત્તરાર્ધના એકસો ને એક, તેમાં હરિની લીલા વિશેક ॥૪॥
બેના બસે અગીયાર તરંગ, સાંભળી મને થાય ઉમંગ । તે હું સંક્ષેપે ઇચ્છું ગાવાને, આદિ અંતની સ્મૃતિ થાવાને ॥૫॥
પૂર્વાર્ધના પ્રથમે પાવન, જીવરાણીને દીધાં દર્શન । બીજે દુર્વાસાનો થયો શાપ, પુરૂષોત્તમ પ્રગટ્યા આપ ॥૬॥
ત્રીજે ભક્તિમાતાને ભુવન, થાળ લાવી સિદ્ધિઓ પાવન । ચોથે દર્શને આવ્યા દેવ, પાંચમે તેજ દેખાણું એવ ॥૭॥
છઠ્ઠે વૈરાજપુરૂષ આવ્યા, કરવા પ્રભુનાં દર્શન ભાવ્યા । સાતમે માતપિતાને શ્યામ, બતાવ્યું શ્વેતદ્વિપ જે ધામ ॥૮॥
આઠમે ભોમાપુરૂષનાં દર્શન, કરી ધર્માદિ થયાં પ્રસન્ન । નવમે બ્રહ્માદિક અમર, આવ્યા દર્શન કરવા સત્વર ॥૯॥
દશમે માતપિતા ને ભાઇ, તેમને દીધાં દર્શન ચાઇ । માર્કંડેય જે ઋષિવર્ણ, અગિયારે કર્યું નામકર્ણ ॥૧૦॥
બારમે ભક્તિધર્માદિ જન, પ્રભુ થયા તે પર પ્રસન્ન । ત્રયોદશે ચંદનમાસીને, દેખાડ્યો છે પ્રતાપ હસીને ॥૧૧॥
ચતુર્દશે જે મૂળપુરૂષ, આવ્યા દર્શને દીર્ઘ આયુષ । પંચદશે યોગકળાબળે, અસુર નાશ પમાડ્યો પળે ॥૧૨॥
સોળે દુંદનું કારજ કીધું, અલૌકિકરૂપે દર્શન દીધું । સત્તરે શ્રીહરિને શરીર, બળીયા નિકળ્યા છે ગંભીર ॥૧૩॥
અઢારે હરિદષ્ટિ પ્રકાશ, કાલીદત્તનો કરીયો નાશ । ઓગણીશે મામા વશરામ, તેને દર્શન દીધું છે શામ ॥૧૪॥
વીસમે રામસાગર ગયા, મોતીમામાને પ્રસન્ન થયા । એકવીશમે મીનસાગરે, ડુબકી મારી શ્રીહરિવરે ॥૧૫॥
બાવીસમે ભકિત ધર્મદેવ, ગયા તીનવા ગામમાં એવ । ત્રેવીસમે જોખનને અનૂપ, વ્હાલાએ બતાવ્યું વિશ્વરૂપ ॥૧૬॥
ચોવીસમે ધરમસાગરે, ભય દેખાડ્યો છે નરવીરે । પંચવીસે પોતાને સદને, વૃષ્ટિ બંધ કરાવી જીવને ॥૧૭॥
છવીસે ગરુડપર બેસી, દિઘાઘાટે ગયા અવિનાશી । સત્તાવીસે હર્યો બ્રહ્મા ગર્વ, ઐશ્વર્ય દેખાડ્યું અપૂર્વ ॥૧૮॥
અઠ્ઠાવીસે કનક ભુવન, તેમાં બિરાજીને ભગવન । ઓગણત્રીસે મલ્લને જીત્યા, નિજ જનને કર્યા અભિતા ॥૧૯॥
ત્રીસે ખંપાસરોવર જ્યાંય, ખાંપો વાગ્યો છે જંઘાનીમાંય । એકત્રીસે ધર્મદેવે ધારી, સપ્તા કરાવી પાવનકારી ॥૨૦॥
બત્રિસે નવયોગી પાવન, પ્રીતે આવ્યા કરવા દર્શન । તેત્રિસે કોલેરાની ઉપાધિ, પ્રભુએ મટાડી દીધી બાધી ॥૨૧॥
ચોત્રીસે દેવી પાટણ સ્થાન, ઠગારીનું હર્યું અભિમાન । પંચત્રિસે ધર્માદિક જન, વટેશ્વરનાં કર્યાં દર્શન ॥૨૨॥
છત્રિસે પરમ દયાળુ હરિ, ક્ષેત્રમાં ચિભડી મીઠી કરી । સાડત્રિસે જુદે જુદે રૂપ, ત્રૈણે કાળે દર્શન અનૂપ ॥૨૩॥
આડત્રિસે સમગ્ર વિદ્યાય, પિતાપાસે ભણ્યા સુખદાય । ઓગણચાલિસે વરુણદેવે, શ્રીહરિની પૂજા કરી એવે ॥૨૪॥
ચાલિસે અંગુઠીની મિઠાઇ, લઇ જમી ગયા સુખદાઇ । એકતાલિસે અષ્ટશાસ્ત્રસાર, ઉદ્ધારિને લખી લીધો ત્યાર ॥૨૫॥
બેતાલિસે ગોન્ડા શેર જ્યાંય, મહાપ્રભુજી પધાર્યા ત્યાંય । તેતાલિસે બલ્લામ-પઢરી, નવાબને બહુ કૃપા કરી ॥૨૬॥
ચુંવાળિસે શ્યામ સુખદાઇ, માતાને લાવી દીધી ખટાઇ । પિસ્તાલિસે સુવાસિનીબાઇ, તેમને બતાવી છે નવાઇ ॥૨૭॥
છેંતાલિમાં જમવાને સારું, માંખણ તાંસળી લીધી વારું । સુડતાલીમાં શ્રીઅવિનાશી, ખેંચાવી છે દાંતની બત્રીશી ॥૨૮॥
અડતાલીમાં વાળીને સાટે, મિઠાઇ લાવી ખાધી તે ઘાટે । ઓગણપચાસે મોટાભાઇને, રુડાં દર્શન દિધાં ચાઇને ॥૨૯॥
પચાસે સિદ્ધિઓ લાવી થાળ, સખાઓને જમાડ્યા તેકાળ । એકાવને વ્હાલે બલવન, કર્યા મામાને તે સજીવન ॥૩૦॥
બાવને મોટાભાઇને પાવન, કરાવ્યાં છે ભાનુનાં દર્શન । ત્રેપને અશરણશરણ, અસુરને પમાડ્યા મરણ ॥૩૧॥

ચોપને દોવરાવતાં ધેનુ, દુધ પીધું વ્હાલે સુરભિનું । પંચાવને ગાંધર્વદેવને, વર આપ્યો પ્રભુએ તેમને ॥૩૨॥
છપ્પને સખાસહિત ગમ્યા, ઘેરૈયા ચતુર્દશીએ રમ્યા । સત્તાવને મોતીરામ કાવ્યા, રાજાના બંધનથી છોડાવ્યા ॥૩૩॥
અઠ્ઠાવને ધર્માદિક જન, ઉજાણિ ગયા ચુડહા વન । ઓગણસાઠ્યે સંત પાવન, સિધાં આપીને કર્યા પ્રસન્ન ॥૩૪॥
સાઠમે કર્યો વેદનો વિધિ, શ્રીહરિને જનોઇ દિધિ । એકસઠે વણિકનો તન, સાજો કર્યો છે દઇ દર્શન ॥૩૫॥
બાસઠે સર્જુનાપુરમાંથી, સખાસહિત નિકળ્યા ત્યાંથી । ત્રેસઠે સંત મોહનદાસ, તેને પરચો દેખાડ્યો ઉલ્લાસ ॥૩૬॥
ચોસઠે સર્જુમાં પુર આવ્યું, પળ એકમાં પાછું હઠાવ્યું । પાંસઠે જે નખલૌના મલો, તેને જીતિયા છે અલબેલો ॥૩૭॥
છાસઠે મામીને વાળી આપી, કુવામાંથી સંકટ તે કાપી । સડસઠે દીન નગ્ર જ્યાંય, ગયાછે મામાસંગાથે ત્યાંય ॥૩૮॥
અડસઠે રાજાના બે દૂત, કર્યા જીવતા તે મજબુત । અગણોતેર મીનસાગર, અગ્નિ લેવા ગયા યોગીવર ॥૩૯॥
સિત્તેરે વર આપ્યો દયાળે, નિજ પિતાશ્રીને ધ્યાન કાળે । ઇકોતેરે સર્જુગંગામાંય, જન ઉતારીયાં પાર્ય ત્યાંય ॥૪૦॥
બોંતેરે હતા ચાર અસુર, તેમને જીત્યા હરિ જરુર । તોંતેરે ગામ ભેટીયા સર, કર્યો મોક્ષતે મીન મઘર ॥૪૧॥
ચુમ્મોતેરે પોતાનાં બે માસી, દેખાડ્યો પ્રતાપ અવિનાશી । પંચોતેરે શ્રીહરિ ઇચ્છાય, કાષ્ઠ લાવ્યા ભાઇ સુખદાય ॥૪૨॥
છોંતેરે મોટા ભાઇને સાર, રૂડો દેખાડ્યો છે ચમત્કાર । સિત્તોતેરે શ્રીશ્યામ સલુણા, એક રુમાલ સારુ રિસાણા ॥૪૩॥
ઇઠ્ઠોતેરે મામીઓને ઘેરે, દહીં ખાધું લાલે રુડી પેરે । ઓગણ્યાશીમે ભિક્ષુક ત્રવાડી, તેની રક્ષા કરી હોડ્ય પાડી ॥૪૪॥
એંશીમાં પિતાબંધુની સાથ, ગાયને શોધવા ગયા નાથ । એકાશીમાં સખા ઘનશ્યામ, પેરી ચાખડીઓ અભિરામ ॥૪૫॥
બ્યાશીમાં સખાને સુખધામ, બ્રહ્મમોલ બતાવ્યો તેઠામ । ત્ર્યાશીમાં શ્રીહરિ સુખ કરતા, છુપૈયાની પ્રક્રમાઓ ફરતા ॥૪૬॥
ચોરાશીમા તરંગમાં ધારી, વસુધાએ તે સ્તુતિ ઉચ્ચારી । પંચાશીમાં આંબલીની ડાળે, વૃંદાનો ભાવ બતાવ્યો વ્હાલે ॥૪૭॥
છાસીમે મખોડાઘાટે માવે, અસુર નાશ પમાડ્યા દાવે । સિત્યાશીમે હિંદીપુર ગયા, મોટાભાઇને ત્યાં ભેગા થયા ॥૪૮॥
અઠ્યાશીયે મોટાભાઇ તણી, સૈન્યમાં જીત કરાવી ઘણી । નવ્યાશીમે ઇચ્છારામભાઇ, પડી ગયા તે કૂપનીમાંઇ ॥૪૯॥
નેવુંમે તો ગાયઘાટે રમ્યા, મામાના ઘરમાં રસ જમ્યા । એકાણું મે સખા લઇ સાથ, સાખો જમવા ગયા છે નાથ ॥૫૦॥
બાણુમે બૈજુ ત્રવાડી વિપ્ર, મઘર થકી ઉગાર્યો તે ક્ષિપ્ર । તાણુમે મખોડાઘાટે નાથે, ગાડાંમાં તોપ ચડાવી હાથે ॥૫૧॥
ચોરાણુમાં સખા ઘનશ્યામ, વિશ્વામિત્રીના ઘાટ તમામ । પંચાણુમાં કાશીપુરી ફરી, પિતા સાથે ગયા છે શ્રીહરિ ॥૫૨॥
છન્નુએ આંગણામાં પાવન, નવરાત્રિમાં કર્યું ગાયન । સત્તાણુમે છુપૈયામાં સાર । અન્નકોટ પુરાવ્યો અપાર ॥૫૩॥
અઠ્ઠાણુંમે પિતા બંધુ સંગે, વસંતનો ઉત્સવ ઉમંગે । નવ્વાણુમે પિતાને તદાત્મ, કહ્યું છુપૈયાનું માહાત્મ્ય ॥૫૪॥
સોએ છુપૈયાથી સુખરાશિ, થયા અવધપુરી-નિવાસી । સો ને એકે અયોધ્યામાં ભાવ્યા, છુપૈયાપુરથી સખા આવ્યા ॥૫૫॥
સો ને બીજે નારાયણસર, તેમાં લાવ્યા ગંગાને સત્વર । સોને ત્રીજે નારદ પોતે આવી, ભવિષ્યની વાત સંભળાવી ॥૫૬॥
સોને ચોથે મુનિ સુખી થયા, પ્રભુની સ્તુતિ કરીને ગયા । સોને પાંચમે માતાને જ્ઞાન, ઉપદેશ કર્યો ભગવાન ॥૫૭॥
સોને છઠ્ઠે શ્રીહરિએ અતિ, આપી માતાજીને શુભ ગતિ । સો ને સાતે પિતાને તારણ, સંભળાવી રુડી પારાયણ ॥૫૮॥
સો ને આઠે પિતાનો ઉદ્ધાર, પછે વ્હાલાનો ગૂઢ વિચાર । સો ને નવમે તે ઘર ત્યાગ, લીધો વનમાં જવાનો લાગ ॥૫૯॥
સો ને દશે પૂર્વાર્ધનો સાર, કહ્યો હુંડો કરી નિરધાર । વાંચશે સાંભળશે તમામ, તે તો પામશે અક્ષરધામ ॥૬૦॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્યભૂમાનંદમુનિ વિરચિતે શ્રીઘનશ્યામલીલામૃતસાગરે પૂર્વાર્ધે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી રામશરણજી સંવાદે શ્રી ઘનશ્યામલીલામૃતસાગરના પૂર્વાર્ધનો હુંડો કહ્યો એ નામે એકસો ને દશમો તરંગઃ ॥૧૧૦॥

# પૂર્વાર્ધ સમાપ્તમ્

શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્